ચોથી શ્રેણી

પુસ્તક–૫૫

તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮
ફાલ્ગુન ૨૮, ૧૯૩૯ શાકે
થી
તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૮
ફાલ્ગુન ૩૦, ૧૯૩૯ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## પહેલુ અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા




| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૨૮, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ | ૧૨૨ |
| સભાગૃહના મેજ પર મૂકાયેલા કાગળો | ૧૨૩ | ૧૨૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૨૪ | ૧૫૫ |
| **તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૨૯, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૫૬ | ૧૬૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬૬ | ૨૯૨ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૯૩ | ૨૯૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૨૯૮ | ૩૨૪ |
| **તા. ૨૧ મી માર્ચ, ૨૦૧૮ ફાલ્ગુન ૩૦, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૨૫ | ૩૩૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૩૬ | ૪૩૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૪૪૦ | ૪૭૬ |

ફાલ્ગુન ૨૮, ૧૯૩૯ શાકે
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**સોમવાર, તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮**
**ફાલ્ગુન ૨૮, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ સવારના ૧૧-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

અમદાવાદ જિલ્લામાં સામુહિક વનનિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૬૬૭૮ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં સામુહિક વનનિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૧૨૦૬ હેક્ટર |
| (૨) તે પૈકી ધોલેરા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૨૯૫ હેક્ટર |
| (૩) તે પાછળ તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૫૦.૩૭ લાખ |

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લાના સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીની સ્થિતિમાં તાલુકાવાર કેટલા રોપાનું વિતરણ કરવામાં આવ્યું અને કયા કયા તાલુકામાં કરવામાં આવ્યું અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, સામૂહિક વન વિકાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લાની અંદર ૧૦ તાલુકા આવેલા છે અને એમાં ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ ની અંદર રોપાનું વાવેતર કેટલું થયું છે એની વિગત માનનીય સભ્યશ્રીએ માગી છે અને એમાં પણ તાલુકાવાર માગી છે હું જનરલ આખા જિલ્લાનો જો બે વર્ષનો અહેવાલ આપું તો કુલ વાવેતર થયું છે ૪૪૦ હેકટર એમાં ૩.૬૮ લાખ રોપાઓ રોપાયા છે અને એની પાછળ ટોટલ ખર્ચ થયો છે ૧૩૦.૭૮ લાખ અને એમાં જીવંત રોપા જે છે એ ૭૩ ટકા છે. એમણે તાલુકાવાર રિપોર્ટ માંગ્યો છે તો ૧૦ તાલુકા પૈકી સીટી તાલુકો એમાં ૬૨ હેકટરમાં વાવેતર થયું છે અને એમાં ૬૯૦૦૦ રોપાનું વાવેતર થયેલું છે. કુલ ખર્ચ ૨૯,૮૮,૦૦૦ છે અને એમાં જીવંત રોપાઓની સંખ્યા ૭૯.૭૧ ટકા. દસક્રોઇ તાલુકાની અંદર ૪૮ હેકટરમાં વાવેતર થયેલું છે એમાં રોપા ૫૯૦૦૦ થયેલા છે અને થયેલ ખર્ચ છે ૨૧,૯૬,૦૦૦/- અને જીવંત સંખ્યા છે ૮૩.૬૦ ટકા. સાણંદની અંદર છ હેકટરની અંદર વાવેતર થયેલું છે અને ૨૪૦૦૦ છોડનું વાવેતર થયેલું છે અને ૧૦.૪૮ લાખ રૂપિયાનો ખર્ચ થયેલો છે. આ રીતે તમામ તાલુકાની વિગત આપવા જઉં તો સમય વધારે જાય પણ કુલ ખર્ચ આખા જિલ્લાનો બે વર્ષનો મેં આપી દીધો છે અને સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ સ્વાભાવિક રીતે ત્રણ સંસ્થાઓ મળીને આપણે એનું વાવેતર કરીએ છીએ એમાં પટ્ટી વિસ્તાર એટલે કે રોડની બાઉન્ડરી સાઇડમાં છોડનું વાવેતર કરતા હોઇએ છીએ. ત્યારપછી ખેડૂતોની પડતર જમીન હોય એમાં પણ આપણે છોડનું વાવેતર કરીએ છીએ તે જ રીતે રેલ્વેની બોર્ડર હોય તો એમાં પણ વાવેતર કરીએ છીએ અને કોઇ સંસ્થાની માલિકીની જમીન હોય કે ખેડૂતની હોય એમાં પણ વાવેતર કરીએ છીએ. મુળ ઉદ્ધેશ કે જે ફોરેસ્ટની અંદર અને રીઝર્વ ફોરેસ્ટ એમાં સરકારના સાયન્ટીફીકલી ૩૩ ટકા વૃક્ષો થવા જોઇએ એના ઉદ્ધેશ સાથે લોકભાગીદારી સાથે આ વૃક્ષોનું વાવેતર કરી રહ્યા છીએ.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ધોલેરા તાલુકામાં ૨૯૫ હેકટર જમીનમાં રોપા વાવવામાં આવેલ છે પરંતુ ૨૦૦૭માં સરકારશ્રીની જમીન એસ.આઇ.આર. એટલે સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીઝીયનમાં એકવાયર કરવામાં આવી છે તો આ જમીન કયાં છે અને કયાં વાવવામાં આવી છે? બીજું કે અત્યાર સુધી વનીકરણ વિભાગ હેઠળ વનીકરણ કરવામાં આવ્યું છે પણ એવા એક પણ છોડ નથી કે એક પણ ઝાડ એવું નથી કે જે ૧૦ વર્ષનું હોય તો એના વિશે તપાસ કરવા માગે છે કે કેમ?

## તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાના ધોલેરાની અંદર કુલ જે વાવેતર કર્યું છે એમાં ૨૨૦૦૦ હેક્ટર વાવેતર થયેલું છે અને ૯૫,૨૮,૦૦૦ નો ખર્ચ થયો છે અને ઉત્પાદન દિન ૨૨૫૯ થયેલા છે. જ્યારે આપણે ઔદ્યોગિક વિસ્તારની અંદર રોપાનું વાવેતર કરતા હોઇએ ત્યારે સ્વાભાવિક રીતે એમાં જીવંત રોપા રાખવા માટેની જે પદ્ધતિ છે એ પદ્ધતિની અંદર રોપા ઉછેર કરવા માટેની જે વ્યવસ્થા છે. એમાં કેટલા બાય કેટલાની અંદર ક્લોધિંગ બેગની અંદર માટી અને ગોબર સાથેનું છાણિયું બનાવીને ઉછેર કરીએ છીએ. જો રોપાનો ઉછેર સારી પદ્ધતિમાં થયો હોય તો જીવંત સંખ્યા વધારે રહેતી હોય છે. અને એનું જે વેડિંગ કરવાનું હોય છે, એનું જે ગોળ કામ કરવાનું હોય છે તે પણ વર્ષમાં ૩ વખત કરીએ તો ગર્ભ માત્રમાં ઉછેર સારો થાય છે. અને એટલા માટે આ ધોલેરા ઔદ્યોગિક વિસ્તાર છે અને જીવંત સંખ્યા પણ સારી છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્ધારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે સામૂહિક વન નિર્માણ યોજના એટલે શું? આ યોજના કયારે શરૂ થઇ? અને એની અંદર કઇ કઇ કામગીરી કરવામાં આવી? પ્રશ્ન નં.ર અમદાવાદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતરમાં કેટલા રોપાઓ રોપવામાં આવ્યા?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સારો પ્રશ્ન પૂછ્યો છે. સામૂહિક વનનિર્માણ યોજના એટલે શું અને કયારે ચાલુ થઇ? સામૂહિક વનનિર્માણ યોજનાનું નિર્માણ ૧૯૬૯–૭૦ માં કરવામાં આવ્યું. આ યોજના દ્ધારા અગાઉ મેં કહ્યું તે પ્રમાણે ગ્રામ્ય વિસ્તાર અને રિઝર્વ ફોરેસ્ટમાં સાયન્ટિસ્ટના માપ પ્રમાણે જે ૩૩ ટકા વૃક્ષો હોવા જોઇએ એ જાળવવા માટે પ્રયાસો કરીએ છીએ. આજે પણ ગ્રામ્ય વિસ્તારમાં જે છોડોની સંખ્યા છે. ભારત સરકારના ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્ધારા સરવે કરતા ૭.૪ ટકા જેટલા વૃક્ષો ગ્રામ્ય વિસ્તારમાં છે અને આખા ભારતમાં ૨૧ ટકા છે. સ્વાભાવિક રીતે એ બધાના સામૂહિક પ્રયાસોના કારણે આજે ૨૦૦૩ માં સરવે કર્યો એમાં ૨૦ કરોડ ૧૦ લાખ વૃક્ષો હતા. અત્યારે આ સત્રમાં નવો સરવે કર્યો, એમાં ૩૦ કરોડ ગ્રામ્ય વિસ્તારમાં જળવાયેલ છે. આ વખતે વિશ્વ વૃક્ષ દિવસ આવશે એમાં ગણતરી કરીને આંકડા બહાર પડશે, એટલે સ્વાભાવિક રીતે ૩૩ ટકા વૃક્ષો જોઇએ એના પ્રયાસમાં સામૂહિક વનનિર્માણનું આયોજન કર્યુ છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ પર્યાવરણ માટે ખૂબ જરૂરી છે. છતા સૌથી મોટો ભ્રષ્ટાચાર આ વનીકરણ વિભાગમાં થાય છે. ખાડો ખોદાતો નથી અને ખાડો ખોદવાના પૈસા લેવાય છે. વૃક્ષો વવાતા નથી અને પૈસા લેવાય છે. છેલ્લે મરી ગયા હોય, એટલે કે ઝાડ ન હોવા છતા ખાડો પુરવાના પૈસા લેવાય છે. એક ખાડો ખોદવાના કેટલા પૈસા અને એક રોપા પાછળ કેટલો ખર્ચ થાય છે અને એના મેઇન્ટેનન્સ માટેની શું વ્યવસ્થા છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વૃક્ષારોપણ કરીએ છીએ, ત્યારે છોડ ઉછેરવા માટે ૩–૪ પદ્ધતિ હોય છે: એક તો ખેડૂત નર્સરી હોય, ફોરેસ્ટ નર્સરી હોય ત્યાં ઉછેર કરવામાં આવે છે અને છોડ ઉછેર કરવા માટે ક્લોધિંગ બેગમાં માટી અને કુદરતી બનાવેલું છાણિયું ખાતરનું દ્રાવણ કરીને આપણે કોથળીમાં ભરતા હોઇએ છીએ. એમાં છોડનો ઉછેર કરાતો હોય છે. ખર્ચની દ્રષ્ટીએ જોઇએ તો સ્વાભાવિક રીતે જેટલી મોટી બેગ હોય એ પ્રમાણે ખાદો ખોદવો પડે છે. દા.ત. આપણે આંબા છોડની કલમ નાખીએ તો ૪૦ બાય ૪૦ ફૂટ પર નાખવી પડે. એટલે એક એકરની અંદર ૪૦ એટલે એક ગુંઠાની અંદર એક ઝાડ રોપવામાં આવે. આમ કુલ છોડવા રોપીએ તે એક હેક્ટરમાં ૬૫૦૦ જેટલા છોડવા આવે છે. એક છોડ પાછળ ૪.૫ રૂપિયા જેટલો ખર્ચ ખાડો ખોદવાના થાય છે. ખાડા ખોદવાની માટી હોય તો તે સરળતાથી ખોદાય છે, અને ઓછો ખર્ચ થાય છે, પણ જો હાર્ડ માટી આવે તો ખાડો ખોદવાના પૈસા વધારે લાગે છે. એટલે ૪ ટકા વધારે એટલે ૧૦ રૂપિયાનો ખર્ચ આવે છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી આ ગ્લોબલ વોર્નિંગ અત્યારે આખા વિશ્વની સમસ્યા છે, ત્યારે સામૂહિક વનનિર્માણ યોજનાના ફાયદા શું શું છે?

શ્રી રમણભાઇ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, માનવને જીવવા માટે ત્રણ વસ્તુ મહત્વની છે. ખોરાક, પાણી અને હવા. વૃક્ષો આપણને ઓક્સિજન આપે છે. સમતળ વાતાવરણ જાળવવા માટે આપણે વૃક્ષનું જતન કરવું જોઇએ, વાવેતર વધારવું જોઇએ તે આપણી નૈતિક ફરજમાં આવે છે. એટલા માટે આનો ઘણી જગ્યાએ લાભ પણ થાય છે. વન અને તેના વિસ્તારની અંદર વૃક્ષોનો વધારો કરવો હોય તો ગ્રામ્ય વિસ્તારની અંદર વૃક્ષારોપણ સહભાગીદારી દ્ધારા કરાવવું જોઇએ. તદ્ઉપરાંત વૃક્ષો વાવે તેટલા માટે ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ ઝૂંબેશ કરીએ છીએ. આપણે જયાં પણ ખાત મૂર્હુત કરવા માટે જઇએ છીએ ત્યાં આવો કાર્યક્રમ કરીએ છીએ. એક–બે ઝાડ રોપીને આપણે ઝાડના મહત્વ વિશે લોકોને માહિતગાર કરીએ છીએ. લોકોને ઝાડનું મહત્વ સમજાવીએ છીએ. તદઉપરાંત વૃક્ષોને કારણે આવકનો સોર્સ પણ મળી રહે છે. દા.ત. આજે આપણા ૩૩ જિલ્લા છે તે પૈકી આણંદ જિલ્લો વૃક્ષ ઉપર જ નભે છે. સૌથી ગાઢ એટલે કે એક હેક્ટરે ૬૬.૬૭ ટકા જેટલું જંગલ હોય તો તે આણંદ જિલ્લામાં છે. વૃક્ષો ઓક્સિજન આપે છે પણ સાથે સાથે આવકના સોર્સમાં વધારો કરે છે. તેનાથી લોકોને જાગૃત કરવા માટે આપણે આવા બધા પ્રયત્નો કરી રહ્યા છીએ અને તેની સફળતા સરકારને મળી છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, અમદાવાદ જિલ્લામાં વનીકરણ નિર્માણ યોજના હેઠળ આપણે આયુર્વેદિક રોપા રોપ્યા છે કે કેમ?

અધ્યક્ષશ્રી :માનનીય સભ્યશ્રીઓ નારાજ થાય છે. મારે કોઇને નારાજ કરવા નથી.

## ફાલ્ગુન ૨૮, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન છે કે, અમદાવાદ મેટ્રોના નામે.. અધ્યક્ષશ્રી : જેટલા હાથ ઉંચા થશે તે બધાને તક આપીશ. શું કરું હું પણ?

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન છે કે, અમદાવાદ શહેરની અંદર મેટ્રોના નામે ઘણા વૃક્ષો કાપી નાખવામાં આવ્યા છે. જેના કારણે અત્યારે સમસ્યા થઇ રહી છે અને મારે કહેવું છે કે તેની જગ્યાએ આપણે નવા વૃક્ષો વાવવા માગીએ છીએ કે કેમ? હજારોની સંખ્યામાં ઝાડ કાપી નાખવામાં આવ્યા છે.

શ્રી રમણભાઇ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ ખૂબ જ સારી યોજના મૂકેલી છે. કોઇની માલિકીમાં પોતાના ઉપયોગ માટે કોઇપણ ઝાડ કાપવામાં આવે તો એક ઝાડ કાપવા પાછળ દસ ઝાડ ઉછેરવાની નીતિ મૂકેલી છે. આવું કરે તો જ જે તે અધિકારી તેને ઝાડ કાપવા માટેની પરમીશન આપતા હોય છે. ત્યારબાદ આપણે માળખાકીય વિકાસ માટે એટલે કે રસ્તા તથા બીજા પ્રોજેકટની અંદર ઝાડ કાપવાના હોય તો વન વિભાગ દ્વારા કયા પ્રકારની કામગીરી કરવાની છે અને તેમાં કેટલા ઝાડ આવે છે તેનું સરવે કરવામાં આવે છે. તે સરવે થયા પછી લોકહિતનું કામ હોય તો ઝાડ કાપવા માટેની પરમીશન આપવામાં આવે છે. તેના અવેજની અંદર જે તે વિભાગ દ્વારા પડતર જમીન હોય ત્યાં વૃક્ષારોપણ કરવાના આદેશ કરવામાં આવે છે.

### દાહોદ જિલ્લામાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ

* ૪૮૭૯ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ચાલતી ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અને આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચૂકવવામાં આવતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચૂકવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે અને કયાં સુધીમાં શિષ્યવૃતિ ચૂકવવામાં આવશે ? | (૨) લાગુ પડતુ નથી. |

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને જે શિષ્યવૃતિ આપવામાં આવે છે તેમાં છેલ્લા બે વર્ષમાં કેટલી શિષ્યવૃતિ આપી, એક વિદ્યાર્થીદીઠ કેટલી શિષ્યવૃતિ આપવામાં આવી અને મારો બીજો પ્રશ્ન એ છે કે, શિષ્યવૃતિ આપવામાં આવી નથી તો તેના કયા કારણો છે અને આપવાની હોય તો કેટલા સમયમાં આપવામાં આવશે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આખી યોજના ૨૦૧૫થી ગુજરાત સરકારે દાખલ કરી છે. મને એમ હતું કે ખૂબ સારી યોજના છે અને ડાયરેક્ટ આદિવાસી વિદ્યાર્થીઓના ખાતામાં પૈસા જમા થવાના છે એટલે માનનીય ધારાસભ્યશ્રી અભિનંદન આપશે. સંચાલક તરીકે આભાર પણ માનશે એવી ધારણા કરતો હતો. એમનો પ્રશ્ન છે તેમાં આપના મારફતે જણાવું છું કે, દાહોદ જિલ્લાની અંદર કુલ ૧૪૧૦૭ વિદ્યાર્થીઓ આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં અભ્યાસ કરે છે. તે પૈકી કુલ શાળાઓની સંખ્યા ૧૦૪ છે. તેમાં ૧૪૧૦૭માંથી ગઇકાલ સુધીમાં ૭૯૬૭ વિદ્યાર્થીઓને ૧ કરોડ ૬૬ લાખ ૧૦૦ રૂપિયા પુરાની ચુકવણી દેવામાં આવી છે અને જે ૬૧૪૦ વિદ્યાર્થી બાકી છે એમને ૩૧ તારીખ સુધીમાં સંપૂર્ણ શિષ્યવૃત્તિ મળી જાય એ પ્રકારની રાજય સરકારે વ્યવસ્થા કરી છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના કન્યા કેળવણી મહોત્સવ અને બીજા અનેક પ્રયોગોના માધ્યમથી છેલ્લા દસ વર્ષમાં આદિવાસી વિસ્તારમાં શિક્ષણમાં ૧૪ ટકાનો વધારો થયો છે એટલે રાજય સરકારને હું અભિનંદન પાઠવું છું. આ દાહોદ જિલ્લામાં ડી.પી.ટી.થી શિષ્યવૃત્તિ ચૂકવણીની નવી કામગીરી કરવામાં આવે છે તો એ માટે કર્મચારીઓને એની તાલીમ આપવામાં આવે છે કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણ યોજના નવી છે અને ડી.પી.ટી. મારફત સીધા વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃત્તિની રકમ જમા થતી હોય છે ત્યારે દાહોદ જિલ્લામાં ૩૧.૧૨.૨૦૧૬ થી ૮.૨.૨૦૧૭ દરમ્યાન જિલ્લાની તમામ શાળાઓમાં, ખાનગી શાળાઓમાં, આશ્રમ શાળાઓમાં, ઉત્તર બૂનિયાદી શાળાઓમાં આ બધી જ જગ્યાએ કઇ પ્રકારે દરખાસ્ત કરવી એના માટે તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ હતું. ૮.૧૨.૨૦૧૭ના રોજ દાહોદ જિલ્લાની તમામ શાળાઓમાં આચાર્યશ્રીઓને તાલીમ આપવામાં આવી છે અને ત્યાર બાદ ઓન લાઇન દરખાસ્તો કઇ રીતે કરવી એ બાબતે ૪ જેટલા કેમ્પો કરવામાં આવેલ છે અને એમાં માનનીય ચંદ્રિકાબેનના તાલુકા દાહોદ ગરબાડામાં પણ ૨૨.૫.૨૦૧૭ના રોજ આદર્શ નિવાસી શાળા દાહોદમાં કેમ્પ કરવામાં આવ્યો, લિમખેડા અને ધાનપુરના આચાર્યોનો ૨૩.૫.૨૦૧૭ના રોજ આદર્શ નિવાસી શાળા લિમખેડામાં કેમ્પ કરવામાં આવ્યો, દેવખઢ બારિયામાં ૨૪.૫.૨૦૧૭ના રોજ આદર્શ નિવાસી શાળા દેવગઢ

બારિયામાં કેમ્પ થયો, ઝાલોદો, સંજેલી અને ફતેપુરાનો કેમ્પ ૨૫.૫.૨૦૧૭ના રોજ આદર્શ નિવાસી કન્યા શાળા ઝાલોદમાં કેમ્પ કરવામાં આવ્યો હતો.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આ ઉત્તર બૂનિયાદી આશ્રમ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરકાર દ્વારા આપવામાં આવતી શિષ્યવૃત્તિનો પ્રશ્ન છે. આ શિષ્યવૃત્તિ આપવામાં વિલંબ કરવાના કારણો શું છે? અને હવે સમયસર શિષ્યવૃત્તિ એમના એકાઉન્ટ્સમાં જમા કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર આદિવાસી વિદ્યાર્થીઓના શિક્ષણ માટે કટિબદ્ધ છે. મેં પહેલા જ વાત કરી કે આખી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર યોજના છે અને એમાં જે ફાયદાઓ થાય છે એમાં આ વર્ષથી જ આ યોજના ૨૦૧૭-૧૮થી ડાયરેકટ ઓન લાઇન શિષ્યવૃત્તિ જમા કરવાની યોજના લાગુ કરી છે. આ વ્યવસ્થાને કારણે સીધા વિદ્યાર્થીના ખાતામાં રકમ જમા થાય છે અને આ વ્યવસ્થાના કારણે કોઇ પણ સ્થળેથી વિદ્યાર્થી ઓન લાઇન અરજી કરી શકે છે, આ વ્યવસ્થાને કારણે એક વખત નોંધણી થયા બાદ એ જયાં સુધી ભણતો હોય, શિષ્યવૃત્તિને લાયક ઠરતો હોય ત્યાં સુધી બીજી વાર નોંધણી કરવાની એને આવશ્કયતા નથી અને સંચાલકો, શિક્ષકો કે કર્મચારીઓમાં કોઇ પણ પ્રકારે ગેરરીતિ ન થઇ શકે અને સીધા વિદ્યાર્થીઓને આનો લાભ આપી શકાય છે. અરજી કરવાથી લઇ લાભો ચૂકવવાની તમામ પ્રક્રિયા પારદર્શી બને છે અને માનનીય વજેસિંગભાઇએ જે ચિંતા વ્યક્ત કરી છે કે શિષ્યવૃત્તિ ચૂકવવામાં મોડું થવાના કારણો શું? આ યોજના ખૂબ સારી છે, હજુ યોજનાની શરૂઆત છે એટલે નાની મોટી તકલીફો ગ્રામ્ય વિસ્તારમાં પડતી હોય છે અને શિષ્યવૃત્તિની રકમ ચૂકવવા વિદ્યાર્થીઓનું બેન્કમાં ખાતુ હોવું જરૂરી છે તેમજ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આદિવાસી વિસ્તારોમાં બેન્કો ઓછી હોવાના કારણે પણ ખાતા ખોલવામાં વિલંબ થયો છે, શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આધાર કાર્ડની વિગતો મેળવવાની થાય છે તો બધા જ વિદ્યાર્થીઓ હજુ આધાર કાર્ડ મેળવવાની પ્રક્રિયામાં છે અને ત્યાર બાદ નેટવર્કનો પણ ગ્રામ્ય વિસ્તારમાં પ્રશ્ન ઉભો થાય છે અને નવી બાબત અને ટેકનિકલ બાબત છે અને કર્મચારીઓને પણ પહેલું વર્ષ છે એટલે બધા એ પ્રક્રિયા શીખી રહ્યા છે એટલે રેગ્યુલર થઇ જશે. છતાં પણ ૩૧ તારીખ સુધીમાં તમામ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવી દેવામાં આવશે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અને આશ્રમશાળાના હેતુઓ શું છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા :માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તાર અને અંતરિયાળ વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓને સારી રીતે શિક્ષણ મળી રહે અને રહેવાની, જમવાની અને ભણવા માટેની વ્યવસ્થા રાજ્ય સરકાર કરવા માગે છે એ હેતુથી આ શાળાઓની શરૂઆત થઇ છે અને અન્ય સમાજના બાળકો ભણે છે એમની હરોળમાં આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ પણ પહોંચી શકે અને ખૂબ સારી રીતે ભણી શકે એ હેતુથી રાજ્ય સરકારે આ શાળાઓ શરૂ કરી છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા: માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને આશ્રમશાળાઓમાં ભણતા બાળકોને શિષ્યવૃત્તિ આપવાની જે જોગવાઇ કરી છે એ સારી બાબત છે માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ, તમારી આ નીતિને હું વખાણું છું, પણ જ્યારે આ નિર્ણય લેવાયો એ પછી દરેક આશ્રમશાળાના આચાર્ય કે પછી એના મંડળના સંચાલકોને તમે જાણ ક્યારે કરી? મારી જાણમાં છે ત્યાંસુધી ઘણી બધી આશ્રમશાળાઓમાં બાળકોના ખાતા ખોલવાના હજી બાકી છે, આ નિર્ણય લેવાયો હોય તો દરેક પ્રાયોજના કક્ષાએ આપણી ઓફિસ છે તો એ ઓફિસમાં જાણ કરીને તાકીદે જો ખાતા ખોલાવી લેવાયા હોત તો આ યોજનાનો લાભ મળત. બીજું મારે એ જાણવું છે કે, આ ગ્રાન્ટ જે આવે છે એમાં જ ગણવેશ આપવાનો હોય છે. પ્રાથમિક શાળાઓમાં આપણે ગણવેશ આપીએ છીએ તેમ આશ્રમશાળાઓના બાળકોને આપણે ગણવેશ આપવા માગીએ છીએ કે કેમ? અને આખા રાજ્યમાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અને આશ્રમશાળાઓમાં ગણવેશનો એક કોડ તમે ઉભો કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, શિષ્યવૃત્તિની ગ્રાન્ટ અલગ છે અને ગણવેશની ગ્રાન્ટ પણ અલગ છે. અને આ આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં પણ ૩૦૦ રૂપિયા લેખે એમને આપણે ગણવેશની ગ્રાન્ટ આપવાના છીએ.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં અને આશ્રમશાળામાં વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે અને તેની શરૂઆત ક્યારથી કરવામાં આવી છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં શિષ્યવૃત્તિ આપવાની શરૂઆત ૨૦૧૫ના આદિજાતિ વિભાગના ઠરાવથી કરવામાં આવી છે એમાં ધોરણ ૧ થી ૫ માં કુમાર અને કન્યાને ૫૦૦ રૂપિયા આપવામાં આવે છે અને ધોરણ ૬ થી ૮ ના કુમારને વાર્ષિક ૫૦૦ રૂપિયા આપવામાં આવે છે અને શિક્ષણને મહત્વ આપવા માટે કન્યાને ૭૫૦ રૂપિયા આપવામાં આવે છે. ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં જે વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને ભણતા હોય એમને વરસે ૪૫૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે અને ઉત્તર બુનિયાદીમાં જે હોસ્ટેલમાં રહેતા નથી અને ઘરેથી આવ-જાવ કરીને ભણે છે એમને ૨૨૫૦ રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૯ શાકે

તારાંકિત પ્રશ્નો

વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ અને ૨૦૧૭માં થયેલ એમ.ઓ.યુ.

* ૮૦૭૯ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫ અને ૨૦૧૭માં સિવિલ એવિએશન ક્ષેત્રે સમિટવાર કુલ કેટલા એમ.ઓ.યુ. કેટલી રકમના થયા હતા, અને | (૧) |

| વર્ષ | સંખ્યા | રકમ(કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૫ | ૧૦ | ૫,૪૨૬.૫૦/– |
| ૨૦૧૭ | ૧૨ | આ સમિટમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન માટે મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સમિટવાર થયેલ એમ.ઓ.યુ. પૈકી કેટલા અમલ હેઠળ, કેટલા પ્રારંભિક તબક્કામાં અને કેટલા રદ થયેલ છે ? | (૨) |

| વર્ષ | સંખ્યા | સ્થિતિ |
|---|---|---|
| ૨૦૧૫ | ૧૦ | ૮–પ્રારંભિક તબક્કામાં |
| | | ૨–રદ |
| ૨૦૧૭ | ૧૨ | ૧–અમલ હેઠળ |

શ્રી સુરેશકુમાર ચ. પટેલ (માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પહેલો પ્રશ્ન એ છે કે, ૨૦૧૫–૧૭માં ૨૨ એમ.ઓ.યુ. થયા છે તેમ જણાવેલ છે તો એમાંથી ગુજરાતના ઉદ્યોગકારના કેટલા થયા અને ગુજરાત બહારના ઉદ્યોગકારના કેટલા થયા? મારો બીજો પ્રશ્ન એ છે કે ૧૯ એમ.ઓ. યુ. જે થયા છે તે પ્રારંભિક તબક્કામાં છે તો તે પ્લેન ક્યારેય ઉડાડવાનું આયોજન છે?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫માં જે એમ.ઓ. યુ. થયા છે એમાં સંકલ્પ કોરપોરેશન છે, થમ્બી ઇન્ફ્રા પ્રાઇવેટ લીમીટેડ છે. ડિઝાઇન ટેક સિસ્ટમ્સ છે, થમ્બી એવીએશન છે, અંબે એરોસ્પેસ છે, શાંતિ સોલ્યુશન્સ છે, ડાયમંડ એરોનોટિક્સ છે, મેરીટાઇમ એનર્જી, હેલી એર સર્વિસ છે. આ બધી ગુજરાત બહારની કંપનીઓ છે. અને બાકીના જે છે તે પ્રારંભિક તબક્કામાં છે એટલે તેમાં જમીન, નાણાકીય વ્યવસ્થા અને આ વિભાગ ગુજરાત અને કેન્દ્ર સરકાર સાથે સંકળાયેલો છે તે દ્રષ્ટિથી બન્ને જગ્યાએથી તેની એન.ઓ.સી.લેવાની હોય છે, તેનું વૈદ્યાનિક કિલિયરન્સ લેવાનું હોય છે આ બધી જ વ્યવસ્થા કર્યા બાદ બાકીની કાર્યવાહી કરવામાં આવે છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રીજીયોનલ કનેક્ટીવીટી સ્કીમ ગુજરાત સરકારે ગુજરાતમાં વિમાની સેવા ચાલુ કરી એ બદલ ગુજરાત સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. સાથે સાથે એ પણ જાણવા માગુ છું કે, રીજીયોનલ કનેક્ટીવીટી સ્કીમ હેઠળ કયા કયા શહેરોમાં સેવા શરૂ કરવામાં આવી ? અને તે માટે કયા પ્રકારના વિમાનોનો ઉપયોગ કરવામાં આવે છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રધાનમંત્રી એવુ કહે છે કે જે સામાન્ય માણસ ઓછી કિંમતના હવાઇ ચપ્પલ પહેરે છે તે સામાન્ય માણસને હવાઇ મુસાફરી પણ પરવડે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે. રીજીયોનલ કનેક્ટીવીટી સ્કીમ આર.સી.એમ. ૧૦મી જુલાઇ, ૨૦૧૭થી પોરબંદર, કંડલા અને મુંબઇ એ સ્પાઇસ જેટ, ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૮થી મુંદ્રા અમદાવાદ, જામનગર અમદાવાદ એર ઇન્ડિયા, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૮થી દીવ અમદાવાદ જેમાં મને પણ લાભ મળેલો, આ હવાઇ જોડાણ શરૂ કરવામાં આવેલ છે અને એ વ્યવસ્થા એર ઓરિસ્સા તરફથી કરવામાં આવેલ છે. બીજો તબક્કો પોરબંદર, કેશોદ, સુરત, જેસલમેર, જલગાંવ, નાસિક, હુબલી હવાઇ જોડાણ કરવામાં આવેલ છે. અને આમાં કયુ–૪૦૦ અને ૯૦૦–ડી નામના બે વિમાનો વાપરવામાં આવે છે. જેમાં કયુ–૪૦૦માં ૭૮ મુસાફરોની બેઠક વ્યવસ્થા હોય છે અને ૯૦૦–ડીમાં ૧૯ મુસાફરોની બેઠક વ્યવસ્થા કરવામાં આવે છે. આ વ્યવસ્થા ઉભી કરવાને કારણે ઉદ્યોગોનો વિકાસ થશે, પ્રવાસધામોનો વિકાસ થશે અને જે યાત્રા કરવા માગે છે, જેની પાસે સમય નથી અને બધી જગ્યાએ યાત્રા કરવી છે તો within State આવીને એ પોરબંદર પણ જઇ શકે, એ સોમનાથ પણ જઇ શકે, એ પાલિતાણા પણ જઇ શકે ભવિષ્યમાં અંબાજી પણ જઇ શકે આ બધીજ વ્યવસ્થા એન.ડી.એ.સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં ઉભી કરી છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સિવિલ એવિએશન રિલેટેડ છે. આપશ્રી જાણો છો કે મોરબી સિરામિકનું હબ છે. જૂના જમાનામાં સ્ટેટ વખતનું એરપોર્ટ હતું અને આ ગૃહમાં પણ એ એરપોર્ટને વિકસાવવા માટેની ચર્ચાઓ થયેલી છે. જિલ્લા વહીવટી તંત્રે ફિઝિબીલીટી રિપોર્ટ પણ અહીં મોકલેલે◌ા છે તો વિદેશોમાંથી ટેકનોક્રેટ મોરબીમાં ઘણાં બધા

આવે છે કારણ કે મોરબીમાં ૧૫૦૦ સિરામિકના યુનિટો આવેલા છે. તો મોરબીને આ સિવિલ એવિએશનની સુવિધા મળે એ માટે સરકારશ્રી કશું કરવા માગે છે કે કેમ ?

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ કહ્યું કે within Inter-state સુવિધાને કારણે ઉદ્યોગોને પણ પ્રોત્સાહન મળશે એના ભાગરૂપે મોરબી એક ખૂબ મોટું ઉદ્યોગનું સ્થળ છે અને તેના માટે પણ air strip મંજૂર કરવાની વિચારણા ચાલે છે.

શ્રી બાબુભાઇ  જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું મારા મુખ્યમંત્રી, ડેપ્યુટી મુખ્યમંત્રી અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. એટલા માટે કે અમારે ત્યાં ધોલેરા અમદાવાદ જિલ્લામાં ધોલેરા એક મોટું સિટી બનવાનું છે ત્યારે આ ધોલેરાને રાજકોટ Green Field એરપોર્ટની સ્થિતિ અને પ્રગતિની અદ્યતન વિગતો શું છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આવતા દિવસોમાં ધોલેરા એક સર Special Investment Region એના ઉપર છાશવારે નાની મોટી શંકા કુશંકા આ ગૃહના સભ્ય અને ધંધુકાના ધારાસભ્યશ્રીએ પણ અગાઉ વ્યકત કરેલી. એ શંકા કુશંકા રાખવાની કોઇ જરૂર નથી. સરનું ડેવલપમેન્ટ પણ થઇ રહ્યું છે અને તેની સાથે સાથે એક નવું શહેર આ કન્જેસ્ટેડ વિસ્તારમાં અમદાવાદમાં હવે કેટલાં સમાશે. આ નાના શહેર કે મોટાં શહેર તેની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખુલ્લી જગ્યા જયાં પડી છે ત્યાં મોટા શહેર વસાવવાની માનનીય નરેન્દ્રભાઇની કલ્પના એના અનુસંધાનમાં સર Special Investment Region તો માનનીય પ્રધાનમંત્રીશ્રીના ધ્યાનમાં અને ખ્યાલમાં અને વિચારમાં આટલું મોટું શહેર, મોટું મુંબઇ જેવું શહેર આવ્યું. આટલું મોટું શહેર થાય તો ત્યાં ધોલેરા એરપોર્ટ પણ થવું જોઇએ અને એના માટે એક ઇન્ટરનેશનલ કંપની લિમીટેડની સ્થાપના કરી છે. સૂચિત એરપોર્ટ માટે વધારાના ટ્રાફિકનો પણ વિચાર કર્યો છે. સૂચિત એરપોર્ટ અન્ય શહેરો જેવાં કે, વડોદરા, રાજકોટ, ભાવનગર, નડિયાદ, ખેડા, આણંદ વગેરે મુખ્ય શહેરોને પણ લાભ મળશે. ૧૪૨૬ હેક્ટર સરકારી આરક્ષિત જમીન નવાગામ પાસે મંજૂર કરેલ છે. કંપનીએ ભારત સરકારના ઉડ્ડયન મંત્રાલયમાંથી પ્રિન્સીપલ એપ્રુવલ પણ આપેલ છે અને આગામી ૨૧ તારીખે વધારાની કાર્યવાહી માટે દિલ્હીમાં મીટીંગ પણ છે. સભ્યશ્રીએ રાજકોટની પણ વાત કરી છે. મને કહેતાં ખૂબ આનંદ થાય છે કે, આટલા ઓછા સમયમાં ઝડપથી જમીન લેવી, એનું ભૂમિ પૂજન કરવું, એનું ટેન્ડર બહાર પાડવું આ બધી જ પ્રક્રિયા છ મહિનામાં જ પૂરી થઇ છે અને કોડ–સી ટાઇપનું ૧૮૦ માણસોની ક્ષમતા ધરાવતું વિમાન પણ ત્યાં ઉતરી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે અને ૭૯૭ કરોડ રૂપિયાનું ટેન્ડર ૧૨, જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ બહાર પાડવામાં આવ્યું છે અને એની અવધિ આવતી કાલે જ પૂરી થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય પૂંજાભાઇ.

શ્રી પૂંજાભાઇ  ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.(આ તબક્કે ભગાભાઇ બારડ કાંઇક એક્શન કરતાં)

અધ્યક્ષશ્રી : એમણે ક્યારનો હાથ ઉંચો કર્યો છે તમે એક્શન ના કરો. મારે કોઇ એકને જ પૂછવા માટે તક આપવાની છે.

શ્રી ભગાભાઇ  ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલેથી હાથ ઉંચો કરી રાખેલ હતો.

અધ્યક્ષશ્રી : હા. એ વાત બરાબર છે પણ તમે આમ આશ્ચર્ય વ્યક્ત ના કરો પ્લીઝ, મારે કોઇ એકને તક આપવાની હોય ને. (આ તબક્કે ભગાભાઇ બારડ કંઇક બોલતા.) એવી વાત ના કરશો. મારું ધ્યાન ના પણ હોય. પૂંજાભાઇ સીનિયર છે. પૂંજાભાઇ તમને તક આપવા તૈયાર છે.

શ્રી ભગાભાઇ  ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે પ્રશ્ન નથી પૂછવો •(×××)

અધ્યક્ષશ્રી : *(×××) વાત ના કરશો પ્લીઝ. વારાફરતી બધાંને તક આપવામાં આવે છે. આપના દંડકશ્રીને પૂછી જુઓ. બધાંને પૂછવા દઇશું તો કેવી રીતે ચાલશે.

(આ તબક્કે માનનીય ભગાભાઇ બારડ બોલતાં–બોલતાં સભાગૃહની બહાર નીકળી ગયા.)

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પહેલા જવાબમાં એમણે જણાવ્યું કે, ૨૦૧૭માં ૧૨ની સંખ્યા બતાવવામાં આવી છે અને જવાબમાં જણાવવામાં આવ્યું કે આ સમિટમાં investment inset માટે મૂડી રોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી. તો અગાઉ જે વાઇબ્રન્ટ થયા એમાં તમે મૂડી રોકાણ માટેની કરોડો રૂપિયાની જાહેરાત કરી અને આ ૨૦૧૭માં તમે આ મૂડી રોકાણ બતાવવાનું બંધ કરવામાં આવ્યું તો એના કારણો શું અને બીજો પ્રશ્ન એ છે કે, આપણે જાહેરાતો બહુ કરી. તાજેતરમાં દીવથી અમદાવાદની ચાપ દબાવીને જાહેરાત કરી. એક દિવસ ચાલુ રહ્યું અને બીજા દિવસે બંધ થઇ ગયું છે. અમારે અહીંયા આવવું છે પણ અમને સેવા મળતી નથી એટલે તમે હવામાં ગોળીબાર થાય એવી રીતે ફાયરીંગ કરો છો. અગાઉની સરકારોમાં પણ અગાઉના ઉડ્ડયન મંત્રીએ પણ ઘણા ખાત–મૂહુર્ત કર્યા અને એ પણ બંધ થઇ ગયા છે. આજની તારીખે રાજ્યમાં હવાઇ મુસાફરી ચાલુ કર્યા પછી જાહેરાત કર્યા પછી પ્રજાને એનો લાભ મળ્યો નથી. તો વાસ્તવમાં તમે જાહેરાત કર્યા મુજબ રાજ્યની પ્રજાને આ વધારાનો લાભ આપવા માગો છો કે કેમ?

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આંકડા જાહેર કરવામાં આવતા હતા પછી આંકડા જાહેર કરવામાં આવતા નથી. ૨૦૦૩થી વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત થઇ એ વખતે માત્ર ગુજરાત પૂરતું હતું પછી એનો વ્યાપ વધતો ગયો. સફળતા વધતી ગઇ, રોકાણ વધતું ગયું, અમલીકરણ વધતું ગયું. અન્ય રાજયોના લોકો સામેલ થવા માંડ્યા અને છેલ્લે ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭માં તો એ રાજયકક્ષાનું મટીને દેશ કક્ષાનું થયું અને દેશ કક્ષાનું મટીને ૨૦૧૫, ૨૦૧૭માં તો આંતરરાષ્ટ્રીય કક્ષાનું થયું. મતલબ એ થયો કે, ગુજરાત હવે પ્લેટફોર્મ પૂરું પાડે છે અને ૩૫ પ્રકારના સેક્ટરના ઇરાદાઓ અહીયાં રજૂ કરવામાં આવે છે એટલે ઉદ્યોગ વિભાગની નીતિ પ્રમાણે એવું નક્કી કરવામાં આવ્યું કે, પહેલાં જે કોઇ રોકાણકાર હોય એ ઇરાદા નક્કી કરે અને ઇરાદા નક્કી કર્યા પછી બીજી કામગીરી આગળ વધે, ત્યાર પછી આંકડા અને આ માનનીય અધ્યક્ષશ્રી, નવી જે શરૂ થાય છે એમાં કદાચ ક્યાંક કંઇક ટ્રાફિકના અભાવે રહ્યું હશે પણ આ નિર્ણયમાં કેન્દ્ર સરકાર કે રાજય સરકાર કોઇ પાછીપાની કરવા માગશે નહીં, અને અમે જે સુવિધાઓ શરૂ કરી છે એ સુવિધાઓ ચાલુ જ રહેવાની છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ૨૦૧૫માં જે એમ.ઓ.યુ. થયા એ ૫,૪૨૬.૫૦/- કરોડ રૂપિયાના થયા. ૨૦૧૭માં એમ.ઓ.યુ.ની રકમ આપવામાં આવેલ નથી. ૨૦૧૫માં દસ એમ.ઓ.યુ. થયા એ પૈકી ૮ એમ.ઓ. યુ. પારંભિક તબક્કામાં છે. માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જે રીતે કહ્યું કે, રાજય સરકારની મંજૂરી, જમીન, કેન્દ્ર સરકારની મંજૂરી તો આઠ જે પ્રારંભિક તબક્કા છે એ આઠ પ્રારંભિત તબક્કા મુજબ ગુજરાતની કેટલી મંજૂરી જમીન એની બાકી છે અને બીજું કે, કેન્દ્ર સરકારની મંજૂરી માટે આ આઠમાંથી કોઇ મોકલ્યા છે કે કેમ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ સતત ચાલતી પ્રોસેસ છે એ આ બધા આઠે આઠમાં પોઝિટીવલી, હકારાત્મક રીતે આ પ્રક્રિયા ચાલે છે.

### ઉચ્ચ ટેક્નીકલ શિક્ષણના અભ્યાસક્રમોમાં થયેલ ફીની રકમમાં વધારો

* ૮૧૫૧ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ અભ્યાસક્રમોમાં ક્યારે કેટલી રકમનો ફી વધારો સરકાર દ્વારા માન્ય કરવામાં આવ્યો, | (૧) ટેકનીકલ શિક્ષણ અભ્યાસક્રમોમાં સરકારી તેમજ અનુદાનિત સંસ્થાઓમાં ફી વધારો કરવામાં આવેલ નથી. જ્યારે ૫૭૪ સ્વ-નિર્ભર કોલેજો પૈકીની ૧૨૧ સંસ્થાઓમાં વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ. ૫૦૦/- થી રૂ. ૩૯૦૦૦/- સુધીનો વધારો "ગુજરાત પ્રોફેશનલ ટેકનીકલ એજ્યુકેશન કોલેજીસ ઓર ઈન્સ્ટીટ્યુશન્સ (રેગ્યુલેશન ઑફ એડમીશન એન્ડ ફીક્સેશન ઑફ ફીઝ) એક્ટ -૨૦૦૭" અંતર્ગત રચિત ફી નિયમન સમિતી (ટેકનીકલ ) દ્વારા જાહેર કરાયેલ છે. |
| (૨) ઉચ્ચ શિક્ષણમાં ફી વધારો કરવાના શા કારણો છે, અને | (૨) સ્વ-નિર્ભર સંસ્થા માટે ફી નિયમન સમિતી અગાઉના વર્ષોના ઓડીટેડ એકાઉન્ટ, ફુગાવાનો દર, અધ્યાપકો અને અન્ય કર્મચારીના પગાર અને ભથ્થામાં ઉત્તરોત્તર થતો વધારો, શૈક્ષણિક ગુણવતા માટે જરૂરી સવલતોના વિકાસ અને જાળવણીના ખર્ચના પરિમાણો ધ્યાનમાં લઈ ફી વધારો જાહેર કરે છે. |
| (૩) ફી વધારાને કારણે વિદ્યાર્થીઓ પર પડતા આર્થિક બોજાને દૂર કરવા સરકારે શા પગલા લીધા ? | (૩) સ્વ-નિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ મેળવતા અભ્યાસમાં તેજસ્વી અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ફી ભરવા માટે આર્થિક સહાય મળી રહે તે હેતુથી રાજ્યમાં વર્ષ ૨૦૧૫-૧૬થી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) શરૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ યોજના અંતર્ગત લાભાર્થીઓની સંખ્યા તથા શિષ્યવૃત્તિની રકમમાં વધારો કરી તેનો વ્યાપ વધારવામાં આવેલ છે. |

શ્રી કાન્તિભાઇ શા. પરમાર (ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, ફૂગાવાનો દર અને અન્ય કારણો એટલે કે મોંઘવારી ધ્યાનમાં રાખીને ખાનગી સંસ્થાઓને ૩૯૦૦૦/- રૂપિયા સુધીનો ફી વધારો આપ્યો છે તો આ મોંઘવારી ઘટે અને ફીમાં વધારો ન થાય તે માટે સરકાર શું પ્રયત્ન કરે છે? બીજો મારો પ્રશ્ન એ છે કે, ૨૦૧૭-૧૮માં રૂપિયા ૩૯૦૦૦/- સુધીનો ફી વધારો

આપ્યો હોય તેવી કેટલી સંસ્થાઓ છે અને તે અભ્યાસક્રમ કર્યો છે અને આ અભ્યાસક્રમની વાર્ષિક ફી જે તે ખાનગી સંસ્થા દ્વારા કેટલી લેવામાં આવે છે? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, વર્ષ ૨૦૧૫ અને ૧૬થી મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના શરૂ કરવામાં આવી છે ત્યારે છેલ્લા બે વર્ષમાં શિષ્યવૃત્તિની રકમમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો છે?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ ફી નક્કી કરવા માટેની પધ્ધતિ ૨૦૦૩માં નામદાર સુપ્રિમ કોર્ટે આદેશ કર્યો કે, આખા દેશમાં બધાં રાજયોએ ઉચ્ચ શિક્ષણમાં ફી નિયમન કમિટીની રચના કરી અને એમાં આગળની કાર્યવાહી કરવી. ગુજરાત સરકારે ૨૦૦૫માં શરૂ કરી અને ૨૦૦૭માં એનો એક્ટ બનાવ્યો અને અમલીકરણ ૨૦૦૮થી શરૂ કરી અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જાણવા માગે છે કે, કુલ સંસ્થાઓ કેટલી અને ફી વધારો મંજૂર કરાયેલી સંસ્થાઓ કેટલી? તો માનનીય અધ્યક્ષશ્રી, કુલ સંસ્થાઓ ૫૭૪ છે, એમાં બેચરલ ઓફ એન્જિનિયરીંગની ૧૧૩ છે એ ૧૧૩માં ફી વધારો મંજૂર કરાયેલી સંસ્થાઓ માત્ર ૩૧ છે અને એમાં એક હજારથી માંડીને વીસ હજાર સુધીની ફી વધારાની છે. બેચલર ઓફ ફાર્મસીમાં ૬૫ સંસ્થાઓમાંથી માત્ર ૧૫ સંસ્થાઓએ ફી વધારો માગેલો હતો અને એ ૩૦૦૦ થી માંડીને ૧૨૦૦૦ રૂપિયાનો છે. બેચરલ ઓફ આર્કીટેક્ચર્સમાં ૨૮ સંસ્થાઓમાંથી ૧૯ સંસ્થાઓએ અને એક હજારથી માંડીને માનનીય સભ્યશ્રી કહે છે તેમ ૩૮ હજાર સુધીનો ૨૮ માંથી ૧૯ સંસ્થાઓએ, બેચરલ ઓફ પ્લાનીગમાં ૫ માંથી –૨ અને બેચરલ ઓફ હોટેલ એન્ડ ટુરિઝમમાં ૩ માંથી એક પણ સંસ્થાએ માગ્યો ન હતો. બેચરલ ઓફ કન્સ્ટ્રકશન ટેકનોલોજી એક સંસ્થા છે એણે માગ્યો હતો, ડીપ્લોમા ઇન એન્જિનિયરીંગ, એમાં ૯૭ સંસ્થાઓ છે તેમાંથી માત્ર પાંચે જ વધારો માગ્યો છે અને તે પણ ૫૦૦ થી માંડીને ૪ હજાર સુધીનો, ડીપ્લોમા ઇન ઇન્ટ્રીગ્રેટેડ એન્ડ ઇન માસ્ટર ઓફ ફાર્મસી એમાં કુલ ૫૭૪ સંસ્થાઓ છે તેમાંથી માત્ર ૧૨૧ સંસ્થાઓ ફી વધારો માગ્યો છે.

શ્રી ભુપેન્દ્રભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્વ નિર્ભર સંસ્થાઓમાં ફી નક્કી કરવામાં કયા પરિબળો ઘ્યાનમાં લેવામાં આવે છે અને આ ફી નિયમન સમિતએ નકકી કરેલ ફીમાં કઇ કઇ ફીનો સમાવેશ થાય છે ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સ્વ નિર્ભર સંસ્થાઓની ફી નકકી કરવા માટે સંસ્થાના ગત વર્ષના ઓડીટ એકાઉન્ટમાં સંસ્થા દ્વારા ફકત શિક્ષણને લગતા કરાયેલ ખર્ચ અને વિદ્યાથીઓની સંખ્યા બળને ઘ્યાને લઇ માથાદીઠ ખર્ચની રકમમાં તેનો અંદાજ મેળવી તેમાં ટેકનીકલ વ્યવસાય, શૈક્ષણિક સંસ્થાનું સ્થળ અને વ્યવસાયીક અભ્યાસક્રમનો પ્રકાર અને ઉપલબ્ધ ઇન્ફ્રાસ્ટ્રકચર અને વહીવટી અને નિભાવ પરનું ખર્ચ અને તેના માટે સંસ્થાની વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી અને વાજબી ફાજલ ભંડોળ અને સમિતિ નક્કી કરે તે અથવા રાજય સરકાર ફરમાવે તે બીજા પરિબળોને પણ ઘ્યાને લેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કઇ કઇ ફી લેવામાં આવે છે તે માનનીય સભ્યશ્રી જાણવા માગે છે તો સમિતિએ નિર્ધારીત કરેલ ફીમાં ટયુશન ફી, લાયબ્રેરી ફી, લેબોરેટરી ફી, કમ્પ્યુટર ફી, જીમખાના ફી, ઇન્ટરનેટ ફી, યુનિવર્સિટી એફીલીએશન ફી, સ્પોર્ટ્સ એન્ડ રીક્રીએશન ફી અને સેલ્ફ ડેવલપમેન્ટ પર્સનાલીટી ફી, આ સમિતિએ નિર્ધારીત ફી ઉપરાંત જે તે યુનિવર્સિટીને ભરવા પાત્ર ફી, આ સિવાય અન્ય ડીપોઝીટ કે ફી સંસ્થા વિદ્યાર્થીઓ પાસેથી વસૂલ કરી શકતી નથી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું તો ફી નિયમન સમિતિ ૨૦૦૭ ત્યારે અમલમાં આવી અને ૨૦૦૯માં એકટ બન્યા પછી એની જોગવાઇ થઇ અને તેની ફી લેવાનું શરૂ થયું . મારા ઘ્યાન ઉપર એ આવ્યું છે કે અમુક કોલેજો આપણે ફી નક્કી કરી છે તેના કરતાં જુદી રીતે પહોંચમાં બતાવ્યા સિવાય પોતાની રીતે વિકાસ ફંડના નામે વધારાની ફી લે છે અને એવા કિસ્સાઓ રાજય સરકારના ઘ્યાને આવ્યા હોય તો શું પગલાં લેવા માગે છે ? આ સ્વનિર્ભર સંસ્થાઓ છે તેની અંદર રાજય સરકાર નકકી કર્યા મુજબ તેના અધ્યાપકો અને કર્મચારીઓને પગાર અને ભથ્થાં આપવા માટેની જોગવાઇ કરી છે. પરંતુ આ જે સ્વનિર્ભર સંસ્થાઓ છે તે સંસ્થાઓ તેની પાસેથી પોતાની મનસૂફી પ્રમાણે આપે છે કાં તો ઉંચા પગારમાં સહીઓ લઇ તેનું ચૂકવણું ઓછું કરે છે આવું તમારા ઘ્યાન ઉપર આવ્યું હોય તો રાજય સરકાર શું પગલાં લેવા માગે છે ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની કોઇ પણ ખાનગી સંસ્થા સભ્યશ્રી કહે છે એ પ્રકારે વધારે ફી લે કે જે ક્રાઇટેરીયા અને પરિમાણમાં ધોરણોમાં નથી આવતી, તે ઉપરાંતની ફી લે તો એ સંસ્થાની માન્યતા રદ કરવા સુધીની જોગવાઇ છે. હાયર એજયુકેશનની બાબતમાં માનનીય સભ્યશ્રીને જણાવું કે એટલી સ્મુધલી રીતે ૮ થી ૧૧, ૧૧ થી ૧૪ અને ૧૪ થી ૧૭ , ૧૭ થી ૨૦ ફી નિર્ધારણ કરીને બધાને બોલાવીને તેમનું વાજબીપણું ચકાસીને એક જોગવાઇ છે એ પ્રમાણે ઇન્ફ્રાસ્ટ્રકચર, તેમનું રોકાણ તેમના એજયુકેશનની ગુણવત્તા, આ બધું ચકાસીને પછી કરીએ છીએ. આમ છતાં પણ હું ફલોર ઉપર કહું છું કે, હાઉસના કોઇ પણ સભ્યશ્રી ના ઘ્યાન ઉપર આવે કે કોઇ પણ ખાનગી સંસ્થા નિયત કરતાં વધારે ફી લે છે તો અમને લેખિત કે મૌખિક માહિતી આપશે તો ચોક્કસ પગલાં ભરીશ. ઓછો પગાર આપવો અને વધારેમાં સહી કરાવવી એવા બે ત્રણ કિસ્સાઓ ઘ્યાનમાં આવેલા એટલે એમાં મૌખિકમાં તો પગલાં લઇ શકાય નહિ મેં એમને કહ્યું કે તમે લેખિત આપો તો હું ચોક્કસ પગલાં ભરીશ એવું કંઇ પણ તમારા ઘ્યાનમાં આવે તો જરૂરી આનુષાંગિક પગલાં ભરવાની રાજય સરકારની તૈયારી છે.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી મનીષા વકીલ : ફી નિયમન સમિતિની રચના કયા અધિનિયમને આધીન થાય છે તેની વિગત શું છે અને ફી નિયમન સમિતિના હાલના સભ્યો કોણ કોણ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ગુજરાત સરકારના ગુજરાત પ્રોફેશનલ ટેકનિકલ એજ્યુકેશન કોલેજીસ ઈન્સ્ટિટયુટ એકટ, ૨૦૦૭ કલમ–૯ (૧) અંતર્ગત સરકારશ્રી દ્વારા નોટિફાઇડ કરાયેલ વ્યવસાયિક અભ્યાસક્રમો ચલાવતી ગુજરાત રાજયમાં ચલાવવામાં આવતી સ્વ નિર્ભર સંસ્થાઓની ફી નક્કી કરવા માટે ફી નિયમન સમિતિ ટેકનિકલનું ગઠન કરવામાં આવેલ છે. આ અધિનિયમનો અમલ ૩૦–૪–૨૦૦૮થી થાય છે. સભ્યોમાં રાજય સરકારે નામ નિયુકત કેરલા હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધિશ જે સમિતિના અધ્યક્ષ હોય છે. રાજય સરકારે નામ નિયુકત કરેલ ભૂતપૂર્વ કુલપતિ, રાજય સરકારે નામ નિયુકત કરેલ કમિશનર અથવા નિયામક, ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજય અથવા એને સમકક્ષ હોદ્દો ધરાવતા શિક્ષણ વિભાગના અધિકારી, હોદ્દાની રૂએ સમિતિના સભ્ય સચિવ હોય છે. નોન ટેકનિકલ સંસ્થાઓના એક પ્રતિનિધિ હોય છે. અત્યારે છે એમાં નિવૃત ન્યાયાધિશ તરીકે અક્ષય મહેતા સાહેબ છે, પૂર્વ કુલપતિ કમલેશ જોષીપુરા, સી.એ. તરીકે જૈનિક વકીલ છે અને ખાનગી સંસ્થાઓ તરફથી અત્યાર સુધી આજ ગૃહના એક વખતના સભ્ય અનિલભાઇ હતા એમનું હમણાં જ દુઃખદ અવસાન થયેલ છે એટલે એ જગ્યા ખાલી છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લા બે વર્ષની અંદર મુખ્યમંત્રી સ્વાવલંબન યોજનામાં કેટલી જોગવાઇ કરવામાં આવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો, ૨૦૧૮–૧૯ના વર્ષમાં કેટલી જોગવાઇ કરવામાં આવી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ૨૦૧૫–૧૬માં જે મેરિટમાં આવતા પણ બિન કેટેગરીના વિદ્યાર્થીઓ જે ઉત્તમ કારકિર્દી ધરાવતા હોય એવા વિદ્યાર્થીઓને સરકારી કોલેજોમાં એડમીશન ન મળવાના કારણે જો ખાનગી કોલેજોમાં જાય તો એમના માટેની આ ઉદાર યોજના ૨૦૧૫–૧૬માં કરવામાં આવેલ હતી. અત્યાર સુધીમાં ૩૦૦ કરોડ ઉપરાંત આ લાભાર્થીઓને આપવામાં આવેલ છે.

ડો. આશા પટેલ : આપના મારફતે હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જયારે વાલીઓ ભાજપ સરકાર પર આક્ષેપ કરતાં કહે છે કે વોટ લીયા ઓર ખીસક ગયા જબ ખુરશી પર ચીપક ગયા. ત્યારે ઉચ્ચ ટેકનિકલ અભ્યાસ ક્રમોમાં મેનેજમેન્ટ કવોટા કેટલા ટકા હોય છે અને એમાં કેટલી ફી નક્કી કરેલી હોય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ માટે બીજી નોટિસ આપશે તો જવાબ આપવામાં આવશે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ફી નિયમન સમિત દ્વારા ફી નિર્ધારણ પ્રક્રીયા કઇ રીતે થાય છે. તેમજ નિર્ધારિત કરાયેલ ફી બદલી શકાય છે કે કેમ, તથા ફી નિયમન સમિતિ દ્વારા સમિતિએ સંસ્થાઓ માટે જે તે વર્ષની નિયત કરેલ ફીનું માળખું કોને લાગુ પડે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જે તે વિદ્યાર્થી માટેની ફી હોય છે. એક વિદ્યાર્થી માટે હોય છે એ બદલી શકાતું નથી. સમિતિ દ્વારા વેબ પોર્ટલ વિકસાવેલ છે. જેના ઉપર સ્વનિર્ભર સંસ્થાઓએ જરૂરી ઓથોરાઇઝેશન અને એકસેસ રાઇટ થકી જરૂરી દસ્તાવેજો ઓડિટેડ એકાઉન્ટ અને અન્ય જરૂરી પૂરાવાઓ સાથે ઓન લાઇન દસ્તાવેજો મંગાવવામાં આવે છે. સંસ્થાઓ દ્વારા રજૂ કરાયેલ ઓડિટ એકાઉન્ટનો સમિતિના સી.એ. નિષ્ણાતો દ્વારા પૃથ્થકરણ કરવામાં આવે છે. સંસ્થા ખાતેની માળખાગત સુવિધા અને સવલતો, અધ્યાપકોની લાયકાત, સંખ્યા, રીચર્સ એન્ડ ડેવલપમેન્ટ, અનુદાન એફીલીએશન, સ્પોર્ટસ, સ્ટાફ, અભ્યાસીક પ્રવૃતિઓ, વિદ્યાર્થીઓના પરિણામ, પ્લેસમેન્ટ, ગવર્નન્સ વગેરે એકત્રિક કરવામાં આવે છે. નિર્ધારિત કરાયેલી ફી બદલી અંગે સમિતિ દ્વારા નક્કી કરાયેલ ફી બદલી શકાતી નથી. ફીનું માળખું લાગુ પાડવા બાબતમાં સમિતિએ સંસ્થાઓ માટે જે વર્ષનું નિયત કરેલું ફી માળખું હોય જે તે વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીને જ લાગુ પડે છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી ગ્યાસુદ્દીનભાઇએ પૂછેલા પ્રશ્નનો જવાબ અધૂરો રહ્યો છે હું એમને અભિનંદન એટલા માટે આપું છું કે સહેજ પણ આક્રોશ વ્યકત કર્યા વગર તમે મારું ધ્યાન દોર્યું આ રીતે ગૃહ ચાલવું જોઇએ.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનીનય મંત્રીશ્રીએ કહ્યું કે ૩૦૦ કરોડ રૂપિયા આપ્યા છે પરંતુ જોગવાઇ કેટલી કરી હતી અને કેટલા લોકોની માગણી હતી અને કેટલા ચૂકવવામાં આવ્યા છે. સન ૨૦૧૮–૧૯માં કેટલી બજેટમાં જોગવાઇ કરી છે?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રૂ.૧૦૦૦/– કરોડની જોગવાઇ કરી છે અને રૂ.૩૦૦/– કરોડનો ખર્ચ થયો છે. બાકી રકમ વધી છે એ આ ૨૦૧૮–૧૯ના વર્ષમાં લાયક અને પાત્રતા ધરાવતા વિદ્યાર્થી આવશે એમને આપવામાં આવશે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સારો જવાબ આપ્યો છે કે કોઇ જગ્યાએ વધારે ફી લેવાતી હશે અને ઓછી પહોંચ અપાતી હશે અને ફરિયાદ આવશે તો ધ્યાન ઉપર લેવામાં આવશે. માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું કે મોટા ભાગની પ્રાઇવેટ સ્કૂલોમાં આ પ્રકારની સિસ્ટમ ચાલે છે. પરંતુ કોઇ વાલી મંડળ ફરિયાદ કરવા તૈયાર થતું નથી. ત્યારે તંત્ર દ્વારા ખાનગી રીતે વિદ્યાર્થીઓના જવાબ લઇને આનું સત્ય બહાર લાવવા માગો છો કે કેમ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો સ્કૂલનો પ્રશ્ન છે. અહીં કોલેજોના પ્રશ્નની વાત ચાલે છે. (અંતરાય) એ હું તમારાવતી સુધારી લઉં છું. તમે મારા મિત્ર છો. તમારા મનમાં શું છે એ મને ખબર છે. ૧૯૯૦માં અમે સાથે બેસતા હતા એટલે એમને વર્ષોથી ઓળખું છું. એટલે એમને હું જલદી સમજી શકું છું. માનનીય

કુંવરજીભાઇના જવાબમાં કહ્યું એ પ્રમાણે ફરી એકવાર કહું છું કે આવી કોઇપણ પ્રકારની ગેરરીતિ કોઇપણ સભ્યના ધ્યાને આવે તો અમને જણાવે, ક્યાંક છાપામાં ધ્યાનમાં આવશે તો એના ઉપર મુખ્યમંત્રીશ્રી દ્વારા ધ્યાને લઇને મને કહેવામાં આવે છે અને હું પણ પગલા લઉં છું. કોઇપણ પ્રકારની ગેરરીતિ કે અનિયમિતતા જોવા મળશે તો ફરીવાર કહું છું કે અમે પગલા લઇશું.

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વાવલંબન યોજના પહેલા અથવા તો ફી નિયમન ધારો લાવ્યા છીએ એના માટે કોઇ વાલી અથવા સંસ્થા દ્વારા ફી ઘટાડવા માટે ફરિયાદ કે અરજી આવેલ છે કે કેમ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે પોતે જ સામેથી આ યોજના અમલમાં મૂકી છે. માનનીય વિજયભાઇ રૂપાણીની સરકાર આવ્યા પછી આ યોજનામાં બે ખૂબ મહત્વના સુધારા કર્યા છે. આ યોજના હેઠળ ગુજરાતા વતની હોય, શહીદનો દીકરો હોય, વિધવા કે ત્યક્તાનો દીકરો હોય તેમને પણ આ યોજનાનો લાભ મળશે. આ ગૃહની જાણકારી માટે કહું છું કે એમના સંતાનોને પણ પર્સન્ટેજ કે પર્સન્ટાઇલ અને આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય તાત્કાલિક સહાય ચૂકવવાનો નિર્ણય માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કર્યો છે.

અધ્યક્ષશ્રી : ગૃહની જાણ માટે આ પ્રશ્નમાં ૮ સભ્યશ્રીઓને પ્રશ્ન પૂછવા દીધા છે અને તેમ છતાંય શ્રી અલ્પેશભાઇનો હાથ ઉંચો છે. હવે જો હું ન પૂછવા દઉં તો હમણાં આગળ જેમ શ્રી ભગાભાઇ વિના કારણે નારાજ થઇ ગયા. દંડકશ્રીની પણ વાજબી વાત છે કે સમય વધારે જાય છે. પણ એમાં હું શું કરી શકું? તમે એક બાજુ નારાજ થઇ જાઓ છો અને સમય વધારે જાય છે. પૂછો, શ્રી અલ્પેશભાઇ.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આભાર આપનો. નારાજ નહીં થાઉં.

અધ્યક્ષશ્રી : તમારા માટે કહ્યું નથી. મને ખરેખર દુઃખ થયું. માનનીય ભગાભાઇ બારડ ખૂબ સારા છે. મારું ધ્યાન કદાચ નહીં ગયું હોય. પૂછવાનું કહ્યું તો પણ તેમણે ન પૂછ્યું. મને એનું દુઃખ છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપ ગૃહના વડા છો. માનનીય શિક્ષણ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે શિક્ષણ પાછળ ખૂબ ખર્ચ કરીએ છીએ. પરંતુ આજના પેપરમાં વાંચ્યું, નીતિ આયોગે ખૂબ ટીકા કરી છે. શિક્ષણ અને આરોગ્યમાં આપણે ખૂબ જ કથળેલા છીએ. તો શુ નીતિ આયોગ સાચું છે? મારે આનો જવાબ જોઇએ છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ઉપર ઉપરથી ઓબ્ઝર્વેશન કર્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી અભ્યાસ કરીશુ અને કાંઇપણ ધ્યાન ઉપર આવશે અને સુધારો કરવાની જરૂર હશે તો સુધારો જરૂર કરીશું.

પંચમહાલ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૬૭૫૦ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યાં છે,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | મંજુર આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | ગેસ કનેક્શનની સુવિધા ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| જાંબુઘોડા | ૬૬ | ૬૬ |
| શહેરા | ૩૦૨ | ૩૦૨ |
| કાલોલ | ૨૨૬ | ૨૨૬ |
| ગોધરા | ૪૬૭ | ૪૬૭ |
| હાલોલ | ૨૫૬ | ૨૫૬ |
| મોરવા | ૩૦૦ | ૩૦૦ |
| ઘોઘંબા | ૩૮૩ | ૩૮૩ |

(૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨) એક પણ નહિ.

(૩) આ બાકી રહેતી આંગણવાડીઓને ક્યાં સુધીમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૯ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આંગણવાડી કેન્દ્રમાં ગેસની સુવિધા પૂરી પાડવાની યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને એ યોજનાનો હેતુ શું છે અને એની પાછળ જે કેન્દ્ર કામ કરે છે એનો ખર્ચ કોણ ભોગવશે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સભ્યશ્રીને મારે જણાવવાનું કે આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન દીર્ઘદ્રષ્ટા શ્રી નરેન્દ્રભાઇ મોદીના સંવેદનશીલ નિર્ણયોના અનુસંધાને જે નિર્ણયો લેવાયા છે એમાનો એક નિર્ણય એટલે આંગણવાડીને ધૂમાડાથી મુક્ત બનાવવી. એનું કારણ એવું આપી શકાય કે એક ઘરમાં જ્યારે ચૂલો ફુંકાતો હોય અને એમાંથી જે ધૂમાડો નીકળતો હોય તો એ ૪૦૦ સિગારેટ જેટલું નુકસાન કરતો હોય છે. આથી આંગણવાડીને ધૂમાડામુક્ત બનાવી ત્યાંના બાળકો, મહિલા કાર્યકરો, તેડાગર બહેનો અને ધાત્રી માતાઓ તેમજ સગર્ભા માતા આ બધાને ધૂમાડામુક્ત બનાવી એમના આરોગ્યને થતા નુકસાનને અટકાવવા માટે આ નિર્ણય કર્યો છે. આ નિર્ણય તા. ૩–૧૨–૨૦૦૯ના રોજ કરવામાં આવ્યો છે અને આનો સંપૂર્ણ ૧૦૦ ટકા ખર્ચ ગુજરાત સરકાર ભોગવે છે. આ નિર્ણયના કારણે રસોઇ ઝડપી થાય છે અને એના કારણે કાર્યકરોને બાળકોનું ધ્યાન રાખવાનો સમય બચે છે. આનાથી બનતો ખોરાક પૌષ્ટિક હોય છે. આવા બહુહેતૂક કારણોને લીધે નિર્ણય કરવામાં આવ્યો છે. આખા દેશમાં આંગણવાડીઓમાં ગેસ આપવાનું કામ જો કોઇ સરકારે કર્યું હોય તો એ ગુજરાત સરકારે કર્યું છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીને ધૂમાડામુક્ત કરવાની વાત છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. અમારા વિસ્તારમાં આંગણવાડી કેન્દ્રો જર્જરિત અવસ્થામાં છે. મારા વાંસદા તાલુકામાં ૨૭૭ જેટલી આંગણવાડીઓ છે. એમાંથી લગભગ ૪૦ ટકા ખરાબ પરિસ્થિતિમાં છે. મેં એની મુલાકાત લીધી ત્યારે જોયું કે એ આંગણવાડીનો એક જ રૂમ હોય છે. એ રૂમમાં જ ગેસનો સિલિન્ડર હોય છે. ચૂલો પણ હોય છે. આ ગેસના સિલિન્ડરને કોઇ હોનારતના કારણે કંઇ થાય તો આપણા બાળકો અને એ વિસ્તારના લોકોએ ભોગવવું પડે. એના માટે કોઇ અલાયદી યોજના બનાવી અત્યારે નવા પ્રકારના મકાનો બને છે તો અમારા વિસ્તારમાં નવા પ્રકારના મકાનો બનશે કે કેમ? સિલિન્ડર માટે અલગથી રસોડું બનાવી આપવામાં આવે છે કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય સભ્યશ્રીએ વાંસદા તાલુકાનો પ્રશ્ન પૂછ્યો છે. આ પ્રશ્ન પંચમહાલ જિલ્લાનો ચાલી રહ્યો છે. આંગણવાડીના મકાનોની બાબત છે એ અલગથી નોટિસ આપીને માહિતી મેળવી શકે છે. એમની ચિંતા છે પણ આંગણવાડીમાં કોઇ અકસ્માત ન બને એના માટે ફાયર સેફ્ટીની વ્યવસ્થા રાખવામાં આવી છે.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં આંગણવાડી કેન્દ્ર માટે કઇ કઇ ગેસ એજન્સીઓ કયા કયા તાલુકામાં નિર્ધારિત કરવામાં આવી છે અને આંગણવાડી કેન્દ્રને ગેસ કનેક્શન આપવાની પ્રક્રિયા શું છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય સભ્યશ્રીના જવાબમાં પંચમહાલ જિલ્લામાં ગેસ એજન્સીઓની માહિતી તાલુકાવાર જણાવું તો જાંબુઘોડા તાલુકામાં વલ્લભ ગેસ એજન્સી, શહેરા તાલુકામાં સપના ગેસ એજન્સી, કાલોલ તાલુકામાં ધનંજય ગેસ એજન્સી, ગોધરામાં સી.એન. ગેસ એજન્સી, હાલોલમાં વલ્લભ ગેસ એજન્સી, મોરવાહડફમાં અશ્વિનકુમાર મોહનલાલ એન્ડ કંપની અને ઘોઘંબાની અંદર રાજખુશી ગેસ એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે. સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે ગેસ કનેકશન આપવાની પ્રક્રિયા શું છે. મારે જણાવવું છે કે આખા તાલુકામાં આંગણવાડીઓમાં ગેસની જરૂરિયાત હોય એ જરૂરિયાત સી.ડી.પી.ઓ. મેળવી લે છે. એ જરૂરિયાત મેળવ્યા પછી જે તે ગેસ એજન્સીનો સંપર્ક કરી જરૂરી ડોક્યુમેન્ટો અને ગેસ કનેક્શન માટે ભરવાની થતી ડિપોઝિટ બધી રકમ ભરી આવશ્યક દસ્તાવેજો એજન્સીમાં જમા કરાવે છે અને ત્યારબાદ એજન્સી દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેકશન પૂરું પાડવામાં આવે છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આંગણવાડી કેન્દ્રને માત્ર ગેસ કનેકશન આપવામાં આવે છે. જ્યારે એ ગેસ ભરવા જાય છે ત્યારે આંગણવાડી કાર્યકરે જાતે પૈસા કાઢવા પડે છે. આના ૮૦૦ રૂપિયા થતા હોય છે અને એનો પગાર ૪ હજાર રૂપિયા હોય છે તો આના માટે કોઇ અલાયદી વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? અમુક વખતે ગેસ ભરાતો નથી અને એમને એમ પડ્યો રહે છે. બીજી વસ્તુ કે માનનીય અનંતભાઇએ વાત કરી એ પ્રમાણે આંગણવાડી છે તેમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરવામાં આવે છે કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : આપના માધ્યમથી...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

આંગણવાડી કેન્દ્રોમાં અપાતો બાળકદીઠ પૌષ્ટિક આહાર

* ૮૦૫૫ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને અપાતા પૌષ્ટિક ગરમ આહાર બાળકદીઠ કેટલો આપવામાં આવે છે,

(૨) બાળકદીઠ આપવામાં આવતાં પૌષ્ટિક આહારની કિંમત કેટલી અંદાજવામાં આવેલ છે, અને

(૩) આ અંદાજવામાં આવેલ કિંમતના દર ક્યારથી અમલમાં છે, ઉચ્ચ ગુણવત્તાનો આહાર બાળકોને મળે તે માટે રાજ્ય સરકાર આ દરમાં વધારો કરવાનું શું આયોજન છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને અપાતો પૌષ્ટિક ગરમ આહાર બાળકદીઠ નીચે મુજબ આપવામાં આવે છે.

સવારનો અને બપોરનો ગરમ પૂરક પોષણ આહાર રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં માતૃમંડળ દ્વારા અપાતો સવારનો ગરમ પૌષ્ટિક આહાર પ્રતિ દિન પ્રતિ લાભાર્થી ૫૦ ગ્રામ પ્રમાણે અને બપોરનો ગરમ પૌષ્ટિક આહાર પ્રતિ દિન પ્રતિ લાભાર્થી ૮૦ ગ્રામ પ્રમાણે અઠવાડિયાના છ દિવસ આપવામાં આવે છે.

(૨) ઉક્ત પૌષ્ટિક આહારની બાળક દીઠ દૈનિક કિંમત નીચે મુજબ અંદાજવામાં આવેલ છે.

| લાભાર્થી વર્ગ | દર (પ્રતિ લાભાર્થી પ્રતિ દિન) |
|---|---|
| બાળકો (૬ થી ૭૨ માસ) | રૂ. ૬–૦૦ |
| અતિશય ઓછા વજનવાળા બાળકો (૬ થી ૭૨ માસ) | રૂ. ૯–૦૦ |

(૩) ઉક્ત અંદાજવામાં આવેલ કિંમતના દર ભારત સરકારશ્રીના તા.૨૬/૧૨/૨૦૧૨ના પરિપત્ર મુજબ અમલમાં છે. ઉચ્ચ ગુણવત્તાનો આહાર બાળકોને મળે તે માટે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની તા.૬/૧૦/૨૦૧૭ના રોજ મળેલ મંજૂરી અન્વયે રાજ્ય સરકાર દ્વારા તા.૦૩/૦૨/૨૦૧૮ના ઠરાવથી પુરક પોષણના દરમાં વધારો કરેલ છે. જેમાં ઓછા વજનવાળા બાળકો માટે પ્રતિ દિન પ્રતિ લાભાર્થી દીઠ રૂ. ૮ મુજબ અને અતિ ઓછા વજનવાળા બાળકો માટે પ્રતિ દિન પ્રતિ લાભાર્થી દીઠ રૂ. ૧૨ મુજબ વધારો કરવાનું આયોજન કરેલ છે.

---------

ભાવનગર જિલ્લામાં વીડીઓમાંથી ઘાસનું એકત્રિકરણ

* ૬૬૯૭ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વનવિભાગ દ્વારા વીડીઓમાંથી કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને | (૧) ૮૪,૮૧,૮૮૯ કિલોગ્રામ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું ? | (૨) ૫૨,૫૫,૨૮૯ કિલોગ્રામ |

---------

ગાંધીનગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વૃક્ષોનું વાવેતર

* ૬૬૯૧ શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીમાં કેટલા હેક્ટરમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૧૮૪ હેક્ટર |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ ૮૦.૫૬ લાખ |

---------

## અતારાંકિત પ્રશ્નો

### નવસારી જિલ્લામાં દરિયા કિનારે ચેરનું વાવેતર

* ૬૬૫૮ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર થયું, | (૧) |

| વર્ષ | વાવેતર(હેકટરમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૨૦૦ |
| ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં | ૧૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૬.૨૪ લાખ |

---------

### અમદાવાદ અને વલસાડ ખાતેની નારી સંરક્ષણ ગૃહમાંથી મહિલાઓના નાસી જવાના બનાવો

* ૮૦૬૭ ડો. આશા પટેલ (ઊંઝા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ અને વલસાડ ખાતે આવેલ નારી સંરક્ષણ ગૃહોમાંથી મહિલાઓ નાસી જવાના બનાવો તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બનેલ છે, | (૧) વલસાડ ખાતે હાલમાં નારી સંરક્ષણ ગૃહ કાર્યરત નથી. જ્યારે અમદાવાદ નારી સંરક્ષણ ગૃહમાં આવો ૧ (એક) બનાવ બનેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બનાવોમાં કેટલી મહિલાઓ નાસી ગયેલ છે, અને | (૨) ૧ (એક) બહેન |
| (૩) આ પ્રકારના બનાવો ન બને તે માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૩)<br>– આ પ્રકારના બનાવો ન બને તે માટે નારી સંરક્ષણ ગૃહ, અમદાવાદને અદ્યતન બનાવવા મકાનનું રીનોવેશન કરવામાં આવેલ છે.<br>– કેમ્પસની ફરતે ઉંચા કોટ તારની ફેન્સીંગ કરવામાં આવેલ છે.<br>– હોમ ગાર્ડની ૮(આઠ) કલાકની ત્રણ શિફ્ટ ગોઠવવામાં આવેલ છે. આ ઉપરાંત સંસ્થાના મેઈન ગેટ ઉપર ૨૪ કલાકની ચોકીદારની ફરજ ગોઠવવામાં આવેલ છે. |

---------

### બનાસકાંઠા જિલ્લાની નિવાસી શાળાઓમાં મહેકમ

* ૮૦૬૨ શ્રી અલ્પેશ ઠાકોર (રાધનપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને નિવાસી શાળાઓની સંખ્યા કેટલી છે, | (૧) કમિશનરશ્રી (આ.વિ.) હસ્તકની આદર્શ નિવાસી શાળાઓની સંખ્યા – ૩<br>ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (GSTES) હસ્તકની માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને નિવાસી શાળાઓની સંખ્યા – ૯ |
| (૨) સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,<br>(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને ભરાયેલ જગ્યાઓ પૈકી સીધી ભરતી/ફીક્સ પગારથી ભરાયેલ છે, અને<br>(૪) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૨), (૩) અને (૪)<br>મંજુર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત પત્રક–અ મુજબ છે.<br>ખાલી જગ્યાઓ વહીવટી અનુકૂળતા મુજબ જેમ બને એમ જલદી ભરવામાં આવશે. |

પત્રક – અ

બનાસકાંઠા જિલ્લાની કમિશનર(આ.વિ.) સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક આદર્શ નિવાસી શાળાઓના મહેકમની વિગત

| મંજૂર મહેકમ | | | | | | સંવર્ગવાર ખાલી જગ્યાની વિગત |
|---|---|---|---|---|---|---|
| સંવર્ગ | વર્ગ | મંજૂર મહેકમ | સીધી ભરતીથી ભરાયેલ જગ્યા | બઢતીથી ભરાયેલ જગ્યા | હાલમાં ફીક્સ પગારથી ભરાયેલ જગ્યા | |
| આચાર્ય | ૨ | ૩ | ૧ | ૦ | ૦ | ૨ |
| મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૩ | ૨૦ | ૧૯ | ૦ | ૦ | ૧ |

| મંજૂર મહેકમ | | | | | | સંવર્ગવાર ખાલી જગ્યાની વિગત |
|---|---|---|---|---|---|---|
| સંવર્ગ | વર્ગ | મંજૂર મહેકમ | સીધી ભરતીથી ભરાયેલ જગ્યા | બઢતીથી ભરાયેલ જગ્યા | હાલમાં ફીક્સ પગારથી ભરાયેલ જગ્યા | |
| મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૩ | ૧૩ | ૨ | ૦ | ૭ | ૪ |
| વોર્ડન/આસી.લેડી. સુપ્રિ. | | ૩ | ૦ | ૦ | ૨ | ૧ |
| એકાઉન્ટન્ટ | | ૩ | ૦ | ૦ | ૦ | ૩ |
| રસોયા | ૪ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ |
| રસોડા કામદાર | | ૫ | ૫ | ૦ | ૦ | ૦ |
| સફાઈ કામદાર | | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| પટાવાળા | | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ચોકીદાર | | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |

બનાસકાંઠા જિલ્લાની ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી (GSTES) હસ્તકની માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને નિવાસી શાળાઓના મહેકમની વિગત

| મંજૂર મહેકમ | | | મંજૂર મહેકમ સામે નિયમિત ભરતી થઈ નથી. હાલમાં નીચે મુજબ વ્યવસ્થા કરાયેલ છે. | | |
|---|---|---|---|---|---|
| સંવર્ગ | વર્ગ | મંજૂર મહેકમ | કરાર આધારિત ભરાયેલ જગ્યા | લોકલ મેનેજમેન્ટ કમિટી દ્વારા ભરાયેલ જગ્યા | તાસ પધ્ધતિથી ભરાયેલ જગ્યા |
| (૨) જો હા, તો સાબરમતી નદીને પ્રદુષિત થતી અટકાવવા સરકારે શું પગલાં લીધાં ? | (૨) અમદાવાદ શહેરના વટવા, ઓઢવ, નરોડા તથા નારોલ વિસ્તારના ઉદ્યોગો માટે સંયુકત શુધ્ધિકરણ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરમાંથી ઉદભવતા ઘરગથ્થું ગંદાપાણીને શુધ્ધિકરણ કરવા માટે સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ વિસ્તારનું સઘન મોનીટરીંગ પણ કરવામાં આવે છે, અને જો કોઈ એકમ સાબરમતી નદીમાં સીધો નિકાલ કરતાં જણાય તો તેની સામે નિયમાનુસાર પગલાં લેવામાં આવે છે. |

---------

### ધંધુકા ખાતે સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની મંજૂરી

* ૬૭૮૧ શ્રી રાકેશભાઈ શાહ (એલિસબ્રીજ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ધંધુકા ખાતે પૂર્ણ સમયની સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે? | (૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૮–૧૦–૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીકે /૭૧/ ૨૦૧૭ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૪૦૭૨ / ડી, થી અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં ધંધુકા ખાતે પૂર્ણ સમયની સીનીયર સિવિલ જજ કોર્ટ તા.૧૮–૧૧–૨૦૧૭ના રોજથી કાર્યરત થયેલ છે. |

---------

### તલાલાના વન વિભાગમાં શ્રમિક રોજમદાર કામદારનું આર્થિક શોષણ

* ૮૧૦૫ શ્રી ભીખાભાઈ જોશી (જુનાગઢ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના તાલાલા પંથકના વન વિભાગમાં શ્રમિક રોજમદાર કામદારોનું આર્થિક રીતે શોષણ થઈ રહ્યું છે તે હકીકત થી સરકાર વાકેફ છે, અને | (૧) શ્રમિક રોજમદાર કામદારોનું આર્થિક રીતે શોષણ થઈ રહ્યું છે તે હકીકત ખરી નથી. |
| (૨) ઉકત શ્રમિકોને દર મહિને વેતન વાઉચર દ્વારા ચુકવાય છે તેમાં વ્યાપક ગેરરીતિઓ થાય છે, તે જોતાં આવા કર્મચારીઓને તેમના વેતન બેંક દ્વારા ચુકવાય, તે અંગે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) સરકારની નીતિ મુજબ તમામ શ્રમિકોના વેતન બેંક મારફતે જ ચૂકવાય છે. |

---------

### કોટડા સાંગાણી, જી.રાજકોટ ખાતે નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ

* ૬૮૫૫ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ–દક્ષિણ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની કોટડા સાંગાણી, જી.રાજકોટ ખાતે નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ બાબત માટે મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૬,૩૬,૩૮,૧૨૦. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયે કામગીરી હાથ ધરવામાં |

## તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

આવશે.

---------

ગાંધીનગર જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ યોજનાના કેન્દ્રો

* ૬૭૩૨ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે, અને | (૧) ૬ (છ) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે? | (૨) ૧૧૦૧૭. |

---------

પ્રાંતિજ ખાતે સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની મંજૂરી

* ૬૭૯૯ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ ખાતે પૂર્ણ સમયની સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે ? | (૨) ગુજરાત સરકારના કાયદા વિભાગની તા.૧૮/૧૦/૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૧૧૦/૨૦૧૭ સીસીએ/૧૦૨૦૧૭/૪૦૭૨(અ)/ડ, (પાર્ટ–૨૨) થી તા.૧૮/૧૧/૨૦૧૭ના રોજથી સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પૂર્ણ સમયની સીનીયર સિવિલ જજની કોર્ટ કાર્યરત થયેલ છે. |

---------

જોટાણા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગનાં બાંધકામ બાબત

* ૬૮૪૧ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની જોટાણા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે મંજૂરી આપી છે તે હકીકત સાચી છે? અને | (૧) ના, જી |
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષમાં કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

માંડવી ખાતે સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની મંજૂરી

* ૬૭૯૬ શ્રી પૂર્ણેશ મોદી (સુરત પશ્ચિમ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં માંડવી ખાતે પૂર્ણ સમયની સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે? | (૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૮–૧૦–૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૧૧૨/૨૦૧૭/ સીસીએ/૧૦૨૦૧૭/૪૦૭૨–(એ)/ડી(પાર્ટ–૨૩) થી સુરત જિલ્લાના માંડવી ખાતે પૂર્ણ સમયની સીનીયર સિવિલ જજ કોર્ટ તા.૧૮–૧૧–૨૦૧૭ના રોજથી કાર્યરત થયેલ છે. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### વલસાડ જિલ્લામાં બનાવવામાં આવેલ ચેકડેમ અને વનતલાવડી

* ૭૨૩૪ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં આવ્યા, અને | (૧) ૯૦ ચેકડેમ અને ૫૬ વનતલાવડી |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ. ૩૭૧.૮૯ લાખ |

---------

### કરજણ જી–વડોદરા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગનાં બાંધકામ

* ૬૮૫૧ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કરજણ જી–વડોદરા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ બાબત માટે મંજૂરી આપી છે તે હકીકત સાચી છે? અને | (૧) ના, જી |
| (૨) જો હા, તો નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮માં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે? અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### નખત્રાણા ખાતે સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની મંજૂરી

* ૬૮૨૫ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ–ભુજ જિલ્લામાં નખત્રાણા ખાતે પૂર્ણ સમયની સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે? | (૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૮–૧૦–૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીકે / ૯૩ / ૨૦૧૭ / સીસીએ / ૧૦૨૦૧૭ / ૪૦૭૨–(એ) / ડી(પાર્ટ–૧૨) થી કચ્છ–ભુજ જિલ્લાના નખત્રાણા ખાતે પૂર્ણ સમયની સીનીયર સિવિલ જજ કોર્ટ તા.૧૮–૧૧–૨૦૧૭ના રોજથી કાર્યરત થયેલ છે. |

---------

### એડહોક કેમ્પામાંથી ગુજરાત સ્ટેટ કેમ્પામાં નાણાં પરત મેળવવા બાબત

* ૮૧૪૦ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ એડ–હોક કેમ્પામાંથી ગુજરાત સ્ટેટ કેમ્પામાં નાણા પરત મળવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજુઆત કરવામાં આવી, અને | (૧) બે (૨) વખત |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો ? | (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે નીચે મુજબ રકમ ફાળવેલ છે. |

| અ. નં. | વર્ષ | નાણાં ફાળવ્યા તારીખ | ફાળવેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬–૧૭ | ૨૪–૧૧–૨૦૧૬ | ૪૫.૦૦ |
| | | ૧૦–૦૨–૨૦૧૭ | ૫૪.૦૦ |

### વલસાડ જિલ્લામાં બનાવવામાં આવેલ ચેકડેમ અને વનતલાવડી

* ૭૨૩૧ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાંકીય વર્ષ | (૧) ૯૦ ચેકડેમ અને ૫૬ વનતલાવડી |

૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) રૂ. ૩૭૧.૮૯ લાખ

---------

આદિવાસીઓના વિકાસ માટે નર્મદા નિગમને શેરમૂડી ફાળો

* ૯૧૬૨ ડો. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ આદિવાસી વિકાસ વિભાગ દ્વારા નર્મદા નિગમને શેરમૂડી ફાળા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી ?

(૨) આ રકમ નર્મદા નિગમને ક્યારથી ફાળવવામાં આવે છે, અને

(૩) આ રકમ ફાળવવાના કારણો શા છે ?

જવાબ

(૧)

| નાણાકીય વર્ષ | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૨૦૦ |
| ૨૦૧૭–૧૮ | ૧૯૪.૫૬ |

(૨) આ રકમ નર્મદા નિગમને વર્ષ ૨૦૦૭–૦૮થી ફાળવવામાં આવે છે.

(૩) સરદાર સરોવર નર્મદા યોજનાથી પ્રભાવિત આદિજાતિ કુટુંબોના પુનઃસ્થાપન અને લાભાર્થી આદિજાતિ વિસ્તારો માટે નહેર માળખું ઉભું કરવા આ રકમ ફાળવવામાં આવે છે.

---------

મધ્યાહન ભોજન યોજનામાં બાળકદીઠ ભોજન ખર્ચમાં વધારો કરવા બાબત

* ૮૧૧૦ શ્રી હર્ષદકુમાર રીબડિયા (વિસાવદર) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજનામાં બાળક દીઠ ભોજનનો ખર્ચ ભારત સરકારે તા.૧–૧–૨૦૧૬ ના પત્રથી વધારો કરવા સુચવેલ હતુ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલો વધારો સુચવેલ છે, અને

(૩) તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ક્યારે કેટલો વધારો રાજ્ય સરકારે કરેલ છે અને જો ન કરેલ હોય તો તેના કારણો શા છે ?

જવાબ

(૧) હા. જી,

(૨) ૭.૫%

(૩) ૧. ભારત સરકારના તા.૦૧–૦૧–૨૦૧૬ ના પત્રથી તા.૦૧–૦૭–૨૦૧૫ ની અસરથી બાળક દીઠ ભોજન ખર્ચમાં ૭.૫%ના સૂચવેલ વધારાનો અમલ કરેલ છે.

૨. ભારત સરકારના તા.૧–૭–૨૦૧૬ ના પત્રથી તે તારીખની અસરથી બાળક દીઠ ભોજન ખર્ચમાં ૭% ના સૂચવેલ વધારાનો અમલ કરેલ છે.

---------

શિક્ષણ વિભાગમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ

* ૮૦૫૪ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ શિક્ષણ વિભાગ સચિવાલયમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

જવાબ

(૧)

| સંવર્ગ | મંજુર થયેલ મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૧૭ |
| વર્ગ–૨ | ૨૭ |
| વર્ગ–૩ | ૧૨૩ |
| વર્ગ–૪ | ૨૫ |

(૨) મંજુર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી ખાલી છે,

(૨)

| સંવર્ગ | કુલ મંજુર જગ્યા | ભરાયેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૧૭ | ૧૬ | ૦૧ |
| વર્ગ–૨ | ૨૭ | ૨૦ | ૦૭ |
| વર્ગ–૩ | ૧૨૩ | ૮૧ | ૪૨ |
| વર્ગ–૪ | ૨૫ | ૦૬ | ૧૯ |

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી

(૩)

જગ્યાઓ કરાર આધારિત અને ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

| સંવર્ગ | કુલ મંજુર જગ્યા | કરાર આધારિત ભરાયેલ જગ્યા | ફીક્સ પગારથી ભરાયેલ જગ્યા |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૧૭ | ૦૧ | ૦૦ |
| વર્ગ-૨ | ૨૭ | ૦૧ | ૦૦ |
| વર્ગ-૩ | ૧૨૩ | ૦૨ | ૫૩ |
| વર્ગ-૪ | ૨૫ | ૦૦ | ૦૦ |

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) ખાલી જગ્યાઓ વહીવટી અનુકૂળતાને ઘ્યાને રાખીને ભરવામાં આવશે.

---------

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાની ગ્રામ પંચાયતોનું વિભાજન કરવાની દરખાસ્ત

* ૯૦૯૯ શ્રી સુખરામભાઈ રાઠવા (જેતપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જીલ્લાની કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવાની દરખાસ્ત રાજ્ય સરકાર પાસે પડતર છે, અને

(૧) ૦(શૂન્ય)

(૨) વિભાજન અંગેની માગણીની દરખાસ્તને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૨) દરખાસ્ત પડતર ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કરજણ જી-વડોદરા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ

* ૬૮૫૦ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડીયા) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કરજણ જી. વડોદરા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ બાબત માટે મંજૂરી આપી છે તે હકીકત સાચી છે? અને

(૧) ના, જી

(૨) જો હા તો, નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં ઉક્ત સ્થિતિએ કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે ? અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

લાલપુર ખાતે સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની મંજૂરી

* ૬૮૩૧ શ્રી બાબુભાઈ બોખીરીયા (પોરબંદર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જામનગર જિલ્લામાં લાલપુર ખાતે પૂર્ણ સમયની સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે?

(૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૮-૧૦-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૯૧/૨૦૧૭/ સીસીએ/ ૧૦૨૦૧૭/૪૦૭૨-(એ)/ડી(પાર્ટ-૧૦) થી જામનગર જિલ્લાના લાલપુર ખાતે પૂર્ણ સમયની સીનીયર સિવિલ જજ કોર્ટ તા.૧૮-૧૧-૨૦૧૭ના રોજથી કાર્યરત થયેલ છે.

---------

સુઈગામ, જી-બનાસકાંઠા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ

* ૬૮૫૨ ડો.નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-

(૧) ના, જી

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૨૦૧૭ની સુઈગામ, જી.બનાસકાંઠા ખાતે નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે મંજૂરી આપી છે તે હકીકત સાચી છે? અને | |
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષમાં કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે? અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમદાવાદ અને વડોદરા જિલ્લામાં ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની નિમણૂંક

* ૮૧૭૨ શ્રી રાજેશભાઈ ગોહિલ (ધંધુકા) : માનનીય કાયદો અને ન્યાય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ક્રિમીનલ પ્રોસીજર કોડ એમેન્ડમેન્ટ સુધારા અધિનિયમ-૨૦૦૫ મુજબ રાજ્યમાં ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશનની નિમણુંક કરવાની થાય છે તે હકીકત તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો રાજ્યમાં ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની નિમણુંક ક્યારે કરવામાં આવી, | (૨) રાજ્યમાં જૂના માળખા પ્રમાણે ગૃહ વિભાગના તા.૦૯-૧૨-૧૯૯૩ના ઠરાવથી ડાયરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની કચેરી શરૂ કરવામાં આવી. |
| (૩) તે અન્વયે અમદાવાદ અને વડોદરા જિલ્લામાં નાયબ નિયામકની નિમણુંક ક્યારે કરવામાં આવી, અને | (૩) સૂચિત માળખામાં આવી કોઇ જગ્યા આવતી નથી. |
| (૪) જો ન કરવામાં આવી હોય તો તેના કારણો શું અને ક્યારે કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

માંડવી ખાતે સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની મંજૂરી

* ૬૭૯૫ પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લામાં માંડવી ખાતે પૂર્ણ સમયની સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે? | (૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૮/૧૦/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃજીકે/૧૧૨/ ૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૭/ ૪૦૭૨-(એ)/ડી,(પાર્ટ-૨૩) થી સુરત જિલ્લાના માંડવી ખાતે પૂર્ણ સમયની સીનીયર સીવીલ જજ કોર્ટ તા.૧૮-૧૧-૨૦૧૭ના રોજ થી કાર્યરત થયેલ છે. |

---------

વિભાગનું સંવર્ગવાર મંજુર મહેકમ

* ૮૧૫૮ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વન અને પર્યાવરણ વિભાગનું સચિવાલયમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨) આ સાથે સામેલ પત્રક-અ મુજબ |
| (૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી ખાલી છે, | |
| (૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારિત અને ફિક્સ પગારથી ભરાયેલ છે, અને | (૩) નાયબ સેક્શન અધિકારીની ૨૦ તથા ઓફીસ આસીસ્ટન્ટની ૧૨ જગ્યાઓ હાલમાં ફીક્સ પગારથી ભરાયેલ છે. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) વહીવટી અનુકુળતા મુજબ. |

પત્રક-અ

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી | ૦૧ | ૦૧ | ૦૦ |

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૨ | નિયામક(પર્યાવરણ) હોદ્દાની રૂએ અધિક સચિવ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૩ | સંયુક્ત સચિવ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૪ | નાયબ સચિવ | ૦૩ | ૦૨ | ૦૧ |
| ૫ | ઉપ સચિવ | ૦૪ | ૦૩ | ૦૧ |
| ૬ | સિનિયર ટેકનિકલ ઓફિસર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૭ | જુનિયર ટેકનિકલ ઓફિસર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૮ | સ્ટેનો ગ્રેડ–૧(અંગ્રેજી) | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૯ | સેક્શન અધિકારી | ૧૩ | ૧૧ | ૦૨ |
| ૧૦ | નાયબ સેક્શન અધિકારી | ૩૭ | ૨૮ | ૦૯ |
| ૧૧ | સ્ટેનો ગ્રેડ–૧(ગુજરાતી) | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૨ | સ્ટેનો ગ્રેડ–૨(ગુજરાતી) | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૧૩ | સ્ટેનો ગ્રેડ–૨(અંગ્રેજી) | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૪ | કારકુન | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૧૫ | ઓફીસ આસીસ્ટન્ટ | ૨૫ | ૧૨ | ૧૩ |
| ૧૬ | ડ્રાઈવર | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૧૭ | નાયક | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૮ | પટાવાળા | ૦૮ | ૦૩ | ૦૫ |
| ૧૯ | હમાલ | ૦૧ | ૦૦ | ૦૧ |

---------

વાંકાનેર ખાતે સીનીયર સિવિલ જજ કોર્ટની સ્થાપના કરવાની મંજૂરી

* ૬૮૧૫ વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી જિલ્લામાં વાંકાનેર ખાતે પૂર્ણ સમયની સીનીયર સીવીલ જજ કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ કયારે કાર્યરત કરવામાં આવશે? | (૨) સરકારશ્રીના કાયદા વિભાગની તા.૧૮–૧૦–૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીકે/૧૦૧/ ૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૭ /૪૦૭૨–(એ) / ડી (પાર્ટ–૧૬) થી મોરબી જિલ્લાના વાંકાનેર ખાતે પૂર્ણ સમયની સીનીયર સીવીલ જજ કોર્ટ તા.૧૮–૧૧–૨૦૧૭ના રોજથી કાર્યરત થયેલ છે. |

---------

તાપી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વૃક્ષોનું વાવેતર

* ૬૬૭૨ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં કેટલા હેક્ટરમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૪૩૨૨.૫૯ હેક્ટર |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૧૭૪૭.૮૩ લાખ. |

---------

બોટાદ ખાતે રહેણાંકના મકાનોને મંજૂરી

* ૬૮૬૫ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની બોટાદ ખાતે ‘‘ઈ–૧’’ ટાઈપના ૦૩ યુનીટ, ‘‘ઈ’’ ટાઈપના ૦૩ યુનીટ તથા ‘‘ડી–૧’’ ટાઈપના ૦૪ યુનીટ રહેણાંકના મકાનોના બાંધકામ બાબત માટે મંજુરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |

(૨) જો હા તો, ઉકત સ્થિતિએ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ ના નાણાકીય વર્ષમાં કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ.૭,૨૪,૦૨,૦૦૦/- તા.૧૨-૫-૨૦૧૬.

(૩) ઉકત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) કામગીરી ભૌતિક પુર્ણ કરવામાં આવેલ છે.

---------

રાધનપુર ખાતે સીનીયર સીવીલ જજ કોર્ટની સ્થાપના કરવાની મંજુરી

* ૬૮૦૬ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઈડર) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પાટણ જિલ્લામાં રાધનપુર ખાતે પૂર્ણ સમયની સીનીયર સીવીલ જજ કોર્ટની સ્થાપના કરવાની સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે ? | (૨) ગુજરાત સરકારના કાયદા વિભાગની તા.૧૮/૧૦/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃજીકે/૧૦૬/૨૦૧૭/સીસીએ/૧૦૨૦૧૭/૪૦૭૨-(અ)/ડ,(પાર્ટ-૨૦) થી પાટણ જિલ્લાના રાધનપુર ખાતે પૂર્ણ સમયની સીનીયર સીવીલ જજની કોર્ટ કાર્યરત થયેલ છે. |

-----------

અધ્યક્ષશ્રી : મારે સભાગૃહના ધ્યાન ઉપર એક વાત મૂકવી છે, લોકશાહીના સ્તંભ એવા માનનીય પત્રકારશ્રીઓનો પ્રશ્ન ઊભો થયેલો અને એ લોકો બહાર ગયા. હું એના માટે હમણા સૂચના જ આપતો હતો કે અડધો કલાક માટે ગૃહ આપને લીધે મોકુફ રાખીએ અને આપનો પ્રશ્ન અમે સાંભળીએ અને એ પ્રશ્નને હલ કરીએ. પરંતુ માનનીય નાયબ મુખ્યમંત્રી અને મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી આ પ્રશ્ન હલ થયો છે એવું હું માનું છું અને આપ બધા આવ્યા છો લોકશાહીને આપ સફળતા અપાવશો અને આ ગૃહને પણ સફળતા અપાવશો, થેંક યુ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે આમ તો ધ્યાન ઉપર લઇ લીધું છે અમારી પણ લાગણી હતી કે આપણા લોકશાહીના મંદિર સમા એની કાર્યવાહી લોકો સુધી પહોંચે એટલા માટે જ ગૃહમાં વ્યવસ્થા છે. ગૃહની શરૂઆતથી જ આપણું આ રિનોવેશન થયું. સભ્યશ્રીઓની બેઠક બાબતના પ્રશ્નો છે અને ગેલેરી બાબતના પણ પ્રશ્નો છે. વારંવાર ધ્યાન દોરવા છતાં આજ દિન સુધી એનું નિરાકરણ ના થયું એટલે છેલ્લે એમણે પ્રશ્નોત્તરીકાળની કાર્યવાહીનો બોયકોટ કરવો પડ્યો એવી પરિસ્થિતિ થઇ. એટલે આપે જણાવ્યું છે એમ ટૂંક સમયમાં એનું ઝડપથી નિરાકરણ થાય એવી અમે પણ આશા રાખીએ.

અધ્યક્ષશ્રી : જ્યારે પણ કાંઇક નવું બને છેને (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આપે વાત પૂર્ણ કરેલી પણ જ્યારે અમિતભાઇએ (અંતરાય)

અધ્યક્ષશ્રી : ગૃહના તમામ સભ્યોને ખબર પડે કે શું હકીકત છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જ્યારે આ હાઉસ નવું બનાવ્યું એ વખતે સ્વાભાવિક છે કે નાના-મોટા પ્રશ્નો હતા. પત્રકાર મિત્રોની જે બેઠક વ્યવસ્થા છે એમાં શરૂઆતમાં એક મોટો ગ્લાસ હતો. નીચે ઉતરવાના પગથિયાની પણ એમની રજૂઆત હતી. એ શરૂઆતમાં આપણે બધું કામ પૂર્ણ કરાવ્યું. એ પછી એમની માગણી હતી કે, એમને ખુરશીની વ્યવસ્થા કરી આપવામાં આવે અત્યારે સળંગ બેંચ વ્યવસ્થા છે. ઈન્ડીવિડયુલ પત્રકાર બેસી શકે એ માટે ખુરશી બનાવવી એ કામ પણ આપણે કરી દીધું. પહેલું મોડલ બનાવ્યું એ એમને બતાવ્યું. એમાં થોડાક સિનિયર પત્રકારોએ થોડા સુધારા સૂચવ્યા એ સુધારા પ્રમાણે કામકાજ અત્યારે ચાલુ છે. અત્યારે હું અને દંડકશ્રી પંકજભાઇ હાઉસમાંથી ગયા અને પત્રકાર મિત્રોના રૂમમાં જ ગયા ત્યાં ચર્ચા વિચારણામાં એના પ્રશ્નની હકીકત સમજી અમારા માર્ગ મકાન સચિવ વસાવા અને વિધાનસભામાં માહિતી ખાતાના અધિકારીને પણ સાથે રાખ્યા હતા. દરેક પ્રશ્નનું નિરાકરણ આવ્યું છે. એમનો પેન્ટ્રીનો પ્રશ્ન હતો. એ પણ એક અલગ નાસ્તાની વ્યવસ્થા માટે એમને પેન્ટ્રીની વ્યવસ્થા પણ કરી દીધી છે. મારી દ્રષ્ટિએ બુધવાર કે ગુરુવાર સુધીમાં સવારે હાઉસ ચાલુ થાય ત્યાં સુધીમાં આ બધી ખુરશીઓ અને મોડલના ફોટા પણ અમારા અધિકારીએ એમને બતાવ્યા. એ ખુરશી પણ લાગી જશે. પેન્ટ્રી તો આવતીકાલથી ચાલુ કરવી હોય તો પણ થઇ જાય એ રીતે વ્યવસ્થા ગોઠવાઇ ગઇ છે. એટલે મારી દ્રષ્ટિએ પ્રશ્નનું નિરાકરણ થયું છે.

અધ્યક્ષશ્રી : ખૂબ આભાર. નેકસ્ટ. (અંતરાય) આ પ્રશ્ન છેને મને ચેમ્બરમાં કહી જજોને એનો પણ નિકાલ કરીશું પણ એના માટે તમે બધા નીકળી ના જતા, ગૃહ ત્યાગ ના કરતા. જે કાંઇ આ નાના-મોટા પ્રશ્નો, જ્યારે પણ કંઇ નવું બનતું હોય છે ત્યારે મુશ્કેલીઓ સર્જાતી હોય છે.

શ્રી અમિત ચાવડા : સાહેબ, અમારા પ્રશ્નો માટે અડધો કલાક કરોને..(અંતરાય)

અધ્યક્ષશ્રી : હું તો હંમેશા તૈયાર છું. હવે આજે જ આપ જુઓ કે તમામ સભ્યોની ઇચ્છા છે કે હું પ્રશ્ન પૂછું. મારી ના નથી. મેં એક પ્રશ્નમાં નવ જણને પૂછવા દીધા. બીજામાં આઠ જણને પૂછવા દીધા. હવે ના પૂછવા દઉં તો નારાજ થઇને નીકળી જાય, કોઇ સભાત્યાગ કરે ત્યારે મને ખરેખર દુઃખ થાય છે કે, કાં તો પછી આપણે સમજવું જોઇએ કે પ્રશ્નમાં બધાનો નંબર ના જ લાગે પછી બીજા પ્રશ્ન માટે આગળ વધી શકાતું નથી. હવે જો પ્રશ્નમાં આગળ વધવું હોય તો પછી મારે બે જણને આ બાજુ, બે જણને આ બાજુ ચારથી વધારે તો પ્રશ્ન આપી શકાય નહિ તો પછી માનનીય પૂંજાભાઇએ હાથ ઉંચો કર્યો હતો ત્યારે મારાથી એમને એ પ્રશ્ન આપ્યા વગર રહી શકાતું નથી. કેમ કે, મહેનતુ છે અને ખૂબ ચિવટ અને મહેનતથી પૂછે છે અને સારામાં સારી વાત એ છે કે માઠું નથી લગાડતા. નેકસ્ટ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૧૬-૧૭નો ગુજરાત રાજ્ય મૂડી રોકાણ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ નાયબ મુખ્યમંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૬-૧૭નો ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૬-૧૭નો મેટ્રો-લિન્ક એકસપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ(મેગા) કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું મેટ્રો-લિન્ક એકપ્રેસ ફોન ગાંધીનગર એન્ડ અમદાવાદ(મેગા) કંપની લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટીપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૬-૧૭નો ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (પશુપાલન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટીપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૪-૧૫નો ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (પશુપાલન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ,ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪-૨૦૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટીપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૬-૧૭નો ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રિઝ માર્કેટીંગ કોરપોરેશન લિમિટેડનો અહેવાલ

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા ( કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ માર્કેટીંગ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૧૬-૨૦૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટીપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

SB/ સન ૨૦૧૫-૧૬નો ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૧૫-૨૦૧૬નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૬-૧૭ના ગુજરાત પાણી પુરવઠા બોર્ડનો વાર્ષિક હિસાબો

શ્રી પરબતભાઇ સ. પટેલ (પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૬-૨૦૧૭ના વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૫-૧૬નો ગુજરાત હાઉસિંગ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડનો સન ૨૦૧૫-૨૦૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચના

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (માહિતી અને પ્રસારણ વિભાગનો અવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની,

(૧) સન ૧૯૭૭ના ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ અન્વયેની તા.૧૭/૫/૨૦૧૭ની,અધિસૂચના ક્રમાંક: (જીએચટી/ ૨૦૧૭/૭)/એચએસએ/ ૧૦૨૦૧૭/ ૫૧૨/ એ,

(૨) સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તા.૧૮/૫/૨૦૧૭ની, અધિસૂચના ક્રમાંક : ( જીએચટી/ ૨૦૧૭/૮)/ એમએનઆર/ ૧૦૨૦૧૭/ ૫૦૬/ એ તથા,

(૩) સન ૨૦૦૪ના ગુજરાત સિનેમા (નિયમન) અધિનિયમ અન્વયેની તા.૨૨/૧૧/૨૦૧૭ની, અધિસૂચના ક્રમાંક : (જીએચટી/૨૦૧૭/૨૧)/ એમઆઇએસ/ ૧૦૨૦૧૭/૨૨૯/એ અને તા. ૧૩/૧/૨૦૧૮ ની, અધિસૂચના ક્રમાંક : (જીએચટી /૨૦૧૮/ ૧)/ એમઆઇએસ/ ૧૦૨૦૧૭/ ૨૨૯/ એ

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**માગણી ક્રમાંક-૯૨**

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજીક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૬,૮૫,૭૬,૩૮,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂ. ૬૨૨,૧૧,૪૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૯૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક -૯૨ રજૂ કરવામાં આવી.શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રીમતી સંતોકબહેન ભ. આરેઠીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

**માગણી ક્રમાંક-૯૫**

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિ પેટા યજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩૮,૯૨,૫૩,૩૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૯,૯૩,૫૧,૩૮,૦૦૦/- ની માગણી ક્રમાંક-૯૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૯૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**માંગણી ક્રમાંક–૬૬**

શ્રી પરબતભાઇ સ. પટેલ (નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા, કલ્પસર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા, કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૧,૪૭,૫૭,૩૩,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩૮,૩૭,૨૩,૩૫,૦૦૦/– ની માગણી ક્રમાંક ૬૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૬૬ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**માંગણી ક્રમાંક–૬૭**

શ્રી પરબતભાઇ સ. પટેલ (નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા, કલ્પસર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા સેવાને લગતી નર્મદા જળસંપત્તિ પાણીપુરવઠા અને કલ્પસર વિભાગને લગતી મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૮૮,૮૮,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૦,૦૭,૯૭,૪૮,૦૦૦/– ની માગણી ક્રમાંક ૬૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૬૭ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા :માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

## તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

**સન ૨૦૧૮-૨૦૧૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા. ૧૯-૩-૨૦૧૮ (આઠમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ<br>માગણી નં. ૯૨** | | |
| ૧ | ૨૨૨૫ – અનુ. ..... કલ્યાણ<br>૦૩ – પછાત વર્ગોનું કલ્યાણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૯,૮૭,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૯ થી ૧૩ | ૧૦૦ | પછાત વર્ગોના લાભાર્થીઓને સમયસર લાભો મળી રહે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઈ ખરાડી (શીવાભાઈ ભુરીયા, પ્રદ્યુમનસિંહ જાડેજા અને જશપાલસિંહ પઢિયાર) |
| ૨ | --- " --- | ૧૦૦ | પછાત તેમજ અતિ પછાત વર્ગોના કલ્યાણ માટેની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ (સંતોકબેન આરેઠીયા, નથાભાઈ પટેલ અને પ્રેમસિંહભાઈ વસાવા) |
| ૩ | --- " --- | ૧૦૦ | પછાત વર્ગમાં વ્યાપેલ દૂષણો નાબુદ કરવા માટે જનજાગૃતિ અભિયાનો ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અલ્પેશ ઠાકોર (ગેનીબેન ઠાકોર, અશ્વિનભાઈ કોટવાલ અને નિરંજન પટેલ) |
| ૪ | --- " --- | ૧૦૦ | પછાત વર્ગ માટે બજેટમાં ફળવાતી રકમનો પૂરેપૂરો ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદનજી ઠાકોર (કીરીટકુમાર પટેલ, સુખરામ રાઠવા અને અનંતકુમાર પટેલ) |
| ૫ | ૨૨૨૫ – અનુ. ....કલ્યાણ<br>૦૪– લઘુમતીઓનું કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૪૦,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ (ભાગ-૧)<br>પાના નં. ૪૭ અને ૪૮ | ૧૦૦ | લઘુમતી સમાજને બજેટમાં ફળવાતી રકમમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (ડો. આશાબેન પટેલ અને સુનિલભાઈ ગામીત) |
| ૬ | --- " --- | ૧૦૦ | લઘુમતી સમાજના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિ ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈમરાન ખેડાવાલા (ભરતજી ઠાકોર અને પુનમભાઈ પરમાર) |
| ૭ | --- " --- | ૧૦૦ | જૈન સમાજને લઘુમતી કોમ તરીકેના પ્રમાણપત્રો સમયસર મળી રહે તેમજ જાહેરખબરો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદ સોલંકી (મંગળભાઈ ગાવિત અને ધવલસિંહ ઝાલા) |
| | | **માગણી નં ૯૫** | | |
| ૮ | ૨૨૨૫ –અનુ. ...કલ્યાણ<br>૦૧ – અનુ. ..... કલ્યાણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧– સમાજ...કચેરી<br>રૂ. ૭,૧૨,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪ ( ભાગ -૨)<br>પાના નં. ૮૪ અને ૮૫ | ૧૦૦ | દલિતો ઉપર વધતા જતા અત્યાચારો રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઋત્વિકભાઈ મકવાણા (રાજેશકુમાર ગોહિલ અને મોહનસિંહ રાઠવા) |
| ૯ | --- " --- | ૧૦૦ | દલિતો ઉપર વધતા જતા અત્યાચારોને કારણે પરિવાર સાથે કરવી પડતી હિજરતને નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઈ ભરવાડ (પરસોત્તમ સાબરીયા અને આંનદભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | --- " --- | ૧૦૦ | દલિતો માટે ફાળવેલ બજેટનો પૂરેપૂરો ઉપયોગ થાય તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત (હિંમતસિંહ પટેલ અને લલીત વસોયા) |
| ૧૧ | --- " --- | ૧૦૦ | મૃત પશુઓના નિકાલનું કામ ન કરવા ઈચ્છતા દલિતોને અન્ય રોજગારી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી (મહમદજાવીદ પીરઝાદા અને લલીતભાઈ કગથરા) |
| **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં. ૬૬** | | | | |
| ૧૨ | ૨૭૦૧–મધ્યમ સિંચાઈ<br>૮૦– સામાન્ય<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧,૦૫,૫૯,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૬૭ થી ૮૩ | ૧૦૦ | ડેમોના દરવાજાની સમયસર ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર (અક્ષયકુમાર પટેલ અને સંજયભાઈ સોલંકી) |
| ૧૩ | --- " --- | ૧૦૦ | ડેમોમાં ભરાયેલ કાંપ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | ડો. આશાબેન પટેલ (ભરતજી ઠાકોર અને ધવલસિંહ ઝાલા) |
| ૧૪ | --- " --- | ૧૦૦ | નર્મદાના પાણી નદીઓમાં ઠાલવતાં વધારાનું પાણી વહી જાય છે તેથી પ્રજાને પડતી પાણીની તંગી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા (રાજેન્દ્રસિંહ પરમાર અને સુરેશકુમાર પટેલ) |
| ૧૫ | ૨૭૦૧–મધ્યમ સિંચાઈ<br>૦૩ – સચિવ જળસંપત્તિ<br>રૂ. ૩,૦૩,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૬૯ થી ૭૦ | ૧૦૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા વિભાગમાં અગત્યની જગ્યાઓ કાયમી ધોરણે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ (વિક્રમભાઈ માડમ અને વિરજીભાઈ ઠુમ્મર) |
| ૧૬ | --- " --- | ૧૦૦ | જિલ્લા કક્ષાની કચેરીઓ દ્વારા ખેડૂતોને સમયસર સિંચાઈનું પાણી પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા (પ્રવિણભાઈ મારૂ અને ચંદ્રીકાબેન બારીયા) |
| **માગણી નં. ૬૭** | | | | |
| ૧૭ | ૨૨૧૫ – પાણી...સ્વચ્છતા<br>૦૧ – પાણી પુરવઠા<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૭૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૧૧ | ૧૦૦ | પાણી પૂરવઠા યોજનાના કામો સમયસર પૂરા કરવામાં તંત્રની નિષ્ફળતા | ડો. અનિલ જોષિયારા (વિમલભાઈ ચુડાસમા અને વલ્લભભાઈ ધારવિયા) |
| ૧૮ | ૨૨૧૫ – પાણી...સ્વચ્છતા<br>૦૧ – પાણી પુરવઠા<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૭૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પાના નં. ૧૧ | ૧૦૦ | સૌરાષ્ટ્રમાં સૌની યોજના હેઠળના ડેમોમાં પાણી ભરવાની કામગીરી હાથ ધરાઈ હોવા છતાં ગામોમાં પાણી કાપ મુકાયો છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચિરાગભાઈ કાલરીયા (મોહનલાલ વાળા અને રાજેન્દ્રસિંહ ઠાકોર) |
| ૧૯ | _ _ " _ _ | ૧૦૦ | પ્રત્યેક ગામમાં સારી ગુણવત્તાયુક્ત પાઈપલાઈનો દ્વારા પાણી પહોચડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (જે.વી.કાકડિયા અને ઈન્દ્રજીતસિંહ પરમાર) |
| ૨૦ | _ _ " _ _ | ૧૦૦ | નગરપાલિકા અને ગ્રામ પંચાયતોમાં આમ જનતા દ્વારા ભરાતા પાણી વેરાની ગેરરીતિ થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડો. સી.જે.ચાવડા (કાળાભાઈ ડાભી) |
| ૨૧ | _ _ " _ _ | ૧૦૦ | પાણીવેરાની કામગીરી કરતા કર્મીઓને સરકાર પાણીવેરો વસૂલતા અટકાવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઈ કટારા (કનુભાઈ બારૈયા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | -- " -- | ૧૦૦ | નબળી પાઇપલાઇનો નાંખવાથી પાણીની પાઇપો જલ્દી તૂટી જતાં પાણી પુરવઠો ખોરવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઇ કોળીપટેલ (બ્રિજેશ મેરજા) |
| ૨૩ | -- " -- | ૧૦૦ | અબજો રૂપિયાનો ખર્ચ કરવા છતાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઇ બાવળિયા (જવાહરભાઇ ચાવડા અને ભીખાભાઇ જોષી) |
| ૨૪ | -- " -- | ૧૦૦ | પાણીની કામગીરી કરતા વિવિધ ખાતાઓ વચ્ચે સંકલનનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા (બાબુભાઇ વાજા અને ભગાભાઇ બારડ) |

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા**

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી માગણી નં. ૯૨ અને ૯૫ તથા નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા, કલ્પસર વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નં.૬૬ અને ૬૭ લઇને આવ્યા છે તેમાં જે જોગવાઇઓ કરવામાં આવી છે તે ખૂબ અપૂરતી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી તેમના વિભાગની અંદર ૩૬૪૧ કરોડ રૂપિયાની જોગવાઇ લઇને આવ્યા છે તેમાં કયાં કેટલું ખૂટે છે તે આપના મારફતે તેમના ધ્યાન પર મૂકવા માગુ છું. અનુસૂચિત જાતિની અંદાજિત ૧૦.૪૦ લાખની જોગવાઇ કરી છે. જેની વસતિ આ રાજયમાં ૭ ટકા જેટલી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તથા આર્થિક રીતે નબળા વર્ગની વસતિ ટકાવારીની દ્રષ્ટિએ જોઇએ તો લગભગ ૫૨(બાવન) ટકા જેટલી છે. જેમાં ૧૪૮ જાતિઓનો સમાવેશ થાય છે. તેમાં ૪૭.૬૨ લાખ જેટલી જોગવાઇ કરી છે. લઘુમતિ સમાજ છે તેના માટે ૫૮.૯૨ લાખની રકમની જોગવાઇ કરી છે. આ રકમની જે જોગવાઇઓ થઇ છે તે ઘણી અપૂરતી છે તે આપના મારફત માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવા માગુ છું. આ કામ કરતી સરકારનો એક દાખલો આપને આપવો છે. વારંવાર મારા ઘણા મિત્રો, સાથી મિત્રો સામે પક્ષે બક્ષીપંચના બેઠા છે તેમના ધ્યાન પર એક વાત મારે આજે મૂકવી છે. ૨૦૧૬-૧૭ની અંદર ૧,૮૫,૭૩૮ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી તેમાંથી ૧,૩૭,૦૬૪ રૂપિયાનો ખર્ચ થયો છે. આ કામ કરતી સરકારમાં વણવપરાયેલા પૈસા જોઇએ તો ૧૯૬૭૪ લાખ ૨૦૧૬-૧૭માં આ સમાજ માટે વપરાયા વિના પડયા રહ્યા હતા. ૨૦૧૭-૧૮ની જોગવાઇ છે તેમાં અત્યાર સુધીમાં ડિસેમ્બર અંતિત જોઇએ તો ૪૬૫૯૭ લાખ રૂપિયાનો ખર્ચ કરવાનો બાકી છે. હવે તો વર્ષ પૂરું થયું. માર્ચ મહિનાના છેલ્લા દિવસોમાં તેનો આડેધડ ખર્ચ કરીને જે રકમનો લાભાર્થીને લાભ મળવો જોઇએ તેના બદલે યોગ્ય જગ્યાએ આ રકમ વાપરવામાં આવતી નથી. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, વિકસિત જાતિના લોકો, અનુસૂચિત જાતિના લોકોને બીજા સમાજની હરોળમાં આપણે લઇ જવા માગીએ છીએ ત્યારે આ રકમની જે જોગવાઇઓ કરવામાં આવે છે તે આની અંદર વપરાતી નથી. ખાસ કરીને ૨૦૧૬-૧૭માં ૧,૮૫,૭૩૮ લાખ તે પછીના વર્ષમાં એટલે કે ૨૦૧૭-૧૮માં ૧,૫૮,૩૩૯ લાખની જોગવાઇ કરી છે. તે ગયા વર્ષ કરતાં આ વર્ષમાં એટલે કે ૨૦૧૭-૧૮ના વર્ષમાં ૨૭૩૯૯ લાખ રૂપિયાની જોગવાઇઓ આ વર્ગ માટે ઓછી કરી છે. મારે વંદન કરવું પડે ભૂતકાળની અંદર કે જેમણે બક્ષીપંચ સમિતિ કમિશનની રચના કરી હતી, તેમણે આ પછાત વર્ગના લોકોને અન્ય સમાજની હરોળમાં લઇ જવા માટેનો પ્રયાસ કર્યો. અતિનબળા હતા તેવા લોકોને બીજા સમાજની હરોળમાં લઇ જવા માટેની અલગથી જોગવાઇઓ કરી. તેમાં જુદી જુદી જ્ઞાતિઓનો સમાવેશ કર્યો. તે વખતે લગભગ ૯૨ જ્ઞાતિઓનો સમાવેશ કર્યો હતો. આજે ઉત્તરોત્તર ૧૪૮ જેટલી જાતિઓનો બક્ષીપંચમાં સમાવેશ થઇ રહ્યો છે. એટલું જ નહીં મારે વંદન કરવા પડે આ ગૃહના એક વખતના મુખ્યમંત્રી સ્વ.ચીમનભાઇ પટેલને કે જેમણે આ વિકસતિ જાતિ માટે ૨૭ ટકા અનામતની જોગવાઇ આ હાઉસમાં કરી હતી.

**સભાપતિ શ્રીમતી નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

મારે દુઃખ સાથે કહેવું છે કે, આજ દિન સુધી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જે વાતો કરે છે એમાં કશું નવું કરી શકયા નથી. એટલું જ નહીં પણ, આ જોગવાઇઓ થયેલી રકમ પણ પૂરી વપરાતી નથી. એટલું જ નહીં પણ, આ સરકાર માનનીય નીતિનભાઇ, આ સરકારે આર્થિક પછાત વર્ગ નિગમની જે રચના કરી એમાં મારે આપને પૂછવું છે કે, એના માટે આપણે શું કામગીરી કરી? આ ખાલી જોગવાઇ અને નિગમોની રચનાઓ કરીએ છીએ પણ નાણાકીય જોગવાઇ થતી નથી અને નાણાકીય જોગવાઇ થયા પછી પણ જે પૈસા વપરાવા જોઇએ એ વપરાતા નથી. માનનીય નીતિનભાઇને પણ મારી વિનંતી છે કે, આપે જે આ નિગમની રચના કરી છે એમાં કેટલીક બાબતનો જવાબ આપશો તો મને આનંદ થશે. માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે ખાસ કરીને આ ૨૭ ટકા બક્ષીપંચની જ્ઞાતિઓના સમાજના લોકો માટે મારે સામેની પાટલી ઉપર બેઠેલા ભારતીય જનતા પક્ષના મારા સન્માનીય બક્ષીપંચના, વિકસતી જાતિના ધારાસભ્યશ્રીઓને પૂછવું છે કે, ૨૭ ટકા જે અનામત અને જે તે વખતે એની જોગવાઇઓ થઇ પણ જે તે વિભાગોની અંદર એની ૨૭ ટકા પ્રમાણે ભરતીઓ નથી થતી અને ત્યાર પછી શિફતપૂર્વક

એવી જોગવાઇઓ મૂકી દેવામાં આવી દરેક વિભાગોમાં કે જે રાજયમાં પર ટકા બક્ષીપંચની વસતિ હોય, ૧૪૮ જ્ઞાતિઓનો જેમાં સમાવેશ થતો હોય, એની અંદર ૨૭ ટકા નોકરીઓની ભરતીઓમાં અનામત જોગવાઇ હોવા છતાં એને કેવી રીતે મૂકવામાં આવે છે? અલગ અલગ વિભાગોમાં જુદી જુદી રીતે ભરતીઓ કરી દેવામાં આવે છે. કયાંક કોન્ટ્રાકટથી કરી દેવામાં આવે છે, કયાંક ફિકસ પગારથી ભરી દેવામાં આવે છે અને કયાંક આઉટસોર્સીંગથી જગ્યાઓ ભરી દેવામાં આવે છે અને આમ કરીને બક્ષીપંચની જગ્યાઓ જ ભરવામાં આવતી નથી, અનામત જગ્યાઓ જ ન ભરાય, અનુસૂચિત જાતિની જગ્યાઓ જ ન ભરાય એવું થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, તો આ કામ કરતી સરકારને મારે વિનંતી છે કે, જે ૨૭ ટકા અનામત જે તે સરકારોમાં અપાઇ છે એની જગ્યાઓની રેગ્યુલર ભરતી કરવામાં આવે અને એ જગ્યાઓ ભરાય એ માટે સામેની પાટલી પર બેઠેલા મારા વિકસતી જાતિના ધારાસભ્યો અને સન્માનીય ધારાસભ્યોને મારી વિનંતી છે કે, તમારું ચાલતું હોય તો સરકારમાંથી આ કરાવવું જોઇએ. એટલું જ નહીં પણ, આટલા વર્ષોથી હું જોતો આવ્યો છું આ સરકાર કામ કરતી સરકાર છે અને ઘણાં બધા સન્માનીય ધારાસભ્યો સામે બેઠાં છે, આ વિકસતી જાતિનો અલગ વિભાગ હોવો જોઇએ. જે રાજયમાં ૧૪૮ જ્ઞાતિઓનો સમાવેશ થાય છે અને પર ટકા જેની વસતિ છે એનો આ રાજયમાં અલગ વિભાગ નથી, એના અલગ મંત્રીશ્રી પણ નથી, વિભાગ તો ક્યાંથી હોય? જે રાજયમાં ૫૦ ટકાથી જેની વધારે વસતિ છે એ વસતિનું અહીંયા કોઇ નોંધ લેવા વાળું આ સરકારમાં નથી. એટલું જ નહીં પણ, મારા ઘણાં બધા મિત્રો વાહ વાહ કરે છે, અરે પણ શેની વાહ વાહ? હું તમને દાખલા આપુ, તમે વાહ વાહ કરો એવું કોઇ કામ કરશો તો ચોક્કસ અમે તમને અભિનંદન આપીશું, ધન્યવાદ આપીશું. તમે વિભાગ અલગ કરો અને એ વિભાગના અલગથી મંત્રીશ્રીને જવાબદારી સોંપો અને નાણાકીય જોગવાઇ જે અપૂરતી છે, અપૂરતી નહીં પણ પૂરી વસતિને ધ્યાનમાં રાખીને પૂરતી જોગવાઇ કરશો તો અમે તમારી પીઠ પણ થાબડવા માટે આવીશું, એમાં અમને કોઇ વાંધો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને પૂછવું છે કે, બજેટમાં અપૂરતી જોગવાઇ થાય, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની લોનની જે અરજીઓ મૂકાઇ એ વર્ષ પૂરું થવા જાય ત્યાં સુધી લોન મળે નહીં, નાછૂટકે એ વિદ્યાર્થીએ લોન નહીં મળવાના કારણે અભ્યાસ છોડવો પડે અથવા તો બહારથી વ્યાજ પર પૈસા લઇને એણે આગળ અભ્યાસ ચાલુ રાખવો પડે. એટલું જ નહીં પણ, કોળી–ઠાકોર વિકાસ નિગમ એમાં ખૂબ અપૂરતી જોગવાઇ કરવામાં આવે છે અને એને કારણે એ વિદ્યાર્થીઓને સમયસર ત્યાંથી લોન મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે લઘુમતિ સમાજના લોકોની પણ વાત કરવી છે આ રાજયમાં રાજય સરકારે ૨૦૧૬–૧૭ના વર્ષમાં ૪૬૨૬ લાખ રૂપિયાની કેન્દ્ર સરકારમાં માગણી કરી જેમાંથી આપણને મળ્યા ૪૬૦૭ લાખ રૂપિયા અને તેમાંથી ખર્ચ થયો ૪૫૭૫ લાખ અને ૩૨.૫૩ લાખ રૂપિયાની બચત રહીં. એટલું જ નહીં પણ, ગયા વર્ષે એટલે કે ૨૦૧૬–૧૭માં કેન્દ્ર સરકારમાંથી આપણને જે પૈસા મળ્યા હતા એના કરતા ૨૦૧૭–૧૮ના વર્ષમાં ૪૬૮ લાખ રૂપિયાની રકમ આપણને કેન્દ્ર સરકારે ઓછી ફાળવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હવે બેય જગ્યાએ તમારી સરકાર છે, શું કામ લઘુમતિ સમાજના લોકોને અન્યાય થાય એવું તમે કરો છો? એ સમાજ માટે પણ પૂરતી રકમ મળે એની જોગવાઇ કરવી જોઇએ અને આપણે પણ કેન્દ્ર સરકાર પાસે માગણી કરવી જોઇએ. હું જે વાત કહેવા માગું છું એ બરાબર મારા મિત્રો સાંભળી લે કે, ખૂબ દુઃખની વાત છે કે કેન્દ્ર સરકારે જે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના દીકરા દીકરીઓ છે એના માટે હોસ્ટેલ માટે કેન્દ્ર સરકારની જે જોગવાઇ છે એમાં અહીં હોસ્ટેલ શરૂ કરવામાં આવે તો કેન્દ્ર સરકાર એને ગ્રાન્ટ આપે છે, અહીંયા આ રાજ્યની અંદર છેલ્લાં બે વરસમાં એકપણ રૂપિયો બક્ષીપંચની હોસ્ટેલ માટે કે છાત્રાલય માટે આ રાજયમાં મળ્યો નથી. મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, જિલ્લા કક્ષાએ કેટલાય નિરીક્ષકોની જગ્યાઓ ખાલી છે એટલે તમે વાહન આપો પણ ડ્રાયવર જ ના હોય તો તમારું વાહન ક્યાં લઇને જવાના હતા, એમ આની અંદર તમે પૈસાની જોગવાઇ કરો પણ આજે જિલ્લા કક્ષાએ કોઇ નિરીક્ષકો જ નથી, વિકસતી જાતિ કલ્યાણની જે યોજનાઓ છે એ યોજનાઓની અમલવારી કોણ કરાવશે?

અધ્યક્ષશ્રી : બે મિનિટમાં પૂરું કરો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને એકાદ બે મિનિટ વધારે આપજો. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જે વિકસતી જાતિની કચેરીઓ છે એમાં હું મારા રાજકોટ જિલ્લાની વાત કરું તો આખાય જિલ્લાની વાત કરું તો અમારે ત્યાં જાતિનો દાખલો લેવાનો હોય તો સમાજ કલ્યાણના નાયબ નિયામકની કચેરી રાજકોટ હોવાથી અમારે રાજકોટ જવાનું, ક્રિમિલેયરનું સર્ટીફિકેટ લેવા માટે પણ રાજકોટ જવાનું. મામલતદાર કક્ષાએ જે કામગીરી થતી હતી એ બધી ઠપ્પ થઇ છે અને બધી જ જિલ્લા કક્ષાએ કરવામાં આવે છે. એક દાખલો લેવા કે ક્રિમિલેયરનું સર્ટીફિકેટ લેવા માટે ૭૦–૮૦ કિલોમીટર દૂર જિલ્લા કક્ષાએ જવાનું? એ જો જિલ્લા કક્ષાએ જવું પડતું હોય તો કમનસીબી છે અમારા બક્ષીપંચના બેઠેલા ધારાસભ્યશ્રીઓની અને આપણે સૌએ આ બાબતે જાગૃત થવું જોઇએ અને આવડી મોટી વસતિને ન્યાય મળે એના માટે આગળ આવવું જોઇએ. માનવ ગરિમા યોજના અને સરસ્વતી સાધના યોજના છે એમાં જે સાયકલો આપવામાં આવે છે એ કોઇ ચલાવી શકે તેમ નથી, ત્રણ જિલ્લાવાળા તો કોઇ લેવા તૈયાર નથી એવી હલકી ગુણવત્તાવાળી સાયકલો છે. એક વાત મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવી છે કે, સમાજ સુરક્ષા વિભાગની અંદર ૨૦૧૬–૧૭માં ૭૦૬ કરોડ રૂપિયાની જોગવાઇઓ કરવામાં આવી હતી અને એના પછીના વરસમાં એટલે કે ચાલુ વરસમાં ૪૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવી એટલે આ જોગવાઇમાં ૨૩૦ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો. આપણે દિવ્યાંગોની વાત કરીએ છીએ તો દિવ્યાંગોની રકમની જોગવાઇમાં કેમ તમે ઘટાડો કરતાં જાઓ છો?, દિવ્યાંગ કલ્યાણ માટેનું એક નવું નિગમ ઉભું કર્યું, એ નિગમ કાર્યરત થયું છે કે કેમ એની ખબર નથી અને કાર્યરત થયું હોય તો એના માટે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી? કેટલા દિવ્યાંગોએ એમાં ભાગ લીધો અને

એમાં કેટલા દિવ્યાંગોને કેટલી સહાય મળી? દિવ્યાંગ સાધન સહાય યોજના, દિવ્યાંગોને અપાતી શિષ્યવૃત્તિ, સંત સુરદાસ યોજના આ બધામાં ખૂબજ અપૂરતી જોગવાઇઓ છે અને એટલા માટે હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ પછાત વર્ગને પણ બીજા સમાજની હરોળમાં લઇ જવા માટે આપણે આગળ આવવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, નાની સિંચાઇ યોજનાની હું વાત કરું. અમારા જસદણ તાલુકાના કનેસરા ગામની હું ખૂબ લાંબા સમયથી વાત કરું છું. હું પાંચમી વખત આ ધારાસભામાં ચૂંટાયો અને એક વખત લોકસભામાં ચૂંટાયો છું. ત્યારપહેલાં કનેસરાની નાની સિંચાઇ યોજના આશરે ૨૫ વરસ પહેલાં મંજૂર થયેલી. સ્વર્ગસ્થ કરમશીભાઇ મકવાણા હતા સિંચાઇ મંત્રી, એ વખતે આ સિંચાઇ યોજના મંજૂર થયેલી. હું પણ થાકી ગયો રજૂઆત કરીને. ત્યારપછી ધારાસભ્યશ્રીએ ખૂબ રજૂઆત કરી પણ નાની સિંચાઇ યોજના કનેસરાની આજે પણ બનતી નથી. આ કામ કરતી સરકારમાં અનેક વખત મારી પહેલાંના ધારાસભ્યશ્રીએ રજૂઆત કરી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, આપની માગણી મુજબ આપને એક મિનિટ વધારે આપી છે. માનનીય શ્રી ગોવિંદભાઇ પટેલ,

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ.

અધ્યક્ષશ્રી : આપને એક મિનિટ વધારે આપી દીધી છે. તમારા દંડકશ્રી શું કહે છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિશે એકજ વાત કહેવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક કક્ષાએ મોટાભાગના વિસ્તારોમાં પાણીના સોર્સ રહ્યા નથી. પાણીના તળ ઉંડા ગયા છે. પીવાલાયક પાણી નથી. અઠવાડિયે કે દસ કે બાર દિવસે એક વખત પીવાનું પાણી મળે છે. શહેરી વિસ્તારની અંદર જ્યાં દર વસૂલ કરવામાં આવતો હોય એ પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં પણ દર વસૂલ કરાય, પણ નિયમીત એકાંતરે પાણી મળે એના માટેની વ્યવસ્થા માનનીય મંત્રીશ્રીએ કરવી જોઇએ. એટલું જ નહિ જે સંપની મશીનરી ખરીદવામાં આવે છે એ વારંવાર બગડી જાય છે, એવી હલકા પ્રકારની ખરીદીને મૂકી દેવામાં આવે છે તેથી વારંવાર બળી જાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી ગોવિંદભાઇ પટેલ,

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, પાણી પુરવઠા અંગેની જે માગણી નંબર-૬૭ લઇને આવ્યા છે એના વિશે મારા મંતવ્યો અને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું. આપણામાં એક કહેવત છે કે, 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા ના બેસાય' અને આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસે તો આખું બળીને ખાક થઇ જાય અને કૂવો પણ ખોદાય નહિ અને કશું થાય પણ નહિ. પણ મને કહેતા આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી આવી છે ત્યારથી પીવાના પાણીના ક્ષેત્રે આગોતરું આયોજન કરીને જ્યારે જરૂર પડે ત્યારે એના માટેનું પ્લાનિંગ કરીને પાણી પૂરું પડે, પીવાના પાણી માટે લોકોને હિજરત ના કરવી પડે એવી વ્યવસ્થા આ સરકાર કરી રહી છે. ૧૯૯૮માં જ્યારે દુષ્કાળ પડ્યો. શ્રાવણ મહિના સુધી એક ટીપું વરસાદનું પડ્યું નહોતું, એ વખતે તત્કાલિન મુખ્યમંત્રી શ્રી કેશુભાઇ પટેલે શરૂઆત કરેલી અને સૌરાષ્ટ્રમાં બલ્ક પાણીની લાઇન મારફતે પાણી ના પહોંચે તો સૌરાષ્ટ્રની જનતાને હિજરત કરવી પડે એવી પરિસ્થિતિ ૧૯૯૮માં હતી.

માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે ચાર મહિનાની અંદર આયોજન કરીને સૌરાષ્ટ્રમાં પાણી પહોંચાડવાનું પ્લાનીંગ થયુ અને મને કહેતા આનંદ થાય છે તે વખતે ૧૯૯૮માં ચાર મહિનામાં કેશુભાઇ પટેલે પાણી પહોંચાડયુ. ત્યારથી શરૂ કરીને આજ દિવસ સુધી આ સરકાર ઉત્તરોત્તર એ પગલે ચાલીને જયાં જયાં જે પ્રકારની જરૂરિયાત હોય એ પ્રકારે વ્યવસ્થા કરીને પીવાનું પાણી સુચારૂ રીતે મળી રહે તેના માટેનો પ્રબંધ કરતી રહી. આજે જે પ્રકારે રાજકોટની જે તે વખતે ૧૯૯૮માં ૩ થી ૪ લાખની વસતિ હતી આજે ૧૭ થી ૧૮ લાખની વસતિ પહોંચી છે અને આટલી વસતિ હોય અને પાણી ડેમમાં ના હોય અને જ્યારે પાણીની જરૂર પડે ત્યારે ટેન્કરો મારફત કે ટ્રેન મારફતે પાણી પહોંચી શકે નહીં તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ચાલુ વર્ષે જે ૫૦૦ કરોડના ખર્ચે ધોળી ધજા ડેમથી જે સૌની યોજના મારફત પીવાના પાણીની લાઇન નાંખી અને તેના કારણે ડેમ ભરાયા. આજે ફરી વખત જયારે પાણીની અછત ઉભી થવાની સ્થિતિ નિર્માણ થવા જઇ રહી છે તે વખતે ફરીથી પાછું ડેમમાં પાણી નાંખીને આજે ડેમ ભરાઇ રહ્યો છે. આવતા દિવસોમાં રાજકોટની જનતાને પૂરતી ખાતરી મળી રહે કે પાણી માટે તમારે ચિંતા કરવાની જરૂર નથી પાણી તમને ૨૦ મિનિટ મળી રહેશે એના માટે આજી ડેમમાં પાણી નંખાઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રની અનેકવિધ જળસંચય યોજનાઓ છે. અને મને કહેતા આનંદ છે કે ૧ લાખ ૨૭ હજાર કિલોમીટર જેવી પીવાના પાણીની લાઇન મારા ખ્યાલથી એશિયામાં સૌથી લાંબામાં લાબી પીવાના પાણીની વ્યવસ્થા કોઇ સરકારે કરી હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. અને ૧ લાખ ૨૭ હજાર કિલોમીટર પાણીની લાઇન ડિસ્ટ્રીબ્યુશન લાઇનથી આજે ૧૮ હજાર ગામડાંની અંદર જયાં જયાં આવશ્યકતા છે ત્યાં પીવાના પાણીની વ્યવસ્થા થઇ રહી છે. મારે એ પણ આંકડા આપવા છે કે ઘર કનેકશન ૧૯૯૫ની સ્થિતિએ ૨૦ ટકા ગામડાંમાં હતા આજે ૭૭ ટકા ઘર કનેકશનો દ્વારા પીવાનું પાણી મળી રહ્યું છે. કુલ જૂથ યોજના ૧૯૯૫ સુધીમાં ૧૦૨ હતી આજે ૩૩૫ જૂથ યોજનાઓ દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા થઇ રહી છે. ૧૯૯૫ પહેલાં કુલ બજેટ ૮ હજાર કરોડનું કુલ આખું બજેટ હતું અને ૧૯૫.૫૬ કરોડનું બજેટ પીવાના પાણી માટેનું હતું. આજે ચાલુ વર્ષે ૩૩૧૧ કરોડનું પીવાના પાણીનું બજેટ છે તે જ બતાવે છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર પીવાનું પાણી પૂરું પાડવા માટે કટિબદ્ધતાથી આગળ વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની વ્યવસ્થા છે. જામનગર જિલ્લો, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાને પૂરતું પાણી મળી રહે તેના માટે પાંચ દેવડા ખાતેની નાની સિંચાઇ યોજનાનું પાણી અનામત રાખીને તે પાણી જરૂર લાગે તો તે પાણી જે તે ગામડાંમાં પૂરું પાડવા માટેની વ્યવસ્થાનું આયોજન થઇ રહ્યું છે. એ જ રીતે મારી આ બ્રાન્ચ કેનાલ જે વારંવાર,

સભાપતિશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી આ કેનાલમાંથી વારંવાર વિક્ષેપ પડતો હોય, તૂટતો રહેતો હોય અને એવા વખતે ગામડાં તરસ્યાં ના રહે તેના માટે ત્યાં બ્રાહ્મણી ડેમ છે તેની વૈકલ્પિક વ્યવસ્થા કરીને તેના માટેની પણ નાણાકીય જોગવાઇ ચાલુ વર્ષના બજેટમાં કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલ્યાણપુર અને ઓખા બંદર જેવા છેવાડાના વિસ્તારો જયાંથી એ વિસ્તારો માટે પણ ત્રણ શહેરો દ્વારકા,ઓખા, રાવલ અને એને સાની ડેમ જોડીને જરૂર પડે તો સાની ડેમમાંથી ૩૨.૪૦ કરોડના ખર્ચે લાઇન નાંખીને આ ગામડાંને, શહેરોને તકલીફ ના પડે તેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. એ જ રીતે રાજકોટ જિલ્લાના ચાર તાલુકા એવા છે જેતપુર, જામકંડોરણા, ધોરાજી અને ઉપલેટા આ ચારેય તાલુકાના અમુક ગામડાં છે જયાં પાણીની વ્યવસ્થા નહોતી ૫૯૬ કરોડના ખર્ચે આ તાલુકાના ગામડાંને પીવાના પાણીની વ્યવસ્થા ગોઠવાણી છે એનો એક અલ્પ ભાગ શરૂ થઇ ગયો છે અને ટૂંક સમયમાં જયારે પૂરતી વ્યવસ્થા થશે ત્યારે આ ગામડાંને પણ પાણીની વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે.

શ્રી શૈલેષ  મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક ન્યાય અને અધિકારીતા બાબતની માગણી ક્રમાંક – ૯૨ અને ૯૫ ઉપર મારા વિચારો રજૂ કરું છું. પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, શ્રી જવાહરલાલ નહેરુએ એક દલિતોના અધિકારી ડો.બાબાસાહેબ આંબેડકરને આ દેશનું બંધારણ રચવાની સત્તા આપી અને ડો.બાબા સાહેબ આંબેડકરે આ દેશનું બંધારણ ઘડ્યું. બંધારણ ઘડ્યા પછી બંધારણના ખૂબ વખાણ થયા પણ ડો.બાબા સાહેબ આંબેડકરે એમ કહ્યું કે, મારું બંધારણ ત્યારે જ સાચું ઠરશે જ્યારે એ બંધારણનો અમલ કરનાર વ્યક્તિ એનો સાચી રીતે અમલ કરશે. જે રીતે છેલ્લા ૨૨ વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની આ સરકાર ગુજરાતમાં એકહથ્થું શાસન કરી રહી છે ત્યારે પાટણનો બનાવ હોય, ઉનાનો બનાવ હોય કે થાનગઢનો બનાવ હોય કે તાજેતરમાં પાટણ કલેક્ટર કચેરીમાં દલિત શહીદ ભાનુભાઇ વણકરનો બનાવ હોય, આ રાજ્યમાં આભડછેટની વાત હોય, આ રાજ્યમાં દલિતો પર થતા અત્યાચારની વાત હોય, આ રાજ્યમાં મંદિરમાં દલિતોને પ્રવેશ ન આપવાની વાત હોય કે આ રાજ્યમાં ગામડાંમાંથી દલિત સમાજની હિજરત કરવાની વાત હોય એ ગુજરાતની અસ્મિતા સામે અને ગુજરાતની સમરસતા સામે બહુ મોટો સવાલ કરી જાય છે. છેલ્લા ૨૨ વર્ષોમાં ભારતીય જનતા પાર્ટીની આ સરકારની અંદર દિન–પ્રતિદિન દલિત સમાજ ઉપરના અત્યાચાર વધતા જાય છે. મારી પાસે ૨૦૦૧થી આંકડા છે પણ હું છેલ્લા ત્રણ વર્ષના આંકડા આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. ગુજરાતી અંદર ૨૦૧૪માં ૧૦૯૪ બનાવો બન્યા. ૨૦૧૫માં ૧૦૧૦ બનાવો બન્યા અને ૨૦૧૬માં ૧૩૨૨ બનાવો બન્યા. આ આંકડા નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોને આધિન આ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું. જે રીતે બનાવોમાં વધારો થતો જાય છે. ૨૦૧૪ના પ્રમાણમાં ૨૦૧૬માં લગભગ ૩૦૦ કરતાં પણ વધારે બનાવો બન્યા અને બનાવના રેશિયામાં સમગ્ર ભારતની વાત કરીએ તો પંજાબમાં આ રેશિયો ૦.૩ ટકાનો છે, હરિયાણામાં આ રેશિયો ૧.૬ ટકાનો છે જ્યારે ગુજરાતમાં આ રેશિયો ૩.૨ ટકાનો છે. આ રેશિયા મુજબ દલિત સમાજ ઉપર ગુજરાતમાં જે બનાવો બનતા જાય છે એની જો વાત કરું તો `Red days of crime'માં કર્ણાટક ૧૧મા ક્રમે છે, પંજાબ ૨૩ મા ક્રમે છે જ્યારે ગુજરાત પાંચમા ક્રમે છે. સૌથી વધારે બનાવો ગુજરાતમાં બને છે. કદાચ ગામડાંમાં બનાવો બનતા હશે પણ ભારતીય જનતા પાર્ટીની આ સરકારમાં શહેરો પણ એમાંથી બાકાત નથી. અમદાવાદ શહેરની વાત કરું તો ૨૦૧૪માં ૬૬ બનાવો બન્યા હતા જ્યારે ૨૦૧૫માં ૬૦ અને ૨૦૧૬માં ૯૬ બનાવો બન્યા હતા. આમ ૨૦૧૪ના પ્રમાણમાં ૨૦૧૬માં ૩૦ બનાવો વધારે બન્યા. હું ગઇકાલે રાત્રે દેશના મેટ્રો સીટીની અંદર બનતા બનાવો વિશે વાંચતો હતો ત્યારે ઇન્દોર ૧૧મા ક્રમે આવે છે, મુંબઇ ૧૩મા ક્રમે આવે છે, સુરત ૧૬મા ક્રમે આવે છે અને ચેન્નાઇ ૧૭મા ક્રમે આવે છે.  દિલ્હીનો ૯ નંબર અને અમદાવાદનો ૭ નંબર આવે છે. જે મોટા સીટી છે એમાં એક નંબર ઉપર લખનૌ છે અને એમાં સૌથી વધારે બનાવો બન્યા છે અને સાતમા નંબરે અમદાવાદ શહેર આવે છે. આ બનાવો કહી આપે છે કે, રાજય સરકારને દલિત સમાજ માટે જે સોફ્ટ કોર્નર હોવો જોઇએ, દલિત સમાજ માટેની જે પહેલ હોવી જોઇએ એ પહેલ કરવામાં રાજય સરકાર ક્યાંક પાછી પડી હોય એવું સ્પષ્ટપણે દેખાઇ આવે છે. હવે જયારે બનાવા બનતા હોય ત્યારે દલિત સમાજ પોલીસ સ્ટેશનમાં પોલીસ  ફરિયાદ માટે જતો હોય છે પણ દુઃખ સાથે મારે કહેવું પડે છે કે, કેન્દ્ર સરકારને આધિન ભારતના બંધારણ મુજબ એસ.સી., એસ.ટી. ઉપર જે બનતા બનાવો હોય એ બનાવોની તપાસ એસ.પી. કક્ષાએ કરવાની હોય છે અને એસ.પી. કક્ષાએ થયેલી એ તપાસ, એ તપાસના રિપોર્ટને આધિન જે પણ ગુનેગારો હોય એ ગુનેગારોને સજા થતી હોય છે અને આ અનુસંધાનમાં એસ.ટી., એસ.એસ.સી. સેલમાં આજે પણ ગુજરાતની અંદર ૧૭ જગ્યાઓ ખાલી છે. આ જે ૧૭ જગ્યાઓ ખાલી છે માનનીય અધ્યક્ષશ્રી, તો જયાં આ બનાવો બનતા હોય અને ત્યાં એસ.પી. કક્ષાના અધિકારી ના હોય તો દલિત સમાજને કઇ રીતે એનો ન્યાય મળી શકે એ સ્પષ્ટપણે દેખાઇ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારું વકતવ્ય બે મિનિટમાં પૂરૂં કરીશ. જે રીતે રાજય સરકાર ગજરાતમાં એસ.સી.ની વસતિ પ્રમાણે ૭ ટકા  જે બજેટ આપવું જોઇએ એની જગ્યાએ ૫.૩ ટકા જ બજેટ આપે છે. એક તો બજેટ ઓછું આપે છે અને બીજી

બાજુ બજેટની અંદર જે રકમ ફાળવવામાં આવે છે એ છેલ્લા ૨૦૦૧થી ૨૦૧૬–૧૭ની વાત કરીએ તો ૨૦૧૧– ૧૨માં ૫૦૭ કરોડ રૂપિયા વણવપરાયેલા રહ્યા. ૨૦૧૨–૧૩માં ૪૦૮, ૨૦૧૩–૧૪માં ૪૫૪, ૨૦૧૪–૧૫માં ૭૯૦, ૨૦૧૫–૧૬માં ૮૪૬ અને ૨૦૧૬–૧૭માં ૯૯૧.૪૯ આમ ટોટલ છેલ્લા છ વર્ષમાં ૩૯૯૯ કરોડ રૂપિયા વણવપરાયેલા પડ્યા રહ્યા. જે ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીમાં ફક્ત ૧૩૧૨ કરોડ જ રૂપિયા વણવપરાયેલા હતા એની સામે આ વખતે ૬ વષમાં લગભગ ચારેક હજાર કરોડ રૂપિયાની રકમ  વણવપરાયેલી રહી છે. જે રીતે રાજય સરકારે અનુસૂચિત જાતિ, જનજાતિ માટેની અત્યાચાર નિવારણ કમિટીની મિટીંગો મળવી જોઇએ એ મિટીંગો દર ત્રણ મહિને મળવી જોઇએ પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ૨૦૧૪–૧૫ હોય, ૨૦૧૫–૧૬ હોય કે ૨૦૧૬–૧૭ હોય એમાં ફક્ત બે બે વખત જ  આ મિટીંગો મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ જયારે સમગ્ર ગુજરાત અને સમગ્ર દેશે ઉજવી ત્યારે રાજય સરકાર દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે ૧૨૫ કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી અને ખાસ કરીને ૧૫ કરોડ રૂપિયાની રકમ એની ઉજવણી માટે ફાળવી હતી.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનો સમય પૂરો થાય છે.

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અડધી મિનિટ માનનીય અધ્યક્ષશ્રી, એ રકમના ભાગરૂપે ૭.૬૩ કરોડ રૂપિયા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિના પણ વણવપરાયેલા પડ્યા રહ્યા છે. જે ડો. બાબાસાહેબ આંબેડકરની જયંતિના પૈસા જો ન વાપરી શકતી હોય તો સરકાર પાસે અપેક્ષા કેવી રીતે રખાય?

શ્રી અભેસિંહ  મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિંચાઇ મંત્રીશ્રી માગણી નંબર ૬૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૦માં રાજય સરકારની ખેતીલાયક જમીનમાંથી ૩૮ લાખ હેક્ટરમાં સિંચાઇની સુવિધા મળતી હતી, ત્યાર પછી સરકારના સારા પ્રયત્નોને કારણે અને રાજય સરકારના સારા આશયથી ૨૦૧૭માં એના આંકડા મુજબ ૬૩ લાખ હેક્ટરમાં સિંચાઇની સુવિધા મળેલી છે.  ડુંગરાળ, આદિજાતિ વિસ્તારમાં વસતા આદિજાતિના લોકો ખેતી કરી શકે, એમને સિંચાઇનું પાણી મળી શકે એના માટે ૮૫૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. કડાણા જળાશય આધારિત પાઇપલાઇન હોય, કરજણ ડેમની વાડીની બોરીદ્રા માટે ૩૭૬ કરોડ રૂપિયાની  જોગવાઇ કરવામાં આવી છે. નાના ચેકડેમો તથા ઉંડા જળાશયોનો વ્યાપ વધારવા માટે ૯૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. મારા મત વિસ્તારની વાત કરું તો, છોટાઉદેપુર જિલ્લાના ચેમડેમોની અને નસવાડી તાલુકામાં ૨૫૬ ચેકડેમ થયેલા છે, બોડેલી તાલુકામાં ૨૦૩, કવાંટમાં ૪૮૨  ચેકડેમો થયેલા છે.  પાવી જેતપુરમાં ૫૫૪ થયેલા છે. આ નાના ચેકડેમો છે ત્યાં પાણીનો આવરો હોવાથી અને જમીનના કાંપને લીધે આ ચેકડેમો પુરાઇ ગયા છે તો માનનીય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી છે કે આ ચેકડેમોનું ડી–સીલ્ટીંગ કરવામાં આવે અને સાફ કરવામાં આવે જેથી આ ચેકડેમોમાં પાણી ભરાઇ શકે.

બીજું માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપવાં છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્ય મંત્રીશ્રીને પણ અભિનંદન  આપવાં છે,  એટલા માટે કે નર્મદા યોજના મારફતે મારા વિસ્તારની અંદર લગભગ ૭૦ ટકા પાઇપ લાઇન મારફતે પાણી આપવા માટેનું કામ ચાલુ થઇ ગયું છે. બધા જ વિસ્તારોમાં પાઇપ લાઇન ચાલુ થઇ ગઇ છે એટલા માટે લોકો અમને પૂછે છે કે, સરકારે  કેનાલો બંધ કરી છે પણ આ વિજયભાઇ રૂપાણી અને નીતિનભાઇ પટેલની સરકારે મારા વિસ્તારમાં જે નર્મદાની કેનાલો આવેલી છે, એમાં પણ સારું કામ કર્યું છે એના માટે પણ અભિનંદન  આપું  છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુખી સિંચાઇ યોજના મારફતે ૯૨ ગામ અને ૧૪૬૯૬ હેક્ટરમાં પાણી અને સિંચાઇનો લાભ મળે છે. મારી એક વિનંતી છે કે આપણે જે દાહોદ લાઇન લઇ જઇએ છીએ, તેને બદલે જો સુખી ડેમમાં પાણી નાંખવામાં આવે તો એનાથી પણ ડેમ ભરાઇ જાય અને અમારા વિસ્તારના લોકોને પાણી મળી શકે તેમ છે.

હેરણ નદી ઉપર રાજવાસલા ગામે આવેલો ડેમ પૂરાઇ ગયેલ છે, તેની પણ મરામત કરી દરવાજાનું જો કામ કરવામાં આવે તો મારા વિસ્તારની જેતપુર તાલુકો, નસવાડી અને સંખેડાને પણ લાભ થઇ શકે તેમ છે. બીજી એક વિનંતી છે કે ઓરસંગ નદી પર સંખેડા અને અખત્યાર પુરા ગામ પાસે નદીનો પટ બહુ પહોળો છે તેના પર પણ નાનો ચેકડેમ બનાવવમાં આવે તો આજુબાજુના પાણીના સ્તર જે રેતીના ખનના કારણે નીચાં ગયાં છે તે ઉપર આવી શકે, તો આ ડેમ બનાવવામાં આવે તેવી મારી એક વિનંતી છે.

નસવાડી તાલુકામાં મેલ નદી પર બિલગામ ગઢ, ચોસલપુરા ચેકડેમ પૂરાઇ  ગયો છે તેને પણ રીપેર કરવામાં આવે તેવી મારી વિનંતી છે. નારદા  ગામે કોતર  પર ચેકડેમ બનાવવાની વાત, મેઇન નદી પર ખંભાયતા ગામે ચેક ડેમ બનાવવાની વાત સેંગપુર ગામે વસીમ  નદી પર ચેકડેમ બનાવવાની વાત, નસવાડીના બલાસી અને મોઘલા ગામે પણ  ઉપરનો જે વિસ્તાર છે જે જમણા કાંઠાનો એમાં ડુંગર વિસ્તાર છે જયાં પાણી મળતું નથી તો, જો આ નદીઓ પર ચેક ડેમ બનાવવામાં આવે તો પાણી મળી શકે તેમ છે તેવી મારી વિનંતી છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન કરું છું.

સભાપતિશ્રીઃ આપનો સમય પૂરો થાય છે. માનનીય શ્રી વિરજીભાઇ.

શ્રી વિરજીભાઇ  ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજીક  ન્યાય અને  કલ્યાણ, સિંચાઇ અને પાણી પુરવઠાની  જે  માગણીઓ લઇને આવ્યા છે, તેમાં મારાં સૂચનો  રજૂ કરવા હું ઉભો થયો છું.

## ફાલ્ગુન ૨૮, ૧૯૩૯ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

અમારા કોંગ્રેસ પક્ષના દંડક શ્રી શૈલેષભાઇએ જે સામાજીક ન્યાય માટેનાં સૂચનો રજૂ કર્યાં છે તેને સંપૂર્ણ અનુમોદન આપું છું. ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ જે સરકાર ભૂલી જતી હોય અને નાણાં ન ફાળવી શકતી હોય તો એવી સરકાર પાસે અમે આશાઓ લઇને આવ્યા હતા, ગુજરાતની પ્રજા પણ આશા રાખી રહી છે એ આશાઓ કયારે પૂરી થશે, તેમાં ગુજરાતની પ્રજા હવે શંકા વ્યકત કરી રહી છે.

રાજયના મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ અને રૂપાણી એટલે એમાં પાણી આવે છે, સાહેબ, ત્યારે ગુજરાતની પ્રજા અને ખાસ કરીને સૌરાષ્ટ્રની પ્રજાને, અમારા રાજય કક્ષાના મંત્રીશ્રી મારા જૂના મિત્ર છે અને સાથે ધારાસભ્ય તરીકે રહી ચૂકયા છે એમની પર મને પૂરેપૂરો વિશ્વાસ છે. ઘણા બધા કામોની વાતો લઇને આવ્યા છે અને જે વાતો અને કામો પૂરા કરવા માટે પ્રયાસો કરશે. પરંતુ મને સિંચાઇની બાબતની જે માગણી લઇને આવ્યા છે, તેમાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તા.૮મી માર્ચ, ૨૦૧૮ ની પ્રશ્નોત્તરીના પ્રશ્ન ક્રમાંક-૨૯ માં માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે. તેમાં સૌની યોજનામાં કેટલા ડેમો ભરવામાં આવશે તેના આંકડા રજૂ કર્યા છે. તેનું પત્રક પાછળથી અધિકારીની ચેમ્બરમાંથી મળ્યું છે. પ્રશ્નોત્તરીમાં લખ્યું છે કે પત્રકો સચિવશ્રીની કચેરીમાં ઉપલબ્ધ થશે એ પત્રક મેં મેળવેલ છે. એમાં જામનગર જિલ્લાના ૨૫ ડેમો, રાજકોટ જિલ્લાના ૨૩ ડેમો, જુનાગઢ જિલ્લાના ૧૩ ડેમો, અમરેલી જિલ્લાના ૧૨ ડેમો, દ્વારકાના ૧૧ ડેમ, ભાવનગરના ૧૦ ડેમો, મોરબી જિલ્લાના ૬ ડેમો, સુરેન્દ્રનગર જિલ્લાના છ ડેમો, પોરબંદર જિલ્લાના ચાર ડેમો, બોટાદ જિલ્લાના ચાર ડેમો તથા ગીર સોમનાથના એક ડેમનો સમાવેશ થાય છે. આટલા ડેમો ભરવા માટેની યોજના કરી છે અને અમને પ્રશ્નોત્તરીના જવાબમાં જણાવેલ છે કે આ વખતે કેટલા ડેમો ભરવામાં આવ્યા છે તો કહ્યું કે ૨૧ ડેમો ભરવામાં આવ્યા છે અને એની પાછળ ૬૬૭૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરેલ છે. જયારે કુલ બજેટ દસ હજાર કરોડ રૂપિયાનું ફાળવેલ છે. બાકીના ૯૯ ડેમો ભરવા માટેનું શું આયોજન છે એ મંત્રીશ્રી જવાબમાં જણાવશે તો આનંદ થશે. હજી ૯૯ ડેમ ભરવાના બાકી છે સરકાર દસ હજાર કરોડની જોગવાઇ લઇને આવી છે. મને આનંદ થશે કે કદાચ ભરે અને સૌરાષ્ટ્રની જનતા ઘણા સમયથી પીવાના પાણી માટે તલસી રહી છે. પીવાના પાણી અને સિંચાઇના પાણી માટે તળાવો કે ડેમો ભરવાની એકસપ્રેસ લાઇનો નાખી છે એમાંથી ભારે મોટી ચોરી થાય છે એના માટે અનેક વખત તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે. પાણી પુરવઠાના સચિવશ્રી, બોર્ડના મુખ્ય સચિવને ચેમ્બરમાં જઇને ધ્યાન દોર્યું છે કે એકસપ્રેસ લાઇનમાંથી પાણીની ચોરી થાય છે હજુ આ સરકાર બંધ કરાવી શકી નથી એનું દુઃખ વ્યકત કરું છું. લોકો સુધી પાણી પહોંચાડવાના બદલે લોકો દ્વારા સીધુ એમાંથી પાણી લઇ લેવામાં આવે છે છતાં તંત્રની આંખ ઉઘડતી નથી.

બીજી હું અમરેલી જિલ્લાની વાત કરવા માગું છું. એમના પોતાના જવાબમાં કહ્યું છે કે અમરેલી જિલ્લાના ૧૨ ડેમો ભરવાના છે. એમાં રાજુલા તાલુકાની ધાતરવાડી ડેમ, ધાતરવાડી-૨ અમરેલી, સુરજવાડી, અમરેલીના સાંવરકુંડલા તાલુકાનો છે, રાયડી ખાંભા તાલુકો, ઘેલોઇ બાબરા તાલુકાનું નામ લખેલ છે પરંતુ એ તો ગઢડા તાલુકામાં આવે છે. છતાં પણ ભરે તો મને આનંદ થશે. સાંકરોળી વડીયા, ઠેબી અમરેલી, વડી અમરેલી, સાંતલી અમરેલી લખી છે. આ સાંતલી યોજના કયા આવી એ જોવા માગું છું. હું તો શનિ રવિમાં ટોર્ચ લઇને શોધતો હતો પરંતુ હજી સુધી મળતી નથી. આ સાંતલી યોજના દેખાતી નથી એ કયા હશે એની મને ખબર નથી. શા માટે પ્રજાને ગેરમાર્ગે દોરવામાં આવે છે. કદાચ મને કહે તો બીજી કોઇ લાઇટ લઇને જઉં. સાંતલી યોજના જ નથી એને કયાંથી મંત્રીશ્રી ભરવાના છે એ તો કહો તમે કયારે પાણી છોડવાના છો? પછી સી પ્લેનની જેમ પાણી ખોટા વેડફાઇ ન જાય. બહુ પાણી વેડફાઇ ગયું છે. નર્મદામાં હાઇએસ્ટ પાણી આવ્યું હતું અને છતાં જતું રહ્યું છે. ખેડૂતોને આ વખતે પહેલી વખત ઉનાળામાં પાણી ન આપવાની જાહેરાત કરવી પડી છે એ જનતાના પ્રતિનિધિ તરીકે અમને દુઃખ થાય છે. ઉનાળામાં પાકનું ઉત્પાદન કરવા માટે આયોજન કરવું જોઇએ અગાઉ પણ હું કહી ચૂકયો છું. ગમે એટલા ઉદ્યોગો સ્થાપાય એમાં અમારો વિરોધ ન હોઇ શકે. ઉદ્યોગો સ્થાપવા માટેની યોજના આવી હોય તો સ્વ. ચીમનભાઇની સરકાર વખતે ઝીરો ટેકસ માટે સ્થાપવા માટેનું આયોજન કર્યું હતું એના લીધે બાવળા આજે ધમધમતું થયું છે, બાવળા સુધીનો વિસ્તાર ધમધમતો સ્વ. ચીમનભાઇને આભારી છે એના કારણે સૌરાષ્ટ્ર વિસ્તાર ઉદ્યોગ તરફ આગળ વધ્યો છે. હજી પણ આગળ વધે મને ગર્વ થશે. હું એ કહેવા માગું છું કે ગમે તેટલા ઉદ્યોગો સ્થાપાશે પણ બટેકા ઉદ્યોગમાંથી પેદા થશે? ઘઉં કોઇ ઉદ્યોગમાંથી પેદા થશે ખરા? આજે ખેડૂત મગફળી વેચી શકતો નથી એ મગફળી વેચવા માટે ભટકે છે. ખેડૂતને ભાવ મળતા નથી એના લીધે એ દુઃખી થઇ ગયો છે. બીજી બાજુ મગફળીના ગોડાઉનો, બારદાન વગેરે સળગાવી દેવામાં આવે છે. સિંચાઇ માટે પાણી ન આપવા માટે ખેડૂતો માટે સરકારનો વિરોધ તો નથી ને? ખેતી માટે ખેડૂત છે, જગતનો તાત કહેવાય એને પાણી આપવું જોઇએ, મફત લાઇટ આપવી જોઇએ. જે ખેડૂતોને સિંચાઇમાંથી પાણી મળે છે એના ઘઉંનો જે ભાવ મળે છે એ જ ભાવ જે પોતાના બોરથી ખેંચીને ઉત્પાદન કરે છે એને પણ મળે છે. એ જ રીતે મગફળીમાં પણ સિંચાઇથી પકવે ને જે ભાવ મળે એ જ બોરથી પાણી ખેંચીને પકવે એને પણ એ જ ભાવ મળે છે. એને કેટલો ખર્ચ થાય છે એ તો પૂછે? સરકાર રોજેરોજ જાહેરાતો કરે છે. અમારી સરકાર આવ્યા પછી ખેડૂતોને ખાતર મળતું થયું છે એવું અહીંયા કહેવામાં આવે છે. મને કહેતા દુઃખ થાય છે કે ખેડૂત ખાતર ન ખરીદી શકવાનું કોઇ કારણ હોય તો ભારતીય જનતા પાર્ટીના કારણે આજે ખરીદી શકતો નથી. એટલી બધી વિટંબણા ઉભી થઇ છે.

માનનીય મંત્રીશ્રીએ કેટલીક સાચી વાતો પણ કરી છે. અમારા ધારાસભ્યો પાસેથી સૂચનો માગ્યા હતા કે દરેક ધારાસભ્ય પોતાના વિસ્તારના પાંચ પાંચ તળાવો ઉંડા કરવાના સૂચનો મોકલી આપે અમે મોકલી આપ્યા. મારે માનનીય પરબતભાઇને વિનંતી કરવી છે તેઓ મારા ખૂબ જૂના મિત્ર છે. માનનીય ભૂપેન્દ્રસિંહ બાપુએ પણ સારી વાત કરી. આ પાંચ તળાવોને બદલે સૌરાષ્ટ્ર વિસ્તારના ધારાસભ્યો છે એના દસ દસ તળાવો માટે સૂચનો માગવા જોઇએ એવી લાગણી વ્યકત

કરું છું. એટલા માટે હું કહું છું કે અમારા બાજુના ધારાસભ્યો ત્રણ–ચાર તાલુકાના ધારાસભ્યો છે. એટલે એ ક્યા તાલુકાના ડેમ ઉંડા કરાવશે ! એ તાલુકાઓને અન્યાય થાય છે. એટલા માટે શ્રી પરબતભાઇ, આમાં થોડીક વિશાળ દ્રષ્ટી રાખો. પાંચ તળાવો ઉંડા કરવાના બદલે દસ તળાવો ઉંડા કરવાની યોજના માગો. સાંતલી ડેમ મને મળતો નથી. મને પેટ્રોમેક્ષ આપો તો એને હું શોધી શકું અને અમરેલીની પ્રજાને બતાવી શકું કે આ સાંતલી ડેમ છે. આ સાંતલી ડેમ મને મળી જાય એવી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

શ્રી કિશોર બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને સરકારને એક સૂચન સાથે મારી વાત સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજના એવા અંગ તરફ હું જ્યારે નિદર્શન કરવા માગું છું કે ૪૦–૪૦ વર્ષ સુધી જે કોંગ્રેસની સરકારોએ આ રાજ્યમાં શાસન કર્યું અને આંખે પાટા બાંધીને જે અંગ તરફ હંમેશાં અનદેખી કરી, એ દિશા તરફ લક્ષાંક હતો એ લક્ષાંક ચૂકી ગયેલ. એ લક્ષાંક તરફ પંડિત દિન દયાળ ઉપાધ્યાયે એમના સૂચનો અને એમના માર્ગદર્શન હેઠળ સમાજના પિડિત, શોષિત, આદિવાસી, બક્ષી પંચ એવા સમાજના અને સમાજ સાથે તરછોડાયેલા, શોષિત, અનાથ અને કાયદાકીય ગુંચથી વર્ષોથી સંઘર્ષ કરતા અનાથ બાળકોની સમૃદ્ધિ માટે, સલામતી માટે સરકારે કાર્ય કરવાનું હતું એવા દિવ્યાંગો. દિવ્યાંગો એટલા માટે કહું છું કે પહેલા તોછડી ભાષામાં બોલવામાં આવતા હતા. પરંતુ અમારા લોક લાડિલા વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે દિવ્યાંગ નામ આપ્યું, દિવ્યાંગ, નિરાધાર અને વૃદ્ધો માટે અમારી સરકારે કામ કર્યું છે એ દિશા તરફ નિદર્શન કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે આ વર્ષના બજેટની અંદર જે જોગવાઇ કરી છે એ રૂ.૭૨,૮૬૩/– લાખની ચાલુ વર્ષની જે યોજનાઓ છે એના માટે અને રૂ.૭૨૫/– લાખની માતબર રકમ નવી યોજના માટે પણ જોગવાઇ કરી છે. એમ કુલ રૂ.૭૩,૫૯૧/– લાખની જોગવાઇ સાથે માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે. દિવ્યાંગો, અનાથો, વૃદ્ધો અને જેલના કેદીઓ જેમને લાંબા સમયની સજા થઇ હોય એમના અનાથ પરિવાર માટે સરકારે ધ્યાન આપ્યું છે. એની અંદર એ દિવ્યાંગો માટે શિષ્યવૃત્તી હોય, એને સાધન સહાય હોય, વિમા કવચ હોય, આ બધી બાબતો માટે સરકારે કાર્ય કર્યું છે. અનાથો માટે, અનાથાશ્રમો માટે, પાલક માતા–પિતાની યોજનાઓ અને એના દ્વારા તરછોડાયેલા બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને અને સારું શિક્ષણ મેળવી શકે, સારી કારકિર્દી મેળવી શકે તે માટે સરકારે કાર્ય કર્યું છે એ દિશા તરફ ધ્યાન દોરવા માગું છું. એલિમ્કો ભારત સરકારની જે યોજના છે. જેમાં ૪૮,૭૬૩ દિવ્યાંગો માટે રૂ.૩,૦૭૨/– લાખની જોગવાઇ કરી છે. નેશનલ ડીસેબલ્ડ સ્કિમ હેઠળ ૪૭,૨૨૩ લાખ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. વિકલાંગો માટે એસ.ટી.ની અંદર મફત મુસાફરી માટે એક લાખ લાભાર્થીઓને રૂ.૧૫૦૬/– લાખની સહાય ચૂકવવામાં આવી છે. નિરાધાર ૭૧,૯૩૭ લાભાર્થીઓને રૂ.૨,૯૮૭/– લાખની સહાય આપવામાં આવી છે. અનાથ બાળકો માટે ૩,૩૨૪ લાખની સહાય આપવામાં આવી છે. અનાથ બાળકોના પુનઃવસન અને પાલક માતા–પિતા યોજના દ્વારા ૭,૬૮૬ બાળકોને ૧,૩૮૨ લાખની સહાય આપવામાં આવી છે. મારે સરકારને બીજું એક સૂચન કરવું છે કે રાજ્યનો આ વિભાગ છે એ રાજ્યની કુલ વસતિમાં ૭ ટકા એસ.સી., ૧૪ ટકા એસ.ટી. અને ૫૬ ટકા ઓ.બી.સી. સમાજ આવેલ છે. ૫૬ ટકા સમાજ જે લાભોથી વંચિત રહે છે એ લાભો એમને પ્રાપ્ત થાય એ દિશામાં સરકારને નમ્ર વિનંતી અને સૂચન છે કે આ વિભાગ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગમાંથી અલગ કરીને અલગ વિભાગ કરવામાં આવે તો ગુજરાતમાં સૌથી મોટા સમાજ ઓ.બી.સી. સમાજને સંપૂર્ણ લાભ મળે અને એ દિશામાં એ સમાજના ઉન્નતિના કાર્યો થઇ શકે એ માટે મારી નમ્ર વિનંતી અને સૂચન છે. કેદી કલ્યાણ યોજનામાં જે સમાજના કેદીઓએ ગુનો કર્યો હોય એને સજા થતી હોય અને સજા થયા પછી એનો પરિવાર છે....

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા જે માગણીઓ લઇને આવ્યા છે એના અનુસંધાને મારું વકતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ વિભાગના બજેટના અનુસંધાને જે માગણીઓ હોય છે એ માગણીઓ જે તે વિભાગનો કે સરકારશ્રીની નીતિઓનો આયનો હોય છે. એ આયનાની અંદર આપણે સરકારશ્રીની નીતિઓનો ચહેરો, ચાલ, ચરિત્ર અને ચિત્ર જોઇ શકીએ છીએ. અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે કે સરકારશ્રી જે માગણીઓ લઇને આવી છે એની અંદર ગુજરાતની પર ટકા વસતિને માત્ર લાભાર્થી તરીકે ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. વિભાગનું નામ સામાજિક ન્યાય અને અધિકારિતા છે પણ રાજ્યની પર ટકા વસતિના અધિકારો માટેની વાત આખા બજેટમાં ક્યાંય જોઇ શકાતી નથી. ગુજરાતની અંદર જે પર ટકા પછાત વર્ગોની વસતિ છે એને સમગ્ર બજેટના સંદર્ભમાં જોઇએ તો વસતિના પ્રમાણમાં જોઇએ તો જે ન્યાય મળવો જોઇએ એ ન્યાય આ બજેટમાં જોઇ શકાતો નથી. જે ટ્રીટમેન્ટ કરવામાં આવે છે, ખાસ કરીને ગરીબ કલ્યાણ મેળાઓ. ગરીબોને કે પછાત વર્ગોને પોતે પછાત છે એવો અહેસાસ કરાવવાનો જે પ્રયત્ન કરવામાં આવે છે એ ક્યારેય સાંખી લેવાય એ પ્રકારે નથી. માનનીય મંત્રીશ્રી અને સામે બેઠેલા મિત્રોમાં પણ ઘણા બધા મિત્રો બક્ષીપંચ અને પછાત વર્ગોનું પ્રતિનિધિત્વ કરે છે ત્યારે મારી એ સૌને પણ વિનંતી છે કે આપણે પર ટકા પ્રતિનિધિત્વ જેનું કરીએ છીએ એ સમાજો માટે અધિકારની માગણી કરવી જોઇએ, સહાય માટેની નહીં. આપણે સૌ જોઇએ છીએ કે ઉચ્ચ સમાજના એક મંત્રી રિસાયા તો બીજા કે ત્રીજા દિવસે મનગમતું

ખાતું એમને મળી જાય છે. પછાત વર્ગના મંત્રી રિસાયા તો આજની તારીખે પણ ગૃહમાં નથી આવ્યા. એમને ન્યાયની વાત ક્યારેય આ સરકાર કરતી નથી. હું જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું, એ વિસ્તારમાં ૯૫% વસતિ પછાતવર્ગના લોકોની છે ત્યારે એના ઉત્થાન માટે જે પ્રયત્નો થવા જોઇએ એ પ્રયત્નો થતા નથી. અહીંયાથી સામાન્ય વહીવટ વિભાગને હું વિનંતી કરવા માગુ છું કે જે યોજના છે, જે બજેટ છે એની સમીક્ષા થવી જોઇએ. જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે એ મોટાભાગે ત્યાં રાજકીય કાર્યકર્તાઓને સાચવવા માટે ફાળવવામાં આવે છે. વિસ્તાર અને લોકોને માટે એની યોજનાઓની જે સમીક્ષા થવી જોઇએ એ સમીક્ષા થતી નથી. આ ઉપરાંત માનનીય મંત્રીશ્રીને આપના મારફત મારે કહેવું છે કે, ઉત્તર બુનિયાદી શાળાઓ અને આશ્રમશાળાઓ આપણા વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે, સરકારશ્રી દ્વારા પણ ચલાવવામાં આવે છે અને ડીસેગ દ્વારા પણ ચલાવવામાં આવે છે આમ અલગ અલગ વિભાગો દ્વારા જે શાળાઓ કે છાત્રાલયો ચાલે છે એની ગ્રાન્ટની અંદર પણ ઘણી બધી વિસંગતતાઓ છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી મનીષા વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા સમર્થનની વાત કહેવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામેના પક્ષમાંથી ભાઇએ કીધું કે, ડો. બાબા સાહેબ આંબેડકર દલિત સમાજના મસીહા હતા, અમે માનીએ છીએ ભગવાન હતા એની વાત સાચી છે. પરંતુ ડો. બાબા સાહેબ આંબેડકર ફક્ત એક સમાજના નહિ પરંતુ સમગ્ર વિશ્વના વીર પુરુષ હતા. જો કોઇ રાજ્યની કે રાષ્ટ્રના વિકાસની વાત કરવી હોય અને જો એને વિકાસના પંથે લાવવું હોય તો પછાત અને નબળા વર્ગના લોકોને એ વિકાસમાં જોડવા પડે ત્યારે મારે ખાસ કહેવું છે કે, હમણાં જ સભ્યશ્રી શૈલેષભાઇ છે નહિ પણ એ કહેતા હતા કે આ રાજ્યમાં ૨૨ વર્ષ સુધી તમારી સરકારે રાજ કર્યુ પણ શું કર્યુ? હું કહેવા માગુ છું કે આ દેશમાં જેણે સૌથી વધારે શાસન કર્યું હોય તો એ લોકોએ જો ખરેખર બંધારણની જોગવાઇ વાંચી હોત અને એના પ્રમાણે અનુસર્યા હોત તો વંચિતો, દલિતો અને પછાત વર્ગો માટે વિવિધ યોજનાઓ બનાવી હોત તો આજે આ પરિસ્થિતિ કાંઇક અલગ જ હોત. પરંતુ માત્ર અને માત્ર વોટબેંકની રાજનીતિ સમજીને આ શાસન ચલાવતા આવ્યા છે. પાટણમાં જે બનાવ બન્યો એ ખરેખર દુ:ખદ હતો. પરંતુ જાતિવાદની લાગણીઓ ભડકાવીને ૨૦૧૭ની ચૂંટણીમાં જો થોડી ઘણી સીટ વધી હોય તો એનાથી મારા કોંગ્રેસના ભાઇઓ ગેલમાં આવી ગયા છે. કેટલાક તો રાતો રાત સોગંધવિધિના સપના પણ જોતા હતા. મધ્યાહને તપતો ભારતીય જનતા પાર્ટીનો સુરજ..(અંતરાય)

સભાપતિશ્રી : મનિષાબેન એક મિનિટ.

શ્રી અમિત ચાવડા : ગેલમાં આવી ગયા છે એ શબ્દ યોગ્ય નથી.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, ખુશ થઇ ગયા છે.

સભાપતિશ્રી : આ અસંસદીય શબ્દ નથી.

શ્રી અમિત ચાવડા : નીતિનભાઇને નાણામંત્રી બનાવ્યા અને નીતિનભાઇ ગેલમાં આવી ગયા એવું થોડું ચાલે?

સભાપતિશ્રી : ના, ના. અસંસદીય શબ્દ નથી.

શ્રીમતી મનીષા વકીલ : મધ્યાહનમાં તપતો ભારતીય જનતા પાર્ટીનો સુરજ આ યુ.પી.ના બાય ઇલેક્શનમાં એકાદ વાદળથી ડૂબી જવાનો નથી. કરોડો વર્ષોથી સૂર્ય અને ચંદ્રમાં અનેકવાર થોડા કલાકો માટે ગ્રહણ આવે છે પણ છતાંય ચંદ્રની શિતળતા અને સૂર્યની ઊર્જા જગતને અજવાળું આપતો આવ્યો છે અને આપતો રહેશે. કિનારે ઊભા રહીને દરિયાની ઓટને જોઇને જે ખુશ થતા હોય છે. ઓટ વખતે દરિયાને જવાબ આપે છે. કિનારે ઊભેલો ભરતી ઓટને જોનારી આજની અમાવશની અમારી ઓટ આવતી પૂનમની ભરતીની છે ત્યાર પછી ત્રાટકશે સૂનામી બનીને, શોધે ય નહીં મળે એકે ય નનામી. માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબા સાહેબ આંબેડકરે બંધારણ ઘડ્યું એ બંધારણ સૌથી શ્રેષ્ઠ છે એને કોઇએ સન્માન આપ્યું હોય તો એ આપણા ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આપ્યું છે. આપણે અત્યારે ગૌરવ લઇ શકીએ છીએ કે સુરેન્દ્રનગરની ધરતી પર અંબાડી ઉપર બંધારણને મૂકીને પદયાત્રા કરીને સન્માન આપ્યું એના આપણે સૌ સાક્ષી છીએ.

સભાપતિશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રીમતી મનીષા વકીલ : મારા વિપક્ષના કેટલાક ભાઇઓ કહેતા હતા કે સરકાર ગરીબોની ચિંતા નથી કરતી તો હું કહું છું કે કોઇ ગરીબના ઘરે રોટલો ખાવાથી કોઇ ગરીબની ગરીબી દૂર નથી થતી પરંતુ ગરીબ કેવી રીતે રોટલો ખાતો થાય એની ચિંતા કરવાની જરૂર છે અને આ ચિંતા ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે. મારે વાત કરવી છે આ ગરીબ, પિડીત લોકો માટે થોડા વર્ષ પહેલા મારા વિસ્તારમાં ઘરકામ કરતી બહેનો બહુ ખુશ થઇને મારી ઓફિસે આવી, બહુ ખુશીનો માહોલ હતો. મને કહ્યું બહેન અમને તો ઘર મળવાનું છે. માત્ર સો રૂપિયાનું ફોર્મ ભરવાનું અને ઘરનું ઘર મળશે. આટલા બધા વર્ષ થયા ઘરનું ઘર કેમ ન આપ્યું એ મારી ગરીબ બહેનો મને આજે પણ પૂછે છે. પેલા જે સો રૂપિયા ભર્યા હતા એ સો રૂપિયાનો હિસાબ એમને હજુ પણ મળતો નથી. મારી આ ગરીબ બહેનો રસોઇ કરે, ઘરકામ કરે, મજૂરી કરે અને આ લોકોએ હજુસુધી ઘર નથી આપ્યું. ડો. બાબાસાહેબ આંબેડકરની આવાસ યોજના અંતર્ગત ભારતીય જનતા પાર્ટીએ આ લોકોને ઘર આપ્યું છે. તા.

## તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

૧૪–૮–૨૦૧૪ થી ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના અમલમાં મૂકી છે. ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં હાલ સહાયનું ધોરણ ગ્રામ્ય પૂરતું ૪૫૦૦૦ થી વધારીને ૭૦૦૦૦ ની સહાય કરવામાં આવી છે. જેની વાર્ષિક આવક ૧, ૨૦, ૦૦૦ હોય તે લાભાર્થીને આનો લાભ મળે છે. અનુસૂચિત જાતિની ગરીબ પરિવારની દીકરી મોટી થાય, પરણવા લાયક થાય ત્યારે ગરીબ માબાપને ચિંતા વધતી જાય. કેટલું દેવું કરવું પડે દીકરીનો પ્રસંગ સાચવવા. ઈતિહાસ સાક્ષી છે કે નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઇનું મામેરુ સાક્ષાત ભગવાન શ્રીકૃષ્ણએ કર્યું હતું અને મામેરાના પ્રસંગે નિર્ધન અને ગરીબ માબાપની દીકરીની વ્યથાને વાચા આપી છે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને આજે આ સરકાર શ્રીકૃષ્ણ સ્વરૂપે આ ગરીબ દીકરીઓનું મામેરું કરે છે. આ યોજનામાં ૨૦૧૨–૧૩ થી બમણો વધારો કરીને.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી નૌશાદજી ભ. સોલંકી (દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જે માગણીઓ છે એ બાબતે મારા વિચારો વ્યકત કરું છું. ભારત વર્ષ જે જંબુદ્વીપ તરીકે ઓળખાતું એ ભારત સોનાની ચિડીયા તરીકે ઓળખાતું હતું અને તેમાં પુષ્યમિત્રસીંગનું જે રાજ આવ્યું આ દેશની અંદર અને ત્યારથી આ દેશની એક પ્રકારે કહી શકાય કે •(×××) . સામાજિક ન્યાય એ શબ્દની અંદર જ એક સમાજ કે જે સમાજ વિકાસની ગાથાની અંદર, વિકાસની યાત્રામાં જે સૌથી કચડાયેલો વર્ગ છે (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે અમુક આવ્યા પછી દેશની *(×××). આપણો દેશ ભારત મહાન છે અને અમે ઈતિહાસ તમારા કરતા અનેકગણો વાંચ્યો છે, ચર્ચા કરવી હોય તો કરીશું. તમે એક તરફી વાંચ્યો હશે, મેં બધા પાસા વાંચ્યા છે. મારે તમારી વાત ઉપર બીજી રોકટોક નથી કરવી, દેશની પનોતી થઇ એ અતિ ખરાબ શબ્દ છે. દેશ મહાન છે. કટોકટીમાં પણ તમે કહેતા હતા કે મેરા ભારત મહાન હૈ, અમે પણ કહીએ છીએ ભારત માતાની જય. એમના આ શબ્દો યોગ્ય નથી એ રદ થવા જોઇએ.

સભાપતિશ્રી : દેશના ગૌરવ માટે પણ આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાયની વાત એટલે જે સમાજ સૌથી વધુ કચડાયેલો છે એ સમાજને ન્યાય કરવાની વાત છે. ગૃહ વિભાગની ચર્ચામાં અનુસૂચિત જાતિ પ્રત્યેના અત્યાચારોની, ખૂબ દાખલાઓ સાથે, આંકડાઓ સાથે ચર્ચા થઇ એટલે હું એમાં વધુ પ્રકાશ કરતો નથી પરંતુ આ સમાજના ઉત્થાન માટે, એના એમ્પાવર માટે જે પગલાંઓ ભરાવા જોઇએ એ પગલાંઓની અંદર કયાંકને કયાંક બિલકુલ ઇચ્છાશક્તિનો અભાવ દેખાય છે અથવા એક પ્રકારે એમ કહી શકાય કે આ સમાજ વધુ ને વધુ કેમ પછાત રહે એ પ્રકારનું કંઇક આયોજન થઇ રહ્યું છે. અનુસૂચિત જાતિ માટે સ્વ. ઇન્દીરા ગાંધીજીએ પેટા યોજના તરીકે ખાસ અંગભૂત યોજના અથવા શિડયૂલ કાસ્ટ સબ પ્લાન જેને આપણે કહીએ છીએ એ યોજનાનો અમલ ચાલુ કરાવ્યો હતો. આજે આ બજેટની અંદર માનનીય નીતિનભાઇએ જે બજેટ સ્પીચ રજૂ કરેલી એ બજેટ સ્પીચની અંદર પેટા યોજનાનું કેટલું બજેટ છે એનો ઉલ્લેખ સુદ્ધાં કરવામાં આવ્યો નથી. ત્યારે દુઃખ થાય કે આજે રાજ્યની ૭ ટકા વસતિ છે, એ પ્રમાણે આશરે ૧૩ થી ૧૪,૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ આ સમાજને ફાળે જતું હતું. કેટલું બજેટ એ તો એકઝેટલી એમાં આપ્યું છે, એ તો દરેકે દરેક વિભાગનું ક્યાંક ને ક્યાંક જોવું પડશે. જે રૂપિયા ફાળવવામાં આવે છે. હું એનો દાખલો આપવા માગુ છું કે માર્ગ અને મકાન વિભાગને આખા અનુસૂચિત જાતિ પેટા વિભાગના પૈસા ફાળવવામાં આવે. હવે જે ગાઇડલાઇન આપવામાં આવી છે, તે ગાઇડલાઇનમાં ૨૫૦ કરતા વધુ સંખ્યા વસતિ ધરાવતા ગામડાં પસંદ કરીને એમાં આ પૈસા વાપરવાના હોય છે. તેનું કંઇક જૂદું અર્થઘટન કરીને ૨ ગામો પસંદ કરવામાં આવે. આ ૨ ગામો વચ્ચે કરોડો રૂપિયાના હાઇવે બનાવી દેવામાં આવે. આ હાઇવે બનાવી દેવાથી દલિત સમાજને શું ફાયદો થાય? આમાં તમામ લોકોની અંદર કેન્દ્ર સરકારની ગાઇડલાઇન હતી. નોન ડિવિઝનેબલ જે ફેક્ટર હોવું જોઇએ, અવિભાજ્ય ફેક્ટર હોવું જોઇએ તે ફેક્ટર ૨૫ થી ૩૦ ટકાથી વધારે ન હોવું જોઇએ. જેની અંદર તમામ લોકોને ફાયદો મળે છે. માત્રને માત્ર એવી યોજના લેવી જોઇએ કે જેની અંદર અનુસૂચિત જાતિના લોકોને ફાયદો થાય. ખૂબ રૂપાળાં સરસ મજાનાં નામ યોજનાનાં આપવામાં આવે છે. સત્યવાદી હરિશ્ચન્દ્ર મરણોત્તર સહાય એની અંદર ગાડી, કફન માટે ૫,૦૦૦ ની જાહેરાત કરવામાં આવી છે, પરંતુ તેમાં આવક મર્યાદા શું? વાર્ષિક ૪૭,૦૦૦ રૂપિયા રાખવામાં આવી છે. આ ૪૭,૦૦૦ આવક મર્યાદા ગામડાંમાં કોની છે? બહેને કુંવરબાઇનું મામેરાની વાત કરી. હું આવકારું છું. આવક મર્યાદા કેટલી? ૪૭,૦૦૦ રૂપિયા. આજે એક દલિતની, એક સફાઇ કર્મચારી નાનામાં નાની વ્યક્તિ હોય એની વાર્ષિક આવક રૂપિયા ૪૭,૦૦૦ ન હોય. માત્રને માત્ર અનુસૂચિત જાતિની મજાક કરવામાં આવતી હોય તેવી યોજના કરવામાં આવે. સરસ્વતિ સાધના યોજના એમાં શાળાએ જતી દીકરીઓને સાઇકલો આપવાની વાત છે. એ સાઇકલોની હાલત કયા પ્રકારની થયેલ છે તે આપણે ટીવીમાં જોઇએ છીએ. સમય ખૂબ ઓછો મળ્યો છે, પરંતુ અનુસૂચિત જાતિ આયોગ બનાવવાની વાત, અનુસૂચિત જાતિના લોકો છેલ્લાં અનેક વર્ષોથી કરી રહ્યા છે. શા માટે ગુજરાતની અંદર અનુસૂચિત જાતિ આયોગ આપવામાં આવતું નથી? શા માટે રોસ્ટર એક્ટ બનાવવામાં આવતો નથી? શા માટે રિઝર્વેશન એક્ટ બનાવવામાં આવતો નથી? દલિતોને જમીન ખરીદવા માટે સહાય આપવાની યોજના પણ છે. ૧ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે. પરંતુ એની આવક મર્યાદા શું? માત્ર ૪૭,૦૦૦. હું પૂછવા માગુ છું કે છેલ્લાં ૧૦ વર્ષમાં એક પણ દલિતને જમીન ખરીદવા માટેની

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સહાય આપી હોય તો આ ગૃહની અંદર એનું નામ રજૂ કરે. માત્રને માત્ર આંકડાઓની માયાજાળ, શબ્દોની સજાવટ અને સજાવટને...

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મોહનભાઇ ઢોડિયા.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ મંત્રીશ્રી માગણી નં. ૬૬ ૧૧૪૭ કરોડ ૫૭ લાખ ૩૩ હજાર રૂપિયાની લઇને આવ્યા છે, એને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

જ્યારે સિંચાઇ ક્ષેત્રની વાત થતી હોય ત્યારે સૌ પ્રથમ તો હું ગુજરાત સરકાર અને ભારતીય જનતા પાર્ટીની સરકારને અને માજી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને તે સમયના નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને વિજયભાઇ રૂપાણી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન એટલા માટે આપવા માગુ છું કે આ ગુજરાતના ખેડૂતોના સિંચાઇના પીયાવાના વ્યાજનાં નાણાં માફ કર્યાં, નહિતર વર્ષોથી આ ખેડૂતો દેવાદાર હતા. એક સમયે કેન્દ્રની સરકારમાં કોંગ્રેસની સરકાર એમ કહેતી હતી કે અમે દેવા માફ કર્યા અને દેવા માફ કર્યા તો કેવા કર્યા? ગરીબોને માટે આ પીયાવાના પૈસા ગુજરાતના ખેડૂતોને.(અંતરાય)

સભાપતિશ્રી : વચ્ચે ડિસ્ટર્બ ન કરો. એમને એમની વાત રજૂ કરવા દો. મહેરબાની કરીને કોઇપણ સભ્ય વચ્ચે એમને ડિસ્ટર્બ ન કરે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : આ માથા ઉપર કરજ હતું એ કરજ માફ કરવામાં એને કઇ રીતે માફ કરી શકયા? તે માફ તો કર્યા નહીં અને એક તરફ એમ કહો છો કે ખેડૂતોના દેવા માફ કર્યા. ગરીબોના દેવા માફ કરવા જોઇતા હતા તે પણ માફ કર્યા નહીં અને મોટી મોટી વાતો કરીને એમ કહેતા હતા કે ગુજરાતના ખેડૂતોના દેવા માફ કર્યા. ત્યારે આ રાજયના મુખ્યમંત્રી અને આ સરકારને અભિનંદન આપીએ એટલા ઓછા છે.

સભાપતિશ્રી : હું બિલકુલ ધ્યાનથી સાંભળું છું. એકદમ બરાબર છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા: માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર આદિવાસી તરીકે આ ગુજરાતના મુખ્યમંત્રી પણ હતા. તે સમયે અમારા સુરત જિલ્લાની અંદર ઉમરપાડાથી માંડીને માંગરોળ સુધીનો વિસ્તાર જે સૂકો પ્રદેશ છે તેમાં જે યોજનાઓ બનાવવી જોઇતી હતી તે તે સમયે બનાવી નહીં. તેના કારણે આ વિસ્તારની અંદર સુરત જિલ્લાની અંદર (અંતરાય)

સભાપતિશ્રી : તમારો વારો આવે ત્યારે બોલજો. તેમને તેમનું પ્રવચન કરવા દો.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી,આ વિસ્તારની અંદર વધુને વધુ સિંચાઇના લાભો આપી શકાય તે માટે રાજય સરકાર દ્વારા ૧૯૭૩ કરોડ રૂપિયાની યોજના કડાણા કરજણ કાકરાપાર દિયોદર બોરીદ્રા કંટવા ઉદ્વહન સિંચાઇ યોજનાનું આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખાતમુર્હુત કર્યુ. તેનું કામ આજે જોરશોરથી ચાલી રહ્યું છે. અમારા આ વિસ્તાર માંગરોળ, ઉમરપાડા, કંટવા વિસ્તારની જનતાને પાણીની સુવિધા, સિંચાઇની સુવિધા મળતી ન હતી તેમાં બે હજાર હેકટર જેટલી જમીનમાં સિંચાઇની સુવિધા મળવાની છે. મારો કાર્યવિસ્તાર નવ નદીના કાંઠા વિસ્તારમાં આવેલ છે. તે નવ નદીના કાંઠા વિસ્તારની અંદર અત્યારે ચેકડેમોનું કામ ચાલી રહ્યું છે, ઉદ્વહન સિંચાઇ યોજના આ વિસ્તારમાં મૂકવામાં આવી છે તેના દ્વારા ચોવીસ કલાક પાવર થકી આદિવાસી સમાજના ખેડૂતોને ખેતરે ખેતરે પાણી મળે છે. મારા વિસ્તારમાં ઉકાઇ અને કાકરાપાર ડેમ આવેલ છે. તેના આધારિત કેનાલોનું આધુનિકરણ કરવા માટે ૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર (રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરવા માગુ છું. પૂજય બાબસાહેબ આંબેડકરને યાદ કરું ત્યારે કે જેમણે સંવિધાનની રચના કરી અને તેના થકી હજારો, લાખો કરોડો ગરીબો, પછાતોના વિકાસની ગાથા લખી તેને રોકવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઇ રહ્યું છે. પૂજય બાબાસાહેબ આંબેડકરની વિચારધારા એટલે સમાનતાની વિચારધારા. તે સમાનતાની વિચારધારામાં આઝાદીના આટલા વર્ષો પછી પણ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ના લોકો આવી શક્યા છે? આ ખૂબ મોટો સવાલ છે. બાવીસ વર્ષથી તમે બેઠા છો ગુજરાતમાં તો આ લોકોના વિકાસ માટે રાજય સરકારે શું કર્યુ તેનો જવાબ રાજય સરકારે આપવો પડશે. જે રીતે અહીંયાં આંકડાઓની માયાજાળ મૂકવામાં આવી, અમારી તો તકલીફ એ છે કે સત્તામાં બેઠેલા એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ના ધારાસભ્યો *(xxx) ખબર છે એમને...

સભાપતિશ્રી : *(xxx) તે શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : ખબર છે કે સરકારની નિષ્ફળતાઓ છે. આ સરકારની નિષ્ફળતા હોવા છતાં સરકારની નિષ્ફળ નીતિઓની પ્રસંશા જયારે કરે ત્યારે દુઃખ થાય છે કે જે લોકોના હકક અને અધિકારની વાત આપે કરવી જોઇએ તે નથી બોલતા. ત્યારે મનિષાબેન જેવા ધારાસભ્ય વખાણ કરે છે ત્યારે દુઃખ થાય છે. અહીંયાં સામાજિક અધિકારીતાની વાત કરીએ છીએ પણ અહીં અમારા માનનીય મંત્રીશ્રી પુરુષોત્તમભાઇ જેવા દુઃખી છે તો અમારી તો શું દશા હશે આ સમાજની આ વિચારવા જેવી વસ્તુ છે. જે ઓ.બી.સી.ને ૨૭ ટકા અનામત મળી હતી તે ૨૭ ટકા અનામતમાંથી માત્ર ૧૨ થી ૧૫ ટકા સીટો ભરાય છે. આ રાજય સરકારની જે પણ સરકારી ભરતીઓ છે તેમાં ૧૨ થી ૧૫ ટકા સીટો ભરાય છે તો તેનું કારણ શું છે? સામાજિક શૈક્ષણિક પછાત છે. સામાજિક શૈક્ષણિક ઉત્થાન થવું જોઇએ, શૈક્ષણિક સદ્ધરતા આવવી જોઇએ તે સદ્ધરતા લાવવામાં રાજય સરકાર નિષ્ફળ ગઇ છે. રાજય સરકાર આમની શૈક્ષણિક સદ્ધરતા માટે શું કરવા માગે છે. તેનો જવાબ રાજય સરકારે આપવો

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પડશે. ૧૨ થી ૧૩ ટકા સીટો ખાલી રહેશે. વાત આવે પછાત નિગમની. પછાત નિગમોને શું આપ્યું રાજય સરકારે? ૫૨(બાવન) ટકા વસતિ છે, તો આ વસતિને આ બજેટમાં ફાળવણી શું? તો માત્ર ૨૦૦–૫૦૦ કરોડ રૂપિયા. આ ૨૦૦–૫૦૦ કરોડથી આમનો વિકાસ થશે? ૨૦૦–૫૦૦ કરોડ આ લોકોને મળે છે ખરા? નથી મળતા. વાસ્તવિકતા એ છે કે આ ફાળવેલા નાણા પણ આ લોકોને નથી મળતા. તેમાં ઠાકોર અને કોળી વિકાસ નિગમની વાત કરું તો તે માત્ર શોભાના ગાંઠિયા જેવું છે. માનનીય નીતિનભાઇ સાહેબ હું આપને બે હાથ જોડીને વિનંતી કરું  કે આ ઠાકોર કોળી વિકાસ નિગમમાં નાણાં મૂકો, બજેટ ફાળવો. નહીંતર વિખેરી નાંખો. અમારા ગરીબ લોકો રાહ જોઇને બેઠા છે ને કંઇ મળતું નથી. ફોર્મ ભરે છે પણ તેમના શૈક્ષણિક કામ માટે, ઉદ્યોગ માટે, ધંધા માટે લોન મળવી જોઇએ તે નથી મળતી આ વાસ્તવિકતા છે. આ રાજય સરકાર પછાતો સાથે કયો વ્યવહાર કરવા માગે છે? તત્કાલિન મુખ્યમંત્રીશ્રી સાથે જયારે હું ચર્ચા કરતો ત્યારે મેં કહ્યું કે આ રાજય આ પછાતોને નાણાં મળે તેના માટે શું વ્યવસ્થા કરવા માગે છે? તો કહે કે કેન્દ્રમાંથી અઢળક નાણાં આવે છે પરંતુ રાજય સરકાર ગેરન્ટર નથી બની શકતી. તેનું કારણ? તો કારણ એ છે કે આ લોકો લોન નથી ભરતા. દસ હજારની લોન લેનાર માટે બે વિઘા જમીન ગીરવે મૂકાવીએ છીએ.  આ ઉદ્યોગપતિઓને ચાલીસ–ચાલીસ હજાર કરોડ રૂપિયા આપીએ તો પણ ગેરન્ટર તેમના બનવાનું. આ ગરીબોની ગેરન્ટર આ સરકાર નથી બનતી. તો બનવા માગો છો કે કેમ? કુંવરબાઇના મામેરાની વાત કરી. કુંવરબાઇનું મામેરું કોણે ભર્યુ હતું? એ તો ભગવાન કૃષ્ણએ ભર્યુ હતું, આ રાજય સરકાર ભગવાન નથી, જો ભગવાન હોત તો ગુજરાતના ઓ.બી.સી., એસ.સી., એસ.ટી.નો વિકાસ થયો જ હોત. એટલે માફ કરશો આપ ભગવાન નથી અને ભગવાન જેવા કામ પણ નથી કર્યા. આ ગુજરાતના ગરીબો અને પછાતોના વિકાસ માટે આપ શું કરવા માગો છો? તેનો જવાબ રાજય સરકારે આપવો પડશે. માત્ર ખાલી વાતો, માત્ર સારા વચનો આપવાથી કંઇ નહીં ચાલે. અમારી તો વાત એ છે કે સામાજિક કલ્યાણની અંદર જે નિયામકશ્રીઓ બેઠા છે તે નિવૃત્ત થયા પછી પણ પંદર–પંદર વર્ષ પછી ત્યાં મૂકી રાખો છો. આ લોકો અમારું શું ભલું કરવાના છે? તમે એમને એક્સટેન્શન આપો છો તો તમારી પાસે સારા અધિકારીઓ નથી કે આ લોકોને વિકાસ આપી શકે. આપના માધ્યમથી રાજય સરકારને વિનંતી કરું છું કે, ગુજરાતની અંદર ગરીબો, પછાતો માટે આપ અલાયદી બજેટની ફાળવણી કરવા માગો છો કે કેમ? ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગોપાલક વિકાસ નિગમ, માટીકામ નિગમ આ તમામ નિગમોને આપ સારું બજેટ ફાળવવા માગો છો કે કેમ? તેનો પણ જવાબ આપશ્રીએ આપવો પડશે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રાઘવભાઇ  ચોં. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાણી પુરવઠા માગણી ક્રમાંક–૬૭ લઇને આવ્યા છે તેને મારું સમર્થન કરું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું. રાજયમાં વસતા તમામ નાગરિકોને શુદ્ધ અને સારું પાણી પ્રાપ્ત થાય તે માટે સરકારે અનેક પ્રયાસો કર્યા છે. આરોગ્યને પાણી સાથે સીધો સંબંધ છે. શુદ્ધ પાણી હોય તો આરોગ્ય સારું રહે છે, અશુદ્ધ અને ક્ષારવાળું પાણી જો પીવામાં આવે તો અનેક પ્રકારના રોગ થાય છે તે આપણે જાણીએ છીએ. શુદ્ધ પાણી તો નિરોગી જીવન એમ આપણે કહીએ છીએ, તે પ્રમાણે મોટાભાગના રોગો પાણીજન્ય હોય છે ત્યારે બાવીસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર રાજયની અંદર કામ કરે છે ત્યારે ખાસ કરીને પાણી માટે ખૂબ ચિંતા કરી છે. બાવીસ વર્ષ પહેલાં ગુજરાત અછતગ્રસ્ત રાજય હતું, અત્યારે નથી. કારણકે બાર મહિના પૈકીના ચાર મહિના ટેન્કરોથી ફરજિયાત ગાડુ ચલાવવામાં આવતું હતું. ચાર મહિના બાકી હોય અછતગ્રસ્ત જાહેર કરવામાં આવે અને ટેન્કરો દ્વારા લાખો અને કરોડો રૂપિયાનો ખર્ચ થતો હતો.

સભાપતિશ્રી : માનનીય રાઘવભાઇ, આપનું પ્રવચન ચાલુ રહે છે, અત્યારે વિરામનો સમય થયો છે ગૃહ ફરી વિરામ બાદ ૨.૩૦ વાગ્યે મળશે.

**(વિરામ બપોરના ૧.૩૦ થી ૨.૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર,  માનનીય આર.સી. મકવાણા, આપનું પ્રવચન ચાલુ છે.

શ્રી રાઘવભાઇ  ચોં. મકવાણા : મારી કેટલી મિનિટ છે?

અધ્યક્ષશ્રી : ૧૪–૩૩ સુધી છે, આપની પાસે ત્રણ મિનિટ છે.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો દરિયાકિનારાના વિસ્તારોની, કે જ્યાં ક્ષારવાળું પાણી દરિયાકિનારો હોવાના કારણે જમીનની અંદર ખૂબ મોટાં પ્રમાણમાં છે. એની આપણે કલ્પના કરીએ તો પણ ભયાનક છે. બાવીસ વરસથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને આ સરકાર દ્વારા નર્મદાનું પાણી ગામડે ગામડે સુધી પહોંચાડવાનું, શહેર શહેર સુધી પહોંચાડવાનું કામ કદાચ ના કર્યું હોત તો કેવી પરિસ્થિતિનું નિર્માણ હોત એ વિચાર પણ ભયાનક છે, મારા મિત્રો અહીંયા ૧૬૦૦ કિલોમીટરની પટ્ટી પૈકી ૪૦૦ કિલોમીટરના ધારાસભ્યશ્રીઓ, મોટાભાગના નવમાંથી આ સામે બેઠાં છે એ આ વાતના સાક્ષી છે કે કદાચ આ સમગ્ર કિનારાની અંદર જો નજીક વસતા ગામડાં અને શહેરની અંદર આ નર્મદાનું પાણી પહોંચ્યું ન હોત તો પરિસ્થિતિ ખૂબ ખરાબ હોત. એટલે એ પણ ભારતીય જનતા પાર્ટીની એક દેન છે.

અધ્યક્ષશ્રી : મકવાણાજી, એક વાત કહું, અમારા વકીલાતના નિયમો અમે જે જાણીએ એમાં સામાવાળાને કોઇ દિવસ સાક્ષી નહિ બનાવવા. ચાલો આગળ ચાલો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : નહિ સાહેબ આમાં બનાવવા પડે તેમ છે કારણકે અમારી સરકારની વાત એમને ગળે ઉતરવી જોઇએ. એટલા માટે મેં આ વાત કરી છે. સમુદ્રનું ક્ષારનું પાણી કૂદકે ને ભૂસકે જ્યારે ધરતીની અંદર પ્રવેશ કરી રહ્યું છે ત્યારે સરકાર માટે અને આપણા બધાના માટે એ ચિંતાનો વિષય છે એ સમયની અંદર જ્યારે આ નર્મદાનું પાણી અમારે ત્યાં મહુવા, ભાવનગર જિલ્લામાં અને માંગરોળ પોરબંદર સુધી એ પહોંચ્યા છે એ ભારતીય જનતા પાર્ટીની દેન છે. એક સમય એવો હતો કે ટેન્કરોનું રાજ હતું. ૨૦૦૧માં અહીંયા મારી આગળ આંકડા છે એ પ્રમાણે ૪૦૫૪ ગામડાંને ટેન્કરથી પાણી આપવામાં આવતું હતું અને છેલ્લે ૨૦૧૭માં માત્ર ૫૬૪ ગામડાંને ટેન્કરથી પાણી આપવાનું કામ થઇ રહ્યું છે. ધીમે ધીમે ટેન્કરો નાબૂદ થાય એ પ્રકારના પ્રયાસો જ્યારે સરકાર દ્વારા થઇ રહ્યા છે ત્યારે હું ફરીને સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય ડો. અનિલભાઇ જોષીયારાજી.

ડો. અનિલ જોષિયારા (ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની જ્યારે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધુ જો પાણીની તકલીફ હોય તો એ અમારા ટ્રાયબલ વિસ્તારમાં છે. અમારો વિસ્તાર એ હીલી એરિયા છે અને એમાં પાણીના સ્તર ઝડપથી નીચે જઇ રહ્યા છે અને એના લીધે પરિસ્થિતિ એ થઇ છે કે આપણે જે હેન્ડપંપ બનાવીએ છીએ એ ૩૦૦ ફૂટ સુધી બનાવીએ છીએ અને અત્યારે પાણીના સ્તર ૩૦૦ ફૂટે નથી મળતાં, અત્યારે ૪૦૦, ૫૦૦ ફૂટ જતાં રહ્યા છે, જ્યારે આપણે હેન્ડપંપ કરીને જે પાણી મેળવીએ છીએ એમાં હેન્ડપંપ લગાવીએ છીએ, હેન્ડલ લગાવીએ છીએ ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, હવેના જે હેન્ડપંપ બનાવો તે મોટર સાથે બનાવો કારણકે ૩૦૦ ફૂટે પાણી જ્યારે મળે ત્યારે પાણીનું સ્તર ૧૨૦ ફૂટથી ઉપર હોય ત્યારે આ હેન્ડપંપ ચાલી શકતો નથી એટલે મંત્રીશ્રીને વિનંતી છે કે, આમાં થોડુંક ધ્યાન આપે.

બીજી મુશ્કેલી એ છે કે, જે જૂથ યોજનાઓ બની છે. એ જૂથ યોજનાઓ બાંધ્યા ગામ સુધી પાણી આવે છે, પરંતુ જેવો ટ્રયબલનો વિસ્તાર આવે ત્યારે કાં તો એના છેવાડાથી જતી રહે, કાં તો ત્યાં આવીને અટકી જાય છે સાહેબ આના માટે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, આમાં ધ્યાન આપવામાં આવે. સરકારશ્રીએ તો જવાબ આપ્યો છે કે સાડા દસ લાખ પરિવારોને પાણી મળી ગયું છે. પરંતુ આની તપાસ કરો આમાં સાડા દસ લાખ પરિવારોને કોઇ પાણી મળ્યું નથી. ૨૦૧૦માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ વાત કરી હતી ઘરે ઘરે રસોડા સુધી નળથી પાણી આપવાની. આજે પણ અમે હેન્ડપંપથી પાણી મેળવી રહ્યા છીએ એવી પરિસ્થિતિ છે. ઘણા એવા ગામડાં છે કે જ્યાં નીચેનું જે સ્તર છે એમાં બ્લેક સ્ટોન છે એટલે ત્યાં પાણી મળતું નથી. આવા વિસ્તારોમાં કોઇ પણ રીતે અમારા વિસ્તારમાં તો ડેમ છે એવુ નથી કે ડેમ નથી અમારી પાસે ડેમ છે પણ નથી અમને પીવાનું પાણી મળતું કે નથી અમને સિંચાઇનું પાણી મળતું મારી મંત્રીને વિનંતી છે કે, ૨૦૦૨માં પહેલાં તો એવી જાહેરાત કરી હતી કે તમને નર્મદાનું પાણી મળવાનું છે, સિંચાઇનું પાણી મળવાનું છે અને તે વખતના અહીંયાના સભ્ય મોહનભાઇ કુંડારીયા આજે નથી અત્યારે પણ તે એમ કહેતા હતા કે તમારે ચિંતા કરવાની જરૂર નથી તમારા અમરસિંહભાઇની આખી મોટી ગાડી નીકળી જાય એવી મોટી કેનાલથી પાણી મળવાનું છે. સાહેબ પણ કોઇ પાણી ના મળ્યું છેવટે અમને કહેવામાં આવ્યુ કે તમને સિંચાઇનું પાણી નહીં હવે અમે તમને પીવાનું પાણી આપીશું. પીવાનું પાણી પણ પછી ધીરે ધીરે સરકારી યોજનાઓ બદલતી ગઇ અને એમણે એમ કહ્યું કે નર્મદામાં વધારાનું વહી જતું પાણી તમને નાંખીશું અને એ હવે બંધ થઇ ગયું. છેલ્લા ઘણાં સમયથી એ પાણી એક વખત જયારે ઉદઘાટન થયુ તે સિવાય પાણી આવ્યુ નથી એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, મારા વિસ્તારોમાં આમ તો પીવાના પાણી માટે તમારી ગ્રાન્ટ છે એ ગ્રાન્ટ ઘટતી જાય છે ખરેખર તો વધવી જોઇએ. બજેટની જોગવાઇ વધે છે ત્યારે તમારી જે પાણી પુરવઠાની યોજના છે તેની ગ્રાન્ટ જે તમારે વધવી જોઇએ એમાં લગભગ ૭૭ કરોડ જેટલી ઓછી ગ્રાન્ટ ફાળવી છે એટલે આમાં પણ ગ્રાન્ટનો વધારો કરવાનો છે અને તેનો લાભ વધારેમાં વધારે કદાચ તમે અમને આપી શકો. અમારા વિસ્તારમાં જે ડેમો છે તે ડેમો માટે મેં હમણાં ચાર દિવસ પહેલાં પ્રશ્ન કર્યો હતો કે અમારા ભિલોડા તાલુકામાં જે ડેમો છે તેમાં જે ડી–સિલ્ટીંગનું કામ કેટલું કરવામાં આવ્યું ? મને નવાઇ લાગી કે મારા વિસ્તારમાં ૩૬ ડેમ બનાવ્યાં છે. સાહેબ કમસે કમ તમારો વિભાગ તપાસ તો કરે આટલા ૩૬ ડેમ મારા ભિલોડા મત વિસ્તારમાં છે ખરાં ?

માનનીય અધ્યક્ષશ્રી, મેં એટલા માટે આ ચિંતા વ્યકત કરી હતી કારણ કે ત્યાં અમારો હિલી વિસ્તાર હોવાના કારણે એકદમ પાણીનો ફોર્સ આવે છે, ચોમાસામાં ખૂબ પાણી આવે છે અને પછી પાણી જતું રહે છે અને પછી તે બધુ પાણી ડેમોમાં જતું રહે છે એના લીધે કાંપ ઠરી જાય અને એની પરિસ્થિતિ એ થાય છે કે મોટાભાગના ડેમ અત્યારે કાંપથી ભરાઇ ગયા છે. મારી ચિંતા એ હતી કે તમે કાંપને ડી–સિલ્ટીંગ કરવાનું કામ કરશો તો આજુબાજુના વિસ્તારોમાં અત્યારે પરિસ્થિતિ એ છે કે જે કાંપ ભરાવાના કારણે આજુબાજુના જે બોર છે તેમાં પાણી બંધ થઇ ગયુ છે. આ એક ગંભીર બાબત છે કારણ કે કોઇ પણ ડેમનું આયુષ્ય હોય છે તે આયુષ્ય લગભગ ૫૦ થી ૬૦ વર્ષનું હોય છે અને અમારા જે ડેમો બનાવ્યાં છે તે લગભગ ૬૦ વર્ષ ઉપરના થઇ ગયા છે. તો આ ડેમોમાંથી કમસે કમ કાંપ કાઢવામાં આવે એવી વિનંતી છે. અને તમે તો જવાબ એવો આપ્યો છે કે તેમાં ઉનાળામાં પીવાના પાણીની જરૂરિયાત ઉભી થશે પણ અત્યારે કોરુ છે ત્યાં લોકો ખેતી કરે છે કારણ કે સમતળ જમીન થઇ ગઇ છે. લોકોને ખેતી કરવાનું અત્યારે સારું ફાવે છે એટલે મારી વિનંતી છે કે આવો સમય તમને નહીં મળે એટલે આ જે સમય છે તો આ સમયમાં તમે કાંપ કાઢી નાંખો અને કાંપ કાઢી નાંખશો તો આજુબાજુના જે કૂવાઓ છે તે રીચાર્જ થઇ જશે. બીજુ, અમારા જે મોહનભાઇ તેમના વિસ્તારની વાત કરતા હતા બહુ સારી સગવડો થઇ મને આનંદ થયો પણ એવી સગવડો અમારા

વિસ્તારમાં પણ થાય. એમને જે સોનગઢ વિસ્તારમાંથી ઉકાઇ ડેમમાંથી પાણી લાવવાની વાત કરી અને તળાવો પણ ભર્યા છે મેં તપાસ કરાવી તો મંત્રીશ્રીના વિસ્તારમાં પણ સારી સગવડ છે. આ સારી બાબત છે પણ એવી સગવડ અમારા વિસ્તારમાં પણ થાય અને અમારે ત્યાં ૧૧૨ ગામો હજુ બાકી છે ત્યાં પીવાનું પાણી પણ નથી મળતું તે ગામમાં પીવાના પાણીની સગવડ ઉભી કરો. અમારા જે મેશ્વો ડેમ છે અને હાથમતી ડેમ છે ૧૫ કિલોમીટરની રેન્જ છે તો લિફ્ટ ઈરીગેશનની યોજના બનાવી અને સિંચાઇનું પાણી આપી શકાય તેમ છે પણ ખબર પડતી નથી સરકાર કેમ આપતી નથી. અને જે લિફ્ટ ઈરીગેશનથી યોજના બનાવી તો કયાંથી બનાવી, તેને નદી આધારિત નદીમાં નીચે પત્થર હોવાના કારણે અને છ મીટર જ ખોદકામ કરવામાં આવ્યુ અને તેના માટે ચોમાસામાં રહ્યું અને બાકીના સમયમાં તે જે કૂવા હતા તે કોરા થઇ ગયા. આજે એક પણ યોજના ચાલતી નથી મોટાભાગના તમારા પૈસા વેસ્ટ ગયા મૃતપાય હાલતમાં આ યોજના છે એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે તમે આના ઉપર ખૂબ ધ્યાન આપો અને પાકા તળાવો નક્કી કરાય સાહેબ, જે વિસ્તારમાં કોઇ સિંચાઇની સગવડ નથી તે વિસ્તારને તમારે પ્રાયોરિટી આપવી જોઇએ અને તમારે આખો વિસ્તાર ચેક કરી લેવો જોઇએ અને તે વિસ્તારમાં કેટલાં તળાવો કરવાના છે તે જોઇ લેવું પડે. પાક તળાવો આવવાથી અમારા વિસ્તારને પાણી નથી મળી શકવાનું. બીજુ, અમારો જે વિજયનગરનો વિસ્તાર છે તેમાં વણક ડેમ છે તેની કેપેસિટી પ્રમાણે પાણી ઘણું છે પણ તે ચોમાસામાં જતું રહે છે તો સાહેબ તેને ઉંડો કરવામાં આવે, તેની કેપેસિટી વધારવામાં આવે તો ગ્રેવિટીથી પાણી મળી શકે તેમ છે. કારણ કે તે અપ સ્ટ્રીમમાં છે અને અમારા જે ડેમો છે તે ડાઉન સ્ટ્રીમમાં છે. અમે બધા અપ સ્ટ્રીમના ભાગમાં રહીએ છીએ એટલે અમારા વિસ્તારને પાણી નથી મળી શકતું ત્યારે આપને અમારી વિનંતી છે કે, અમારા સિંચાઇના મોટાભાગના પૈસા ૨૦૦૭થી તમે નર્મદા નિગમને શેરમૂડી ફાળો આપવાનુ ચાલુ કર્યુ છે. અત્યાર સુધી ૩,૦૦૦ કરોડ તમે વાપર્યા છે. આ પૈસા બંધ કરાવો અને અમારા વિસ્તારને આપો જેથી અમારા વિસ્તારમાં સિંચાઈની સગવડો ઊભી થાય. તમે સિંચાઇ માટે છેલ્લા ૧૦ વર્ષમાં ૭,૯૯૫ કરોડ અને ૩૭ લાખ રૂપિયા વાપર્યા છે એનો લાભ તો અમને મળ્યો જ નથી. તમે તો કહ્યું હતું કે, અમારા વિસ્તારમાં બૃહદ ચેકડેમો બનાવીશું. એક પણ ચેકડેમ નથી બનાવ્યો. કોઇ પણ યોજના નથી બનાવી. ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, કોઇક એવી યોજના બનાવો જેથી અમારા વિસ્તારને પણ પાણીનો લાભ મળી શકે. અમારી પાસે મેશ્વો ડેમ છે. હાથમતી ડેમ છે. ઇન્દ્રાસી ડેમ છે. ઇન્દ્રાસીને તમે ડેમ પણ નથી ગણતા અને તળાવ પણ નથી ગણતા. આવા પાણીના સંગ્રહાલયોનો ઉપયોગ કરીને અમારા વિસ્તારને પાણી મળે એવું કંઇક આયોજન કરો અને બીજું અમારા મેઘરજ તાલુકામાં ભણવદ ડેમ છે એ ઘણા સમયથી આયોજન થઇ ગયું પણ એની કામગીરી આગળ વધતી નથી ત્યારે મારી વિનંતી છે કે, અધિકારી દ્વારા તપાસ કરાવો અને આ ડેમ જો થઇ જાય તો મેઘરજ તાલુકાના લગભગ પોણા વિસ્તારને પાણી મળી શકે એમ છે.

શ્રી હિતુ કનોડીયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અમારા યુવા મંત્રીશ્રી ઇશ્વરભાઇ માગણી ક્રમાંક – ૯૫ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને આપની સમક્ષ મારી રજૂઆત કરું છું. કોંગ્રેસના મિત્રો અને મારા મિત્ર અલ્પેશભાઇ કહેતા હતાં કે, મનીષા બેનને તો •(×××) વખાણ કરવા પડતા હોય છે.

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખવામાં આવ્યા હતા કે નહિ?

શ્રી હિતુ કનોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તમે *(×××) શબ્દો કાઢી નાખ્યા હતા.

અધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ. *(×××) શબ્દ હશે તો હું કાઢી નાખીશ.

શ્રી હિતુ કનોડીયા : અમે વખાણ ન કરીએ તો બીજું શું કરીએ? ૫૦ વર્ષ અને ૨૨ વર્ષનો તમે રેશિયો જોશો તો તમને લાગશે કે આ તો પાટલી નહિ પણ ખુરશીઓ ખખડાવા જેવું છે. એમણે એટલાં બધાં કામ કરીને બતાવ્યા છે પણ તમે કહો છો કે વખાણ નહિ કરવાના તો મારે આજે વખાણ નથી કરવા. મારે મારા સમાજ માટે વાત કરવી છે. અનુસૂચિત જાતિમાંથી હું આવું છું. મારે વખાણ નથી કરવા. શિક્ષણ, આરોગ્ય જેવા ક્ષેત્રોમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે અમારા માટે ઘણા કામો કર્યા છે પણ મારે નથી ગણાવવા. મારે માત્ર એક વાત કહેવી છે કે, એક વાક્ય હંમેશા બોલાતું હોય છે કે, ''દલિત, પીડિત, શોષિત, વંચિત, છેવાડાનો માણસ.'' આ ૨૧મી સદી છે અને આ વાક્યમાં દલિત, પીડિત, શોષિત, વંચિત, છેવાડાના માણસ સાથે દલિત પણ જોડવામાં આવે છે. બધા માટે આ શરમની વાત છે પણ આ માત્ર કોઇ રાજકીય પક્ષનો વાંક નથી. બધાં જ રાજકીય પક્ષો અનુસૂચિત જાતિ માટે ખૂબ કામ કરતાં હોય છે. અનુસૂચિત જાતિ માટે ૨૨ વર્ષમાં ખૂબ સારા કામો કર્યા છે. એની પહેલાં તમે પણ સારા કામો કર્યા છે. હું એમની અવગણના નથી કરતો. મને ખબર છે કે, આ વિધાનસભા ગૃહની બહારની વાત છે પણ તે છતાંય હું અહીં બોલવા માગું છું કે, મૂળ મુદ્દો છે એ અસ્પૃશ્યતાનો છે. મૂળ જે મુદ્દો છે એ સામાજિક મુદ્દો છે. અમારી અનુસૂચિત જાતિમાં, હિંદુ જાતિમાં પહેલેથી જ આ વાત મગજમાં નાખવામાં આવે છે એ મૂળ મુદ્દો છે. હું એ વાત કરવા માગું છું કે, એના પ્રત્યે આપણે સૌએ મળીને કામ કરવું જોઇએ. બધી જ પાર્ટી પોતાનું કામ સારી રીતે કરતી હોય છે પણ સમાજે ઊભું થવું પડશે. અસ્પૃશ્યતાનું જે ગૂમડું છે એને ખોતરી ખોતરીને વધારે મોટું કર્યું છે. ઘાવ વધ્યા જ કરે છે. અનુસૂચિત જાતિના દિલમાં જે ઘાવ છે એમાં વધારેને વધારે આક્રોશ પેદા કરવામાં આવતો હોય છે. આંદોલન થકી કરવામાં આવતો હોય છે. ભગવાન ભોળાનાથે ઝેર પી અને ઠંડક આપી હતી. ઠંડક આપવાનું કામ કરો. આપણે લોકો સમજીએ છીએ કે, એ આપણે કેવી રીતે આગળ વધારી શકીએ. દરેક સમાજના દરેક ધર્મગુરૂ એક થાય, દરેક રાજકીય પક્ષના દરેક આગેવાન એક થાય, અનુસૂચિત

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જાતિ માટે એક થાય. આ ગૃહની અંદર જેટલા પણ ધારાસભ્ય છે એ બધાં એક થાય. ખાસ કરીને અનુસૂચિત જાતિના ૧૩ ધારાસભ્યો શ્રી શૈલેષ ભાઇ બેઠા છે, શ્રી પ્રવિણભાઇ બેઠા છે, શ્રી નૌશાદભાઇ બેઠા છે, શ્રી જીગ્નેશભાઇ મેવાણી આજે આવ્યા નથી, શ્રી પ્રદિપભાઇ બેઠા છે, શ્રીમતી મનીષાબેન બેઠા છે, શ્રીમતી માલતીબેન બેઠા છે, શ્રી કરસનકાકા બેઠા છે તે બધાં મળીને અનુસૂચિત જાતિ માટે કંઇક કરીએ, કંઇક વિચારીએ. કંઇક વિચારીએ, આ અસ્પૃશ્યતાની વાત આપણે આપણા સમાજોમાંથી, આપણા દેશમાંથી બહાર કાઢવાની પૂરી કોશીશ કરીએ. બસ, આ જ મારી નમ્ર વિનંતી છે. બાકી આંકડાઓની રમત તો આપણે રમતા રહીશું, અમારા આંકડાઓ અમે લોકો જે આપીએ છીએ, સાચા આપીએ છીએ, અમારા આંકડાઓ જ છે એ પ્રમાણે કામ પણ થાય છે, અમલીકરણ પણ થાય છે, યોજનાઓ પણ આવે છે અને એને અમલમાં મૂકવામાં પણ આવે છે પણ અહીંયાથી કહેવામાં આવે કે, આટલા પૈસા નથી વાપર્યા અને આટલા પૈસા વાપર્યા, આ ને તે ને, આ બધું ચાલ્યા કરશે પણ The main problem has to be solved, I request this Vidhansabha House. પ્લીઝ, આપણે સાથે મળીને અનુસૂચિત સમાજ માટે કંઇક કરીએ. ખૂબ ખૂબ આભાર.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના ગરીબ, પછાત, અશક્ત અને છેવાડાના માણસની ચિંતા કરવા માટે અને એના માટે કામ કરવા માટે આ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ છે. આ રાજયની પર ટકા ઓ.બી.સી. સમાજની વસતિ, ૭ ટકા એસ.સી. સમાજ, ૧૦ ટકા લઘુમતી સમાજ આમ, વસતિના પ્રમાણમાં જોઇએ તો લગભગ ૭૦ ટકા જેટલી આ રાજયની વસતિ માટે જે પણ યોજનાકીય કામ થાય, જે પણ નાણાં ફાળવાય એ આ વિભાગ હેઠળ ફાળવાતાં હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણની જોગવાઇ મુજબ અનુસૂચિત જનજાતિની વસતિના પ્રમાણે બજેટમાં રકમની ફાળવણી થતી હોય છે, પણ આ રાજયની પર ટકા વસતિ ધરાવતા ઓ.બી.સી. સમાજને આ ભારતીય જનતા પાર્ટીના ૨૨ વર્ષના શાસનમાં ઘોર અન્યાય કરવામાં આવ્યો હોય એવું આટલા વર્ષોના બજેટ પરથી ફલિત થાય છે. પર ટકા વસતિ માટે પર ટકા બજેટ ના ફાળવાય પણ એક ટકા કરતાં પણ ઓછું બજેટ ફાળવાય ત્યારે ખરેખર સરકારને મારે પૂછવું છે કે, સૌનો સાથ અને સૌનો વિકાસ કરવાની વાત કરવાવાળી આ સરકાર એ વિકાસનાં ફળ આપવામાં ક્યાંકને ક્યાંક ઓ.બી.સી. હોય, એસ. સી. હોય, એસ. ટી. હોય કે લઘુમતી સમાજ હોય એને બાકાત રાખતી હોય એવું આ બજેટમાંથી સ્પષ્ટ ફળીભૂત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, થોડાક આંકડા આપવા માગું છું કે, બજેટમાં રકમ તો ફાળવાય પણ એની સામે વર્ષના અંતે જયારે ખર્ચ કરવાની વાત આવે ત્યારે ખરેખર ઓછો ખર્ચ થતો હોય છે. ૨૦૧૨-૧૩ના વર્ષના બજેટમાં વિકસતિ જાતિ માટે ૮૦૫ કરોડ રૂપિયા એની સામે ખર્ચ થયો છે એ ૮૦૦ કરોડ રૂપિયા, ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૯૬૪ કરોડ એની સામે ખર્ચ થયો ૯૧૪ કરોડ રૂપિયા, ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૧૧૪૩.૩૩ કરોડની સામે ખર્ચ થયો ૯૬૫ કરોડ રૂપિયા, ૨૦૧૫-૧૬ના વર્ષમાં ૧૨૪૫.૭૪ કરોડ રૂપિયા સામે ખર્ચ થયો ૧૨૩૮ કરોડ રૂપિયા અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૧૫૩૮.૩૭ કરોડ રૂપિયાની ફાળવણી સામે ફક્ત ખર્ચ થયો છે ૧૩૩૦ કરોડ રૂપિયા એટલે સરકાર બજેટમાં મોટો આંકડો તો ફાળવે પણ જયારે વર્ષના અંતે ખર્ચ જોઇએ તો પૂરતો ખર્ચ પણ આ સરકાર આ સમાજો માટે કરી શકતી નથી. મારા પક્ષ તરફથી સરકારને હું વિનંતી કરું કે, જેમ શાસક પક્ષના અમારા મિત્ર ભાઇ શ્રી કિશોરભાઇએ રજૂઆત કરી કે આ પર ટકા વસતિ ધરાવતા સમાજને જો ખરેખર આપણે વિકાસના ફળ આપવાં હોય અને ખરેખર વિકાસમાં એને આપણી સાથે સહભાગી બનાવવો હોય તો એ માટે વિભાગ અલગથી બનાવવો જોઇએ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના લોકો માટે એક અલગથી વિભાગ બનાવી અને ઘણા બધા અહીંયા અમારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મિત્રો ધારાસભ્યશ્રી તરીકે ચૂંટાયા છે એમણે અલગથી મંત્રી પણ બનાવવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર પર ટકા બજેટ ના આપે તો વાંધો નહીં, પણ આ રાજય સરકારે બક્ષી પંચ સમાજ માટે ૨૭ ટકા અનામત સ્વીકારી છે અને કોંગ્રેસની સરકારે અનામત લાવી અને આજ દિન સુધી શિક્ષણ અને નોકરીઓમાં આ સમાજના લોકોને ૨૭ ટકા અનામત આપી રહ્યા છે ત્યારે સરકાર પાસે મારી સ્પષ્ટ માગણી છે કે, પર ટકા વસતિ માટે પર ટકા ના આપો તો વાંધો નહીં પણ આ સમાજને એક સન્માન સાથે બાકી સમાજની સાથે વિકાસનાં ફળ મળે એટલા માટે સરકારે સ્વીકારેલી ૨૭ ટકાની અનામતની વાત છે તેના માટે ૨૭ ટકા રકમ બજેટમાં પણ આ સમાજ માટે ફળવાય તેવી મારી સરકાર સામે માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, થોડા સમય પહેલાં આ ભારતીય જનતા પાર્ટીની નિષ્ફળતા અને નીતિઓના કારણે ગુજરાતમાં જે બીન અનામત વર્ગના લોકો છે તેમાંય ખાસ કરીને પાટીદાર સમાજ, બ્રાહ્મણ સમાજ, રાજપૂત સમાજ અને અન્ય સમાજોએ અને તે સમાજના યુવાનોએ આંદોલન શરૂ કરેલું કે અમને પણ અનામત મળવી જોઇએ. આ આંદોલન અને એ સમાજોની પોતાની વાતોને દબાવવા માટે સરકારે આ યુવાનો પર રાજદ્રોહના કેસો કર્યા અને જેલમાં મોકલ્યા તેમજ ૧૪ જેટલા યુવાનો ગોળીએ દેવામાં આવ્યા. મારા કોંગ્રેસ પક્ષ તરફથી આજે આ માગણી કરું છું અને સરકારને વિનંતી કરું છું કે આ સમાજના યુવાનોની જે લાગણી અને માગણી છે એ મુજબની બિન અનામતના યુવાનો માટે એ સમાજના લોકો માટે શિક્ષણમાં અને સરકારી નોકરીઓમાં ૨૦ ટકા અનામતની જોગવાઇ પણ કરવામાં આવે. અને એ જોગવાઇને લગતી આ બજેટમાં ફાળવણી કરવામાં આવે. એના માટે જે કાંઇ સરવે કરવા પડે, અનામત આપવા માટે જે કાંઇ બંધારણ સુધારવા કરવા પડે, એના માટે બજેટ ફળવાય તો અમે પણ એમાં સમર્થન કરવા તૈયાર છીએ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી દલિત સમાજ માટે પણ ઘણી બધી વાત થઇ છે. મારે તો એટલું જ કહેવું છે કે, સરકાર બંધારણીય જોગવાઇઓનો પણ અમલ યોગ્ય રીતે કરતી નથી, ૭ ટકા વસતિ મુજબ બંધારણમાં દલિત સમાજ માટે આપણે ૭ ટકા રકમ ફાળવવાની હોય છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોના આંકડા જોઇએ તો ૨૦૧૫-૧૬ માં ફકત ૬.૪ ટકા ફાળવણી થઇ, ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ફકત ૨.૬૨ ટકા રકમ, ૨૦૧૭-૧૮ ના વર્ષમાં અત્યાર સુધીના જે આંકડા આવ્યા છે એ પ્રમાણે ફકત ૨.૭૨ ટકા રકમ આ સમાજને માટે ખર્ચ થતી હોય છે. એસ.સી. અને ઓ.બી.સી., અને લઘુમતી સમાજ કે જેની વસતિ ૭૦ ટકા હોય એને માટે યોગ્ય રકમ ન ફળવાય અને તેમને માટે ફળવાયેલી રકમનો યોગ્ય અને પૂરેપૂરો ખર્ચ પણ ન થાય, ત્યારે આ સમાજોને આ સરકાર તરફથી અન્યાય થઇ રહ્યો હોય તેવું માની રહ્યા છે ત્યારે સરકારને મારે વિનંતી કરવી છે કે બજેટમાં જે જોગવાઇઓ થાય છે, એમાં પણ કેટલીક અસમાનતાઓ છે તેને દૂર કરવી ખૂબ જરૂરી છે. આ દલિત સમાજના લોકો માટે આપણે એક તરફ પ્રધાનમંત્રી આવાસ યોજના લાવીએ અને તેમાં યુનિટ દીઠ ૧.૨૦ લાખ ગણવામાં આવતા હોય અને બીજી બાજુ આ જ ગુજરાતમાં બક્ષી પંચ સમાજના લોકો હોય તેમના માટે દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અને દલિત સમાજના લોકો માટે આંબેડકર આવાસ યોજના ચાલે છે, આ આવાસની કોસ્ટ ૭૦ હજાર રૂપિયા ગણવામાં આવે છે. આમ એક બાજુ એક મકાન બને તેના માટે આપણે ૧.૨૦ લાખ રૂપિયાની રકમ ફાળવીએ અને તેની બાજુમાં દલિત કે ઓ.બી.સી. સમાજના લોકોનું મકાન બને તેને માટે ૭૦ હજાર રૂપિયા ફાળવીએ આ અન્યાય અને અસમાનતા છે એ દૂર કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં મોંઘવારીને અનુરૂપ જે બક્ષી પંચના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવામાં આવે છે, જે ગણવેશ સહાયની રકમ આપવામાં આવે છે એ આજના સમયને અનુરૂપ નથી એટલે એમાં પણ વધારો થવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બક્ષીપંચના તાલુકા આઇડેન્ટીફાઇડ કરવામાં આવ્યા છે, વર્ષોથી તેના માટે ગ્રાન્ટની જોગવાઇ કરવાની પધ્ધતિ છે, બજેટમાં તેની રકમની ફાળવણી થાય, પણ આટલા વર્ષો પછી પણ વસતિ વધવા છતાં પણ આ તાલુકાઓના વિકાસ માટે જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, તે પૂરતી ફાળવવામાં નથી આવતી, એટલે મારી સરકારને વિનંતી છે કે આ ગ્રાન્ટમાં વધારો કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય સભ્યશ્રી મુકેશભાઇ.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સિંચાઇ અને ભૂમી સરક્ષણની માગણીઓ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યકત કરી અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે છેવાડાના ખેડૂતોને પાણી પહોંચાડવા માટે અને સામાન્ય માનવીને પાણી આપવું એ આ મેઇન બજેટની જોગવાઇ છે અને એ પ્રમાણે અને જરૂરીયાત મુજબની બજેટની અંદર માતબર રકમની જોગવોઇ કરી છે, તે બદલ હું સરકારને ધન્યવાદ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ડો. જોષીયારાજી કહેતા હતા કે બજેટમાં એમના માટે જોગવાઇ ઓછી કરી છે. મારે એમને યાદ અપાવવું છે કે તમારા ૪૦ વર્ષનું કુલ આ વિભાગનું બજેટ ફકત ૫૭૭૮ કરોડ રૂપિયાનું હતું. જયારે ભારતીય જનતા પાર્ટીની સરકારના વખતનું સન ૨૦૦૦ થી ૨૦૧૮ સુધીની વાત કરીએ તો એ ૩૭૧૭૮ કરોડ રૂપિયા જેટલુ થવા જાય છે. પહેલા વર્ષનું બજેટ ફકત સાત કરોડ રૂપિયા હતું. જયારે સન ૨૦૧૭-૧૮ના વર્ષનું બજેટ જોઇએ તો એમાં ૫૪૪૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી. એટલે આ સરકારે બજેટની અંદર આ વિભાગ માટે ખૂબ મોટી ફાળવણી કરી છે.

હું મારા વિસ્તારની વાત કરવા માગું છું. ઉકાઇ અને કાંકરાપાર યોજનાની વાત કરું તો અમારા આઠ તાલુકાના ૩૦૨ ગામોની ૧,૨૦,૦૫૪ હેકટર જમીનને પાણી આપવામાં આવે છે. ૨૦ વર્ષ પહેલા કોંગ્રેસની સરકાર હતી ત્યારે ખેડૂતો વર્ષમાં ફકત આઠ મહિના જ પાક લેતા હતા. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ જ ખેડૂતો શેરડી, કેળ અને ઉનાળુ પાક પણ લેતા થયા છે એટલે કે બારેમાસ પાક લેતા થયા છે. ઉકાઇ અને કાંકરાપાર યોજના બની ત્યારે એટલે કે ૨૨ વર્ષ પહેલા કેનાલની કેપેસિટી ૨૪૫૦ કયુસેકની વહન ક્ષમતા હતી. જયારે ૨૨ વર્ષ પછી આ જ યોજનાનો લાભ લેતા ખેડૂતો બારે માસ પાક પકવતો થયો છે એના માટે પાણીની ખૂબ જરૂર હતી ત્યારે આ વિભાગે એના માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી અને કાંકરાપાર જમણાકાંઠાની કેનાલ માટે પાકુ કામ કરવાની યોજના બનાવી એના માટે આ વિભાગના અધિકારીઓને હું ધન્યવાદ આપું છું કારણ કે ૨૫૯ કરોડ રૂપિયાનું કામ ૮૦ દિવસની લિમિટ હતી, ખેડૂતોને ટાઇમસર પાણી મળે એટલા માટે ૮૦ દિવસનું કામ ફકત ૭૬ દિવસમાં ૨૫૯ કરોડ રૂપિયાના ખર્ચે કરીને પાણી પહોંચાડ્યું છે, પહેલા કેનાલની કેપેસિટી ૨૪૫૦ કયુસેકની હતી એ ૩૫૦૦ કયુસેકની કરવામાં આવી છે.

સન ૨૦૧૫-૧૬ના વર્ષની વાત કરીએ તો મારા વિસ્તારમાં ઉનાળુ પાક પકવતો વિસ્તાર હાંસોટ તાલુકાનો હતો. એમાં ૭૫ ટકા વિસ્તાર ઉકાઇ જમણા કાંઠામાં હાંસોટ અને ઓલપાડ તાલુકાની ૭૫ ટકા જમીનનો સમાવેશ થાય છે. કેનાલો રિપેર થયા પહેલા મારા વિસ્તારના ખેડૂતો ૩૫૦૦ થી ૩૬૦૦ હેકટરમાં ઉનાળુ ડાંગરનું વાવેતર કરતા હતા. પરંતુ કેનાલના રિપેરીંગ બાદ મારા આ વિસ્તારમાં ૭૬૬૮ હેકટરમાં ઉનાળુ ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું હતું એના લીધે મબલખ પાક પાકયો અને માર્કેટયાર્ડમાં ટ્રેકટરોની લાઇનો લાગી હતી. આ કાંકરાપાર યોજના છે એ રિપેર થવાથી થયું છે. હું આ હાઉસ સમક્ષ સાચી વાત કરી રહ્યો છું અને સાચા ફિગરો આપી રહ્યો છું. માઇનોર અને સબ માઇનોર કેનાલોના ૯૯ કરોડના કામો ૫૦ દિવસમાં કરવાના હતા એના બદલે ૪૨ દિવસમાં કરીને ખેડૂતોના ખેતરમાં પાણી પહોંચાડવામાં આવ્યું છે. અને હવે અમારી સરકાર બાકી કામ છે એ પૂરું કરીને છેવાડાનો ખેડૂત છે એના ખેતર સુધી પહોંચાડવાની છે. મારો વિસ્તાર દરિયા

કિનારે આવેલો છે તેથી જમીન ધોવાણનો ખૂબ મોટો પ્રશ્ન છે. આ જમીનો ન ધોવાય એના માટે પ્રોટેકશન વોલ બનાવવામાં આવેલ છે. એના લીધે ગામોનું ધોવાણ અટકે જમીનોનું ધોવાણ અટકે એના માટે અમારી સરકારે કામ કર્યું છે.

આ તબક્કે મારી સરકારને વિનંતી છે કે મારો વિસ્તાર દરિયા કિનારાને અડીને આવેલો છે. જયાં કેનાલની વ્યવસ્થા નથી ત્યાં પાંચ પાંચ તળાવો ઉંડા કરવાની વાત કરી છે એના બદલે દસ દસ તળાવો ઉંડા કરવાની મંજૂરી આપવામાં આવે તો જે પાણી દરિયામાં વહી જાય છે એ પાણી રોકીને તળાવમાં ભરવામાં આવે અને એના દ્વારા ખેડૂતો સિંચાઇ કરી શકે. અમારા વિસ્તારનો ખેડૂત બારે માસ શેરડીનો પાક પકવે છે અને હવે ડાંગર પણ પકવતો થયો છે એનું કારણ એ છે કે સમયસર કાંકરાપાર યોજના થકી પાણી પહોંચાડવાનું કામ આ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાકરાપાર, ગોધાવડની સિંચાઇ યોજના હેઠળ આદિવાસી વિસ્તારની અંદર આ યોજના થકી પાણી આપવાનું કામ કર્યું છે. આ યોજના મારફત સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના ૨૦ ગામ અને માંડવી તાલુકાના ૨૭ ગામ મળી ટોટલ ૪૭ ગામોને ૧૫૪૬૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઇનો લાભ મળવાનો છે. આ યોજનાનું પાણી માંડવી તાલુકાના ત્રણ ડેમ ગોધાવી ડેમ, ઇસર ડેમ, લાખી ડેમના કમાન્ડના વિસ્તારમાં કુલ ૪૫૭૫ હેક્ટર વિસ્તારને સિંચાઇનું પાણી આપવાનું કામ આ સરકારે ઉપાડ્યું છે. ત્યારે અમારા આદિવાસી વિસ્તારના ધારાસભ્યો અહીંયાં બેઠા છે એમને મારે જણાવવું છે કે આ આદિવાસી વિસ્તારની સરકારે ચિંતા કરી છે. ઘણા એમ કહે છે કે આદિવાસી વિસ્તારમાં ચેકડેમ બનાવ્યા નથી. પરંતુ મારે કહેવું છે કે આદિવાસી વિસ્તારમાં ખૂબ ચેકડેમ બનાવીને આ વિસ્તારના લોકોને પાણી આપવાનું કામ કર્યું છે. આદિવાસી વિસ્તાર માટે સરકારે ખૂબ ચિંતા કરી છે. આ લોકો સરકારમાં હતા ત્યારે આઠ મહિના જ પાણી આપતા હતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યાર પછી બાર મહિના પાણી આપવામાં આવે છે અને બારે મહિના પાક પકવવાનું કામ શરૂ થયું છે. (અંતરાય) સાચું બોલું છું, જુઠ્ઠુ બોલતો નથી. ભારતીય જનતા પાર્ટી સાચું બોલે છે અને તમે લોકો જુઠ્ઠુ બોલીને સત્તા પર ચડી ગયા હતા. આદિવાસી વિસ્તારને મહત્તમ સિંચાઇનો લાભ મળે તે માટે માનનીય નરેન્દ્રભાઇ મોદી લીમખેડામાં આવ્યા હતા અને આ યોજનાની જાહેરાત કરી હતી અને એક જ વર્ષમાં યોજનાનું ખાત મુહૂર્ત પણ થઇ ગયું છે અને એક વર્ષમાં એનું લોકાર્પણ પણ થઇ જવાનું છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર ભૂમિ પૂજન પણ કરે છે અને લોકાર્પણ પણ કરે છે. આભાર.

અધ્યક્ષશ્રી : શ્રી ગ્યાસુદ્દીનભાઇ શેખ.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : જ્યારે જ્યારે વિપક્ષના મિત્રો સામૂહિક ગણગણાટ કરે છે ત્યારે એવું લાગે છે કે સામા પક્ષની વાત તમને ચૂભી રહી છે. આપ પણ એવી વાત કરો કે અહીં ગણગણાટ થાય. ના, ના ઉભા તો તમારા મિત્રો થાય છે. માફ કરજો. પહેલા તમારા મિત્રો ઉભા થાય છે. આ મારે કહેવું હતું એ કહ્યું. પ્લીઝ.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, મને એક મિનિટ વધારે આપજો.

અધ્યક્ષશ્રી : ના, ૧૫ સેકન્ડ જ કપાઇ છે, આપીશ.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી તો થોડુંક એવું હતું કે રાજ્યપાલશ્રીનું પ્રવચન આવે તેમાં પણ લઘુમતી શબ્દનો ઉપયોગ થતો હતો. જ્યારે નાણામંત્રીશ્રી બજેટ રજૂ કરે ત્યારે એમાં લઘુમતી શબ્દનો ઉપયોગ થતો હતો અને લઘુમતી શબ્દનો ઉપયોગ થાય તો અમે સંતોષ માનતા હતા. આ વખતે તો લઘુમતી શબ્દનો છેદ જ ઉડાડી દેવામાં આવ્યો છે અને વાત '' સૌનો સાથ સૌનો વિકાસ''ની કરવામાં આવે છે. આપને કહું કે ૭૦ લાખની વસતિ ધરાવતા લઘુમતી સમાજ માટે ૨૦૧૬-૧૭માં ૯૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી અને એમાં ૩૯ કરોડ રૂપિયા જ વપરાયા અને ૫૯ કરોડ રૂપિયા પડી રહ્યા. ૨૦૧૭-૧૮માં ફક્ત ૫૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી અને ૨૧ કરોડ રૂપિયા વપરાયા અને ૩૦ કરોડ રૂપિયા પડી રહ્યા. આ કેવો વિકાસ ! ક્યાં છે આમાં '' સૌનો સાથ, સૌનો વિકાસ'' એ પરિસ્થિતિ મારી મેં વર્ણવવી છે. સાથો સાથ ઓ.બી.સી. સમાજની વાત કરું તો ૫૨ ટકા વસતિના છેલ્લા ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૨૦૬ કરોડ રૂપિયા વપરાયા નથી. દલિત સમાજની વાત કરું તો ૨૦૧૨-૧૩થી ૨૦૧૭-૧૮ ના પાંચ વર્ષમાં ૪૨૬ કરોડ રૂપિયા વપરાયા વગરના પડી રહ્યા છે. ૨૦૦૭-૦૮થી ૨૦૧૭-૧૮ના વર્ષ સુધીમાં ૮૧૪ કરોડ રૂપિયા જેટલી રકમ ઓછી વપરાઇ છે. દલિત સમાજની આવી પરિસ્થિતિ હોય, બક્ષીપંચ સમાજની આવી પરિસ્થિતિ હોય તો અમારી તો વાત જ ન કરાય. •(×××)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : એમના શબ્દો રેકર્ડ ઉપરથી દૂર થાય એવી વિનંતી છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : પરંતુ એમાં અમે જોયું છે. (અંતરાય) *(×××). આ બધું જોઇને લાગે છે. હું દલિત, ઓ.બી.સી., આદિવાસી તમામ પ્રત્યે સહાનુભૂતિ રાખું છું. લઘુમતિ સમાજ પ્રત્યે પણ સહાનુભૂતિ રાખું છું. આદિવાસી સમાજ સૌથી ભોળો, નિષ્ઠાવાન અને સૌથી અબોલ જેને કહેવાય એ સમાજ કે જે દરેક વસ્તુમાં તમારી સાથે સહમત હોય એ સમાજને પણ આજે *(×××)

અધ્યક્ષશ્રી : ન્યાય નથી થયો એમ કહો.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, દલિત, આદિવાસી અને ગરીબો માઇનોરિટીમાં નથી. ગરીબો તો પાટીદારમાં પણ છે. બ્રાહ્મણમાં પણ છે. જૈનોમાં પણ છે. તમામ માટે થવું જોઇએ. જે *(×××) આપવામાં આવી હતી.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : સ્વાવલંબન યોજના ૧ હજાર કરોડની કરવામાં આવી હતી. વાપર્યા કેટલા? ૩૦૦ કરોડ વાપર્યા અને આજે જ મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. પાછું નવા વર્ષની અંદર ૨૦૧૮-૧૯માં એક પણ રૂપિયાની ફાળવણી કરવામાં આવી નથી. દલિત હોય, માઇનોરિટી, આદિવાસી, ઓ.બી.સી. સમાજોને બંધારણ રક્ષણ આપે છે. ગરીબ, પછાત અને સૌથી કમજોર છે એના ઉપર વિશેષ ધ્યાન હોવું જોઇએ. એમને ન્યાય મળે એની સાથે સાથે જે સવર્ણ જ્ઞાતિના ગરીબો છે એમને પણ ન્યાય મળવો જોઇએ એવું મારું સ્પષ્ટ માનવું છે. નાયબ મુખ્યમંત્રી જેવા એક મહાન વ્યક્તિ અને આગેવાન જ્યારે આ વિધાનસભા ગૃહની અંદર એવું કહે કે અમારી ભારતીય જનતા પાર્ટીનું કામ જ છે કે *(×××) એવી વાત ન કરો.

અધ્યક્ષશ્રી : આવું સ્ટેટમેન્ટ ક્યાં કર્યું છે? આપનું સ્ટેટમેન્ટ કાઢી નાખું છું.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ: હિન્દુસ્તાનીઓ સંગઠિત થાય એવી વાત કરો. એમણે આ મંચ પરથી, રેકર્ડ છે એ રેકર્ડ આપ જોઇ લેજો.

અધ્યક્ષશ્રી : એનો સંદર્ભ જુદો છે. તમે વાત કરો છો એ *(×××) વાત જવા દો અને બીજું કહો.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : કમસે કમ તમે લઘુમતિ સમાજનું ધ્યાન ન રાખી શકતા હોવ....(અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એમના મોઢામાં આવા શબ્દો મૂકવા એ બરાબર નથી. માનનીય નીતિનભાઇ ક્યારેય આવી રીતે નથી બોલ્યા.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપ રેકર્ડ જોઇ લો. દસ દિવસ પહેલા બોલ્યા હતા અને એ વખતે મેં બેઠા બેઠા કોમેન્ટ કરી હતી કે *(×××) હિન્દુસ્તાનીઓ સંગઠિત થાય એની વાત કરો. જ્યારે માનનીય ચુડાસમા સાહેબ બેઠા છે ત્યારે એમની નિયત માટે અમને સન્માન છે કે હંમેશા એ પ્રેમની ભાષા બોલ્યા છે. જયનારાયણભાઇ હતા એ હંમેશા પ્રેમની ભાષા બોલતા હતા. પરંતુ નીતિનભાઇ *(×××) સિવાય બીજું કામ કરતા નથી.

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : કાઢી નાખો સાહેબ.

અધ્યક્ષશ્રી : તમે આમ ગમે તેમ ન બોલી શકો. આપને વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય નીતિનભાઇ માટે આવી ભાષા ન બોલે તો સારું.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય મંત્રીશ્રી આવી ભાષા બોલે એ શોભે?

અધ્યક્ષશ્રી : મેં એમને ચેતવણી આપી છે. આ *(×××) અને એવા શબ્દો યોગ્ય નથી લાગતા.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : આપના માધ્યમથી એટલી જ વિનંતી કરું કે કંઇ ના આપતા હોય તો ન આપતા. આપતા પણ નથી. કમસે કમ કડવા વેણ તો ન આપો અમને. કમસે કમ પ્રેમની ભાષા બોલો. અમે વગર અનામતે, અમારી સાથે જેટલો પણ અન્યાય થયો હશે, જેટલા પણ દબાવવાની અને કચડવાની કોશિશ કરી હશે, અમે અમારા બલબૂતાના જોરે અને હિન્દુ સમાજના સાથ-સહકારથી પ્રગતિ કરી છે. તમારા ઉપકારોથી નથી કરી. આજે પણ દેશનો હિન્દુ સહિષ્ણુ છે. આજે પણ અમને ગર્વ છે કે જ્યારે પણ અમારી પરિસ્થિતિ કપરી થઇ છે ત્યારે હિન્દુ સમાજના લોકોએ અમારા ખભે હાથ મૂક્યો છે. એટલે હિન્દુ સમાજ સાથેનો અમારો પ્રશ્ન નથી. પ્રશ્ન કેટલાક લોકો, મારું તો કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીના લોકોએ અમારું વિશેષ ધ્યાન રાખવું જોઇએ. તમારા મતોની જે ખેતી છે એ અમારા....(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારું વકતવ્ય પૂરું થાય છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહમાં તમામ સન્માનનીય સભાસદોમાંથી સૌથી નાની વયની સદસ્ય બનવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે તે બદલ ભારતીય જનતા પાર્ટીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. સાથોસાથ મારા એ તમામ મતદારોનો પણ આભાર વ્યક્ત કરું છું કે તેમણે એક યુવા અને મહિલા સભ્ય ઉપર વિશ્વાસ વ્યક્ત કર્યો.માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહમાં જ્યારે હું પ્રથમ વખત મારા વિચારો રજૂ કરવા જઇ રહી છું ત્યારે હું યાદ કરીશ વંદનીય ડો. બાબા સાહેબ આંબેડકરજીને. માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબ સાહેબ આંબેડકરજી જ્યારે નહેરુજીના પ્રધાન મંડળમાં કાયદા મંત્રી હતા તે સમયે તમામ મંત્રીઓ સરકારી બંગલામાં રહેતા હતા અને ડો. બાબા સાહેબ આંબેડકર ૨૬'ઘ' મનીપુર રોડ ઉપર પ્રાઇવેટ બંગલામાં રહેતા હતા. જ્યારે ૧૯૫૬ માં બાબા સાહેબનું નિધન થયું ત્યારે સમગ્ર દેશના અનુસૂચિત જાતિના લોકોની માગણી હતી કે એ બંગલાને ખરીદવામાં આવે અને એમાં બાબા સાહેબનું મ્યુઝિયમ બનાવવામાં આવે. પરંતુ કેન્દ્રની કોંગ્રેસ સરકારે આ માગણી ક્યારેય સ્વીકારી નહિ. જ્યારે ૧૯૯૯ માં કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર આવી અને માનનીય અટલજી વડાપ્રધાન બન્યા ત્યારે ૨૮ કરોડના ખર્ચે આ બંગલો ખરીદવામાં આવ્યો. આ ગૃહમાં આજે હું પૂર્વમંત્રી સ્વ. ફકીરભાઇ વાઘેલાને યાદ કરતા એમના શબ્દો કહીશ –

''અબ કોઇ માસૂમ ચહેરા ખંજર બનને ના પાયેગા
અબ કોઇ પાક ફરિસ્તા અફઝલ બન ના પાયેગા
ગર મિલતે રહેગે સબકો રોટી, કપડા ઔર મકાન

કોઇ પિછડા, શોષિત ડાકુ બન ના પાયેગા''

આ લોકોના સાથી બનીને સહયોગ આપવાનું જો કોઇએ કાર્ય કર્યુ હોય તો એ ભારતીય જનતા પાર્ટીએ કર્યુ છે. આ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા આ વર્ષે પણ ૩૬૪૧ કરોડની જોગવાઇ કરી છે તે બદલ હું મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાયની યોજનાની વાત કરું તો મારાથી પહેલા નૌશાદભાઇ વાત કરતા હતા કે આ યોજના હેઠળ ૫૦૦૦ રૂપિયા કોઇ વ્યક્તિનું મૃત્યુ થાય તો તેના પરિવારને આપવામાં આવે છે. પરંતુ તેમની વાતમાં હું સુધારો કરવા માગુ છું કે, તેઓ જે આવક મર્યાદા તમે ૨૭૦૦૦ બતાવી રહ્યાં હતા. ખરેખર એ આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ૧૨૦૦૦૦ છે અને શહેરી વિસ્તાર માટે ૧૫૦૦૦૦ છે. એવી જ રીતે કુંવરબાઇનું મામેરું એમાં પણ આવક મર્યાદા આપ દ્વારા ૨૭૦૦૦ બતાવી રહ્યાં હતા એમાં પણ આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ૧૨૦૦૦૦ છે અને શહેરી વિસ્તાર માટે ૧૫૦૦૦૦ છે. અનુસૂચિત જાતિના લોકોની પરિસ્થિતિ નબળી હોય છે. આજે એવા પરિવારો પણ દેખાદેખીથી પોતાના દીકરા–દીકરીઓના લગ્નમાં ખૂબ મોટા ખર્ચા કરતા હોય છે ત્યારે છેલ્લા થોડા વર્ષોથી ખૂબ જ સમૂહ લગ્નમાં વેગ જોવા મળ્યો છે. આ વેગને પણ પ્રોત્સાહન આપવા માટે સરકાર આગળ આવી છે અને એમને સમૂહ લગ્ન માટે પણ યોજના દ્વારા સહાય આપવામાં આવે છે. આ યોજનામાં પહેલા યુગલોને પ્રોત્સાહિત કરવા માટે ૫૦૦૦ના બોન્ડ આપવામાં આવતા હતા અને સમૂહ લગ્ન કરનારી સંસ્થાને યુગલ દીઠ ૧૦૦૦ અને વધુમાં વધુ ૨૫૦૦૦ની સહાય આપવામાં આપવામાં આવતી હતી. પરંતુ વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૪માં બમણો વધારો કરીને યુગલ દીઠ ૧૦૦૦૦ની સહાય આપવામાં આવે છે તેમજ સમૂહ લગ્ન કરનારી સંસ્થાને યુગલ દીઠ ૨૦૦૦ અને વધુમાં વધુ ૫૦૦૦૦ની સહાય આપવામાં આવે છે. આ યોજનામાં પણ ગ્રામ્ય વિસ્તાર માટે ૧૨૦૦૦૦ની આવક મર્યાદા છે તેમજ શહેરી વિસ્તાર માટે ૧૫૦૦૦૦ની આવક મર્યાદા છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. કવિતાની તમારી બે લીટીની સાથે બે લીટી મેં લખી છે–

''અગર ગૃહ મેં કરે ગંદા તોફાન, તો ફીર સે ધારાસભ્ય બન ના પાયેગા''

શ્રી સંજયભાઇ જે. સોલંકી(જંબુસર): માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં પ્રથમવાર બોલવાનો મોકો મળ્યો છે ત્યારે કોંગ્રેસ પાર્ટીનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ પાણી પુરવઠા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો તાલુકો જંબુસર વિધાનસભા વિસ્તાર દરિયાકાંઠે આવેલો છે ત્યારે લોકોને પીવાના પાણીની ખૂબ જ તકલીફ છે અને લોકોને ફરજિયાત ખારું પાણી પીવું પડે છે. કોંગ્રેસના શાસન વખતે સ્વ.મગનભાઇ સોલંકીએ આ વિસ્તારની પીવાના પાણીની સમસ્યાને હલ કરી હતી અને મીઠા પાણી માટે ધરોઇ યોજના દ્વારા પાઇપલાઇનથી જંબુસર, આમોદ અને વાગરાના સમગ્ર વિસ્તારને મીઠું પાણી મળતું હતું પરંતુ ઘણા સમયથી આ યોજનાની દરકાર કરવામાં ન આવતા લોકોને પીવાના પાણીની મુશ્કેલી ઉભી થઇ છે. નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી, ચોખ્ખું પાણી આપવાની સરકારની ફરજ છે પરંતુ છેલ્લા ૧૫ વર્ષથી જંબુસર શહેરને પીવાનું પાણી શુદ્ધ મળતું નથી. પાણી નહીં આપીને અન્યાય કરવામાં આવી રહ્યો છે. વર્તમાન સમયમાં ખારા અને અશુદ્ધ પાણીથી લોકોનું આરોગ્ય જોખમાઇ રહ્યું છે. બીમારીઓ લાગુ પડી રહી છે. પૈસાદાર લોકો ૪૦ રૂપિયામાં ૨૦ લીટર પાણી ખરીદે છે પરંતુ ગરીબ માણસો કયાંથી મંગાવી શકે? ગરીબોને ફરજિયાત ખારુ અને ગંદુ પાણી પીવું પડે છે અને બીમારી અને રોગનો ભોગ બને છે. ગરીબો માટે કંઇ આ સરકાર વિચારશે? અમારા વિસ્તારની અંદર સુગર ફેકટરી આવેલી હતી. પાણીના અભાવે એ સુગર ફેકટરી પણ બંધ કરવામાં આવી છે. જંબુસર તાલુકાના જે ગામો છે માલપુર, નાના દેવલા, કણસાગર, મદાપુરા, આશરસા, દહેગામ વગેરેમાં પાણીની વિકટ પરિસ્થિતિ ઉભી થઇ છે. તાકીદે આ પ્રશ્ન હલ કરવામાં નહીં આવે તો આ લોકોને હિજરત કરવી પડશે. જંબુસર વિસ્તારના લોકો તો એવું કહી રહ્યા છે કે મીઠા પાણીનો વેપાર થઇ શકે તે માટે યોજનાઓ શરૂ કરવામાં આવતી નથી. જંબુસર શહેરની વસતિ અને આમોદ તાલુકાની વસતિ થઇને ત્રણ લાખ જેટલી છે. જંબુસર શહેરની વસતિ પચાસ હજાર જેટલી છે. જંબુસર વિસ્તાર વરસાદ ઉપર આધારિત વિસ્તાર છે. આ વિસ્તારની જમીન ખારા પાણીની છે કારણકે દરિયાનો વિસ્તાર છે. આ વિસ્તારમાં વરસાદી પાણીથી રીચાર્જીંગ કરી ખારા પાણીના આવારા સામે જમીનની અંદર મીઠા પાણીનો સંગ્રહ થાય તો જ ખારા પાણીનું પ્રમાણ ઘટશે. ભવિષ્ય માટે પણ પાણીના પ્રશ્નો હલ કરવા રીચાર્જીંગ સાથે મોટા પ્રમાણમાં આડબંધો બાંધવાની જરૂર છે તેમજ તળાવો અને ચેકડેમો બનાવી અને પ્રશ્ન હલ થઇ શકે છે. નર્મદા યોજનાનું પાણી કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સુધી પહોંચાડાય છે તેનો અમને વિરોધ નથી પરંતુ નર્મદાની નજીક અમે આવેલા, વસેલા છીએ. અમારા વિસ્તારમાં નર્મદાની કેનાલ લેવલ વગરની બનાવેલી હોવાથી મોટાભાગની કેનાલો જર્જરીત છે જેથી ખેડૂતોને પીવાનું પાણી મળી શકતું નથી ત્યારે પ્રશ્ન થાય છે કે શું જંબુસર વિસ્તારને દરેક રીતે •(×××) કરવાનો કોઇ ખાસ એજન્ડા તો નથીને?

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દને બદલે ન્યાય નથી કરતા એમ કહો.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : જી સર. ખેડૂતોને ખરેખર પાણી મળી શકે એવું આયોજન કયારે કરવામાં આવશે? હાલમાં તો આ ખેડૂતો કેનાલો તરફ જુએ છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાણી પુરવઠાની માગણી ક્રમાંક–૬૭ જે સન્માનનીય ગૃહ સમક્ષ લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આપના માધ્યમથી ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપવા છે મારે કારણકે અમારો બનાસકાંઠા જિલ્લો સરહદી વિસ્તારનો જિલ્લો છે. અમારે ત્યાં ભૂતકાળમાં પીવાના પાણીની તેમજ સિંચાઇના પાણીની ખૂબ જ તકલીફ હતી પરંતુ આપણા દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી અને જે તે વખતના મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબના નેતૃત્વમાં નર્મદા યોજના અને સુજલામ સુફલામ યોજના થકી અમારા સરહદી જિલ્લાને પીવાનું પાણી અને સિંચાઇનું પાણી આપ્યું છે તે બદલ દિલથી અભિનંદન આપું છું તેમજ આ ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી જે સદાય હસતો ચહેરો ધરાવે છે તેમજ નાયબ મુખ્યમંત્રી લોકલાડીલા આદરણીય નીતિનભાઇ પટેલને પણ અભિનંદન આપું છું કારણકે જયારે અમારા જિલ્લામાં ૨૦૧૭માં અતિવૃષ્ટિ થઇ અને એ કારણે અમારી બનાસ નદીમાં ભયંકર પૂર આવ્યું અને અનેક ગામડાંમાં પાણી ઘસી ગયા. એ વખતે અનેક ગામડાં અને શહેરોમાં લાઇટ ન હતી તે વખતે તાકીદે લોકલાડીલા મુખ્યમંત્રી જાનની પણ પરવા કર્યા વગર અમારા ડીસામાં વાવાઝોડા વચ્ચે, ભયંકર તોફાન હોવા છતાં હેલીકોપ્ટર લેન્ડીંગ ન થઇ શકે એવી સ્થિતિ હતી તો પણ તે વખતે પાઇલોટે ના પાડી હતી છતાંપણ અમારા જિલ્લાની વેદનાને વાચા આપવા માટે, ચિંતા કરવા માટે હેલીકોપ્ટર દ્વારા મોતને મુક્ષીમાં લઇ ગુડાગુડા પાણી સુધી એસ.ડી.એમ. કચેરીએ આવ્યા અને લોકોને પીવાનું પાણી તાકીદે મળે, લાઇટો ચાલુ થાય તો જ આ બધું શકય હતું તે માટે તેઓશ્રીએ અમારા ડીસા તેમજ જિલ્લામાં પાંચથી સાત દિવસ વરસતા વરસાદમાં કોઇપણ જાતની પોતાની શારીરિક ચિંતા કર્યા વગર રોકાણ કર્યું. અમારી સાથે જિલ્લામાં એક પરિવારના સભ્ય બનીને અમને હુંફ આપી છે. વહીવટી તંત્રને સજાગ કર્યુ છે. લોકોની વેદના સમજવા માટે પીવાનું પાણી તાકીદે મળી રહે તે માટે અથાગ પ્રયાસો કર્યા. ખરેખર મળી રહે તે માટે જે અમારા જિલ્લા માટે કર્યુ છે એ પ્રજા ક્યારે ય ભૂલી નહિ શકે. તે વખતે ચિંતા ન કરી હોત તો પીવાનું ગંદું પાણી પીવું પડ્યું હોત અને કેટલીય જાનહાનિ થઇ હોત તેની કલ્પના પણ ન થઇ શકે. હું પાણી પુરવઠા વિભાગને દિલથી અભિનંદન પાઠવું છું. ભૂતકાળમાં આપણે જોયું છે કે ગુજરાતને પીવાનું પાણી ટ્રેઇન, ટેન્કોર દ્વારા મળતું હતું. તે વખતે પીવાના પાણી માટે અનેક સંઘર્ષો થતા હતા. તે સમય ગયો. લોકોને ખૂબ સારી સુવિધા આપી છે. અમારા જિલ્લાને નર્મદા કેનાલ અને સુજલામ સુફલામ દ્વારા પીવાનું પાણી અને સિંચાઇનું પાણી આપ્યું છે, તે બદલ પણ હું જિલ્લાની પ્રજા વતી આભાર માનું છું અને સમર્થન આપું છું. અમારા અમુક વિસ્તારો સિંચાઇ માટે રહી ગયા છે, તેને પણ સિંચાઇ માટે અગ્રતા આપશે, તેવો મને વિશ્વાસ છે, કારણ કે ભૂતકાળમાં કોંગ્રેસની સરકારે સિંચાઇની પૂરતી વ્યવસ્થા કરી ન હતી. ફકતને ફકત વાતો કરી હતી. રહી ગયેલા વિસ્તારોને પણ અગ્રતાક્રમ આપો તેવી વિનંતી છે. અમારા જિલ્લાને ન્યાય આપ્યો છે તે બદલ આભારની સાથે સમર્થન આપું છું. બનાસકાંઠામાં પૂર આવ્યું ત્યારે (અંતરાય) આ તો બધા ખાલી વાતો કરે છે. પૂર આવ્યું ત્યારે લોકો પાણીમાં ગરકાવ હતા. તે વખતે આ લોકો એન્જોય કરવા માટે બેંન્ગલોર ગયા હતા. •(×××)

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : તે વખતે ચિંતા નહોતી કરી. લોકલાડીલા મુખ્યમંત્રી ૫–૭ દિવસ સુધી શારીરિક કોઇપણ જાતની પરવા કર્યા વગર પાણીમાં ગરકાવ હતા. એ વખતે પ્રજાએ લોક ચુકાદો આપી દીધો. એ માટે અમે અહીયા બેઠા છીએ અને તમે ત્યાં બેઠા છો. અમારી સરકાર બોર્ડર ઉપર જવાનોની ચિંતા કરે છે. પીવાનું પાણી આપે છે. તાજેતરમાં જ ઇઝરાયલ દ્વારા એક કલાકમાં ૨૦,૦૦૦ લિટર દરિયાનું પાણી મીઠું થઇ શકે એ માટે આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઇઝરાયલ સાથે વાટાઘાટો કરી. અને તાજેતરમાં સુઇ ગામમાં એક વાહન અમને સુપરત કરવામાં આવ્યું છે. ત્યાં હું હાજર હતો. હું આપને કહેવા માગુ છું કે હવે કહીશ તો આ લોકોને તકલીફ થશે.

અધ્યક્ષશ્રી : તકલીફ થાય એવું ન કરશો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : અગાઉ ૭૯૮૫ કિ.મી.ની અમારી સરકારે પીવાના પાણી માટે વ્યવસ્થા કરી છે. આપ વિચાર કરો. અગાઉના ગામોમાં કેવી સ્થિતિ હતી? આજે ભારતીય જનતા પાર્ટીની સરકારને અભિનંદન આપવા જોઇએ અને હું આજે ગૃહ સમક્ષ મારા વિચારો રજૂ કરતી એક દરખાસ્ત મૂકું છું.

અધ્યક્ષશ્રી : તમારી દરખાસ્ત ન હોય. જે કહેવું હોય તે કહો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : મારી લાગણી છે કે આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ ૫–૭ દિવસ આખું સચિવાલય બનાસકાંઠામાં રાખી, મોતની પરવા કર્યા વગર ધમધમતું કર્યું. અમને લોકોને પીવાના પાણીની સુવિધા આપી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી સુનીલભાઇ ગામીત.

શ્રી સુનિલભાઇ ર. ગામીત(નિઝર) : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઇ, ભૂમી સંરક્ષણ અંગેના મારા વિચારો રજૂ કરું છું. આ ગૃહમાં પ્રથમવાર બોલવાનો મોકો મળ્યો છે તે બદલ કોંગ્રેસ પાર્ટી અને મારા મતદારોનો આભાર માનું છું.

મારો મત વિસ્તાર ૧૭૨ નિઝર ટ્રાયબલ વિસ્તાર છે. ૯૫ ટકા વસતિ આદિવાસીઓની છે. મારો વિસ્તાર વિસ્થાપિત છે, જેથી ભારત સરકારે ટ્રાયબલ વિસ્તાર જાહેર કરીને સોનગઢ તાલુકાને મધ્યબિંદુ બનાવીને પ્રયોજના વહીવટદાર કચેરી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બનાવી છે. એમાં સમાવેશ તાલુકા ઉચ્છલ, નિઝર, કુકરમુંડા, આવેલા છે. સોનગઢથી માત્ર ૮ કિ.મી. ઉકાઇ જળાશયનો ડેમ બનાવવામાં આવેલ છે, જેના થકી મારા મિત્ર મોહનભાઇ, મુકેશભાઇએ વાત કરી તે વિસ્તારો વાલોડ, મહુવા, બારડોલી, કામરેજ, ચોર્યાસી, સુરત, ઓલપાડ જેવા વિસ્તારો સમૃદ્ધ થયા છે, પરંતુ અત્યંત દુઃખ સાથે કહેવું પડે કે મારા વિસ્તારમાં વિસ્થાપિત થયેલ ગામો સિંચાઇ અને પાણી માટે વલખા મારે છે. મારા વિસ્તારને પાણી જોવા મળે છે, પણ ખેત, સિંચાઇ માટે પાણી નથી જોવા મળતું. શું અમને આ પાણી ઉપર કંઇ હક નથી? માનનીય અધ્યક્ષશ્રી, આ પાણી થકી બીજા વિસ્તારો સમૃદ્ધ થાય છે તો આ વિસ્તારનો શું હકક નથી? આ સંવેદનશીલ સરકાર પાસે માગણી કરું છું કે મારા આદિવાસી ખેડૂતોને સિંચાઇનું પૂરતું પાણી અમારા આદિવાસી ગામો જેવા કે થુટી દેવલપાડા, જામણે, પરચુલી, સેલૂડ, નાનછલ, જામકી, સાકરદા, ધજ, વડપાડા, ભીંત, ભીંતલદુક, ભીતખુઇ, રાવજીબુદ્રા, વડપાતલ, બાખરઘાટ, મોલીપાડા, પેથાપુર, લીબાસોટી, નુરાબાદ, મોગરબારા, સસાવડેદખુર્દ, જામલી, વડપાડા નેસુ, આમકુટી, ટોકરવા, મોગરાણ, ચિતપુર, સચાજીગામ, રૂમકીતલાવ, વેડાપાડા, રાયગઢ, ખોદડા, આડદા વિગેરે ગામોમાં શું સિંચાઇના પાણીનો અધિકાર નથી? શું અમારે ખેતી કરવી નહીં? આ સંવેદનશીલ સરકાર પાસે માગણી કરું છું કે અમારા ગરીબ ખેડૂત માત્ર આકાશી ખેતી જ કરી શકે. ઉકાઇ જળાશયનું પાણી અનેક કિલોમીટર સુધી પહોંચાડયું છે અને ત્યાંના ખેડૂતોને સિંચાઇની વ્યવસ્થા પૂરી પાડે છે. ત્યારે શું અમારે ત્યાંના ખેડૂતોને આઠ થી દસ કિલોમીટરના વિસ્તારમાં સિંચાઇનું પાણી ન આપી શકાય? મને એવું લાગે છે કે તમે સિંચાઇનું પાણી આપવા માગતા નથી અને અમારા ગરીબ આદિવાસી ખેડૂતને ત્યાંના ત્યાં જ રાખવા માગો છો કે કેમ? મને શંકા થાય છે કે આ સરકાર ગરીબ આદિવાસી ખેડૂતોનો વિકાસ કરવા માગતી નથી. મારા મત વિસ્તારના તાલુકા જેવા કે ઉચ્છલ, નિઝર, કુકરમુંડા, સોનગઢ, વ્યારા, ડોલવણ તાલુકાના૩૧૨ જેટલા ગામડાં સિંચાઇ વગરના છે તો નાની સિંચાઇ યોજનાઓ બનાવી સિંચાઇ યોજનાઓનો લાભ મળવો જોઇએ. અત્યંત દુઃખ સાથે મેં મારી માગણી રજૂ કરી છે તે ધ્યાન પર લેશો તેવી મારી વિનંતી છે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. રાજયના અનુસૂચિત જાતિ સમાજના લોકો સ્વમાનભેર જીવી શકે તેવી આદર્શ પરિસ્થિતિનું નિર્માણ કરવા અને તેને સાકાર કરવા માટે ભારતીય જનતા પાર્ટીની આ સરકારે અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે અનેક વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. દલિત સમાજના શૈક્ષણિક ઉત્કર્ષ માટે તથા સમાજ સારું શિક્ષણ મેળવે અને પગભર થાય તે માટેના અનેક આવકારદાયક પગલાં ભર્યા છે. જેવા કે સેલ્ફ ફાઇનાન્સ ફ્રીશીપ કાર્ડ પસંદ થયેલી શાળાઓમાં અભ્યાસ કરી શકે તેની વ્યવસ્થા. અસ્વચ્છ વ્યવસાય સાથે જોડાયેલા વાલીઓના એસએસ.સી.માં અભ્યાસ કરતા બાળકોને મુનિ મેતરાજ શિષ્યવૃતિ યોજના દ્બારા ભોજન બિલ હોય, મેડિકલ અને એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓને સાધન ખરીદવા માટેની સહાય, સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલમાં બધા જ સમાજના લોકો સાથે રહી શકે તેવી ખૂબ સારી યોજના અમલમાં મૂકી છે. આવી અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકીને બાબાસાહેબ આંબેડકરને સાચી શ્રદ્ધાંજલિ આપવાનું કામ કોઇએ કર્યુ હોય તો ભારતીય જનતા પાર્ટીએ કર્યુ છે. આ કોંગ્રેસના શાસનમાં અનુસૂચિત જાતિના વિકાસમાં એક કાર્પોરેશન હતું તે ભારતીય જનતા પાર્ટીની દૂરંદેશીતાના હિસાબે આ કોર્પોરેશનને નિગમમાં રૂપાંતરિત કરીને દલિતોને વધુ પ્રમાણમાં લાભ મળે તે માટેનું આયોજન કરેલ છે. તે જ રીતે ગુજરાતની અંદર છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચે તે માટે તથા રાજયના શોષિત ગરીબ વર્ગના દરેક લોકોને સાચા અર્થમાં વિકાસ થાય તે માટે મહર્ષિ વાલ્મિકી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ડો.બાબાસાહેબ આંબેડકર અંત્યોદય વિકાસ નિગમને અલગ કરીને સમાજની સાચી સેવા કરવાનો પ્રયાસ કર્યો છે. તા.૧૯-૭-૧૯૪૧ના રોજ મહામાનવ ડો.બાબાસાહેબ આંબેડકર અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રી ભીમરાવ આંબેડકરે કહ્યું હતું કે આપણે આપણા દેશનું સ્વતંત્ર જતન કરવું જોઇએ. સ્વાતંત્ર્યતાનું જતન કરીને આપણે અપણા દેશને સમૃદ્ધ કરવો જોઇએ પરંતુ સામ્યવાદને આ દેશમાં આશરો આપીશું તો આપણું સ્વાતંત્ર્યતા નુકસાનના આરે જશે તેમજ તા. ૮.૧૨.૧૯૫૧ના રોજ તેમના જનતા નામના સામયીકમાં ડો. બાબાસાહેબ લખે છે કે, આજે આપણા દેશ માટે જે મોટો મહત્વનો પ્રશ્ન છે તે આપણું સ્વતંત્રતા ગુમાવીને આપણે ઉકેલ લાવી શકીશું નહીં. દેશની સ્વતંત્રતાના લીરેલીરા આ સમાજવાદીઓના કારણે ઉડી જશે એ વાત તરફ આપણે આંખ આડા કાન કરવાની જરૂર નથી. વર્તમાન સમયમાં પણ આ દેશમાં અનેક સામ્યવાદી વિચારધારાવાળા અમુક તત્વોએ દેશને તોડવાનું કામ કર્યું છે. બાબાસાહેબે કહ્યું હતું કે સમાજવાદીઓ અને દલિતો વચ્ચે બાબાસાહેબ દિવાર સમાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે એક વાત કહેવા માગુ છું જે આપશ્રીને ગમે તેવી છે અને ભાઇશ્રી ઇમરાનભાઇ ખેડાવાલાને પણ ગમે એવી વાત છે એ કહું છું, " ગરજ ઉઠે ગગન સારા સમંદર છોડે અપના કિનારા, હિલ જાએ જગ સારા જબ ગુજરે જયભીમ કા નારા." જયભીમ, જય જય ગરવી ગુજરાત.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં નર્મદા, જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી નંબર ૬૬ અને ૬૭ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં ચાહે રાજયપાલનું ભાષણ હોય, બજેટ પરની ચર્ચા હોય કે માગણીઓ પરની ચર્ચા હોય આ ત્રણેય વખતે આ સભાગૃહમાં સિંચાઇ, પાણી પુરવઠા અને નર્મદા જે ગુજરાતની જીવાદોરી સમાન છે એની ચર્ચાઓ થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં જ્યારે વિપક્ષાના સભ્યશ્રીઓ કોંગ્રેસના સમયમાં જે સિંચાઇની મોટી યોજનાઓ આ ગુજરાતને બક્ષી છે તેના વિચારો રજૂ કરે છે ત્યારે આ સરકાર એમની નિષ્ફળતા ઢાંકવા માટે મધ્યમક્રમની અને

નાની સિંચાઇ યોજનાઓ બતાવીને આ સરકારની નિષ્ફળતા છતી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હુ આદિવાસી પટ્ટામાંથી આવું છું. આદિવાસી પટ્ટો ઉંમરગામથી અંબાજી સુધીનો છે અને એમાં જે સિંચાઇની સુવિધા અપૂરતી છે તે વિશે આપ સાહેબના માધ્યમથી આ સભાગૃહ સમક્ષ હું મારા વિચારો રજૂ કરું છું. હું દક્ષિણ વિભાગમાંથી આવું છું, દક્ષિણના જિલ્લાઓ નર્મદા જિલ્લો હોય, ભરુચ હોય, સુરત હોય, તાપી હોય, નવસારી હોય કે વલસાડ જિલ્લો હોય આ જિલ્લાઓમાં આદિવાસી વિસ્તારોમાં કોંગ્રેસના શાસન દરમ્યાન જે પણ સિંચાઇની યોજનાઓ દાખલ કરી છે એને કદાપિ નકારી શકાય તેમ નથી. નર્મદા જિલ્લામાં કાંકરાપાર સિંચાઇ યોજના હોય, સુરત-તાપીમાં ઉકાઇ સિંચાઇ યોજના હોય, નવસારીમાં જુજ કે કેલ્યા સિંચાઇ યોજના હોય કે વલસાડમાં મધુવન સિંચાઇ યોજના હોય એ તમામે તમામ યોજના કોંગ્રેસના શાસનમાં બનાવવામાં આવી છે અને માનનીય મોહનભાઇ અત્યારે ગૃહમાં હાજર નથી પણ મારે કહેવું છે કે, આ યોજનાઓ દાખલ કરવા માટે એમના વડિલ પિતાશ્રીનો પણ સહકાર રહેલો છે ત્યારે તેઓ એ વિચાર રજૂ કરે છે કે આ બધી યોજનાઓ ભારતીય જનતા પાર્ટીએ જ કરી છે એમ કહે છે એ બરાબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારા ડાંગની વાત કરું તો ડાંગ જિલ્લો છે એ બિલકૂલ સિંચાઇથી વંચિત છે. ત્યાં કોઇ જાતની આવી સિંચાઇ યોજના દાખલ કરવામાં આવી નથી કે બનાવવામાં આવી નથી. માત્રને માત્ર વરસાદ આધારિત ખેતી કરવામાં આવે છે, મારા ડાંગ જિલ્લામાં ચાર મુખ્ય નદીઓ છે, અંબિકા, ખાપરી, પૂર્ણા અને ધોદર. માત્રને માત્ર નદી આધારિત હેન્ડપંપથી કે મોટરથી સિંચાઇ આ વિસ્તારના ખેડૂતો કરે છે. એનાથી ત્યાં થોડીક પિયતની ખેતી થતી આવે છે. આ વિસ્તારમાં કોઇ મોટી યોજના સરકાર દાખલ કરવા માગે છે કે કેમ? જે રીતે નર્મદાનું પાણી કચ્છ સૌરાષ્ટ્ર સુધી પહોંચતું હોય તો મારા ડાંગ જિલ્લામાં એવી યોજના દાખલ કરે કે ઉકાઇથી ડાંગ જિલ્લાને સિંચાઇ માટે પાણી આપવામાં આવે. પાણી પુરવઠાની વાત કરું તો મારા ડાંગ જિલ્લામાં ૭૦૦૦ જેટલા હેન્ડપંપ કરવામાં આવેલા છે એમાંથી માત્રને માત્ર ૩૦૦૦ જેટલા હેન્ડપંપ કાર્યરત છે. બાકીના નિષ્ફળ ગયા છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મહેશભાઇ વસાવા,

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : એક મિનિટ સર, એક મિનિટ સર,

અધ્યક્ષશ્રી : એકેય મિનિટ જ નથી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : જે રીતે સૌરાષ્ટ્રમાં ૧૦૦૦ ફૂટના બોરવેલ કરવામાં આવે છે, એ રીતે મારા ડાંગની પરિસ્થિતિની વાત કરું તો દરિયાથી ૨,૫૦૦ કે ૩,૦૦૦ ફૂટની ઉંચાઇએ ડુંગરો આવેલા છે. તેમાં ૩૦૦ ફૂટના બોરવેલ કરવામાં આવે છે. ક્યાંથી પાણી આવે? માટે સૌરાષ્ટ્રમાં જે રીતે બોરવેલ કરવામાં આવે છે એવી રીતે અમારે ત્યાં આ સરકાર કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મહેશભાઇ, આપને બે મિનિટ ફાળવવામાં આવેલ છે.

શ્રી મહેશભાઇ છો. વસાવા(દેડીયાપાડા) : બે મિનિટ સર ઓછી કહેવાય,

અધ્યક્ષશ્રી : શરૂ કરો. શરૂ કરો.

શ્રી મહેશભાઇ છો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપને જણાવવા માગું છું કે, સાડા છ કરોડની વસતિથી આ ગુજરાત બનેલું છે, પણ સૌથી વધારે અગર પછાત જો હોય તો એ ઉમરગામથી અંબાજી સુધીનો જે આદિવાસી પટ્ટો છે એ પટ્ટાની અંદર ૧૬ ટકા આદિવાસી લોકો રહે છે અને આ દેશના આદિઅનાદિ કાળથી વસનારા મારા આદિવાસી ભાઇઓ આજે પણ સૌથી વધારે દુઃખી છે. એ વિસ્તારના માલિક છે. હું પેસા એકટની વાત કરું તો પેસા એકટ ગુજરાત સરકારે જાહેર કર્યો છે, પણ ૧૯૯૬ની અંદર જ્યારે વી.પી. સિંગની સરકારે પેસા એકટની મંજૂરી આપી હતી પણ હજી ગુજરાતની અંદર પૂરેપુરો પેસા એકટ લાગુ નથી થયો, પેસા એકટની જાહેરાત અહીંયાથી થઇ છે ગયા વરસે પણ પેસા એકટ પૂરેપૂરો લાગુ નથી કર્યો. અમારું સરકારશ્રીને આપના મારફતે એમ કહેવું છે કે, સરકારશ્રીએ એકેએક ગ્રામપંચાયતોને એના સરક્યુલર પહોંચાડવા જોઇએ અને પેસા એકટ પૂરેપુરો લાગુ થાય અને એ વિસ્તારમાં એનો અમલ થાય એ જાતની વ્યવસ્થા કરવી જોઇએ. હું બીજી વાત કરું તો અમારા આદિવાસી વિસ્તારમાં અનેક ખનિજો આવેલા છે એ ખનિજોમાં આદિવાસીઓને ભાગીદારી આપવાની જરૂર છે. કેમકે સરકાર એની રોયલ્ટી લઇ જાય છે અને ખાનગી માલિકો જે બહારથી આવેલા હોય છે એ લોકો ત્યાંની આખી સંપત્તિની ચોરી કરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મહેશભાઇ, આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી પરબતભાઇ,

શ્રી મહેશભાઇ છો. વસાવા : સર થોડો સમય આપો. અમે તો કોંગ્રેસ સાથે ટાઇ-અપ કરેલું છે.

અધ્યક્ષશ્રી : તમારા માટેનો સમય એમણે ફાળવેલો જ નથી આ તો મેં ફાળવી આપ્યો છે, મંત્રીશ્રીના સમયથી કાપીને મેં સમય ફાળવી આપ્યો છે, પ્લીઝ બેસી જાઓ.

શ્રી અમિત ચાવડા : ( દંડકશ્રી ) : અમે પહેલાં પણ વિનંતી કરી હતી કે અમારો એલાયન્સ પક્ષ છે એટલે એમને પણ એ સમય ફળવાવો જોઇએ.

અધ્યક્ષશ્રી : એ જોઇ લઇશું.

શ્રી અમિત ચાવડા : અમે લેખિતમાં આપ્યું છે તેમ છતાં નથી અમને ફળવાતો કે નથી એમને ફળવાતો.

અધ્યક્ષશ્રી : એવું લગભગ નથી તેમ છતાં જોઇ લઇશું,

શ્રી અમિત ચાવડા : અમારી વિનંતી કે એમને બે મિનિટ બોલવા દો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

અધ્યક્ષશ્રી : આપીને બે મિનિટ, અઢી મિનિટ આપી છે એક્ચ્યુલી તો. ખરેખર અઢી મિનિટ એમને આપેલી છે.

શ્રી અમિત ચાવડા : એમને સમય ફાળવવો જોઇએ.

અધ્યક્ષશ્રી : એ જોઇ લઇએ છીએ અત્યારે એમને અઢી મિનિટ તો આપી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, દરરોજ ચાર ટકા સમય વધે છે સર,

અધ્યક્ષશ્રી : એ હું જોઇ લઇ છું. એવું હશે અને વધશે તો એમને આપીશું છેલ્લે. છેલ્લે વધશે તો આપીશ એમને. અરે, હજી તો સુખરામભાઇ ક્યારના માગે છે, બે મિનિટ માગે છે. પુછો એમને. (અંતરાય) બેસો હું આપું છું. સમય ફાળવીને આપું.

શ્રી પરબતભાઇ સ. પટેલ (જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું આજે જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની માગણીઓ લઇને આ સન્માનીય ગૃહ સમક્ષ આવ્યો છું ત્યારે સન્માનીય ગૃહના માનનીય સભ્યશ્રીઓએ આ માગણીઓની ચર્ચામાં ભાગ લીધો છે, ઘણાં સૂચનો કર્યા છે અને ઘણાંયે ખૂબ સારી વાતો પણ કરી છે. ચર્ચામાં ભાગ લેનાર લગભગ ૧૨ માનનીય ધારાસભ્યશ્રીઓ છે જેમાં સર્વશ્રી કુંવરજીભાઇ, ગોવિંદભાઇ, અભેસિંહભાઇ, વિરજીભાઇ, મોહનભાઇ, રાઘવજીભાઇ, જોષીયારાજી, મુકેશભાઇ, સંજયભાઇ, શશીકાન્તભાઇ, સુનિલભાઇ અને મંગળભાઇ.

માનનીય અધ્યક્ષશ્રી, હું જળસંપત્તિ વિભાગ વિશે વાત કરું તો ભારતની પાણીની સરેરાશ સ્થિતિની સરખામણીમાં ગુજરાતની સ્થિતિ ખરેખર ચિંતાજનક હતી. જમીનનો ૩૬ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે અને ૫.૨૫ ટકા વસતિનો હિસ્સો છે જયારે પાણી માત્ર ૨.૩ ટકા છે. ૧૯૯૫ પછીના શાસનમાં જળ વ્યવસ્થાપન ક્ષેત્રે કેટલીક નિશ્ચિત દિશા અને ચોક્કસ નીતિ–વિષયક કાર્યરીતિ અમલમાં મૂકી છે. આ દેશના અત્યારના લોક લાડીલા વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ જે શરૂઆત કરી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને આદરણીયશ્રી નીતિનભાઇએ એ જ રીતે એમ કે જળ સપાટીનું ઉપરનુ પાણી આ બન્ને મુદ્દાઓ લઇને કદમ ઉઠાવ્યાં છે. અમારા આદરણીયશ્રી વિરજીભાઇ કયારેક વાત કરે કે આ સરકારે આવીને કોઇ નવી યોજનાઓ કરી નથી, કોઇ એવી મોટી યોજનાઓ કરી નથી ત્યારે મારે વિરજીભાઇને કહેવું છે કે, ૧૯૯૫ પછી રાજય સરકારે ૮૭ નવી, મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓ હાથ ધરી છે જેમાંથી ૬૯ બંધોની સંપૂર્ણ કામગીરી અને ૧૪ બંધોની હેડવર્કની કામગીરી પૂર્ણ કરેલ છે જયારે ૪ બંધોના કામ પ્રગતિ હેઠળ છે. જે કામગીરી થઇ છે જે ગુજરાતની ૧ લાખ ૨૫ હજાર હેકટર જમીન તેમાંથી આપણને ૩૫ લાખ હેકટરમાં પાણી મળતું હતું તેમાં ૨૫ લાખ હેકટરનો વિરજીભાઇ વધારો થયો છે. આપણે શરૂઆત કરી હતી મારા મિત્રો, હું પણ ૧૯૮૫ થી ૯૦ દરમિયાન આ ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્ય તરીકે હતો ત્યારે અહીં અમે કહી કહીને થાકતાં હતા અને એટલે હું વિરજીભાઇ તમને યાદ કરાવુ છું. હું તમને કહું કે આંતરા વર્ષે દુષ્કાળ પડતો હતો, રાજકોટ ટ્રેનથી પાણી લઇ જવુ પડતું હતું કઇ દશા આપણી હતી ? અને હું આ સન્માનીય ગૃહને જાણ કરવા માગુ છું કે, જો નરેન્દ્રભાઇના હાથમાં ગુજરાતનું શાસન ના આવ્યુ હોત તો ઉત્તર ગુજરાત આજે પણ સૂકો ભઠ્ઠ હોત. ૧૯૯૫ સુધી આ જ ગૃહમાં સમગ્ર ઉત્તર ગુજરાતના ધારાસભ્યો માગણી કરતા હતા કે અમને કડાણાનું પાણી આપો. પણ મિત્રો આશા છોડી દીધી હતી કે માત્ર ભગવાન વગર કોઇ પાણી આપી શકશે નહીં આ માનસિકતા હતી અને નરેન્દ્રભાઇએ આવીને જે સુજલામ સુફલામનું અવતરણ કર્યુ. અને વિરજીભાઇએ જે પ્રશ્ન ઉઠાવ્યો અને કયાંક કહેતા હતાં કે અમારી પેલી સાંતલી ખોવાઇ ગઇ છે, વિરજીભાઇ સાંતલી છે. સાંતલીની શરૂઆત આપણે કરી હતી સ્થાનિક લોકોએ જે તે વખતે વિરોધ કર્યો હતો અને યોજના જે તે વખતે માંડવાળ કરી હતી. પણ અત્યારે ૯૬ ટકા લોકોએ સંમતિ આપી છે અને સૌની યોજનાના ત્રીજા ફેઇઝમાં એને લેવાની વાત છે અને તેનો ખર્ચ પણ લગભગ ૭૧૩ કરોડ અંદાજવામાં આવ્યો છે આ આપના ધ્યાન ઉપર વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જોષીયારાજીએ ખૂબ વાતો કરી પણ જોષીયારાજી આપણે ગૃહમાં કંઇક વાત કરીએ પાણીની શું પરિસ્થિતિ છે, આમાં મિત્રો કહું તો તમને પણ હાથમતી, વહીડી વગેરે ડેમોની કેનાલોના રિપેરીંગ પાછળ ૧૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. સાથે સાથે વાત્રક યોજનાની નહેર ૧૫.૬૧ કરોડના ખર્ચે અને ૭ કરોડના ખર્ચે રિપેર પણ કરવામાં આવી છે. અને તમારે ત્યાં જે કામો છે અને તેની અંદર વિરજીભાઇએ પાણીની વાત કરી હતી. પાણીમાં તમે કંઇક કહ્યું વિરજીભાઇ, કે પાણીમાં તો જિલ્લાના કાર્યપાલક ઇજનેર દ્વારા જે કંઇ રજૂઆતો કરવામાં આવે અને તમે જે પેલી કનેકશનવાળી વાત કરી હતી તો પાણી ચોરી. આમાં કનેકશનો કપાવાનું જે સ્થાનિક લેવલે જવાબદારી આપી હતી, કનેકશનો કાપે છે અને ફરિયાદો પણ કરવામાં આવે છે. અને તળાવોની વાત કે તળાવો તો સૌરાષ્ટ્રમાં લગભગ ૨૦૦૧થી ૨૦૧૭ સુધી ૯૩૯૧ તળાવ પણ કરવામાં આવ્યા છે. સાથે સાથે માનનીય જોષીયારાજીએ જે કંઇ વાત કરી હતી. અમારા સુનિલભાઇ ગામિતે જે વાત કરી કે, નિઝરમાં ૫૧ ગામો છે એમાં બોરવેલ આધારિત ૨૪ અને જૂથ યોજનામાં ૨૧ અને ૫૬ સાદા કૂવા, ૧૯૯૮ હેન્ડ પમ્પ, ૧૯૭ મીની યોજનાઓ છે અને વર્ષ ૨૦૧૮–૧૯માં સોનગઢ, નિઝર અને ઉચ્છલ તાલુકામાં લિફ્ટ સિંચાઇ માટે ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જંબુસર શહેરને ૩૯ હજારની વસતિની સામે ૫.૫૦ એમ.એલ.ડી. પાણી જોઇએ એમાં ૧૬ ટ્યુબવેલ અને સાથે સાથે નર્મદા યોજના આધારિત ૨ એમ.એલ.ડી. પાણી આપવામાં આવે છે. મંગળભાઇ માટે કે જે મોટા બંધોની વાત છે જેમાં યોજના હાથ ઉપર લીધી હતી પણ વિરોધોના કારણે બંધ કરી દેવામાં આવી છે.

હવે મારા જળસંપત્તિ વિભાગની વાત કરવા માગું છું. જળસંપત્તિ વિભાગમાં વિતરણ વ્યવસ્થા છે એ જળસંપત્તિ વિભાગનું મહત્વનું આયામ છે. એ જળસંપત્તિ વિભાગે ખૂબ મોટી સિદ્ધિ હાંસલ કરી છે. જળ વ્યવસ્થાપનમાં સુનિશ્ચિતતા હાંસલ કરવા માટે ગુજરાત સરકારે inter basin transfer બેઝિનના જોડાણ કર્યા છે અને સુજલામ–સુફલામ અને સૌની યોજના જેવા મોટા પ્રોજેકટોનો પણ તેમાં સમાવેશ થાય છે. આ તબક્કે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ

## તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો આભાર માનું છું કે, જળસંપત્તિ પ્રભાગ માટે ચાલુ વર્ષે ૫૪૮૪ કરોડની બજેટમાં જોગવાઇ કરી છે. ૧૯૮૫ થી ૧૯૯૫ સુધીના ૧૦ વર્ષમાં ૧૮૩૫.૬૭ કરોડની બજેટ ફાળવણી થતી હતી એની સામે ૨૦૧૮–૧૯માં ૫૪૮૪ કરોડની ફાળવણી કરી છે. પહેલાં ૧૮૩.૯૭ કરોડ સરેરાશ હતી એની સામે ૩૪૦૦ કરોડ એટલે કે ૨૩ કરોડની એવરેજ ફાળવણી છેલ્લા ૧૦ વર્ષથી થાય છે. અગાઉની સરકારોની સરખામણીમાં જળસંપત્તિ પ્રભાગની કામગીરીમાં ૧૮ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જળસંપત્તિ વિભાગ પાસે ૧૯ મોટી, ૯ મધ્યમ અને ૯૭૫ નાની સિંચાઇ યોજના આવેલ છે. રાજ્યમાં છેલ્લા ૧૭ વર્ષમાં સિંચાઇની પરિસ્થિતિમાં જે સુધારો થયેલ છે તેની વિગતો હું સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવા માગું છું. રાજ્યમાં મધ્યમ યોજના ૨૦૦૦માં ૫૯ હતી જે ૨૦૧૭માં ૯૦ થઇ. ૨૦૦૦માં રાજ્યમાં ૧૮,૩૫૬ ચેકડેમો હતા તે ૨૦૧૭માં ૧,૬૮,૯૨૯ થયા. ૨૦૦૧માં ૭૩૧૦ જે અનુસરણ તળાવો હતા જે ૨૦૧૭માં ૩૪,૫૩૬ થયેલ છે. નદી, કેનાલ, જળાશયો આધારિત ઉદવહન સિંચાઇ યોજના વર્ષ ૨૦૦૧માં ૧૩૫ હતી જે ૨૦૧૭માં ૯૮૯ અને જેનાથી પિયત વિસ્તારમાં ૧૪.૨૮ ટકાનો વધારો થયો છે. ગુજરાત રાજ્યમાં મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ૬૯ ટકા પાણી છે. ઉત્તર ગુજરાતમાં ૧૧ ટકા છે. સૌરાષ્ટ્રમાં ૧૭ ટકા અને કચ્છમાં ૩ ટકા પાણી છે એટલે પાણીની ઉપલબ્ધિ જુદા–જુદા વિસ્તારોમાં જુદી–જુદી છે. આ ભૌગોલિક અસમાનતાને પહોંચી વળવા રાજ્યના તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક ભગીરથ કામ હાથ ઉપર લઇને નર્મદા નદીમાં પૂરથી વહી જતા વધારાના પાણીમાંથી એક મિલીયન હેક્ટર ફૂટ પાણી સૌરાષ્ટ્ર, એક મિલિયન હેક્ટર ફૂટ પાણી ઉત્તર ગુજરાત અને એક મિલિયન હેક્ટર ફૂટ પાણી કચ્છના વિસ્તારમાં ફાળવેલ છે. સૌરાષ્ટ્ર વિસ્તાર માટે સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઇ યોજના એટલે સૌની યોજનાની કામગીરીનો પ્રથમ ભાગ પૂર્ણતાના આરે છે. આ પ્રથમ તબક્કાના લીંક–૧ના કામોનું લોકાર્પણ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા તા.૩૦/૮/૧૬ના રોજ કરવામાં આવેલ. પ્રથમ તબક્કાના કામોને લીધે ૧૬ જળાશયો દ્વારા ૬૭ હજાર હેક્ટર વિસ્તારમાં સિંચાઇ સુદ્રઢ થયેલ છે. આ યોજનાને આગળ ધપાવતા સૌની યોજના બીજા તબક્કાના મચ્છુ–૧ થી આજી–૧ના પેકેજની કામગીરી અગ્રતાના ધોરણે શરૂ કરી ફક્ત સાત માસના ટૂંકા ગાળામાં કાર્યાન્વિત કરી દેવામાં આવેલ છે. જેના લીધે આજી–૧ ડેમ માટે રાજકોટ શહેરનો પીવાના પાણીનો પ્રશ્ન મહદઅંશે હલ થયેલ છે. આ ઉપરાંત સૌની યોજનાના બીજા તબક્કાના બાકીના ૧૧ પેકેજના રૂ.૬૪૭૩ કરોડના કામો પ્રગતિ હેઠળ છે. જેના માટે રૂ.૧૭૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેનાથી સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૦ જિલ્લાના ૫૭ જળાશયોના ૧,૫૩,૦૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇની સુવિધા સુદ્રઢ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ઉત્તર ગુજરાતના સુકા ભઠ્ઠ વિસ્તારોમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત કડાણા ડેમથી બનાસકાંઠાના રાહ ગામ સુધી ૩૩૨ કિલોમીટર લાંબી નહેર બનાવેલ છે, જેના કારણે આશરે ૭૦,૦૦૦ હેકટર જમીનમાં સિંચાઇનો લાભ મળે છે. આ ઉપરાંત, નર્મદા મુખ્ય નહેર આધારિત ૧૪ પાઇપલાઇનોમાંથી ૧૧ ઉદ્વહન સિંચાઇ યોજનાઓ પૂર્ણ કરી ૪૫૩ જેટલા તળાવોનું જોડાણ કરેલ છે અને સુજલામ સુફલામ્ યોજનાથી કુલ ૭૦૯ તળાવોનું જોડાણ કરેલ છે. આ ઉપરાંત આ યોજનાથી ૬૭૯ ગામો અને ૮ શહેરોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે આ યોજના આગળ ધપાવતાં નીચે મુજબની યોજનાઓ માટે જોગવાઇ કરવામાં આવેલ છે. રૂપિયા ૪૮૨ કરોડના ખર્ચવાળી પિયજથી વિજાપુર થઇ ઉણાદ યોજના માટે ૯૮ કરોડ રૂપિયા, જેનાથી ૬૦૦૦ હેકટર વિસ્તારને સિંચાઇના લાભો મળશે. રૂપિયા ૨૬૫ કરોડના ખર્ચવાળી ધાંધુસણથી રેડલક્ષ્મીપુરા ઉદ્વહન સિંચાઇ યોજના માટે રૂપિયા ૬૬ કરોડ, જેનાથી ૨૦૦૦ હેકટર વિસ્તારને સિંચાઇના લાભો મળશે. રૂપિયા ૫૫ કરોડના અંદાજિત ખર્ચવાળી વરસંગ–ડભોડા રૂપિયા ૪૦ કરોડ, જેનાથી ૩૦૦૦ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભો મળશે. રૂપિયા ૧૬૦ કરોડના અંદાજિત ખર્ચવાળી ડીંડરોલથી મુકતેશ્વર ઉદ્વહન સિંચાઇ યોજનાના સર્વેક્ષણ માટે રૂપિયા ૨ કરોડ, જેનાથી ૩૦૦૦ હેકટર વિસ્તારને સિંચાઇના લાભો મળશે. રૂપિયા ૫૮૨ કરોડના અંદાજિત ખર્ચવાળી થરાદથી સીપુ ઉદ્વહન સિંચાઇ યોજનાના સર્વેક્ષણ માટે ૨ કરોડ રૂપિયા, જેનાથી ૬૦૦૦ હેકટર વિસ્તારને સિંચાઇના લાભો મળશે અને ૫૬૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચવાળી કસરાથી દાંતીવાડા ઉદ્વહન સિંચાઇ યોજનાના સર્વેક્ષણ માટે રૂપિયા ૨ કરોડ, જેનાથી ૬૦૦૦ હેકટર વિસ્તારને સિંચાઇના લાભો મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ વિસ્તારને એક મિલિયન એકર ફીટ પાણી નર્મદાની કચ્છ શાખા નહેરમાંથી સાત જુદી જુદી લીંક કેનાલ મારફતે આપવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના કામો માટે ૭ લીંક પૈકી વર્ષ ૨૦૧૭–૧૮માં સારણ જળાશય લીંક કેનાલ કરવા માટેનું આયોજન કરવામાં આવેલું છે. કચ્છ જિલ્લાની રાપર તાલુકાની સારણ જળાશય યોજનાનો અંદાજિત ખર્ચ રૂપિયા ૨૪૭.૯૦ કરોડ રૂપિયા અંદાજવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, નદી /કેનાલ અને જળાશયો આધારિત ઉદ્વહન સિંચાઇ યોજનાઓ માટે રૂપિયા ૨૪ કરોડ, આદિજાતિ વિસ્તારમાં કડાણા, કરજણ, ઉકાઇ, કાકરાપાર વગેરે જળાશયોના હયાત કેનાલ માળખાના ૧૭ હજાર હેકટર વિસ્તારના સુધારણા અને સુદ્રઢીકરણ માટે ૧૧૨ કરોડ, જળાશયોના કમ્પાન્ડ વીથ કમાન્ડ વિસ્તારમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થાપનની કામગીરી માટે રૂપિયા ૧૭ કરોડ, નાના મોટા ચેકડેમો તથા તળાવો ઉંડા કરી જળસંચયનો વ્યાપ વધારવા માટે રૂપિયા ૯૧ કરોડની જોગવાઇ, જેનાથી આશરે ૩૨૦૦ હેકટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તાર માટે જો કોઇએ પણ ચિંતા કરી હોય તો આ રાજયના તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી અને દેશના અત્યારના લોકલાડીલા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી છે જેના માટે વનબંધુ યોજના કરી અને અત્યારે પણ આદિજાતિ વિસ્તારમાં વસતા અનુસુચિત જનજાતિના લોકો માટે કુલ રૂપિયા ૮૫૭ કરોડની માતબર બજેટ જોગવાઇ સૂચવેલ છે. જેમાં મુખ્યત્વે નીચેની ચાર યોજનાઓની જાહેરાત ગુજરાતના પનોતા પુત્ર અને લોકલાડીલા આપણા દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી દ્વારા તેમના જન્મ દિવસ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૬માં કરવામાં આવેલ. ૧૦૯૭ કરોડ રૂપિયાની અંદાજિત ખર્ચવાળી મહીસાગર અને દાહોદ જિલ્લા માટે કડાણા જળાશય આધારિત લીફ્ટ ઈરીગેશન પ્રોજેક્ટ માટે રૂપિયા ૧૨૦ કરોડ, જેનાથી ૧,૦૦૦ હજાર હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. રૂપિયા ૩૭૯ કરોડના અંદાજિત ખર્ચવાળી વાલીયા, ઝઘડીયા અને માંગરોળ (વાડી વિસ્તાર)ના સિંચાઇથી વંચિત આદિજાતિ વિસ્તારને લાભ આપવા માટે કરજણ જળાશય આધારિત નવી ઉદ્વહન સિંચાઇ યોજના માટે રૂપિયા ૧૧૮ કરોડ, જેનાથી ૭૫૦૦ ઉપર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. રૂપિયા ૫૧૧ કરોડના અંદાજિત ખર્ચવાળી કાકરાપાર–ગોરધા–વડ સુધીની નવી ઉદ્વહન સિંચાઇ યોજના માટે રૂપિયા ૧૨૫ કરોડ, જેનાથી સુરત જિલ્લાના ૧૫૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. રૂપિયા ૩૬ કરોડના અંદાજિત ખર્ચવાળી બિલોદથી બોડીદરા સુધીની નવી ઉદ્વહન સિંચાઇ યોજના માટે રૂપિયા ૧૩ કરોડ જેનાથી સુરત જિલ્લાના ૧૮૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે રાજય સરકારે હયાત કેનાલ માળખાની સુધારણા માટે સુદ્રઢીકરણ માટે રૂપિયા ૩૬૧ કરોડની જોગવાઇ સૂચવેલ છે, જે પૈકી ૫૩,૦૦૦ હેક્ટર સિંચાઇ  વિસ્તારમાં સિંચાઇ ક્ષમતામાં વધારો થશે અને છેવાડાના વિસ્તારોમાં પાણી પહોંચી શકશે. કલ્પસર યોજના માટેની શક્યતાદર્શી અહેવાલ અંગે મોટાભાગના અભ્યાસો પૂર્ણ થવામાં છે જેમાં શક્યતાદર્શી અહેવાલ કન્સલ્ટન્સી  તેમજ ભાડભૂત યોજના બાંધકામ માટે રૂપિયા ૧૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને સાથોસાથ જળસંપતિ વિભાગની જે મૂળ યોજનાઓ છે, તેના માટે જુદી જુદી યોજનાઓ માટે નર્મદાના પૂરના વધારાના ૩ એકર મિલિયન ફીટ પાણીની સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છ વિસ્તારોની  કામગીરી માટે રૂપિયા ૨૦૨૪ કરોડ, વિવિધ જળ સંચય યોજનાઓ અંતર્ગત તળાવો ઉંડા  કરવા તથા વોટર ગ્રેડીંગ માટેની કામગીરી માટે રૂપિયા ૩૫૭ કરોડ, બંધ યોજના માટે ૭૦ કરોડ, નહેર અને આ નહેરોના આધુનિકીકરણ માટે  રૂપિયા ૪૭૫ કરોડ, ચાર એવા કામો જેમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઘેડ વિસ્તારના કામો એના માટે ૨૭ કરોડ, દરિયાઇ ધોવાણ અટકાવવા માટે દક્ષિણ ગુજરાત માટે ૫૭ કરોડ, દરિયાઇ ધોણાણ અટકાવવા માટે દક્ષિણ ગુજરાત  ૧૨ કરોડ, સૌરાષ્ટ્ર વિસ્તારની મધ્યમ અને નાની સિંચાઇ યોજના માટે ૮૪ કરોડ આ દિશામાં ઘર અને સંસ્થાઓમાં પાણીનો ઉપયોગ અને ડ્રેનેજના બાકી રહેલા કામો માટે અને એના પાણીના નિકાલ માટેની વાત ઉપર ખાસ ધ્યાન આપવા માગે છે.  પાણી બચાવવા અને પાણી બગડતું અટકે એના માટે આપણે વિચારીએ તથા એમાં જોડાઇએ એવી વિનંતી છે.

સભાગૃહમાં ઘણા બધા સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યાં એ અંગે મેં પણ જવાબો આપ્યા છે.  ત્યારે ગૃહના સર્વ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે જળસંપતિ વિભાગ અને પાણી પુરવઠા વિભાગની મેં  વાત કરી છે ત્યારે સન્માનનીય સભાગૃહના સૌ સભ્યશ્રીઓ  સર્વ સંમતિથી આ માગણીઓ સ્વીકારે અને કાપ દરખાસ્ત પાછી ખેંચે તેવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મહેશભાઇ, આપ બોલો, આપને વધુ ૧ મિનિટ ફાળવું છું.

શ્રી મહેશભાઇ  છો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં પાણી માટેની રજૂઆતો થઇ છે.  તો માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા કરજણ યોજનાને ઉદવહન સિંચાઇ તરીકે માંગરોળ સુધી લઇ ગયા છે. ખાસ કરીને મારે આદિવાસી વિસ્તાર માટે અને એના કરતાં પણ ખાસ નર્મદા ડેમ અને ઉકાઇ ડેમ વચ્ચે આવેલો ડેડીયાપાડા અને સાગબારા તાલુકો અને એમાં આવેલો માંગરોળ, સોનગઢ, ઝગડીયા, વાલીયા અને નેત્રંગ તાલુકાને પીવા માટે પાણી મળતુ નથી. નર્મદા પણ અમારી મા છે અને તાપી પણ અમારી મા છે છતાં ત્યાંના  વિસ્થાપિત થયેલા લોકો છે એમના માટે પાણીની કોઇ વ્યવસ્થા થઇ નથી.  એમના બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા, રહેઠાણની વ્યવસ્થા થઇ નથી, આજે અમે પાણી માગીએ છીએ. પાણી વગર આ સમાજને બહાર મજૂરી કરવા માટે જવું પડે છે. તો ખાસ કરીને ઉદવહનની એટલા માટે વાત કરીએ છીએ કે ઉકાઇ અને નર્મદા ડેમને લીંક કરીને આ વિસ્તારના લોકોને પાણી આપવામાં આવે તેવી વિનંતી છે. એનાથી  આગળ ઉંમરગામથી અંબાજી સુધીનો આદિવસી પટ્ટો આવેલો છે.  ઉકાઇ ડેમ અને નર્મદા ડેમમાંથી વીજળી પેદા થાય છે ત્યારે આદિવાસીભાઇઓને સસ્તા દરે વીજળી આપવા માગો છો કે કેમ? મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ગામડાં  ડૂબાણમાં ગયા તેના લીધે ત્યાંની સરકારોને શરતને લીધે  ૬૦ ટકા અને ૪૦ ટકા વીજળી આપો છો તો અમે પણ વિસ્થાપિતના ભોગ બન્યા છીએ ત્યારે અમને વીજળી અને પાણી મળવું જોઇએ.  ખાણ અને ખનીજ  જેના ખેતરમાંથી મળે એને ભાગીદાર બનાવવો જોઇએ.

શ્રી વાસણભાઇ ગો. આહિર ( સામાજિક ન્યાય અને અધિકારીતા  મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા  સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી નંબર ૯૨ ઉપર ચર્ચા થઇ ત્યારે મારા આ વિભાગ વિશે થોડીક વાતો કરીશ.

આ હિન્દુસ્તાનમાં પંચાયતથી લઇને પાર્લામેન્ટ સુધી વર્ષો સુધી શાસન કરવાવાળી કોંગ્રેસની સરકાર દરમિયાન આ બક્ષીપંચ વિભાગની શું પરિસ્થિતિ હતી એના માટેની  થોડીક વાતો આ તબક્કે હું કરવા માગું છું.  જે સમાજને સહાયતા મળતી હતી જે કંઇ મળતુ હતું  એક જમાનો એવો હતો કે બક્ષીપંચનો માણસ કયાંક રસ્તા ઉપર ઉભો રહીને રીક્ષાને હાથ દેતો અને રીક્ષાવાળો પણ ઉભો નહોતો રહેતો અને પૂછતો હતો કે તમારી પાસે પાંચ રૂપિયા ભાડાના છે કે નથી? પરંતુ આપણે ગુજરાતના

## તા. ૧૯ મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

સાડા છ કરોડ લોકો એવા ભાગ્યશાળી છીએ આ સમાજમાંથી એક એવા પનોતા પુત્ર ગુજરાતનું ગૌરવ અને ગુજરાતના લાડીલા માનનીય નરેન્દ્રભાઇ મોદી પોતે બક્ષીપંચમાં જન્મ લઇને આ રાજયની શાસન ધૂરા સંભાળી છે ત્યારથી આ બક્ષીપંચનો ઉદ્ધાર થયો. આજે મને કહેતા આનંદ થાય કે આજ બક્ષીપંચમાં ૧૪૨ જાતિઓનો સમાવેશ થયેલ છે. પર ટકા વસતિ ધરાવનારો આ સમાજ છે અને એ સમાજ માટે બક્ષીપંચનો ગરીબ ઘરનો દીકરો કે દીકરી અગર જો એને આગળ ભણવાની તમન્ના હોય તો આ રાજય સરકાર આ ગુજરાતના લાડીલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ અને નીતિનભાઇ પટેલની સરકાર ૧૫ લાખ જેવી ૪ ટકાના સાવ ઓછા દરના વ્યાજની લોન આપે છે. ગુજરાત જેવા ડેવલપમેન્ટ ધરાવતા રાજયમાં વિકાસશીલ ઉદ્યોગથી ધમધમતા રાજયમાં જયારે એ સ્ટુડન્ટ અભ્યાસ કરીને ગુજરાતમાં પાછો આવે ત્યારે ઉદ્યોગોથી ધમધમતા ગુજરાતના ઉદ્યોગોમાં વિદેશથી આવીને જાય ત્યારે પચાસ હજાર રૂપિયાના પગારથી એની નોકરીની શરૂઆત થાય છે. એ આ ગુજરાતના બક્ષીપંચના યુવાનોની પરિસ્થિતિ છે. આજે સભ્યશ્રીઓએ અનેક વાત કરી. એક જમાનો હતો, કોંગ્રેસના શાસનમાં બક્ષીપંચની આશ્રમશાળાઓ અને છાત્રાલયો ચાલતી હતી અને એની પરિસ્થિતિ આપણે જોતા હતા. આજે આપણા લોક લાડીલા શ્રી નરેન્દ્રભાઇ મોદીએ એમના માટે આ આશ્રમશાળાઓ અને છાત્રાલયો કોર્પોરેટ ઓફિસ હોય કે કોર્પોરેટ લોન્જ હોય એવી બનાવી રહ્યા છે. દલિત, બક્ષીપંચની હોસ્ટેલો પાંચ-પાંચ કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન બનાવી રહ્યા છીએ અને તેમાં આ બાળકો પોતાનું જીવન અને ભવિષ્ય ઉજ્જ્વળ બનાવી રહ્યા છે. આ રાજ્યની અંદર અનેકવિધ યોજનાઓ છે. એ યોજનાઓને ધરતી ઉપર ઉતારવા માટે આ વિભાગના મારા કર્મયોગી અધિકારીઓ અને કર્મચારીઓનો ખૂબ મોટો ફાળો છે. આજે ગરીબ વર્ગના, બક્ષીપંચની દીકરીના લગ્ન કરવા હોય તો રોજ સવારે અને બપોર કમાય અને સાંજે ખાય એવી પરિસ્થિતિવાળા આ બક્ષીપંચના સમાજના એના મા-બાપને એના હાથ પીળા કરવા હોય તો અકળામણ થતી હતી. આ રાજ્યના લોક લાડીલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ કુંવરબાઇના મામેરા યોજનામાં સુધારો કર્યો અને આવક મર્યાદા રૂ.૨૭,૦૦૦/- હતી એમાં વધારો કરીને રૂ.૧,૨૦,૦૦૦/- અને રૂ.૧,૫૦,૦૦૦/- કરી છે. કુંવરબાઇના મામેરામાં લાભાર્થી દીકરીઓને પહેલા રૂ.૫૦૦૦/- અપાતા હતા એમાં વધારો કરીને હવે રૂ.૧૦,૦૦૦/- આપવામાં આવે છે. શ્રી કુંવરજીભાઇ ખૂબ જ સિનિયર ધારાસભ્યશ્રી છે. તેઓ પાંચ વખત ધારાસભ્ય અને એક વખત એમપી બની દિલ્હી પણ જઇ આવ્યા છે. તેઓ બક્ષીપંચ સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. એમણે એમ કહ્યું કે અત્યારે ગુજરાતમાં ૧૪૮ જ્ઞાતિઓ બક્ષીપંચમાં આવે છે. માનનીય કુંવરજીભાઇનું હું ધ્યાન દોરવા માગું છું અને આ આંકડામાં થોડુંક કરેક્શન કરવા માગું છું. અત્યારે ૧૪૨ જાતિઓ આ બક્ષીપંચ સમાજમાં આવે છે. પહેલા ૧૪૬ જાતિઓનો સમાવેશ થતો હતો. એમાંથી ૩ જાતિઓનો એસ.ટી.માં સમાવેશ થવાના કારણે અને એકનું ડુપ્લીકેશન થતું હતું એ બાદ થતા ૧૪૨ જાતિઓ ઓ.બી.સી.માં એટલે કે અધર બેકવર્ડ ક્લાસમાં આવે છે. હમણાં શ્રી અલ્પેશભાઇ ઠાકોરે વાત કરી. ઠાકોર-કોળી વિકાસ નિગમને કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. મને કહેતા આનંદ થાય છે કે હમણાં જ ૨૭મી ફેબ્રુઆરીએ આ રાજ્યના લોક લાડીલા આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે તેમના વરદ હસ્તે ૯૦૦ કોળી અને ઠાકોર સમાજના લાભાર્થીઓને ૯ કરોડ રૂપિયાના ચેકનું વિતરણ કરવામાં આવ્યું છે. અમારા કચ્છીમાં કહેવત છે. '' જૈસા તો વૈસા'' કચ્છી બોલીશ તો તમે સમજશો નહીં. આ રાજ્યના લોક લાડીલા અને પ્રજા વત્સલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ અનેક યોજનાઓ ધરતી ઉપર ઉતારી છે. કોઇપણ કાર્ય કરે! આપ અને હું આસામના પ્રવાસે ગયા હતા અને એ વખતે આપણને એક ક્વેશ્ચન કર્યો. આદરણીય પૂર્વ અધ્યક્ષશ્રી રમણલાલ વોરાની અધ્યક્ષતામાં ગયા હતા. એ વખતે આસામના મુખ્યમંત્રીશ્રીએ જે ઉલ્લેખ કર્યો કે, **आसाम के मुख्यमंत्री ने मुझसे पूछा कि आप लोग गुजरात से आ रहे है , गुजरात के ही श्री नरेन्द्र भाई मोदी प्रधानमंत्री है 2014 आ रहा है कुछ वो नया नुक्शा निकालेंगे तो आप इस बारे में क्या कहना चाहते हो , तब मैंने आसाम के आदरणीय मुख्यमंत्री को बताया था कि हम लोग खाली बातें नहीं करते है, हम हिन्दुस्थान के लिये हमें आजादी दिलानेवाले हमारे ही कच्छ के सपूत डॉ श्यामजीकृष्णजी वर्मा ने कई सालों तक हिन्दुस्थान के लोगों को एक नई आजादी दिलाने के लिये उन्होंने काला पानी भी झेली एवं जिनेवा जाकर उन्होंने जवानों को मार्गदर्शन दिया। बाद में उनकी तबियत बिगडी तो उन्होंने उनकी धर्मपत्नी श्रीमती भानुमति को कहा कि मुझे पता नहीं है कि मैं जिन्दा रहूं या नही जब देश की आजादी मिलेगी इसलिए मेरी अंतिम हार्दिक इच्छा है कि मेरी अस्थीयॉ मेरी जन्म भूमि जो गुजरात में कच्छ जिले में मांडवी जो है वहॉ ले जाए। कोई माई का लाल उनकी अस्थीयों को 70 साल तक उस समय के देश के शासकों ने पंडित डॉ श्यामजीकृष्णजी वर्मा को याद नहीं किया। हमारे गुजरात के पनौते पुत्र ,हम बहुत भाग्यशाली है कि हमारे गुजरात के पनौते पुत्र श्री नरेन्द्र भाई मोदी ने यह बीडा उठाया उन्होंने इतिहास के पन्ने उठाकर देखें कि पंडित श्यामजी कृष्ण वर्माजी की जो आंतिम इच्छा है वह कोई पूरी नहीं करेगा। मैं एक हिन्दुस्थानी जवान हूं यह मेरा कर्तव्य है और उन्होंने जिनेवा जाकर लॉकर से अस्थी लेकर आए एवं आज मेरे कच्छ मांडवी में 150 लाख रुपए की लागत लगाकर इंडिया हाउस बनाया है। यह वास्तविकता है। सर, यह भारतीय जनता पार्टी की सरकार ही कर सकती है, और यह हमारे प्रिय श्री नरेन्द्रभाई मोदीजी ने किया। इसलिए मैं अध्यक्ष महोदय मैं मेरे प्रतिपक्ष के मित्रों को इतना ही कहना चाहूगॉ कि जो हमारी योजनाएं है ,वह योजनाओं को लाभ लें। आदरणीय हमारे मुख्यमंत्री श्री विजयभाई रुपानी जी एवं हमारे परमस्नेही उपमुख्यमंत्रीश्री**

नितीनभाई पटेल के नेतृत्व में आइए बक्षी पंच के लोगों के विकास का काम करें। माननीय अध्यक्षजी, श्री अमितभाई चावडा एक वरिष्ठ एवं अनुभवी विधायक है वो बता रहे थे (अंतराय) सर मुझे एक मिनिट का समय और दिजीए।

સભાપતિશ્રી : आप पूरा करिए। અમિતભાઇ, એમને પૂરું કરી લેવા દો. (અંતરાય)

શ્રી વાસણભાઇ ગો. આહિર : અમિતભાઇ, આપ હમણાં કહેતા હતા કે બક્ષીપંચ માટે અલગ વિભાગ હોવો જોઇએ. you are right. પંચાયતથી પાર્લામેન્ટ સુધી ૭૦ વર્ષ સુધી તમે આ દેશમાં શાસન કર્યું, તમારા મુખ્યમંત્રીઓ હતા, તમારા મંત્રીઓ હતા છતાં આજ દિન સુધી કેમ સૂજ્યું નહીં? હમ આહ ભી ભરતે હૈ તો હો જાતે હૈ બદનામ, ઔર આપ કત્લ કરતે હૈ તો ચર્ચા ભી નહીં હોતી.

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી આપની વાત પૂરી થાય છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક ન્યાય અને અધિકરિતા વિભાગની માગણી નં. ૯૨ અને ૯૫ લઇને આવ્યો છું. યોગાનુયોગ આવતી કાલે ૨૦મી માર્ચ છે. ૨૦ મી માર્ચને સામાજિક અધિકારિતા સમૃતિ દિન તરીકે દેશમાં ઉજવવામાં આવે છે. ૨૦ મી માર્ચ ૧૯૨૭ના રોજ ડો. બાબા સાહેબ આંબેડકરે મહારાષ્ટ્ર રાજ્યના કોલાબા જિલ્લાના મહાડ નગરમાં ચૌદાર તળાવમાં દલિતોના પાણીના અધિકાર માટે ૧ હજાર અનુયાયીઓ સાથે સત્યાગ્રહ કર્યો હતો. આ જ દિવસની સ્મૃતિમાં મે–૧૯૯૮માં તત્કાલીન પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારી બાજપાઇજીની ભારત સરકારે સમાજ કલ્યાણ વિભાગનું નામ બદલીને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ રાખેલું હતું અને તેના પગલે ગુજરાત સરકારે પણ જૂનું સમાજ કલ્યાણ વિભાગનું નામ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ રાખેલું. હું આજે મારા વિભાગ હેઠળની અનુસૂચિત જાતિ કલ્યાણ માટે રૂપિયા ૧૦૦૬.૩૫ કરોડ સહિત અનુસૂચિત પેટા જાતિ યોજના એસ.સી., એસ.ટી. માટે ૪૮૮૬.૦૫ કરોડ, આર્થિક પછાત વર્ગ, લઘુમતિ, વિચરતી અને વિમુક્ત જાતિ સહિત બક્ષીપંચ જાતિના કલ્યાણ માટે ૧૮૩૬.૪૭ કરોડ અને સમાજ સુરક્ષા માટે રૂપિયા ૭૩૫.૩૨ કરોડ કુલ રૂપિયા ૭૪૫૮.૪૪ કરોડની માગણીઓ લઇને ઉપસ્થિત થયો છું. જે ગત વર્ષ કરતાં રૂપિયા ૧૦૩૭.૧૨ કરોડ રૂપિયા વધારે છે. સમગ્ર રીતે જોતા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળની અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ, દિવ્યાંગો, નિરાધાર મહિલાઓ, વૃદ્ધો, ગરીબો વગેરેના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૧૭–૧૮માં કુલ રૂપિયા ૨૮૫૭.૧૫ કરોડની જોગવાઇ સામે આગામી વર્ષ ૨૦૧૮–૧૯માં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ન્યૂ ઇન્ડિયાનું સ્વપ્ન સાકાર થાય તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ઉદાર મન રાખીને વંચિતોના વિકાસ અર્થે ગત વર્ષ કરતાં ૨૭.૪૨ ટકા જેટલી વધુ નાણાકીય રકમ ફાળવીને આ તમામ વર્ગો માટે રૂપિયા ૩૬૪૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જે વંચિતોના વિકાસ ક્ષેત્રે અમારી સરકારે એક અગ્રતા દર્શાવી છે. આદરણીયશ્રી નીતિનભાઇ પટેલે કુલ રૂ. ૧,૮૩,૬૬૬ કરોડનું બજેટ લઇને આવ્યાં છે તેમાં અનુસૂચિત જાતિ પેટા યોજના એસ.સી., એસ.ટી. માટે રૂ.૪,૮૮૬.૦૫ કરોડ છે તે માટે હું નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિ સમાજ કલ્યાણ અને સુરક્ષા વિભાગની માગણીઓ લઇને આ ગૃહમાં ઉપસ્થિત થયો છું. આ મારી માગણીઓના સંદર્ભે આ સન્માનનીય ગૃહના માનનીય ધારાસભ્યશ્રીઓ મનિષાબેન વકીલ, હિતુભાઇ કનોડિયા, માલતીબેન મહેશ્વરી, પ્રદિપભાઇ પરમાર, કુંવરજીભાઇ બાવળિયા, શૈલેષભાઇ પરમાર, ઋત્વિકભાઇ મકવાણા, નૌશાદભાઇ સોલંકી, અલ્પેશભાઇ ઠાકોર, અનિલભાઇ જોષીયારા, અમિતભાઇ ચાવડા, ગ્યાસુદ્દીન શેખ, વિરજીભાઇ ઠુંમર વિગેરેએ ચર્ચામાં ભાગ લીધો છે. મોટાભાગના સભ્યશ્રીઓએ અમારી કામગીરીને બિરદાવી છે. ઘણા મિત્રોએ સૂચનો પણ કર્યા છે અને વિપક્ષના મિત્રોએ પણ જે રચનાત્મક સૂચનો કર્યા છે તેની પણ મેં નોંધ લીધી છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતનું નામ માત્ર દેશમાં નહીં પરંતુ વિશ્વના ફલક પર ગાજતું થયાનો યશ ગુજરાતના પનોતા પુત્ર આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની આગેવાનીવાળી સક્ષમ એવી ભારત સરકારની વૈશ્વિક લોકપ્રિયતા જે આકાશને આંબી રહી છે. આ લોકપ્રિયતાને લીધે આપણા દેશની નોંધ વૈશ્વિક દેશના આગેવાનો અને નેતાઓ ભારતની પ્રગતિની પ્રશંસા કરે છે એ પણ એક નોંધપાત્ર બાબત છે. ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. તે દરમ્યાન સરકારે વિરોધપક્ષ સર્જિત અનેક ભૂકંપોનો સામનો કરી ગુજરાતની વિકાસ ગાથા અવિરત ચાલુ રાખી છે. સરકારની અનેક મુશ્કેલીઓમાં ગુજરાતની પ્રજા અમારી સાથે રહી છે. ગુજરાતમાં તાજેતરમાં થયેલ ચૂંટણીના પરિણામમાં ગુજરાતની જનતાએ આપેલ વિકાસના એજન્ડાને સતત છઠ્ઠી વાર સમર્થન આપવાનું ચાલુ રાખ્યું છે. ગુજરાતની પ્રજાના આ જનાદેશને માથે ચઢાવી ગુજરાતના વિકાસને આગળ લઇ જવા માટે અમારી સરકાર કટિબદ્ધ છે અને એમાં ગુજરાતની પ્રજાનો પ્રચંડ સહયોગ મળતો રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે પ્રજાને વચનો આપ્યા પછી વચન પૂર્તિ ન થવાની સામાન્ય છાપ પ્રવર્તતિ હોય છે પણ હું આજે બજેટમાં અનુસૂચિત જાતિઓ અને પછાત વર્ગોની જે વાત લઇને આવ્યો છું જેમાં ચોક્કસ કહી શકીશ કે અમે જે કહ્યું હતું તે કરી બતાવ્યું છે. આ ગૃહના ફ્લોર ઉપર અને બહાર જાહેર સભામાં અમે વારંવાર કહ્યું છે કે અમારું લક્ષ્ય કોઇ પણ પ્રકારની વોટબેંક ઊભી કરવાનું નથી. પરંતુ માનવ માત્રનું કલ્યાણ કરી વંચિતોનો વિકાસ કરવાનું એજ અમારું લક્ષ્ય રહ્યું છે. દલિતો ન્યાયના યાચક નહિ પરંતુ અમે એમને ન્યાયના અધિકારી બનાવવા માગીએ છીએ. ડો. બાબા સાહેબના શબ્દોમાં કહું

તો દલિતોને સામાજિક અને આર્થિક રીતે અન્ય સમાજની હરોળમાં લાવીને તેમનામાં ભારતના શ્રેષ્ઠ નાગરિકો તરીકેની અસ્મિતા જગાવવાની છે. ડો. બાબાસાહેબ આંબેડકરના આ વિચારોને મંત્રમુગ્ધ કરવા માટે અમલમાં લાવી વંચિતોમાં શ્રેષ્ઠ નાગરિક તરીકેની અસ્મિતા જગાવવાનું અમારી સરકારનું સતત લક્ષ્ય રહ્યું છે. દલિતો ઉપરના અત્યાચારોને વધારે અતિશયોકતિભરી રીતે રજૂ કરીને વિપક્ષના મિત્રો અમારી સરકારને બદનામ કરવાની એક પણ તક ચૂકતા નથી ત્યારે મારે કહેવું છે કે હાલનો અનુસૂચિત જાતિ, આદિજાતિ અત્યાચાર નિવારણ ધારો છે તેમાં આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબની સરકારે વધુ કડક જોગવાઇઓ કરીને અગાઉના કોંગ્રેસના વખતના આ બુઠ્ઠા હથિયારને વધારે ધારદાર બનાવીને દલિતો ઉપર કોઇ અત્યાચાર કરે તે પહેલા તેણે હજાર વખત વિચારવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. દલિતોની સુરક્ષા અને અદાલતોમાં એમને ન્યાય મળે તે માટે અત્યાચાર ધારાના પ્રમાણિક અમલ માટે ભારતના ૨૯ રાજયોમાં અગ્રેસર કહેવાય તેવા પગલાં ગુજરાત સરકારે લીધાં છે. કોર્ટ શરૂ થાય ત્યારથી નિકાલ સુધીમાં ફરિયાદી કે સાક્ષીઓને માર્ગદર્શન મળી રહે, આરોપો ખારીજ થાય તે માટે મદદરૂપ થવા માટે ગૃહ ખાતા દ્વારા ૪૫૯ કેશ ઓફિસરોની નિમણૂક કરી છે. ૩૩ જિલ્લાઓમાં અધિક નિવાસી કલેકટરશ્રીઓને અનુસૂચિત જાતિઓ સામેના અત્યાચાર કેસમાં ત્વરિત પગલાં અને પુનઃસ્થાપન માટે ખાસ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે જેથી અનુસૂચિત જાતિ સામે અત્યાચારના કેસોમાં ઝડપી નિકાલ થાય. હવે હું અનુસૂચિત જાતિ કલ્યાણ ક્ષેત્રે નવી મહત્વની બાબતોની જાહેરાત કરવા માગું છું. અનુસૂચિત જાતિના શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગણવેશની સહાય રૂ. ૩૦૦ માં બમણો વધારો કરીને ૬૦૦ રૂ. કરવામાં આવ્યા છે. બજેટની ૩૦ કરોડની જોગવાઇ જેનાથી પાંચ લાખ વિદ્યાર્થીઓને લાભ થશે. વ્યવસાયિક અભ્યાસક્રમો માટેની શિષ્યવૃત્તિ માસિક રૂ. ૧૨૫માં ૨૨૦ ટકાનો વધારો કરીને માસિક રૂ. ૪૦૦ કરવામાં આવશે. ભારતીય જનતા પાર્ટીની સરકારે કુલ ૧૮.૨૯ કરોડના ખર્ચે ૧૯ આંબેડકર ભવનો બનાવી દીધા છે પરંતુ એ પરંપરાને ચાલુ રાખતા પાંચ કરોડ રૂપિયાના ખર્ચે નવા આંબેડકર ભવનો પણ બનાવવામાં આવશે. સફાઇ કામદારોના પુનઃસ્થાપન માટે સ્વરોજગારી હેતુસર ડીઝલ મશીન તથા સલામતિના સાધન આપવા માટે બજેટમાં ૧.૨૫ કરોડની જોગવાઇ કરી છે. અનુસૂચિત જાતિ, આદિજાતિ અને વિકસતી જાતિઓ માટે ભૂજ અને જામનગર ખાતે બે કુમાર અને બે કન્યાશાળા મળી ચાર સમરસ છાત્રાલયો માટે સાત કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અંતર્ગત આંતરજ્ઞાતીય લગ્ન માટેની સહાય ૫૦૦૦૦ થી વધારીને એક લાખ કરવામાં આવશે. એ બજેટમાં ૧૨.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને છેલ્લા ૧૫ વર્ષમાં ૫૭૮૫ યુગલોને ૨૯ કરોડનો લાભ આપેલ છે. સમય મારી પાસે ખૂબ જ ઓછો છે પરંતુ રાજય સરકાર હેઠળ લઘુમતીઓ માટેના અલગ હેડની વાત કરું તો આવી જાતિ માટેના હેડ હેઠળ ફકત પ્રીમેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની વાત કરું તો છેલ્લા ૧૦ વર્ષમાં રૂ. ૫૧.૮૧ કરોડની જોગવાઇની સામે ૬૮.૧૦ કરોડનો ખર્ચ કરીને ૧૩૧ ટકાની સિદ્ધિ પ્રાપ્ત કરી લઘુમતીના અંદાજે ૨૯.૯૦ લાખ વિદ્યાર્થીઓને લાભ આપ્યો છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની આર્થિક રીતે પછાત સવર્ણો વિચરતી અને વિમુકત જાતિઓ તેમજ લઘુમતિઓ અંગે વાત કરીશ. તો ચારેય સમૂહને આપણે વિકસતિ જાતિ તરીકે કહીએ છીએ. આ સમૂહની રાજ્યમાં કુલ વસતિ અંદાજે ૭૦ ટકા જેટલી થવા જાય છે. આ સમૂહો માટે ચાલુ યોજના માટે રૂપિયા ૧,૧૪૯.૫૯ કરોડ ઉપરાંત નવી યોજનાઓ માટે ૬૮૬.૮૮ કરોડ મળી અંદાજે રૂપિયા ૧,૮૩૬.૪૭ કરોડની જોગવાઇઓ કરવામાં આવી છે, જે ગત વર્ષ કરતા ૭૫૭.૫૩ કરોડ રૂપિયા વધારે છે. આદરણીય વડીલશ્રી કુંવરજીભાઇએ એમના પ્રવચનમાં કહ્યું કે વિકસતિ જાતિને ઓછી જોગવાઇની વાત કરી છે તે બરાબર નથી. સને ૨૦૧૭-૧૮ ના ચાલુ વર્ષમાં રૂપિયા ૧,૧૧૮.૯૪ કરોડની સામે સને ૨૦૧૮-૧૯ ના વર્ષમાં ૧,૮૩૬.૪૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, એટલે કે ૭૧૭.૫૩ કરોડની જોગવાઇ વધારે કરવામાં આવી છે. (સમય સૂચક ઘંટડી) કુંવરજીભાઇએ એવી પણ વાત કરી કે ઓ.બી.સી. ના પ્રમાણપત્ર મળતા નથી. મેં જે સમયે ૧૯૯૫ પહેલાં મારી જાતિનું પ્રમાણપત્ર મેળવેલ તે સમયે માત્ર મામલતદારશ્રીઓ જ જાતિના પ્રમાણપત્ર આપતા. આ કોંગ્રેસ વખતે ફકત મામલતદારને જ ક્રિમિલિયરની સત્તા હતી. ભાજપની સરકારે આ સત્તા મામલતદાર ઉપરાંત ટી.ડી.ઓ. અને સમાજ કલ્યાણ અધિકારીઓને આપી છે. અને વર્ષે લગભગ ૬ લાખ જેટલા પ્રમાણપત્રો ઇશ્યુ થાય છે અને ૯૫ ટકા પ્રમાણપત્ર ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને પરીક્ષાના સમયે આપી દેવામાં આવે છે અને હું આ જે માગણી લઇને આવ્યો છું. એમાં ખરેખર સમય ખૂબ જ ઓછો પડ્યો છે. જે ધારાસભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો છે, એ તમામ ગૃહના સભ્યશ્રીઓને આપના માધ્યમ દ્વારા કહેવા માગું છું કે, હું જે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી નં. ૯૨, ૯૫ લઇને આવ્યો છું એમાં સર્વાનુમતિથી સંમત થાય.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, વિકસતિ જાતિનો હવાલો સંભાળતા મંત્રીશ્રીએ જવાબ આપ્યો, પણ મારી દ્રષ્ટીએ ખાતાની પોતાના વિભાગની વાત કરવાના બદલે હિન્દીમાં ભાષણ કર્યુ. પણ ભાષણ કરવાથી સમાજનું ભલું થતું નથી. શ્યામજીકૃષ્ણ વર્માની વાત કરી. એને અને આ વિભાગને કઇ લેવાદેવા નથી. માનનીય મંત્રીશ્રીએ જાહેરાત કરી કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ગણવેશની સહાય ૩૦૦ ની ૬૦૦ કરી, તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે બક્ષીપંચના સમાજના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય ૬૦૦ રૂપિયા કરવા માગો છો કે કેમ? બીજા નંબરે હાલમાં શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, તે એસ.સી. હોય કે, ઓ.બી.સી. ના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગણવેશ સહાયના જે ૩૦૦ ના ૬૦૦ કર્યા છે એ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના તમામ વિદ્યાર્થીઓને તેમાં આવરી લેવામાં આવ્યા છે.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો જેમાં મારે એમની સાથે એક જ ચોખવટ કરવી છે કે અમારા રાજકોટ જિલ્લામાં આજે ટી.ડી.ઓ., મામલતદારમાં સર્ટીફિકેટો અપાતા હતા તો એમણે ના પાડી દીધી છે.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : માગણીઓ ઉપરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સભાગૃહ સંમત છે?(થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ માગણીઓ ઉપરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : ફકત ક્રિમિલેયર સર્ટીફિકેટ અને જાતિનો દાખલો આપવામાં આવે છે. બીજું અત્યાર સુધી આવકનો દાખલો લેવા માટે ટી.ડી.ઓ. અને મામલતદાર પાસે જવાનું અને એ દાખલો લઇને સમાજ કલ્યાણમાં, બહુમાળીમાં રાજકોટ જાય, ત્યારે જ એને ક્રિમિલેયરનું સર્ટી અપાય છે. રાજકોટ જિલ્લામાં આ રીતે બને છે. હું જાણવા માગુ છું કે આ પદ્ધતિ હોય તો મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે પદ્ધતિ બરાબર હતી તે પ્રમાણે ચાલુ રાખવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સમાજ કલ્યાણ અધિકારીઓ આ દાખલો આપે જ છે. શહેરી વિસ્તાર હોય ત્યાં મામલતદારશ્રી દાખલો આપે છે. ગ્રામ્ય વિસ્તાર હોય ત્યાં તાલુકા વિકાસ અધિકારીશ્રી દાખલો આપે છે. તેમ છતાં પણ આપના રાજકોટની આપે વાત કરી છે તેમાં કોઇ પ્રશ્ન હશે તો અમારી સરકાર દ્વારા સૂચના આપી દેવામાં આવશે.

સભાપતિશ્રી : હવે એક જ સભ્ય નૌશાદભાઇ પ્લીઝ.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અનુસૂચિત પેટા જાતિ માટે જે નાણાંકીય ફાળવણી કરવામાં આવે છે તે રાજયના કુલ બજેટના કેટલા ટકા ફાળવવામાં આવે છે? રાજયની વસતિના કુલ સાત ટકા વસતિ છે તો કેટલા ટકા ફાળવવામાં આવે છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નૌશાદભાઇએ જે પ્રશ્ન પૂછયો તે હું મારા પ્રવચનમાં જ લેવાનો હતો પણ સમય ઓછો હતો એટલે પ્રવચનમાં જવાબ આપી શકયો ન હતો. ૧૯૮૫ થી ૧૯૯૦માં બજેટની જોગવાઇ સામે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને માત્ર ર.૮૬ ટકાની ફાળવણી થઇ હતી. ૧૯૯ર થી ૧૯૯૭માં બજેટની જોગવાઇ સામે માત્ર ર.૯૭ ટકાની ફાળવણી થઇ હતી. હું આનંદ અને ગૌરવ સાથે કહી શકું કે ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૬.૦૮ ટકા અને ૨૦૧૭-૧૮ના વર્ષમાં ૫.૪૧ ટકા બજેટની જોગવાઇ સામે ફાળવણી કરવામાં આવી છે. ભૂતકાળમાં જે કંઇ ફાળવણી થતી હતી તેના કરતાં બમણી ફાળવણી આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની આગેવાનીમાં ચાલતી સરકારે કરી છે.

સભાપતિશ્રી : પ્લીઝ હવે નહીં. પ્લીઝ બ્રિજેશભાઇ.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૨, ૨૩ અને ૨૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૯ર, ૯૫, ૬૬ અને ૬૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪.૩૩ વાગ્યે પુરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૨૦-૩- ૨૦૧૮ના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા.૨૦મી માર્ચ ૨૦૧૮**
**ફાલ્ગુન ૨૯, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ સવારના ૧૧-૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

સુરેન્દ્રનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધો

* ૬૮૭૬ શ્રી બલરામ થાવાણી (નરોડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ઈ-ધરા કેન્દ્રોમાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેટલા હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૩૧ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બાકી નોંધોનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

શ્રી બલરામ ખુ. થાવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે હક્ક પત્રક એટલે શું? તેની કામગીરી કેવી રીતે થાય છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : ખેડૂત ખાતેદાર એની મિલ્કતના ખેતરના મૂળ દસ્તાવેજ એટલે ૬, ૭/૧૨ અને ૮-અ, આ દસ્તાવેજની અંદર હક્ક પત્રકના માધ્યમ દ્વારા નમૂના-૬ માં જ્યારે જ્યારે હક્ક સંપાદન થાય ત્યારે નોંધો કરવામાં આવે છે. સામાન્ય રીતે આવી ૧૧ પ્રકારની નોંધો પાડવામાં આવે છે. આ ઉપરાંત જુદા જુદા હુકમો થયેલ હોય, દા.ત. કોર્ટોના હુકમો થયેલા હોય, આર.ટી.એસ.ના હુકમો થયેલ હોય, જે તકરારી નોંધો હોય એના જે કઇ રિઝલ્ટ આવ્યા હોય તેની નોંધો કરવાની હોય. આ બધી નોંધો હક્ક પત્રકમાં કરવામાં આવે છે. આ હક્ક પત્રક ખેડૂતોનો મૂળ દસ્તાવેજ છે. આ દસ્તાવેજ ચોક્કસ રીતે થાય એના માટે અમારી રાજ્ય સરકારે આ પાયાના દસ્તાવેજની અંદર જ્યારે જ્યારે નોંધો કરવાની હોય, ત્યારે ચોક્કસાઇપૂર્વક સરકાર અને અમારો વિભાગ ચિંતા કરતો હોય છે. હક્ક સંપાદન થાય ત્યારથી ૩ માસમાં અરજી કરવાની હોય છે. અરજી મળ્યેથી અરજીની વિગતોની એન્ટ્રી કરવામાં આવે છે અને કોમ્પ્યૂટરાઇઝ્ડ પહોંચ આપવામાં આવે છે. આ આખી સિસ્ટમ ૨૦૦૪ થી કોમ્પ્યુટરાઇઝ્ડ કરવામાં આવી છે. ૭ દિવસમાં કાચી એન્ટ્રી જનરેટ થાય છે. વ્યક્તિગત નોટસો બજાવ્યા પછી ૩૦ દિવસે નોંધ પ્રમાણિત કરવાની કામગીરી હાથ ધરવાની હોય છે. આ કાર્યવાહી ઇ-ધરા કેન્દ્રમાં કારકુન દ્વારા કરવામાં આવે છે. આ પ્રકારની નોંધો અંગે નિર્ણય પ્રમાણિત અથવા નામંજૂર કરવાની સત્તા નાયબ મામલતદારને આપેલ છે. આદિવાસી ઇસમની આવી નોંધો પાડવાની હોય તો મામલતદાર કક્ષાએ એટલા માટે ચિંતા કરવામાં આવે છે કે આદિવાસીના હિતો જળવાઇ રહે અને નોંધોનો ન્યાય મળે એ માટે આદિવાસી વિસ્તારમાં આ કામગીરી મામલતદાર દ્વારા કરવામાં આવે છે. તકરારી નોંધો ૧૩૫-ડી ની નોટિસ આપ્યા પછી તકરારીનો જે નિર્ણય આવે તે પછી ઝડપથી હક્ક પત્રકમાં નોંધાય તે માટેની કાર્યવાહી અમારા વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ હક્ક પત્રક મૂળ દસ્તાવેજ છે, એમાં એન્ટ્રી જલ્દી પડી જાય અને લોકોને ન્યાય મળે એના માટે અમારી સરકારે પાયાનું કામ વર્ષોથી હાથમાં લીધું છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ઇ-ધરામાં હક્ક પત્રકની નોંધો કરવામાં આવે છે, એની અંદર વ્યાપકપણે ભ્રષ્ટાચારની ફરિયાદ મળે છે. તો આવા પ્રકારની કોઇ ફરિયાદ આપણને મળી છે કે કેમ? જો ફરિયાદ મળેલ હોય તો તેના ઉપર કેવાં પ્રકારનાં પગલાં લેવાં માગો છો?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એક કન્ટીન્યુસ પ્રોસેસ છે. હક્ક પત્રકમાં લગભગ ૪૩ જેટલી નાની મોટી અરજીની એન્ટ્રીઓ પાડવાની હોય છે. મારી પાસે સુરેન્દ્રનગર જિલ્લાનો પ્રશ્ન છે એમાં ફક્ત આજની તારીખે ૩૧ નોંધો કરવાની બાકી હતી. આ ૩૧માંથી આજની તારીખે આમાં ૨૨ જ બાકી છે. ૨૨-૨૨ તકરારી છે, એટલે બે વ્યક્તિ સામે જમીન માટે સામ સામે તકરાર હોય, દાવા થયેલ હોય, એટલે જ્યાં સુધી નિકાલ ન આવે ત્યાં સુધી નોંધો પાડવામાં આવતી નથી. સુરેન્દ્રનગર જિલ્લાનો સવાલ છે ત્યાં સુધી આજની તારીખે ૨૨ નોંધો તકરારી છે. બે વ્યક્તિઓ, વ્યક્તિઓ જોડેની તકરારનું રિઝલ્ટ ન આવે ત્યાં સુધી આ નોંધ પડે નહીં.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ ઇ-ધરા વ્યવસ્થાપન દ્વારા રાજયના ખેડૂતો અને પ્રજાજનોને શું શું લાભ થયો છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ મેં જવાબમાં વાત કરી તેમાં હકક પત્રક નોંધણીનું કામ આખા ગુજરાતમાં મામલતદાર કચેરીમાં ઇ–ધરા કેન્દ્ર દ્વારા થાય છે. રાજયના મહેસૂલ વહીવટને કોમ્પ્યુટરાઇઝડ, સલામત, સુરક્ષિત, ચેડાંમુક્ત, સુદ્રઢ અને ઝડપી બનાવવાના પગલાંરૂપે મેં કહ્યું તેમ ૨૦૦૪થી આ વ્યવસ્થા કરવામાં આવી છે. રાજયના કોઇપણ ઇ–ધરા કેન્દ્રથી રાજયના કોઇપણ ગામના તથા રાજયની કોઇપણ ગ્રામ પંચાયત કચેરીએથી મહેસૂલી રેકર્ડ જેવું કે ગામ નમુના નં. ૬, નંબર ૭, નમુના ૮–અ તથા ગામ નમુના નંબર ૧૨ના ઉતારા મેળવી શકાય છે. ઓનલાઇન થયા બાદ ફેબ્રુઆરી ૨૦૧૫ સુધી ઇ–ધરા કેન્દ્રથી ૨૭.૦૮ કરોડ નકલોનું વિતરણ થયેલ છે. અમારી સરકારે આ સિસ્ટમ ઉભી કરી તેની અંદર અત્યાર સુધીમાં ૧૪૦.૨૮ કરોડની આવક થઇ છે. આ અમારી સરકારનું વિઝન, નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાનનું વિઝન છે કે આ કોમ્પ્યુટરાઇઝડ કર્યુ, લોકોને સારી સેવા મળે અને આવક થાય. ૧૪૦ કરોડની આવક થઇ છે. ૨૦૧૩ થી મહેસૂલી રેકર્ડ ગામના ૭–૧૨, ૮–અ અને નમુના નં. ૬ ની માહિતી સહેલાઇથી ઇન્ટરનેટ પર જોઇ શકાય છે તેવી વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવેલ છે. હવે આ મહેસૂલી રેકર્ડની નકલ સમગ્ર રાજયમાં કોઇપણ ઇ–ધરા કે ઇ–ગ્રામ કેન્દ્ર પરથી મેળવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. વર્ષમાં એકવાર વિનામૂલ્યે અમે આ નકલ આપીએ છીએ. બીજીવાર લેવી હોય તો પાંચ રૂપિયા શુલ્ક લઇ ચેડાંમુક્ત કોમ્પ્યુટરાઇઝડ નકલ આપીએ છીએ. ગામ નમુના નં. ૬ની નોંધ ઓનલાઇન થઇ તે પહેલાંના ગામ નમુના નં.૬ની ફેરફાર નોંધોના રજીસ્ટરોને સ્કેન કરવાનો કાર્યક્રમ કર્યો છે. લગભગ ૯૯ ટકા કામગીરી સ્કેન કરવાની પૂરી થવા આવી છે. થોડીક બાકી છે, અમે સ્કેન કરીએ છીએ. એટલે આ રેકર્ડ આખા ગુજરાતનો મૂળ રેકર્ડ છે તે કોમ્પ્યુટરાઇઝ થાય, સ્કેનીંગ થાય તેવી વ્યવસ્થા કરી છે અને તેનો મોટો લાભ આવનારા દિવસોમાં ખેડૂતોને મળવાનો છે.

અધ્યક્ષશ્રી : છેલ્લો પેટા પ્રશ્ન માનનીય પુંજાભાઇ. છેલ્લો પ્રશ્ન આપના દંડકશ્રી તરફથી પણ વિનંતી છે. પાંચમો પ્રશ્ન થયો. તમે કહો હવે તમારે કહેવું પડશે. તમે કહો તો તેમને પૂછવા દઇશ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, સબ રજીસ્ટ્રાર કચેરીમાં જે મિલકતોની નોંધણી થાય છે તે નોંધણી થઇ ગયા પછી સબ રજીસ્ટ્રારશ્રી દ્વારા મામલતદારશ્રીને નોંધો પાડવા માટે મોકલી આપવામાં આવે છે કે ભાઇ અમારી કચેરીમાં આ દસ્તાવેજની નોંધણી થઇ છે. સરકાર કક્ષાએ હકકપત્રકમાં નોંધ પાડવા માટે અને આ એટલા માટે કે તેનાથી મહેસૂલી આવક થાય છે એટલા માટે. તો સબરજીસ્ટ્રાર કચેરીમાંથી મામલતદારશ્રીની કચેરીમાં મોકલી આપ્યા પછી સમય મર્યાદામાં મામલતદાર કચેરીએ આ નોંધો પાડવી જોઇએ. તે સમય મર્યાદામાં ન પડાતી હોવાના કારણે માનનીય ઋત્વિકભાઇ મકવાણાએ પૂછયું કે તેના લીધે ભ્રષ્ટાચારના સવાલો ઉભા થાય છે, ઘણીબધી ફરિયાદો ઉભી થાય છે તો આવી મામલતદાર કચેરીમાં નોંધો મોકલી દીધા પછી સમય મર્યાદાની અંદર જો આ નોંધો પાડવામાં આવે તો આ પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં અને અહીં સવાલ આવે નહીં. ત્યારે આ બાબતે સરકાર ગંભીરતાપૂર્વક નિર્ણય કે વિચાર કરીને સમય મર્યાદામાં મામલતદાર કચેરીમાં નોંધો પાડવામાં આવે તેવી વ્યવસ્થા આપ ગોઠવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : બહુ લાંબો પ્રશ્ન કરી નાખ્યો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ હકક પત્રકની નોંધો ઝડપથી લોકોને ન્યાય મળે તેટલા માટે કરીએ છીએ અને સુરેન્દ્રગનર જિલ્લાનો પ્રશ્ન છે તેના જવાબમાં જ મેં કહ્યું છે કે ૬ જેટલી નોંધો ત્રણ માસની અંદર છે. ૧૭ જેટલી નોંધો ત્રણ માસથી છ માસની અંદર છે. ૮ નોંધો છ માસની અંદર છે. એટલે આ નોંધો ૨૦૦૩ના પરિપત્રથી ૯૦ દિવસમાં કલીયર કરવાની હોય છે તેવા આદેશ આપેલા છે. આજે જવાબમાં કહ્યું છે કે, ૯૦ દિવસ પહેલાં અને આ બધી તકરારી નોંધો છે. સામાન્ય નોંધો સમય મર્યાદામાં થઇ જાય છે. તકરારી નોંધો બે વ્યક્તિઓ વચ્ચેની તકરાર હોય છે અને તેનું નિરાકરણ લાવવા માટે સમય લાગતો હોય છે. એ તકરારનું નિરાકરણ લાવવા માટે સમય લાગતો હોય છે તો પણ સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૧ હતી જવાબ આપ્યો ત્યારે પણ આજે ૨૨ જઇ ગઇ છે એટલે અમે ચોક્કસ આ હકપત્રકની જે ચોક્કસાઇ છે એ માટે સરકાર ચિંતિત છે અને એમાં ક્યાંય ભ્રષ્ટાચાર ન થાય એની પણ ચિંતા કરીશું. સ્પેસિફિક કોઇ વાત હોય તો પણ અમારા ધ્યાનમાં લાવવામાં આવે તો પગલાં ભરીશું.

અધ્યક્ષશ્રી : આ વખતે પ્રશ્ન પૂછવાનો ચાન્સ આ બાજુવાળાનો છે પણ નથી આપતો અને હું સોમાભાઇને ચાન્સ આપુ છું. માનનીય સોમાભાઇ,

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મારા જિલ્લાનો પ્રશ્ન છે એટલા માટે હું ઉભો થયો છું. તમે કહો છો કે ભ્રષ્ટાચાર નથી થતો પણ અમે ભ્રષ્ટાચાર થાય છે એ પ્રૂવ કરીને તમને બતાવીશું. તમે જે વાત કરી કે ૨૨ તકરારી છે પણ એ સિવાય બાકીની જે તકરારી નથી એ શા માટે અત્યાર સુધી પડતર પડી રહી છે? અને કયા તાલુકામાં કેટલી અરજીઓ પડતર છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચાર બોલવાથી દૂર ન થાય સિસ્ટમ બેસાડવાથી દૂર થાય. અમારી સરકારે, નરેન્દ્રભાઇએ, વિજયભાઇએ અને નીતિનભાઇએ આ ઇ–ધારા કોમ્પ્યુટરાઇઝ્ડ સિસ્ટમ બેસાડી છે અને એમણે જે વાત કરી એ પ્રમાણે તાલુકાવાર માહિતી મારી પાસે છે. આજની તારીખે સુરેન્દ્રનગર જિલ્લામાં તકરારી સિવાય કોઇ પણ નોંધ પાડવાની બાકી નથી.

અધ્યક્ષશ્રી : આપના દંડકશ્રી તરફથી લેખિતમાં આવ્યું છે કે, એક પ્રશ્નમા પાંચથી સાત મિનિટ આપો ત્યાં સુધી સારું રહેશે અને એવી વિનંતી છે. હવે ભાજપવાળાને પૂછવા જ નથી દીધા મેં મારો અધિકાર વાપર્યો. પ્રશ્ન ક્રમાંક–૪.

## તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

વડાપ્રધાનશ્રીનો ૧૫ મુદ્દાનો નવો કાર્યક્રમ

* ૮૨૭૭ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં લઘુમતી સમાજના વિકાસ માટે વડાપ્રધાનશ્રીના ૧૫ મુદ્દાનો નવો કાર્યક્રમ સરકારને ક્યારે મળ્યો, | (૧) વર્ષ ૨૦૦૬ માં. |
| (૨) ઉકત સ્થિતિએ આ કાર્યક્રમ યોગ્ય રીતે લાગુ થાય તે માટે રાજ્ય અને જિલ્લા કક્ષાની સમિતિઓ બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, | (૨) રાજ્ય અને જિલ્લા સ્તરની સમિતિઓ રચાયેલ છે. |
| (૩) જો રાજ્ય અને જિલ્લા કક્ષાની સમિતિઓ બનાવવામાં આવી હોય તો રાજ્યકક્ષાની સમિતિની મિટીંગ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે મળી, અને | (૩) (૧) તા.૩૦–૬–૨૦૧૬. |
| (૪) સમિતિઓની રચના ન કરવામાં આવી હોય તો તે કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, રાજય અને જિલ્લા સ્તરની સમિતિની રચના ક્યારે કરવામાં આવી? રાજય અને જિલ્લા સ્તરની સમિતિઓની બેઠકો મળવા અંગે કોઇ સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ છે કે કેમ? જો હા, તો કેટલી સમય મર્યાદા છે અને, સમય મર્યાદા મુજબ સમિતિની બેઠકો મળે છે કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સમિતિની રચના કરવામાં આવી છે અને સમિતિની પ્રથમ મિટીંગ તારીખ ૩૦.૬.૧૬ના રોજ મળી હતી અને છેલ્લી મિટીંગ તા.૩૦.૧.૨૦૧૮ના રોજ મળી છે અને જિલ્લા કક્ષાની સમિતિની રચના પણ થઇ ગયેલ છે.

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, માનનીય વડા પ્રધાનશ્રીનો નવો જે ૧૫ મુદ્દાનો કાર્યક્રમ છે એ હેઠળ રાજય કક્ષાની જે સમિતિઓ બનાવવામાં આવે છે તેમાં અધ્યક્ષશ્રી અને બીજા કોણ કોણ સભ્યશ્રીઓ હોય છે?

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય સભ્યશ્રીને જણાવવા માગુ છું કે, ૧૫ મુદ્દા કાર્યક્રમ હેઠળ રાજય કક્ષાની સમિતિ બનાવવામાં આવે છે એના સભ્યોની વિગત હું આપુ છું જે નીચે મુજબ છે.

(૧) મુખ્ય સચિવશ્રી (૨) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (૩) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, નાણા વિભાગ (૪) અધિક મુખ્યસચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ (૫) અધિક મુખ્યસચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, ગૃહ વિભાગ (૬) અધિક મુખ્યસચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ (૭) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, શિક્ષણ વિભાગ (૮) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ (૯) અધિક મુખ્ય સચિવશ્રી/અધિક અગ્રસચિવશ્રી/સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ (૧૦) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, પંચાયત અને ગૃહ નિર્માણ (૧૧) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ (૧૨) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, મહેસૂલ વિભાગ, (૧૩) અધિક મુખ્ય સચિવશ્રી, અગ્રસચિવશ્રી, સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, (અંતરાય)

અધ્યક્ષશ્રી : માહિતી માગી છે તો આપે તો ખરા ને?

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : (૧૪) અધિક મુખ્ય સચિવશ્રી, અગ્રસચિવશ્રી, સચિવશ્રી, કાયદા વિભાગ અને..

અધ્યક્ષશ્રી : કોણ કોણ સભ્યો છે સાંભળો તમે.

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : (૧૫) બે લોકસભાના અને એક રાજ્યસભાના માનનીય સંસદ સભ્યશ્રીઓ, (૧૬) ગુજરાત વિધાનસભાના બે માનનીય ધારાસભ્યશ્રીઓ, (૧૭) ત્રણ બિનસરકારી સભ્યશ્રીઓ, (૧૮) લઘુમતિના ૩ ખ્યાતનામ બિનસરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, (૧૯) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, (૨૦) મેનેજીંગ ડીરેકટર, અલ્પ સંખ્યક નાણાં વિકાસ નિગમ, (૨૧) અધિક સચિવશ્રી, સંયુકત સચિવશ્રી, નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

અધ્યક્ષશ્રી : હજી કેટલા છે?

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમ આ પંદર મુદ્દાના કાર્યક્રમમાં ૨૧ સભ્યોની સમિતિની રચના કરેલી છે.

ફાલ્ગુન ૨૯, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, પહેલાં આ લઘુમતિ સમાજમાં કયા કયા સમાજો આવે એ એક વાત અને બીજું કે પંદર મુદ્દાનો જે કાર્યક્રમ આપ્યો છે એમાં જિલ્લાવાર દરેક ધારાસભ્યશ્રીઓની આમાં નિમણૂંક કરવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકારની સમિતિની રચનાનો પ્રશ્ન છે એમના પ્રશ્ન માટે અલગથી નોટિસ આપશે તો હું જવાબ આપી શકીશ.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો કે, માનનીય વડાપ્રધાનશ્રીએ નવા પંદર મુદ્દાના આ કાર્યક્રમમાં સમિતિની રચના થઇ ગઇ છે, સમિતિની બેઠકો પણ થઇ ગઇ છે અને લઘુમતિ સમાજની એમણે ચિંતા પણ કરી છે તો કયા પંદર મુદ્દા છે કે જેની ચિંતા એ સમિતિ અને રાજ્ય સરકાર કરે છે તો માનનીય મંત્રીશ્રીને તે પંદર મુદ્દા જણાવવા વિનંતી છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રીના પંદર મુદ્દાના કાર્યક્રમમાં (૧) સંકલિત બાળ વિકાસ યોજનાના કાર્યક્રમની ન્યાયી પ્રક્રિયા, (૨) શાળા શિક્ષણમાં વધુ પ્રવેશ (૩) ઉર્દુના શિક્ષણ માટે વધુ સાધનો (૪) મદરેસાના શિક્ષણને આધુનિક બનાવવું. (૫) લઘુમતિ કોમના ગુણવત્તાવાળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી, (૬) મૌલાના આઝાદ શિક્ષણ પ્રતિષ્ઠાન દ્વારા શિક્ષણ માળખામાં સુધારો કરવો. (૭) ગરીબો માટે સ્વરોજગાર વેતન (૮) ટેકનીકલ તાલીમ દ્વારા કૌશલ્ય સુધારો (૯) આર્થિક પ્રવૃત્તિઓ માટે વધુ ધિરાણ સહાય (૧૦) રાજ્ય અને કેન્દ્રની નોકરીઓમાં ભરતી (૧૧) ગ્રામીણ આવાસની યોજનામાં સમાન હિસ્સો (૧૨) લઘુમતિ કોમોની વસતિ ધરાવતા ગંદા વિસ્તારોની સ્થિતિ સુધારણા (૧૩) કોમી રમખાણો રોકવા અંગે તેનું નિયંત્રણ (૧૪) કોમી ગુનાઓ માટે કામ ચલાવવું (૧૫) કોમી રમખાણોનો ભોગ બનેલાઓનું પુનઃ સ્થાપન કરાવવું. આ પ્રકારના ૧૫ મુદ્દાઓનો માનનીય વડાપ્રધાનશ્રીના આ કાર્યક્રમમાં સમાવેશ થાય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં પહેલાં તો મારે એ જાણવું છે કે, માનનીય રાજેન્દ્રસિંહે પુછ્યું કે આમાં કઇ કઇ જ્ઞાતિઓનો સમાવેશ થાય છે એટલે હું ફરીથી એ પુછું અને બીજું ખાસ કરીને વડાપ્રધાનશ્રીએ જે પંદર મુદ્દાનો કાર્યક્રમ આપ્યો છે અને મંત્રીશ્રીએ કમિટીઓની રચના કરેલ છે અને કમિટી એનું કામ કરે છે એમ પણ કહ્યું એ કમિટીની મિટિંગ મળ્યા પછી ગુજરાતમાં કોઇ જગ્યાએ કોઇ પ્રોબ્લેમ આવ્યા છે કે જેના અનુસંધાને ગુજરાતમાં સરકારે કોઇ હકારાત્મક પગલાં લીધાં હોય?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી પહેલાં તો કઇ કઇ જ્ઞાતિઓનો સમાવેશ થાય છે તો એ જ્ઞાતિઓમાં (૧) મુસ્લિમ, (૨) ખ્રિસ્તી (૩ ) શીખ (૪) બૌદ્ધ (૫) પારસી અને (૬) જૈન, અને આ જે મેં કહ્યું તેમ કે ૩૦–૬–૨૦૧૬ અને ૩૦–૧–૨૦૧૮ના રોજ એમ કુલ બે મિટિંગો મળી છે એમાં કોઇ એવા મુદ્દા અમારા ધ્યાન પર આવેલ નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૫

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૫

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : ભાઇ દંડકશ્રી, હવે તમે તમારા સભ્યશ્રીને કહો. પ્લીઝ, હવે પછી બધાને પુછવા દેવાનું? તમે કહો છો એ પ્રમાણે ચાલુ છું હવે.

શ્રી અમિત ચાવડા : (દંડકશ્રી) પહેલાં હાથ ઉંચો કર્યો હતો એટલે.

અધ્યક્ષશ્રી : પહેલાં અને પછીનો પ્રશ્ન નથી. માનનીય શૈલેષભાઇએ, એમને ના પાડું હું? (અંતરાય) ઇમરાનભાઇ પહેલાં આપ બેસી જાઓ. આપ બેસી જાઓ, ઇમરાનભાઇ બેસી જાઓ.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ કાગળ લખવો અને પછી આગ્રહ કરવો એ કેવું ?

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તેમના દંડકશ્રીએ કાગળ લખ્યો છે અને પછી આમાં બહાર જુદી જુદી વાતો થાય છે અને પછી આગ્રહ રાખે છે કે તમે સમયસર પ્રશ્ન પૂરો કરતા નથી એટલે મારી વિનંતી છે કે એમના દંડકશ્રીએ જે લખીને આપ્યું છે તે પ્રમાણે અમલ કરવો.

અધ્યક્ષશ્રી : મિત્રો જે પણ કહેતા હોય પરંતુ મારી ઉદારતા છે એટલે ગ્યાસુદીનભાઇ આ છેલ્લો પ્રશ્ન.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આભાર, જે સમિતિની મિટિંગ મળી હતી તેનો એજન્ડા શું હતો ? આ મિટિંગમાં શું નિર્ણયો કરવામાં આવ્યા ? અને વડાપ્રધાનશ્રીનો જે ૧૫ મુદ્દાનો કાર્યક્રમ જે યુ.પી.એ.સરકાર લાવી હતી એ કાર્યક્રમ હેઠળ આપણું નવું જે બજેટ થયુ તેમાં કોઇ ફાળવણી કરવામાં આવી છે કે નહીં ? અને ટોટલ કેટલા રૂપિયાનો ખર્ચ અને કયા કયા કામોમાં કરવામાં આવ્યો છે ?

અધ્યક્ષશ્રી : એકમાં ચાર પ્રશ્નો પૂછી નાંખ્યા.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર અને માત્ર સમિતિની રચના અંગેનો છે આવા જે કોઇ પ્રશ્ન હશે તેની અલગથી નોટિસ રજૂ કર્યેથી જવાબ આપવામાં આવશે.

## તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આ વધુ ઉદારતાનો દાખલો, આ બધુ યાદ રાખજો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, થેંકયુ સર, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, લઘુમતિ સમાજ માટે અલગથી તેમના કલ્યાણ માટે ૧૫ મુદ્દાની સમીક્ષા થાય તે માટે બીજા રાજયોની અંદર જેવી રીતે રાજસ્થાન, એમ.પી. અને કર્ણાટકમાં અલગથી મંત્રાલય બનાવવામાં આવ્યા છે. ગુજરાત રાજયની અંદર પણ માનનીય મંત્રીશ્રી અલગથી મંત્રાલય બનાવવા માગે છે કે કેમ ? મારો બીજો પ્રશ્ન એ છે કે, માઇનોરીટી માટે કોઇ સરકાર, રાજય સરકાર, ગુજરાત સરકાર કોઇ હાઉસીંગ યોજના બનાવવા માગે છે કે કેમ ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે આ પ્રશ્ન માત્ર અને માત્ર સમિતિની રચના અંગેનો પ્રશ્ન છે એટલે આ સભ્યશ્રીઓએ જે કંઇ વધુ વિગત જાણવી હોય તેઓ મને અલગથી નોટિસ પાઠવીને પૂછી શકે છે.

### ગાંધીનગર જિલ્લામાં બાળ શ્રમયોગી નાબૂદી અભિયાન

* ૬૯૨૯ શ્રી હિતુ નરેશ કનોડીયા (ઈડર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં બાળ શ્રમયોગી નાબૂદી અભિયાન અંતર્ગત સને ૨૦૧૭માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) રેડની સંખ્યા : ૧૭ |
| (૨) રેડ દરમ્યાન કેટલા બાળકોને મુકત કરાવવામાં આવ્યા ? | (૨) મુકત કરાયેલ બાળકો : ૯ |

શ્રી હિતુ કનોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગુ છું કે, ગાંધીનગર જિલ્લામાં કરવામાં આવેલ ૧૭ રેડ દરમિયાન કેટલી સંસ્થાઓમાં નિરીક્ષણ કરવામાં આવેલ ? જેમાં તાલુકાવાર મુકત કરાવેલ બાળકો કેટલાં ? અને તે પૈકી ૧૪ વર્ષથી નીચેના બાળકો હતા, જો હા તો શું પગલાં ભરવામાં આવ્યા ? અને બાળ શ્રમ યોગી અધિનિયમમાં કોઇ સુધારો કરવામાં આવેલ છે ? જો હા, તો કયા પ્રકારના સુધારા કરવામાં આવેલ છે ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ૧૭ રેડ દરમિયાન ૧૫૫ જેટલી સંસ્થાઓની અંદર આ રેડ કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં ૧૨ રેડ કરવામાં આવી એમાં ૩ બાળકોને મુકત કરવામાં આવ્યા. કલોલની અંદર ૩ રેડ કરવામાં આવી તેમાં ૪ બાળકોને મુકત કરવામાં આવ્યા. માણસાની અંદર ૨ રેડ કરવામાં આવી તેમાં ૨ બાળકોને મુકત કરવામાં આવ્યા. આમ, ગાંધીનગર જિલ્લામાંથી મુકત કરાવેલ જે ૯ બાળકો મળી આવ્યા હતા તે પૈકી ૧૪ વર્ષથી નીચેનું એક બાળક મળી આવ્યુ હતું બાકીના બાળકો ૧૪ વર્ષથી ઉપરના મળી આવેલા હતા. ૨૦૧૭માં ગાંધીનગર જિલ્લામાં આ રેડ દરમિયાન એક સંસથાને કસૂરવાર માલૂમ પડી અને કસૂરવાર માલિકો સામે બાળ શ્રમ યોગી પ્રતિબંધ અધિનયમ ૧૯૮૬ હેઠળ નામદાર જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, કલોલમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. હાલ આ મુકત કરાયેલ બાળક તેના પિતાની સાથે રહી રહ્યું છે. બીજો તેમનો જે પ્રશ્ન હતો તેમાં મારે જણાવવાનું કે વર્ષ ૨૦૧૬માં બાળ યોગી શ્રમ યોગી અધિનિયમ ૧૯૮૬ની જોગવાઇમાં સુધારો કરીને અધિનયમનું બાળ અને તરૂણ શ્રમ યોગી અધિનિયમ ૧૯૮૬ કરવામાં આવેલ છે. અને આ સુધારાથી મૂળ અધિનિયમમાં નીચે મુજબની જોગવાઇઓમાં સુધારો કરવામાં આવેલ છે. મૂળ કાયદાની કલમ -૩માં ૧૪ વર્ષથી નીચેના બાળકોને જોખમી વ્યવસાય અને પક્રિયામાં કામ ઉપર રાખવાનો પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. જ્યારે અન્ય બિન જોખમી વ્યવસાય અને પ્રક્રિયામાં રોજગારીમાં નિયમન સાથે કામે રાખી શકાતા હતા. રાઇટ ટુ એજ્યુકેશન એકટ -૨૦૦૯ની જોગવાઇ મુજબ ૧૪ વર્ષથી નીચેના બાળકો શાળાએ જ હોવા જોઇએ અને જેને ધ્યાનમાં રાખીને મૂળ કાયદાની કલમ -૩માં સુધારો કરીને ૧૪ વર્ષ પૂર્ણ કરેલ ન હોય તેવા બાળકોને કોઇ પણ પ્રકારના કામ ઉપર રાખવા માટે પ્રતિબંધ મૂકવામાં આવેલ છે અને કલમ -૩(એ) ઉમેરીને ૧૪ વર્ષ પૂર્ણ કરેલ હોય પરંતુ ૧૮ વર્ષ પૂર્ણ કરેલ ન હોય તેવા તરૂણોને જોખમી ધંધા અને પ્રક્રિયામાં રાખવા ઉપર પ્રતિબંધ અને અન્ય ધંધાઓ અને વ્યવસાયોમાં નોકરીના સમયે કે રીસેસ વગેરેમાં એને માટે નિયમન કરવામાં આવેલ છે અને ૧૪ વર્ષથી નીચેના બાળકોને શાળાના સમય સિવાય અને વેકેશનમાં એમના કુટુંબ સાથે રહેતા હોય તો બિન જોખમી વ્યવસાય અથવા પ્રક્રિયામાં એની મદદ લઇ શકાતી હોય છે.

અધ્યક્ષશ્રી : આપના દંડકશ્રીનો લેખિતમાં આગ્રહ છે કે જે તે જિલ્લાનો પ્રશ્ન હોય અને નામજોગ હોય તો તે જિલ્લાના સભ્યને અગ્રિમતા આપીને તક આપવી તેમ છતાંય જો દંડકશ્રીની પરમીશન હોય તો હું અશ્વિન કોટવાલને તક આપું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાવાળા કોઇ હાથ ઉંચો કરતા નથી.

અધ્યક્ષશ્રી : ના બીજા પણ છે. એમણે હાથ ઉંચો કર્યો છે પણ પછી એવું થાય કે, હું તમારા કહેવા પ્રમાણે ચાલતો નથી. તમારી વિનંતી પ્રમાણે હું અનુકૂળ નથી થતો. (આ તબક્કે કોંગ્રેસના સભ્યો કંઇક બોલતા) એટલે ખરેખર અધ્યક્ષ ઉપર જ છોડવું જોઇએ કે ક્યાં કેટલા પ્રશ્નો પૂછવા? કોણે પૂછવા? કેટલીક વાર કોઇ પ્રશ્નમાં ૨૧ મિનિટ પણ થઇ જાય અને કોઇ પ્રશ્ન ૫ મિનિટમાં પણ પૂરો થઇ જાય.

## તારાંકિત પ્રશ્નો

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ બાળ શ્રમયોગી નાબૂદી અભિયાન અંતર્ગત ૨૦૧૭માં જે રેડ પાડવામાં આવી એ કઇ–કઇ જગ્યાએ એટલે કે, કોઇ હોટલમાં, ખેતરમાં કે કોઇ ફેક્ટરીમાં રેડ પાડવામાં આવી અને બીજો પ્રશ્ન એ છે કે, જે ૯ બાળકોને પકડવામાં આવ્યા એ કયા સમાજના હતા?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ૯ બાળકોને પકડવામાં આવ્યા છે એમાં એક મહાકાળી ટી સેન્ટર, જી.૧૦૦, સીટી મોલ–૧, નવજીવન મીલ કમ્પાઉન્ડ કલોલ, જિ.ગાંધીનગરમાંથી પકડવામાં આવેલ છે. એનો વ્યવસાય હોટલનો વ્યવસાય હતો અને એ બાળ શ્રમિકનું નામ રાજુભાઇ જગદીશભાઇ દંતાણી હતું અને એની ઉંમર ૧૪ વર્ષ કરતાં નાની હોવાથી નામદાર કોર્ટ, કલોલમાં એની ઉપર કેસ કરવામાં આવ્યો. બીજું બગુસા ફુડ પ્રોડક્ટ પ્રાઇવેટ લિમીટેડ, સઇજ, તા.જિ.ગાંધીનગર. એ આઇસ્ક્રીમ ઉત્પાદનનો વ્યવસાય કરતા હતા અને એનું નામ રાકેશજી રઇજી ઠાકોર હતું એ ખાંટવાસ, ખાળિયો કૂવા, સઇજ, તા.જિ. ગાંધીનગરના હતા અને એ ૧૪ વર્ષની ઉંમરનો બાળક હતો. મહાલક્ષ્મી આઇસ એન્ડ ફાસ્ટ ફૂડ, શોપ નં.–૯, શ્રી સ્કવેર્સ કોમ્પલેક્ષ, પેથાપુર ચોકડી, પેથાપુર, જિ.ગાંધીનગરથી સાલ્વી દિપક મોહનલાલ નામનો બાળક મળી આવ્યો હતો એ બિન ગુજરાતી હતો એટલે એમના માતા–પિતાને શોધીને એમને સોંપવામાં આવેલ હતો અને એની ઉંમર ૧૪ વર્ષ કરતાં વધારે હતી. બીજું બાળક મહાલક્ષ્મી આઇસ એન્ડ ફાસ્ટ ફૂડ, શોપ નં –૯, શ્રી સ્કવેર્સ કોમ્પલેક્ષ, પેથાપુર ચોકડી, પેથાપુર, જિ.ગાંધીનગરનું હતું. એ હોટેલ, રેસ્ટોરન્ટનો વ્યવસાય કરવાવાળા હતા. એનું નામ વિષ્ણુ બુનકર હતું. એ મુ.ધારોલ, તા.સલુંબર, જિ.ઉદેપુરનો હતો. એની ઉંમર પણ ૧૪ વર્ષ કરતાં વધારે હતી તેથી તેને તેના માતા–પિતાને સોંપવામાં આવેલ છે. રાધે કચ્છી દાબેલી, દુકાન નં–૧૩, ભગવતી શોપીંગ સેન્ટર, માણસા, જિ.ગાંધીનગર એ પણ હોટલ અને રેસ્ટોરન્ટનો વ્યવસાય ધરાવતા હતા અને રતનજી જમેતી, રવેશી ગામ, પતન નગર, રાજસ્થાનનું બાળક હતું. એણે પણ ૧૪ વર્ષ પૂર્ણ કરેલ હતા આથી એને એના માતા–પિતાને સોંપી દેવામાં આવેલ છે. અન્ય બાળક શ્રીનાથ દાબેલી અને વડાપાઉં, દુકાન નં–૧૧, ભગવતી શોપીંગ સેન્ટર, માણસા, જિ.ગાંધીનગરમાંથી મળી આવેલ છે. એનો વ્યવસાય પણ હોટલ અને રેસ્ટોરન્ટનો વ્યવસાય હતો અને એ પણ મધ્યપ્રદેશનું બાળક હતું એને પણ સોંપી દેવામાં આવેલ હતું અને એની ઉંમર પણ ૧૪ વર્ષ કરતાં વધારે હતી. બીજું એક બાળક હોટલ સિંદબાદ, કલોલ–મહેસાણા હાઇવે ઉપરથી મળી આવેલું હતું, એ પણ હોટલનો વ્યવસાય હતો અને દિનેશ દેવા મેવા એ રાજસ્થાનનું બાળક હતું એને પણ એના માતાપિતાને સોંપી દેવામાં આવેલ છે. બીજું પણ એક બાળક હોટલ સિંદબાદમાં મળી આવ્યું હતું એ પણ રાજસ્થાનનું હતું એની પણ ૧૪ વર્ષ કરતાં વધારે ઉંમર હોવાથી એના માતા પિતાને સોંપી દેવામાં આવ્યું હતું. પૂનમ ફૂડ્સ–૧૦૧, સુપર મોલ–૨, ઇન્ફોસીટી, તાલુકો, જિલ્લો–ગાંધીનગર એ સલામ મહમ્મદ કાસિમ રહીમ નામનું બાળક મળી આવ્યું હતું, એ પણ રાજસ્થાનનું હતું, અને એની ઉંમર પણ ૧૪ વર્ષની હતી, એને એના માતા પિતાને સોંપી દેવામાં આવ્યું હતું. એ સિવાય જે ૧૫૫ જગ્યાએ રેડ કરવામાં આવી એનું લિસ્ટ ખૂબ લાંબું છે. આ જે બાળકો મળી આવ્યાં હતાં એની જ માહિતી મેં નવ જગ્યાની આપી, બાકી ૧૫૫ જગ્યાએ આ રેડ પાડવામાં આવી હતી.

અધ્યક્ષશ્રી : કોઇએ ભાજપમાંથી પ્રશ્ન પૂછવાનો છે? પછી કોઇ એવું કહેશે કે, મેં હાથ ઉંચો કર્યો હતો અને આંગળી તો દેખાતી જ નથી.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બાળ શ્રમયોગી પુનઃવસન માટે શું કામગીરી કરવામાં આવે છે, અને બાળ શ્રમયોગી નાબૂદી પ્રથા માટે રાજય સરકારશ્રી દ્વારા કઇ એકશન પ્લાન અમલમાં છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, બાળ શ્રમયોગીના પુનઃવસન માટે મુક્ત કરાવેલ જે બાળકો હોય એ બાળકોનું શ્રમયોગીનું શૈક્ષિણક પુનઃવસન કરાવવામાં આવતું હોય છે અને આપણે સૌ જાણીએ છીએ કે, ૧૪ વર્ષથી નીચેનું બાળક હોય એ હંમેશા સ્કૂલમાં હોવું જોઇએ અને જો ૧૪ વર્ષથી નીચેનું બાળક આપણને મળી આવે તો જે તે જિલ્લાનું હોય ત્યાં જિલ્લા શિક્ષણાધિકારીને વાત કરીને આપણે એને સ્કૂલમાં ભણાવવા માટે દાખલ કરાવતા હોઇએ છીએ અને આ મુક્ત કરાવેલ બાળકનું નામ, સરનામુ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને સોંપીને એને ભણવા માટે દાખલ કરાવતા હોઇએ છીએ અને જો મોટું બાળક મળી આવે અને એણે બિલકુલ અભ્યાસ ન કરેલો હોય અને જો આપણને મળી આવે તો શાળામાં દાખલ કરાવીને એને લખતાં વાંચતાં શીખવાડવા માટે જે વર્ષ હોય અને એનો આગળનો અભ્યાસ થઇ શકે એના માટેની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. આમ, બાળ શ્રમયોગી પ્રથા એક આર્થિક અને સામાજિક સમસ્યા આપણા સૌના માટેની છે અને બાળકના માતા પિતાનું પણ જો આર્થિક ઉપાર્જન ન હોય તો એના માતા પિતાને પણ રોજગારી મળી રહે, કામ મળી રહે, આર્થિક ઉપાર્જન મળી રહે એના માટેના એના માતા પિતાના આર્થિક ઉપાર્જન માટેના પણ આપણે પ્રયાસો કરતા હોઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બીજો એક પ્રશ્ન એવો પૂછ્યો છે કે, બાળ શ્રમયોગી નાબૂદી પ્રથા માટે રાજય સરકાર દ્વારા કોઇ એકશન પ્લાન બનાવવામાં આવે છે? તો માનનીય અધ્યક્ષશ્રી, સરકાર મારફત આપણા રાજયની અંદરથી તમામ બાળકો શાળાએ ભણે અને કોઇપણ બાળક શ્રમયોગી આપણને રાજયમાંથી ન મળી આવે એના માટેના સઘન પ્રયાસો કરવામાં આવતા હોય છે. વર્ષ ૨૦૦૯માં રાજય સરકારશ્રી દ્વારા બાળ શ્રમયોગી પ્રથા નાબૂદી માટે એક સ્ટેટ એકશન પ્લાન બનાવવામાં આવ્યો છે. રાજય સરકારશ્રીના વિભાગો એની સાથે જે સંકળાયેલા છે એની અંદર શ્રમ અને રોજગાર વિભાગ, એની નોડલ એજન્સી તરીકે કામ કરે છે. ગૃહ વિભાગને પણ સાંકળવામાં આવેલ છે, શિક્ષણ વિભાગને પણ સાથે

સાંકળવામાં આવેલ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને પણ સાથે સાંકળવામાં આવેલ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને પણ સાંકળવામાં આવેલ છે. પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને પણ આની અંદર સાંકળી લીધેલ છે. આમ, સ્ટેટ એકશન પ્લાન હેઠળ દરેક જિલ્લામાં દર માસે ટાસ્ક ફોર્સ રેડ થાય એના માટેના પણ પ્રયાસો કરવામાં આવે છે અને દર માસે એની કલેકટરના અધ્યક્ષસ્થાને મિટીંગ થાય એના માટે પણ આપણે પ્રયત્નો કરીએ છીએ અને જિલ્લા ટાસ્ક ફોર્સ દ્વારા બાળ શ્રમયોગી પ્રથા નાબૂદી માટે કરવામાં આવેલી કામગીરી પણ દરેક જિલ્લાની અંદર કેટલી કામગીરી થઇ એનું પણ જિલ્લા કલેકટરશ્રી દ્વારા સર્વે થતું હોય છે અને રાજય સરકાર દ્વારા પણ દર મહિને એનું મોનિટરીંગ કરીને આપણા રાજયની અંદર કોઇ બાળ શ્રમયોગી  ન મળે એના માટેના પ્રયાસ કરવામાં આવે છે.

શ્રી પ્રવિણભાઇ  ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, મારે  આપની મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવું  કે, આ બાળ શ્રમ યોગીઓ જે પકડાય  છે, તેમાંથી કેટલા લોકોને  અત્યાર સુધીમાં સજા કરવામાં આવી છે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, આ બાળ શ્રમ યોગી છે તે બાળકો પાસે મજૂરી કરાવે છે તો આ બાળકોના શિક્ષણ બાબતે  શું કાર્યવાહી કરવામાં આવે છે, અને જે લોકોને પકડવામાં આવ્યા છે, તેમાં આ પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યાર પછી કેટલી રેડ કરવામાં આવી ?

શ્રી દિલીપકુમાર  વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે બાળ શ્રમીક પકડાય તેને આપણે શાળાની અંદર  દાખલ કરવાતા હોઇએ છીએ. જે રેડ કરી તે ૨૦૧૭ ના વર્ષની અંતિતની રેડ  છે,  રેડ અત્યારે ચાલુ છે અને દર માસે આ રેડ કરવાની પ્રક્રિયા  ચાલુ જ હોય છે, સતત ચાલતી અમારી આ પ્રક્રિયા છે. હું એ પણ કહેવા માગું છું  કે, ૧૪ વર્ષથી નીચેનું બાળક મળે તો તેને આપણે નિયમો મુજબ કોર્ટમાં કેસ દાખલ કરતા હોઇએ છીએ. આ ૯ બાળકો પૈકીનું  જે એક બાળક ૧૪ વર્ષથી નીચેનું મળી આવ્યું તેવા એક કિસ્સામાં આપણે કોર્ટમાં કેસ પણ દાખલ કર્યો  છે. સભ્યશ્રીએ સજાની જે વાત કરી તો એ બાબતમાં મારે સન્માનનીય સભાગૃહને જણાવવાનું કે, મૂળ કાયદામાં ઓછામાં ઓછી  ૩ માસની સજા હતી, ઓછામાં ઓછો ૧૦ હજાર અને વધુમાં વધુ ૨૦ હજાર સુધીનો દંડ હતો તેના બદલે તેમાં ફેરફાર કરી અને સજાની જોગવાઇ ૬ માસથી લઇને ૨ વર્ષની કરવામાં આવી છે, અને દંડની જોગવાઇમાં પણ ઓછામાં ઓછો ૨૦ હજાર અને વધુમાં વધુ ૫૦ હજારની દંડની જોગવાઇ નવા નિયમો પ્રમાણે કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લામાં હક્ક પત્રક નોંધો

* ૬૮૯૩ શ્રીમતી મનિષા વકીલ  (વડોદરા શહેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૪૪૬ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બાકી નોંધોનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા  માનનીય મંત્રીશ્રીથી પાસેથી જાણવું છે, ૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતએ  ભરૂચ જિલ્લામાં તાલુકાવાર  કેટલી નોંધો પડતર છે અને તેના માટેનું શું આયોજન છે ? અને આ નોંધો કેટલા પ્રકારની હોય છે ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ૪૪૬ હકક પત્રકોમાં નોંધનો  નિકાલ બાકી હતો,  આમાં, ૯ તાલુકાઓ પૈકી ભરૂચમાં–૭૭, વાગરામાં–૫૧, આમોદમાં–૩૭, જંબુસરમાં–૫૧, અંકલેશ્વરમાં–૯૩, હાંસોટમાં–૩૬, ઝઘડીયામાં–૬૦, વાલીયામાં–૨૯ અને નેત્રાંગમાં–૧૨ એમ કુલ મળીને ૪૪૬ હક્કપત્રકોમાં  નોંધો બાકી હતી. માનનીય અધ્યક્ષશ્રી, જયારે જવાબ આપ્યો તે વખતે ૭૭ એટલે કે ૩૨૪ મંજૂર કરવામાં આવી ૪૫ ના મંજૂર કરવામાં આવી એટલે કે ૩૬૯ નો નિકાલ કરવામાં આવ્યો, આ ૪૪૬ માંથી હવે બાકી રહી ૭૭ તેમાંથી પણ આજની તારીખે ફકત ૬૩ બાકી રહી છે એટલે બીજી પણ ૪૬ હકકપત્રકની નોંધોનો નિકાલ કરવામાં આવ્યો છે. આ જે ૬૩ બાકી રહી છે તે તકરારી છે અને અગાઉ મેં કહ્યું તેમ આ તકરારી નોંધોમાં બન્ને સામ સામે જેણે નોંધ પાડી હોય અને વિરોધ હોય ત્યારે જયાં સુધી એમને સાંભળીને એમના કેસનો અને તકરારનો નિકાલ ન આવે ત્યાં સુધી આ નોંધો પડતી નથી. એટલે અગાઉ મેં કહ્યું તેમ આ ભરૂચ જિલ્લાની અંદર પણ અમારી સરકારની જે સિસ્ટમ છે કમ્પ્યુટરાઇઝ  એના માટે કયાંય પણ ગેરરીતિ થવાનો સંભવ ન રહે એટલા માટે આ સિસ્ટમ દાખલ કરવામાં આવી છે. એટલે અગાઉ સુરેન્દ્રનગર અને હવે ભરૂચમાં પણ આ ઇ–ધરા કેન્દ્રમાંથી ફૂલપ્રૂફ સિસ્સટમથી  લોકોને ન્યાય મળે અને ગેરરીતિ ન થાય તેને માટે અમે ચિંતા કરીએ છીએ.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત હું મંત્રીશ્રીને રિકવેસ્ટ કરું છું કે,  થોડો પ્રશ્ન અલગ છે, પરંતુ મારા વિસ્તારનો સળગતો પ્રશ્ન છે, ઉંઝામાં અમારે ત્યાં ૭ ટી.પી. સ્કીમ છે, આ ટી.પી. સ્કીમોમાં  અત્યાર સુધીમાં છેલ્લા બે વર્ષથી કોઇ પણ   આ સાત–બારના ઉતારા નિકળતા નથી. પ્રજા બહુ જ અમને રીકવેસ્ટ કરે છે તો મંત્રીશ્રીને હું રીકવેસ્ટ કરું છું કે ઝડપથી આ ઉતારા મળે તેવી અત્યારે કાર્યવાહી અમને કરીને આપશે ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમની આ પ્રશ્ન સિવાયની અલગ બાબત છે.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : એમાં ધ્યાન આપજો.

શ્રી અરૂણસિંહ અ. રણા : ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી નોંધો બાકી છે, કેટલા સમયથી બાકી છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : મેં કહ્યું એમ આજની તારીખે ૬૩ હક્કપત્રકોની નોંધ બાકી છે આ બધી જ તકરારી છે. તાલુકાવાર જોઇએ તો ભરૂચ તાલુકામાં ૯, વાગરા તાલુકામાં ૫, આમોદ તાલુકામાં ઝીરો, જંબુસર તાલુકામાં ઝીરો, અંકલેશ્વર તાલુકામાં ૧૯, હાંસોટ તાલુકામાં ૧૨, ઝઘડીયા તાલુકામાં ૧૮, વાલીયા તાલુકામાં ઝીરો જયારે નેત્રંગ તાલુકામં ઝીરો એમ કુલ ૬૩ હક્કપત્રકોની નોંધ પાડવાની બાકી છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ઇ–ધરા કેન્દ્રો આખા રાજયમાં ચાલે છે. એ રાજય સરકાર પોતે ચલાવે છે કે પ્રાઇવેટ એજન્સીને કામ સોંપ્યું છે? મારો બીજો પ્રશ્ન એ છે કે ખેડૂતોને ૭(૧૨) અને આઠ (અ)માં પાણી પત્રકની નોંધ કરાવવાની હોય છે એ થતી નથી એના કારણે ક્રોપ લોન લેવા જાય તો એ આપતા નથી. તો આ નોંધ ઇ–ધરાવાળા કરે કે તલાટી કરે એ મારે જાણવું છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : ડેટા ઇ–ધરામાં ફીટ કરવાનો થતો હતો ત્યારે એ કામગીરી એજન્સીને સોંપાઇ હતી. અત્યારે સંપૂર્ણ સરકારી વ્યવસ્થાથી ઇ–ધરા કેન્દ્ર ચાલે છે. કારકુન કક્ષાએ આ કામગીરી ચાલે છે. જયારે નોંધ પ્રમાણિત કરવાની સત્તા નાયબ મામલતદારને હોય છે. આદિવાસી વિસ્તારમાં આ સત્તા મામલતદારને છે. તકરારી નોંધ ઉપર નિર્ણય લેવાની સત્તા મામલતદારને છે. એટલે આ રીતે કમ્પ્લીટ ઇ–ધરા કેન્દ્ર ઉપર સરકારનો કન્ટ્રોલ છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : ખેડૂતોની ૭(૧૨) અને ૮(અ)ની નોંધ કોણ પાડે છે એ મારો પ્રશ્ન છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ પ્રશ્ન હક્કપત્રકની નોંધોનો છે. પાણી પત્રકની માહિતી જોઇતી હોય તો એના માટે અલગ નોટિસ આપવી પડશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તેમ છતાં ખેડૂતોનો પ્રશ્ન છે એટલા માટે કૂણી લાગણી રાખવામાં આવે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : હક્કપત્રકની વાત અલગ છે. ૭(૧૨) અને ૮(અ)ની નોંધો પાડવાની વાત છે એ અલગ છે. એના માટે અલગ નોટિસ આપવામાં આવશે તો એનો જવાબ આપવામાં આવશે. કેટલી નોંધો પડી કેટલી બાકી છે અને કેટલી નામંજૂર થઇ એ આખો જુદો વિષય છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : આ ઇ–ધરા કન્ટિન્યુ ચાલતી પ્રક્રિયા છે. કદાચ ખોટી નોંધ પડી ગઇ હોય તો એને સુધારવા માટેની શું પ્રક્રિયા છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : હક્કપત્રકમાં નોંધ કરવા માટે વિગતો આપે છે એ મંજૂર કે નામંજૂર કરવામાં આવે છે. નોંધ ખોટી પડી ગઇ હોય તો સ્પેશ્યલ કોઇ આવી બાબતે ધ્યાન દોરવામાં આવે તો જે કંઇ પગલાં લેવાના થતાં હોય એ લેવામાં આવે છે.

### સમાજ સુરક્ષા ખાતા પાસે બાળકો દત્તક લેવાની પડતર અરજીઓ

* ૮૨૮૭ શ્રી હર્ષદકુમાર રીબડીયા (વિસાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર ખાતે બાળકો દત્તક લેવા માંગતા હોય તેવા કેટલા દંપત્તિઓની કેટલી અરજીઓ પડતર છે, | (૧) આ અંગેની સમગ્ર કાર્યવાહી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા થતી હોવાથી સમાજ સુરક્ષા ખાતા હેઠળ આવી અરજીઓ પડતર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) પડતર અરજીઓ પૈકી કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવા દંપત્તિઓને વહેલી તકે બાળક દત્તક મળે તે માટે સરકારે શું કાર્યવાહી કરી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : મારો પ્રશ્ન બાળક વિહોણા દંપત્તિ બાળક દત્તક લેવા માગતા હોય એની વેદનાનો છે. બાળક દત્તક લેવાની કામગીરી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા થાય છે. પરંતુ ગુજરાતમાં સમાજ સુરક્ષા દ્વારા થતી આ કામગીરી કયારથી તબદીલ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં જયારે સમાજ સુરક્ષા ખાતું બાળક દત્તક આપવાની પરવાનગી આપતું હતું ત્યારે ભારત સરકારના કયા મંત્રાલય હેઠળ આ કામગીરી થતી હતી?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : બાળક દત્તક લેવાની પદ્ધતિ છે. તા. ૧–૮–૨૦૧૫થી ભારત સરકારે સંપૂર્ણ કામગીરી તેમના હસ્તક લઇને તેમના દ્વારા નવા શરૂ કરવામાં આવેલ પોર્ટલ ઉપર ઓન લાઇન કામગીરી થાય છે. એમાં દત્તક લેનાર માતા–પિતાએ પોતાનું રજિસ્ટ્રેશન કારાની વેબસાઇટ ઉપર કરવાનું હોય છે. એમાં પોતાની વિગતવાર માહિતી આપવાની હોય છે તેમાં દત્તક લેવા માટે ત્રણ રાજયો પસંદ કરવાના હોય છે. એના વિકલ્પે આખા ભારત દેશમાં વિકલ્પ આપી શકે છે. દરેક માતા–પિતાનું રજિસ્ટ્રેશન થયા બાદ જે દંપતિ છે એમના વેઇટીંગ નંબરની જાણ ઇ–મેઇલ અને એસએમએસથી થાય છે.

ઇચ્છુક માતા–પિતા કેટલી ઉંમરનું બાળક દત્તક લઇ શકે તેની વિગતો આપું છું. ઝીરોથી ચાર વર્ષનું બાળક દત્તક લેનાર માતા–પિતાની સંયુક્ત ઉંમર ૯૦ વર્ષની હોવી જોઇએ અને દત્તક લેનાર માતા–પિતાની સરેરાશ ઉંમર ૪૫ વર્ષ હોવી જોઇએ. બાળકની ઉંમર ચારથી આઠ વર્ષની હોય તો દંપતિની સંયુક્ત ઉંમર ૧૦૦ વર્ષ હોવી જોઇએ. આઠથી અઢાર વર્ષનું બાળક દત્તક લેનાર માતા–પિતાની સંયુક્ત ઉંમર ૧૧૦ વર્ષ હોવી જોઇએ.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, બાળક દત્તક આપવાની પ્રક્રિયામાં રાજ્ય સરકારની ભૂમિકા શું છે? છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાંથી કેટલા બાળકો દત્તક આપવામાં આવ્યાં છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ બાળકો દત્તક લેવાની કામગીરીની વાત કરું તો અમદાવાદમાં એક સંસ્થા આવેલી છે. આ વિભાગના મંત્રી બન્યા પછી એક કાર્યક્રમમાં હું પોતે ત્યાં ગયો હતો અને મારા મંત્રી તરીકેનો પ્રથમ પગાર પણ મેં આ સંસ્થાને દાનમાં આપ્યો છે. તા.૧–૮–૨૦૧૫થી ભારત સરકારે સંપૂર્ણ કામગીરી તેમના હસ્તક લઇ લીધી છે. તેમના દ્વારા નવી પદ્ધતિ શરૂ કરવામાં આવેલ છે. ભારત સરકારે શરૂ કરેલ પોર્ટલ www.cara.nic.in ઉપર એની ઓન લાઇન સંપૂર્ણ કામગીરી થાય છે. તે બાળક દત્તક આપવા ઇચ્છતિ સંસ્થાઓને માન્યતા આપવાની કામગીરી પણ કરે છે. રાજ્ય સરકાર દ્વારા બાળ સમભાવ સંસ્થા તરીકે કામ કરતી સંસ્થાને દત્તકની કામગીરી માટે વિશિષ્ટ દત્તક સંસ્થા તરીકે જે જે એક્ટની જોગવાઇ મુજબ માન્યતા આપવાની કામગીરી કરે છે. રાજ્ય કક્ષાએથી અને રાજ્ય સરકાર દ્વારા દત્તક બાળકોના મોનીટરીંગની અને નિયંત્રણની પણ કામગીરી કરે છે. ભારત સરકાર દ્વારા વખતોવખત આપવામાં આવતી દત્તકની માર્ગદર્શિકા, એડોપ્શન રેગ્યુલેશન તેમજ ઠરાવના અમલીકરણની કામગીરી પણ કરવી પડે છે. ભારત સરકારના વખતોખવતના નિયમો અને ઓન લાઇન કાર્યક્રમની તાલીમની પણ કામગીરી કરવી પડે છે. ભારત સરકાર સાથે સંકલનની છેલ્લા ૨ વર્ષની કામગીરી હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીઓને જણાવું તો વર્ષ ૨૦૧૫–૧૬માં દત્તક આપેલ બાળકોની સંખ્યા ૧૩૫ છે અને વર્ષ ૨૦૧૬–૧૭માં દત્તક આપેલ બાળકોની સંખ્યા ૧૨૭ છે. ટોટલ છેલ્લા બે વર્ષમાં ૨૬૨ બાળકો દત્તક આપવામાં આવ્યા છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં પ્રશ્નના જવાબમાં એમ જણાવેલ છે કે સંત રોહીદાસ આશ્રમમાં.. મને એમ કે મારો આવ્યો.

અધ્યક્ષશ્રી : હજુ આગળનો પ્રશ્ન ચાલે છે. આપે હાથ ઉંચો કર્યો અને પછી મૂકી દીધો. ના આપુ તો આપ નારાજ થઇ જાઓ છો. મેં તો તમારી સામે જોયું. તમારે ઉભા ન થવું હોય તો ન પાડો.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મને એમ કે મારો આવ્યો.. પૂછી નાખું છું.

અધ્યક્ષશ્રી : એવર રેડી. મેં તો તમારી સામે પ્રેમથી જોયેલું.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો પછી ફાડીને ફેંકી દીધેલું.

અધ્યક્ષશ્રી : તમારા દંડક ના પાડે તો ના પાડુ.

શ્રી બાબુભાઇ કા. વાજા : દત્તક લીધેલા બાળકોની અરજી કરી હોય અને એ દંપત્તિ દત્તક બાળક લઇ જાય પછી એ બાળકની સરકારશ્રી દ્વારા તપાસ કરવામાં આવે છે કે કેમ? ઘણી વખત આ બાળકોને હેરાન કરવામાં આવતા હોય છે. ચાર વર્ષથી નાના હોય તો વાંધો નથી આવતો. પરંતુ પાંચ, છ, સાત, આઠ, દસ, બાર કે ચૌદ વર્ષે સરકાર તપાસ કરવા જાય છે કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અત્યારે આપના માધ્યમથી જવાબ આપ્યો કે જે કાર્યક્રમમાં હું ગયો હતો એ કાર્યક્રમમાં ૬ માસની બાળકીને મારા હસ્તે પાલક માતા–પિતાને દત્તક આપી હતી. બીજી એક બાળકી એક વર્ષની હતી અને ત્રીજો એક બાળક છોકરો ૮ વર્ષનો હતો અને એ બાળકની સાથે સમગ્ર પરિવાર અત્યારે અમેરિકા ફરવા ગયું છે. જે માતા–પિતાને સંતાન ન થતા હોય એ જો દત્તક લેવાની ઇચ્છા વ્યક્ત કરતા હોય તો મારા માનવા મુજબ એવું કશું બનતું ન હોય. તેમ છતાં આ અંગે સરકાર ચોક્કસ તપાસ કરશે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : મારો જવાબ આવી ગયો છે.

નર્મદા જિલ્લામાં હક્કપત્રક નોંધો

* ૬૮૮૪ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલા હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૬૭ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) ઉકત બાકી નોંધોનો સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

શ્રી રતનસિંહ મ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રમાં કેટલા હક્ક પત્રકોની નોંધો બાકી છે અને બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

ફાલ્ગુન ૨૯, ૧૯૩૯ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : આજના પ્રશ્નોત્તરી સમયમાં આ હક્ક પત્રક બાબતમાં આ ત્રીજા જિલ્લાનો પ્રશ્ન છે. અગાઉ મેં કહ્યું એમ કમ્પ્યુટરાઇઝ્ડ સિસ્ટમ શરૂ કરી એનો ફાયદો એ છે કે લોકોને ઝડપી અને સાચો ન્યાય મળી રહ્યો છે. આ ત્રીજો જિલ્લો નર્મદા જિલ્લો છે. તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કુલ ૬૭ હક્ક પત્રકની નોંધો બાકી હતી એમાં ૩ માસ સુધીની ૬૫ છે એ સમય મર્યાદામાં છે. ૩ માસ ઉપર પરંતુ ૬ માસ સુધીની ૨ એટલે કે ૬૭ નોંધો બાકી હતી એમાં આજની તારીખે ગૌરવ સાથે કહી શકાય કે ૪ જ નોંધો બાકી છે. આ સિસ્ટમથી જે ફાયદાઓ છે એ લોકોને ન્યાય મળે, કોઇને કાંઇ ગેરરીતિ કરવાનો મોકો ન મળે એવી સિસ્ટમ શરૂ કરી છે ત્યારે આજની તારીખે ફક્ત ૪ બાકી છે એમાં નાંદોદમાં ૩ અને તિલકવાડામાં ૧ નોંધ બાકી છે અને એ તકરારી છે એટલે એમાં બન્ને વચ્ચેની તકરારના કારણે નોંધો બાકી છે. સાદી નોંધો બધી પડી ગઇ છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૬૭ નોંધો નોંધવાની બાકી છે એમાં સાગબારા, ડેડિયાપાડા, નાંદોદ, તિલકવાડા અને ગરૂડેશ્વરમાં કેટલી બાકી છે અને કેટલા સમયથી બાકી છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : ૪ જ બાકી છે. ૩ નાંદોદમાં અને ૧ તિલકવાડામાં બાકી છે.

શ્રી પુર્ણેશ મોદી : હું જાણવા માગું છું કે, સબ રજિસ્ટ્રાર કચેરીએ કોઇપણ ડોક્યુમેન્ટ રજિસ્ટર્ડ થાય તો એની સીધે સીધી નોંધ હક્ક પત્રક ૬, ૭/૧૨ કે પ્રોપર્ટી કાર્ડમાં કાચી કે પાકી નોંધ થઇ શકે કે કેમ? એ સિસ્ટમ ડેવલપ કરવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : જ્યારે વેચાણના કિસ્સામાં સબ રજિસ્ટ્રાર ઓફિસમાં વેચાણ થાય છે ત્યારે ઓટોમેટિકલી એની એન્ટ્રી કમ્પ્યુટરથી હક્ક પત્રકમાં નોંધાઇ જાય છે.

શ્રી નિરંજન પુ. પટેલ : હું પૂછવા માગું છું અને એક સૂચન કરવા માગું છું કે, જે તકરારી નોંધો છે એને મુદતો આપવામાં આવે છે. મામલતદાર અને નાયબ મામલતદારોની ઘણી જગ્યાઓ ખાલી છે અને એના કારણે મુદતનો સમયગાળો વધારે આપવામાં આવે છે. મામલતદાર બીજા કામે રોકાયેલા હોવાથી વારંવાર મુદતો પડતી હોય છે. આના માટે ઝડપ થાય એટલા માટે આ ખાલી જગ્યાઓ ભરીને તંત્રને વધુ ઝડપી બનાવી પ્રજાને લાભ આપવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : સૂચન છે અને વિચાર કરીશું.

વલસાડ જિલ્લામાં બાળ શ્રમયોગી નાબૂદી અભિયાન

* ૬૯૧૫ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) રેડ દરમિયાન કેટલા બાળકોને મુકત કરાવવામાં આવ્યા ? | (૨) મુકત કરાયેલ બાળકોઃ ૨ |

---------

### વલસાડ જિલ્લામાં શ્રમયોગીઓને ઓછું વેતન

* ૭૦૫૨ શ્રી અરવિંદ પટેલ (ધરમપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૭ દરમ્યાન શ્રમયોગીઓને લઘુત્તમ વેતન કરતા ઓછું વેતન ચુકવાયું હોય તેવા કેટલા કિસ્સા ધ્યાને આવેલ છે, અને | (૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૭ દરમ્યાન શ્રમયોગીઓને લઘુત્તમ વેતન કરતા ઓછું વેતન ચુકવાયું હોય તેવા ૧૧ કિસ્સા ધ્યાને આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કિસ્સાઓમાં કેટલા શ્રમયોગીઓને વેતન તફાવતની કેટલી રકમની ચૂકવણી કરાવવામાં આવી ? | (૨) તે પૈકી ૧૧ કિસ્સાઓમાં ૩૭૪ શ્રમયોગીઓને વેતન તફાવતની રૂ.૨,૧૨,૯૭૯.૨૦ રકમની ચૂકવણી કરાવવામાં આવી. |

---------

## તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

### જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં કેમિકલ ઝોનમાં ઈન્સ્પેક્શન

* ૮૨૭૫ શ્રી ભીખાભાઈ જોશી (જૂનાગઢ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેમીકલ ઝોનમાં ડાયરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી દ્વારા કેટલી વખત ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું, | (૧) કોઈ કેમીકલ ઝોન જાહેર કરવામાં આવેલ નથી, તેથી કોઈ ઈન્સ્પેક્શન કરવામાં આવેલ નથી. |
| (૨) આ ઈન્સ્પેક્શન દરમ્યાન કેવા પ્રકારની કેટલી ગેરરીતિઓ જણાઈ તેમની સામે શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) વર્ષ દરમ્યાન કેમીકલ ઝોનમાં ડાયરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ દ્વારા એક પણ વખત ઈન્સ્પેક્શન કરવામાં ન આવ્યું હોય તો તેના શા કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં સંકટ મોચન યોજના

* ૭૦૦૨ શ્રી શશીકાન્ત પંડયા (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧) કુલ અરજીઓ–૭૪૨

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
| --- | --- | --- |
| ૧ | પાલનપુર | ૧૬૮ |
| ૨ | વડગામ | ૮૨ |
| ૩ | ડીસા | ૮૮ |
| ૪ | કાંકરેજ | ૮૫ |
| ૫ | દાંતા | ૩૩ |
| ૬ | અમીરગઢ | ૨૪ |
| ૭ | ધાનેરા | ૫૨ |
| ૮ | દાંતીવાડા | ૪૪ |
| ૯ | દિયોદર | ૨૬ |
| ૧૦ | ભાભર | ૩૪ |
| ૧૧ | થરાદ | ૬૨ |
| ૧૨ | વાવ | ૨૦ |
| ૧૩ | લાખણી | ૧૬ |
| ૧૪ | સુઈગામ | ૮ |
| | કુલ | ૭૪૨ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી, કેટલી નામંજુર કરી, અને

(૨) મંજુર અરજીઓ–૪૬૮
નામંજુર અરજીઓ–૨૧૬

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
| --- | --- | --- | --- |
| ૧ | પાલનપુર | ૮૯ | ૪૫ |
| ૨ | વડગામ | ૫૩ | ૨૧ |
| ૩ | ડીસા | ૩૮ | ૫૦ |
| ૪ | કાંકરેજ | ૬૨ | ૨૩ |
| ૫ | દાંતા | ૧૬ | ૧૩ |
| ૬ | અમીરગઢ | ૧૭ | ૭ |
| ૭ | ધાનેરા | ૪૧ | ૯ |
| ૮ | દાંતીવાડા | ૨૯ | ૧૫ |
| ૯ | દિયોદર | ૨૧ | ૫ |
| ૧૦ | ભાભર | ૨૬ | ૮ |
| ૧૧ | થરાદ | ૫૪ | ૬ |
| ૧૨ | વાવ | ૧૬ | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | લાખણી | ૩ | ૭ |
| ૧૪ | સુઈગામ | ૩ | ૫ |
| | કુલ | ૪૬૮ | ૨૧૬ |

(૩) અરજીઓ નામંજુર થવાના કારણો શું છે ?

(૩) અરજીઓ નામંજુર થવાના કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોરમાં સમાવેશ થયેલ ન હોવાથી | ૧૨૫ |
| મૃત્યુ પામનાર વ્યકિતની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ થી વધુ હોવાથી. | ૪૮ |
| કુટુંબ તરફથી બીજી વ્યકિતની અરજી હોવાથી. | ૧૬ |
| બે વર્ષની સમયમર્યાદામાં અરજી કરેલ ન હોવાથી. | ૨૭ |
| કુલ | ૨૧૬ |

---------

લઘુમતીઓના વિકાસ માટે બજેટમાં જોગવાઈ

* ૯૧૦૫ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં લઘુમતિઓના વિકાસ માટે રાજ્ય સરકારે બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) રકમ જો વણવપરાયેલ રહી હોય તો કેટલી રકમ અને તેના કારણો શું ?

જવાબ

(૧) અને (૨)

રૂ.લાખમાં

| વર્ષ | મૂળ બજેટ જોગવાઈ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૧૬–૧૭ | ૯૮૩૯.૨૪ | ૩૯૨૪.૯૨ | ૫૯૧૪.૩૨ |
| ૨૦૧૭–૧૮ (ડિસે.૧૭ સુધી) | ૫૧૬૬.૨૪ | ૨૧૮૯.૩૭ | ૨૯૭૬.૮૭ |

(૩) ૧. વર્ષ ૨૦૧૫–૧૬ પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના ભારત સરકાર દ્વારા D .B .T .(ડાયરેકટ બેનીફિટ ટ્રાન્સફર) હેઠળ સીધી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં શિષ્યવૃત્તિની રકમ જમા થયેલ હોવાથી આ યોજના હેઠળ કરેલ રૂ.૫૦૦૦.૦ લાખની બજેટ જોગવાઈ વણવપરાયેલ રહેલ.

૨. શૈક્ષણિક સંસ્થાઓ તરફથી નિયત સમયમાં શિષ્યવૃત્તિ/સહાયની દરખાસ્તો સમયસર ન મળવાને કારણે.

૩. વર્ષ ૨૦૧૭–૧૮ માં બાકી રહેલ રકમનો ચાલુ નાણાકીય વર્ષમાં ખર્ચ થવાનો છે.

---------

વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓને ઓછું વેતન

* ૭૦૫૮ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૭ દરમ્યાન શ્રમયોગીઓને લઘુત્તમ વેતન કરતા ઓછું વેતન ચુકવાયું હોય તેવા કેટલા કિસ્સા ધ્યાને આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલા કિસ્સાઓમાં કેટલા શ્રમયોગીઓને વેતન તફાવતની કેટલી રકમની ચૂકવણી કરાવવામાં આવી ?

જવાબ

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૭ દરમ્યાન શ્રમયોગીઓને લઘુત્તમ વેતન કરતા ઓછું વેતન ચુકવાયું હોય તેવા ૪૪ કિસ્સા ધ્યાને આવેલ છે.

(૨) તે પૈકી ૪૪ કિસ્સાઓમાં ૨૪૭ શ્રમયોગીઓને વેતન તફાવતની રૂ.૨૧,૦૩,૫૩૧/– રકમની ચૂકવણી કરાવવામાં આવી.

---------

ગીર સોમનાથ જિલ્લામાં સાત ફેરા સમૂહ લગ્ન યોજના

* ૭૦૨૪ શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગીર સોમનાથ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં સાતફેરા સમુહ લગ્ન

જવાબ

(૧) મળેલ અરજીઓ
યુગલો–૬૫૦

યોજના હેઠળ લાભ લેવા માટે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી,

સંસ્થા – ૨૧

(૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને

(૨) મંજૂર અરજી
યુગલ – ૬૫૦
સંસ્થા – ૨૧

(૩) કેટલી સહાય ચુકવવામાં આવી ?

(૩) ચુકવેલ સહાય
રૂ. ૭૨.૨૬ લાખ

---------

મહેસાણા જિલ્લામાં મંદિરોમાં સુવિધા

* ૭૦૨૩ શ્રી કરશનભાઈ સોલંકી (કડી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સરકાર હસ્તકના કેટલા મંદિરો આવેલ છે, અને

(૨) ઉકત તમામ મંદિરોમાં યાત્રિકોને પ્રાથમિક સુવિધા પુરી પાડવા અંગે સરકાર દ્વારા શું આયોજન કરેલ છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સરકાર હસ્તકના કુલ ૨૨ મંદિર આવેલા છે.

(૨) ઉકત તમામ મંદિરોમાં આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે પીવાના પાણીની વ્યવસ્થા, શૌચાલય, પેવીંગ કામ, બેસવા માટે બેન્ચીસ, દિવ્યાંગો માટે રેમ્પની સુવિધા તથા જરૂર જણાયે મંદિરના રીનોવેશનની કામગીરીનું આયોજન કરવામાં આવે છે.

---------

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને લોન

* ૯૫૬૪ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની શૈક્ષણિક લોન મેળવવા માટેની કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી,

(૩) જિલ્લાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

જવાબ

(૧), (૨) અને (૩)

| જિલ્લો | વર્ષ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| છોટાઉદેપુર | ૨૦૧૬–૧૭ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૧૭–૧૮ (જાન્યુઆરી અંતિત) | ૧ | ૧ | ૦ |
| વડોદરા | ૨૦૧૬–૧૭ | ૮ | ૬ | ૧ |
| | ૨૦૧૭–૧૮ (જાન્યુઆરી | ૧૫ | ૯ | ૧ |

(૪) આવી પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) પૂર્તતા થયે જેમ બને તેમ જલ્દી.

---------

સાવરકુંડલા તથા લીલીયા તાલુકામાં ખેતીની જમીનને બિનખેતીમાં ફેરવવા

* ૯૧૩૧ શ્રી પ્રતાપ દુધાત (સાવરકુંડલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લામાં સાવરકુંડલા તથા લીલીયા તાલુકામાં ૨૦૧૬ તથા ૨૦૧૭ ના વર્ષમાં કેટલી ખેતીની જમીનને બિન ખેતીમાં ફેરવવામાં આવી,

(૨) તેને કારણે ખેતીની જમીનમાં કેટલા ટકાનો ઘટાડો નોંધાયો, અને

(૩) ખેતીની જમીનમાં નીરંતર થઇ રહેલા ઘટાડાને રોકવા શી વ્યવસ્થા કરી છે ?

જવાબ

(૧) ૨૦૧૬ – ૫૮૨૧૩ ચો.મી.
૨૦૧૭ – ૧૨૬૧૯૦ ચો.મી.
કુલ – ૧૮૪૪૦૩ ચો.મી.

(૨) ૦.૦૧૬%

(૩) ખેતીની જમીનમાં થઇ રહેલા ઘટડાને રોકવા ખેતીને પ્રાધાન્ય મળે તે અંગે સરકારશ્રી દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

---------

મોરબી અને રાજકોટ જિલ્લામાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો

* ૮૮૨૪ શ્રી મહમદજાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને રાજકોટ જિલ્લામાં કેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા,

(૧) રાજકોટ ખાતે ૦૧ કૌશલ્ય વર્ધન કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે.

(૨) કેટલા તાલીમાર્થીઓને કઇ રોજગારલક્ષી તાલીમો આપવામાં આવી, અને

(૨) અપાયેલ રોજગારલક્ષી તાલીમો

| જિલ્લો | તાલીમનો પ્રકાર | તાલીમાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| મોરબી | સીવણ ગ્રૂપ | ૧૦૬૫ |
| | બ્યુટી પાર્લર | ૬૮૭ |
| | કોમ્પ્યુટર ગ્રૂપ | ૧૧૨૨ |
| | કુલ | ૨૮૭૪ |
| રાજકોટ | સીવણ ગ્રૂપ | ૭૫૯ |
| | બ્યુટી પાર્લર | ૫૧૬ |
| | કોમ્પ્યુટર ગ્રૂપ | ૯૧૨ |
| | સ્પોકન ઇંગ્લીશ ગ્રૂપ | ૩૬૦ |
| | કુલ | ૨૫૪૭ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા કેન્દ્રોમાં તાલીમો અપાઇ રહી છે અને તાલીમ કેન્દ્રો કોના દ્વારા સંચાલિત છે ?

(૩) તાલીમ કેન્દ્રોની સંખ્યા અને સંચાલન

| જિલ્લો | તાલીમ આપી રહેલ કેન્દ્રોની સંખ્યા |
|---|---|
| મોરબી | ૦૮ |
| રાજકોટ | ૧૩ |

ઉક્ત તાલીમ કેન્દ્રો રોજગાર અને તાલીમ ખાતા દ્વારા સંચાલિત છે.

---------

### અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં સ્ટેટ કન્ટીજન્સી પ્લાન

* ૮૩૩૧ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર સ્ટેટ કન્ટીજન્સી પ્લાન હેઠળ અનુસૂચિત જાતિ પર થયેલ અત્યાચારની કેટલી ઘટનાઓમાં કેટલી રકમની સહાય છેલ્લા બે વર્ષમાં ચૂકવવામાં આવી,

(૨) કેટલા કિસ્સામાં સહાય આપવાની બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

જવાબ

(૧) હિજરત જેવી ઘટનાઓ બને અને તે સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવે ત્યારે તેવી ઘટનાઓમાં સ્ટેટ કન્ટીજન્સી પ્લાન હેઠળ સહાય ચૂકવવાની જોગવાઇ છે. પરંતુ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી કોઇ ઘટના હિજરત તરીકે જાહેર કરેલ નથી. પરંતુ અત્યાચાર નિવારણ નિયમો ૧૯૯૫ ના નિયમ ૧૨(૪) ના બદલે કન્ટીજન્સી પ્લાનમાં ગાંધીનગર જિલ્લામાં ખૂનના ૦૨ બનાવમાં રૂ.૧૨,૦૦૦/- તથા અમદાવાદ જિલ્લામાં ખૂનના ૧૧ બનાવમાં રૂ.૧૩,૯૭,૬૦૦/- સહાય ચુકવવામાં આવેલ છે. આમ, કુલ બંન્ને જિલ્લામાં કુલ ૧૩ ઘટનામાં રૂ.૧૪,૦૯,૬૦૦/- સહાય ચુકવવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

---------

### વલસાડ અને ડાંગ જિલ્લામાં ગૌચર જાળવણી

* ૮૨૧૧ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં બિલકુલ ગૌચર નથી અથવા શૂન્ય ગૌચર છે,

(૨) આ ગામોમાં લઘુતમ ગૌચર ન જાળવી શકનારા કે શુન્ય ગૌચર સુધી લઇ જનારા જવાબદારો સામે છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લીધા,

(૩) ઉક્ત સ્થિતિએ આ ગામોમાં લઘુતમ ગૌચર નીમ કરવા પંચાયત વિભાગ તરફથી મહેસૂલ વિભાગને કોઇ દરખાસ્ત મળી છે કે કેમ, અને

(૪) જો હા, તો સદરહુ દરખાસ્ત ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ૨૧૬ ગામોમાં તથા ડાંગ જિલ્લામાં ૩૧૦ ગામોમાં બિલકુલ ગૌચર નથી.

(૨) આ ગામોમાં શરૂઆતથી જ ગૌચર ન હોવાથી લઘુતમ ગૌચર ન જાળવી શકનારા કે શુન્ય ગૌચર સુધી લઇ જનારા જવાબદારો સામે પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) ના, જી.

(૪) પ્રશ્ન રહેતો નથી.

## તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

---------

### પોરબંદર જિલ્લામાં વિકસતી જાતિની આદર્શ નિવાસી શાળાઓ

* ૭૦૪૨ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલ છે, અને | (૧) ૦૧. |
| (૨) આ આદર્શ નિવાસી શાળાઓ પૈકી કેટલી આદર્શ નિવાસી શાળાઓ સરકારી મકાનમાં આવેલી છે ? | (૨) ૦૧. |

---------

### ભાવનગર જિલ્લામાં નવી પ્રાથમિક શાળા માટે જમીન

* ૭૦૬૭ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં નવી પ્રાથમિક શાળા માટે જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમદાવાદ જિલ્લામાં શ્રમયોગીઓને ઓછું વેતન

* ૭૦૬૦ શ્રી પ્રદિપભાઈ પરમાર (અસારવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ–૨૦૧૭ દરમ્યાન શ્રમયોગીઓને લઘુતમ વેતન કરતા ઓછુ વેતન ચુકવાયુ હોય તેવા કેટલા કિસ્સા ધ્યાને આવેલ છે, અને | (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ–૨૦૧૭ દરમ્યાન શ્રમયોગીઓને લઘુતમ વેતન કરતા ઓછુ વેતન ચુકવાયુ હોય તેવા ૨૭ કિસ્સા ધ્યાને આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કિસ્સાઓમાં કેટલા શ્રમયોગીઓને વેતન તફાવતની કેટલી રકમની ચૂકવણી કરાવવામાં આવી ? | (૨) તે પૈકી ૨૭ કિસ્સાઓમાં ૨૪૭ શ્રમયોગીઓને વેતન તફાવતની રૂ.૩૧,૪૫,૧૧૮/– રકમની ચૂકવણી કરાવવામાં આવી. |

---------

### ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કેમિકલ ઝોનમાં ઈન્સ્પેક્શન

* ૮૨૬૧ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર કેમીકલ ઝોનમાં ડાયરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી દ્વારા કેટલી વખત ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું, | (૧) કોઇ કેમીકલ ઝોન જાહેર કરવામાં આવેલ નથી, તેથી કોઇ ઈન્સ્પેક્શન કરવામાં આવેલ નથી. |
| (૨) આ ઈન્સ્પેક્શન દરમ્યાન કેવા પ્રકારની કેટલી ગેરરીતિઓ જણાઇ તેમની સામે શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) વર્ષ દરમ્યાન કેમીકલ ઝોનમાં ડાયરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ દ્વારા એક પણ વખત ઈન્સ્પેક્શન કરવામાં ન આવ્યું હોય તો તેના શા કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં સહકારી મંડળીઓને જમીનની માંગણીઓ

* ૯૧૩૪ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કઇ દૂધ અને સેવા સહકારી મંડળીઓની અને સહાકારી સંસ્થાઓની જમીન મેળવવાની માંગણીઓ તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ સરકાર સમક્ષ પડતર છે, | (૧) અને (૨) પત્રક મુજબ. |
| (૨) આ માંગણીઓ પડતર રહેવાના શા કારણો છે, અને | |
| (૩) આ માંગણીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ? | (૩) ૨૦ માંગણીઓ પૈકી ૧ માંગણીનો નિકાલ કરેલ છે જ્યારે બાકીની માંગણીઓનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં |

આવશે.

પત્રક

| ક્રમ | તાલુકો | માંગણીદાર મંડળી/સંસ્થા | પડતર રહેવાના કારણો |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ધી બનાસબેંકના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહ. મં.લી. | નિયમોનુસાર કાર્યવાહી કરવા મામલતદારશ્રીને જણાવેલ છે. |
| ૨ | વડગામ | ધી છાપી વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી લી. | જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓનો અભિપ્રાય માંગેલ છે. |
| | | સેવા સહકારી મંડળી લી. કબીરપુરા | વિચારણા હેઠળ હોવાથી |
| | | ધી સમશેરપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓનો અભિપ્રાય માંગેલ છે. |
| ૩ | દાંતા | – | – |
| ૪ | અમીરગઢ | – | – |
| ૫ | ધાનેરા | ધી ધાનેરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | વિચારણા હેઠળ હોવાથી. |
| ૬ | દાંતીવાડા | ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પાંથાવાડા | ધોરણસરની દરખાસ્ત કરવા નાયબ કલેક્ટરશ્રીને જણાવેલ છે. |
| ૭ | ડીસા | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા | વિચારણા હેઠળ હોવાથી. |
| | | ધી ગોવિંદપુરા સેવા સહકારી મંડળી લી. | મામલતદારશ્રીને પુર્તતા કરવા જણાવેલ છે. |
| | | બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો અભિપ્રાય મંગાવેલ છે. |
| ૮ | કાંકરેજ | ધી આમલુણ ખાદી ગ્રામોધોગ સહ.મં.લી. | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો અભિપ્રાય મંગાવેલ છે. |
| | | ધી અધગામ મોતીસર સેવા સહકારી મંડળી લી. | ડી.આઇ.એલ.આર. શ્રી પાસે જમીનની માપણીશીટ મંગાવેલ છે. |
| | | ધી નવા જામપુર ગ્રુપ સેવા સહકારી મંડળી લી. | વિચારણા હેઠળ હોવાથી. |
| ૯ | દિયોદર | ધી ફોરણા (ઓઢા) ગ્રુપ સેવા સહકારી મંડળી લી. | ધોરણસરની દરખાસ્ત કરવા નાયબ કલેક્ટરશ્રીને જણાવેલ છે. |
| | | ધી ફોરણા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. | ધોરણસરની દરખાસ્ત કરવા નાયબ કલેક્ટરશ્રીને જણાવેલ છે. |
| | | બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. | મામલતદારશ્રી પાસે પુર્તતા મંગાવેલ છે. |
| ૧૦ | લાખણી | ધી કોટડા ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. | તા.૧૯–૧–૧૮ ના હુકમથી જમીન ફાળવેલ છે. |
| | | ધી લાખણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | વિચારણા હેઠળ હોવાથી. |
| ૧૧ | થરાદ | ધી લોઢનોર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | મામલતદારશ્રી પાસે પુર્તતા મંગાવેલ છે. |
| ૧૨ | વાવ | ધી ઉચપા સહકારી મંડળી લી. | મામલતદારશ્રી પાસે પુર્તતા મંગાવેલ છે. |
| ૧૩ | સુઇગામ | બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. | મામલતદારશ્રી સુઇગામને નવેસરથી દરખાસ્ત કરવા જણાવેલ છે. |
| ૧૪ | ભાભર | – | – |

---------

સુરત જિલ્લામાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના

* ૬૯૯૬ શ્રી વિવેક પટેલ (ઉધના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૧,૩૬,૨૨૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૧,૩૫,૯૭૫. |
| (૩) કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૭,૬૯,૪૭,૯૦૦/–. |

---------

ગાંધીનગર જિલ્લામાં શ્રમયોગીઓને ઓછુ વેતન

* ૭૦૬૪ શ્રી કનુભાઈ પટેલ (સાણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ–૨૦૧૭ દરમ્યાન શ્રમયોગીઓને લઘુતમ વેતન કરતા ઓછુ વેતન ચુકવાયુ હોય તેવા કેટલા કિસ્સા ધ્યાને આવેલ છે, અને | (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ–૨૦૧૭ દરમ્યાન શ્રમયોગીઓને લઘુતમ વેતન કરતા ઓછુ વેતન ચુકવાયુ હોય તેવા ૦૩ કિસ્સા ધ્યાને આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કિસ્સાઓમાં કેટલા શ્રમયોગીઓને વેતન તફાવતની કેટલી રકમની ચૂકવણી કરાવવામાં આવી ? | (૨) તે પૈકી ૦૨ કિસ્સાઓમાં ૩૦ શ્રમયોગીઓને વેતન તફાવતની રૂ.૮૩,૩૮૨/– રકમની ચૂકવણી કરાવવામાં આવી. |

---------

કચ્છ જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં વારસાઇ હક્ક

* ૭૦૮૨ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (માંડવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉક્ત નોંધો નામંજુર કરવાના કારણો શા છે ?

જવાબ

(૧)

| ઇ-ધરા કેન્દ્ર નામ | કુલ અરજીઓ |
|---|---|
| લખપત | ૨૫૦ |
| રાપર | ૧૨૫૪ |
| ભચાઉ | ૮૯૨ |
| અંજાર | ૭૨૬ |
| ભુજ | ૮૭૦ |
| નખત્રાણા | ૯૧૩ |
| અબડાસા | ૮૩૨ |
| માંડવી | ૮૧૯ |
| મુન્દ્રા | ૬૫૪ |
| ગાંધીધામ | ૯૪ |
| કુલ | ૭૩૦૪ |

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો – | ૭૩૦૪ |
| મંજુર નોંધો – | ૬૭૨૨ |
| નામંજુર નોંધો – | ૫૩૩ |

(૩) સાધનિક કાગળો જેવા કે વારસાઇ પેઢીનામું, મરણનો દાખલો વિગેરેની અધુરાશ, તેમજ નોટીસ બજાવ્યા વગર પરત આવેલ હોઇ, વારસદારોના નામમાં ભૂલ તેમજ નામ રહી જવા પામેલ હોય જેવા કારણોના લીધે નામંજુર કરવામાં આવેલ છે.

---------

### ગાંધીનગર જિલ્લામાં શ્રમયોગીઓને ઓછુ વેતન

* ૭૦૬૨ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ-૨૦૧૭ દરમ્યાન શ્રમયોગીઓને લઘુતમ વેતન કરતા ઓછુ વેતન ચુકવાયુ હોય તેવા કેટલા કિસ્સા ધ્યાને આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલા કિસ્સાઓમાં કેટલા શ્રમયોગીઓને વેતન તફાવતની કેટલી રકમની ચૂકવણી કરાવવામાં આવી ?

જવાબ

(૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ-૨૦૧૭ દરમ્યાન શ્રમયોગીઓને લઘુતમ વેતન કરતા ઓછુ વેતન ચુકવાયુ હોય તેવા ૦૩ કિસ્સા ધ્યાને આવેલ છે.

(૨) તે પૈકી ૦૨ કિસ્સાઓમાં ૩૦ શ્રમયોગીઓને વેતન તફાવતની રૂ.૮૩,૩૮૨/- રકમની ચૂકવણી કરાવવામાં આવી.

---------

### સુરેન્દ્રનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના

* ૭૦૧૫ શ્રી ધનજીભાઈ પટેલ (વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી ,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) કેટલી ગણવેશ સહાયની રકમ ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) ૧,૧૩,૦૨૮.

(૨) ૧,૧૨,૮૯૬.

(૩) રૂ.૩,૧૯,૯૭,૭૦૦/-.

---------

### ભાવનગર જિલ્લામાં બેરોજગારો

* ૭૦૨૯ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની રોજગાર વિનિમય કચેરી ખાતે શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની કેટલી સંખ્યા નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરી માટેની તકો પૂરી પાડવામાં આવી ?

જવાબ

(૧)

| નોંધાયેલ બેરોજગારો | | |
|---|---|---|
| શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૨૦૨૪૮ | ૨૦૦૮ | ૨૨૨૫૬ |

(૨)

| નોકરીની તકો અપાયેલ બેરોજગારો | | |
|---|---|---|
| શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૧૬૪૩૧ | ૨૭૦૮ | ૧૯૧૩૯ |

---------------

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**માનનીય અધ્યક્ષશ્રી સામે અવિશ્વાસની દરખાસ્ત અંગે**

શ્રી પરેશ ધાનાણી (વિરોધ પક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૩ અન્વયે આ ગૃહના સન્માનનીય સદસ્યશ્રી શૈલેષભાઇ પરમાર દ્ધારા ગુજરાત વિધાનસભા સચિવાલયમાં તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ વિધાનસભાના નિયમો અને પરંપરાઓ અનુસારના નિયત ફોર્મેટમાં પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ શૈલેષભાઇએ જે વિધાનસભા સચિવશ્રીને ઉલ્લેખીને..

અધ્યક્ષશ્રી : તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર કહોને. આજે જ આવવી જોઇએ એમ તમારું માનવું છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ચર્ચા કરી રહ્યો છું અને એના માટે મને સમય મળવો જોઇએ અને એ મારો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : અધિકાર આપ્યો તમને. અધિકાર આપને આપ્યો પણ મારો કહેવાનો મતલબ કે શોર્ટમાં કહો તો આપણા બધાનો સમય બચે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ સચિવશ્રીને સંબોધીને નિયમ-૧૦૩ અન્વયેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે શ્રીમાન, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૩ અન્વયે નીચેના પ્રસ્તાવની સૂચના આપું છું જે દાખલ કરવા વિનંતી છે.

" આ સભાગૃહ વિધાનસભાના અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા ઠરાવે છે. "

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૩ તરફ આપનું ધ્યાન આકર્ષિત કરવા માગું છું. વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૩ અન્વયે અધ્યક્ષ કે ઉપાધ્યક્ષને તેમના પદ ઉપરથી દૂર કરવાનો પ્રસ્તાવ કે જે માટે બંધારણની કલમ-૧૭૯ અન્વયે આપવી જોઇતી ૧૪ દિવસની સૂચના આપવામાં આવી હોય તે સૂચનાની મુદત પૂરી થતાં વહેલામાં વહેલી તકે અધ્યક્ષ સભાગૃહમાં વાંચી સંભળાવશે અને આવો પ્રસ્તાવ રજૂ કરવા માટે અનુમતિ આપવાની તરફેણમાં જેઓ હોય તેઓને તેમની જગ્યા ઉપર ઉભા થવાનું કહેશે અને તદઅનુસાર ઓછામાં ઓછા જો ૧૭ સભ્યો ઉભા થાય તો અનુમતિ મળી છે તેવું અધ્યક્ષશ્રી જાહેર કરશે અને સૂચનાની ૧૪ દિવસની મુદત પૂરી થયેથી ૭ દિવસ કરતા મોડો નહીં તેવો દિવસ ઠરાવશે જે દિવસે પ્રસ્તાવ ઉપર ચર્ચા કરવામાં આવશે. જો ૧૭ કરતા ઓછા સભ્યો ઉભા થાય તો અનુમતિ મળી નથી તેવું અધ્યક્ષ જાહેર કરશે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૩ અન્વયે સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી છે કે આવો કોઇપણ ઠરાવ રજૂ થયે ૧૪ દિવસ પછીના વધુમાં વધુ ૭ દિવસની અંદર આવો પ્રસ્તાવ આ સભાગૃહની ચર્ચામાં આવવો જોઇએ. તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ પ્રસ્તાવ નિયમાનુસાર દાખલ કરવામાં આવ્યો. ૨૮ તારીખથી લઇ અને ૧૩ મી માર્ચ, ૨૦૧૮ ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૩ મુજબ ૧૪ દિવસ પૂર્ણ થયા છે અને આવા ૧૪ દિવસો પૂર્ણ થયા પછીના વધુમાં વધુ ૭ દિવસની અંદર આ પ્રસ્તાવ સન્માનનીય ગૃહ સમક્ષ ચર્ચા ઉપર લાવવાની નિયમો અનુસાર જોગવાઇ કરવામાં આવી છે. ૧૩ તારીખ પછીના સાત દિવસ એટલે કે ૧૪ તારીખથી લઇને આજે ૨૦ મી માર્ચ એ સાતમો દિવસ છે. કમનસીબે આજના દિવસના કામકાજની યાદી તરફ આપનું ધ્યાન આકર્ષિત કરવા માગું છું. મંગળવાર, ૨૦ મી માર્ચ, ૨૦૧૮ ના દિવસના કામકાજની યાદીમાં અનુક્રમ નંબર-૧ ઉપર તારાંકિત પ્રશ્નોત્તરી, અનુક્રમ નંબર-૨ ઉપર માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) છે. દિવસના કામકાજની યાદીમાં પણ આ પ્રસ્તાવની ચર્ચા અંગેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. મારે આપના મારફત આ વિધાનસભાના નિયમોમાં કરેલી જોગવાઇ અનુસાર આ વિધાનસભાનું કામકાજ ચાલે, એના માટે થઇને આપનો યોગ્ય આદેશ થાય, નિર્ણય થાય એવી હું વિનંતી કરું છું. વિધાનસભાના નિયમો આ ગૃહના બધા જ સભ્યો માટે સમાન છે. આ ગૃહના કોઇ સભ્યને, ગૃહ બહુમતિ અથવા સર્વાનુમતિ વિધાનસભાનું સંચાલન કરવા માટેની જવાબદારી સોંપે છે. વિધાનસભાના નિયમો નક્કી કરવા માટે આપની મારફત જ વિધાનસભામાં નિયમો માટેની સમિતિ એ વિધાનસભાના નિયમો ઘડતી હોય છે. એ ઘડેલા વિધાનસભાના નિયમો એના અનુસાર આ વિધાનસભા ગૃહનું પાલન થાય એ સંસદીય કાર્યપ્રણાલિમાં લોકશાહીને જીવંત રાખવા માટે ખૂબ જરૂરી છે. મને લાગે છે કે ૨૮મી ફેબ્રુઆરીએ નિયમ ૧૦૩ નીચે દાખલ કરેલ પ્રસ્તાવ વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૩ મુજબ દાખલ કર્યાના દિવસથી ૧૪ દિવસની મુદત એ ૧૩મી તારીખે પૂર્ણ થઇ છે. ૧૩મી તારીખ પછી વધુમાં વધુ ૭ દિવસે એટલે કે આજે ૨૦મી માર્ચે એ ૭ દિવસની મુદત પૂરી થયેલ હોવા છતા આજના દિવસના કામકાજની યાદીમાં સમાવેશ થયો નથી, ત્યારે આ પદની ગરિમા જળવાય તે માટે આપના મારફત રૂલિંગ મળે અને ૭મો દિવસ એટલે કે છેલ્લો દિવસ છે. આ પ્રસ્તાવ અંગે આ ગૃહમાં ચર્ચા થાય એ માટે આપશ્રી મારફત અનુમતિ મળે તેવી વિનંતી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી દ્ધારા નિયમ-૧૦૩ હેઠળની એમણે આપેલ નોટિસના સંદર્ભમાં જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવામાં આવ્યો છે એ પોઇન્ટ ઓફ ઓર્ડર તારીખ એમણે ૨૮-૨ તારીખે વિધાનસભાની ઓફિસને નોટિસ આપી. એમાં બહુ સ્પષ્ટ લખેલ છે કે, બંધારણની કલમ-૧૭૯ અન્વયે આપવી જોઇતી ૧૪ દિવસની સૂચના આપવામાં આવી હોય તે સૂચનાની મુદત પૂરી થતા. માનનીય અધ્યક્ષશ્રી એમણે જે ૧૪ દિવસની નોટિસ આપી એ ૧૯-૩ એટલે કે ૨૦ કે ૨૧ મી તારીખે એ સમય અવધિ પૂર્ણ થાય છે અને આ સભાગૃહ સત્તાધારી પક્ષ તરીકે અમે પણ અવિશ્વાસની દરખાસ્તની ચર્ચાની અમારી સંપૂર્ણપણે તૈયારી છે અને સંપૂર્ણપણે તૈયારી સાથે હજુ પણ એમાં જે

નિયમ છે કે ૧૪ દિવસની મુદત પૂરી થયેથી ૭ દિવસ કરતા મોડો નહિ તેવો દિવસ ઠરાવવામાં આવે. હજુ આ સત્ર ૨૮મી તારીખે પૂર્ણ થાય છે. આપણી પાસે પૂરતા ૭ દિવસ છે. ૭ દિવસની અંદર માનનીય અધ્યક્ષશ્રી દ્વારા આ સભાગહની કરેલી કાર્યવાહીની યથાર્થતા જાળવવા માટે અમે સંપૂર્ણરીતે તૈયાર છીએ. બીજી વાત એમના પોઇન્ટ ઓફ ઓર્ડરમાં એમણે નિયમોના નિયમ અને પ્રણાલિકાઓની પરંપરાની વાત કરી. આપના દ્વારા આ સભાગૃહનું તટસ્થતાથી સુપેરે સંચાલન કરી રહ્યા છો. આજે પ્રશ્નોત્તરી દરમ્યાન મેં જોયું. અમારી ભારતીય જનતા પાર્ટીના સભ્યોની જગ્યાએ આપના દ્વારા વિપક્ષ છે તો વિપક્ષને થોડો વધારે ન્યાય આપવો, એમ કરીને તમે એમને પ્રશ્નમાં વધારે તક આપી, ઉદારતા દાખવી અને આ સભાગૃહમાં એમના સભ્યો દ્વારા આ સભાગૃહની અંદર જે વરવાં દ્રશ્યો થયાં, તે દ્રશ્યો કલંકિત દિવસ તરીકે ગુજરાતની વિધાનસભામાં આવનારા દિવસો સુધી ઓળખાવાના છે, છતા પણ આપે અધ્યક્ષના પદની ગરિમાને જાળવીને, બહુ મોટું મન દાખવીને ઉદારતાથી પ્રણાલિકાઓ, પરંપરા જાળવીને આજસુધી સભાગૃહનું સંચાલન કર્યુ છે. આપે નિયમોની મર્યાદાના માધ્યમથી કર્યુ છે અને સત્તાધારી પાર્ટી તરીકે પણ આપ જ્યારે આવતીકાલે કે જ્યારે દાખલ કરો અને ૭ દિવસ પહેલાની મર્યાદામાં ગમે ત્યારે અમે એના માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. એટલે આપનો અધિકાર છે એટલે મને લાગે છે કે આના સંદર્ભમાં કોઇપણ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદો ઉપરસ્થિત થતો નથી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો અને માનનીય મંત્રીશ્રીએ એમાં જે ચર્ચા કરી આજની પ્રશ્નોત્તરીનો તેમણે ઉલ્લેખ કર્યો તે કોઇપણ સંજોગોમાં વ્યાજબી અને ઉચિત નથી. માનનીય અધ્યક્ષશ્રી આપનો અધિકાર છે. ૧૮૨ સભ્યો પૈકી આપના વિવેક ઉપર તે નિર્ભર છે કે કોને બોલવા દેવા અને કોને ન બોલવા દેવા. મંત્રીશ્રી એવી વાત કરે કે આપે ઉદારતા દાખવીને વિપક્ષના સભ્યોને બોલવા દીધા અને ભાજપના સભ્યોને ન બોલવા દીધા. આ સંસદીય મંત્રીશ્રીનું આ પ્રકારનું નિવેદન કોઇપણ સંજોગોમાં વ્યાજબી અને ઉચિત નથી. આ રેકર્ડ ઉપર રહે તે પણ યોગ્ય નથી. એટલા માટે કારણકે આપનો અધિકાર છે ભાજપને બોલવા દેવા ન બોલવા દેવા અને અમને બોલવા દીધા અને આપ ઉદાર થયા, સાહેબ અમારો અધિકાર છે. ઉદારતા દાખવી અને વિવેકથી આપને એમ લાગે કે આની ઉપર મારે વધારે ચર્ચા કરવા દેવી છે તે આપનો અધિકાર છે. આપને ચર્ચા નથી કરવા દેવી તો ન કરવા દો તે આપનો અધિકાર છે. માનનીય મંત્રીશ્રી આ પ્રકારના નિવેદન કરીને વાત કરે તે કોઇપણ સંજોગોમાં ઉચિત અને યોગ્ય નથી. અમારા સભ્યોએ જે કૃત્ય કર્યુ અને તે કૃત્યને ટાંકીને અહીંયાં વાત કરવામાં આવી, વિધાનસભાના નિયમોના નિયમ-પર(૧) અને (૨) નીચે બહુ સ્પષ્ટ જોગવાઇઓ છે અને માનનીય મંત્રીશ્રી આપ પણ જાણો છો. માનનીય અધ્યક્ષશ્રી આપ પણ જાણો છો કે તે *(×××)

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, માનનીય પુંજાભાઇ આ સભાગૃહે જે દરખાસ્ત પાસ કરી છે. તમારા આ વિધાન હું રેકર્ડ પરથી દૂર કરું છું. કારણ કે તમે નિર્ણય ઉપર હવે ચર્ચા નથી કરી શકતા. રૂલિંગ એકવાર આવી ગયા પછી તેમાં પ્રસ્તાવ મંજૂર થઇ ગયા પછી તે પ્રસ્તાવ પર ચર્ચા નહીં. બીજું બધુ કહો. બીજું જે કહેવું હોય તે કહો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો છે એટલે, મને ઉલ્લેખ કરવાનું.. એક મિનિટ ભાઇ, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉલ્લેખ કર્યો એટલે મારે આ ઉલ્લેખ કરવાની ફરજ પડી છે.

અધ્યક્ષશ્રી : એમણે જે ઉલ્લેખ કર્યો એ જુદો ઉલ્લેખ કર્યો છે. તમે ક્રિટીસાઇઝ કરો છો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષ તરીકે ઉલ્લેખ....

અધ્યક્ષશ્રી : તમે ક્રિટીસાઇઝ ન કરી શકો, તમે વખાણ કરવા હોય તો કરી શકો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ બરાબર નથી. શાસક પક્ષ તરફથી ઉલ્લેખ થાય તો અમારી જવાબદારી છે કે અમારે પણ ઉલ્લેખ કરવો જોઇએ. અમારા સભ્યોએ કૃત્ય કર્યુ તેના સંદર્ભમાં વાત કરી છે તો એ સંદર્ભે મેં વાત કરી છે. આમાં મેં કંઇ ખોટું કહ્યું નથી. આ શબ્દપ્રયોગો જે થાય છે તે સંસદીય મંત્રી તરીકે વ્યાજબી અને ઉચિત નથી. આપનું ધ્યાન દોરું છું અને તે અનુસંધાને આપનું સ્પષ્ટ રૂલિંગ મળે તેવી આપની પાસે અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : માનનીય ગૃહના નેતાશ્રી.

શ્રી વિજય રૂપાણી (મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે અને ચર્ચા એની જ છે. હું એમ માનું છું કે, અધ્યક્ષશ્રી, અવિશ્વાસની દરખાસ્ત, ગૃહની પ્રણાલિકાઓ, નિયમોના નિયમો. આ એક ગૌરવવંતુ આપણું ગૃહ છે. તેની ગરિમા જળવાય તે દૃષ્ટિથી જ આમાં વિચાર કરવાની આવશ્યકતા છે. આજ દિવસ સુધી મારી પાસે જે માહિતી છે, મારાથી પણ ઘણા સિનિયર સભ્યો અહીં બેઠા છે. દરખાસ્તો મૂકાય પણ ચર્ચામાં આવતી નથી. કારણ કે અધ્યક્ષની પણ એક ગરિમા હોય છે. અમ્પાયરનો નિર્ણય કયારેય કોઇકને ખોટો પણ લાગે અને કોઇકને સાચો પણ લાગે, પણ અમ્પાયર ઇઝ અ અમ્પાયર અને તેની સ્વીકૃતિ હોય છે. એટલે આ ગૃહમાં કયારેય અવિશ્વાસની દરખાસ્તની ચર્ચા કે મતદાન આવ્યું નથી. તેના કારણે નોટીસ આપી કે નોટીસ આપ્યા પછી નાની મોટી વાતચીત અલગ અલગ લેવલે ચાલતી હોય અને પ્રશ્ન પતવો જોઇએ તે આવશ્યક છે. ગૃહની આજદિવસ સુધીની પ્રણાલિકામાં આ ચર્ચા ભૂતકાળમાં અહીં ન થઇ હોય, તે પરંપરા હોય તો હજી પણ બંને પક્ષના મુખ્ય લોકો બેસે. આ પ્રશ્નને ગૃહની એક પ્રતિષ્ઠા અને ગૃહની એક ગૌરવવંતી વ્યવસ્થા,

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા

પરંપરાઓને ધ્યાનમાં રાખી આ અંગેનો વિચાર કરવામાં આવે તો હું એમ માનું છું કે આપણા બધાનું તેમાં હિત અને સારું ગણાશે. છતાં પણ જો વિરોધપક્ષના મિત્રો સંમત ન હોય તો દાખલ થાય અને ચર્ચા થાય તથા મતદાન થાય, પણ એમાં આપણા બધાનું સારું નહીં દેખાય તેવું ગૃહના નેતા તરીકે મને લાગે છે, એટલે મારી વિનંતી છે કે, આજના ગૃહના સમય પછી બંને પક્ષના મુખ્ય પાંચ સાત નેતાઓ બેસે, ચર્ચા કરે અને પછી અધ્યક્ષશ્રી, આપને યોગ્ય લાગે એ રીતે આપ નિર્ણય કરો. એટલે હું એમ માનુ છું કે, આજે બીજી ચર્ચા ન થાય પણ ભાઇશ્રી, પરેશભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એ પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરતી જ ચર્ચા મર્યાદિત રહે એ વધુ સારી બાબત છે. વાત સાચી છે, આપનો જ અધિકાર છે કોને સમય આપવો, શું આપવું એ આપના અધિકારની વાત છે અને એમાં પુંજાભાઇની વાત સાથે પણ અમે સંમત છીએ. માનનીય પ્રદિપસિંહજીએ જે વાત કરી છે કે, અધ્યક્ષશ્રી છે એને માટે બંને પક્ષ એની આંખો છે. અગાઉ શરુઆતમાં અમે બંને આપને ગૃહમાં દોરીને લાવ્યા હતા ત્યારે પરેશભાઇ બોલ્યા હતા અને હું પણ બોલ્યો હતો એટલે આમાં મોટા મન રાખીને આપણે વિચારવાની આવશ્યકતા હોય છે અને તો જ સુપેરે ગૃહ સારી રીતે ચાલે અને એ દ્રષ્ટિથી આપણે બધા સાથે મળીને મુખ્ય લોકો બેસીને ચર્ચા કરીશું તો હજુ મને એમ લાગે છે કે, આપણા બધાનું હિત એમાં સમાયેલું ગણાશે અને છતાં પણ એવું લાગે તો નિયમોના નિયમ આધારે આપણે આગળ વધવું જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે પોઇન્ટ ઓફ ઓર્ડર અમારા નેતા શ્રી પરેશભાઇ લાવ્યા છે અને ગૃહના નેતાએ પણ ખૂબ પોઝિટિવ આમાં વાત કરી છે. એક હાથે તાળી ન પડે. (અંતરાય) નહીં કરીએ ચર્ચા. માનનીય અધ્યક્ષશ્રી, મૂળ મુદ્દો જે ઉપસ્થિત થયો અધ્યક્ષશ્રીઓના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪માં આજ રીતે અધ્યક્ષશ્રીને અધ્યક્ષ પદેથી દૂર કરવા માટે ૨૯૮ નંબરના પાનામાં ૪૭૦માં છે કે, અધ્યક્ષશ્રીને અધ્યક્ષ પદેથી દૂર કરવા માટે પ્રસ્તાવમાં કારણો જણાવવા જરૂરી નથી. એમાં રુલિંગમાં બહુ ક્લીયરલી લખેલું છે કે, બંધારણની કલમ ૧૭૯ અને નિયમો ૧૦૩ મુજબ ૧૪ દિવસની નોટિસ આપવી આવશ્યક છે અને બીજી મર્યાદા છે ૧૭ માનનીય સભ્યશ્રીઓએ એને માટે અનુમતી આપવી જરૂરી છે. સવાલ માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે એટલે ઉત્પન્ન થયો કે ૨૮ તારીખે આપેલી નોટિસ એને ગઇ કાલ રાત્રે ૧૪ દિવસ પૂરાં થઇ જાય છે. આ બેઠેલાં તમામ સભ્યશ્રીઓ આ નિયમોથી બંધાયેલા છે. જો ૧૪ દિવસ પૂરાં થઇ જતા હોય તો આજના ડે ઓફ ઓર્ડરમાં વિધાનસભાના અધ્યક્ષશ્રીને દૂર કરવાની જે દરખાસ્ત આવી છે એનો એજન્ડામાં ઉલ્લેખ કરવો જોઇએ અને સ્પષ્ટપણે નિયમો પણ એમ કહે છે. સચિવાલયની જો આ ભૂલ હોય તો એ ભૂલ આપણા નિયમોને આ સચિવાલય જુદી રીતે લઇ રહી છે એવું સ્પષ્ટપણે મને લાગે છે. આપની જ હાજરીમાં આ પોઇન્ટ ઓફ ઓર્ડર અમારે ઉપાડવો ન પડત જો સચિવાલય ૧૪ દિવસની મર્યાદામાં પૂર્ણ થયા પછી જો આ લાવ્યા હોત તો સો ટકા આજે આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉત્પન્ન ન થયો હોત એટલે અમારી આપને વિનંતી છે કે, નિયમોને આધિન અને જુના અધ્યક્ષશ્રીએ પણ જે રુલિંગ આપેલા છે એના આધિન આપશ્રી આપનું રુલિંગ આપો જેથી કરીને ભવિષ્યમાં આ રીતની કોઇ પણ ઘટના બને ત્યારે આ રીતનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય. બીજી વાત ગૃહના નેતાશ્રીએ કહી છે, અને માનનીય અધ્યક્ષશ્રી, *(×××) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ મુદ્દો નથી અત્યારે. આપ પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરતી વાતને રાખો.

શ્રી શૈલેષ મ. પરમાર : ના, માનનીય અધ્યક્ષશ્રી, નેતાની વાતને હું સમર્થન આપુ છું. એને માટે પણ સરકારે ખુલ્લુ વલણ રાખવું જોઇએ અને એના માટે પણ વિચારવું જોઇએ. કારણ કે, આફટર ઓલ સભ્યો ભૂલ કરે છે તો એના માટે એમને આટલી મોટી સજા પણ ન અપાય માટે હું ગૃહના નેતાને પણ વિનંતી કરું છું આપ આના અનુસંધાનમાં પણ મોટા દિલે વિચારો અને સભ્યોને પોતાના અધિકારથી વંચિત ન રાખો એવી હું આપને પણ વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે એક વ્યવહારુ વાત કરી છે એને હું સમર્થન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ એવો વ્યક્તિ નથી કે જે સર્વ સંમત હોય અને એના નિર્ણયો બધાને માન્ય હોય. કેટલીક વાર ભગવાન પ્રત્યે પણ આપણે નારાજ થઇ જઇએ છીએ. આપના નિર્ણયથી આપણને મનદુઃખ થયું હશે, પણ એમાં મનદુઃખ પહોંચાડવાનો આપનો ઇરાદો નહિ હોય, જે ચેર પર બેઠાં છો એ ચેર, એની મર્યાદા, એના નિયમો, એનું પાલન કરવા માટે આપે જે કોઇ પગલાં જે તે સમયે લીધા હશે એમાં કોઇ દુશ્મનાવટ નથી, એમાં કોઇને ઉતારી પાડવા કે કોઇને વધારે માન સન્માન આપવું એવો કોઇ આશય નહોતો અને ન જ હોય. હું અહીંયા ૧૯૯૦ થી બેસું છું, માનનીય પુંજાભાઇ, નિરંજનભાઇ અને વિરજીભાઇ એ બધા બેસે છે, ભૂતકાળમાં અમે ત્યાં બેઠેલાં છીએ અને પછી આ પ્રકારની દરખાસ્ત પણ લાવ્યા છીએ. પણ આ ગૃહની અત્યારસુધીની પ્રણાલિકા રહી છે કે જ્યારે આ ચેર, એ અપીલ કરે ત્યારે એ મને પસંદ હોય કે ના હોય, એ બંધ બારણે ચર્ચા કરીને નિર્ણય કરીએ, પણ અત્યારે તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે કહ્યું છે એને બન્ને નેતાઓ સમર્થન આપે એવી મારી બન્ને નેતાઓને પણ વિનંતી અને લાગણી છે.

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ સમક્ષ જ્યારે અમે પ્રસ્તાવ લાવ્યા ત્યારે પણ કહ્યું હતું કે, ખૂબ ભારે મને અમારે આ નિર્ણય કરવો પડ્યો છે, એમના માટે હું આ ચેરને ક્યારેય દોષિત ઠેરવી શકું નહિ. નિયમોથી સ્પષ્ટ જોગવાઇ કરી છે કે માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઇ વ્યક્તિને નેઇમ કરે, ત્યારે સરકારે દરખાસ્ત લાવવાની, સરકારે દરખાસ્ત લાવવાની છે તો આ વિધાનસભાના નિયમોનું પાલન કરવા સરકાર પણ બંધાયેલી છે. જે સરકાર દરખાસ્ત

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

લાવે એને આપે મત ઉપર મૂકવી પડે અને સત્તાપક્ષની હંમેશા બહુમતી હોય, એટલે ગૃહના નેતાની વાતને અમે તો પહેલેથી જ બહુ સકારાત્મક લઇએ છીએ, ગૃહના નેતાને હું આજે જણાવું છું કે માનનીય અધ્યક્ષશ્રીને હું વ્યક્તિગત પણ મળવા ગયો હતો, એમની ચેમ્બરમાં જઇને નિયમો તરફ માનનીય અધ્યક્ષશ્રીનું મેં ધ્યાન પણ આકર્ષિત કર્યું હતું, હું નહોતો ઇચ્છતો કે આ ચર્ચાઓ અહીંયા થાય. પહેલાં દિવસે પણ અને છેલ્લાં દિવસે પણ. આ ચેરની મર્યાદાઓ જળવાય એ સત્તાપક્ષ હોય કે વિપક્ષ. એકહાથે તાળી નહિ પડે. માનનીય અધ્યક્ષશ્રી, આપની તો મર્યાદાઓ હોય. આપ જે ખુરશી પર બેઠાં છો ત્યાંથી સરકારની કોઇ દરખાસ્ત આવવાની તો એ મત ઉપર મૂકવાની આપની ફરજ છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારે દરખાસ્ત કરતી વખતે એના નિયમો અનુસાર જો દરખાસ્ત કરી હોત તો જે બીજો મુદ્દો ઉપસ્થિત થયો છે એ ન થાત અને એમાં માનનીય ગૃહના નેતાની વાત સાથે સંમત છીએ. બેસી અને જે કંઇ ચર્ચા કરવાની થશે એ કરીશું.

સવાલ મેં જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો, ગૃહના નેતાએ કહ્યું કે આ ચર્ચા ન થાય, માનનીય અધ્યક્ષશ્રી, અમે પણ નહિ ઇચ્છીએ, ઘણી બાબતો એવી હોઇ શકે, સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે જ્યારે મત મતાંતરો ઉભાં થાય, ઘર્ષણો ઉભાં થાય ત્યારે એમાં સમાધાનનો મંચ છે. ભૂતકાળની અંદર પણ આવા બનાવો ઘણી વખત બન્યા છે. એવા એકપણ બનાવની હું તરફદારી નહિ કરું, આ ગૃહનું સુચારું સંચાલન થાય એના માટે વિશેષ જવાબદારી સરકારની છે. બનાવ બન્યો તે દિવસે પણ એક પરંપરા રહી હતી કે પહેલાં સત્તાપક્ષ આવીને આપની પાસે એમની લાગણી વ્યક્ત કરી જાય પછી આપની કચેરીમાંથી વિપક્ષને પણ બોલાવવામાં આવે એને સાંભળવામાં આવે અને સાથે મળીને આ ફલોરમાં કહ્યું કે સજા થવી જોઇએ અહીંયા આવતા પહેલાં બહાર પણ કહ્યું કે સજા થવી જોઇએ, પણ માનનીય અધ્યક્ષશ્રી, પ્રજા દ્વારા ચૂંટાયેલો પ્રતિનિધિ, આ ગૃહની દરેક વ્યક્તિ નિયમોથી બંધાયેલ છે, તો એ સજાની મર્યાદા વિધાનસભાના નિયમોના નિયમ-૫૨(૨) માં એની વધુમાં વધુ સજાની જોગવાઇ કરેલી છે, આ નિયમોની બુકમાં જે,

અધ્યક્ષશ્રી : એ મુદ્દો અત્યારે નથી,

શ્રી પરેશ ધાનાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, જે નિયમોથી જોગવાઇ ન થઇ હોય

અધ્યક્ષશ્રી : આપણી પાસે અત્યારે એ મુદ્દો નથી,

શ્રી પરેશ ધાનાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં નિયમ-૫૬ નીચે આપની પાસે સર્વોચ્ચ સત્તા છે.

અધ્યક્ષશ્રી : એ અત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નથી. આપણે લિમિટેડ વાત કરીએ.

શ્રી પરેશ ધાનાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, આજનો મુદ્દો એ છે, માત્ર મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ હતો કે દિવસો ગણવાની જે પ્રથા છે, નિયમ-૧૦૩ અન્વયે સ્પષ્ટ જોગવાઇ છે પ્રસ્તાવ દાખલ થયેથી ૧૪ (ચૌદ) દિવસ પછી કોઇપણ સાત દિવસે, એટલે માનનીય અધ્યક્ષશ્રી, આજે સાતમો દિવસ પણ પૂર્ણ થાય છે, ત્યારે પ્રદીપસિંહભાઇએ કહ્યું કે આજે ૧૪ દિવસ પૂરા થાય છે, વિસંગતતા અહીંયા થાય છે. હું સ્પષ્ટપણે માનું છું, માનનીય પ્રદીપસિંહભાઇ, મને પણ વાંચવાનો શોખ છે અને આ બંધારણ પણ ૧૭૯(૨) વાંચી છે, વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૩ તરફ પણ આપનુ ધ્યાન દોર્યુ છે. આવો પ્રસ્તાવ ૧૦૩ નીચે દાખલ થાય ત્યારે બંધારણની કલમ-૧૮૧(૧)ને પણ મેં વાંચી છે. ૧૯૧(૧) એ સભ્યની ગેરલાયકાત, બંધારણની કલમ-૧૯૨ એટલે સભ્યની ગેર લાયકાતના પ્રશ્નો ઉપર નિર્ણય કરવા અંગે રાજયપાલશ્રી ચૂંટણી પંચના પરામર્શમાં નિર્ણય..

અધ્યક્ષશ્રી : અત્યારે આ વિષય નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, બંધારણની વાત કરું છું આમાં કોઇ ટીકા-ટીપ્પણો નથી આ બંધારણની જોગવાઇનો ઉલ્લેખ છે.

અધ્યક્ષશ્રી : એમ નહીં અત્યારે આ પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરતું લિમિટેડ રાખો તો આપણો સમય બચે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇએ દરખાસ્ત કરી એટલે હું વાત પૂરી કરી દેવાનો છું કે નિયમ-૧૯૩થી કોઇ સભ્યને ગેરલાયક ઠેરવ્યા હોય તો એવા ગેરલાયક સભ્ય જો સવિનય કાનુન ભંગ કરે તો તેને વધુમાં વધુ પ્રતિ દિવસ ૫૦૦/-રૂપિયાના દંડની જોગવાઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યોના આ બંધારણથી ઠરાવેલા અધિકારો છે એટલે મારી વિનંતી છે કે આપની કક્ષાએથી આ દિવસો ગણવાની જે પ્રણાલી વચ્ચે જે મતમતાંતર છે તો એમાં આપની કક્ષાએથી યોગ્ય નિર્ણય થાય અને બીજુ જે ગૃહના નેતાએ વાત કરી તે વાતની અંદર સૂર પૂરાવી અને આપ જયારે પણ સરકાર વાતને આગળ ધપાવશે સાથે મળીને તેનુ સુખદ નિરાકરણ થાય તે માટે અમે સંમત છીએ.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાએ કહ્યું કે સરકાર દરખાસ્ત નથી લાવી અને આપે નિર્ણય લીધો છે. જોગવાઇ છે જ કેટલીક વખત અચાનક એવી પરિસ્થિતિ ઉભી થાય અને સરકાર તરફથી દરખાસ્ત ન આવે તો પણ આપ નિર્ણય લઇ શકો છો એ નિયમોમાં જોગવાઇ છે જ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે અહીંયા ચર્ચા થઇ મને એવુ લાગે છે કે, એકબાજુ વિપક્ષના નેતા પરેશભાઇને માનનીય શૈલેષભાઇ નિયમનો આગ્રહ રાખે છે. બીજી બાજુ ગૃહના નેતા આપણાં મુખ્યમંત્રીશ્રી, અમારા ભૂપેન્દ્રસિંહજી, પ્રદિપસિંહજી તે કોઇ યોગ્ય વિધાનસભાને શોભે એવો રસ્તો કાઢવાની વાત કરે છે. તો અત્યારે હાલ આપ રૂલિંગ આપો એ મારી દ્રષ્ટિએ કોઇ યોગ્ય.

અધ્યક્ષશ્રી : ના, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર રૂલિંગ હું અત્યારે જ આપીશ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તેની જ વાત છે સાહેબ મારી વિનંતી છે આપને પણ મારી વિનંતી છે કે આપ આપનું રૂલિંગ મુલતવી રાખો. વિધાનસભાની રિસેસ દરમિયાન અમારા બન્ને નેતાઓ સંસદીય મંત્રીશ્રી અને વિપક્ષના નેતાને અને તેમની સાથે દંડકશ્રી સાથે શૈલેષભાઇ સાથે ચર્ચા કરે અને વાજબી રીતે નિરાકરણ થાય તો યોગ્ય છે તો આખો પ્રશ્ન પૂરો થાય. નહીં થાય તો નિયમ પ્રમાણે જે કાર્યવાહી કરવાની થશે તેમાં અમને કોઇ વાંધો નથી.

અધ્યક્ષશ્રી : અત્યારે મારી પાસે માત્ર અને માત્ર પોઇન્ટ ઓફ ઓર્ડર એટલા પૂરતો છે કે મુદત પૂરી થઇ ગઇ છે, વધારે દિવસો નીકળી ગયા છે અને મારે આજે અને આજે પ્રસ્તાવ રજૂ કરવો જોઇતો હતો આ ત્રણ જ મુદ્દા છે. હું બહુ જ સ્પષ્ટ માનુ છું કે રજાઓના જે દિવસો હોય તે હંમેશા બાદ જાય તેને ગણતાં તે મુદત ગઇકાલે પૂરી થઇ તે વાત સાચી. પરંતુ કાયદામાં તરતજ લખ્યું છે નિયમોના નિયમ-૧૦૩માં બહુજ સ્પષ્ટ જોગવાઇ છે કે તે સૂચનાની મુદત પૂરી થતાં વહેલામાં વહેલી તકે એટલે આજે અને આજે એવુ જરૂરી નથી એટલે મારા સચિવાલય, મારા વિભાગે કોઇ ભૂલ કરેલી નથી. ત્રીજી વાત એટલે એ હજુ તમારે રાહ જોવી જોઇતી હતી તે પહેલાં જ આ બધા મુદ્દા ઉપસ્થિત થયા છે હું પોઇન્ટ ઓફ ઓર્ડ નામંજૂર કરું છું ખૂબ માન સાથે નામંજૂર કરું છું કારણ કે મુદત હજુ છે. અને એ મુદત હજુ ગઇ નથી અને આ ગૃહની ગરિમાને માટે હું ખૂબ જાગૃત છું એક હાથે તાલી ના પડે તે વાત સાચી પણ એક હાથે કોઇને મારી શકાય એ વાત પણ એટલી જ સાચી. આ બધી બાબતોને ધ્યાનમાં રાખવી જોઇએ આ પોઇન્ટ ઓફ ઓર્ડર હું ખૂબ માન સાથે નામંજૂર કરું છું કારણ કે અત્યારે તે ઉપસ્થિત થતો નથી તેના માટેની જે જોગવાઇ છે તે નિયમો મુજબ જ હું વર્તીશ તેમાં કોઇ શંકા કે શક નહીં રાખશો, ધન્યવાદ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોના જવાબમાં આંકડાઓમાં વિસંગતતા બાબત**

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરી સંબંધે મારે ધ્યાન દોરવું છે. આજનું શુદ્ધિપત્રક હું જોઇ ગયો છું અને આપનું ધ્યાન દોરવા માગું છું કે, પ્રશ્નોત્તરીમાં અગ્રતા ક્રમ -૧૪, અગ્રતા ક્રમ -૧૫૬ અને અગ્રતા ક્રમ -૨૧૧ના પ્રશ્નોના જવાબમાં વિસંગતતા છે. અગ્રતા ક્રમ -૧૪ના ખંડ-૩માં મહેસાણા જિલ્લાની સ્વનિર્ભર આઇ.ટી.આઇ.માં ખાલી બેઠકોની સંખ્યા ૬૪૨ દર્શાવેલ છે જ્યારે કુલ ખાલી બેઠકોની સંખ્યા ૪૧૯ દર્શાવેલ છે. એમાં સ્પષ્ટ થતું નથી કે, સ્વનિર્ભર કોલેજોમાં ખાલી જગ્યાઓ ૬૪૨ છે અને કુલ ખાલી જગ્યાઓનો આંકડો ૪૧૯ બતાવે છે. આ બંને આંકડાઓમાં વિસંગતતા છે. તેવી જ રીતે અગ્રતા ક્રમ -૧૫૬માં ખંડ -૩માં આઇ.ટી.આઇ.માં ખાલી બેઠકો સરકારી આઇ.ટી.આઇ.માં ૩૫૦ અને ખાનગી આઇ.ટી.આઇ.માં ૫૮ દર્શાવેલ છે. જ્યારે કુલ ખાલી બેઠકો ૩૭૬ દર્શાવેલ છે. તેની સામે ખાલી બેઠકોનો સરવાળો ૪૦૮ થાય છે. તો આમાંથી સાચું શું ગણવું? તેમાં પણ આંકડાઓની અંદર વિસંગતતા આવે છે. અગ્રતા ક્રમ -૨૧૧માં પણ પંચમહાલ જિલ્લામાં સ્વનિર્ભર આઇ.ટી.આઇ.માં ખાલી બેઠકો ૭૪૭ દર્શાવેલ છે. જ્યારે કુલ ખાલી બેઠક '૦' દર્શાવેલ છે. આ ત્રણેય અગ્રતા ક્રમના પ્રશ્નોમાં ત્રીજા ખંડની અંદર જે જવાબો આપવામાં આવ્યા છે એ આંકડાઓની અંદર વિસંગતતા થાય છે. તો એના અનુસંધાને આપના દ્વારા માર્ગદર્શન આપવામાં આવે અને ક્લેરીફિકેશન કરવામાં આવે એવી મારી નમ્ર વિનંતી છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જે મુદ્દો પૂંજાભાઇએ ઉપસ્થિત કર્યો છે એમાં ભૂતકાળમાં આમ જ બનેલ અને જે તે વખતે માનનીય અધ્યક્ષશ્રીએ જે રુલિંગ આપેલ એ મુજબ ૧૩મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર દરમિયાન તા.૧૧/૩/૨૦૧૫ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે પ્રશ્નોત્તરીના અગ્રતા ક્રમ -૭૩ પરના પ્રશ્નમાં સભ્યશ્રી અશ્વિન કોટવાલના નામમાં હ્રસ્વઇ અને દીર્ઘઇની ભૂલો કાઢીને છપાયું છે તેમ જણાવી મુદ્દો ઉપસ્થિત કરેલ અને પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કરેલ. તેમણે જણાવ્યું હતું કે, ગૃહ સમક્ષ આવતી બાબતમાં ભૂલો રહેવી ન જોઇએ અને રહે તો વહેલામાં વહેલી તકે શુદ્ધિ પત્રકમાં દર્શાવવું જોઇએ અને એ ઉપરાંત ટકોર કરી હતી કે, આ રીતે ભૂલો રહી જાય તેનો અર્થ એ થયો કે સચિવાલય ગંભીરતાથી જોતું નથી. ગણપતભાઇ વસાવા માનનીય અધ્યક્ષ હતા અને આ બાબતમાં વિધાનસભાના કાર્યક્ષેત્રની તેમજ જો કાર્યાલયની ભૂલ હોય તો પણ તે ગૃહની ચર્ચામાં લઇ શકાતું નથી તેમ જણાવી નિર્ણય આપતા જણાવ્યું હતું કે, આ શુદ્ધિ પત્રક તૈયાર કરવાનું કામ વિધાનસભા સચિવાલયનું છે અને વિધાનસભા સચિવાલય દ્વારા ભૂલ થઇ રહી હોય તો પણ એ સંબંધે ગૃહમાં કોઇ મુદ્દો ઉપસ્થિત થઇ શકતો નથી. તે માટે મારી ચેમ્બરમાં આવીને મળી શકો છો અને આ બાબતે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એ હ્રસ્વઇ, દીર્ઘઇનો સવાલ હતો. મેં જે વાત કરી છે એ આંકડાઓની વાત કરી છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ નમૂનો છે. કોઇ પણ ભૂલ હોય એ આમાં લાગુ પડે.

અધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : આ ભૂલ સુધારવી જોઇએ. આ આંકડાકીય માહિતી છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નની જ વાત છે. એમના મગજમાંથી વિસંગતતા દૂર થાય એટલા માટે હું ક્લેરિફીકેશન કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક-૧૪ હતો..

તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વનિર્ભર આઇ.ટી.આઇ.માં ખાલી જગ્યાઓ ૬૪૨ બતાવી છે અને કુલ ખાલી જગ્યા ૪૧૯ બતાવી છે. તો આમાં સાચું શું છે?

અધ્યક્ષશ્રી : આપની વાત અત્યારે સાચી પ્રાથમિક દ્રષ્ટિએ, પણ માનનીય મંત્રીશ્રીનો જવાબ સાંભળી લઇએ. માનનીય મંત્રીશ્રી શું કહેવા માગે છે એ સાંભળી લઇએ.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે, પ્રશ્ન નંબર–૧૪માં એમણે જે શંકા કરી છે તો મહેસાણાની અંદર ૧૧૬૪ આઇ.ટી.આઇ.ની મંજૂર થયેલી જગ્યાઓ છે. ભરાયેલી જગ્યાઓ ૧૨૨૮ છે ખાલી જગ્યામાં ઝીરો ઝીરો બતાવેલ છે પણ આપણા નિયમો મુજબ જે જગ્યાઓ મંજૂર થયેલી હોય એ જગ્યાઓમાં ૩૦ ટકા આપણા વિદ્યાર્થીઓ દાખલ થવા માગતા હોય તો આપણે ૩૦ ટકા સુધી વધારે જગ્યાઓ ભરી શકીએ છીએ એટલે ૧૧૬૪ જગ્યાઓની જગ્યાએ ૧૨૨૮ જગ્યાઓ આપણે ભરી છે અને એટલા માટે ખાલી જગ્યાઓ ઝીરો ઝીરો બતાવી છે.

અધ્યક્ષશ્રી : રૂલિંગ મોકૂફ રાખું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સચિવાલયે ભૂલ કરી નથી કરી પણ વિભાગ તરફથી માનનીય મંત્રીશ્રી પાસેથી જે જવાબ આવે છે એ જે જવાબ આપ્યા છે એમાં જે હકીકતો આપી છે એનો સવાલ છે. આપના સચિવાલયની ભૂલ પણ નથી.

અધ્યક્ષશ્રી : રૂલિંગ વખતે એ હું જોઇ લઇશ.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી નંબર–૭૦**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( રાજય કક્ષાના પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૨૨,૮૨,૨૮,૩૯,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૭૦ રજૂ કરવામાં આવી.**

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

**માગણી નંબર–૭૧**

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧૮,૭૧,૨૫,૮૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૭૧ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

ફાલ્ગુન ૨૯, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી જશપાલસિંહ મ. ઠાકોર : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

**વન અને પર્યાવરણ વિભાગ**

**માગણી નંબર–૨૬**

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( વન મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું વન સેવાને લગતી સેવા અંગેની વન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૪,૫૬,૯૮,૧૪,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટે રૂ. ૪,૫૭,૫૧,૨૨,૦૦૦/–ની માગણી ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભાવેશભાઇ કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ ભૂરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું

. કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમીત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી જે.વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

**માગણી ક્રમાંક–૨૨**

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને ને લગતી સેવા અંગેની અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭,૨૦,૦૬,૭૪,૦૦૦ /–માગણી ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી સુખરામભાઇ રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઇ કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક–૨૩**

## તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી જયેશભાઇ વિ. રાદડીયાઃ (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન ને લગતી સેવા અંગેની અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫૯,૦૭, ૪૧,૦૦૦/– ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૦૭,૪૪,૭૭, ૦૦૦ની માગણી ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી સંતોકબેન અરેઠીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૮–૨૦૧૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા. ૨૦–૦૩–૨૦૧૮ (નવમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૭૦** | | | |
| ૧ | ૨૫૧૫– અન્ય....કાર્યક્રમો<br>૧૦૧– પંચાયતી રાજ<br>રૂ. ૪,૭૨,૩૦,૯૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાના નં.૪૬ થી ૫૧ | ૧૦૦ | પંચાયતોને જરૂરિયાત મુજબનું ભંડોળ પૂરું પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જવાહરભાઇ ચાવડા<br>(ધવલસિંહ ઝાલા) |
| ૨ | – – " – – | ૧૦૦ | પંચાયતોને પૂરતા હક્કો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા<br>(ભરતજી ઠાકોર) |
| ૩ | – – " – – | ૧૦૦ | પંચાયતોના દબાણો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર<br>(ડો. આશાબેન પટેલ) |
| ૪ | ૨૫૧૫– અન્ય... કાર્યક્રમો<br>૧૦૨– સમૂહ વિકાસ<br>૦૧– CDP – વિકાસ આયુક્ત<br>રૂ. ૫,૮૮,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાના નં.૫૨ અને ૫૩ | ૧૦૦ | પંચાયતોમાં તલાટીની જગ્યાઓ ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગાભાઇ બારડ<br>(લાખાભાઇ ભરવાડ) |
| ૫ | – – " – – | ૧૦૦ | જિલ્લા–તાલુકા પંચાયતોમાં ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા<br>(પરસોત્તમ સાબરીયા) |
| ૬ | – – " – – | ૧૦૦ | પંચાયતોની કામગીરીમાં સરકારનો હસ્તક્ષેપ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા<br>(ઋત્વિકભાઇ મકવાણા) |
| *૭ | – – " – – | ૧૦૦ | જિલ્લા પંચાયતોને મળતી ગ્રાન્ટ ઉપર મૂકવામાં આવતો કાપ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઇ બાવળિયા<br>(રાજેશકુમાર ગોહિલ) |
| ૮ | – – " – – | ૧૦૦ | વિકાસ આયુક્તની કામગીરી નિષ્ફળ જતી અટકાવીને તેને ફરીથી ચેતનવંતી બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી<br>(નૌશાદ સોલંકી) |
| ૯ | – – " – – | ૧૦૦ | પંચાયતના સભ્યોને ગેરલાયક ઠરાવવાની કામગીરીમાં તટસ્થ નિર્ણય લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ<br>(ઇમરાન ખેડાવાલા) |
| | **માગણી નં. ૭૧** | | | |
| ૧૦ | ૨૨૧૬ – આવાસન<br>૦૩ – ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૫–ઇન્દીરા...યોજના<br>(કે.પુ.યો.)<br>રૂ. ૫,૯૧,૭૮,૨૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૧૮ થી ૨૧ | ૧૦૦ | ઇન્દીરા આવાસના લાભાર્થીઓને સમયસર આર્થિક સહાય મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | ડો. અનિલ જોષિયારા<br>(સંજયભાઇ સોલંકી, જીતુભાઇ ચૌધરી અને અક્ષયકુમાર પટેલ) |
| ૧૧ | ૨૫૦૧ – ગ્રામીણ... કાર્યક્રમો<br>૦૬ – સ્વરોજગાર કાર્યક્રમો<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૬૨,૦૬,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં.૩૪ થી ૩૬ | ૧૦૦ | મનરેગા યોજનામાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતકુમાર પટેલ<br>(પુનાભાઇ ગામીત) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | – – " – – | ૧૦૦ | શૌચાલયો બનાવવાની કામગીરીમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી (સુનિલભાઇ ગામીત) |
| ૧૩ | – – " – – | ૧૦૦ | ગ્રામીણ વિકાસના કામો ઉપર પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશપાલસિંહ પઢિયાર (મોહનસિંહ રાઠવા) |
| ૧૪ | – – " – – | ૧૦૦ | ગ્રામ વિકાસ વિભાગના તાબા હેઠળની કચેરીઓના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત (કાંતિભાઇ સોઢાપરમાર) |
| ૧૫ | – – " – – | ૧૦૦ | ગરીબી રેખા નીચે જીવતા પરિવારોનો સર્વે કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર (ચંદનજી ઠાકોર) |
| **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માગણી નં. ૨૬** | | | | |
| ૧૬ | ૨૪૦૬ – વન...જીવન<br>૦૧ – વનનિર્માણ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૨ – પ્રભાગીય કચેરીઓ<br>રૂ. ૨,૫૫,૩૪,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં.૮,પાના નં.૧૨ અને ૧૩ | ૧૦૦ | વન વિભાગના અધિકારીઓ દ્વારા સ્થાનિક રહીશોને કરાતી બિનજરૂરી કનડગતો દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઇ વંશ (લલીત વસોયા) |
| ૧૭ | – – " – – | ૧૦૦ | જંગલમાં વસતા માલધારીઓને પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ (હિંમતસિંહ પટેલ) |
| ૧૮ | ૨૪૦૬ – વન....જીવન<br>૦૧ – વન નિર્માણ<br>૦૭૦ – સંચાર અને મકાનો<br>૦૩ – મકાનો... સંચાર<br>રૂ. ૪,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પાના નં. ૧૭ અને ૧૮ | ૧૦૦ | હજારો હેક્ટર જમીનમાં ઉગતા ઘાસના સ્ટોકનો હિસાબ ગોડાઉનોમાં મળતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઇ કટારા (ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| ૧૯ | – – " – – | ૧૦૦ | વન વિભાગ દ્વારા ઘાસની ફાળવણીમાં રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઇ બારૈયા (શીવાભાઇ ભુરીયા અને કાળાભાઇ ડાભી) |
| *૨૦ | ૨૪૦૬ – વન...જીવન<br>૦૧ – વનનિર્માણ<br>૧૦૧ – વન... પુર્નનિર્માણ<br>રૂ. ૩૧, ૮૧, ૭૫, ૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પાના નં. ૧૯ થી ૨૨ | ૧૦૦ | વૃક્ષોની ગેરકાયદેસર કપાત અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા (મહમદજાવીદ પીરઝાદા) |
| ૨૧ | – – " – – | ૧૦૦ | ગાંધીનગરમાં રાજીવ ગાંધી વનના નિર્માણ બાદ તેની જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ (વિમલભાઇ ચુડાસમા) |
| ૨૨ | – – " – – | ૧૦૦ | દર વર્ષે કરોડો રૂપિયાના રોપાઓના વાવેતર બાદ પણ વન નિર્માણ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઇ ઠુમ્મર (લલીતભાઇ કગથરા) |
| ૨૩ | ૨૪૦૬ – વન ... જીવન<br>૦૨–પર્યાવરણલક્ષી... પ્રાણીજીવન<br>૧૧૦ – વન્ય પ્રાણી સંરક્ષણ<br>રૂ. ૧,૨૪,૦૮,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પાના નં. ૨૭ થી ૩૨ | ૧૦૦ | સિંહો પાછળ વાહનો દોડવનારા સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા (ચિરાગભાઇ કાલરીયા) |
| ૨૪ | – – " – – | ૧૦૦ | રેલ્વે ટ્રેકની બંને બાજુ તાર ફેન્સીંગનું કામ સમયસર પૂરું ન થવાને કારણે વન્ય પ્રાણીઓના થતા મૃત્યુ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી.કાકડિયા |
| ૨૫ | – – " – – | ૧૦૦ | સિંહોની સુરક્ષાના નિયમોનો સખ્તાઇથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા (વલ્લભભાઇ ધારવિયા) |
| ૨૬ | – – " – – | ૧૦૦ | ગેરકાયદેસર રીતે થતાં લાયન શો સામે ભારે દંડ અને સજાની જોગવાઇ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનલાલ વાળા (રાજેન્દ્રસિંહ પરમાર) |
| **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માગણી નં. ૨૨** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭ | ૩૪૫૬–નાગરીક પુરવઠા<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–PDS –6–<br>નાગરિક....કચેરી<br>રૂ. ૪,૦૦,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૧૮ અને ૧૯ | ૧૦૦ | રેશનકાર્ડના ડેટા લીક કરનાર જવાબદારો સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુખરામભાઇ રાઠવા<br>(ગેનીબેન ઠાકોર) |
| ૨૮ | – – " – – | ૧૦૦ | રેશનકાર્ડ ધારકોની ફીંગર પ્રિન્ટ મેચ ન થવાના કારણો જણાવીને રાશન બારોબાર સગેવગે કરી નાંખે છે તેની સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઇ કોટવાલ<br>(નથાભાઇ પટેલ) |
| ૨૯ | – – " – – | ૧૦૦ | ઓછું તોલમાપ કરનાર શાકભાજી તથા મીઠાઇના વેપારીઓ સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા<br>(અલ્પેશ ઠાકોર) |
| ૩૦ | – – " – – | ૧૦૦ | કેરીના બોક્સ ઉપર ભાવ,વજન વિગેરે જેવી અન્ય વિગતો છપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ<br>(કીરીટકુમાર પટેલ) |
| | | **માગણી નં. ૨૩** | | |
| *૩૧ | ૨૪૦૮–ખાદ્ય...વ્યવસ્થા<br>૦૧–ખોરાક<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–વ્યાજબી....કચેરી<br>રૂ. ૭૫,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૭ અને ૮ | ૧૦૦ | વ્યાજબી ભાવની દુકાનોમાંથી અનાજનો જથ્થો બારોબાર કાળા બજારમાં વેચનારા સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| *૩૨ | – – " – – | ૧૦૦ | વ્યાજબી ભાવની દુકાનોમાંથી ખોટી રીતે પહોંચો ફાડી અનાજ બારોબાર વેચાઇ જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડો.સી.જે.ચાવડા |
| *૩૩ | – – " – – | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાજબી ભાવની દુકાનો નજીકના સ્થળે ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાન્તીભાઇ ખરાડી<br>(પ્રદ્યુમનસિંહ જાડેજા) |
| ૩૪ | – – " – – | ૧૦૦ | રેશનકાર્ડ ધારકોના ફીંગર પ્રિન્ટની ચોરીઓ કરી રાશનનું અનાજ બારોબાર કાળા બજારમાં વેંચાતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ<br>(સંતોકબેન આરેઠીયા) |

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા**

***આ કાપદરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.**

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ, વન અને પર્યાવરણ તેમજ અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની માગણીઓ લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર ત્રીસ્તરીય પંચાયતી રાજ અમલમાં આવ્યું. આ પંચાયતી રાજને સુદ્રઢ બનાવવા માટે પ્રધાનમંત્રી સ્વ. શ્રી રાજીવ ગાંધીએ શરૂઆત કરેલી અને આ શરૂઆતમાં રાજય સરકારના તમામ વિભાગોની યોજનાઓ અને આ યોજનાઓનો લાભ ગામડાંના છેવાડાના માણસો સુધી પહોંચે તેના માટે આ પંચાયત વિભાગ એ અતિ મહત્વનો વિભાગ છે. ગ્રામ ગૃહનિર્માણ પણ તેની સાથે જોડાયેલો છે. ગુજરાતની અંદર ૧૪૦૨૩ જેટલી ગ્રામ પંચાયતો અસ્તિત્વમાં છે. આ ગ્રામ પંચાયતોને સામાન્ય સત્તાઓની સાથો સાથ જમીન મહેસૂલની ઉઘરાવવાની કામગીરી પણ સોંપવામાં આવી છે. ગ્રામ્ય કક્ષાએ માનનીય અધ્યક્ષશ્રી, તલાટી એ સરકારનો સીધો પ્રતિનિધિ છે. આ ગ્રામ કક્ષાએ આ તલાટી કમ મંત્રીએ જે તે ગામમાં રહેવું જોઇએ તેવી આપણે ત્યાં જોગવાઇ છે. ૧૯૯૩ના પંચાયત ધારા અધિનિયમની જોગવાઇ મુજબ એમની કામગીરી ચાલે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત આ અધિનિયમમાં જોગવાઇ હોવા છતાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કે ગ્રામ પંચાયતમાં વહીવટ થાય છે કે કેમ એ સવાલ છે. હું આપની મારફત

ગંભીરતાપૂર્વક સન્માનનીય સભ્યશ્રીઓ અને સરકારનું ધ્યાન દોરવા માગું છું કે કોઇપણ પ્રકારનો હોદ્દો ન ધરાવતા હોવા છતાં પંચાયતમાં હોદ્દાનો ઉપયોગ કરી શકે ખરા? ગ્રામ પંચાયતના સરપંચ ન હોય છતાં સરપંચનો હોદ્દો ભોગવી શકે વહીવટ કરી શકે ત્યારે મારે સરકારને કહેવું છે કે આવું થઇ શકે ખરું? મંત્રીમંડળમાં ન હોય સોગંદ લીધા ન હોય છતાં મંત્રીમંડળમાં મંત્રીનો હોદ્દો ભોગવી શકે ખરા? કાયદામાં આવી જોગવાઇ નથી. સરપંચ ન હોવા છતાં સરપંચના હોદ્દાનો દૂરપયોગ થાય અને વહીવટ કરે એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ શક્ય બને. આ હકીકત રેકર્ડ ઉપર છે. ૧૪-૧-૨૦૧૬ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીને મેં પત્ર લખ્યો હતો એ પહેલા પંચાયત મંત્રીશ્રીને, અગ્રસચિવ પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ, વિકાસ કમિશ્નર અને તાલુકા પંચાયત ઉના તા. ૨૯-૯-૨૦૧૫ના રોજ સરપંચ પદે ન હોવા છતાં સરપંચનો હોદ્દો ન ધરાવતા હોવા છતાં સરપંચના હોદ્દાનો દૂરપયોગ કર્યો અને એક વર્ષ સુધી વહીવટ કર્યો અને એમાં લાખો રૂપિયાનો વહીવટ કરીને ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો. તાલુકા વિકાસ અધિકારીએ ડી.ડી.ઓ.ને દરખાસ્ત કરી એ પછી બે ત્રણ ડી.ડી.ઓ બદલાઇ ગયા પછી આજની તારીખે એમની સામે પગલાં લેવામાં આવતા નથી કારણ કે એ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદાર છે એ રેકર્ડ ઉપર છે. એ ગીર સોમનાથ જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ફરજ બજાવે છે. મંત્રીશ્રીને આ અંગેની વાત કરી હતી કે એ જ્યારે સરપંચ તરીકે હતા ત્યારે આંગણવાડીનો રૂમ બે લાખ ૯૩ હજારમાં મંજૂર કરવામાં આવે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અયોગ્ય જગ્યાએ પૈસા વાપરીને રૂમ બનાવ્યો એ પછી ક્ષાર નિયંત્રણ વિભાગ, સિંચાઇ વિભાગે એ રૂમ તોડી નાખ્યો અને બે લાખ ૯૩ હજાર રૂપિયા વેડફાઇ ગયા. એક પણ દિવસ એક પણ બાળક એમાં ભણવા ન બેઠું એની જવાબદારી કોની એ મારો સવાલ છે. જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાનો ગેરકાયદેસર કબજો લેવો એની સામે રેવન્યુ રાહે વસૂલાત કરવા માટે પાંચ લાખ ૯૮ હજારની વસૂલાત કરવા માટે જિલ્લા પંચાયતના ડી.ડી.ઓ. એ પ્રમાણપત્ર આપ્યા પછી હજુ સુધી વસૂલાત કરવામાં આવતી નથી. સત્તાપક્ષના હોદ્દેદારને કારણે ગાંધીનગરથી એનું પ્રોટેકશન કરવામાં આવે, પ્રોત્સાહન આપવામાં આવે છે. પંચાયત વિભાગમાં અત્યારે પરિસ્થિતિ એવી છે કે વિકાસ કમિશ્નર કચેરીમાં ભેટ પૂજા કરો એટલે જેવા પ્રકારનો ઓર્ડર જોઇએ તેવા પ્રકારનો ઓર્ડર લઇ જાવ. સરપંચ ગમે તેટલો ભ્રષ્ટાચાર કરે એમને સસ્પેન્ડ કરવામાં આવે પછી અધિક કમિશ્નર સમક્ષ અપીલ કરવામાં આવે એ થયા પછી ગુણદોષના આધારે પગલાં લેવાના બદલે ભ્રષ્ટાચાર કરેલ છે તેવું રેકર્ડ ઉપર સાબિત થાય તેમ છતાં એમને ચાલુ રાખવા માટે અધિક કમિશ્નર કચેરીમાંથી ઓર્ડર થાય એ ભેટ પૂજા સિવાય ન થાય એ બાબતે આપનુ ધ્યાન દોરવા માગું છું. આવા તો અસંખ્યા મુદ્દાઓ છે. ભ્રષ્ટાચાર નાનો હોય કે મોટો હોય, બીજ નાનું હોય પરંતુ એમાંથી બહુ મોટુ વટવૃક્ષ બનતું હોય છે. ગ્રામ પંચાયત લેવલે ભ્રષ્ટાચાર નાનો હોય, આ એવી વ્યકિત છે આખા સચિવાલય કે ગાંધીનગરમાં નાની મોટી બાબતમાં વહીવટી તંત્રને ગેરમાર્ગે દોરીને ગમે તેટલા ખોટા કામો કરવાના અને પછી આ પ્રકારના નાણાકીય ભ્રષ્ટાચારો થાય. ગયા અઠવાડિયે જ મેં માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોર્યું હતું કે પ્રવાસન વિભાગ યાત્રાધામના ચાર કરોડ રૂપિયા લઇ ગયા હું આ રેકર્ડ ઉપરની વાત કરી રહ્યો છું. માનનીય નીતિનભાઇ, ચાર કરોડ રૂપિયા સરકારમાંથી લઇ ગયા. જેને કાંઇ લેવા કે દેવા નથી. આ ઓન રેકર્ડ કહું છું. એનું ટેન્ડર બહાર પડી ગયું છે. કાલે એનું ટેન્ડર ખુલશે. તમે એના ઉપર પગલા નહીં લો તો અને કામગીરી થશે એમાં પણ ભ્રષ્ટારની બૂ આવે છે. ત્યારે રાજ્ય સરકાર ગંભીરતાથી લે એ જરૂરી છે. આવા લોકો ગ્રામ પંચાયત લેવલે એ પછી તાલુકા પંચાયત હોય કે જિલ્લા પંચાયત હોય અને એમાં વ્યાપક પ્રમાણમાં જે નાણાકીય ગેરરીતિ થાય છે એને રાજ્ય સરકારે ગંભીરતાથી લેવી જોઇએ. જે યોજનાઓ ચાલે છે એ તો ગરીબો સાથે જોડાયેલી હોય છે. દા.ત. શૌચાલય. શૌચાલય કોને ગરીબ માણસને, એ વ્યકિતગત શૌચાલય હોય, બીપીએલ યાદીવાળો શૌચાલય બનાવતો હોય તો બીપીએલની યાદીને આપણે ૧૨ હજાર રૂપિયા આપીએ છીએ. એમાંય બે હજાર, ત્રણ હજાર, ચાર-ચાર હજાર રૂપિયાની કટકી કરીને આ ગરીબ માણસોનું શોષણ કરવામાં આવે છે. એ કેટલા અંશે વાજબી છે? પ્રધાનમંત્રી આવાસ યોજના અને એમાં ૨૦૧૧ને ધ્યાનમાં રાખીને તમે જે યાદી બનાવી છે એ રાજ્ય સરકારને ગંભીરતાપૂર્વક વિનંતી કરું છું કે તમે સરવે કર્યો છે ૨૦૧૧ મુજબ એમાં મોટા ભાગનાને જરૂરિયાત મુજબના લોકોને લાભાર્થીઓને લાભ મળતો નથી. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં પણ શરૂઆતથી જ વ્યાપક ભ્રષ્ટાચાર થઇ ગયો છે. હું ઓન રેકર્ડ કહું છું કે જેને મળવા પાત્ર નથી, ગ્રામ સભામાં એને મંજૂરી આપવાની હોય, કોઇપણ ગ્રામસભાએ મંજૂરીઓ આપી નથી અને જે યાદીઓ આવી છે એ પાંચ-પાંચ સાત-સાત વર્ષ પહેલા જે મકાનો બની ગયા છે એને નવા દર્શાવીને તમે હપ્તાઓ લઇ લીધા છે. વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર ચાલે છે. એમાંય તમારે ગંભીરતાપૂર્વક વિચારવું જોઇએ. ગ્રામ પંચાયતો કલસ્ટર શૌચાલયો બનાવ્યા છે, ક્યાંક રૂ.૭૫૦૦૦/-, રૂ.૧૨૦૦૦૦/-, રૂ.૧૫૦૦૦૦/-એ કલસ્ટર નીચે જે શૌચાલયો બનાવ્યા છે. એની પાછળ રાજ્ય સરકારે ખર્ચ કર્યો છે એ શૌચાલયોનો આજની તારીખે એકપણ દિવસ કોઇપણ ગામના લોકોએ એનો ઉપયોગ કર્યો નથી કે તેનો ઉપયોગ થઇ શકે તેવી પરિસ્થિતિ નથી. સરકારને હું વિનંતી કરું છું કે એક સર્વપક્ષીય સમિતિ બનાવીને જિલ્લાવાર એની તપાસ કરવામાં આવે. જે શૌચાલયો બન્યા છે અને રાજ્ય સરકારે ખર્ચ કર્યો છે એનું પૂરેપૂરું વળતર મળે છે કે કેમ? એની હકીકતલક્ષી તપાસ કરવામાં આવે તો ગરીબ લોકોની વાસ્તવિકતાનો ખ્યાલ આવે એવી મારી વિનંતી છે. (અંતરાય) તલાટી કમ મંત્રીની ભરતી કરવામાં આવે છે એ મુદ્દાની વાત કરી મારી વાત પૂરી કરીશ. રેવન્યૂ તલાટી કમ મંત્રીની જે ભરતી કરવામાં આવી છે એમાં તેમનું પગાર ધોરણ નક્કી કરવામાં આવ્યું છે એ રૂ.૪૪૦૦/-છે અને પંચાયતના તલાટીઓને રૂ.૨૨૦૦/-નું છે. એમને પણ રૂ.૪૪૦૦/-નું આપવું જોઇએ. કારણ કે એમને વ્યકિતગત કામગીરી વધારે છે. (અંતરાય) રેવન્યૂ તલાટી અને પંચાયતના તલાટીઓના પગાર ધોરણમાં વિસંગતતા છે એટલે એમના પગાર ધોરણમાં સુધારો કરવો જોઇએ.

## તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૬ નંબરની માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું આ વખતે વધારેમાં વધારે વૃક્ષારોપણ થાય અને ગ્રીનરી આ ગુજરાત જોવા માગે છે ત્યારે પર્યાવરણની દ્રષ્ટીએ પણ જે રૂ.૧૨૮૭/-કરોડની જોગવાઇ કરવામાં આવી છે તે માટે સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પર્યાવરણને લગતા અનેક પ્રશ્નો માટે સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે પણ ચર્ચા માટે બધા મળે છે. વૃક્ષો અને પર્યાવરણનું સંતુલન જાળવવું અત્યંત જરૂરી છે. વૃક્ષ એ જીવન મરણ સાથે જોડાયેલ છે ત્યારે એ વૃક્ષોનું જતન કરવા માટે સરકાર કટિબદ્ધ છે અને પ્રયત્નશીલ છે. ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્ અને ફિલોસોફર શ્રી કનૈયાલાલ મુનશી વૃક્ષો અને વનોની જાળવણી અને પર્યાવરણની જાળવણીનું મહત્વ સમજીને ૧૯૫૦થી વન મહોત્સવની ઉજવણીની શરૂઆત કરેલ છે. મને કહેતા આનંદ થાય છે કે, મને કહેતા આનંદ થાય છે કે આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાને ૨૦૦૪થી શરૂ કરીને જે ઐતિહાસિક ધાર્મિક સ્થળો આવેલા છે એવી જગ્યાઓ ઉપર આ ઉત્સવોને લઇ જઇને એ વનોને ઉછેરવાનો પ્રયત્ન કર્યો છે અને અત્યાર સુધીમાં ૧૭ જેટલા સાંસ્કૃતિક વનોનું નિર્માણ કર્યું છે. મારા જિલ્લામાં અમારા આદિવાસી વિસ્તારનું જે આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે એવા ઉનાઇની બાજુમાં જાનકી વન તરીકે વિકસાવવામાં આવ્યું છે. હું સરકારને અભિનંદન આપું છું. સરકાર હંમેશા ચિંતિત છે ત્યારે સામાજિક વનીકરણ દ્વારા પણ સહભાગી મંડળીઓ કોઇપણ ખરાબાની જમીન હોય, ગ્રામ પંચાયતની જમીન હોય ત્યાં ખેડૂત વૃક્ષ વાવીને એનું જતન કરે. આ રીતે અનેક પ્રકારનું સામાજિક વનીકરણ અને ગુણવત્તાવાળા છોડવા, ગુણવત્તાવાળું વૃક્ષ એને ધ્યાનમાં રાખીને ખેડૂતોને આપવાનો પણ સરકારે નિર્ણય લીધેલો છે અને આપણે આપીએ છીએ. જીવન-મરણ સાથે જોડાયેલા વૃક્ષનું જતન કરવા માટે જ્યારે આપણે વૃક્ષની ચિંતા કરતા હોઇએ છીએ ત્યારે વૃક્ષ માટે હું બે જ વાત કરીશ. ''જીતે ભી લકડી, મરતે ભી લકડી, દેખ તમાશા લકડી કા. ક્યા જીવન ક્યા મરણ, કબીરા ખેલ રચાયા લકડી કા.'' મનુષ્યના જીવનમાં જ્યારે વૃક્ષ આટલું અગત્યનું છે. અમે તો આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ. આજે સામાજિક વનીકરણ દ્વારા જે હેડાપાણી વૃક્ષોનું જતન કરવામાં આવે છે એના કારણે ગામડાંના આદિવાસી ખેડૂતોનું જીવન-ધોરણ બદલાયું છે. ગુણવત્તાવાળા વૃક્ષો છે એને માર્કેટમાં વેચીને ખૂબ સારું ઉત્પાદન મેળવે છે અને ખૂબ સારી રકમો ઉભી કરે છે. વન વિભાગ વર્ષોથી આ માટે પ્રયત્નશીલ છે. અત્યારે પણ વન વિભાગ કામ કરી રહ્યો છે. આરાધ્ય વૃક્ષને લઇને જ્યારે આપણે સાંસ્કૃતિક વનો ઉભા કર્યા છે ત્યારે આપણા આદરણીય નરેન્દ્રભાઇએ આપણા આરાધ્ય વૃક્ષોને પણ ખૂબ પ્રાધાન્ય આપ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે ૯ ગ્રહો સાથે પણ સરખામણી કરીને વૃક્ષો વાવ્યા છે એમાં આમળા, ઉમરો, જાંબુ, વાંસ, વડ, પીપળો, ખાખરો અને ખેર એવા અનેક પ્રકારના આરાધ્ય વૃક્ષો છે એનું પણ જતન કરવામાં આવી રહ્યું છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત મંત્રીશ્રી અને અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. પંચાયતી રાજ એટલે ત્રિસ્તરીય રાજની વાત કરી, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત. સહકાર અને પંચાયત એ લોકશાહી બચાવવાના એના અગત્યના અંગો છે. મને યાદ છે ત્યાં સુધી ૧૯૭૨માં આ તાલુકા પંચાયત અસ્તિત્વમાં આવ્યું એ પહેલા સરપંચો તાલુકા પંચાયત પ્રમુખ બનાવે. મને યાદ છે ત્યાં સુધી સ્વર્ગસ્થ મારા પિતાજી ૧૯૭૨માં બોરસદ તાલુકા પંચાયતના પ્રમુખ બન્યા અને ૧૮ વર્ષ સુધી તાલુકા પંચાયતના પ્રમુખ રહ્યા. ડો.બળવંતરાય મહેતા અને મહાત્મા ગાંધીજી જે પંચાયતના વહીવટ માટેના ગામડાંના સ્વપ્નની વાતો કરતા ત્યારે આજે મારે ચોક્કસ કહેવું પડે કે પંચાયતી રાજમાં લોકો પાસે વહીવટ નથી. ઘણા મુદ્દા છે. પંચાયતના સભ્ય હોય, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કે ધારાસભ્ય હોય કે સંસદસભ્ય હોય, પ્રજા પાસે જ્યારે મત માગવા જાય છે અને ગરીબ અને સામાન્ય કાર્યકર જ્યારે એને હાર પહેરાવે છે ત્યારે એક આસ્થા લઇને આવતો હોય છે કે મારો જિલ્લા પંચાયતનો સભ્ય, મારો તાલુકા પંચાયતનો સભ્ય, મારો ધારાસભ્ય, મારો સંસદ સભ્ય કંઇક વિકાસના કાર્ય કરશે. પરંતુ આજે શું પરિસ્થિતિ છે? શું તાલુકા પંચાયત પાસે વહીવટ છે? શું જિલ્લા પંચાયત પાસે વહીવટ છે? પ્રજાના પ્રતિનિધિ પાસે કોઇ અપેક્ષા નથી. કલેક્ટરશ્રીને એક કરોડ રૂપિયા મળે, ડી. ડી. ઓ. શ્રીને ૫૦ લાખ મળે, પ્રાંત અધિકારીશ્રીને ૨૫ લાખ મળે. મારો જિલ્લા પંચાયતનો પ્રમુખ કે મારો તાલુકા પંચાયતનો પ્રમુખ કોઇ ગામડે જાય અને કોઇ ગરીબ માણસ એવું કહે કે, મારે પાણીની વ્યવસ્થા નથી તો પ્રજાનો પ્રતિનિધિ ક્યારેય એને ન્યાય ના આપી શકે. શા માટે આપણે બધા લોકશાહીના મંદિરની વાતો કરીએ છીએ? અમારી ઉપર વિશ્વાસ નથી એક અધિકારી પર વિશ્વાસ. મારે કોઇ કટાક્ષ કે આક્ષેપ નથી કરવો કે અધિકારી પર વિશ્વાસ ના હોવો જોઇએ પણ પ્રજાના પ્રતિનિધિનું પણ એટલું જ મહત્વ હોવું જોઇએ. સાહેબ, આ લોકશાહીનું મંદિર છે અને એવું હું ચોક્કસ કહીશ કે વિશ્વમાં સૌથી સારામાં સારી લોકશાહી આ દેશમાં છે. લોકો જે નક્કી કરે એ પ્રજાનો પ્રતિનિધિ બને અને લોકો જે માગે એ પ્રજાનો પ્રતિનિધિ એને આપે. વહીવટી પાંખ હોય ના હોય એના માટે મારો વાંધો પણ નથી. સાહેબ, આપણા ગામડાંનો બનેલો દેશ. હમણાં જ પૂંજાભાઇએ વાત કરી કે, ૧૪૦૨૩ ગ્રામ પંચાયતો આપણી હયાત છે. ૧૮૦૦૦ ગામડાંનું બનેલું આપણું રાજ્ય ત્યારે આપણી ગ્રામ પંચાયતના મકાનો છે એ બિલકુલ જર્જરિત છે. સરકારે એવું નક્કી કરવું જોઇએ કે આપણી ગ્રામ પંચાયત એક સરખી સમગ્ર ગુજરાતમાં કેમ ના હોય? દર વર્ષે ૩૦૦૦ બજેટમાં લે. દરેક જિલ્લામાં ૧૦૦-૧૦૦ ગ્રામ પંચાયત પ્રાયોરિટી મુજબ આપે તો પાંચ વર્ષમાં ૧૪૦૦૦ ગ્રામ પંચાયતોના આપણે નવા મકાનો બનાવી શકીએ. સાહેબ, સરપંચ. ઇંગ્લીશમાં સર એટલે ગુજરાતીમાં સાહેબ કહીએ, પંચનો વડો. સાહેબ, આજે એને શું? પહેલા આપણે પંચ મળે અને પંચ જ્યારે નક્કી કરે અને નીતિનભાઇ તો ખૂબ અનુભવી છે એટલે કટાક્ષ તો કરવાના જ.

ફાલ્ગુન ૨૯, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, સરપંચોને અત્યારે સરકારનું ઘણું ફંડ મળે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : સાહેબ, મારે એટલે જ ફંડની વાત કરવી છે. સાહેબ, એસ.ઓ.આર.ના ભાવ મુજબ ગ્રામ પંચાયત હોય, તાલુકા પંચાયત હોય ત્યાં વિવેકાધીન કામ થાય છે. સાહેબ, આજે ગ્રામ્યમાં કયા પ્રકારના કામ થાય છે? આપણે બધા જ જાણીએ છીએ કે એની ગુણવત્તા બિલકુલ એ હોય છે. ત્યારે (અંતરાય)

સભાપતિશ્રી : બે મિનિટ છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : એના ઉપર મોનિટરીંગ હોવું જોઇએ. તલાટીઓની જગ્યા ખાલી, તાલુકા પંચાયતના કલાર્કો, હિસાબનીશ અધિકારી જિલ્લા પંચાયતમાં આજે બિલકુલ ખાલી છે ત્યારે આપણે એની ઉપર પણ ઘ્યાન આપવું પડે.

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જ્યારે માગણી લઇને આવ્યા છે ત્યારે એના ઉપર મારે એક-બે વાત કરવી છે. ખાસ કરીને એમણે પ્રશ્નોત્તરીમાં પણ કીધું છે કે, આપણે આધાર કાર્ડ સાથે લીંક કરવા જઇ રહ્યાં છીએ. ગરીબ, સામાન્ય માણસને અનાજ મળે એટલા માટે આપણે થંબની પણ વાત થઇ હતી. ઘણી વખતે પ્રિન્ટ આવતી નથી એટલે માણસને અનાજ મળતું નથી પણ એમણે વૈકલ્પિક વ્યવસ્થા કરી છે ત્યારે મારે મંત્રીશ્રીને ખાસ કહેવું છે કે, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ ખૂબ મહત્વનો છે. ડો. મનમોહનસિંઘ અને સોનિયાજીએ વાત કરી હતી કે કોઇ માણસ ભૂખે ઊંઘીના જાય એના માટે આપણે વ્યવસ્થા કરી છે ત્યારે એ.ટી.એમ. જેવું કંઇક રેશન કાર્ડ બનાવીએ અને એના જેટલા સભ્યો હોય એ આપણી સસ્તા અનાજની દુકાનમાં એના રેશન કાર્ડના બદલે એ.ટી.એમ.કાર્ડ ઘસે અને એ પ્રમાણે એને અનાજ મળે તો થંભ કે આધાર કાર્ડની કોઇ વ્યવસ્થા ના થાય પણ એ થઇ શકે એવું આપણે સાથે મળીને પ્રયત્નો કરવા પડશે. કોમ્પ્યુટરનો યુગ છે ત્યારે નવી નવી ટેકનોલોજી દરરોજ આવતી હોય છે. ઘણી વખતે સામાન્ય, ગરીબ માણસનું અનાજ બીજા લોકો પણ લઇ જાય છે. છેલ્લે દુકાનદારને વેચી દે છે ત્યારે હું પોતે પણ વ્યક્તિગત રીતે માનું છું કે, માણસમાં સેલ્ફ ડિસિપ્લીન હોવી જોઇએ. માણસ સેલ્ફ ડિસિપ્લીનમાં આવે તો કોઇ પણ સરકાર હોય એના હંમેશા સારા વિચારો હોય છે પણ વિરોધપક્ષ તરીકે જ્યારે સૂચન કરવાના આવે ત્યારે એને પણ સ્વીકારવા જોઇએ. આપણે ગરીબ, સામાન્ય માણસ કે કોઇ પણ સામાન્ય માણસ હોય એને સારી રીતે અન્ન મળી રહે અને કેરોસીન મળી રહે એની આપણે વ્યવસ્થા કરીએ. આ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો જે રજૂ કર્યા છે એને પણ અનુમોદન મળે એવી મારી વિનંતી છે. (સમય સૂચક ઘંટડી)

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એને અનુમોદન આપવા ઉભો થયો છું. સમાજ જીવનમાં પંચાયત વિભાગ એ ખૂબ મોટું મહત્વ ધરાવે છે કારણકે એની સીધી અસર જીવન ઘડતર ઉપર પડે છે. પંચાયતનો અર્થ થાય છે પંચ એટલે પાંચ અને ચાયતનો અર્થ થાય છે મેળો અને જગ્યા એટલે જગ્યા ઉપર પંચાયત ચલાવવી એવો એનો અર્થ થાય છે. પંચ ત્યાં પરમેશ્વર એ આપણી વર્ષો જુની પ્રણાલિકા છે. તત્કાલીન મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબે એમની દ્રષ્ટિ ખૂબ ઝીણી, બારીક હતી એમણે નાનામાં નાની બાબતમાં ચિંતા કરી અને ગામડાંના લોકોને શું જોઇએ, ગામના લોકો કઇ રીતે આગળ વધે, શું કરીએ તો આગળ વધે આ બધી બાબતોની ઝીણવટભરી તપાસ કરીને આ યોજના મૂકી હતી. બારમા નાણા પંચની યોજના મૂકી હતી. આપણે નકકી કર્યું કે ગામડાંનું આમૂલ પરિવર્તન કેમ ન થાય? પૂંજાભાઇ એમ કહેતા હતા કે કોઇ સરપંચ બનવા તૈયાર તમારા સમયમાં નહોતું. પૂંજાભાઇની વાત સો ટકા સાચી છે. ૧૯૮૧માં કોંગ્રેસનો સુરજ મધ્યાહ્ને તપતો હતો. પંચાયતી પાર્લામેન્ટ એમની હતી. હું રહું ભુયંગદેવ, અમદાવાદ. ત્યાં ઘાટલોડીયા નગરપંચાયતનો સભ્ય, વિરોધ પક્ષનો નેતા છતાંપણ ગામના આગેવાનો મારા ઘરે આવ્યા, મારા મિત્રો આવ્યા કે બાબુ, તારે સરપંચ બનવું પડશે. મેં કીધું કે હું તો પંચાયતમાં ચૂંટાયેલો છું. પછી જોરજોરાએ મને ગામમાં લઇ ગયા અને આંબલીમાં સરપંચ બનાવ્યો. ૨-૩ મહિના થયા, લાઇટ બિલ આવ્યું વોટર વર્કસનું તો મને કહે બિલ ભરી દેજે. મેં કીધું, કેમ? એટલે તો તને સરપંચ બનાવ્યો છે. આ બિલ હવે તમે બાવળીયાની હરાજી કરી અને પછી વેચજો. મેં કીધું આ દશા તો જુઓ. કોઇના ઘરે લગન હોય, લાઇટ બિલ કપાઇ ગયું હોય વોટર વર્કસનું એ મેં મારી નજર સામે જોયું છે. ટ્રેકટરમાં લઇ જાય અને બીજે પાણી ભરવા જાય. મિત્રો, બીજી વાત મારે એ કરવી છે કે એ વખતે હું રહું અમદાવાદ અને ગામડે જઉં સવારે વહેલો. કોને ત્યાં તો જેઠાકાકાને ત્યાં. હું પૂછું જેઠાકાકા કયાં ગયા તો કહે, એ તો ડબલું લઇને ગયા, લોટો લઇને ગયા. આ બધી વાત જવા દઉં. ગામડાંની વાત કરીએ તો એમના જમાનામાં ઘેર જવું હોય તો લેંઘો ઉંચો કરવો પડે, જુતા હાથમાં ઝાલવા પડે. એમના ગામડાંની અંદર બહેન જો નહાતી હોય તો વચ્ચે ખાટલો આડો કરે અને સાડલો નાખે. નહાતી હોય અને કહે, દાદા આવતા નથીને? જોજો. આ દશામાં તમે હતા. અમે નકકી કર્યું કે ગામનું આમૂલ પરિવર્તન કેમ ન થાય? અમારે ગુજરાતના ગામડાંની સિકલ બદલવી છે. કેમ ન બદલાય? અમારા તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ ગરીબ કલ્યાણ મેળા કર્યા. ૨૦૦૯-૧૦માં ગરીબ કલ્યાણ મેળા કર્યા. ૨૦૧૭-૧૮માં ૩૮ મેળા કર્યા. ૧૫,૫૭, ૦૦૦ લાભાર્થીઓને લાભ મળ્યો. ૩૬૩૩, ૩૯,૦૦,૦૦૦ની આ કેમ કર્યું? વચોટીયા નાબૂદી કરી. એમના રાજમાં થેલો ભરીને ઘેર આવી જાય માજી તમને પેન્શન નથી મળતું ? ભાઇ, તમને કયું પેન્શન નથી મળતું. ચલો, હું લાવી આપું. પહેલો પગાર મને આપજો. આમના ઘંઘા આ હતા. બીજી વાત કહીએ તો ૨૦૧૮-૧૯ ની અંદર ૧૦૦૦ લાખની જોગવાઇ કરી છે. હમણા રાજેન્દ્રભાઇ કહેતા હતા કે પંચાયતના મકાનો બરાબર નથી. મારે વાત કરવી છે કે ૨૦૧૭માં ૨૩૯૫ નવા પંચાયત ગૃહ બનાવ્યા. ૧૦૦૦ જર્જરીત મકાનોને તૈયાર કર્યા. આ સુવિધા માટે ૨૦૧૮-૧૯ માં ૬,૦૦૦ લાખની જોગવાઇ કરી. ભારતીય..

સભાપતિશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

## તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને અન્ન નાગરિક પુરવઠા વિભાગની માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, ત્યારે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. હું જે વિસ્તારમાંથી ચૂંટાઇને આવું છું તે ગીર, ફોરેસ્ટ વિસ્તાર, જંગલ વિસ્તાર આવેલ છે. માનનીય મંત્રીશ્રી વન વિભાગની માગણીઓ અને વન વિભાગના વિસ્તારના લોકો માટે ચિંતા લઇને આવ્યા છે. મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે ગીર, ફોરેસ્ટ વિસ્તારની અંદર, જંગલની અંદર રહેનાર સદીઓથી નેસડા ધરાવે છે અને વર્ષોથી જે નેસડામાં રહે છે, એ લોકોને આજે જે સુવિધા જોઇએ કે સુવિધા આપવી જોઇએ એમાંથી એક પણ વાતની સુવિધા આજની તારીખ સુધીમાં સરકાર આપી શકી નથી. ત્યાં લાઇટ નથી, પીવાના પાણીની સગવડો નથી. એમના બાળકોને ભણાવવા માટે શિક્ષણની વ્યવસ્થા નથી. એમને રોડ–રસ્તાની સુવિધા નથી. એમને જવા–આવવા માટેના પાસ આપવામાં આવે છે, એમાં એ લોકો ૬ વાગ્યા પછી જંગલની અંદર જઇ શકતા નથી. જ્યારે એમના બાળકો કે પરિવારના સભ્યો બીમાર પડે ત્યારે દવાખાને લઇ આવવાના હોય તો પણ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ લઇ આવવાની પરમીશન આપતા નથી એ દુઃખની વાત છે. આખરે નેસડામાં રહેનાર માણસ એ માણસ છે, ઇન્સાન છે. એમની દરકાર, ધ્યાન રાખવાનું કામ સરકારની ફરજમાં આવે છે અને જો એ ન કરી શકતી હોય તો તે પણ એક દુઃખની વાત છે. મારે મંત્રીશ્રીને કહેવું છે કે મારા વિસ્તારના ૩ થી ૪ ગામો સેટલમેન્ટની અંદર આવે છેઃ એમાં શીરવાણ, જાંબુથાડા અને અમૃતવેલ છે. આ ત્રણેય ગામની ૭/૧૨, ૮(અ) ની નકલ ફોરેસ્ટ વિભાગમાંથી મેળવવામાં આવે છે. ઘણા સમયથી ત્યાંના લોકો આની માગણી કરે છે, કાગળ ઉપર રજૂઆતો કરી છે. આંદોલન પણ કરે છે. એમને રેવન્યુમાં ભેળવો કે જેથી કરીને એમને જમીન ઉપર મકાનો બનાવવા હોય તો બનાવી શકે. એમને અનુકૂળતા રહે એના માટે સરકારે આજની તારીખે વિચાર્યું નથી. એટલે મારે મંત્રીશ્રીને કહેવું છે કે આ બાબતમાં થોડો વિચાર કરે. આ ત્રણેય ગામોમાં રસ્તા બનાવી શકતા નથી. આ ત્રણેય ગામોમાં નિશાળ બનાવી શકતા નથી. રસ્તાની વાત તો બાજુમાં રહી ગઇ, પણ ધરમાળા નામનું મંદિર બનાવ્યું હોય અને મંદિરના ચોકની અંદર આર.સી.સી.ના રસ્તો કે પેવર બ્લોક ફીટ કરવા હોય તો ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ કામ કરવા નથી દેતા. આ બાબતે મંત્રીશ્રી વાત લઇને આવ્યા હોત તો ૧૦૦ ટકા ગમત. આ બાબતમાં મંત્રીશ્રી વિચાર કરે. માનનીય મંત્રીશ્રી જ્યાં ફોરેસ્ટનો કાયદો લાગુ નથી પડતો, ત્યાં પણ ફોરેસ્ટના અધિકારીઓ જઇને પ્રજાને હેરાન કરવાનું કામ કરે છે. સિંહ અમારા ખેતરમાં આવે. અમારી માલિકીનું ખેતર છે અને ત્યાં સિહ આવે અને મારી એક લાખ રૂપિયાની ભેંસનું મારણ કરે, અને મારણ કર્યા પછી અમારે ત્યાં કોઇ મહેમાન આવે અને ખેતરમાં મહેમાન જાય અને એ સિંહના દર્શન કરે. પણ ફોરેસ્ટના અધિકારી આવે અને મારા મહેમાન પાસેથી ૫૦–૫૦ હજાર રૂપિયા સુધીનો દંડ આ ફોરેસ્ટના અધિકારીઓ વસૂલ કરે છે, જે દુઃખની વાત છે. સિંહ અમારી માલિકીમાં આવ્યો છે. અમે તેનું જતન કરીએ છીએ, ફોરેસ્ટ એરીયાની અંદર જો સિંહ હોય તો તેનું મુખ્ય કારણ ત્યાંની પ્રજા તેની સાથે પ્રેમ કરે છે, એટલા માટે જ સિંહો આજે હયાત છે. કાયદો નથી ત્યાં કાયદો ઠોકી બેસાડવામાં આવે. આજે ઇકો સેન્સેટીવ ઝોનનો નવો કાયદો અમારી ઉપર ઠોકી બેસાડવાના પ્રયત્ન કરવામાં આવે છે. ત્યારે મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ બાબતમાં થોડોક વિચાર કરે. જો ઇકો સેન્સીટીઝ ઝોનનો કાયદો જે વિસ્તારમાં અને આમાં એકને ગોળ અને એકને ખોળ? એક જગ્યાએ ૧૦૦ મીટર, બીજી જગ્યાએ ૧૦ મીટર. જેની લાગવગ હતી તે ૧૦૦ મીટર કરી આવે અને જેની લાગવગ ન હતી તે તાલાલા વિસ્તારની અંદર ૧૦ કિલોમીટરના કાયદાની દરખાસ્ત કેન્દ્ર સરકારમાં જાય, કમિટી મળે અને તેમાં નિર્ણય કરે, સરકારના મંત્રીશ્રીઓ નિર્ણય કરે કે દરખાસ્ત ૧૦૦ મીટરની મોકલવાની અને ફોરેસ્ટના અધિકારીઓ ૧૦ કિલોમીટરનો કાયદો અમારા વિસ્તારની અંદર જયારે લાગુ કરવાના પ્રયત્નો કરે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે અમારી પ્રજા ફોરેસ્ટના અધિકારીઓથી ત્રાહિમામ છે તેના માટે જે મેં વિચાર રજૂ કર્યો છે તેમાં પોઝીટીવ વિચાર કરો. આપ ત્યાં આવો અને કમિટીની રચના કરો અને યોગ્ય નિકાલ કરો એવી મારી વિનંતી છે. માનનીય મંત્રીશ્રી મારો કરશનગઢથી સાસણ અને તાલાલાથી સાસણનો રસ્તો માનનીય નીતિનભાઇએ મંજૂર કર્યો છે. તેના ટેન્ડર આવી ગયા, એજન્સી ફીકસ થઇ ગઇ છે. મારે મંત્રીશ્રીને કહેવું છે કે ત્યાં ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ કામ કરવા દેતા નથી આ દુઃખની વાત છે. બે વિભાગનું સંકલન કરીને તે કામ કરવા દે, સરકારે પૈસા લોકોની સુવિદ્યાઓ માટે આપ્યા છે. બે લાખ ટુરિસ્ટો આવે છે. તેના માટેની સુવિદ્યાઓ માટે રસ્તો કરવાનો છે ત્યારે આની અંદર ફ્રોરસ્ટ વિભાગના મંત્રીશ્રી પોઝીટીવ વિચારીને યોગ્ય કરે તેવી વિનંતી છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના માનનીય મંત્રીશ્રી જયેશભાઇ માગણી નં.૨૨ અને ૨૩ લઇને આવ્યા છે તેના અનુમોદનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા આપણા રાજયના જરૂરતમંદ વ્યક્તિઓ અથવા તો પરિવારોને સમયસર યોગ્ય પ્રમાણમાં સારી ગુણવત્તાના ઘઉં, ચોખા, ખાંડ, કેરોસીન વગેરે મળી રહે તે બાબતો સુનિશ્ચિત કરેલ છે. સાથે સાથે ગ્રાહકો છેતરાઇ ન જાય, તેમને ઓછું વજન ન મળે, તેમને નબળી ગુણવત્તાનું અનાજ ન મળે તે માટે ગ્રાહકોનું રક્ષણ કરવાનું કામ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. આપણા રાજયમાં અનેક ગ્રાહક સુરક્ષા મંડળો ચાલે છે. આ મંડળોના સહકારમાં રહીને, તેમની સાથે રહીને આ વિભાગના નિરીક્ષકો, અધિકારીઓ અનેકવિધ ગ્રાહકલક્ષી કાર્યક્રમો કરતા હોય છે. તેમને વજન માપમાં થતી કોઇપણ ફરિયાદ આવે તો તેના તાત્કાલિક નિવારણ માટે અથવા તો પગલાં લેવા માટે આ વિભાગ સતત સતર્ક રહ્યો છે. આ ગ્રાહક સુરક્ષા મંડળો કોઇ કાર્યક્રમ, પ્રદર્શન અથવા તો સેમિનાર યોજે તેમાં પણ આ વિભાગ દ્વારા પૂરતું સાહિત્ય આપવામાં આવે છે અને સહકાર આપવામાં આવે છે. ગ્રાહકોના હિતોની રક્ષા થાય, કાયદાના નિયમો મુજબ તેને પુરવઠો મળે, કિંમત વધુ

ન લેવાય, ગ્રાહક છેતરાય નહીં તે માટે વિભાગ દ્વારા અનેકવિધ ગ્રાહકલક્ષી પ્રવૃત્તિઓ જેમ કે ગ્રાહકલક્ષી પ્રદર્શન, સેમિનાર, તોલમાપ અંગેના વિવિધ નિદર્શનો યોજવામાં આવે છે. ૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક સુરક્ષા દિવસ આપણા વિભાગના તોલમાપ તંત્ર દ્વારા સ્કૂલો, કોલેજ, મહિલા મંડળો અથવા તો ગ્રાહક મંડળો વચ્ચે જઇને તોલમાપ અંગેના પ્રદર્શનો યોજીને ગ્રાહકોને જાગૃત કરવાનું કામ કરવામાં આવે છે. ગ્રાહક કોઇ જગ્યાએ મોટા બજારમાંથી ખરીદી કરે અને તેને એવું લાગે કે મેં ખરીદેલ વસ્તુનું વજન પૂરતું છે કે નહીં તો આ વિભાગ દ્વારા ઘણામોટા માર્કેટોમાં ધરમકાંટો લગાવવામાં આવેલ છે. ગ્રાહક ત્યાં રૂબરૂ જઇને પોતાનું વજન ચેક કરાવી શકે છે. તેને સમજણ પડે કે વજન બરાબર છે કે નહીં અને વજન બરાબર ન હોય તો તાત્કાલિક ન્યાય મળે તે માટે આ વિભાગ સતત જાગૃત છે. આટલી બધી કાર્યવાહી પછી કદાચ ગ્રાહકને એવું લાગે કે હું ક્યાંક છેતરાયો છું, મારી સાથે અન્યાય થયો છે તો તેની ફરિયાદ કરવા માટે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ જિલ્લા કક્ષાએ યોજવામાં આવે છે. આવા ૩૮ જિલ્લા ફોરમોની રચના આ વિભાગ દ્વારા કરવામાં આવી છે. આવા જિલ્લા ફોરમોમાં ૨૦ લાખ સુધીની છેતરપીંડીની જે ફરિયાદ હોય તેવા કેસો દાખલ કરવામાં આવે છે અને તેને ચલાવવાની સત્તા આ ફોરમ પાસે હોય છે. વર્ષ ૨૦૧૭ની વાત કરું તો જિલ્લામાં આવી કુલ ૭,૩૮૧ ફરિયાદો દાખલ કરવામાં આવી અને આ ફરિયદોમાંથી ૬,૩૨૫ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે અને ગ્રાહકોને એનાથી સંતોષ થયો છે. આમ, લગભગ ૮૬ ટકા ફરિયાદોનો નિકાલ આ જિલ્લા ફોરમો દ્વારા કરવામાં આવ્યો છે. જયારથી જિલ્લા ફોરમોની રચના કરી છે એની વાત કરું તો અત્યાર સુધીમાં કુલ ૨,૨૦,૧૫૪ કેસો દાખલ થયા એમાંથી ૨,૦૨,૪૦૧ કેસોનો નિકાલ આ વિભાગ દ્વારા સરળતાથી કરવામાં આવ્યો છે. કોઇ પણ ગ્રાહક આ ફોરમમાં ફરિયાદ કરે, કેસ દાખલ કરે એના ૪૮ કલાકમાં એની મુદત ક્યારે છે, એનું કોઝ લિસ્ટ શું છે, એનો આખરી ચૂકદો શું છે? એ કન્ઝ્યુમર્સ ફોરમ નેટ ઉપર એની માહિતી અપડેટ કરવામાં આવે છે અને ગ્રાહકોને પક્ષકારો સારી રીતે જાણી શકે છે. માની લો કે ગ્રાહકને આ જિલ્લા ફોરમથી સંતોષ ન થાય તો એની સામે અપિલ કરવા માટે ગ્રાહક તકરાર નિવારણ કમિશનની રચના પણ આ વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ પંચમાં ગ્રાહકની ૨૦ લાખથી ઉપરની ફરિયાદ હોય તો એને આ ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં જવું પડે છે અને ૧ કરોડ સુધીનો દાવો આમાં એ કરી શકે છે. મેં અગાઉ કહ્યું તેમ ફોરમના ન્યાયથી જો સંતોષ ન થાય તો અપિલ પણ આ ગ્રાહક તકરાર નિવારણ કમિશન સમક્ષ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭માં રાજય કમિશનમાં કુલ ૯૭૭ ફરિયાદો દાખલ થઇ અને એની સામે જે નિકાલ કરવામાં આવ્યો એની વાત કરું તો એમાં અગાઉની પડતર અરજીઓ ૧૬૨ હતી એ અને વત્તા આ ૯૭૭ એમ કુલ ૧,૧૩૯ ફરિયાદોનો નિકાલ આ ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા કરવામાં આવ્યો છે. આમ એની જે કાર્યક્ષમતા છે એ લગભગ ૧૧૬.૫૮ ટકા જેવી કાર્યક્ષમતાથી એ કમિશન કામ કરી રહ્યું છે. એટલે ગ્રાહકોની સુરક્ષા માટે આ સરકાર ખૂબ ચિંતિત છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીના કેસોની વાત કરીએ તો ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કુલ દાખલ થયેલા કેસો ૫૬,૩૧૨ એમાંથી નિકાલ કર્યો ૫૧,૧૨૯ કેસોનો અને હાલ ડિસેમ્બર ૨૦૧૭ની સ્થિતિએ આમાં પડતર કેસો માત્ર ૪,૯૮૩ છે. ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં પણ જેવો કેસ દાખલ થાય કે, તુરત જ ૪૮ કલાકમાં એનું કોઝ લિસ્ટ, એનો આખરી ચૂકદો, એની મુદતોની તારીખ પણ ઇન્ટરનેટ ઉપર અપડેટ કરવામાં આવે છે અને ગ્રાહકો અને પક્ષકારો એનાથી માહિતગાર રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ જયારે ગ્રાહકોના રક્ષણ માટે અને નાગરિકોના યોગ્ય પુરવઠા માટે સતર્ક હોય, ચિંતિત હોય અને ખૂબ સારી કામગીરી કરી રહ્યો છે ત્યારે આ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપુ છું.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, વન અને પર્યાવરણ તથા અન્ન નાગરિક અને ગ્રાહકોની બાબતોના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા ઇ-ગ્રામ, વિશ્વ-ગ્રામનું એક રૂપકડું સૂત્ર તરતુ મૂક્યું છે અને ગામડાંને ઇન્ટરનેટથી જોડીને ગામમાં જ રહીને તેમને દાખલાઓ પ્રમાણ પત્રો વગેરે મળી રહે તેવી વ્યવસ્થાની ગોઠવણ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંની અંદર આજે ઇન્ટરનેટની સુવિધાઓની વાત કરું તો સર્વર ડાઉન હોય, જયારે ખેડૂત ૭/૧૨નો ઉતારો લેવા જતો હોય ત્યારે ત્યાં ઓપરેટર પણ ઉપલબ્ધ હોતો નથી. લોકો બિચારા આવકના દાખલા માટે, વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિના ફોર્મ માટે અને સરકારની વિવિધ યોજનાઓ માટે જયારે પંચાયતમાં જાય ત્યારે ત્યાં ઇન્ટરનેટના માધ્યમથી જે તેમને દાખલા મળવા જોઇએ, ઉતારા મળવા જોઇએ એ મળી શકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, અમારો જિલ્લો અરવલ્લી જિલ્લો પછાત જિલ્લો છે અને અમારા જિલ્લામાં કુલ ૩૧૮ પંચાયતો આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, તલાટી એ પંચાયતનું હાર્ટ કહેવાય પણ તલાટીઓની ભરતી ન થવાના કારણે મોટા ભાગના તલાટીઓ આજે ચાર્જમાં છે. જયારે કોઇ ખેડૂત, કોઇ વાલી પંચાયતમાં જાય છે ત્યારે ત્યાં તલાટી ન હોવાના કારણે ધરમધક્કા ખાયને પાછા આવે છે. આજે તાલુકાઓની વાત કરું તો તાલુકા વિકાસ અધિકારીની અમારા જિલ્લામાં એક જગ્યા ખાલી છે, ટી.ડી.ઓ.ની જગ્યાઓ પણ મોટા ભાગે ખાલી છે, જિલ્લાની અંદર નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યાઓ પણ ખાલી છે અને ખાસ કરીને માનનીય અધ્યક્ષશ્રી, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારની જગ્યા આ જિલ્લો અસ્તિત્વમાં આવ્યા પછી આજદિન સુધી ભરવામાં નથી આવી, એના કારણે જ્યારે સામાન્ય સભા હોય છે જિલ્લામાં તો પણ ત્યાં આ અધિકારી ઉપલબ્ધ થતાં નથી અને અધિકારીને મન માને

તે રીતે સાબરકાંઠા જિલ્લામાં રહીને વહીવટ કરે છે, અમારા જિલ્લાની અંદર ક્યારેય પણ આ મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર–અધિકારી ઉપસ્થિત રહ્યા નથી.

સાથે સાથે અમારા જિલ્લાની અંદર જે આયુર્વેદિક દવાખાના ચાલે છે. ડી.એચ.ઓ. ઓફિસ પણ સાબરકાંઠા જિલ્લામાં ચાલે છે અને એના કારણે જે અમારા જિલ્લાના આયુર્વેદિક દવાખાનાને લગતા પ્રશ્નો હોય છે એ પણ અમારે સાબરકાંઠા જિલ્લામાં જઇને રજૂઆત કરવી પડતી હોય છે. ગામડાંની અંદર સ્ટ્રીટ લાઇટ ન હોવાના કારણે ઘણી વખત રાત્રીના સમયે ચોરી, લૂંટ જેવા ગંભીર બનાવો બને છે. પંચાયતોમાં આર્થિક સક્ષમતા ન હોવાના કારણે એ લોકો પોતાનું વીજળી બિલ ભરી શકતા નથી. ત્યારે કોંગ્રેસના ટેકાથી જ્યારે અમારી સરકાર હતી ત્યારે વારીગૃહના પંચાયતોના બિલ એકજ ઝાટકે મંજૂર કર્યા તેમ આ સરકારે પણ આ સ્ટ્રીટલાઇટના બિલો મંજૂર કરવા જોઇએ એવી હું આશા રાખું છું. ગ્રામ વિકાસની વાત કરું ત્યારે ગ્રામ વિકાસ એજન્સીમાં છેલ્લાં બે વરસથી અમારા જિલ્લાની અંદર એક પણ રૂપિયાનું કામ મટિરિયલ્સ કે લેબરથી કરવામાં આવતું નથી. ડી.આર.ડી.એ. ઓફિસરનું પ્રમોશન થયું છે અને એમને પ્રમોશન આપીને એ જગ્યાનું ત્યાં જ અપગ્રેડેશન કરવામાં આવેલ છે એના કારણે એમનું મન ત્યાં આ ખુરશીમાં લાગતું નથી અને એના કારણે તેઓશ્રી આ રેકર્ડ ઉપર કહુ છું કે તમે તપાસ કરાવો કે એક પણ રૂપિયાનું મટિરિયલ કે લેબરનું કામ એ કરી શક્યા નથી અને એના કારણે અમારા આ પછાત જિલ્લાને ખૂબજ નુકસાન થયું છે, અમારા જિલ્લાના ધનસુરા તાલુકાની અંદર પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આજે ચાર પંચાયતોમાં ઇન્ટરનેટથી જોડાણ થયેલ ન હોવાના કારણે આ એકપણ પંચાયતને આ યોજનાનો લાભ મળી શક્યો નથી. વારંવાર રજૂઆત અમે સરકારમાં કરી છે. પરંતુ ઓનલાઇન રજિસ્ટ્રેશન ન ખુલવાના કારણે આજે આ ચાર પંચાયતો આ યોજનાથી વંચિત રહેલ છે. તો આપના માધ્યમથી આપણા માનનીય મંત્રીશ્રીને પણ જણાવું છું કે, આ જે ચાર પંચાયતો છે એમાં પણ આ પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળી રહે તે માટે કંઇક સારો વિચાર થાય એ બાબતે વિનંતી કરું છું.

અમારા જિલ્લાની અંદર ૨૦૧૨–૧૩માં ઇન્દિરા આવાસ યોજનામાં પહેલો હપ્તો મળ્યા પછી મારા તાલુકાની અંદર પણ ૧૪ કેસ એવા છે કે જેઓ વિધવા બહેનો છે એમને પહેલો જ હપ્તો મળ્યો છે અને બીજા અને ત્રીજા હપ્તા માટે અમારા આખા જિલ્લાની અંદર કોઇપણ જગ્યાએ આજે અમને ગ્રાન્ટ મળી નથી અને એ વિધવા બહેનો અત્યારે પહેલાં હપ્તાની ગ્રાન્ટ જે મળી છે એનાથી બાંધકામ કરીને બેઠાં છે ત્યારે એનો નિકાલ કરવામાં આવે અને એના માટે અમે સંકલનમાં પણ વારંવાર રજૂઆત કરી છે પણ એનું હજી કોઇ નિરાકરણ નથી થયું ત્યારે એનું પણ સારી રીતે નિરાકરણ થાય એવું હું આપના માધ્યમથી જણાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા અભિયાન અંતર્ગત જે શૌચાલયો બનાવવામાં આવ્યા છે એ શૌચાલયો માટે મેં પહેલાં પણ કહ્યું છે તેમ એક પણ શૌચાલયનો ઉપયોગ કરવામાં આવતો નથી. ઓ.ડી.એફ. જાહેર કરી દીધું છે પણ ઘણા બધા લાભાર્થીઓ આજે એ લાભથી વંચિત છે તો એને પણ લાભ મળી રહે આ શૌચાલયો જે એજન્સીઓ બનાવે છે આપણે કહીએ છીએ કે, લાભાર્થીએ પોતાને બનાવવાનું છે પણ એજન્સીઓ દ્વારા જ બનાવવામાં આવે છે અને એજન્સીઓને જ આ રકમની ચૂકવણી કરવામાં આવે છે ત્યારે એની પણ તપાસ થાય.

અમારા તાલુકામાં રાજીવ ગાંધી ભવન બનાવવામાં આવ્યા છે એ ૧૪ રાજીવ ગાંધી ભવન પૈકી ૪ રાજીવ ગાંધી ભવનો જ અત્યારે ઉપયોગમાં છે અને બાકીના દસ આજની તારીખે પણ બંધ છે, કઇ એજન્સી બનાવે છે, કયા અધિકારીએ પૈસા ચૂકવ્યા છે, આજે પણ એ દસેદસ રાજીવ ગાંધી ભવનો મારા મોડાસા તાલુકામાં બંધ છે એના પૈસા પણ પૂરા ચૂકવાઇ ગયા છે, સ્થળસ્થિતિએ આજે એ નોનયુઝ જેવા ખંડેર હાલતમાં જેમ ઉભાં હોય તે રીતે આ રાજીવ ગાંધી ભવનો ઉભાં છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે જે તે અધિકારી કે કર્મચારી અથવા તો જે એજન્સી હોય એમના પર શિક્ષાત્મક પગલાં લેવાવા જોઇએ. ધનસુરા તાલુકામાં રાજીવ ગાંધી ભવનો બન્યા છે એ પણ નોનયુઝ રહ્યા છે ત્યારે આપના દ્વારા મંત્રીશ્રી દ્વારા એ અધિકારીઓને સૂચના આપવામાં આવે તેવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મનરેગા યોજનાઓમાં ચાલતી જે ગરીબલક્ષી યોજનાઓ છે એના પર પૂરતું ધ્યાન આપવામાં આવે. કારણકે ગરીબ લોકો પોતાનો પરસેવો પાડીને ત્યાં કામે જતા હોય ત્યારે એમને જે લઘુત્તમ વેતન હોવું જોઇએ એ પણ એમને મળતું નથી ત્યારે એ લઘુત્તમ વેતન પણ એમને મળે એવી આપના માધ્યમ  દ્વારા આશા રાખું છું. જે સરકાર દ્વારા બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવે છે અને ફિંગરપ્રિન્ટના આધારે અનાજ આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે પરંતુ વીજળીનો કાપ, ઇન્ટરનેટની કનેક્ટીવિટિનો અભાવ તેમજ સર્વર ડાઉન જેવા વિવિધ કારણોસર અનાજ મળતું નથી.

સભાપતિશ્રી : વિરામનો સમય થયો છે. માનનીય સભ્યશ્રી, આપનું વકતવ્ય પૂરું થાય છે.

(વિરામ ૧–૩૦ થી ૨–૩૦)

સભાપતિશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને

શ્રી ભુપેન્દ્રભાઇ ર. પટેલ(ઘાટલોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા માનનીય મંત્રીશ્રી અન્ન, નાગરિક પુરવઠાની જે માગણી લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત ગૃહમાં વાત થઇ ૨૨ વર્ષથી સરકાર ચાલતી હોય તો ૨૨ વર્ષ સરકાર ચાલી હોય તો કેટલા બધા વિકાસના કામો થયા હોય તો જૂનું યાદ કરાવવાનું કારણ શું ? કે ૨૨ વર્ષમાં જ એટલા બધા કામો થયા, પાર્ટીએ વિકાસના કામ કર્યા છે તો તેના આધારે જ વિકાસના કામો જ કહેવા જોઇએ. હું પણ એ  વાત માનુ છું પણ જયારે હાઇટ અને સ્પીડ વધતી હોય તો આપણે ફ્લાઇટમાં જોયુ છે કે તમને સ્થિરતા દેખાય એના અનુસંધાનમાં કંઇ ના કહીએ તો આપણને એમ

થાય કે આ ઉભું રહી ગયુ છે કે શું ? એટલે ઘણી વખત ૯૫ની વાત થતી હોય, નવા નવા અહીંયા બેઠાં હોઇએ તો આપણને થોડો પારો ચડે કે ભાઇ કેમ આવુ છે. પણ ૯૫ એટલા માટે યાદ કરાવવુ પડે કે જે વિકાસ, જે સ્પીડ અને ઉંચાઇ ભારતીય જનતા પાર્ટીએ પહોંચ્યાં છે તે બતાડવા માટેનો એક પ્રયાસ હોય છે એમાં કોઇ બીજી વાત નથી હોતી કારણ કે વિકાસના કામો એટલા બધા છે. આજે પુરવઠાની વાત કરીએ તો પુરવઠામાં ગુજરાત સરકારના જે પ્રયાસો ખેડૂત માટે ખેડૂત કેવી રીતે અનાજનો મબલખ પાક ઉતારી શકે અને તેના માટેની સરકારની કટિબદ્ધતા અને એ કટિબદ્ધતામાં જુદી જુદી યોજનાઓ અને તે યોજનાઓ જેવી કે નર્મદા યોજના, સૌની યોજના, સુજલામ સુફલામની યોજના, ૨૪ કલાક થ્રી ફેઇઝ વીજળી, વીજ બિલમાં સબસિડી, બમણાં કરતા વધારે સિંચાઇની સુવિધા, ખાતરની ઉપલબ્ધિ, બોરીબંધ આ બધીજ ખેડૂતો માટેની યોજના સરકારે કરી અને આજે કહી શકાય કે ખેડૂતો જે ૩૭.૮૧ લાખ હતા તે આજે ૪૯ લાખ ખેડૂતો આપણાં આ ગુજરાત રાજયમાં છે ત્યારે જે ૯ હજાર કરોડનું કૃષિ ઉત્પાદન હતું તે આજે વધીને ૧ લાખ ૨૬ હજાર ઉપર પહોંચ્યુ છે. આજે અનાજ થયા પછી સરકારની કટિબદ્ધતા, એનો સંગ્રહ કરવાની, એને મધ્યમ અને ગરીબ વર્ગ સુધી પહોંચાડવાની યોજનાઓ, વિવિધ યોજનાઓના કારણે આજે સરકારે જે યોજનાઓ કરી છે તેમાં સંગ્રહ શકિત ચાલીસ સ્થળોએ ૮૮,૫૦૦ મે.ટન અનાજ સંગ્રહ થાય એવી વ્યવસ્થા સરકારે ઉભી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે અન્ન બ્રમ યોજના સરકારે આ યોજના અંતર્ગત કાર્યરત થઇ આપણાં ગરીબ પરિવાર સુધી પૂરતું, સમયસર, લાભથી કોઇ વંચિત ના રહી જાય તે દિશામાં પગલાં લીધાં.

સભાપતિશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી ભુપેન્દ્રભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કંઇ વાંધો નહીં પણ સરકારની વિવિધ યોજનાઓ અને એ યોજનાઓમાં સૌથી પહેલાં યોજના એવી કરી છે કે જેથી કરીને દરેકે દરેક માણસને અનાજ પહોંચે અને એ પહોંચવામાં હમણાં અહીંથી વાત થતી હતી કે બાયોમેટ્રીક સીસ્ટમમાં કંઇ તકલીફ પડે તો સરકાર બીજા ૧૩ આધારના હિસાબે દરેક વ્યક્તિને અનાજ આપે છે. કોઇપણ જગ્યાએ સર્વર ડાઉન હોય તો પણ વૈકલ્પિક પુરાવાઓના આધારે આ અનાજ આપવામાં આવે છે. ઉજ્જવલા યોજનાના આધારે ગેસ પૂરો પાડ્યો છે જેથી કરીને કલીન ફ્યુઅલ દરેકને મળી રહે અને સારું અનાજ રાંધીને ખાઇ શકે અને એના કારણે કુપોષણમાંથી મુક્તિ માટે પણ સરકારને સફળતા મળી છે. એની સાથે સાથે કોમન સર્વિસ સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે જે સરકારની ખૂબ જ સારી યોજના છે કે જેમાં સસ્તા અનાજની દુકાનની અંદર બીજી ૭૨ સેવાઓ જે કન્વીન્સેબલ છે એ સેવાઓને ઉમેરી એની આવકમાં વધારો થાય એનું ધ્યાન આ સરકાર રાખી રહી છે.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, જયાં ચૈત્રી ત્યાં મૈત્રી. આપના મારફત ગૃહને ચૈત્રી નવરાત્રિની શુભકામનાઓ પાઠવું છું. પંચાયત એ પ્રગતિનો રાજમાર્ગ છે. ગ્રામ વિકાસ એ ઉન્નતિનો માઇલ સ્ટોન છે. ગુજરાતની પંચાયત પ્રવૃત્તિ દેશભરમાં પથદર્શક બની છે. એનો શ્રેય કોંગ્રેસના તત્કાલિન આગેવાનોને ફાળે જાય છે. કોંગ્રેસના મહારથીઓ માત્ર પંચાયતી રાજ લાવીને જંપ્યા નથી. પંચાયતી રાજનું સંવર્ધન કરવા માટે એમનું આયખું પંચાયતી રાજ માટે સમર્પિત કરી દીધેલ. કોંગ્રેસના તત્કાલિન શાસકોનો અડગ નિર્ધાર હતો. મનમાં એક મક્કમતા હતી. માત્ર મનની વાત કરવાથી કશું જ થતું નથી. મનની વાત મનમાં જ રહી જતી હોય છે. ગઇ કાલે એક માનવંતા મહિલા સભ્યશ્રીએ ટોણો માર્યો કે, ગરીબોના ઘરે જમવાથી શું વળે? મારા બહેન, કમસેકમ ગરીબોની દુઆ મળે. **न जाने कौन मेरे हक में दुआ करता है जो मैं डूबता भी हूं तो लहरें उछाल देती है ।** તાજેતરમાં રાજસ્થાન અને મધ્યપ્રદેશની ચૂંટણીઓના પરિણામો જુઓ. અમને પૂછવામાં આવે છે, '' તમે શું કર્યું?'' અમે પંચાયતોને પાવરફૂલ કરી. તમે શું કર્યું? પંચાયતોને પાવરલેસ કરી. અમે પંચાયતોને પ્રાણવાન બનાવી તમે પંચાયતોને પ્રાણ વગરની બનાવી દીધી. ૨૦૧૫ની પંચાયતોની ચૂંટણીના પરિણામો સામે જ છે. હમણાં જ તાજેતરમાં પાટનગરની તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામો અને બનાસકાંઠાની જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામો પણ સામે જ છે. **ये तो सिर्फ झांखी है, आगे-आगे बहुत कुछ बाकी है ।** પંચાયતો કોંગ્રેસે જીતી. દાહોદ જિલ્લા પંચાયતમાં કેવા કાવા-દાવા કર્યા હતા એ સૌ જાણીએ છીએ અને આ જીતેલી પંચાયતોમાં કોંગ્રેસના શાસકોના હક્ક ઉપર સરકાર તરાપ મારી રહી છે. બેક સીટ ડ્રાઇવિંગ કરવા માટે આ કોંગ્રેસની જીતેલી પંચાયતોને એ હેરાન-પરેશાન કરે છે. ગ્રામસભા એ કોઇપણ પંચાયતનું હાર્દ હોય છે. એ હાર્દને વર્તમાન સરકારે પક્ષના પ્રચારનું વાજિંત્ર બનાવી દીધું છે. માત્ર સરકારીકરણ કરી નાંખ્યું છે. પાયાના હકો છીનવી લીધા છે. પંચાયત ક્ષેત્રે અમારી વિરાસત કેવી ભવ્ય હતી. અમારા ખેડા જિલ્લાની જિલ્લા પંચાયતના તત્કાલિન દંતકથા સમા પ્રમુખ શ્રી ઇશ્વરસિંહજી ચાવડા 'જ્યાં બાળકો ત્યાં શાળા'ના પરિણામે ખેડામાં એક ગામમાં અનેક શાળા છે. રાજકોટના સ્ફટિક નિર્મળ એવા જિલ્લા પંચાયતના પ્રમુખ વલ્લભભાઇ પટેલ, અન્નની અછત વખતે ભારતભરમાં વધુમાં વધુ ધાન્ય પેદા કર્યું હોય તો એ રાજકોટ જિલ્લાએ ત્યારે કર્યું હતું. કોના નામ યાદ કરું અને કોના નામ ભૂલું. મહેસાણાના રીખવદાસ શાહ, આત્મારામ પટેલ, જુનાગઢના મહંત વિજયદાસજી, સુરતના સહદેવ ચૌધરી. ભરૂચના હરીસિંહ મહીડા આ બધાઓએ પોતાની સામાજિક સેવાઓનો પ્રારંભ પંચાયતની પાઠશાળાઓમાંથી કર્યો હતો અને એ જાહેર જીવનમાં ભારે મોટા કિર્તીમાન સ્થાપિત કરીને ગયા છે એનો ઇતિહાસ ગવાહ છે. દિવગંત રાજીવ ગાંધીએ પંચાયતના ધબકાર...

સભાપતિશ્રી : હવે આપની પાસે બે મિનિટનો સમય છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી બ્રિજેશ મેરજા : ત્યારે આ ધબકારને કચડી નાખવાનું કામ વર્તમાન સરકારે કર્યું છે. રાજીવ ગાંધી પંચાયત ભવન માટે ૨૦૧૭-૧૮માં ૧.૧૦ કરોડની જોગવાઇ હતી, આ વર્ષે કોઇ જોગવાઇ નથી. આ તો કેવો મોટો અન્યાય?

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસને અમે દિશા આપી. આપે તો ગરીબોની બેલી એવી મનરેગાને ગરીબડી બનાવી દીધી. પંચાયતોને નહોર વગરના વાઘ બનાવી દીધા. યુ.પી.એ. સરકારનો મીની સચિવાલયનો ખ્યાલ એ રાજીવગાંધી ભવનને કચડી નાખ્યું. એ.ટી.વી.ટી.ના રૂપકડા નામ હેઠળ તાલુકા પંચાયતોના હક્ક છીનવી લીધા. પ્રભારી મંત્રી તાલુકા પંચાયતનું, જિલ્લા પંચાયતનું અમારું આયોજન એ મનમાની રીતે નામંજૂર કરે એવું આ સરકારમાં બની રહ્યું છે. કોંગ્રેસની વિચારધારા ધરાવતા સરપંચો ઉપર લટકતી તલવાર રખાય છે. કોંગ્રેસ જયારે મહિલાઓને ભારે મોટો દરજ્જો આપતી હતી, ત્યારે મિશન મંગલમના રૂપકડા નામ હેઠળ નામ બડે દર્શન ખોટે, ગ્રામિણ મહિલાઓની મશ્કરી કરાય છે. સ્ટેટ પંચાયત કાઉન્સીલ શોભાના ગાંઠિયા બની ગઇ છે. શૌચાલયો માટે ગ્રાન્ટ મળતી નથી. ગામના પાદરમાં જાઓ તો સૌથી મોટો ઉકરડો ભાજપના કાર્યકરનો હોય છે એને કોઇ દૂર કરી શકતા નથી. વોટર શેડ યોજના એ •(×××) બની ગઇ છે. માટે કહું છું, ઉઠો, જાગો, પંચાયતોને ન્યાય આપો.

શ્રી પુર્ણેશ મોદી: માનનીય અધ્યક્ષશ્રી *(×××) શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

સભાપતિશ્રી: આપના પ્રવચનમાં *(×××) શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું અને આપનું પ્રવચન પૂરૂં થાય છે.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૮-૧૯ના વર્ષના અનુદાનો માટે માગણી પર હું મારા વિચારો વ્યક્ત કરું છું. ગ્રામ સમૃદ્ધ થાય, સુખાકારી મેળવે, તો જ રાષ્ટ્ર ને રાષ્ટ્રમાં વિકાસ થતો હોય છે. એવા શુભ આશયથી કેન્દ્રની પુરસ્કૃત યોજના અમલીકરણ માટે ભારતીય જનતા પાર્ટી હંમેશને માટે કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને વાત કરતાં આનંદ થાય છે અને હમણાં જ મારા મિત્રએ રાજીવ ભવનનીવાત કરી. અરે મિત્રો, હું આજે વાત કરીશ કે ગુજરાતના તત્કાલિન મુખ્ય મંત્રી આ દેશના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્રએ એ યોજના શરૂ કરી, કઇ યોજના? પ્રધાન મંત્રી આવાસ યોજના શરૂ કરી. માત્ર નરેન્દ્ર મોદીજીનું નામ નહીં, ઇન્દિરા આવાસ, રાજીવ આવાસ, રાજીવ ગાંધી ભવન. અરે, માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ થાય છે કે, નરેન્દ્ર મોદીજીની દ્રષ્ટિ કેવી? કે પ્રધાનો તો આવે અને જાય, પણ પ્રધાન મંત્રી આવાસ યોજના બનાવવાનું કામ કરેલું છે. આજે હું આનંદ સાથે ગર્વથી કહીશ કે, ગરીબો માટે હંમેશને માટે ચિંતાતુર આ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી અને માનનીય વિજય રૂપાણીજી અને માનનીય નીતિનભાઇ પટેલે ૧૩,૩૬૮/-કરોડ રૂપિયાની બજેટની અંદર વ્યવસ્થા કરી છે. ( અંતરાય) તમારા સંસ્કાર અમારા જેવા નથી, એટલે અમે 'જી ' બોલીએ છીએ. આવા સંસ્કાર શીખવા પડે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું વાત કરીશ કે, પ્રધાન મંત્રી આવાસ યોજના એક લાખ વીસ હજાર રૂપિયાનું ઘર બનતું હોય અને એમાં પ્રથમ હપતો..(અંતરાય) ભાઇ, બેસો. પ્રધાનમંત્રી આવાસ યોજના..(અંતરાય) સાંભળવાની તૈયારી રાખો.

સભાપતિશ્રી : આપ આપનું પ્રવચન ચાલુ રાખો. ક્રોસ ટોક નહીં કરો.

શ્રી અરૂણસિંહ અ. રણા : પ્રધાનમંત્રી આવાસ યોજના ૧.૨૦ લાખ રૂપિયાનું મકાન ગરીબને મળે, સારુ મળે તેમ પ્રયાસો કરેલા છે. અગાઉ કિંમત ઓછી હતી, આ દેશના વડાપ્રધાનશ્રીએ એ કિમંતમાં વધારો કરી અને ૧.૨૦ લાખ રૂપિયા કર્યા છે. અને એમાં પ્રથમ હપતો રૂ.૩૦ હજાર, બીજો હપતો રૂ.૫૦ હજાર, ત્રીજો હપતો રૂ.૩૦ હજાર અને ચોથો હપતો રૂ. ૧૦ હજાર આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહમાં સભ્યશ્રી પુંજાભાઇ વંશ બોલતા હતા કે પ્રધાનમંત્રી આવાસ યોજનાનું ૨૦૧૦ ની સરકારમાં સરવે થયું છે, નહીં, તો મારે કહેવું છે કે આ માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી વિશ્વસનીયતાના આધારે અને આદરણીય પ્રધાન મંત્રીશ્રીના આયોજનથી આ યોજના શરૂ કરવા માટે ગામો ગામ મને યાદ છે કે આના માટેનો પરિપત્ર શ્રી વિજયભાઇ રૂપાણીએ કાઢયો હતો. તેના કારણે હું મારા મત વિસ્તારમાં ઘેર ઘેર જઇને , ગરીબોના ઝૂંપડાઓ સુધી પહોંચીને આ પ્રધાનમંત્રી આવાસ યોજનાના માટે આધાર કાર્ડ હોય, પ્રૂફ હોય, માનનીય અધ્યક્ષશ્રી કોંગ્રેસના સમયમાં પંચાયતોના મકાનો અને રેકર્ડ ખરીદવા માટે તમારી પાસે પૈસા નહોત. મને કહેતાં આનંદ થાય છે કે આ દેશના વડાપ્રધાને સમગ્ર લોકોની અંદર આ જે પી.ડી. આપણને પકડીને ચાલીએ છીએ. ૨૦૧૯ બાંધકામ આવાસ યોજના અત્યાર સુધીમાં મંજૂર કરવામાં આવેલી છે. ૧૧-૨-૨૦૧૬ માં આના માટે ગ્રામ વિસ્તારના કુટુંબોને એમના સપનાનું ઘર મળે અને એમનું જીવન ધોરણ ઉંચું આવે, પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મૂખ્ય હેતુ રાજયના તમામ ઘર વિહોણા અને કાચા મકાનમાં રહેતા કુટુંબોને ૨૦૨૨ સુધીમાં ઘર મળે તે તેમનું સ્વપ્ન પૂરું કરવાનો સરકારનો નિર્ધાર છે. મને કહેતાં આનંદ થાય છે કે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામ્ય ૨૦૧૭માં ૨,૦૪,૭૦૦ આવાસો બાંધવાનું લક્ષ્યાંક છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય સભ્યશ્રી અલ્પેશભાઇ.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી ઘણા બધા વખાણો થયા હવે સાંભળવાની તૈયારી રાખજો.

---

• આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

પંચાયતી રાજ વ્યવસ્થા લાવવાનું કામ સ્વ. રાજીવ ગાંધીએ કરેલું અને ત્રીસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થા લાવેલા. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત. ગામડાંનો વિકાસ, તાલુકાનો વિકાસ અને વિસ્તારનો વિકાસ, એ કરવા માટેની અલગ અલગ સત્તાઓ આપવામાં આવેલી. પરંતુ સમાંસચતરે આ સત્તાઓ છિનવવાનું કામ ૨૨ વર્ષના શાસનમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. જે ગ્રામ પંચાયતમાં ગ્રામ સભામાં ઠરાવો થાય છે, તે ગ્રામસભાનો એજન્ડા આજે ગાંધીનગરથી નકકી થાય છે તે દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. માનનીય નરેન્દ્રભાઇ કહેતા કે સરપંચ એ ગામનો મુખ્યમંત્રી છે. પરંતુ આ ગામના મુખ્યમંત્રીની દશા તમે શું કરી છે તે વિચારવા જેવું છે. જે વાત ગામના મુખ્યમંત્રી તરીકે સરપંચ માટે આપના સન્માનનીય પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું હોય એ તમારી જવાબદારી છે હું પંચાયત મંત્રીશ્રીને કહું છું કે આ સરપંચને પગાર કે ભથ્થું આપો. મફત કામ ન કરાવો. કયાં સુધી એની સત્તા આવી રીતે છિનવશો. એટલે તમે જે ગામના મુખ્યમંત્રી તરીકે સરપંચશ્રી બેઠા છે ત્યાં આજે મહેકમ ખાલી છે, ગ્રામ સેવક અને તલાટી ઇ–ગ્રામની અંદર ઇન્ટરનેટની કનેકટીવીટી હોય નહિ અને કોમ્પ્યુટર લઇને સુટ ટાઇના સપના દેખાડીને વી.સી. કર્મચારીને બેસાડી દીધા. એ બીચારાને પગાર તો આપો, મફત બેસાડી દો છો. ૭/૧૨ના ઉતારામાં રૂપિયો આપીશું તો એમાં એમના ઘર ચાલતું હશે? પંદર પંદર વર્ષથી ઘણા બેઠા છે એમની જીંદગી બગાડી નાખી. વી.સી. નો પગાર માનનીય પંચાયત મંત્રીશ્રી આપે તેવી વિનંતી કરું છું.

ગામડાં ભાંગી રહ્યા છે, તમે કહ્યું કે ગામડાંનો વિકાસ કર્યો, કયા ગામનો વિકાસ કર્યો? ગામડાંની અંદર મકાનોની હાલત ખરાબ છે, સ્વચ્છતાના નામે મીંડું છે. ગામડાંમાં કચરાના ઢગલા અને ઉકરડાના ઢગલા પડ્યા છે. અને હમણાં માનનીય બાબુભાઇ કહેતા હતા કે ડબલાવાળી સિસ્ટમ આ ભાજપના શાસનમાં આ સ્વચ્છતાના નામે શૈચાલયો બનાવ્યા એ ગુજરાતનું સૌથી મોટું કૌભાંડ કરવાનું કામ આ લોકોએ કર્યું છે. માનનીય સભ્યશ્રી બાબુભાઇ એમ કહેતા કે ડબલું લઇને જવું પડતું. મારા એક મિત્રએ અમેરિકાથી ફોન કર્યો કે અલ્પેશભાઇ, માનનીય નરેન્દ્રભાઇ તો ત્યાં જઇને બેસી ગયા રાજય સરકારને કહો કે એરપોર્ટ ઉપરથી નીકળ્યો હતો ત્યારે મારા ભુરિયા મિત્રએ કહ્યું કે આ લોટો લઇને અહીં બેઠા છે એમના માટે ડબલા માટેની વ્યવસ્થા કરી છે તો સંડાસ નથી બનાવી શકતા? આ હાલત અમદાવાદના એરપોર્ટની કરી છે. ગામડાંની હાલત જવા દો, એની હાલત બગાડી દીધી છે. એનો વિકાસ નથી કર્યો. ગામડું કોને કહેવાય. ગામમાં સ્વચ્છતા હોય, ગામમાં ગટર લાઇન હોય, પાણીના કનેકશન હોય, જયાં કનેકશન છે ત્યાં પાણી આવતું નથી. મારા રાધનપુરમાં નગરપાલિકા છે પણ પાણી નથી આવતું એવી વ્યવસ્થા તમે ઉભી કરી છે. ગામડાંમાં બાળકો માટે બાગ બગીચા હોય, ગામડાંમાં બધી વ્યવસ્થા હોવી જોઇએ એના લીધે એનો વિકાસ થાય.

આ રાજય સરકારના જિલ્લા આયોજન, જિલ્લા વિવેકાધિન આયોજન હોય, એ.ટી.વી.ટી.નું આયોજન હોય જે લોકો જિલ્લા પંચાયતમાં ચૂંટણી હારી જાય એને સભ્ય તરીકે મૂકીને ચૂંટાયેલા સભ્યની સત્તા ઉપર કાપ મૂકવાનું કામ આ રાજય સરકાર કરે છે એ બંધ કરો. બહુ જ દુઃખ સાથે કહું છું કે આ રાજય સરકારે એફ.આર.સી. બિલ લાવવું પડ્યું. અહીંયા એમ કહેવામાં આવે છે કે કોંગ્રેસના શાસનમાં શું થયું? કોંગ્રેસના શાસનમાં ગામડાંમાં શિક્ષણ વ્યવસ્થા હતી એટલે તો એમાથી ડોકટરો, એન્જિનિયરો, આઇ.એ.એસ. આઇ.પી.એસ. પેદા થતા હતા. કોંગ્રેસના શાસનમાં સારું શિક્ષણ ન હોત તો નરેન્દ્રભાઇ વડનગરની શાળામાં ભણ્યા એ કોંગ્રેસનું શાસન હતું. ફળદુ સાહેબ ભણ્યા, ઉર્જા મંત્રી સૌરભભાઇ ભણ્યા સાથે સાથે સામી ટ્રેઝરી ઉપર બેઠેલા તમામ મારા વડીલો બેઠા છે માનનીય નીમાબહેન તમે ભણ્યા એ કોંગ્રેસના શાસનની વ્યવસ્થા હતી. ત્યારે શિક્ષણ મોંઘુ નહિ શિક્ષણ મફત હતું યોગ્ય ગુણવત્તાવાળુ હતું આજે ગામડાંની અંદર શિક્ષણ ભાંગી પડ્યું છે અને શહેરોની અંદર તમે આધુનિકરણ તરફ દોડ્યા છો. પ્રાઇવેટાઇઝેશન તરફ દોડ્યા છો આ વાસ્તવિકતા છે. જો ગામડાંનો વિકાસ કરવો હોય તો ગામના સરપંચ, ગામના મુખ્યમંત્રીને સત્તા આપો, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતોને સત્તા આપો આ સત્તા છીનવવાનું કામ કરીને તમે લોકશાહીના વડાને રૂંધવાનું કામ કરો છો, આ લોકશાહીના અવાજની અંદર આપણી જે ત્રિ સ્તરીય વ્યવસ્થા છે એ વ્યવસ્થાની અંદર તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયતને સત્તા આપો. આપણી ગામની શાળાઓ એવી છે પેલી બસ પડી છે પણ ડ્રાઇવર નથી. શાળામાં આચાર્ય નથી અને તમે ૨૨ વર્ષ જૂનો સમય યાદ કરો છો. ૨૨ વર્ષમાં ગુજરાતની હાલત શું કરી છે એનો જવાબ આપે આપવો પડશે. વ્યવસ્થા પરિવર્તન કરો, વ્યવસ્થા નહિ બદલો તો ગુજરાત માફ નહિ કરે. આજે તમને ગામડાંમાથી ફેંકી દીધા છે, વ્યવસ્થામાં પરિવર્તન નહિ કરો તો ગામડાંમાં તમને ઘુંસવા પણ નહિ દે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા યુવાન અન્ન પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા માગણી નંબર ૨૨ અને ૨૩ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય સભ્યશ્રી અલ્પેશભાઇએ હમણાં વાત કરી કે પ્રજાએ તાલુકા અને જિલ્લા પંચાયતમાં અમને સાથ આપ્યો પરંતુ જયારે એમણે જોયું કે આમાં કંઇ લેવા જેવું નથી એટલે પાછી ભારતીય જનતા પક્ષને સંપૂર્ણ બહુમતિ સાથે વિધાનસભામાં બેસાડ્યા એ જ બતાવે છે કે ભારતીય જનતા પાર્ટી લોકો સાથે જોડાયેલી છે. એ જ રીતે સભ્યશ્રીએ બધા નેતાના નામ દીધા. પણ આપણા ગુજરાતના પનોતા પુત્ર અને પહેલા વડાપ્રધાન સ્વ.શ્રી મોરારજી દેસાઇ વડાપ્રધાન થયા અને સમગ્ર દેશમાં જે રીતે સુશાસન કર્યું અને દરેક વસ્તુના ભાવ ઘટાડ્યા અને રેશનીંગની જરૂર જ ન પડી એમને યાદ ન કર્યા. તેઓ અમારા જિલ્લાના હતા.

સભાપતિશ્રી : પ્લીઝ, ડોન્ટ ક્રોસ ટોક. ક્રોસ ટોક બંધ કરો. પ્લીઝ.

## તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે લોકોની સેવા કરવાનું આરોગ્ય વિભાગ એક ઉત્તમ માધ્યમ છે એ રીતે અન્ન પુરવઠાનું વિતરણ કરી ગરીબ લોકો સુધી પહોંચવા માટેનું સુંદર માધ્યમ છે, જે શ્રી જયેશભાઇની આગેવાનીમાં ઘણી જ સુંદર કામગીરી કરી રહ્યું છે. એ બદલ એમને અભિનંદન આપું છું. તા.૨-૧૦-૧૯૮૦ના રોજ અન્ન પુરવઠા નિગમની સ્થાપના થઇ. કેન્દ્ર સરકારની યોજના છે એ પ્રમાણે ઘઉં અને અનાજનો જથ્થો ત્યાંથી મળે છે અને બીજો જથ્થો રાજ્ય સરકાર ખરીદીને સસ્તા અનાજની દૂકાન જેને આપણે પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર કહીએ છીએ એને આપે છે. તેલ, કઠોળ, મીઠું વગેરે જથ્થો ઓપન ખુલ્લા માર્કેટમાંથી લઇને આપણને સપ્લાય કરવામાં આવે છે. આ જથ્થો ગુજરાત રાજ્ય અન્ન પુરવઠા નિગમ ખરીદીને કરે છે. એની ઉત્તમ ગુણવત્તા જાળવવા માટે સરકારે ગોડાઉનો ઉભા કર્યો છે. નિગમ પાસે પોતાના ૫૬૦ ગોડાઉન છે અને બીજા ૨૩ ગોડાઉનો મળીને કુલ ૫૮૩ ગોડાઉનોમાં ૩.૭૨ લાખ મેટ્રીક ટન અનાજનો સંગ્રહ થાય છે. આ કામગીરી સારી રીતે કરવા સરકાર કટિબદ્ધ છે. આમાં કોઇપણ જગ્યાએ લીકેજને અટકાવવા માટે સીસીટીવી કેમેરા અને જીપીએસ સિસ્ટમનો ઉપયોગ કરીને દરેક વાહનોને ટ્રેક કરવામાં આવે છે. જેથી પૂરતો જથ્થો એના યોગ્ય સ્થાને પહોંચે એનું ધ્યાન રાખવામાં આવે છે. નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટનો સારી રીતે અમલ ગુજરાતની સરકાર કરી રહી છે અને એનો ૭૫ ટકાનો લક્ષાંક ગ્રામ્ય વિસ્તારોમાં અને ૨૫ ટકા લક્ષાંક શહેરી વિસ્તારોમાં છે. આ રીતે ઘણી બધી વ્યવસ્થા કરવામાં આવી છે અને અગ્રતા ધરાવતા કુટુંબો અને અંત્યોદય કુટુંબોને બે રૂપિયે ઘઉં અને ત્રણ રૂપિયે ચોખા આપવામાં આવે છે એ સરાહનીય વાત છે. ખાસ મહત્વની વાત એ છે કે ગુજરાત સરકાર આ અન્ન વિતરણનું સંચાલન કરી રહી છે. આપણ ગુજરાતના ખ્યાતનામ કવિ શ્રી ઉમાશંકર જોષીએ પણ કહેલું કે ‘‘ ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે, તો ખંડેરની ભસ્મકણી ન લાધશે.’’ ગુજરાતમાં છેલ્લા કેટલાય વર્ષોથી અન્ન વિતરણની કામગીરી સુંદર રીતે ચાલે છે. ગુજરાતના કોઇપણ ખૂણાના અનાજ કેન્દ્રમાંથી અનાજ મળતું નથી એવી ફરિયાદ મળી નથી. ત્યારે અન્ન અને નાગરિક પુરવઠાની આ માગણીઓને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણના બજેટમાં મેં જોયું કે જે લોકો વન અને પર્યાવરણનું જતન કરે છે એવા જગતના તાત માટે વિચાર્યું હોત તો મને ગમત. અહીંથી વિકાસ-વિકાસની વાતોની વચ્ચે આ ગુજરાતમાં રોઝ, ભૂંડ અને દિપડાનો ખૂબ વિકાસ થયો છે. આજે ખેડૂતોની વેદનાની વાત કરવા માગું છું. આવો વિકાસ થાય એનાથી ફાયદો શું છે? અમારા ખેડૂતોને, અમારા બાપ-દાદાઓની મિલકતો, રેવન્યુની મિલકતોમાં આ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના રોઝડા આવીને પાકનો કચ્ચરઘાણ કરી નાખે છે. આમાં એના વળતરની વાત હોત તો હું અભિનંદન આપતો. પણ એવું કાંઇ આમાં નથી. વન્ય પ્રાણીઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં ૧૮ લોકોના મૃત્યુ થયાં છે. વન્ય પ્રાણીઓએ ૧૮ લોકોને ફાડી ખાધા છે. એનું વળતર ફક્ત ૬૫ લાખ રૂપિયા. ૧૮ વ્યક્તિઓનો ભાગાકાર કરો એટલે એક વ્યક્તિના ભાગે ૩ લાખ ૬૧ હજાર ૧૦૧ રૂપિયા આવે. એક માણસને જંગલનું વન્ય પ્રાણી ફાડી ખાય અને સામાન્ય વળતર આપવામાં આવે છે. માનવીની જીંદગીની કિંમત ફક્ત ૩ લાખ ૬૧ હજાર? અમારો ખેડૂત હોય, બિચારો રાત્રિના વાડીએ કામ કરતો હોય અને આ વન્ય દિપડા અને સિંહો એને ફાડી ખાય એ ઘરનો મેઇન સભ્ય હોય, એ ઘરનું અને રાષ્ટ્રનું ગુજરાન ચલાવતો હોય એનું વળતર ૨૫ લાખ હોત તો હું અભિનંદન આપતો. વન્ય પ્રાણીઓ દ્વારા અમારા ખેડૂતો અને માલધારીઓના પશુઓના મારણ પણ કરવામાં આવે છે. વન વિભાગ દ્વારા એનું વળતર સાવ મામૂલી હોય છે. મેં હમણાં પ્રશ્નોત્તરીમાં પૂછ્યું હતું એમાં નોંધાયેલ પશુઓના મૃત્યુ ૩૯૧ થયા છે. એનું વળતર ૩૩ લાખ ૬૦ હજાર આપવામાં આવ્યું છે. આમાં ભાગાકાર કરો તો એક પશુના ૮,૫૯૩ રૂપિયા થાય. અમારો કિસાન, અમારો માલધારી એક લાખની ભેંસ હોય અને એને વન્ય પ્રાણી દ્વારા મારી નાખવામાં આવે એનું વળતર આવું મામૂલી આપવામાં આવે છે. અમારા ગીરની ગાય એ રાષ્ટ્રનું ગૌરવ કહેવાય છે. એનું જો વન્ય પ્રાણી દ્વારા મારણ કરી નાખવામાં આવે એની કોઇ કિંમત ન આંકી શકો, બે થી પાંચ લાખમાં ગીરની ગાય મળે છે. ગીરની ગાયની આટલી બધી વાતો આ ગૃહમાં થતી હતી. જો ખરેખર આપણે ગાયને માં માનતા હોઇએ, અમારા ગીરની ગાયને માં માનતા હોઇએ તો એનું વળતર તો જુઓ? એને પૂરું વળતર આપવું જોઇએ. ૨ લાખની ગીરની ગાય હોય તો ગરીબ માણસ, માલધારી કે ખેડૂત બીજી ગાય લાવીને એનું ગુજરાત ચલાવી શકે. અમારી ગીરની ગાયના દૂધ, ઘી, માખણ, અને ગૌમૂત્ર પ્રખ્યાત છે. એનાથી અનેક રોગો મટે છે એવું અભ્યાસ કહે છે. અહીંથી વાતો પણ થાય છે. હું વિનંતી કરું છું કે, આના વળતરમાં કંઇક વધારો થાય. ભગવાનભાઇએ વાત કરી ઇકો-સેન્સેટિવ ઝોનની. અમારા ખેડૂતોની સાથે સામાન્ય માણસોમાં ૧૮ વરણ ત્યાં રહે છે. એને આ ઇકો-સેન્સેટિવ ઝોન ખૂબ નડે છે. ૦ થી ૧૦ કિલોમીટરની અંદર અમારો ત્યાંનો રહેવાસી માણસ એની જમીન બિનખેતી નથી કરી શકતો. જો એને નાનું કારખાનું, બરફનું કારખાનું કરવું હોય તો ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ એને મંજૂરી આપતું નથી. ૦ થી ૫ કિલોમીટરમાં રેસિડન્સની મંજૂરી મહામહેનતે આપે છે. અહીંથી ગામડાંની બહુ વાતો થાય છે કે ગામડાંનો વિકાસ. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ગામડાં માટે ફક્ત ૧૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. ગ્રામ્ય વિસ્તારો માટે રુર્બન યોજના અંતર્ગત ભૂગર્ભ ગટર અને રોડ મરામતના કામો માટે ૧૦૦ કરોડ ફાળવ્યા. ૧૦૦ કરોડમાં કાંઇ ન આવે. ગામડાંમાં વિકાસ કરવો હોય તો ૧ હજાર કરોડ રૂપિયા કર્યા હોત તો હું તમને અભિનંદન આપતો. બહુ દુઃખ સાથે કહેવું પડે છે. ખાદ્યતેલની વાત કરીને મારી વાત પૂરી કરીશ. આપણા બધાના માટે છે. સીંગતેલ હોય કે કપાસિયા તેલ, આપણે બધા છેતરાઇએ છીએ. એમાં બે રીતનું ડબ્બા ઉપર લખેલું આવે છે. ૧૫ લિટર અને ૧૫ કિલો. ગ્રાહક જાય છે ત્યારે એમાં જોતા નથી કે આ ૧૫ કિલો છે કે ૧૫ લિટર છે? લિટરમાં ૧૩.૫૦૦ કિ.ગ્રા. જ તેલ

સમાય છે ૧.૫૦૦ કિ.ગ્રા.ની છેતરપિંડી થાય છે. સરકારને હું સૂચન કરું છું કે, કાં કિલો કરો, કાં લિટર કરો જેથી ગ્રાહકો છેતરાય નહીં.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, શ્રી ઋત્વિકભાઇ મકવાણા.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગિરક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના માનનીય મંત્રીશ્રી જે દરખાસ્ત લઇને આવ્યા છે એના અનુસંધાને હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં ગઇકાલે પણ કહ્યું હતું કે, કોઇ પણ વિભાગની માગણીઓ હોય એ સરકારની નીતિઓનો આયનો છે. દરેક બાબતોમાં સ્કોપ શોધીને ચાલનારી આ સરકાર અધિકારોનો સ્કોપ આપવા માટે બિલકુલ તૈયાર ના હોય એવા પ્રકારનું ચિત્ર આ ઉપરથી ઉપસ્થિત થાય છે. મોટાભાગની માગણીઓ આપણે જોઇએ તો જેટલા બિઝનેસમાં સ્કોપ છે એટલા સ્કોપ અધિકારો આપવા માટેના એમાં દેખાતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ દુ: ખ સાથે કહેવું પડે કે ગ્લોબલાઇઝેશનના અંતે આજે વ્યક્તિ નાગરિક પછી બને છે, મતદાર પછી બને છે, પહેલા એ ગ્રાહક બને છે અને ગ્રાહક તરીકે આજે માર્કેટની અંદર જુદી જુદી ભ્રામક જાહેરાતો, જુદી જુદી સ્કીમ, વાયદાઓ, ડિસ્કાઉન્ટ, ઓન લાઇન શોપિંગ ઘણા બધા એવા ક્ષેત્રો છે કે જ્યાં ગ્રાહકોને છેતરાવાની શક્યતાઓ રહેલી હોય છે. જ્યારે ગ્રાહક બજારનો રાજા હોય છે ત્યારે એને યોગ્ય પસંદગીના વિકલ્પો અને એને યોગ્ય માર્ગદર્શન મળવું જોઇએ પણ આ જે બજેટ છે એની અંદર ગ્રાહકોની જે જાગૃત્તિ છે એના સંદર્ભે ફાળવણી ખૂબ જ ઓછી કરવામાં આવી છે. અમારા મિત્રશ્રીએ વાત કરેલી કે, ગ્રાહક સુરક્ષાના પ્રદર્શનો, ગ્રાહક સુરક્ષાના કેટલાક કાર્યક્રમો આટલી વિશાળ સંખ્યામાં જ્યારે ગ્રાહક વર્ગ હોય ત્યારે પાંચ–પંદર પ્રદર્શનો કે પાંચ–પંદર શાળાઓના જાગૃત્તિના કાર્યક્રમો કરી દેવાથી ઉદ્ધાર થવાનો નથી. કેટલીક એક–બે બાબતો પ્રત્યે મારે ઘ્યાન દોરવું છે કે, અલગ અલગ પ્રકારના જે ગ્રાહક વર્ગ હોય છે એમાં એક ગ્રાહક વર્ગ વાચક તરીકે અને દર્શક તરીકે જે જગ્યાએ તકલીફ અનુભવે છે એ તરફ મારે ઘ્યાન દોરવું છે. માનનીય અધ્યક્ષશ્રી, એક સમય એવો હતો ત્યારે લોકો અફવાઓ ફેલાવતા અને મીડિયા સાચી બાબતો તરફ એનું ઘ્યાન આકર્ષિત કરતી. આજે પરિસ્થિતિ થોડીક પલટાય છે. લોકોનો ભરોસો કેટલાક મીડિયા ગૃહો પરથી ઊઠતો જાય છે દરેક ઉપરથી હું નથી કહેતો. કેટલાક મીડિયા ગૃહો પરથી ઊઠતો જાય છે અને એ ગ્રાહકો સુધી સચ્ચાઇ પહોંચે એ જોવાની જવાબદારી પણ આપણી છે. ઉદાહરણ આપું. વચ્ચે અરેઠિયાનો પેલો બનાવટી વિડિયો જાહેર થયો. મીડિયાએ એને વધારે પડતું મહત્વ આપ્યું. હવે તો ગુજરાતમાં ફોરેન્સિક લેબોરેટરી છે. કમસેકમ એની તપાસ સુધી તો રાહ જોઇ હોત તો. એવી જ રીતે નોટબંધીના સમયે બે હજારની નોટ આવી ત્યારે કેટલાક મીડિયા ગૃહોએ એનજીસી નેનો ચીપવાળી નોટની વાતો કરી. માનનીય અધ્યક્ષશ્રી, હવે તો અમનેય બીક લાગે છે કે આ નોટ પહેલા બંધ થાશે કે બેંક પહેલા બંધ થાશે. તેવી જ રીતે હું એ કહેવા માગુ છું કે, સૌથી વધુ સફર કરતો હોય ગ્રાહક તો એ ખેડૂત તરીકે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાનું પ્રિમિયમ ભર્યુ હોય ત્યારે મને એવું કહેવાની ઇચ્છા થાય કે ખરેખર તો સરકારનું અને ખેડૂતોનું બંનેનું ક્ષમતા વર્ધન થાય એવી કોઇ જોગવાઇ થાય એવું કરવાની જરૂર છે. કારણ કે, માનનીય ગૃહના નેતાશ્રીએ પણ જાહેર કર્યુ હતું કે જન્માષ્ટમી સુધીમાં પાક વીમો મળી જશે. પરંતુ આજ સુધી કોઇ ખેડૂતોને મળ્યો નથી. (અંતરાય)

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે,

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત માગણી નં. ૭૦ મહેસૂલી ખર્ચ ૨૨૮૨ કરોડની લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. હમણા જ અમારા વડીલ સામેના ધારાસભ્યશ્રી બાબુભાઇએ ઘણીબધી વાત કરી. ભા.જ.પ.ની સરકારની અંદર પંચાયતો બહુ મજબુત બની પણ મારી પાસે આ પુરાવો છે ગવર્મેન્ટ ઓફ ઇન્ડીયા, મીનીસ્ટ્રી ઓફ પંચાયતી રાજ લોકસભાની અંદર તા. ૩૦–૭–૨૦૧૫ ની અંદર એક અતારાંકિત પ્રશ્ન પૂછાયો હતો. એ અતારાંકિત પ્રશ્નની અંદર પી.ડી.આઇ. એટલે કે પંચાયત ડીવોલ્યુશન ઇન્ડેક્ષ એમાં લખ્યું છે The Annual Study on Panchayat Devolution Index (PDI) is undertaken by the Ministry of Panchayati Raj to assess where each State stands in the matter of devolution of power. According to this report Gujarat stands at 14th number. એટલે ૧૯૯૫ પહેલા કોંગ્રેસની સરકારની અંદર પંચાયતી રાજની અંદર દેશની અંદર એકથી પાંચમાં નંબર આવતો હતો પણ જયારે છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાતની અંદર ભા.જ.પ. સરકાર છે તો પંચાયતની અંદર જે પી.ડી.આઇ. કહેવાય એ પીડી.આઇ. ચૌદમા નંબરે પહોંચ્યો છે. પહેલા નંબર ઉપર કેરાલા, બીજા નંબર ઉપર સિક્કિમ, ત્રીજો નંબર કર્ણાટક, ચોથો નંબર મહારાષ્ટ્ર, પાંચમો નંબર પશ્ચિમ બંગાળ, એક થી પંદર રાજયોની અંદર ગુજરાતનું કોઇ સ્થાન નથી. હમણા જ વાત થઇ. જે પંચાયત ધારો ૧૯૯૩ની અંદર બનાવવામાં આવ્યો એ પંચાયત ધારાની કલમ–૨૬૬ પ્રમાણે ગુજરાત રાજયની અંદર રાજય પંચાયત કાઉન્સીલની રચના કરવામાં આવી છે અને આ કલમ–૨૬૬ પ્રમાણે વર્ષની અંદર બે વાર ફરજીયાત પંચાયત કાઉન્સીલની બેઠક બોલાવવામાં આવે છે એવી જોગવાઇ કરવામાં આવી છે પરંતુ મને કહેતા દુઃખ થાય છે કે આ ભા.જ.પ.ની સરકારમાં છેલ્લા ૮ વર્ષની અંદર આવી કોઇ એક પણ મિટિંગ બોલાવવામાં આવી નથી. જિલ્લા પંચાયતોના પ્રમુખની જે આ કાઉન્સીલ બનેલી છે, કાઉન્સીલની અંદર જિલ્લા પંચાયતના પ્રમુખોનો પરામર્શ કરી અને નિર્ણયો લેવામાં આવતા હોય છે. જયારે સરકાર જ કાયદાનો ભંગ કરતી હોય ત્યારે કોંગ્રેસ ઉપર આક્ષેપ કરી અને કોંગ્રેસ સરકારે કાંઇ નથી કર્યું એવી વાતો કરવી એ યોગ્ય નથી. આદિવાસી વિસ્તારોની વાત કરીએ તો આદિવાસી વિસ્તારો માટે પેસા રૂલ્સ બનાવ્યા છે. પંચાયત ધારાની અંદર મહિલાઓ માટે ૫૦ ટકાની જોગવાઇ કરવામાં આવી છે ત્યારે પેસાની

અંદર જયારે આપણે આદિવાસી મહિલાઓની વાત કરતા હોઇએ તો એની અંદર માત્ર ૩૩ ટકાની વાત કરવામાં આવી છે. બંને કાયદાની અંદર આ અસમાનતા છે. સરકારે પહેલા આ અસમાનતા દૂર કરવી જોઇએ અને આદિવાસી મહિલાઓનો વિકાસ કરવો જોઇએ. મહેસૂલ અને પંચાયતના તલાટી જે પહેલા એક જ હતા એમને અત્યારે અલગ કરવામાં આવ્યા છે અને એને લીધે વહીવટની અંદર ઘણું મોટું નુકસાન થાય છે કોઇ પંચાયતના તલાટી રેવન્યુનું કામ કરવા તૈયાર નથી અથવા રેવન્યુના તલાટી પંચાયતનું કામ કરવા તૈયાર નથી. ફીકસ પગારથી જે ભરતીઓ કરવામાં આવી છે અને એના લીધે સમાન વેતન, સમાન કામનો જે બંધારણની અંદર આપણને હકક આપ્યો છે એનું ઉલ્લંઘન થાય છે. મારા પાટણ વિસ્તારની વાત કરું તો પાટણ જિલ્લાની અંદર વર્ગ–૧ની કુલ મંજૂર થયેલ ૧૫ જગ્યાઓ છે એ ૧૫ જગ્યાઓમાંથી પાંચ જગ્યાઓ ખાલી છે. વર્ગ–૨ની કુલ ૧૭ જગ્યાઓ છે એ ૧૭ જગ્યાઓમાંથી કુલ ૪ જગ્યાઓ ખાલી છે અને વર્ગ–૩ ની ૧૪૩ જગ્યાઓ છે. ૧૪૩ જગ્યાઓમાંથી ૫૮ જેટલી જગ્યાઓ ખાલી છે એટલે કે એટલે કે ૪૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, સમૂહ વિકાસ માટે પંચાયત, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જે ૨૨,૮૨,૨૮,૩૯,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૦ લઇને આવ્યા છે, એમાં મારું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

આપણને સ્વરાજ મળ્યું, પણ સુરાજ્યની પ્રજાની જે અપેક્ષા, આકાંક્ષા અને ઝંખના હતી. કોંગ્રેસે વર્ષો સુધી રાજ કર્યું, પણ ફળીભૂત થઇ નહીં. અલ્પેશભાઇ વાત કરતા હતા કે ૧૯૬૩ માં પંચાયતી રાજની સ્થાપના થઇ. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત આ ત્રી–સ્તરીય માળખું બન્યું. એમણે ઘણી બધી વાત કરી. બ્રીજેશભાઇએ વાત કરી કે એમના પૂર્વ પ્રધાનમંત્રી આદરણીય સ્વ. રાજીવ ગાંધી એમ કહેતા કે હું ગામડાંમાં ૧ રૂપિયો મોકલું તો ૧૫ પૈસા ત્યાં પહોંચતા હતા. એમના શાસનમાં એવી વ્યવસ્થા હતી. ગાંધીજીએ પણ કહેલું કે જો ગામડું સશક્ત બનશે તો ભારત સશક્ત બનશે. જો ગામડાંની કોઇએ ચિંતા કરી હોય. સર્વ જન હિતાય, સર્વ જન સુખાય ના મંત્રને ચરિતાર્થ કરવા આદરણીય નરેન્દ્રભાઇએ ઉજાશ જગાવી અને છેલ્લાં ૧૮ વર્ષોમાં ગ્રામીણ અર્થતંત્ર બેઠું થાય, ગામડાં સશક્ત બને એ દિશામાં અમારી સરકારે અભૂતપૂર્વ કામગીરી કરેલ છે. હમણા બ્રીજેશભાઇ હિંદીમાં વાત કરતા હતા. હિન્દીમાં કોઇએ સરસ કહ્યું, 'મંજીલ યુહી નહિ મિલતી રાહી કો, દિલમે જૂનૂન સા જગાના પડતા હે, કિસીને ચીડીયા સે પૂછા કી ઘોસલા કેસે બનતા હૈ? ચીડીયા બોલી તીનખા તીનખા ઉઠાના પડતા હૈ'. અમારી સરકારે જે ૧૮,૦૦૦ ગામડાં અને ૧૬,૦૦૦ પેટા પરાઓમાં જે રીતે વિકાસના મોડલમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ એવું રાજ્ય હશે કે ઇ–ગ્રામ, વિશ્વ ગ્રામ કનેક્ટિવિટી દ્વારા ૧૪,૦૦૦ પંચાયતોને જોડવાનું કામ કર્યુ છે. ૧૯૯૭ માં એ વખતે ગામડાંમાં વેરઝેર ઘટે, એક આદર્શ ભાવનાથી સમરસ પંચાયતનો વિચાર થયો. અને એ વખતે એક હજાર રૂપિયા અનુદાન આપવામાં આવતું હતું. પણ આદરણીય નરેન્દ્રભાઇએ ગુજરાત સમૃદ્ધ બને અને ગામડાંમાં વેરઝેર ઘટે, ગુજરાત સલામત રહે એ દિશામાં એમણે સમરસ પંચાયતને પ્રોત્સાહિત કરવાની કેટલીય યોજના અમલમાં મૂકી. મને યાદ છે કે ૧૮ વર્ષમાં લગભગ ૧૨,૦૫૩ ગ્રામ પંચાયતો સમરસ થઇ. એમાં ૬૧૬ પંચાયતો મહિલા સરપંચ તરીકે સમરસ થઇ. હમણા હર્ષદભાઇ રીબડિયા વાત કરતા હતા કે ગામડાંના વિકાસ માટે ૧૦૦ કરોડ જ ફાળવ્યા છે. ૧૪માં નાણાપંચ યોજના ૨૦૧૫ થી ૨૦૨૦ ૭,૭૮૩ કરોડ રૂપિયાની માતબર રકમ ગામડાંમાં ગ્રામ પંચાયતના ખાતામાં જમા થઇ. એટલે અલ્પેશભાઇ વાત કરતા હતા કે ગામડાંમાં વિકાસ થયો નથી. ૧૮,૦૦૦ ગામડાંમાં પીવાનું પાણી, આંતરિક રસ્તા, શિક્ષણનો વ્યાપ, આરોગ્ય આ તમામ ક્ષેત્રે જે કાર્ય થયું છે તે અમારી સરકારે કર્યુ છે. તે સિવાય રર્બન પ્રોજેકટની પણ વાત હર્ષદભાઇ કરતા હતા. આમાં શરૂઆત કરી અને ૭૮ ગામોની અંદર સંપૂર્ણપણે તે કામ પૂરા થઇ ગયા છે. ૬૫૨ કરોડ રૂપિયાનો ખર્ચ રર્બન પ્રોજેકટ હેઠળ કરવામાં આવ્યો છે.

શ્રી પરેશ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં માનનીય પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, વન પર્યાવરણ તથા અન્ન અને નાગરિક પુરવઠા બાબતોના મંત્રીશ્રીઓ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, બંને પક્ષે એટલે કે અમારા પક્ષમાંથી વિવિધ વિભાગોને લઇ ઘણીબધી રજૂઆતો કરી છે. હું આપના મારફત સરકારશ્રીનું ધ્યાન આકર્ષિત કરી ગુજરાતમાં ગરીબોના મોંઢેથી કોળીયો આ ભાજપ સરકારમાં જે કોમ્પ્યુટર ગરીબનો કોળીયો જમી જાય છે તેના તરફ હું આધાર પુરાવા સાથે ધ્યાન દોરી વ્યવસ્થા સુધારવા માટે વિનંતી કરું છું. વર્ષોથી છેવાડાના માણસનું પેટ ભરાય તેની ચિંતા સન્માનનીય ગૃહ સમક્ષ થતી આવી છે. તત્કાલિન યુ.પી.એ. સરકારે અન્નનો અધિકાર કાયદાથી સમગ્ર દેશની અંદર કોઇ વ્યક્તિ, છેવાડાનો વ્યક્તિ, ગરીબ વ્યક્તિ ભૂખ્યો ન સૂવે તેના માટે અન્ન પૂરું પાડવું તે સરકારની ફરજ છે અને એટલા જ માટે રાઇટ ટુ ફૂટ એટલે કે અન્નનો અધિકાર કાયદો આ દેશની અંદર લાગુ કર્યો. રાહતદરે અનાજ, ધાન, ચોખા, સબસિડીવાળું કેરોસીન ભારત સરકાર તરફથી રાજય સરકારને તેવો જથ્થો સબસિડીના દરથી આપવામાં આવે છે. રાજય સરકાર ભારત સરકાર વતી આવો જથ્થો ગુજરાતના ગામડાંના છેવાડાના વ્યક્તિ સુધી નિયત સમય મર્યાદામાં પહોંચે તેની વ્યવસ્થા સંભાળે છે. મારે દુઃખ સાથે કહેવું છે કે, રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છેવાડાના વ્યક્તિનો સવાર–સાંજ તેનો ચૂલો સળગે તેના માટે જે કેરોસીન પૂરું પાડવું જોઇએ તે જથ્થામાં પણ કયાંક વિતરણ વ્યવસ્થા સાથે જોડાયેલા ૧૭ હજાર જેટલા દુકાનદારો, સસ્તા અનાજની દુકાનના પરવાનેદારો રાજય સરકારના સરકારી ગોદામોમાંથી માલ ડિવીઝનમાં જાય, ડિવીઝનમાંથી જિલ્લાના સ્ટોરમાં માલ જાય, જિલ્લાના સ્ટોરમાંથી મામલતદાર પાસે ફાળવણી જાય અને ત્યાંથી સસ્તા અનાજની દુકાનના પરવાનેદાર સુધી માલ પહોંચાડવાની વ્યવસ્થા છે તેમાં ઉણપોના

કારણે લગભગ સરકારની સબસિડીવાળા ફાળવેલા જથ્થાનો ત્રીજા ભાગનો જથ્થો બારોબાર પગ કરી જાય છે. આ સભ્યો સામે ગરીબ માણસ, છેવાડાનો માણસ સસ્તા અનાજની દુકાનેથી તેને ઘઉં, ચોખા, કેરોસીન ન મળે તેની વારંવારની ફરિયાદો કરે છે. આ વ્યવસ્થા સુધારવા માટે ૨૦૧૦ની અંદર બાયોમેટ્રીક રેશનકાર્ડ શરૂ કરવા માટે આ ગૃહમાં વિચાર મૂકયો તેની ખૂબ તરફદારી કરવામાં આવી. આખાય ગુજરાતના ગરીબોને અંગૂઠા મારવા માટે મામલતદાર કચેરીઓમાં ઉભા રાખવામાં આવ્યા. દાવો કર્યો કે આપણે ૧૦૦ ટકા બાયોમેટ્રીક કાર્ડ એટલે કે ફિંગર પ્રિન્ટથી જ પુરવઠો લાભાર્થી સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી છે. હમણાંજ સુરતના એક સોશીયલ એક્ટિવીસ્ટ અજય જહાંગીરે સોશીયલ ઓડિટ કર્યું. સરકારે આખા ગુજરાતના કુલ કાર્ડ ધારકોમાંથી હાલમાં અંત્યોદયના ૮ લાખ ૧૫ હજાર ૬૦૭ રેશનકાર્ડ છે અને એન.એફ.એસ.એ. યોજના નીચેના પીએચએસ ૩ કરોડ ૩૭ લાખ ૬૯ હજાર ૫૧૧ની જન સંખ્યાને આ લાભ પહોંચાડવા માટેની વ્યવસ્થા ગોઠવાયેલ છે.

ફેબ્રુઆરી ૨૦૧૭માં જે રાજયની સમિતિ મળી હતી એના આંકડા મુજબ ૧,૩૯,૦૪૨ મેટ્રીક ટન ઘઉંનો જથ્થો, ૫૯,૪૮૬ મે.ટન ચોખાનો જથ્થો, ૬,૬૨૨ મે.ટન ખાંડનો જથ્થો, ૪,૬૫૨ મે.ટન મીઠાનો જથ્થો અને ૨,૫૬,૬૬૦ કિલો લિટર કેરોસીન, કેરોસીનની ફાળવણી પણ દિન–પ્રતિદિન ઘટતી રહી છે. આ વિતરણ કરેલી ફેબ્રુઆરી ૨૦૧૭નો ડેટા છે એની કુલ કિંમત ગણવામાં આવે તો માસીક ૭૮ કરોડ અને વાર્ષિક ૯૩૬ કરોડ રૂપિયા થાય છે તેના ઉપર સરકારે ભોગવવી પડતી સબસિડી ૫૭ કરોડ એટલે કે વાર્ષિક ૬૮૬ કરોડ થાય છે. ૧,૬૨૨ કરોડ રૂપિયાની સબસિડીનો જે યોજનામાં આપણે ગરીબોનું પેટ ઠારવા માટે આ ગૃહ મારફત ખર્ચો થતો હોય એમાં જે ૮,૧૫,૬૦૭ રેશન કાર્ડ હોલ્ડરો છે આ પૈકી ત્રીજા ભાગના રેશન કાર્ડ હોલ્ડરો છે એ બોગસ રેશન કાર્ડ હોલ્ડરો છે અને સોશિયલ ઓડિટમાં જાણવા મળ્યું કે, સમગ્ર વિશ્વને રામાયણનો પાઠ શીખવાડનારા પૂજ્ય મોરારી બાપુ, પૂજ્યશ્રી મોરારી બાપુ પ્રભુદાસ હરિયાણી એના નામે તલગાજરડામાં રેશન કાર્ડ છે એના નામે પણ અંગૂઠો લગાવીને અન્ન, ચોખા અને કેરોસીનનો જથ્થો ઉપડી જાય છે, મહામંડલેશ્વર ભારતી બાપુ એના નામે ખાંભા તાલુકાના વાંકીયા ગામે રેશન કાર્ડ છે અને એના નામે બારોબાર દર મહિને અનાજ, ચોખા અને કેરોસીનનો જથ્થો ઉપડી જાય છે, ભક્તિરામ બાપુ જેરામભાઇ ગોંડલિયા, સાવરકુંડલામાં એનું રેશન કાર્ડ છે, વિરાભાઇ ભગવાનભાઇ ભમ્મર અને ભારતીય જનતા પાર્ટીના સુરતના માનનીય સંસદ સભ્યશ્રી એના નામે પણ દર મહિને ઘઉં, ચોખા અને કેરોસીનનો જથ્થો અંગૂઠો મારીને ઉપડી જાય છે, વસંતભાઇ ગજેરા, લક્ષ્મી ડાયમંડ ખૂબ મોટા ઉદ્યોગપતિ એ બી.પી.એલ. કાર્ડ હોલ્ડર છે અને એના નામ ઉપર દર મહિને અનાજ, ચોખા અને કેરોસીનનો જથ્થો ઉપડી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ આપના ધ્યાન ઉપર રેકર્ડ ઉપર મૂકવા માગુ છું. ભાઇ અજય જહાંગીરની ફરિયદ સરકારને પહોંચી હશે, હું તો વિનંતી કરવા માગુ છું કે, આપણે ફાળવેલો રૂપિયો જેના અધિકારનો છે એ ગરીબના મોઢાનો કોળિયો ખાનારો આ રાજયમાં કોઇ પણ હોય એને ફાંસીના માચડે ચડાવવા જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, મેં આ હિસાબ કર્યો એમાં વર્ષમાં ૧,૬૨૨ કરોડ રૂપિયા અનાજ માફિયાઓ ગરીબના મોઢેથી કોળિયો છીનવી જાય છે. ૨૦૧૦થી બાયોમેટ્રિક રેશન કાર્ડ શરૂં થયા અને બાયોમેટ્રિક રેશન કાર્ડ ચાલુ થયા ત્યારથી જ સરકારની મીઠી નજર તળે જિલ્લા તંત્ર અને આ અનાજની હેરાફેરી કરનારા બેનંબરિયા લોકોએ સાથે મળી જે નકલી રેશન કાર્ડથી સબસિડીયુક્ત અનાજનો જથ્થો ઉપાડવાનું સડયંત્ર રચ્યું એ ૮ વર્ષમાં આ જથ્થાની કિંમત થાય છે ૭,૪૮૮ કરોડ અને ઉપર સબસિડીની રકમ થાય ૫,૪૮૮ કરોડ આમ, ૨૦૧૦થી અત્યાર સુધીમાં ૧૨,૯૭૬ કરોડ રૂપિયાની જે સહાય આપણે ગરીબોના પેટ ઠારવા માટે ફાળવવામાં આવી હતી, આટલી મોટી રકમ બારોબાર બેનંબરી લોકોના ઘરમાં પગ કરી ગઇ છે. આ ગરીબોના મોઢાનો કોળિયો છીનવવાનું પાપ આ ભા.જ.પ.ના શાસનમાં થઇ રહ્યું છે, •(×××) થઇ રહ્યું છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી નૌશાદભાઇ,

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(×××) થઇ રહ્યું છે. ત્યારે હું મંત્રીશ્રીને પુછવા માગું છું,

સભાપતિશ્રી : માનનીય શ્રી નૌશાદભાઇ,

શ્રી પરેશ ધાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૨૯૭૬ કરોડ રૂપિયા જેવી જંગી રકમ આ ભા.જ.પ.ની સરકારમાં *(×××) કાળાબજારિયાઓ..

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય શ્રી નૌશાદભાઇ,

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : પરેશભાઇ એક મિનિટ,

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય શ્રી નૌશાદભાઇ,

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સીધો આક્ષેપ કરવો કે *(×××) એ શબ્દો રેકર્ડ પર ન હોવા જોઇએ.

સભાપતિશ્રી : એ શબ્દો હું કાઢી નાંખુ છું. *(×××) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમારી પાસે રેકર્ડ હશે પણ *(×××) એ શબ્દો બરાબર નથી.

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય શ્રી નૌશાદભાઇ,

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એ બધું તમારું સાચું હશે, પણ મીલી ભગત શબ્દ એ બરાબર નથી.

સભાપતિશ્રી : મેં સૂચના આપી દીધી છે, માનનીય શ્રી નૌશાદભાઇ,

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રીને પુછવા માગું છું કે,

---

• આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇનું પ્રવચન પૂરું થાય છે. શ્રી નૌશાદભાઇ, ..(અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨,૭૭૬ કરોડ રૂપિયા ગરીબના મોઢે જે કોળિયો ભરવા માટે આ ગુજરાત વિધાનસભા રકમ મોકલતી હતી એ કાળાબજારિયાઓ અને બે-નંબરિયાઓ બારોબાર ચાઉં કરી ગયા અને આ સરકાર શું કામ ઉંઘતી રહી એનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે એવી માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે વિનંતી કરું છું.

સભાપતિશ્રી : માનનીય શ્રી નૌશાદભાઇ, ..

શ્રી નૌશાદજી ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત મંત્રીશ્રી જે બજેટ લાવ્યા છે, જે માગણી મૂકી છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું. કેન્દ્ર સરકારે એક પ્રિયા સોફ્ટ કરીને સોફ્ટવેર અમલમાં મૂકેલ છે. કે જે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની એકાઉન્ટીંગ સિસ્ટમનું મેનેજમેન્ટ કરે છે. આ જે પ્રિયા સોફ્ટનું સોફ્ટવેર છે એ કેન્દ્ર સરકાર દ્વારા નિઃશૂલ્ક દરેક સરકારોને આપવામાં આવે છે અને ભારતની અંદર અઢાર રાજ્યો દ્વારા આ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવે છે અને કોઇ કારણોસર ગુજરાત સરકાર આ સોફ્ટવેરનો ઉપયોગ કરતી નથી અને ખાનગી કંપનીને કામ સોંપેલ છે અને ઇ-ગ્રામ કરીને એક સોફ્ટવેર બનાવવામાં આવેલ છે અને એની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરીને આઉટસોર્સ કરવામાં આવે છે આ કામ. ટીપારા કરીને એક કંપની છે જેની પાસે આ એકાઉન્ટીંગનું કામ આઉટસોર્સ કરીને એની પાસે કરાવવામાં આવે છે. એક તરફ ભારત સરકાર નિઃશૂલ્ક તમને સોફ્ટવેર આપે છે જે અઢાર રાજ્યો વાપરી રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર આ આઉટસોર્સ કરીને ખાનગી કંપની મારફતે એકાઉન્ટીંગનું કામ કરાવવામાં આવે છે અને કરોડો રૂપિયાનો ખર્ચ આની પાછળ કરવામાં આવી રહ્યો છે એટલે માનનીય મંત્રીશ્રી આનો જવાબ આપે. એમની સ્પીચમાં એ પણ જણાવે કે આ કંપની કોની છે અને એમાં કોની ભાગીદારી છે? જે પ્રકારે સ્વર્ગસ્થ રાજીવ ગાંધીએ પંચાયતી રાજની કલ્પના કરી હતી એ પંચાયતી રાજ ઉપર મોટી તરાપ અત્યારે મારવામાં આવી રહી છે અને જે સરપંચ માનનીય વડાપ્રધાનશ્રી જેને ગામનો મુખ્યમંત્રી કહે છે એ સરપંચનો બોસ અત્યારે તલાટી બની ગયો છે. તલાટીઓ અત્યારે ગામડાંના રાજા બની ગયા છે અને સરપંચને જે ગામડાંનો કદાચ અભણ સરપંચ હોય,ઓછું ભણેલો હોય એની ઉપર એક પ્રકારે એનું રાજ સ્થાપિત થઇ ચૂક્યું છે. એક એક તલાટી પાસે ચાર થી પાંચ ગામનો ચાર્જ હોય છે અને દિવસમાં માત્ર એક કે બે કલાક માંડ કોઇ એકાદ ગામમાં જાય છે. એટલે મારી વિનંતી પણ છે માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી કે જે પ્રકારે તમે ભાવનગર જિલ્લાની અંદર તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત અને શાળાઓની અંદર બાયોમેટ્રિક સિસ્ટમ લાવેલ છો એટેન્ડન્સ માટે, હું એના માટે અભિનંદન પણ આપીશ આ પ્રકારે તમામ ગ્રામ પંચાયતોની અંદર જો બાયોમેટ્રિક સિસ્ટમ આ તલાટીઓ માટે મૂકવામાં આવે અને શિક્ષકો માટે પણ જો મૂકવામાં આવે તો ગામડાંની અંદર તો આ બધા તલાટીઓ રેગ્યુલર ગ્રામ પંચાયતની મુલાકાત લેશે અને સવારના ૧૦ થી લઇને સાંજના ૬ વાગ્યા સુધી ગામડાંના લોકોની સેવામાં આવશે કેમકે ગામડાંના લોકોને ૭/૧૨ના ઉતારા લેવા માટે ઠેઠ તાલુકા કક્ષાએ ધક્કા ખાવા પડે છે જ્યારે ચોપડા ઉપર તો દરેક ગ્રામ પંચાયતને આ લોકોને કમ્પ્યુટર આપ્યું છે, ચોપડા ઉપર એની કનેક્ટીવિટી આપી છે, ચોપડા ઉપર એને તમામ પ્રકારની સુવિધા આપેલી છે પણ મેં જાતે અનેક ગામડાંની મુલાકાત લીધી છે અને ગ્રામ પંચાયતો ખોલાવીને જોયું છે તો છેલ્લાં બે બે પાંચ પાંચ મહિના સુધી એ કોમ્પ્યુટર ચાલુ પણ કરવામાં આવ્યા નથી.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી જયદ્રથસિંહજી.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા પંચાયત વિભાગની માગણી લઇને આવ્યો છું એમાં આ સન્માનીય સભાગૃહના સન્માનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો જેમાં સર્વશ્રી માનનીય પુંજાભાઇ, માનનીય રાજેન્દ્રસિંહજી, માનનીય બાબુભાઇ, માનનીય રાજેન્દ્રસિંહ ઠાકોર, માનનીય બ્રિજેશભાઇ, માનનીય અલ્પેશભાઇ, માનનીય કિરીટભાઇ, માનનીય રાજેન્દ્રસિંહ ચાવડા, માનનીય નૌશાદભાઇ આ સૌ મિત્રોએ મારા વિભાગની ચર્ચામાં ભાગ લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણી ઉપર જે જે માનનીય સભ્યશ્રીઓ ભાગ લીધો છે, સૂચનો કર્યા છે, સમર્થન આપ્યું છે, કોઇએ એમના વિચારો વ્યકત કર્યા છે, કોઇએ રાજય સરકારની કામગીરીને બિરદાવી છે. એમના રચનાત્મક સૂચનોને હું આવકારું છું ટીકા અને અવલોકનો પણ કર્યા છે. તેમાંથી જે કંઇ કરવા જેવું હશે તેનું વિશ્લેષણ કરીને હકારાત્મક અભિગમ રાજયના વિકાસ માટે અમે અપનાવીશું. આ તબક્કે ચર્ચામાં ભાગ લેનાર સર્વે માનનીય સભ્યશ્રીઓનો હૃદયપૂર્વક હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતી રાજ વ્યવસ્થા એ વેદકાળથી જુદા જુદા સ્વરૂપે અમલમાં છે. વૈદિક કાળમાં ગામને મૂળભૂત એકમ તરીકે ગણવામાં આવેલું, પંચ ત્યાં પરમેશ્વર એ આપણી પ્રાચીન પરંપરા અનુસાર ભારત દેશ એ ગામડાંમાં વસેવો અને ગામડાંથી બનેલો દેશ છે. પૂજય મહાત્મા ગાંધીજીએ એમ કહ્યું હતું કે ભારતના સાચા દર્શન કરવા હોય તો ગામડાંમાં જવું જોઇએ અને સર્વાંગી વિકાસ થાય તો જ આ દેશ ખરા અર્થમાં સમૃદ્ધ બનશે. પૂજય મહાત્મા ગાંધીજીનું ગ્રામ સ્વરાજયનું સ્વપ્ન પૂરું કરવા માટે હાલના આદરણીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના પનોતા પુત્ર આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા તેમના સફળ સંચાલન થકી ગ્રામ સ્વરાજયનું સ્વપ્ન પૂરું કરવા અને ગ્રામકક્ષાએ સંવાદિતા જળવાય અને વાદ વિવાદ વિના બિનહરીફ ગ્રામ પંચાયતોની ચૂંટણી થાય અને પંચાયતો નાણાકીય રીતે સદ્ધર થાય તે માટે રાજય સરકાર દ્વારા સમરસ યોજના અમલમાં મૂકીને પંચાયતોને નાણાકીય સદ્ધર કરવાનું અને તેમનું આ ભગીરથ કાર્ય આગળ ધપાવવાનું કામ આપણાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નીતિનભાઇ પટેલની સરકાર

રાત–દિવસ મહેનત કરી રહી છે. આ વિકાસની દિશાનો રાહ ચીંધ્યો છે. વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તે પ્રવૃત્તિ ચાલુ રહે તે માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર સતત જાગૃત, ચિંતનશીલ અને સંવેદનશીલ બનીને છેવાડાના માનવી અને વંચિતોના વિકાસ માટે અવિરત પ્રયાસો કરી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતનો કાયદો ગુજરાતમાં સને–૧૯૬૧થી ઘડવામાં આવેલો છે. પૂજ્ય મહાત્મા ગાંધીજી અને પૂજ્ય રવિશંકર મહારાજજીના વિચારને લઇને ગામડાંને બેઠા કરવા માટે કાયદાઓનું ઘડતર કર્યુ અને ૧૯૬૩માં ૧–૪–૬૩થી ત્રિસ્તરીય પંચાયતી રાજની શરૂઆત કરવામાં આવી. ત્યાર બાદ ૭૩માં બંધારણીય સુધારો તાઃ ૨૪–૪–૧૯૯૩થી અમલમાં આવતા આ બંધારણીય સુધારાને અનુરૂપ ગુજરાતમાં પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા સારું આ વિધાનસભા દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૬૧ના કાયદામાં જરૂરી સુધારાઓ કરીને ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ઘડવામાં આવેલ છે અને તેનો અમલ રાજયમાં ૧૫–૪–૧૯૯૪થી કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના અનુસૂચિત વિસ્તારોમાં બંધારણનો ૭૩મો ધારો લાગુ કરવા પેસાના નામથી ઓળખવામાં આવે છે. આ માટેનો પંચાયત ધારો ૧૯૯૬ કે જેને પેસાના નામથી ઓળખે છે. તેનો અમલ ગુજરાત પંચાયત સુધારા અધિનિયમ–૧૯૯૮થી રાજયના સંપૂર્ણ અનુસૂચિત જનજાતિ વિસ્તારોમાં લાગુ કરેલ છે અને તે હેઠળના પેસા નિયમો વિવિધ વિભાગોની આ બાબતને લગતી કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લઇ ૧૭–૧–૨૦૧૭થી બનાવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત શબ્દ ખૂબજ પુરાણો છે. પંચ ત્યાં પરમેશ્વરની પૌરાણિક ઉકિતમાં હજુ પણ આપણે સૌ અને સમગ્ર દેશ આજની તારીખે શ્રદ્ધા ધરાવીએ છીએ. આમ પંચાયતનો મૂળભૂત હેતુ તકરાર નિવારણની સંસ્થા માટે થયેલ છે અને આપણા હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇના કાર્યકાળમાં પંચાયતોને સમાધાન કરવા માટેની સંસ્થા સર્વસંમતિથી ચૂંટાતી પંચાયતો, સમરસ પંચાયતો તથા વિકાસ કરતી પંચાયતીરાજ વ્યવસ્થા તરીકે પ્રતિપાદીત કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતી રાજ વ્યવસ્થા ગુજરાતના આશરે ૧૮ હજાર જેટલા ગામડાં સુધી વિસ્તરેલ છે. તેના સફળ સંચાલન માટે હાલમાં ૧૪,૨૬૫ જેટલી ગ્રામ પંચાયતોને ૨૪૮ તાલુકો પંચાયતો અને ૩૩ જિલ્લા પંચાયતો આવેલ છે. તેનો વહીવટ ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા સૂચારુંરૂપે ચાલે છે. સમાજ જીવનમાં પંચાયતી રાજ વ્યવસ્થા એ ખૂબ જ અગત્યતા ધરાવે છે અને લોકશાહીના પાયાની સંસ્થા તરીકે ગ્રામ પંચાયત દ્વારા બહુમતીથી, સર્વસંમતિથી નિર્ણય કરી ઠરાવ દ્વારા કાર્યવાહી કરે છે. એ જ રીતે તાલુકા અને જિલ્લા પંચાયતનો વહીવટ પણ ચૂંટાયેલા પ્રતિનિધિ દ્વારા થાય છે. પંચાયતોના નિર્ણયની સીધી અસર સમાજ જીવનના ઘડતર સાથે જોડાયેલ છે. તે મુજબ ગ્રામ પંચાયત કક્ષાએ ગ્રામસભા એ અસરકારક પરિબળ છે. જેમાં ગ્રામસભાના તમામ મતદારો ભાગ લે છે. આમ સ્થાનિક સ્વરાજની ત્રણેય પાંખ દ્વારા થતા વહીવટથી અમલમાં આવતી પંચાયતી રાજ વ્યવસ્થા એ લોકોશાહીના વિકેન્દ્રીકરણની એક મહત્વની બંધારણીય રાજ વ્યવસ્થા છે. જેમાં હાલના તબક્કે રાજ્યમાં આશરે ૧,૩૦,૦૦૦ કરતાં વધારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા રાજ્યમાં ત્રિસ્તરીય પંચાયતી રાજનો વહીવટ સૂચારુંરૂપે અને સંવાદપૂર્ણ વાતાવરણમાં ચાલી રહ્યો છે ત્યારે આ રાજ્ય સરકાર હંમેશા પંચાયતી રાજ વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે પ્રતિબદ્ધ છે. ૨૦૧૮–૧૯ના અંદાજપત્રમાં મારા વિભાગની અનુદાન ઉપરની માગણી રજૂ કરતાં હું ખૂબ જ ધન્યતા અને હર્ષની લાગણી અનુભવું છું. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીની પરિકલ્પના મુજબ અન્ન, વસ્ત્ર, સંસ્કાર, સુવિધા સહજપણે અહીંયા સુલભ થાય અને આવાસના રૂપમાં તેનો લાભ લાભાર્થીઓને મળે તે માટે મારા વિભાગની અનુદાનની માગણી લઇને આવ્યો છું ત્યારે આપણું ગુજરાત કે જ્યાં ઘરવિહોણા દરેક પરિવારને એક ઘર મળે તેવો રાજ્ય સરકારનો શુભ આશય છે. ત્યારે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબની આગેવાની હેઠળ વંચિતોનો વિકાસ, ઘરવિહોણાને પોતાનું ઘર મળે, પોતાની મૂળભૂત જરૂરિયાત મળે એની વ્યવસ્થા પણ મારા પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવી છે. આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓનું સ્વપ્ન હતું કે, ગામડાંમાંથી જનપ્રવાહ શહેરની સગવડતાઓ અને આભા જોઇને શહેર તરફ પ્રયાણ કરતો હતો. આ એકતરફી જનપ્રવાહને અટકાવી શકાય અને શહેરીકરણને લગતા પ્રશ્નો ઊભા ન થાય અને આપણા છેવાડાના માનવીને શહેર જેવી સુવિધા ગામડાંમાં જ મળી રહે એવા શુભ આશયથી આત્મા ગામડાંનો અને સુવિધા શહેરની એ મંત્ર સાથે રુર્બન યોજના શરૂ કરવામાં આવી છે. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગામડાં વિકાસની દ્રષ્ટિએ પાછળ ન રહી જાય તેનો વિચાર કરીને આ વિચારને સાચા અર્થમાં અમલમાં મૂકવા માટે નાણા પંચની ગ્રાન્ટ સીધી જ ગ્રામ પંચાયતના ખાતામાં જમા થાય તેવો નિર્ણય કરીને ગામડાંના વિકાસ માટે નવો રાહ ચીંધ્યો છે અને તે મુજબ નાણાપંચની ગ્રાન્ટમાંથી જે વિકાસના કામો કરવાના છે તે ગ્રામ પંચાયતો પોતે નક્કી કરે તેવો નિર્ણય કરીને ગ્રામ પંચાયતની સત્તામાં વધારો કરીને ગામડાંના વિકાસના કામોમાં પ્રાણ પૂર્યા છે. રેતી, કંકણની અને ગેરવલની ગ્રાન્ટ જે અગાઉ ખાણ–ખનીજ વિભાગ દ્વારા પંચાયત વિભાગને હવાલે મૂકવામાં આવતી હતી જેના કારણે ગ્રામ પંચાયતને ગ્રાન્ટ મેળવવામાં વહીવટની પ્રક્રિયામાં સમય લાગતો હતો. તેના સ્થાને આ ગ્રાન્ટ સીધી જ સંબંધિત જિલ્લા પંચાયતોના હવાલે મૂકવાનો હકારાત્મક અભિગમ અપનાવેલ છે. જેથી વિકાસના કામો ઝડપથી કરી શકાય. તે જ રીતે પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણીય જોગવાઇ પ્રમાણે ફંડ, ફંક્શનરી પુરા પાડીને જુદા–જુદા વિભાગો જેવા કે કૃષિ, આરોગ્ય, શિક્ષણ, માર્ગ અને મકાન જેવા પાયાની સુવિધા ધરાવતા અન્ય વિભાગો દ્વારા જરૂરી બજેટ જોગવાઇ કરીને ગ્રાન્ટો ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે વાપરવા માટે રાજ્ય સરકારે પુરતી વ્યવસ્થા કરેલ છે. જે

ગામનો વિકાસ થયો છે મેં કીધું કે અન્ય સુવિધાઓ અન્ય વિભાગો દ્વારા પૂરી પાડવામાં આવી છે. એમાં આપણે જોઇએ તો મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના છે. દેશ આઝાદ થયા પછી વર્ષો સુધી ગામડાંએ એવી પરિસ્થિતિનો સામનો કર્યો છે કે, ગામડાંમાં રસ્તા નહોતા મળતા. આજે કોઇ ગામ એવું બાકી નથી કે જે પાકા ડામરના રસ્તાથી વંચિત હોય. ગુજરાતના ૧૦૦ ટકા રેવન્યુ વિલેજ પાકા રસ્તાથી જોડાયેલા છે એના માટે રાજ્ય સરકારે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનો અમલ કર્યો અને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ગામના વિકાસ માટે, ગામના રસ્તા બને એની ચિંતા કરી. આપણને ગામની પરિસ્થિતિની ખબર છે. બરોબર વર્ષો સુધી દેશ આઝાદ થયા પછી આપણે જોઇએ તો સાંજે જમવાના સમયે લાઇટ ગામડાંમાં ન હોય. જમવાના સમયે લાઇટ જાય. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આપણા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જ્યોતિગ્રામ યોજના અમલમાં મૂકી. મને યાદ છે કે, જે દિવસે જ્યોતિગ્રામ યોજનાનું બિલ અહીંયા સન્માનનીય સભાગૃહની અંદર લાવવામાં આવ્યું તે વખતે અમારી સામે બેઠેલા લોકોએ એનો વિરોધ કરીને વોકઆઉટ કર્યું હતું. અહીંયા હાઉસમાં એ હાજર ન હતા. ગામડાંને સુવિધા મળે એની અંદર પણ વિરોધ કરવાનો? ચોખ્ખું પાણી મળે, ફિલ્ટર કરેલું પાણી મળે, એના માટે જૂથ પાણી પુરવઠા યોજના ગામડાંમાં અમલમાં મૂકી. નર્મદાજીનું પવિત્ર પાણી ગામની અંદર મળે, ફિલ્ટર કરેલું પાણી મળે, આજે બજારમાં જે ફિલ્ટર કરેલું પાણી બોટલમાં મળે છે એ પાણી ગામની અંદર ગામના છેવાડાના વ્યક્તિને મળે એ કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યના ક્ષેત્રે જોઇએ તો ગામનો છેવાડાનો વ્યક્તિ આજે ૧૦૮ ઉપર ફોન કરે તો ગાડી આવીને ઉભી રહે છે. આ યોજનાની શરૂઆત ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. માં અમૃત્તમ યોજના, મા વાત્સલ્ય યોજના, કોઇ બીમાર પડ્યું હોય અને ગરીબ પરિવારનો વ્યક્તિ હોય એને બાયપાસ કરાવવું હોય, કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવી હોય તો કેટલી તકલીફ પડતી હતી. આજે એ માં વાત્સલ્ય યોજના અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગામડાં માટે અમલમાં લાવી. આપણા રાજયને એનો લાભ મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાન મંત્રી આવાસ યોજનાની વાત થઇ. પ્રાથમિક શાળાના ઓરડાઓ અંગે અહીંયા અમારા મિત્રો કહેતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, પાંચ વર્ષમાં પ્રાથમિક શાળાના ૩૯૧૩૭ નવા ઓરડાઓ ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવ્યા છે અને ૨૮૬૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ પ્રાથમિક શાળાના ઓરડાઓ માટે આપી છે. ગામના છેવાડાના વ્યક્તિની દીકરો-દીકરી અભ્યાસ કરે, પગભર થાય અને એનું જીવનધોરણ ઉંચું આવે એ શિક્ષણની ચિંતા પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આંગણવાડીના મકાનો બનાવ્યાં છે. ગ્રામ પંચાયતનું મકાન, તાલુકા પંચાયતનું મકાન, જિલ્લા પંચાયતનું મકાન અમારી સરકારે પક્ષાપક્ષીથી ઉપર ઉઠી પંચાયતોના મકાનો બનાવ્યાં છે. ગ્રામ પંચાયતના, તાલુકા પંચાયતના, જિલ્લા પંચાયતના મકાનો બનાવ્યાં છે. કરોડો રૂપિયા ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના મકાન માટે આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ હું અરવલ્લી ગયો હતો. ડો. અનિલભાઇ પણ ત્યાં હતા. એવું આલિશાન મકાન, તો એ પણ સ્વીકારો કે આટલું આલિશાન મકાન એમના જિલ્લામાં ભૂતકાળમાં ક્યારેય નહોતું બન્યું. એવું આલિશાન મકાન અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે અરવલ્લીમાં આપ્યું છે. અરવલ્લીમાં અમારી જિલ્લા પંચાયત નથી અમે પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને ૨૯ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ અરવલ્લીમાં આપી છે. આ કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અમારી સરકારે આયોજન મંડળ, ટ્રાયબલ, એ.ટી.વી.ટી. ગ્રાન્ટ, નવી ગ્રાન્ટ શરૂ કરી છે. એ.ટી.વી.ટી.માં સવા કરોડ, દોઢ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આયોજન આપણા તાલુકાની અંદર કરે અને કોઇ ગ્રાન્ટ કોઇ આયોજન મંડળના પૈસા કાપ્યા નથી. એ.ટી.વી.ટી.ની સવા સો, દોઢસો કરોડ રૂપિયાની ગ્રાન્ટ સીધી તાલુકાની અંદર એનું આયોજન થાય એ કામ એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટમાં અમારી સરકારે આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંમાં પાઇપલાઇ દ્વારા ગેસ ક્યારેય કોઇએ જોયું નહીં હોય. ગામડાંનું સ્વપ્ન હોય કે કયારે ગામડાંની અંદર શહેરોના જેવા પાઇપલાઇન દ્વારા ગેસ આવે, એવો ગેસ ક્યારે અમને ગામડાંમાં મળે તો ગામડાંમાં પાઇપલાઇનના ગેસ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગટર યોજના શહેરોમાં જોતા હતા. દેશ આઝાદ થયા પછી નગરપાલિકાઓમાં ગટર યોજના નહોતી કરી. આ ગટર યોજના ગામડાંની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયતના મકાનો આપ્યાં, વ્હીકલ્સ આપ્યા, આપણી તાલુકા પંચાયતમાં છેલ્લા બે વર્ષમાં ટી.ડી.ઓ.ની ભરતી, બદલી, બઢતીથી ૧૬૯ ટી.ડી.ઓ.ની નિમણૂક કરી. ડેપ્યુટી ડી. ડી. ઓ. માં છેલ્લા પાંચ વર્ષમાં ૯૭ ડેપ્યુટી ડી. ડી. ઓ., વર્ગ-૩ની છેલ્લા પાંચ વર્ષમાં ૨૧૯૦૦ જેટલી ભરતી કરી અને આ રીતે જે તે વિસ્તારોનો અવિરત વિકાસ થાય એના માટે અમારી રાજય સરકારે હંમેશાં પ્રયન્તશીલ અને કટિબધ્ધ રહી છે. અમારી સરકાર ગુજરાતનો વિકાસ પૂજ્ય મહાત્મા ગાંધીજીના ગ્રામ સ્વરાજના સ્વપ્નને સાકાર કરવા માટે તથા સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબે તેમની પ્રાણશક્તિથી અખંડ ભારતની રચના માટેની જે કાર્યવાહી કરેલ છે અને તેનાથી વિકાશીલ ગુજરાત, પ્રગતિશીલ ગુજરાત બને તે માટે પ્રતિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિભાગની જે યોજનાઓ છે સ્વચ્છ ગ્રામ સ્વચ્છ સ્થાન યોજના, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન, ૧૪ મું નાણાંપંચ, સરદાર આવાસ અર્બન અને સ્માર્ટ વીલેજ યોજના, સમરસ યોજના, ગરીબ કલ્યાણ મેળા, ઇ-ગ્રામ યોજના, નવીન પંચાયત ઘરો -નવા પંચાયત ઘરો બનાવવા, રીપેરીંગ કરવા અને જિલ્લા પંચાયત, તાલુકા

પંચાયતા મકાનો, જિલ્લા પંચાયત પસંદગી સમિતિની ભરતી પ્રક્રિયા, તિર્થ ગામ યોજના, પાવન ગામ યોજના. માનનીય અધ્યક્ષશ્રી મારો આ વિભાગ ગામ ડાના છેવાડાના માનવી માટે

સભાપતિશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનીટ. મારો આ વિભાગ છેવાડાના માનવી અને ગામડાંના માનવીને લાભ આપતો તેમજ વંચિતોનો વિકાસ કરતો વિભાગ છે અને જે રીતે મેં મારા વિભાગની કામગીરીનું વૃતાંત રજૂ કર્યું છે, તે ધ્યાને લેતાં મારા આ વિભાગની અનુદાન માટેની માગણીઓ જેની નાણાકીય બાબતોનો બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે તે યોજનાઓ અને અનુદાનની માગણીઓના સંદર્ભમાં વિરોધપક્ષના સૌ સભ્યશ્રીઓ કાપ દરખાસ્ત લાવ્યા છે, તેમને મારી વિનંતી છે કે આ ગામડાંના અને છેવાડાના ગામડાંના માનવીના વિકાસની વાત છે તો એમાં પુનઃવિચારણા કરી પોતાની કાપ દરખાસ્તો પાછી ખેંચી અને આ અનુદાન માટેની માગણીઓને સર્વાનુમતે ટેકો આપે તે માટે સર્વ સભ્યશ્રીઓને આપની મારફત વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિભાગ એ ગામડાંમાં વસતા સામાન્ય અને છેવાડાના માનવીઓને સેવાઓ આપતો વિભાગ છે, ત્યારે મારા આ વિભાગની અનુદાન માટેની માગણીઓ સર્વાનુમતે પસાર થાય તેવી આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

સભાપતિશ્રીઃ મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબાતોના વિભાગના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં મારા વિભાગની માગણીઓ લઇને આવ્યો છું, તેમાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત ઘણા સન્માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે અને જે કાંઇ સૂચનો પણ કર્યા છે એ તમામ સભ્યશ્રીઓનો આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ જે વિભાગ દ્વારા આ રાજયના ગરીબ લાભાર્થીઓ સુધી સસ્તા ભાવે અનાજ પહોંચાડવાનું કામ થઇ રહ્યું છે. આ વિભાગની વાત કરતાં પહેલાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આ વિભાગની અંદર જે થઇ રહ્યું છે, તેની વિગતવાર તેની વાતો પણ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું (અંતરાય..માનનીય જવાહરભાઇ) આ વિભાગની અંદર સમગ્ર રાજયની અંદર કામ થઇ રહ્યું છે. આમાં વિરોધપક્ષના નેતાશ્રીએ જે આંકડા રજૂ કર્યા છે અનેસાથો સાથે રાજકીય રીતે પોતાનું પ્રવચન કરતા હોય તેમ, તે રીતે વાત કરી છે. (અંતરાય) મેં પરેશભાઇને સાંભળ્યા છે. વિગતવાર રજૂઆત થયેલી છે. પહેલાં એમણે બાયોમેટ્રીક કાર્ડ વિશે વાત કરી અને આ બાયોમેટ્રીક સિસ્ટમ રાજય સરકારે જયારે અમલમાં મૂકી, ત્યારે આ સરકારનો મુખ્ય ધ્યેય એ હતો કે રાજયના ગરીબ લાભાર્થીઓ સુધી જાહેર વિતરણ વ્યસ્થા મારફતે અનાજ પહોંચવું જોઇએ. પછી એ ઘઉં આપતા હોય કે ચોખા, ખાંડ કે મીઠું કે ખાદ્યતેલ આપતા હોય તો તે એમના સુધી પહોંચે તેના માટે સમગ્ર રાજયની અંદર આ વિતરણ વ્યવસ્થા કરવામાં આવી છે. બાયો મેટ્રિકની અંદર ફિંગર પ્રિન્ટના પ્રોબ્લેમ આવતા હતા. જે અંતરીયાળ વિસ્તારો છે જે દૂરના વિસ્તારો છે જયાં ગરીબ પરિવાર મજૂરી પણ કરતાં હોય ત્યાં ફિંગર પ્રિન્ટની મુશ્કેલીઓ આવતી હતી ત્યારે પણ આ રાજય સરકારે નિર્ણય કર્યો હતો કે આવા પરિવારો અનાજથી વંચિત ન રહી જાય એટલા માટે મેન્યુઅલી આપવાનો પણ નિર્ણય કર્યો હતો આ અમારી સરકારની કટિબદ્ધતા છે. આ રાજય સરકારે અનાજનું ડાયવર્ઝન અટકાવવા માટે સમયસર પગલાં લીધા છે. મેં આ સભાગૃહની અંદર પ્રશ્નોત્તરીમાં પણ જવાબ આપ્યો હતો કે રાજય સરકારનો આધાર લીંકઅપ કરવાનો મુખ્ય ઉદ્દેશ ગરીબ લાભાર્થીઓ સુધી અનાજ પહોંચાડવાનો છે અને એના માટે અમે સતત પ્રયત્નો કર્યા છે અને એમાં અમને સફળતા મળતી ગઇ છે. પ્રશ્નોત્તરીમાં વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી આધાર લીંકઅપ માટે રજૂઆતો કરવામાં આવતી હતી કે આ સિસ્ટમમાં મુશ્કેલીઓ પડી રહી છે ત્યારે અમે જયાં પણ આવી તકલીફ પડતી હોય ત્યાં મેન્યુઅલ આપવાનો પણ નિર્ણય કર્યો હતો. અત્યારે સમગ્ર રાજયમાં સો ટકા આધાર લીંકઅપની કામગીરી પૂરી કરી દેવામાં આવી છે. અમે શરૂઆતમાં રાજયના અલગ અલગ જિલ્લાઓનું રિપોર્ટીંગ કર્યું હતું ત્યારે જિલ્લા વાઇઝ ૮૦ થી ૮૫ ટકા સુધીની કામગીરી પૂર્ણ થઇ હતી. સાથે સાથે બાયો મેટ્રિકમાં જે પ્રશ્નો ઉભા થયા એમાં નવી બાબત તરીકે આ વખતે આદરણીય નીતિનભાઇ આઇરીસનો નવો પ્રોજેકટ જે થમ્પ સાથે ફિંગર પ્રિન્ટ મેચ કરી એ રીતે આંખો સાથે પણ થાય એ માટે નવી જોગવાઇ કરીને આવતા દિવસોમાં એની અમલવારી કરવાના છીએ. આ સરકાર પ્રયત્નશીલ છે, સરકાર કટિબદ્ધ રીતે આગળ વધી રહી છે. રાજયની અંદર કયાંય પણ મુશ્કેલીઓ ન આવે અને ગરીબ લોકો સુધી અનાજ પહોંચે એ માટે આ વિભાગ દ્વારા રાજય સરકાર દ્વારા જે પ્રયત્નો કરવાના અમારા ભાગે આવશે એ અમે ચોક્કસ કરીશું. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ કે જેઓ આ વિભાગના વારંવાર પ્રશ્નો આવતા હતા એના માટે સમયાંતરે બેઠકો કરીને જાહેરમાં કહેતા હતા કે આ રાજય સરકાર કટિબદ્ધ છે અને પ્રયત્નશીલ છે. કયાંય મિલી ભગતની વાત આવતી હોય કાળાબજારની વાત આવતી હોય આ સરકાર કોઇને પણ છોડવા માગતી નથી કડકમાં કડક હાથે પગલાં લેવાના છીએ. એના માટે આખી સિસ્ટમ ગોઠવી છે. આધાર સાથે લીંકઅપ કરવામાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ નંબરે આવે છે, આક્ષેપ કરવા સહેલા છે.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કેરોસીનની ફાળવણી અંગે વાત કરી છે. એમણે કહ્યું કે કેરોસીનમાં ઘટાડો થતો જાય છે. મારે આ તબક્કે આ સભાગૃહને જણાવવું છે કે યુપીએની સરકાર હતી તે વખતે કોઇપણ કારણો વગર કેરોસીનના

જથ્થામાં ઘટાડો કરવામાં આવ્યો હતો. ચાલુ વર્ષે કેરોસીનના જથ્થામાં ઘટાડો કર્યો હોય તો એના માટે અમારા લોક લાડીલા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ઉજ્જવલા યોજના ગામડાં માટે અમલમાં મૂકી છે. આ યોજના નીચે ગામડાંના ગરીબ લોકોને ગેસના કનેકશનો આપ્યા છે એના લીધે કેરોસીનના જથ્થામાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઉજ્જવલા યોજના નીચે જેમ જેમ લોકોને લાભ આપતા ગયા એમ એમ કેરોસીનના જથ્થામાં ઘટાડો કરતા ગયા છીએ. જયારે યુ.પી.એ.ની સરકાર વખતે ગામડાંના ગરીબ પરિવારો માટે બીજી કોઇપણ યોજના અમલમાં નહોતી મૂકી અને છતાં કેરોસીનના જથ્થામાં ઘટાડો કર્યો હતો. અમારા વિભાગે આ યોજના અમલમાં મૂકી અને ગરીબ પરિવારોને એનો લાભ મળ્યો તેમ છતાં જયાં આ યોજનાનો લાભ નથી મળ્યો ત્યાં અમે કેરોસીન પણ આપી રહ્યા છીએ. અને આવનાર દિવસોમાં નવી બાબત તરીકે ગરીબ પરિવારોને ગેસ કનેક્શન મળે એ માટે રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. સાથેસાથે માનનીય સભ્યશ્રીઓએ વાત કરીકે ફાળવણી અને વિતરણનું પ્રમાણ ઘટાડતા જાય છે. હું ગૌરવ સાથે કહું છું કે ઘઉં અને ચોખાની ફાળવણી આપણને કેન્દ્ર સરકાર દ્વારા થાય છે એમાં આ યોજનામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જાહેર વિતરણ વ્યવસ્થા મારફત સમગ્ર રાજ્યની અંદર એફ.સી.આઇ.ના ગોડાઉનોમાંથી નિગમના ગોડાઉન અને નિગમના ગોડાઉનથી તાલુકા પ્લેસ સુધી અને તાલુકા પ્લેસથી દુકાનદાર સુધી પહોંચે છે. તેમાં વિતરણ વ્યવસ્થાની ટકાવારી ઉંચી છે અને જે રીતે અહીંયાં સુરત અને અમરેલી જિલ્લાની જે કોઇ વાત કરી ત્યાં તપાસ પણ ચાલુ છે. ક્રાઇમ બ્રાન્ચને તપાસ સોંપીને આ જિલ્લા પૂરતી નહીં પરંતુ સમગ્ર રાજ્યની અંદર સમયે સમયે ચેકીંગ થતું હોય છે. કાળા બજારીયાઓ અને આવું ખોટું કરવાનો પ્રયત્ન કરતા હશે તો રાજ્ય સરકાર કોઇને છોડવાની નથી. અગાઉ વિધાનસભામાં પણ કહ્યું હતું અને આજે પણ કહું છું કે આ પક્ષાપક્ષીનો વિષય નથી. પણ ગરીબ લાભાર્થીઓ સુધી અનાજ પહોંચાડવા માટે જે કોઇ સરકારની યોજના છે એનો સારી રીતે અમે અમલ કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગ તરફથી ઘઉં આપતા હોઇએ, ચોખા આપતા હોઇએ, ખાંડ આપતા હોય, આયોડીનયુક્ત મીઠું આપતા હોય, ખાદ્યતેલ આપતા હોય તો એમાં પેકીંગ ઉપર સ્પષ્ટ ભાવ લખવામાં આવે છે. ખાદ્યતેલ વર્ષમાં બે વાર રૂ.૪૮/-નું લિટરના ભાવે તહેવારોમાં આપીએ છીએ. આદરણીય શ્રી નીતિનભાઇએ કહ્યું હતું કે બે વખતની જગ્યાએ ચાર વખત વિતરણ કરવામાં આવે અને જે સબસિડી આપવાની થતી હતી એ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સંયુક્ત પ્રયત્નોથી આપીશું અને આ રીતે આપણી વિતરણ વ્યવસ્થા ચાલી રહી છે અને એકપણ જગ્યાએ રાજ્યની અંદર આવનાર દિવસોમાં સો ટકા પરિણામ મળે તેવા પ્રયત્નો કરી રહ્યા છીએ. આઇરીશ નવા પ્રોજેક્ટ તરીકે લીધેલ છે. ગરીબ લોકોના ભાગે આવતું અનાજ એમને મળવું જોઇએ. જે તે વખતે મેં સૌને વિનંતી કરી હતી અને આજે પણ કહું છું કે આપણે સૌ અલગ અલગ તાલુકાનું નેતૃત્વ કરી રહ્યા છીએ. જ્યાં મુશ્કેલી પડે ત્યાં અમારું ધ્યાન જરૂરથી દોરજો. ગરીબ લાભાર્થીઓનો પ્રશ્ન છે ત્યાં સુધી શ્રી વિજયભાઇના નેતૃત્વવાળી આ સરકાર આગળ વધી રહી છે અને સારામાં સારા પરિણામો મળે એ દિશામાં રાજ્ય સરકાર હરહંમેશ પ્રયત્ન કરી રહી છે. સાથોસાથ આટલું બધુ અનાજ વિતરણ કરતા હોઇએ ત્યારે સ્વાભાવિક રીતે જ તાલુકા પ્લેસ ઉપર ગોડાઉનોની જરૂર પડે. કોઇવાર વહેલુ અનાજ આવી ગયું હોય, તો એવી જગ્યાએ અનાજ બગડી ન જાય, એને રાખવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. રાજ્યના એકેએક તાલુકા પ્લેસ ઉપર ગોડાઉનો બનાવવાનું આયોજન છે તથા જ્યાં છે એની સંગ્રહશક્તિમાં વધારો થાય એવું રાજ્ય સરકારે આયોજન કરેલ છે. સમગ્ર રાજ્યમાં ૮૪ જગ્યાએ બાંધકામ થઇ રહ્યા છે. તા.૩૧-૩-૨૦૧૯ સુધીમાં તમામ કામ પૂર્ણ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે. સાથોસાથ જે ગોડાઉન જર્જરીત થઇ ગયા છે એને રીપેરીંગ કરીને સારા બનાવવાની દિશામાં આ વિભાગ આગળ વધી રહ્યો છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો બન્યો ત્યારથી રાજ્ય સરકારે અમલવારી શરૂ કરી છે અને ૩.૮૨ લાખ મેટ્રીક ટન અનાજનો જથ્થો પહોંચાડવા માટે આ કાયદામાં જોગવાઇ કરવામાં આવી હતી અને આ કાયદાની જોગવાઇને અનુરૂપ સમગ્ર રાજ્યની અંદર જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગરીબોને ૧૭૦૦૦થી વધુ સસ્તા અનાજની દુકાનો મારફત અનાજનું વિતરણ થઇ રહ્યું છે. જે કોઇ જગ્યાએ નવી દુકાનો આપવાની રજૂઆત થતી હોય છે. એમાં ગ્રામ્ય વિસ્તારો અને શહેરી વિસ્તારોમાં એના અલગ અલગ ક્રાઇટ એરીયા હોય છે. આ રીતે ગરીબ લાભાર્થીઓને અનાજ મળે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્ન કરી રહી છે અને આગળ વધી રહી છે. શ્રી હર્ષદભાઇએ વાત કરી છે. ૧૫ કિલો કે ૧૫ લિટર ખાદ્યતેલો ઉપર જેનું વેચાણ થતું હોય એ સ્પષ્ટ શબ્દોમાં લખવું જોઇએ. મારે સભ્યશ્રીને જણાવવું છે કે દરેક પેકીંગ ઉપર ૧૫ કિલો કે ૧૫ લિટર સ્પષ્ટ શબ્દોમાં લખેલું હોય છે. આ રીતે સમગ્ર રાજ્યની અંદર વિતરણ વ્યવસ્થા સારી રીતે કરવા માટે સરકાર કટિબદ્ધ રીતે આગળ વધી રહી છે. સમયના હિસાબે હું મારી વાત ટૂંકાવું છું. સરકાર ખૂબ જ સારી રીતે કામગીરી કરી રહી છે ત્યારે મારા વિભાગની હું જે માગણીઓ લઇને આવ્યો છું તેને માનનીય સૌ સભ્યો સર્વાનુમતે એને મંજૂરી મળે એના માટે સહકાર આપે તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમે પણ ઇચ્છતા હતા કે મંત્રીશ્રી દ્વારા, આમાં મારી કોઇ રાજકીય ટીકા-ટિપ્પણ નથી. ગરીબના મોઢે કોળિયો પહોંચે એ માટે આખા ગૃહની ચિંતા હોય. સમગ્ર ગુજરાતની અંદર ૮ લાખ ૧૫ હજાર ૬૦૭ રેશનકાર્ડ, ૨૦૧૦થી બાયોમેટ્રિક કાર્ડ લાવ્યા. આઠ વર્ષ થયા નકલી અંગૂઠા મારી (અંતરાય)

સભાપતિશ્રી : આપના પ્રવચનમાં આપે બધી ચર્ચા કરી છે.

શ્રી પરેશ ધાનાણી : અનાજનો જથ્થો બારોબાર ઉપડી જાય છે.

સભાપતિશ્રી : સમય ઓછો છે. માનનીયશ્રી ગણપતભાઇ..(અંતરાય) પ્લીઝ, આપને પૂરતો સમય આપ્યો છે.

ફાલ્ગુન ૨૯, ૧૯૩૯ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી પરેશ ધાનાણી : મંત્રીશ્રીનો જવાબ સાંભળવા જ બેઠો હતો. અમારે ટેકો આપવો હતો. આ ૧૨ હજાર કરોડનું કૌભાંડ છે. આ એના આધાર–પૂરાવા છે.

સભાપતિશ્રી : આપના પ્રવચનમાં આ વાત આવી ગઇ છે.

શ્રી પરેશ ધાનાણી : આ ફ્લોર ઉપર ચર્ચા કરવા તૈયાર છું. હું તો ઇચ્છું કે બધા સાથે મળીને આમાં જોઇન્ટ પાર્લામેન્ટરી કમિટીની જેમ એક સંયુક્ત કમિટી બને અને જિલ્લાવાર જેટલા નકલી રેશનકાર્ડ છે, ફિંગરપ્રિન્ટ ચોરાઇ ગયા છે. હવે નકલી ફિંગરપ્રિન્ટથી જથ્થો ઉડી જાય છે. કાલે માનનીય નીતિનભાઇ, તમારા નામે નકલી અંગુઠો છે, ખાતામાંથી પૈસા પણ ઉપડી જશે. પ્રશ્ન એ છે મારો.

સભાપતિશ્રી : સમય ઓછો છે. ગણપતભાઇ જવાબ આપશે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સમગ્ર બાબતની ફરિયાદ થઇ ચૂકી છે. હાલમાં પોલીસ વિભાગ દ્વારા તપાસ પણ ચાલી રહી છે. રાજ્ય સરકાર કોઇને છોડશે નહીં.

સભાપતિશ્રી : આપનું પ્રવચન શરૂ કરો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, મારા વન વિભાગની માગણી લઇને આ ગૃહમાં આવ્યો છું. વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૨૦૧ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. હું માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો આભાર માનું છું કે, વર્ષ ૨૦૧૮–૧૯ માટે ૧૨૬૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. મારા વન વિભાગની માગણીઓ ઉપર વિશેષ કરીને નરેશભાઇ પટેલ, ભગવાનભાઇ પણ આવી ગયા છે અને હર્ષદભાઇએ પણ આ વિભાગની માગણી ઉપર ચર્ચામાં ભાગ લીધો છે. આપણે સૌ ખૂબ સારી રીતે જાણીએ છીએ અને વૃક્ષો અને વનોના લાભોથી આપણે બધા જ પરિચિત છીએ. વૃક્ષો અને વનોએ હરહંમેશ માનવીને ઘણું બધું આપ્યું છે. છતાં પણ બદલામાં આપણી પાસે કાંઇ અપેક્ષા રાખતા નથી. આપણા એક વફાદાર મિત્ર તરીકે હરહંમેશ વનો અને વૃક્ષો આદિ અનાદિ કાળથી આપણા બધાને ઉપયોગી બને છે ત્યારે આ ગૃહના સભ્યોને આજે મને જણાવતા આનંદ થાય છે કે આજે વિશ્વ ચકલી દિવસ છે. આજના દિવસે મારા વન વિભાગની માગણી પણ છે. બીજી પણ એક વાત આપના મારફતે ગૃહના સભ્યોને જણાવવા માગું છું કે, આવતી કાલ એટલે કે તા. ૨૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ આંતરરાષ્ટ્રીય વન દિવસ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે ગુજરાત પણ પાછળ ના રહી જાય એના માટે આપણા સૌના લોકલાડીલા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબે સેટકોમના માધ્યમથી ગુજરાતના લાખો લોકોને વન અને પર્યાવરણનો વિવેકપૂર્ણ ઉપયોગ અને જાળવણી અંગે સંદેશો આપવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, સંસ્કૃતિ પ્રધાન એવા આપણા દેશમાં વૃક્ષો, વનો અને વન્ય જીવોની પૂજા–અર્ચના આદી–અનાદી કાળથી થતી આવી છે. વનો આપણા માટે અમૂલ્ય છે. વૃક્ષો અને વનો માનવીની પાયાની એવી તમામ જરૂરિયાતો આપણી સંતોષે છે એ ઇમારતી લાકડું હોય, બળતણનું લાકડું હોય, પશુ માટે ગૌચર હોય, વિવિધ ઔષધી હોય, ફળ–ફળાદી હોય, મધ હોય, મીણ હોય, ગુંદર હોય અસંખ્ય જરૂરિયાતો પૂરી પાડે છે ત્યારે વનો દ્વારા થતા ફાયદા અસંખ્ય છે. જીવ માત્રને જે જરૂરીછે એવો પ્રાણવાયુ આપવામાં પણ આપણને આ વનો અને વૃક્ષો ઉપયોગી બને છે. જમીનનું ધોવાણ અટકાવવું હોય, રણને આગળ વધતું અટકાવવું હોય, દરિયાને આગળ વધતો અટકાવવો હોય, જમીનની ફળદ્રુપતા ટકાવવી હોય, જમીનના પેટાળમાં પાણીનો સંગ્રહ કરવો હોય, પ્રદૂષણ અટકાવવું હોય એવા અનેકો અનેક અસંખ્ય ઉપકારો આ વનો અને વૃક્ષો દ્વારા આપણને બધાને આશીર્વાદ મળી રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા ગુજરાતના વન વિભાગ દ્વારા પણ આમ તો ગુજરાત દરેક ક્ષેત્રની અંદર સમગ્ર દેશમાં આજે એક રોલ મોડલ બન્યું છે ત્યારે વન વિભાગમાં પણ જે સારામાં સારી આપણે બીજા રાજ્યોને દાખલો આપી શકીએ એવી જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેનો ટૂંકમાં ચિતાર આપું તો ૧૯૯૧માં ગુજરાતનો ભૌગોલિક વિસ્તારના ૧૧૯૦૭ ચો.કિ.મિ. જેટલો વનાવરણ વિસ્તાર હતો ગુજરાતનો, છેલ્લા ૧૫ વર્ષમાં રાજ્ય સરકારના પ્રયત્નોથી ૨૦૧૫ માં એમાં વધારો થયો અને ૧૪૬૦૦ ચો.કિ.મિ. જેટલો આપણે વધારો કરી શક્યા છીએ. એટલે વનાવરણ, આવરણ વિસ્તારની અંદર ૨૩% જેટલો ગુજરાતમાં વધારો જોવા મળ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, વન વિસ્તારની બહારના વૃક્ષોની સંખ્યામાં વાત કરીએ તો ગુજરાત એ સમગ્ર દેશમાં કેરલ પછી બીજા નંબરે આવે છે. એ જ પ્રમાણે ફોરેસ્ટ ઓફ ઇન્ડિયાના સરવે પ્રમાણે ૨૦૧૭ ના રિપોર્ટ મુજબ આખા દેશમાં વન વિસ્તાર બહારના વૃક્ષોના આવરણની ટકાવારી જોઇએ તો સમગ્ર દેશની ૨.૮૨% છે. જ્યારે ગુજરાતની એકલાની ૪.૪% છે. ૨૦૦૩ માં ભારત સરકાર દ્વારા સરવે કરવામાં આવ્યો કે વન બહારના વિસ્તારોમાં કયા કયા રાજ્યોમાં કેટલા વૃક્ષો છે? આપણે ત્યાં ૨૫ કરોડની સંખ્યા હતી. ૨૦૧૩ માં ૧૦ વર્ષ પછી સરવે થયો ત્યારે ૨૫ કરોડના બદલે આપણે ૩૦ કરોડની વૃક્ષોની સંખ્યાએ પહોંચ્યા છીએ. એટલે કે છેલ્લા ૧૦ વર્ષમાં ૨૦% નો વૃક્ષોમાં વધારો કરવામાં આ ગુજરાત સરકાર સફળ થઇ છે અને છેલ્લા ૧૫ વર્ષમાં વનાવરણ ક્ષેત્રમાં દેશમાં આપણો ૧૬મો નંબર હતો. ૧૬માં નંબર પરથી ત્રીજા નંબરે (અંતરાય)

સભાપતિશ્રી : આપની પાસે ત્રણ મિનિટ છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : ૧૫ મિનિટનો સમય છે (અંતરાય)

સભાપતિશ્રી : સમય નથીને. ફળદુ સાહેબને બોલવાનું છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : ટૂંકમાં મારી વાત પૂરી કરીશ. ગોવા અને દિલ્હી જેવા બે નાના રાજ્યો આપણા કરતા આગળ છે એ આપણા ગુજરાત માટે ખૂબ ગૌરવની વાત છે.

## તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

સભાપતિશ્રી : જોષીભાઇ આપ બેઠા બેઠા નહીં બોલો, પ્લીઝ એમને બોલવા દો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : એનાથી પણ આગળ વધુ તો માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે અમારી ગુજરાત સરકારના લોકપ્રિય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબ ખૂબ દયાપ્રેમી છે અને સમગ્ર રાજ્યમાં સમગ્ર દેશની અંદર એમણે ઉદાહરણ પૂરું પાડ્યું છે કે જયારે ઉતરાણનું પર્વ હોય ત્યારે ઘાયલ થતા મુંગા પક્ષીઓની ચિંતા કરવામાં એક માત્ર રાજય હોય તો ગુજરાત છે. ઉતરાણના તહેવાર દરમિયાન પતંગની દોરીઓથી ઘવાતા પક્ષીઓની સારવાર માટે રાજયવ્યાપી ૧૦ દિવસનું કરૂણા અભિયાન ૨૦૧૭ થી શરૂ કરવામાં આવ્યું છે. ૨૦૧૮માં એને વધુ સારી રીતે કામ કરવા માટે માનનીય મુખ્યમંત્રી સાહેબે પોતે ત્રણ વખત બેઠક બોલાવી અને ૬૭૫ જેટલા દવાખાનાઓમાં વ્યવસ્થા કરી. માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ મને વધારે આપવી પડશે. ૪૫૬ જેટલા ડોકટરોની નિમણૂક કરવામાં આવી. આજે મને કહેતા આનંદ થાય છે કે ૨૦૧૭માં ૮૩૦૮ પક્ષી બચાવ્યા હતા એની સામે ૨૦૧૮માં ૧૦૫૩૧ પક્ષીઓના જીવ બચાવવાનું કાર્ય એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અહીંયા સિંહોની પણ ચિંતા આપણે બધા જ લોકો કરીએ છીએ.

સભાપતિશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : એક જ મિનિટ માનનીય અધ્યક્ષશ્રી, કારણકે સિંહો એ ગુજરાતનું ગૌરવ છે ત્યારે આ સિંહો ૨૦૦૫માં સરવે થયો ત્યારે માત્ર ૩૫૯ હતા. આજે ૨૦૧૫માં સરવે થયો ત્યારે ૫૨૩ જેટલી સંખ્યા સિંહોની થઇ એટલે કે ૪૬ ટકા જેટલો સિંહોની સંખ્યામાં પણ વધારો થયો છે. (અંતરાય) એક જ મિનિટ, (અંતરાય)

સભાપતિશ્રી : જોષીભાઇ, આપ વચ્ચે નહીં બોલો. મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી બેસો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : ત્રીજી માર્ચનો દિવસ એટલે વન્ય પ્રાણી દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે. આ વખતે ભારત સરકારે આ વિશ્વ વન્ય પ્રાણી દિવસ ઉજવવાનું નકકી કર્યું અને સાસણ ગીરમાં કેન્દ્ર સરકારના વનમંત્રીશ્રી આવ્યા, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પણ આવ્યા અને સિંહોના સંવર્ધન અને સંરક્ષણમાં જે ગુજરાતે સારી કામગીરી બતાવી છે એ સમગ્ર રાજય એનું અનુકરણ કરે એવી વાત આપણા કેન્દ્રના મંત્રીશ્રીએ પણ કરી છે. મારી જે માગણી છે એ વૃક્ષો માટેની છે, વનો માટેની છે, પ્રાણીઓ માટેની છે એટલે વિપક્ષના મિત્રો એમની કાપ દરખાસ્ત પાછી ખેંચે અને સર્વસંમતિથી મારૂં બજેટ મંજૂર કરે એવી મારી વિનંતી છે. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી ફળદુસાહેબ, (અંતરાય) આપ બેસો, ઓર્ડર ઓર્ડર, પ્લીઝ આપ બેસો. ભગવાનભાઇ, આપ બેસો, મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય પછી.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ ( કૃષિ અને સહકાર અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ લઇ અને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યો છું. ગ્રામ સમૃદ્ધ થાય અને સુખાકારી મેળવે તો જ રાજય અને રાષ્ટ્રનો વિકાસ થાય છે અને આવા શુભ આશય સાથે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણ માટે અમારો ગ્રામીણ વિકાસ વિભાગ કામ કરી રહ્યો છે. અમારા વિભાગ હેઠળ ૯ થી ૧૦ યોજનાઓ જે કાર્યાન્વિત છે એ અંગે થોડું ફોકસ કરીશ કારણકે હું છેલ્લો વકતા છું અને સમયની પણ મર્યાદા છે. રાજયના ગ્રામીણ વિસ્તારમાં જરૂરતમંદ લોકોને રોજગારી સાથે ટકાઉ અસ્કયામતો ઉભી કરવા માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અમલમાં છે. એ રીતે મહિલા સશક્તિકરણ સાથે આજીવિકાની તકો પૂરી પાડવા માટે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન દ્વારા કામગીરી ચલાવવામાં આવે છે. એ જ રીતે સ્વચ્છતા અને સ્વાસ્થ્યને ઉત્તેજન આપી ખુલ્લામાં શૌચ ક્રિયા સદંતર આ રાજયમાં બંધ થાય એ માટે ગ્રામીણ વિસ્તારોમાં જીવનની ગુણવત્તામાં સુધારો લાવવા માટે સ્વચ્છતા ભારત મિશન હેઠળ નિર્મળ ગુજરાત હેઠળ કામગીરી ચાલી રહી છે. ગ્રામીણ ગરીબોને આવાસની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના આ રાજયમાં અમલમાં છે. ભૂમિ અને પેયજળ ભેજ સંરક્ષણના સંદર્ભમાં જમીન સુધારણા અને જળસંચયના કામો માટે પ્રધાનમંત્રી સિંચાઇ યોજના વોટરશેડ કોમ્પોનન્ટની કામગીરી પણ અમારા વિભાગ હેઠળ કરવામાં આવી રહી છે. એ રીતે દેશના ગ્રામ્ય વિસ્તારોમાં શહેર જેવી જ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય અને આ માટે શ્યામા પ્રસાદ મુખરજી રુર્બન મીશન યોજના હેઠળ પણ કામગીરી કરવામાં આવી રહી છે. પર્યાવરણના જતન અને સંવિધાન સાથે ગ્રામીણ સંસ્કૃતિનો વારસો અને એનું જતન થાય તે માટે વૃંદાવન યોજનાની પણ અમલીવારી થઇ રહી છે. વંચિતા ધરાવતા કુટુંબોને તાલીમ, સતત સહાય અને સ્વનિર્ભરતા માટે જરૂરી સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવા માટે રુચિકર કામો કામ પ્રાપ્ત થાય તે પ્રકારની કામગીરી અમારા વિભાગ હેઠળ ચલાવવામાં આવી રહી છે. એક નવી સેવા તરીકે રાજયના મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની પ્રેરણાથી અમારો વિભાગ એક નવી સેવા યુવકોને રોજગારીના ક્ષેત્રમાં ઉત્તેજન આપવા માટેની નવી સેવા લઇને આવી રહ્યા છે, જેનું નામ મુખ્યમંત્રી ગ્રામોદય યોજના. કુશળ અને ગ્રામીણ યુવાનો ગ્રામીણ સાહસિકોને રોજગારી પૂરી પાડવા માટેની આ યોજનાનો હેતુ છે. આના સંદર્ભમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં ૩૨૧૬.૧૦ કરોડનું વાર્ષિક આયોજન છે. પ્રધાનમંત્રી આવાસ યોજના આ ગ્રામીણ ક્ષેત્રની યોજના છે અને સમગ્ર રાજ્યની અંદર પ્રત્યેક ગરીબ વ્યક્તિ ગામડાંમાં જેનું કાચું મકાન છે, જેને ૨૦૧૧ માં સામાજિક આર્થિક સરવેની વસતિ ગણતરી થઇ એમાં જે લોકો ફાઇન્ડ આઉટ થયા છે, જેનું મકાન કાચું છે કે ઘરવિહોણા પરિવારો છે, એવા પરિવારોને પાકું મકાન મળે તે માટે રાજ્ય સરકાર અને આપણી આવાસ યોજના ચલાવવામાં આવે છે એમાં ૧,૨૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે અને જે લોકોને મકાનમાં વધારાની એકાદ રૂમ બનાવવી હોય તો આવા પરિવારને ૭૦,૦૦૦/-રૂપિયાની લોન પણ આપવામાં આવશે. જેમાં ૨૦,૦૦૦ રૂપિયાની વ્યાજ સબસિડીની જોગવાઇ પણ

કરવામાં આવી છે. ૧,૨૦,૦૦૦ રૂપિયાની સહાયતામાં મનરેગા અંતર્ગત ૧૭,૨૮૦ રૂપિયા અને શૌચાલય માટે ૧૨૦૦૦ રૂપિયા એમ કરીને ૧,૪૯,૨૮૦ રૂપિયાની મદદ સાથે એમાં વિશેષતા એ છે કે મકાન વિહોણા પરિવારોને ૧૦૦ ચો.મી.ની જમીન પણ મકાન બાંધવા માટે આપવામાં આવશે અને એ રીતે આ યોજનામાં આ રાજ્યમાં ખૂબ ગતિથી આગળ વધે અને આવનારા દિવસોમાં ૨૦૨૨ સુધીમાં ગ્રામીણ ક્ષેત્રમાં ગરીબ પરિવાર, ઘર વિહોણા કાચા મકાનમાં રહે છે. આવા લોકોને પાકા મકાનમાં કેવી રીતે આવી શકે, તે માટે આ વર્ષમાં એક લાખ મકાનો બાંધવાનું આયોજન લઇને હાઉસ સમક્ષ આવ્યા છીએ અને પ્લાનિંગ પણ એ પ્રમાણે થયું છે. આ યોજના હેઠળ ૨,૦૪,૭૦૩ નો લક્ષ્યાંક છે. તેની સામે ૧,૭૭,૯૯૫ આવાસોને પણ મંજૂરી આપવામાં આવી છે. જેમા ૧,૪૨,૧૧૮ આવાસોના કામ હાલમાં પ્રગતિ હેઠળ છે. લાભાર્થીઓને અત્યાર સુધીમાં ૧૧૯૧ કરોડ રૂપિયાનું ચુકવણું પણ કરવામાં આવ્યું છે. એ રીતે બીજી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનામાં પણ અમારો વિભાગ કામ કરી રહ્યું છે. આ વિભાગ હેઠળ ગરીબ કુટુંબો ગ્રામીણ ક્ષેત્રમાં વસે છે. જેમને થોડુંક વર્ષ નબળું થાય તો આવા પરિવારને રોજીરોટી કમાવવા માટે, જીવન ગુજારવા માટેની સમસ્યા ઊભી થાય છે. આવા જ પરિવારોને ફોકસ કરી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના અમલમાં છે. આવા પરિવારોને કુટુંબ દીઠ વર્ષમાં ૧૦૦ દિવસ કામ મળે, જેમાં એમને રોજીરોટી રળવા માટેનું જ પ્લાનિંગ હોય છે. એમાં જે કામો હાથ લઇએ છીએ. તે ટકાઉ અને આવનારા દિવસોમાં ખેતીવાડીને દ્રષ્ટીમાં રાખીને કેન્દ્ર સરકારની ગાઇડલાઇન મળી છે, તેમાં ૬૦ ટકા એવાં કામ કેન્દ્રીય પુરુસ્કૃત યોજનામાં લેવાનાં કે જેનાથી ખેતીવાડીને પણ ઉત્તેજન મળે, ખેતીવાડીને પાણી અન્ય સવલતો પ્રાપ્ત થાય એ પ્રકારની કામગીરી આની અંદર કરવાની હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ સબપ્લાન માટે આની અંદર ૬૮.૫૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. એ જ રીતે ખાસ અંગભૂત યોજના હેઠળ ૨૭.૫૭ કરોડ રૂપિયાની જોગવાઇ રાખવામાં આવી છે. આ યોજના હેઠળ ૫(પાંચ) લાખ ૨૫(પચ્ચીસ) હજાર રોજગારી માનવદિન ઉભા કરવા માટેનું અમારું પ્લાનિંગ છે. સ્વચ્છ ભારત ગ્રામીણ મિશન યોજના હેઠળ સ્વચ્છતા અને સ્વાસ્થ્યને ઉત્તેજન આપી ખુલ્લામાં શૌચક્રિયા સદંતર બંધ કરાવી ગ્રામીણ વિસ્તારોમાં જીવનની ગુણવત્તામાં સુધારો લાવવા માટે ગ્રામ પંચાયત સ્તરે કામગીરી કરવાની થતી હોય છે.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના એજન્ડા ઉપરનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

સભાપતિશ્રી : મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે છે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : આ રીતે વ્યક્તિગત શૌચાલય, સામૂહિક શૌચાલયના કામો, ઘન કચરાના કામો કરવામાં આવે છે. વ્યક્તિગત શૌચાલયની કામગીરી કરવામાં આવે છે તે જ રીતે સામૂહિક શૌચાલયની સુવિદ્યા વિકસાવવામાં આવે છે. ઘન કચરાના સલામત નિકાલની વ્યવસ્થા કરી છે તે જ રીતે પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થાનું નવું પ્લાનિંગ લઇને આવી રહ્યા છીએ. એ જ રીતે ૨૦૧૨ની સરવે બેઝલાઇન પ્રમાણે ૨-૧૦-૨૦૧૪ થી આ શૌચાલયનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. શૌચાલય માટે ૧૨ હજાર રૂપિયા પ્રતિયુનિટ આપવામાં આવે છે. આ પ્રકારે અમારા વિવિધ વિભાગો ગ્રામીણ ક્ષેત્રના વિકાસ માટે કામ કરી રહ્યા છે. તેવા સંજોગોમાં મારા વિભાગની માગણીઓ લઇને આવ્યો છું. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ ચેકડેમો કરવામાં આવે છે. વોટરશેડના કામ કરવામાં આવે છે. અનુશ્રવણ તળાવની કામગીરી કરવામાં આવે છે. પર્કોલેશન ટેન્કની કામગીરી કરવામાં આવે છે. આ બધી કામગીરી ગ્રામીણ ક્ષેત્રમાં વસતા લોકોના ઉપયોગ માટે કરવામાં આવે છે. સામે ગરીબ લોકોને રોજગારી આપવાના ક્ષેત્રમાં કામગીરી કરવામાં આવે છે. તે રીતે અમારો વિભાગ કામગીરી કરી રહ્યો હોય તેવા વખતે મારા વિભાગની માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતી વખતે કેટલાક મિત્રોએ અમારા કાન આમળવાનું કામ કર્યુ છે અને કેટલાક લોકોએ જે આક્ષેપ કર્યા છે તેનો જવાબ મારે આપવો છે. શૌચાલયની બાબતમાં ગેરરીતિની બાબત અંગે જે કહ્યું છે ત્યારે મારે કહેવું છે કે અમારે કોઇને છાવરવા નથી. અમને તો સાક્ષીભાવથી કામ કરવા માટે ગુજરાતની પ્રજાએ અહીં મોકલ્યા છે. એવા વખતે શૌચાલયની કામગીરી હેઠળ કયાંક ગેરરીતિ થઇ છે અને અમને ફરિયાદ મળી છે, તમારી પાસે ફરિયાદ આવે અને તમારા ધ્યાનમાં આવે તો ચોકકસ અમારું ધ્યાન દોરજો અમારે કોઇને છોડવા નથી, કોઇને છોડવા નથી. ખોટું કરતો હોય, આ રાજયના પ્રજાજનોની સાથે વિશ્વાસઘાત કરતો હોય તે કર્મચારી હોય કે કોઇપણ હોય કોઇને આ સરકાર છોડવા માગતી નથી. વાતો કરીને જતા રહે એ જ તકલીફ છે ને? ગેરરીતિ માટે ૧૩ લોકોની સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. ૨૯ કર્મચારીને ફરજ ઉપરથી મુક્ત કરવામાં આવ્યા છે. ૨૧ કર્મચારીની સામે ખાતાકીય તપાસ કરવામાં આવી છે. ૪ કર્મચારીની સામે તાજેતરમાં ખાતાકીય તપાસ કરવામાં આવી છે. આ રીતે ગેરરીતિ ભારતીય જનતા પાર્ટીની સરકાર ચલાવવામાં માગતી નથી. અમારા વિભાગની માગણીઓ લઇને આવ્યો છું ત્યારે પ્રતિપક્ષના મિત્રોને મારી વિનંતી છે કે અમને સહકાર આપે અને પોતાની કાપ દરખાસ્તો પાછી ખેંચી મારા વિભાગની માગણીઓમાં સમર્થન કરે તેવી નમ્ર પ્રાર્થના છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ફળદુ સાહેબે હમણા ફરિયાદની વાત કરી અમારા પક્ષના સભ્ય માનનીય શ્રી નૌષાદભાઇએ એમની વાતમાં કહ્યું હતું કે, આપના વિભાગમાં કેન્દ્ર સરકારનું પ્રિયા સોફટવેર અમલમાં હોવા છતાં પણ છેલ્લા ઘણાં વર્ષોથી ગામ અને ગ્રામ સોફટવેર ખાનગી એજન્સી મારફત એની સેવા લેવામાં આવે છે. દર વર્ષે એકની એક જ એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવે છે અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય છે અને પ્રજાના પૈસા આની પાછળ વેડફવામાં આવે છે ત્યારે એની તપાસ કરીને એની સામે કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

## તા. ૨૦ મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રિયા સોફ્ટવેરની વાત કરી તે એકાઉન્ટીંગ સિસ્ટમ માટે છે જે પ્રિયા સોફ્ટવેરની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રિયા સોફ્ટવેર આવ્યું એની પહેલા દસ વર્ષ પહેલાથી રાજયની અંદર આપણી એકાઉન્ટીંગ સિસ્ટમની વ્યવસ્થા ગોઠવાયેલી છે અને સોફ્ટવેર માટે અલગથી કોઇ કંપનીને ચૂકવણું એકાઉન્ટીંગ સિસ્ટમ માટે કરવામાં આવતું નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, જે પ્રિયા સોફ્ટવેર કેન્દ્ર સરકારમાં યુ.પી.એ. સરકાર હતી ત્યારનું અમલમાં છે, આપણી સરકારે નહોતું સ્વીકાર્યું અને છેલ્લા ચાર પાંચ વર્ષથી આપણે સ્વીકારીને ચાલીએ છીએ, આપણે ત્યાં અમલમાં છે. દરેક જાતની સર્વિસિસ એમાં ફ્રી ઓફ કોસ્ટ આપણને આપવામાં આવે છે તો આપણે શું કામ ગામ અને ગ્રામ સોફ્ટવેર પ્રાઇવેટ એજન્સીઓને કોન્ટ્રાકટ કરીને સેવા લઇએ છીએ અને એના માટે કરોડો રૂપિયા ચૂકવીએ છીએ? મારી આપને વિનંતી છે કે, ગઇ વખતે જયંતીભાઇ મંત્રી હતા ત્યારે એમણે સ્પષ્ટ અવલોકન કર્યું હતું કે, આ કરોડો રૂપિયા ખોટી રીતે વેડફાય છે એ બંધ થવું જોઇએ તેમ છતાં પણ આ વિભાગના અધિકારીઓ દ્વારા એક જ એજન્સીને વર્ષોથી કોન્ટ્રાકટ આપીને ફાયદો કરાવડાવે છે ત્યારે મારી વિનંતી છે કે આપ તપાસ કરાવજો અને એની ઉપર કાર્યવાહી કરાવજો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, હમણા કાપ દરખાસ્ત પાછી ખેંચવાની વાત કરી છે ત્યારે હું આપને વિનંતી કરું છું કે, ગીર ફોરેસ્ટ વિસ્તારમાં ઇકો સેન્સેટીવ નામનો જે નવો કાયદો આવ્યો છે એ કાયદો પરત ખેંચી લો એટલે કાપ દરખાસ્ત પણ અમે પાછી ખેંચી લઇએ છીએ, મારી વિનંતી છે. બીજું માનનીય મંત્રીશ્રીને મેં મારી વાતમાં બે રસ્તાઓની વાત કરેલી હતી એક કરસનગઢથી લઇને સાસણ અને સાસણથી લઇને તાલાલા સુધીની એ ફોરેસ્ટ વિભાગે અટકાવ્યા છે તો એ રસ્તાનું કામ વહેલીતકે ચાલુ થાય એના માટે યોગ્ય જવાબ મળે એવી વિનંતી કરું છું. અને બીજું ૨૩ ગામડાંની અંદર પ્લોટીંગ પણ નથી અને ગામતળનો પ્રશ્ન છે ત્યાં પી.એફ. જે ફોરેસ્ટ વિભાગની આપની જમીન આવેલી છે એ ગામડાંને આપણે પ્લોટીંગ આપવા માટે પી.એફ.ની જમીન ગ્રામ પંચાયતને આપવા માગીએ છીએ કે નહીં?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભગવાનભાઇનો જે પહેલો પ્રશ્ન છે ઇકો સેન્સેટીવ ઝોન અંગેનો ત્યારે આ ગૃહના તમામ સભ્યશ્રીઓને હું આપના માધ્યમથી જણાવવા માગુ છું કે, ઇકો સેન્સેટીવ ઝોન એ કોઇ ભારત સરકાર કે ગુજરાત સરકાર દ્વારા લાવવામાં આવેલ કાયદો નથી, સુપ્રિમ કોર્ટમાં પી.આઇ.એલ. થઇ એના અનુસંધાને સુપ્રિમ કોર્ટે આપેલો ચૂકાદો છે, સુપ્રિમ કોર્ટે આપેલું માર્ગદર્શન છે એટલે એ પ્રમાણે ભારત સરકાર અને ગુજરાત સરકારે કામ કરવાનું હોય છે. અને માનનીય ભગવાનભાઇએ જે ગીર અભ્યારણની વાત કરી એમાં પ્રાથમિક જાહેરનામુ પ્રસિદ્ધ થયું ત્યારે ૩.૩૩ લાખ હેકટરનો એમાં સમાવેશ હતો અમે બધા ધારાસભ્યશ્રી અને સંસદ સભ્યશ્રી અને સ્થાનિક આગેવાનોને સાથે બોલાવી બધી બાબતની ચર્ચા કરી અને ફાઇનલ જયારે અમે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરી ત્યારે અડધા કરતા પણ વધારે વિસ્તાર ઘટાડીને ૧.૧૫ લાખ હેકટર કરી દીધો અને એમાં પણ પર્યાવરણવાદીઓ તો રાજી ન થયા અને સમગ્ર બાબત અત્યારે કોર્ટને આધિન છે એટલે એની ચર્ચા કરવી અત્યારે યોગ્ય નથી.

સભાપતિશ્રી : કોર્ટને આધિન છે એટલે એમાં વધારે ચર્ચા નહીં થાય.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે બીજો પ્રશ્ન છે રસ્તાઓનો તેની વાત કરું તો માર્ગ અને મકાન વિભાગ દ્વારા એ બંને રસ્તાની દરખાસ્ત અમને મળી ગઇ છે, અહીંયા સ્ટેટ વાઇલ્ડ લાઇફ બોર્ડમાં એનો સમાવેશ કરી અને સેન્ટ્રલમાં ઝડપથી એની દરખાસ્ત કરીશું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭,૧૮,૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ અને ૩૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૭૦, ૭૧, ૨૬, ૨૨ અને ૨૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪–૩૫ વાગ્યે પુરું થતાં સભાગૃહ, સભાપતિશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ સવારના ૧૧–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

## ગુજરાત વિધાનસભા

**બુધવાર, તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૮**
**ફાલ્ગુન ૩૦, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ સવારના ૧૧.૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષ સ્થાને**

### તારાંકિત પ્રશ્નો

રાજ્ય હજ સમિતિમાં વર્ગ–૧નું મહેકમ

* ૫૯૧૬ શ્રી ઈમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહિવટ વિભાગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય હજ સમિતિમાં વર્ગ–૧ની કેટલી જગ્યાઓ તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ મંજુર થયેલ છે, | (૧) તા. ૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ ૦૧ જગ્યા મંજુર થયેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી ખાલી છે, | (૨) મંજુર થયેલ ૦૧ જગ્યા ભરાયેલ છે. |
| (૩) ભરાયેલ જગ્યા પૈકી કેટલી જગ્યા કરાર આધારીત ભરાયેલ છે તેના કારણો શા છે? | (૩) વહિવટી કારણોસર. |

શ્રી ઈમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, હજ કમિટીમાં કરાર આધારિત વર્ગ–૧ના અધિકારી ફરજો બજાવે છે. નાણાં વિભાગના પરિપત્ર મુજબ કરાર આધારિત નિમણૂકવાળા અધિકારી પગાર અને ચૂકવણીની કામગીરી અધિકારી તરીકે કરી શકે નહીં. હજ કમિટીમાં પગાર અને ચૂકવણા અધિકારીની ફરજો આ કરાર આધારિત અધિકારી ફરજ બજાવે છે કે બીજા કોઈ અધિકારી ફરજ બજાવે છે? કરાર આધારિત અધિકારીની કેટલીક મર્યાદા હોવાથી ૨૦૦૨ના હજ કાયદાની કલમ.૨૮ મુજબ હજનો સમય શરૂ થાય તે પહેલાં ઓછામાં ઓછા બે વાર અને હજનો સમય પૂરો થાય તે પછી એકવાર હજ કમિટીની મિટીંગ બોલાવવાની જરૂર હોય છે. પરંતુ તે પ્રમાણે હજ કમિટીની બેઠકો બોલાવવામાં આવતી નથી અને ૨૦૦૨ નો હજ કાયદો અમલમાં આવ્યો છે ત્યારથી હજુ સુધી આ કાયદા હેઠળ બનાવવાના નિયમો બનાવી શકાયા નથી તો આ સંજોગોમાં હજ કમિટીમાં કરાર આધારિત અધિકારીના બદલે કોઈ નિયમિત નોકરીવાળા અધિકારીને સરકાર મૂકવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હજ કમિટીમાં વર્ગ–૧ની જે કરાર આધારિત નિમણૂક આપવામાં આવી છે તે એટલા માટે આપવામાં આવી છે કે તે અધિકારી તે સમાજમાંથી આવે છે. તેમને બહોળો અનુભવ છે. ગુજરાત સમગ્ર દેશની અંદર એક એવું રાજય છે કે આખા દેશમાં ગુજરાતના મુસ્લિમોની સમૃદ્ધ મુસ્લિમો તરીકે ગણતરી થાય છે. અન્ય રાજયના મુસ્લિમોનો હજ માટેનો જે ક્વોટા મળતો હોય છે તેમાં બિહાર, પશ્ચિમ બંગાળ તે આ ક્વોટા પરિપૂર્ણ કરી શકતા નથી. ગુજરાતમાં ૭ થી ૧૦ હજાર જેટલા હાજીઓની અરજીઓ સ્વીકારવામાં આવે છે. આ અરજીઓ સ્વીકારી તેમને એરપોર્ટ ઉપરના વિઝા, તેમના વેકસીનેશન તમામ પ્રકારના કામ સાથે અત્યારના સંજોગોમાં જેમને કરાર આધારિત નિમણૂક આપી છે તે આ બધી જ કામગીરીનું સુપેરે સંચાલન કરી શકતા હોવાના કારણે એમને આ નિમણૂક આપવામાં આવી છે. સરકારનો અનુભવ છે કે આ જે સભ્ય સચિવને નિમણૂક આપવામાં આવી છે તેના માધ્યમથી હજ કમિટીનું કામ ઉત્તમ પ્રકારનું થઈ રહ્યું છે.

શ્રી રાકેશભાઈ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જયારે વર્ગ–૧ની એક જગ્યા છે અને તે ભરેલી છે. તો સો ટકા જગ્યા ભરાયેલી છે. હાલમાં આ હજ કમિટીમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે અને તેમાંથી કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી જગ્યા ખાલી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હજ કમિટી ઓફ ઈન્ડિયાની ફરજમાં આવતી મોટાભાગની કામગીરી દરેક રાજયની હજ કમિટીઓ દ્વારા કરવામાં આવતી હોય છે. હજ કમિટી ઓફ ઈન્ડિયાના પરામર્શમાં રહીને આ હજ યાત્રિકો માટે પરિવહન, એમ્પાર્કેશન પોઈન્ટ ઉપર બુકીંગ, વેકસીનેશન, તબીબ દ્વારા ચકાસણી, તેમના રહેવા અને વિમાની મથકે યાત્રીઓ માટે વિશેષ સગવડો ઉભી કરવામાં આવે છે. તેમાં રાજયની અંદર હાલમાં સંયુકત સચિવ વર્ગ–૧, સેકશન અધિકારી વર્ગ–૧ની જગ્યા ભરેલી છે. નાયબ સેકશન અધિકારી વર્ગ–૨ ની બે પૈકીની એક જગ્યા ભરેલી છે. ગુજરાતી

લઘુલિપિકની એક જગ્યા ભરેલી છે. ડેટા એન્ટ્રી ઓપરેટર ગુજરાતી અને અંગ્રેજી આમ આ પ્રકારની જુદા જુદા સંવર્ગની જગ્યાઓ દ્વારા ગુજરાત હજ કમિટી જુદી જુદી સેવાઓ લે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, હજ યાત્રીની સગવડો માટે આપણી સરકાર દ્વારા શું શું કામગીરી કરવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હજ સિવાયની વહીવટી કામગીરી તેમજ હજ માટે જે જુદી જુદી કામગીરી કરવામાં આવે છે એમાં અમદાવાદના ઇન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ૨૦૦૦થી ગુજરાતના હજ યાત્રિકો માટે સીધી ફ્લાઇટ અમદાવાદથી જીદ્દા સાઉદી અરેબિયા શરૂ થતાં હજ અંગેની તમામ કામગીરી એ ગુજરાત રાજય હજ સમિતિ દ્વારા કરવામાં આવે છે. હજ કમિટી ઓફ ઇન્ડિયાએ હજના ફોર્મ ભરવા માટે ઓનલાઇન, ઓફલાઇન બંને સુવિધા આપેલી છે. ગુજરાત રાજય હજ સમિતિએ તે મુજબ ફોર્મ સ્વીકારવા, અરજદારે કરેલ ભૂલો સુધારવી, દરેક ફોર્મમાં ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવી, પાસપોર્ટ જમા કરાવવા આ ઉપરાંત ગુજરાત હજ સમિતિએ અરજદારોએ ઓનલાઇન ભરેલ ફોર્મની નકલ અને એ ફોર્મ સ્વીકારવાની કામગીરી આ ઉપરાંત એના સંદર્ભમાં જરૂરી દસ્તાવેજી પુરાવા અને એના ડેક્લેરેશનની ચકાસણી, પાસપોર્ટની વિગતો, પાસપોર્ટની વેલિડિટીની વિગતો, એના આંતરીક સગપણ અંગેની વિગતો અને દરેક રાજયમાં વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરીએ મુસ્લિમ વસતિ ગણતરીના આંકડાના આધારે હજ કમિટી ઓફ ઇન્ડિયા તરફથી સીટોનો ક્વોટા ફાળવવામાં આવે છે આ સીટો સામે દરેક રાજય હજ સમિતિ તરફથી વેબસાઇટ મારફતે હજ કમિટી ઓફ ઇન્ડિયાના સર્વર ઉપરથી ડ્રો પદ્ધતિથી અરજદારોને સીટોની ફાળવણી કરવામાં આવે છે. સફળ અરજદારોને, વેઇટિંગ લિસ્ટના દરેક અરજદારને જાણ કરવામાં આવે છે અને એસ.એમ.એસ.થી તથા ફોન દ્વારા હજ અંગે નક્કી કરેલી રકમ એમના બેન્કના ખાતામાં અરજદાર પાસે સીધે સીધી ઓનલાઇન ભરાવી તેમજ પાસપોર્ટ સ્વીકારી સફળ અરજદારોના ફોર્મ સાથે હજ કમિટી ઓફ ઇન્ડિયાના વિઝા અને હજના આયોજન માટેની કામગીરી કરવામાં આવે છે આ ઉપરાંત હજ હાઉસ કાલુપુર ખાતે ફ્લાઇટ મુજબ દરરોજ બૂકીંગની વ્યવસ્થા સાથે યાત્રિકોને ટીકીટ, બોર્ડીંગ પાસ તેમજ હાજીને આપવાની થતી કીટ, એના વેક્સિનેશન અને હેલ્થ કાર્ડ આપવાની કામગીરી કરવામાં આવે છે અને ઓરિજિનલ પાસપોર્ટ, પેપર વિઝા, સાઉદી અરેબિયા માટેના મોબાઇલનું સીમકાર્ડ, એરલાઇન્સમાં જવા આવવા માટેના એર બોર્ડીંગ પાસ, ઓળખાણ કાર્ડ આ પ્રમાણેની પણ એ ગુજરાત રાજય હજ સમિતિ દ્વારા કામગીરી કરવામાં આવે છે. અને આનો જયારે પ્રથમ જથ્થો રવાના થતો હોય છે ત્યારે રાજય સરકાર અને હજ સમિતિના સંયુક્ત ઉપક્રમે દરેક હાજીઓને એમના ધાર્મિક કામમાં વિદાય આપવા માટેનો કાર્યક્રમ ગુજરાત રાજય હજ સમિતિ દ્વારા કરવામાં આવે છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આમાં કરાર આધારિત જગ્યા કેટલા સમયથી ભરાયેલી છે અને, આ જગ્યા કાયમી કરવા માટે સરકારે શું પગલાં લીધા છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મેં કહ્યું તેમ આ કરાર આધારિત જે સભ્ય સચિવ છે એના માધ્યમથી ગુજરતના હાજીઓ માટે ઉત્તમ પ્રકારની આપણે વ્યવસ્થા કરી રહ્યા છીએ એટલે અત્યારે આ કરાર આધારિત વ્યવસ્થાના સંદર્ભમાં રાજય સરકારની બીજી કોઇ વિચારણા નથી. કેમ કે, વહીવટી કારણોસર આ ઉત્તમ પ્રકારની વ્યવસ્થા છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગજરાત રાજય આખું જયારે સમૃદ્ધ બન્યું છે અને એમાં મુસ્લિમ સમાજ પણ ખૂબ સમૃદ્ધ બન્યો છે અને સમૃદ્ધ બનતા મુસ્લિમ સમાજ પોતાના આસ્થાના સ્થળે હજ યાત્રા કરવા જાય છે અને આ હજ યાત્રા કરતી વખતે એ જયારે જાય ત્યારે આમાં યાત્રિકોનો ખૂબ વધારો થયો છે ત્યારે આ ઘસારાને પહોંચીવળવા માટે અત્યારનો સ્ટાફ પૂરતો છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં ૯ માળનું હજ હાઉસનું બિલ્ડીંગ છે અને આ ૯ માળના બિલ્ડીંગમાં જયારે હજની પ્રક્રિયા થાય ત્યારે માત્ર આ હજ સમિતિનો જ સ્ટાફ નહીં પરંતુ બહારથી ડેપ્યુટેશન ઉપરથી પણ સ્ટાફ લઇ અને ત્યાં આખી પ્રક્રિયામાં જોડવામાં આવે છે અને જેના કારણે લગભગ ૪૦ થી ૪૫ હજારથી વધારે જે અરજીઓ આવે છે અને એમાંથી જે સફળ ઉમેદવારો તરીકે ૭–૮ હજારનો ક્વોટા હોય એ ક્વોટા પરિપૂર્ણ કરવાની આખી પ્રક્રિયામાં કોઇ વિક્ષેપ ન પડે એટલા માટે હજ સિવાયની વહીવટી કામગીરી માટે ઉપલબ્ધ સ્ટાફ પૂરતી સંખ્યામાં છે અને વર્ષમાં બે વખત લોન સર્વિસથી વધારાનું મહેકમ પણ લેવામાં આવે છે. હજ ઓપરેશન સાથે સંકળાયેલી કામગીરીના બે તબક્કાઓ દરમ્યાન, (૧) ફોર્મ સ્વીકારવાના અને વેબસાઇટ પરથી અપલોડ કરવાના દિવસો તેમજ (૨) હજની ફલાઇટોના બૂકીંગ અને રવાનગીના સમયે હજ યાત્રિઓની કામગીરી માટેના ઘસારાને પહોંચીવળવા અને સમયાનુસાર કામગીરી પૂરી કરવા માટે વધારાના મહેકમની જરૂરિયાત ઉભી થાય છે આ બંને તબક્કે રાજય સરકાર તરફથી જુદા જુદા વિભાગોમાંથી કામગીરી માટે અનુભવી મહેકમને લોન સર્વિસથી ત્યાં મોકલવામાં આવે છે. ૨૦૧૭માં અરજીઓ સ્વીકારવાની કામગીરી વખતે વર્ગ–૩ના કુલ ૭ કર્મચારીઓની ૩૭ દિવસ માટે લોન સર્વિસ લેવામાં આવી હતી અને ટીકીટ બુકીંગ અને હાજીઓની રવાનગી વખતે વર્ગ–૩ ના કુલ ૧૨ કર્મચારીઓની ૧૫ દિવસ માટે લોન સેવા લેવામાં આવી હતી એટલે આખી સમગ્ર પ્રક્રિયામાં જ્યારે આવશ્યકતા હોય ત્યારે લોન સર્વિસ ઉપર લઇને પણ એમનો ઉપયોગ કરવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

### બાયડ શહેરમાં પાણી પૂરવઠા યોજના

* ૭૮૯૯ શ્રી કિર્તિસિંહ વાઘેલા (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બાયડ શહેરની પાણી પૂરવઠા યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) રૂ. ૫.૯૫ કરોડ. |
| (૨) મંજૂર થયેલ યોજનાનું કામ તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ.૬.૭૨ કરોડ. |
| (૪) આ યોજનાના બાકી રહેતા કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી કીર્તિસિંહ પ્ર. વાઘેલા (કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ બાયડ શહેરની પાણી પુરવઠા યોજનામાં કયા કયા ઘટકો હતા અને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ–૨૦૧૦માં જ્યારે આપણે ગુજરાતની સ્થાપનાના પચાસ વર્ષની સ્વર્ણિમ જયંતિની ઉજવણી કરવાનું આયોજન કર્યું તે વખતે તત્કાલિન મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇએ આ ઉજવણી પ્રજાલક્ષી કામોથી થાય એ માટે ખૂબ મોટા આયોજન કર્યા અને એના ભાગરૂપે શહેરી વિકાસ વિભાગમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના પ્રથમ તબક્કે ૭૦૦૦ કરોડ રૂપિયાની અમલમાં મૂકી અને એના દ્વારા નગરપાલિકાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા, ભૂગર્ભ ગટરની વ્યવસ્થા, રસ્તાઓની વ્યવસ્થા, વીજળીની વ્યવસ્થા એવા પ્રાથમિક જરૂરિયાતના કામો હાથ ઉપર લેવાનું નક્કી કર્યું અને દરેક નગરપાલિકાને એ વખતે કઇ કઇ સગવડો ખૂટે છે એની વિગતો મેળવીને જે તે નગરપાલિકાને ખૂટતી સગવડો આપવા માટે સરકારે મોટી રકમ ફાળવી આપી અને એના ભાગરૂપે બાયડ નગરપાલિકા અરવલ્લી જિલ્લામાં આવેલી છે એને એ વખતે પીવાના પાણીની વ્યવસ્થા માટે આખા શહેરની અંદર પાઇપલાઇનનું માળખું, નેટવર્ક, પાણીની ઉંચી ટાંકી, પંપીંગ સ્ટેશન, નવો ટ્યૂબવેલ અથવા નવો વધારાનો ટ્યૂબવેલ એ બધી જ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી અને એનું કામ ૨૦૧૦ પછી આપણે મંજૂર કરેલું અને એ કામ ઘણા વર્ષ અગાઉ સારી રીતે પૂર્ણ થઇ ચૂક્યું છે અને એનો લાભ અત્યારે બાયડ નગરપાલિકાના લગભગ ૨૫–૨૭ હજાર નાગરિકોને મળી રહ્યો છે. અને પીવાનું પાણી મેળવવા માટે તેનો ઉપયોગ કરી રહ્યા છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પુછવા માગું છું કે, આ જે પાણી પુરવઠા યોજના અંતર્ગત જેને કામગીરી સોંપવામાં આવી એ કઇ કંપનીને સોંપવામાં આવી અને એમાં અત્યારસુધીમાં કેટલી અરજીઓ આવેલી છે? અને ઘણી જગ્યા ઉપર એવું કહી શકું કે પાણીની જગ્યાએ બાયડમાં હમણાંજ મીડીયાના માધ્યમથી જોયું કે, પાણી તો નથી મળતું પણ દારૂ ખુલ્લેઆમ મળે છે ત્યારે આપશ્રી મારફતે સરકારશ્રીને પુછવું છે કે, માનનીય અધ્યક્ષશ્રી, તો આ પાણીની જે સમસ્યાઓ બાયડ નગરપાલિકામાં છે

અધ્યક્ષશ્રી : આપ આપના પ્રશ્ન ઉપર આવો.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : એ ક્યારે દૂર કરવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઇ પ્રશ્ન જ નથી, આમાં કોઇ જવાબ આપવા જેવો છે જ નહિ. માનનીય અધ્યક્ષશ્રી, આવા કોઇ પ્રશ્નનો હું જવાબ આપતો નથી.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અરવલ્લી જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠાની યોજનાઓ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલી છે અને એ યોજનાઓ હાલ કયા તબક્કે છે અને મારો બીજો પ્રશ્ન છે કે બાયડ શહેરમાં પૂરતું પાણી મળે એ માટે શું શું કામગીરી કરવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય રાજેન્દ્રસિંહજીએ જે પુછ્યું એ પ્રમાણે અરવલ્લી જિલ્લાની બે નગરપાલિકા માટે હું ૨૦૧૦માં મંજૂર કરેલી રકમોના આંકડા આપું છું. જેનું કામ ઘણાં સમય પહેલાં પૂરું થયુ છે. બાયડ નગરપાલિકા માટે ૫૯૫ લાખ ૭૬ હજારની મંજૂરી આપવામાં આવેલી અને મોડાસા નગરપાલિકા માટે ૧૩ કરોડ ૫૮ લાખ રૂપિયાના કામની મંજૂરી આપવામાં આવેલી. અમારી સરકાર એ પ્રગતિશીલ, ગતિશીલ સરકાર છે અમે આ કામ જયારે કર્યુ તે પછી નર્મદાના પાણીનો સોર્સ, નર્મદા મુખ્ય કેનાલ આધારિત તે રાજય સરકારે નર્મદા વિભાગ, પાણી પુરવઠા વિભાગ અને સિંચાઇ વિભાગ આ ત્રણેયના સંકલનથી એક નવી યોજના અમારી રાજય સરકારે બનાવી કે જે અત્યાર સુધી ટ્યૂબવેલવાળુ પાણી આપણે પીએ છીએ તેમાં પાણીની ગુણવત્તા વત્તી ઓછી હોય, ટી.ડી.એસ.પણ આવતા હોય, ફ્લોરાઇડના પણ પ્રશ્ન હોય તો આખા રાજયની

અંદર લગભગ ૯ કરતા વધુ ગામો મોટાભાગની નગરપાલિકાઓ અને અમદાવાદ શહેર સહિત સમગ્ર સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતના નાગરિકો માટે નર્મદા આધારિત જે જુથ પાણી પુરવઠા યોજનાઓ અમારી સરકારે મંજૂર કરી તેનો લાભ અરવલ્લી જિલ્લાને અને સાબરકાંઠા જિલ્લાને પહેલાં એક જિલ્લો હતો હવે તેમાંથી બે જિલ્લા બન્યા છે તેને આપણે આપવાનું શરૂ કર્યું અને એસ.કે.૨ એ નામની પાણી પુરવઠાની નર્મદા આધારિત કેનાલમાંથી પાણી ઉપાડી સાબરકાંઠાના એટલે કે અરવલ્લી જિલ્લાના જે વાત્રક અને માજુમ ડેમ છે. જેમ આપણે ધરોઇમાં નર્મદાનું પાણી નાંખ્યુ, દાંતીવાડામાં નાંખ્યુ, સીપુમાં નાંખ્યુ, બીજા બંધોમાં નાંખ્યુ, સૌનીમાં સૌરાષ્ટ્રમાં નાંખીએ છીએ તેમ સાબરકાંઠામાં માજુમ અને વાત્રક યોજનામાં નર્મદાનું પાણી નાંખવાની શરૂઆત કરી. તેની જે પાઇપ લાઇન નંખાઇ તેના આધારે આ બન્ને શહેરોને અને ગામડાંને પીવાનું નર્મદા આધારિત શુદ્ધ પાણી આપવાનુ કામ પણ અમે ૨૯૨ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર કરી દીધું. એ યોજનાનું મોટાભાગનું કામ પૂર્ણ થવા આવ્યુ છે અને એના દ્વારા ૩૧૯ ગામ બાયડ અને મોડાસાની શહેરી વસતિ આમ કરીને ૫ લાખ ૬૦ હજારની વધુ વસતિને તે પાણી આપવાનું આયોજન આપણે કર્યુ. બાયડ અને મોડાસાને પણ વાત્રક અને માજુમમાંથી જે પાઇપ લાઇન આવે છે તેના દ્વારા નર્મદાનું શુદ્ધ પાણી આપણે પહોંચાડીએ છીએ.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ધોરાજી નગરપાલિકાને ભૂગર્ભ ગટર અને પીવાના પાણીની પાઇન લાઇન માટે કરોડા રૂપિયા આપે મંજૂર કર્યા. ધોરાજી નગરપાલિકા ભાજપની હતી અને •(×××)

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્ન પૂછો છો કે ભાષણ કરો છો.

શ્રી લલીત વસોયા : ના, ના ભાષણ નથી કરતો.

અધ્યક્ષશ્રી : તમે સીધો પ્રશ્ન જ પૂછો.

શ્રી લલીત વસોયા : સીધો પ્રશ્ન જ પૂછું છું.

અધ્યક્ષશ્રી : તમે સીધો જ પ્રશ્ન જ પૂછો અને તમે બોલેલા આ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી લલીત વસોયા : હા, કાઢી નાંખો. આ જે કન્સ્ટ્રકશન કંપનીએ પીવાના પાણીની પાઇપ અને ભૂગર્ભ ગટર યોજનાનું આ કામ કર્યુ છે તો તેની ઉપર કોઇ એકશન લેવા માગો છો કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને વિનંતી કે, આખો પ્રશ્ન આપ વાંચી જાવ. આ બાયડ શહેર માટે પૂછાયેલો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : આ લાગુ પડતો નથી તેમ છતાંય, જુનિયર મિત્રોએ સમજવુ પડશે. (અંતરાય) આપ બેસી જાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી મારી પાસે ઉપલબ્ધ છે.

અધ્યક્ષશ્રી : લલિતભાઇ આપ બેસી જાવ, પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આપણી જે પ્રથા છે કે જે મૂળ પ્રશ્ન પૂછાયો હોય એની મર્યાદામાં રહીને જ આ પ્રશ્ન પૂછી શકો પછી કોઇ સુરતનો પૂછે, કોઇ કચ્છનો પૂછે તો અમે બધુ લઇને ના આવીએ. મારી પાસે માહિતી તો બધી છે પણ અત્યારે હું નહીં આપું.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, બાયડ પાણી પુરવઠા યોજના હેઠળ કેટલા ભાગમાં યોજનાકીય કામો હાથ ધરવામાં આવ્યા છે? તથા તેના વર્ક ઓર્ડર કયારે આપવામાં આવ્યા ? અને આ યોજનાકીય કામો કયારે પૂર્ણ કરવામાં આવ્યા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બાયડ નગરપાલિકામાં સૌથી પહેલાં તો પીવાના પાણીનો સોર્સ વધારવા માટે ટયુબવેલ મંજૂર કરવામાં આવ્યા. પાણી પૂરતા પ્રેસરથી શહેરીજનોને મળી રહે તે માટે પીવાના પાણીની ઉંચી ઓવરહેડ સપ્લાય ટાંકી મંજૂર કરવામાં આવી. નેટવર્ક તરીકે આખા શહેરમાં મહોલ્લે– મહોલ્લે અને સોસાયટીમાં પાણીની લાઇન મંજૂર કરવામાં આવી. શુદ્ધિકરણ પ્લાન્ટ કરવામાં આવ્યા. આમ પીવાના પાણી માટે જે–જે જરૂરિયાતની નગરપાલિકાએ જે વખતે માગણી કરી હતી એ તમામ માગણી રાજ્ય સરકારે પોતાના ભંડોળમાંથી ૧૦૦ ટકા ખર્ચ કરી પૂર્ણ કરી છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પાણી પુરવઠા માટેની આ યોજના ઘણી સારી છે. આ યોજનામાં કોન્ટ્રાક્ટરની પસંદગી સ્થાનિક નગરપાલિકા કરે છે કે ગાંધીનગરથી સરકાર નક્કી કરે છે? અને એનું પેમેન્ટ નગરપાલિકા થકી થાય છે કે સરકાર થકી થાય છે? અહીંયાથી નક્કી થતું હોય તો સ્થાનિક લેવલે કોઇ ચૂંટાયેલી બોડીનો અંકુશ રહેતો નથી. એટલે આ યોજનામાં બહુ ત્રુટિઓ રહેતી હોય છે. સ્થાનિક એજન્સી ચૂંટાયેલી બોડીને એની અંદર એડ કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર જે ફંડ આપે છે એ બે રીતે આપે છે. એક શહેરી વિકાસ વિભાગ જુદી–જુદી ગ્રાન્ટ તરીકે સીધું ભંડોળ નગરપાલિકાને આપે છે અને નગર પાલિકા એનો ઉપયોગ પોત–પોતાના કામ જે હેડ નીચે એ રકમ અપાઇ હોય એ પ્રમાણે કરે છે. સરકાર થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન કરે છે. ક્વોલિટી કંટ્રોલ કરે છે અને પાણી પુરવઠા વિભાગ અથવા શહેરી વિકાસ વિભાગ મારફત એનું સુપરવિઝન થઇ એનું પેમેન્ટ આપવામાં આવે છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બીજા સવાલના જવાબમાં જણાવ્યું છે કે, કામ પૂર્ણ થયેલ છે. તો કામ પૂર્ણ થઇ ગયા પછી બાયડ નગરપાલિકા શહેરી વિસ્તારને પાણી આપવાનું કઇ તારીખથી શરૂ કરવામાં આવ્યું અને આજની તારીખે કેટલું પાણી આપવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર યોજના બનાવી આપે એમાં ટ્યુબવેલ વગેરે હોય છે એનો વપરાશ નગરપાલિકાએ કરવાનો હોય છે. નગરપાલિકા પોતાની જરૂરિયાત પ્રમાણે એ ટ્યુબવેલમાંથી પાણી મેળવી એની ટાંકીમાં ભરે અને જુદા-જુદા વિસ્તારમાં એ સપ્લાય કરે એટલે કેટલું પાણી અપાયું, કેટલી લાઇટ વપરાઇ એ વિષય અત્રે સંબંધિત નથી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે, એ પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. માનનીય મંત્રીશ્રી પાસે જવાબ હોવો જોઇએ. આજની તારીખે પાણી આપવા માટે તો યોજના કરી છે. તો કેટલું પાણી આપવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પૂંજાભાઇ તો બહું સીનિયર છે. એટલે હું વધુ ટીકા-ટિપ્પણી નથી કરતો. અમારે ત્યાં ઉત્તર ગુજરાતમાં બધે ટ્યુબવેલ ચાલે છે. બાયડ ઉત્તર ગુજરાતમાં આવ્યું. નિરંજનભાઇ આપનું પેટલાદ પણ ઉત્તર ગુજરાતમાં આવેલું છે. પેટલાદ નગરપાલિકા કોલેજની છે. એમાં તમે કેટલા ટ્યુબવેલ ચલાવો છો? ક્યા વિસ્તારને કેટલું પાણી આપો છો? એ નગરપાલિકાનો વિષય છે. કેટલું પાણી આપ્યું એની સરકાર પાસે કોઇ માપણી રહેતી નથી.

શ્રી હિતુ કનોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રીએ જવાબ આપી દીધો છે પણ તેમ છતાં હું પૂછવા માગું છું કે, બાયડ શહેરને સોર્સ આધારિત પાણી આપવામાં આવે છે. જો ભૂગર્ભ જળસ્ત્રોત, કૂવા કે બોર આધારિત યોજના અમલમાં હોય તો નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના સરકાર બનાવવા માગે છે કે કેમ? જો હા તો કેટલો ખર્ચ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી સરકાર પક્ષે સ્કીમ પૂરી કરી દીધી છે. એનો ઉપયોગ ચાર-પાંચ વર્ષથી ચાલુ થઇ ગયો છે. એ પછી મેં કહ્યું એમ યોજના સિવાય નર્મદાની લગભગ ૩૦૦ કરોડ રૂપિયાની પાઇપલાઇન અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા અરવલ્લી જિલ્લા માટે, સાબરકાંઠા જિલ્લા માટે અને માઝુમ અને વાત્રક બે મોટી જે સિંચાઇ યોજનાઓ છે એમાં પણ નર્મદાનું જે વધારાનું પાણી હોય તો એમાંથી આપવામાં આવે છે.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બાયડ પાણી પુરવઠા યોજનામાં કેટલી ઉંચી ટાંકી અને કેટલા સંપ બનાવવામાં આવેલ છે અને તેની ક્ષમતા કેટલી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બાયડમાં જે ટાંકીઓ બનાવી છે. ચાર લાખ લીટરની ૧૫ મીટર ઉંચી એક ટાંકી સરકારે બનાવી આપી છે. બીજી, સાત લાખ લીટરની ૧૬ મીટર ઉંચી એક ટાંકી બનાવી આપવામાં આવી છે એ બંને ટાંકીઓ જોડે સંપ એટલે કે ભૂગર્ભ ટાંકી બનાવી આપવામાં આવી છે. એક સંપની કેપેસીટી ૧૦ લાખ લીટર છે. બીજા સંપની કેપેસીટી ૩ લાખ લીટર છે. બીજા બે સંપ છે એની બે- બે લાખની છે અને ૫૦ હજાર લીટરનો એક સંપ છે એટલે ટાંકીમાં ચડાવવા માટેનું પાણી એ સંપમાં આવે. સંપમાંથી પછી નગરપાલિકા જરૂરિયાત પ્રમાણે પમ્પીંગ કરી અને ઉંચી ટાંકીમાં ભરે અને શહેરમાં જયારે સવારે આપવાનું હોય કે બપોરે આપવાનું હોય તો વાલ ખોલી અને ગામમાં પાણી આપે, આ બાયડ માટે છે. હવે બાયડનું કંઇ જાણવું છે?

### વાયબ્રન્ટ સમિટ ૨૦૧૫ અન્વયે ઉત્પાદનમાં ગયેલ પ્રોજેક્ટ

* ૮૫૨૬ સુમનબેન ચૌહાણ (કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫ દરમિયાન મંજૂર થયેલ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન્સ પૈકી કેટલા પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયા, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫ દરમિયાન કુલ ૨૧૩૦૪ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન મંજૂર થયેલ છે. તે પૈકી કુલ ૧૩૫૪૪ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયા છે. |
| (૨) તે પૈકી તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ એગ્રો એન્ડ ફૂડ સેક્ટરમાં કેટલા પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયા? | (૨) તે પૈકી તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ એગ્રો એન્ડ ફૂડ સેક્ટરમાં કુલ ૭૬ પ્રોજેક્ટ્સ ઉત્પાદનમાં ગયા છે. |

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, વાયબ્રન્ટ ગુજરાત- ૨૦૧૫ દરમિયાન કયા સેક્ટરમાં કેટલા ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન્સ મંજૂર થયા, તે પૈકી સેક્ટરમાં કેટલા ઉત્પાદનમાં ગયા? વાયબ્રન્ટ ગુજરાત- ૨૦૧૫માં એગ્રો એન્ડ ફૂડ સેકટરમાં જિલ્લાવાર કેટલા પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયા?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત- ૨૦૧૫માં કુલ ૨૧૩૦૪ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. એમાં એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસીંગમાં ૨૨૮માંથી ૭૬ કમિશન્ડ થયા છે. એનીમલ હસબન્ડ્રીમાં ૨૯૮માંથી ૨૨ થયા છે. બાયોટેકનોલોજીમાં ૬૦ માંથી ૨૬ થયા છે. કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સમાં ૬૦ માંથી ૧૯ થયા છે. Corporate Social Responsibility માં ૩૨માંથી એકેય થયા નથી. શિક્ષણમાં ૯૬માંથી ૯ થયા છે. એન્જિનીયરીંગ, ઓટો, સીરામીકમાં

૬૩માંથી ૨૨, એન્વાયરમેન્ટ અને ફોરેસ્ટમાં ૧૭૪માંથી ૩૬, financial services માં ૫૯માંથી ૪૧, હેલ્થ કેર, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, ઇન્ફરમેશન ટેકનોલોજી આમ, જુદા જુદા જોઇએ તો ફાર્માસ્યુટીકલ્સમાં ૨૦૧માંથી ૧૪૧, આમ ૩૪ વિભાગોમાં જે એમ.ઓ.યુ. થયા છે એમાં ૧૩૫૫૪ કમિશન્ડ થયા છે અને under implementation ૧૯૭૭ છે. Preliminary stage પર ૧૩૧૭ છે અને ૪૪૬૬ ડ્રોપ થયા છે એટલે ૨૧૦૦૦માંથી સફળતા સારી કહેવાય એમ કહી શકાય.

બીજો પ્રશ્ન એમણે જિલ્લાવાઇઝ માહિતી માગી છે. તો જે commissioned and under implementation માં ગણીએ એગ્રો અને ફૂડ પ્રોસેસીંગમાં તો અમદાવાદ જિલ્લામાં ૧૭ પ્રોજેક્ટ, આણંદમાં ૬, અરવલ્લીમાં ૧, બનાસકાઠામાં ૧૮, ભરૂચમાં ૨, ભાવનગરમાં ૩, છોટા ઉદેપુરમાં ૧, દાહોદમાં ૧, ગાંધીનગરમાં ૭, ગીર સોમનાથમાં ૧, જામનગરમાં ૧, જૂનાગઢમાં ૫, કચ્છમાં ૫, ખેડામાં ૧, મહીસાગરમાં ૧, મહેસાણામાં ૯, મોરબીમાં ૧, રાજકોટમાં ૧૯, સાબરકાંઠામાં ૪, સુરતમાં ૧૨, સુરેન્દ્રનગરમાં ૨, તાપીમાં ૨, વડોદરામાં ૬, વલસાડમાં ૧ આમ, કુલ ૧૨૪ પ્રોજેક્ટ commissioned and under implementation માં છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપશ્રી મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, જે રીતે એમના જવાબમાં એમણે જણાવ્યું કે, ૨૧૩૦૪ એમ.ઓ.યુ. થયા પૈકી ૧૩૫૪૪ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયા છે એની સામે ૭૭૬૦ પ્રોજેક્ટની હાલમાં શું સ્થિતિ છે? બીજું એ જાણવું છે કે, ઉર્જા ક્ષેત્રમાં અને aviation ક્ષેત્રમાં આ ૧૩૫૪૪ પૈકી કેટલા પ્રોજેક્ટો ઉત્પાદનમાં છે અને ટોટલ પ્રોજેક્ટો પૈકી હાલમાં મૂડી રોકાણની રકમ કેટલી થાય છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાવર સેકટરની વાત કરું તો કુલ ૪૧ એમ.ઓ.યુ. થયા હતા એમાંથી ૨૩ એમ.ઓ.યુ. કમિશન થયા છે અને ૧૬ એમ. ઓ. યુ. under implementation માં છે. માનનીય સભ્યશ્રીએ બીજી જે વાત કરી એમાં એમનો બીજો સવાલ હતો કે કેટલા કમિશન થયાં તો કુલ ૨૧૩૯૪ થયા એમાંથી ૧૩૫૪૪ કમિશન થયા છે. આમાં જે ૧૩૫૪૪ કમિશન થયા છે તેમાં અન્ડર ઇમ્પ્લીમેન્ટેન્શન હેઠળ એટલે કે જેની કામગીરી ચાલુ છે તેવા ૧૯૭૭, પ્રિલીમનરી સ્ટેજ એ ૪૧૭ છે, ૪૪૬૬ પ્રોજેક્ટ ડ્રોપ થયા છે અને બાકીના બધા જ પ્રોજેક્ટો કોઇને કોઇ સ્ટેજ ઉપર છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી માનો કે આ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયા છે, તો તેમાં કેટલું મૂડી રોકાણ થયું છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રોજેકટો કમિશન અને અન્ડર ઇમ્પ્લીમેટેશન આ બે જ સ્ટેજે હોય છે તેમાં બીજું પ્રીલીમનરી સ્ટેજ હું ગણતો નથી. કમિશન એટલે કે સંપૂર્ણપણે જેનું પ્રોડકશન ચાલુ થઇ ગયું છે. અન્ડર ઇમ્પ્લીમેન્ટેન્શન એટલે કે જેને જમીન લઇ લીધી છે અને કામગીરી ચાલે છે.કમિશનની અંદર પણ જુદા જુદા ફેઇજીસ હોય છે, પહેલું ફેઇજ થઇ જાય એટલે બીજું પણ ચાલે અને ત્રીજું પણ ચાલે પણ એકવાર એનું પ્રોડકશન ચાલુ હોય છે તેને અમે કમિશન ગણીએ છીએ. એટલે આ કુલ બે ભેગા મળીને ૧૫૫૨૧ પ્રોજેકટો છે, તેમાં કુલ ૪,૨૦,૬૭૩ રૂપિયાનું મૂડી રોકાણ થયું છે.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વાયબ્રન્ટ ગુજરાત દ્વારા ગુજરાતે જયારે આગવી ઓળખ ઉભી કરી છે ત્યારે જે ઇન્વેસ્ટરો આવે છે અને ઇન્ડ્રસ્ટીઝ આવે છે ત્યારે આ ઇન્ડસ્ટ્રીઝને લેન્ડ કલીયરન્સથી લઇને બીજા બધા જ લાયસન્સો સરળતાથી મળી રહે તેને માટે સીંગલ વિન્ડો સિસ્ટમ આપણે વિચારતા હતા તે અમલીકરણમાં આવી ગઇ છે કે કેમ ?

સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરસ મજાની ઓન લાઇન સિસ્ટમ આપણે ગોઠવી છે અને પહેલાં તો આ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્ટ હોય તે ઓન લાઇન રજીસ્ટર કરાવવામાં આવે છે. ઓન લાઇન રજીસ્ટર થયા પછી જુદા જુદા સેકશનમાં દાખલા તરીકે લાસ્ટ સેકશનના નોડલ ઓફિસરો રાખ્યા છે,લાસ્ટ સેકશનના નોડલ ઓફિસર જનરલ મેનેજર, ડી.આઇ.સી. છે, પછી એને.એસ. એમ. માં રીજીનલ મેનેજર છે, અને જી.આઇ.ડી. સી. છે આ નોડલ ઓફિસરો તરીકે એ લોકોનું ધ્યાન રાખે છે. જે રજીસ્ટર કરે છે તેને યુઝર્સ કોડ અને પાસવર્ડ આપવામાં આવે છે. અને આ પાસવર્ડ આપી એ ઇન્ડસ્ટ્રીઝનું મોનિટરીંગ કરે છે. આ સેકશન અને નોડલ ઓફિસર દ્વારા, સંપૂર્ણપણે અને દરેક દરેક સ્ટેજ ઉપર એ કઇ જગ્યાએ, કયા સ્ટેજે છે તેનું એ લોકો મોનિટરીંગ કરે છે. આ જે મોનિટરીંગ કરે છે એમાં ખાસ કરીને તેને માટે જવાબદારી આપવમાં આવી છે અને કયા લેવલ ઉપર કોણ મોનિટરીંગ કરે. દા.ત. ૧૦ કરોડનું મૂડી રોકાણ હોય તો કલેકટર લેવલે તેનું મોનિટરીંગ થાય, ૧૦ થી ૧૦૦ કરોડનું હોય તો તેને માટે ઇન્ડસ્ટ્રીઝ કમિશનર તેનું મોનિટરીંગ કરે છે. ૧૦૦ કરોડ થી ૧૦૦૦ કરોડનું હોય તો એ.સી.એસ કરે છે અને પછી ચીફ સેક્રેટરી સુધી પણ તેનું મોનિટરીંગ થાય છે અને ૪૦૦૦ કરોડ રૂપિયા ઉપરના પ્રોજેક્ટ હોય તેના માટે આદરણીય મુખ્ય મંત્રીશ્રીના લેવલ ઉપરથી આનું મોનિટરીંગ કરતા હોય છે. એટલે સતત મોનિટરીંગના કારણે તેમના પ્રશ્નો શું છે, તેનો ઉકેલ લાવવામાં આવે છે અને ઓન લાઇન એ લોકોને જે કોડ આપ્યો છે તે કોડ ઉપર કહી શકે છે કે અમારે એન્વાયરમેન્ટના ઇસ્યુ છે તો તેનો ઉકેલ લાવવામાં આવે છે એ પછી એમ કહે કે ઉર્જાના ઇસ્યુ છે, પાણીનો ઇસ્યુ છે, તો જુદા જુદા સેકશન ઉપર એનું મોનિટરીંગ કરીએ છીએ અને એમના પ્રશ્નો જુદા જુદા નોડલ ઓફિસર દ્વારા ઉકેલવામાં આવે છે અને એટલે આપણા ત્યાં કમિશન અને અન્ડર ઇમ્પ્લીમેટેશનની સંખ્યા વધારે છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, પહેલાં તો સારી બાબત છે કે ઉદ્યોગોનું સારું મૂડી રોકાણ આવે છે, કરોડો રૂપિયાના રોકાણમાં જે પ્રોજેક્ટ ચાલુ થયા તેમાં સ્થાનિક યુવાનોને કેટલી રોજગારી પૂરી પાડવામાં આવી. અને જે ઉદ્યોગો નથી આપતા તેમની સામે શું પગલાં લીધાં ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૬,૭૦, ૩૧૧ લોકોને રોજગારી આપવામાં આવી છે. નિયમો પ્રમાણે જે ૮૫ ટકા હોય તે નિયમો પાળવામાં આવે છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું કોંગ્રેસમાંથી ભાજપમાં આવ્યો એટલે મારા વિસ્તારના કામો પણ વાયબ્રન્ટ થઇ ગયા છે. તેથી ભાજપ સરકારનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને અને મારા વિરોધપક્ષના સભ્યશ્રીઓને પણ જણાવીશ (અંતરાય) હું પણ વાયબ્રન્ટ થઇ ગયો છું. ચિંતા ન કરશો. માનનીય અધ્યક્ષશ્રી આ વાયબ્રન્ટ સમીટનો પ્રશ્ન છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, જોષી સાહેબ તમે બહુ જૂના છો, ૧૯૯૦માં તમે મારી સાથે હતા એટલે બહુ બોલશો નહીં. ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન રજિસ્ટ્રેશન કરવાની પદ્ધતિ શું છે તથા પ્રોજેકટના તબક્કાઓ શું છે અને મોનિટરીંગ માટે સરકારે શું વ્યવસ્થા ગોઠવી છે?

શ્રી સૌરભ પટેલ : મેં આગળના સવાલમાં આનો જવાબ આપ્યો છે. અમે સરસ રીતે આખી સિસ્ટમ ગોઠવી છે. એ સિસ્ટમની અંદર ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશથી માંડીને રાજય સરકારે સરળતા થાય એ માટે ઓન લાઇન સિસ્ટમ ગોઠવી છે એમાં જુદા જુદા ઓફિસરો દ્વારા આનું સતત મોનિટરીંગ કરવામાં આવે છે. પ્રોજેકટોની કિંમતો પ્રમાણે પ્રોજેકટોના વિભાગો પ્રમાણે સરળતાથી ઓન લાઇન સિસ્ટમ ગોઠવી છે એ પ્રમાણે કામ કરવામાં આવે છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય સભ્યશ્રી અલ્પેશભાઇએ ખૂબ સારો પ્રશ્ન પૂછયો હતો. હું પણ પૂછવા માગું છું કે આ ગુજરાતમાં બેરોજગાર યુવાનો એટલા બધા ફરે છે અને જયાં આ ઉદ્યોગો ચાલે છે એમાં સ્થાનિક લોકો બિચારા એ ઉદ્યોગના ભૂંગળા સામે જુએ એનું કેમિકલનું પાણી ધૂમાડા સહન કરે આ બધી સહન શકિતને અંતે એને એમ હોય કે આમાં અમને કંઇક કામ મળે પણ ખરેખર તમે તપાસ કરો જયાં આવા ઉદ્યોગો ચાલે છે ત્યાં સ્થાનિકને કામ નથી મળતું. ૮૫ ટકા સ્થાનિકને કામ આપવું એવો સરકારનો હુકમ છે છતાં એ પ્રમાણે મળતું નથી. તો આની કોઇ તપાસ કરાવવા માગો છો કે કેમ? કેટલી જગ્યાએ ચેકિંગ કરવામાં આવ્યું એ મંત્રીશ્રી જણાવે.?

શ્રી સૌરભ પટેલ : સભ્યશ્રીનું સૂચન છે. સ્થાનિકોને વધારેમાં વધારે રોજગારી મળે એની સરકાર ચિંતા કરશે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વાયબ્રન્ટ ગુજરાત સમિટ, ૨૦૧૫ દરમિયાન વિશ્વના કયા કયા દેશોના મહાનુભાવોએ ભાગ લીધો હતો?

શ્રી સૌરભ પટેલ : આ એક ઇન્ટરનેશનલ ઈવેન્ટ હતી એની અંદર જે પાર્ટનર કન્ટ્રી હોય છે આના પ્રતિનિધિઓ ઉપરાંત બીજા ઘણા પ્રતિનિધિઓ આવતા હોય છે. આ ૨૦૧૫ ના વાયબ્રન્ટમાં ભુતાનના ઓનરેબલ પ્રાઇમમિનિસ્ટર આવ્યા હતા. રિપબ્લિક ઓફ મેકવાડોના પ્રાઇમમિનિસ્ટર આવ્યા હતા. ડે. પ્રાઇમમિનિસ્ટર ઓફ પોલેન્ડ આવ્યા હતા. સેક્રેટરી ઓફ સ્ટેટ યુ.એસ.એ. આવ્યા હતા. યુનાઇટેડ નેશનના સેક્રેટરી જનરલ આવ્યા હતા. રશિયન ફેડરેશનના ગવર્નર આવ્યા હતા, ઓસ્ટ્રેલીયાના ગવર્નર આવ્યા હતા. આ રીતે જાપાન, સીંગાપુર, યુનાઇટેડ કિંગ્ડમ, નેધરલેન્ડ અને ડેન્માર્કના પ્રતિનિધિઓ આવ્યા હતા. એ સિવાય બીજા અનેક લોકો આવ્યા હતા. આ વાયબ્રન્ટ સમિટ છે એની આખી દુનિયામાં લોકો રાહ જોઇને બેઠા હોય છે કે કયારે ગુજરાતના વાયબ્રન્ટમાં જઇએ એ પ્રમાણે આ બધા આગેવાનો સરકારની જોડે વાતચીત કરીને અહીંયા આવતા હોય છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં પાર્ટનર દેશની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે અને ૨૦૧૫માં કઇ કઇ સંસ્થા પાર્ટનર હતી.

શ્રી સૌરભ પટેલ : આની તૈયારીઓ ઘણી વહેલાથી ચાલુ થાય છે. જુદા જુદા દેશોની અંદર જઇને કોને પાર્ટનર કન્ટ્રી બનાવવા અને કોને આમંત્રણ આપવું એના ડેલીગેશનો રાજય સરકાર મોકલે છે. આપણે આ ૨૦૧૫માં દસ ડેલીગેશનો મોકલ્યા હતા. એક સાઉથ કોરીયા તાઇવાનનું હતું, બીજું ચાઇના હોંગકોંગ, સીંગાપુરનું હતું, ત્રીજું નેધરલેન્ડ અને સ્વીડન, ચોથું ફ્રાન્સ અને જર્મની ત્યારપછી રશિયા પોલેન્ડ અને ચેકોસ્લેવીયા ત્યારબાદ યુ.એ.ઈ. અને કતારનું હતું. યુ.એ.એસ. વેસ્ટ કોસ્ટ, યુ.એ.એસ. ઇસ્ટ કોસ્ટ અને કેનેડાનું હતું, એક જાપાન અને ઓસ્ટ્રેલીયા આ રીતે નવ ડેલીગેશન દ્વારા પાર્ટનર કન્ટ્રી નક્કી કરવામાં આવ્યા, આમાંથી આઠ પાર્ટનર કન્ટ્રી આવ્યા. જાપાન, કેનેડા, યુ.એસ.એ., યુ.કે. ઓસ્ટ્રેલીયા, સીંગાપુર, નેધરલેન્ડ અને સાઉથ આફ્રિકા આ રીતની તૈયારીઓ વાયબ્રન્ટની અંદર થાય છે. એમાં પાર્ટનર કન્ટ્રીનું પણ સિલેકશન થાય છે. અને આપણા ગુજરાતીઓ જોડે કોને વ્યવહારમાં વધારે અનુકૂળતા થાય છે એ પ્રમાણે કરવામાં આવે છે. પાંચ ઓર્ગેનાઇઝેશન કહ્યા એમાં જે આગળના પાંચ હતા એના નામો આપ્યા છે.

અધ્યક્ષશ્રી : એટલે હું નક્કી કરું છું અને એને શોર્ટ આઉટ કરું છું અને આ પ્રશ્ન અગત્યનો છે એટલે બધા પૂછે છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૫માં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ અને બીજો પ્રશ્ન– આની અંદર વિદેશી રોકાણકારો કેટલા આવેલ અને સ્થાનિક રોકાણકારો કેટલા આવેલ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં રૂ.૬૧.૫૩ કરોડનો ખર્ચ થયો હતો. વિદેશી રોકાણકારો અને સ્થાનિક રોકાણકારોની માહિતી અત્યારે મારી પાસે નથી. આમાં શું થાય છે કે આમાં જોઇન્ટ વેન્ચર કરવામાં આવતું હોય છે. એટલે જોઇન્ટ વેન્ચરમાં ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ ન હોય પરંતુ ઇનડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટ કરવામાં આવે છે. આ રીતે જુદી જુદી જગ્યાએ લોકો રોકાણ કરતા હોય છે. બહારથી અને દેશમાંથી પણ લોકો આવે છે. જુદા જુદા ઓર્ગેનાઇઝેશન પણ આવે છે, જુદી જુદી

સંસ્થાઓ દ્વારા બીજા રાજ્યો પણ રોકાણ કરતા હોય છે. ઇન્ટરનેશનલ કન્ટ્રીઝ પણ રોકાણ કરતી હોય છે. હમણાં કેનેડા આવ્યું હતું. એમણે સરસ મજાની લેબોરેટરી કરી. એ લોકોએ ઇનડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ કર્યું. એમણે બધા મશિનો મોકલી આપ્યા, આપણે જગ્યા આપી અને સુવિધા કરી આપી અને ફોરેન્સિક લેબોરેટરી દ્વારા આપણને લાભ જોઇતો હતો એ મળ્યો. આમ આમાં જુદી જુદી રીતે રોકાણ થાય છે.

કચ્છ જિલ્લામાં ગુણવત્તા સુધારણા સહાય

* ૭૨૪૭ ડો. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં એમએસએમઇ (Micro, Small & Medium Enterprise) એકમોને ગુણવત્તા સુધારણા સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, અને | (૧) ૨૬ એકમોની અરજીઓ મળી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) ૧૯ એકમોને ચૂકવણું કરવામાં આવ્યું. |

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લોકો ઉદ્યોગ ધંધા માટે સમગ્ર દેશ અને વિદેશમાં પથરાયેલા છે. આજના આદરણીય વડાપ્રધાન અને જે તે સમયે સીએમ બન્યા અને એ ગુજરાતની નસ પારખી અને એમણે વાઇબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટનું આયોજન કર્યું અને એના દ્વારા અનેક ઉદ્યોગો આપણા ગુજરાતની અંદર આવ્યા. એમાં મારા કચ્છ જિલ્લા માટે એવું કહી શકાય કે તે ઇન્ટરનેશનલ ટુરિઝમનું હબ બન્યુ. એટલા મહાકાય ઉદ્યોગો મારે ત્યાં આવ્યા છે. ગુજરાત વાઇબ્રન્ટ ઇન્વેસ્ટર સમિટમાં માઇક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇઝ MSME ને જે રીતે મહત્વ આપીને, પ્રચાર-પ્રસાર કરીને અનેક પ્રોજેક્ટો મૂકી જે રીતે MSMEને વધારે હાઇલાઇટસ્ કર્યા અને વધારે ઉદ્યોગોની સ્થાપના થઇ અને એના પરિણામે જરૂરિયાતો ઉભી થઇ. (અંતરાય) પ્લીઝ સાંભળો, તમે યુવાનોની વાત કરો છો, એમના માટેનો અગત્યનો આ પ્રશ્ન છે. તમે યુવાનોની રોજગારીની વાત કરો છો. એના માટેનો જ આ વિષય છે. ધ્યાનથી સાંભળો. મારે કહેવું છે કે, એમાં જે સમસ્યા આવી, એ લોકો માટે આ યોજના બનાવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીમાબેન પ્રશ્ન ઉપર આવો. મહેરબાની કરીને અંદરો અંદર કોમેન્ટ કરશો નહીં. માનનીય નીમાબેનનું ગૌરવ જાળવો. બેન છે, સિનિયર સભ્યશ્રી છે. પ્લીઝ

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, જે ગુણવત્તા સુધારણા સહાય યોજના મૂકવામાં આવી એ MSME માટે આ સહાય યોજના છે એમાં મારે જાણવું છે કે આ યોજના શું છે? બધા સભ્યશ્રીઓને ખબર પડે. ભલે લાંબો જવાબ થાય પણ ખૂબ મહત્વનો પ્રશ્ન છે. આ યોજનામાં કેવી રીતે સહાય આપવામાં આવે છે? કેવી રીતે પ્રોસેસ કરવામાં આવે છે અને આ યોજના દ્વારા ક્યા ખર્ચ માટે કેટલી મદદ આપવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કોમ્પીટીશનનો જમાનો છે અને આ કોમ્પીટીશનના જમાનામાં આપણા નાના ઉદ્યોગો પગ ઉપર કેવી રીતે ઉભા રહી શકે અને હરીફાઇમાં કેવી રીતે લોકોની સાથે સામનો કરી શકે એ ધ્યાનમાં રાખીને આ યોજના આપણે લાવ્યા છીએ. આ યોજનાની અંદર દરેક ઉદ્યોગોને સર્ટીફીકેશન લેવું પડતું હોય છે એ જે સર્ટીફીકેશન લેવું પડે છે એ સર્ટીફીકેશન એના માટે બહુ અગત્યનું હોય છે. એ સર્ટીફીકેશનના એમને ખર્ચા માટેની યોજના આપેલી છે સરકારે. દા.ત. એમને સર્ટીફીકેશન હોય એ કઇ કઇ જાતના છે એટલે આપને થોડોક આઇડીયા આવે. ઇ.આર.પી. સીસ્ટમ છે તો ઇ.આર.પી. સીસ્ટમ છે એ આજની તારીખમાં એના ખૂબ મોટા લાભો છે પણ એ ઇ.આર.પી. સીસ્ટમ નાખવાનો ખર્ચો ખૂબ મોટો થતો હોય છે એટલે ઇ.આર.પી. સીસ્ટમ જે નાખે તો એને ૫૦ હજાર રૂપિયા સુધીનું આપણે ખર્ચ પેટે આપીએ છીએ. ૫૦ ટકા અથવા ૫૦ હજાર રૂપિયા. બીજું એવું સર્ટીફીકેશન હોય છે, આઇ.એસ.ઓ. સર્ટીફીકેશન એ લેવું જરૂરી હોય છે અને આઇ.એસ.ઓ. સર્ટીફીકેશન લેવામાં પણ ૫૦ ટકા ખર્ચો અથવા ૫૦ હજાર રૂપિયા આપણે આ યોજનામાં આપીએ છીએ. એવી રીતે કોઇપણ નેશનલ અને ઇન્ટરનેશનલ સર્ટીફીકેટસ. એના સર્ટીફીકેટસ માટે સંપૂર્ણપણે ખર્ચો આપે છે. હવે આમાં કયા ખર્ચાઓ એલીજેબલ છે, એલીજેબલ ખર્ચાઓમાં સર્ટીફીકેશન એજન્સીએ જે ખર્ચો કર્યો હોય એ પણ એલીજેબલ છે. ઇ.આર.પી. સિસ્ટમ જે કરીએ છીએ એનું ફુલફોર્મ છે એન્ટરપ્રાઇઝ રીસોર્સ પ્લાનીંગ. આ એન્ટરપ્રાઇઝ રીસોર્સ પ્લાનીંગ એટલે સંપૂર્ણપણે એના કેટલા કોસ્ટ બેનીફીટ એ પ્રોસેસ માટે કામમાં આવે છે એટલે કોઇપણ મેન્યુફેકચરીંગ સેકટરમાં પ્રોસેસમાં સરળતા કરવી હોય કે પ્રોસેસની અંદર સ્પીડ લાવવી હોય અને એકસપોર્ટ યુનિટો જયારે આવે ત્યારે એ લોકો એકસ્પોર્ટ યુનિટો વાળા દા.ત. અહીંયાથી યુ.એસ.ની અંદર એકસ્પોર્ટ કર્યુ તો એકસ્પોર્ટ યુનિટોવાળા પૂછતા હોય છે કે તમારી પાસે કઇ કઇ સુવિધાઓ છે? તો એ લોકો પૂછે કે અમારી આટલી આટલી સુવિધા હોય અને એ સુવિધા પાછી સર્ટીફીકેટનું પૂછે છે કે તમારી પાસે કયા કયા સર્ટીફીકેટો હોય છે તો એ સર્ટીફીકેટોના આધાર ઉપર એ લોકોને ઓર્ડર મળતા હોય છે. ઘણી વખત ઇન્ટરનેશનલ નોર્મ્સ એવા હોય છે કે એ લોકોને જાતે જોવા આવવું પડે અને જાતે જોવા આવે ત્યારે તમારી ઇ.આર.પી.ની સિસ્ટમ શું છે એ જોતા હોય છે અને એ લોકોને ઇ.આર.પી. સિસ્ટમ જોતા લાગે કે આમાં તમારા કવોલીટી કંટ્રોલ, પ્રોડકશન

કોસ્ટ આ બધું મેનેજેબલ હોય તો એ લોકો એમને ઓર્ડર આપતા હોય છે નહીં તો ઓર્ડર આપતા નથી એટલે આપણે સંપૂર્ણપણે ઇ.આર.પી. સિસ્ટમની સર્વીસીસ પ્રોવાઇડર માટેનો ખર્ચો આપીએ છીએ. દા.ત. ટેસ્ટીંગ ઇકવીપમેન્ટની અંદર પણ આપણે એ લોકોને ખર્ચો આપીએ છીએ. કેલીબ્રેશન ચાર્જીસ આપીએ છીએ અને કન્સલ્ટેશન ફીઝ પણ આપીએ છીએ એટલે આવી રીતે સંપૂર્ણપણે નેશનલ, ઇન્ટરનેશનલ સર્ટીફીકેશન માટે આપણે એ લોકોને સુવિધા આપીએ છીએ અને પ્રોસીઝર પણ બહુ સરળ કરી છે. એ લોકો જે કંઇ આ કામગીરી કરે, આપણા નોર્મ્સમાં હોય એ ડી.આઇ.સી.ને ત્યાં એપ્લાય કરે છે અને એ કયારે કરી શકે તો એક વર્ષ કર્યા પછી દા.ત. આજે ઇ.આર.પી.ની સિસ્ટમ કરી, ઇ.આર.પી. સર્ટીફીકેટ મળ્યું અને એક વર્ષ પછી આની અંદર અરજી કરે છે, આપણા ઓફિસરો એને ઇન્સ્પેકટ કરે છે. ઇન્સ્પેકશન ૧૫ દિવસની અંદર કરી નાખવું પડે અને સ્ક્રુટીની કર્યા પછી ૧૦ દિવસની અંદર જાણ કરી દેવી પડે કે તમને કેટલા રૂપિયા મળશે અને ગ્રાન્ટ આવ્યા પછી એ લોકોને એ પ્રમાણે પૈસા આપવામાં આવે છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે મોટા ઉદ્યોગ કચ્છમાં બહુ આવ્યા છે એ બહુ સારું છે પણ નાના ઉદ્યોગ કપચી, કાકરી એ નાના ઉદ્યોગમાં આવે તેમજ બોકસાઇટ, ડેન્ટોનેટ પાઉડર, કપાસની ગાસડીનો ઉદ્યોગ, સોલાર પ્લાન્ટ, મચ્છી ઉદ્યોગ, ચાઇના કલે, મીઠા ઉદ્યોગ, પવનચકકી, ટાઇલ્સ ઉદ્યોગ છે તો આ નાના ઉદ્યોગોમાં સરકાર દ્વારા ૮૫ ટકા આપણે સ્થાનિક લેવાના હોય છે પણ ખરેખર આ ઉદ્યોગોને મગજમાં એમ હોય છે કે ૧૫ ટકા લેવાના હોય છે તો એના માટે થોડોક નિર્ણય લો એવી મારી નમ્ર અપીલ છે.

શ્રી સૌરભ પટેલ : આ પ્રશ્ન ક્વોલિટી સર્ટિફિકેટ આપવાનો છે. માનનીય સભ્યશ્રીને વિનંતી કરું કે બીજી નોટિસ આપે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, ગુણવત્તા સુધારણા સહાય યોજના હેઠળ છેલ્લા બે વર્ષ દરમિયાન કચ્છ જિલ્લામાં કયા કયા એકમોને કયા હેતુ માટે કેટલી સહાય મંજૂર કરવામાં આવી?

શ્રી સૌરભ પટેલ : કચ્છમાં જે યુનિટોને મંજૂરી આપી છે એવા ૨૬ છે અને ૮-૧૦ યુનિટોના નામ આપીશ એટલે આપને ખ્યાલ આવશે કે કેવા પ્રકારનું છે. મંગલ મીનરલ છે એને આઇ.એસ.ઓ. સર્ટિફિકેટ માટે ૩૩,૪૨૭ આપવામાં આવ્યા છે. રંગોલી ફુડ છે એને ડી.આઇ.એસ. માટે ૮ લાખ ૬૨ હજાર ૧૪૪ રૂપિયા આપવામાં આવ્યા છે. સહજાનંદ પી.વી.સી. પાઇપને ડી.આઇ.સી. માટે ૩ લાખ ૭૬ હજાર આપવામાં આવ્યા છે. કામધેનુ પ્લાયવુડને ૫ લાખ ૯૭ હજાર ૩૭૦ રૂપિયા આપવામાં આવ્યા. ગાર્ડીયન ટેકસટાઇલ ૯ લાખ ૧૪ હજાર ૩૪૨ રૂપિયા આપવામાં આવ્યા. પોલિમર્સ, પ્લાયવુડ, ટ્રેડીંગ, બેવરેજીસ, વેલ્ડીંગ વર્કસ, એન્જિનિયરીંગ યુનિટ્સ, બ્લોક, ઇન્ફ્રાસ્ટ્રકચર આ પ્રમાણે જેટલા યુનિટો કચ્છમાં હોય એસ.એમ.ઇ.ની અંદર હોય આ સિસ્ટમની અંદર ડી.આઇ.એસ સર્ટિફિકેશન હોય, આઇ.એસ.ઓ. હોય, કોઇપણ કામગીરી કરતા હોય એ રજિસ્ટર્ડ કરે એટલે રાજ્ય સરકારની નીતિ પ્રમાણે એમને પૈસા આપીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : જે રીતે માઇક્રો, સ્મોલ અને મિડિયમ ત્રણ પ્રકારના એકમો પાછળ ૨૬ એકમોની અરજી પૈકી ૧૯ એકમોને ચૂકવણું કર્યું છે. એમાં સ્મોલ એકમો કેટલા હતા, માઇક્રો કેટલા હતા અને મીડિયમ એકમો કેટલા હતા અને એની પાછળ કેટલું ચૂકવણું કરવામાં આવ્યું હતું?

શ્રી સૌરભ પટેલ : આ ત્રણેયની ડિટેઇલ નથી. પણ ચોક્કસ પણે કહું કે આ સ્મોલ, માઇક્રોની ડેફિનેશનમાં આવે છે. નાના ઉદ્યોગો છે. કોઇકને આપણે ૩૩ હજાર આપ્યા છે. કોઇકને ૮ લાખ ૬૨ હજાર, કોઇકને ૪૩ લાખ ૫૦૦ આપ્યા છે. જુદા જુદા એકમોને એની સાઇઝ પ્રમાણે અને કામગીરી પ્રમાણે આપ્યા છે. મારી પાસે માઇક્રો, સ્મોલ અને મીડિયમનું નથી પણ આ ત્રણેય ઇન્વેસ્ટમેન્ટના ક્રાઇટ-એરિયાની અંદર આવે છે એટલે એ ક્રાઇટ એરિયાની અંદર હોવાથી જ એ લોકોને આપવામાં આવ્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : ટોટલ રકમ કેટલી છે?

શ્રી સૌરભ પટેલ : ૨૭ના આંકડા છે પણ એનો ટોટલ નથી. પરંતુ અંદાજે મારા ખ્યાલ પ્રમાણે સારી એવી એમાઉન્ટ, કોઇકને ૯ લાખ આપ્યા છે, કોઇકને ૫૦ હજાર, કોઇકને ૭૦ હજાર એમ એવરેજ દોઢ થી બે લાખ થાય છે. ટોટલ રકમની વિગતો ટેબલ ઉપર મૂકી દઇશ.

અધ્યક્ષશ્રી : ટેબલ ઉપર મૂકવા કરતાં માનનીય સભ્યશ્રીને જ આપી દેજો.

શ્રી વિરેન્દ્રસિંહ બ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુણવત્તા પ્રમાણપત્ર મેળવવાથી ઉદ્યોગને શું લાભ થાય છે? આવું પ્રમાણપત્ર મેળવવા શું કરવામાં આવે છે અને આ ગુણવત્તા સુધારવા માટેની જે અરજીઓ આવી હતી એ નામંજૂર કરવામાં આવી છે એના કારણો શું છે?

શ્રી સૌરભ પટેલ : આની અંદર હરિફાઇનો જમાનો છે અને હરિફાઇના જમાનામાં રેગ્યુલેશન્સ એ બહુ અગત્યના છે અને બેટર રેગ્યુલેશન્સ થાય એ જોવાની બહુ જરૂર છે. તમારો ખર્ચ કેમ ઘટે, ઉત્પાદનમાં તમારું વેસ્ટ કેમ ઓછું થાય અને ભૂલો કેમ ઓછી થાય, પ્રોડકિટવિટી કેમ વધે એના માટેના આ બધા પુલ્સ છે એટલે આ ઇ.આર.પી. સિસ્ટમ અને ક્વોલિટી સર્ટિફિકેટ જે છે એ ગ્રાહકને કોન્ફિડન્સ બિલ્ડ-અપ કરે છે. કે ના ભાઇ, મારો આ ખર્ચ આ હું પ્રોડકટ કરું છું તો બટન દબાવે તો એને તરત ખબર પડે કે મારું આ ૨૦૦ રો-મટીરિયલ છે એ રો-મટીરિયલની મારી ખરીદી આ છે તો મારો ભાવ આ પ્રમાણે આવે તો હું આના પ્રમાણમાં ભાવ ગ્રાહકને આપી શકું. કાગળ-પેન્સિલ ઉપર બેસીને કોઇ કામ ન કરવું પડે. પરફેક્શન સાથે સિસ્ટમ

બને. બીજું કે કયા સ્ટેજ ઉપર કયો માલ જાય છે, એટલે જ્યારે રો-મટીરિયલ આવે ત્યારે એ તબક્કે કમ્પ્યુટરમાં ખબર પડે કે આ સ્ટેજથી ઉપર છે. પછી એ ફર્સ્ટ સ્ટેજ ઉપર જાય એટલે ખબર પડે કે અહીંયા છે. એટલે આપણે કોઇ ગ્રાહકને કહેવું હોય કે હું તમને માલ ડિલિવર ક્યારે કરી શકું તો જોઇને કહી શકાય કે ચાર દિવસમાં તમારા ગોડાઉનમાં માલ આવી જશે. એ પ્રમાણે આ બધી સિસ્ટમો બની છે અને આ સિસ્ટમોનો લાભના કારણે એ લોકોને ખર્ચો ઓછો થાય છે, એમને માર્કેટ વધારે મોટું મળે છે અને બીજું, ઘણી જગ્યાએ સ્ટેચ્યુટરી રિક્વાયરમેન્ટ પણ હોય છે. એ રેક્વાયરમેન્ટની અંદર પણ આપણે એમને મદદ કરીએ છે. એટલે આની અંદર ખૂબ મોટા પ્રમાણમાં લાભો થાય છે અને આ સિસ્ટમ ગોઠવવા માટે રૂ. ૫૦,૦૦૦ થી માંડીને ૨૫ લાખ રૂપિયા સુધીનો ખર્ચો થતો હોય છે. જુદી જુદી રીતથી આપણે એ લોકોને પોતે ખર્ચો ના કરવો પડે એ માટે રાજ્ય સરકાર ટેકો આપીને સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇઝને મદદરૂપ થાય એને માટે આ કરવામાં આવ્યું છે.

### દાહોદ જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૫૯૨૦ શ્રી વજેસિંગભાઇ પણદા (દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકા અને શહેરમાં કુલ કેટલા ચોરી, ધાડ, લૂંટ, ખૂન, અપહરણ અને બળાત્કારના બનાવ નોંધાયા, અને | (૧) ૮૮૧. |
* ૯૭૮૭ ડો. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કે.જી. બેઝીનમાંથી ગેસનું ઉત્પાદન કરવા માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ કે. જી. બેઝીન પાછળ કુલ રૂ. ૧૫,૦૭૭.૫૨ કરોડ (જીએસપીસીનો હિસ્સો) જેટલો ખર્ચ કરવામાં આવ્યો. |
| (૨) અને ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેસનું વ્યવસાયિક ઉત્પાદન કેટલું થયું ? | (૨) છેલ્લા બે વર્ષમાં નીચે પ્રમાણે ગેસનું વ્યાવસાયિક ઉત્પાદન થયું.<br>વર્ષ ૨૦૧૬–૧૭ – ૭૩.૭૭ મિલિયન ક્યુબીક મીટર ગેસ<br>વર્ષ ૨૦૧૭–૧૮ – ૪૭.૭૭ મિલિયન ક્યુબીક મીટર ગેસ<br>(તા. ૩૧–૦૧–૨૦૧૮ સુધી) |

---------

### અમદાવાદ મધ્યસ્થ જેલમાં યોગ દિવસ

* ૯૭૧૧ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં યોગ દિવસનું આયોજન કરવામાં આવેલ તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ–૨૦૧૭માં અમદાવાદ મધ્યસ્થ જેલના કુલ કેટલા કેદીઓએ તથા કર્મચારીઓએ તેનો લાભ લીધેલ છે, અને | (૨) ૧૪૦૬ કેદીઓ<br>૧૩૬ કર્મચારીઓ |
| (૩) તે પૈકી કેટલા મહીલા કેદીઓ તથા કર્મચારીઓ છે? | (૩) ૫૫ મહીલા કેદીઓ<br>૦૫ મહીલા કર્મચારીઓ |

---------

### રાજકોટ જિલ્લા/શહેરમાં દારૂની પરમીટ

* ૯૮૧૩ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય નશાબંધી આબકારી મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લા/ શહેરમાં તાલુકાવાર દારૂના | (૧) |

અતારાંકિત પ્રશ્નો

વેચાણ માટે લાયસન્સ મેળવવા અને વ્યક્તિગત પરમીટ મેળવવા કેટલી અરજીઓ આવી, અને

| શહેર/તાલુકા | લાયસન્સ માટે અરજીની સંખ્યા | વ્યક્તિગત પરમીટ માટે અરજીની સંખ્યા |
|---|---|---|
| રાજકોટ શહેર | ૦૪ | ૪૭૭ |
| રાજકોટ તાલુકો | ૦૦ | ૧૧ |
| ગોંડલ | ૦૦ | ૨૨ |
| જેતપુર | ૦૦ | ૧૪ |
| ઉપલેટા | ૦૦ | ૨૧ |
| ધોરાજી | ૦૦ | ૦૮ |
| જામ કંડોરણા | ૦૦ | ૦૧ |
| લોધીકા | ૦૦ | ૦૪ |
| મોરબી | ૦૧ | ૫૩ |
| ટંકારા | ૦૦ | ૦૨ |
| વાંકાનેર | ૦૦ | ૦૬ |
| માળિયા મિંયાણા | ૦૦ | ૦૦ |
| પડધરી | ૦૦ | ૦૩ |
| જસદણ | ૦૦ | ૦૨ |
| કોટડા સાંગાણી | ૦૧ | ૦૧ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ ગ્રાહ્ય રાખી લાયસન્સ કે પરમીટ આપવામાં આવી ?

(૨)

| શહેર/તાલુકા | લાયસન્સ માટે અરજીની સંખ્યા | વ્યક્તિગત પરમીટ માટે અરજીની સંખ્યા |
|---|---|---|
| રાજકોટ શહેર | ૦૧ | ૪૭૭ |
| રાજકોટ તાલુકો | ૦૦ | ૧૧ |
| ગોંડલ | ૦૦ | ૨૨ |
| જેતપુર | ૦૦ | ૧૪ |
| ઉપલેટા | ૦૦ | ૨૧ |
| ધોરાજી | ૦૦ | ૦૮ |
| જામ કંડોરણા | ૦૦ | ૦૧ |
| લોધીકા | ૦૦ | ૦૪ |
| મોરબી | ૦૦ | ૫૩ |
| ટંકારા | ૦૦ | ૦૨ |
| વાંકાનેર | ૦૦ | ૦૬ |
| માળિયા મિંયાણા | ૦૦ | ૦૦ |
| પડધરી | ૦૦ | ૦૩ |
| જસદણ | ૦૦ | ૦૨ |
| કોટડા સાંગાણી | ૦૦ | ૦૧ |

---------

કચ્છ અને મોરબી જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૮૮૪૯ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગુહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને મોરબી જિલ્લા/શહેરમાં આત્મહત્યા, આત્મહત્યાની કોશિષ, ખૂન, ખૂનની કોશિષના કેટલા બનાવો બન્યા,

(૧) પત્રક મુજબ

(૨) તે પૈકી જિલ્લા/શહેરવાર અને વર્ષવાર કેટલા

(૨)

ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

| તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા/શહેર | ગુનાની સંખ્યા |
| કચ્છ જિલ્લા (શહેર સહિત) | ૧૧૨ |
| ભુજ શહેર | ૧૫ |
| મોરબી જિલ્લા (શહેર સહિત) | ૨૧૩ |
| મોરબી શહેર | ૬૬ |
| તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | |
| જિલ્લા/શહેર | ગુનાની સંખ્યા |
| કચ્છ જિલ્લા (શહેર સહિત) | ૮૩ |
| ભુજ શહેર | ૧૬ |
| મોરબી જિલ્લા (શહેર સહિત) | ૨૦૮ |
| મોરબી શહેર | ૭૩ |

(૩) જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે ?

(૩)

| જિલ્લા/શહેર | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| કચ્છ જિલ્લા (શહેર સહિત) | ૬૩૨ | ૧૫ |
| ભુજ શહેર | ૧૩૭ | ૦ |
| મોરબી જિલ્લા (શહેર સહિત) | ૩૭૧ | ૨૦ |
| મોરબી શહેર | ૬૧ | ૦ |

પત્રક

| તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | | | | |
|---|---|---|---|---|
| જિલ્લા/શહેર | આત્મહત્યા | આત્મહત્યાની કોશિષ | ખૂન | ખૂનની કોશિષ |
| કચ્છ જિલ્લા (શહેર સહિત) | ૩૦ | ૦ | ૫૬ | ૩૩ |
| ભુજ શહેર | ૨ | ૦ | ૫ | ૯ |
| મોરબી જિલ્લા (શહેર સહિત) | ૧૭૬ | ૦ | ૨૬ | ૧૧ |
| મોરબી શહેર | ૫૮ | ૦ | ૫ | ૩ |
| તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | | | | |
| જિલ્લા/શહેર | આત્મહત્યા | આત્મહત્યાની કોશિષ | ખૂન | ખૂનની કોશિષ |
| કચ્છ જિલ્લા (શહેર સહિત) | ૨૩ | ૦ | ૪૨ | ૨૧ |
| ભુજ શહેર | ૪ | ૦ | ૬ | ૬ |
| મોરબી જિલ્લા (શહેર સહિત) | ૧૫૯ | ૦ | ૨૪ | ૨૬ |
| મોરબી શહેર | ૫૯ | ૦ | ૬ | ૮ |

---------

જામનગર અને દેવભૂમિદ્વારકા જિલ્લાના અતિપછાત તાલુકા

* ૮૯૦૬ શ્રી વિક્રમભાઇ માડમ (ખંભાળીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૦૬ ના ઠરાવથી કૌલગી સમિતિએ જાહેર કરેલ ૩૦ અતિપછાત તાલુકાઓમાં જામનગર અને દેવભૂમિદ્વારકા જીલ્લાના કયા કયા તાલુકાઓનો સમાવેશ થાય છે, અને

જવાબ

(૧) કૌલગી સમિતિએ જાહેર કરેલ ૩૦ અતિપછાત તાલુકાઓમાં તત્સમયના જામનગર જિલ્લાના કલ્યાણપુર તાલુકાનો સમાવેશ થયેલ હતો. જેનો નવો જિલ્લો દેવભૂમિદ્વારકા રચતા તેમાં સમાવેશ કરવામાં આવેલ છે. હાલના જામનગર જિલ્લાના તાલુકાઓ પૈકી કોઇ તાલુકાનો સમાવેશ થતો નથી.

(૨) સમાવિષ્ટ તાલુકાઓના વિકાસ માટે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શું આયોજન કરેલ છે?

(૨) ઉપરોક્ત પ્રશ્ન ખંડ-૧ના જવાબ પ્રમાણેના સમાવિષ્ટ તાલુકાઓના વિકાસ માટે તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વિકાસશીલ તાલુકા યોજના હેઠળ કરેલ આયોજન (વહીવટી મંજૂરી) અંગેની વિગતો નીચે મુજબ છેઃ-

– દેવભૂમિદ્વારકા જિલ્લો (તત્સમયે જામનગર જિલ્લો)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | જોગવાઈ | મંજુર કરેલ કામોની રકમ (રૂ. લાખમાં) | મંજૂર કરેલ કામોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | કલ્યાણપુર | ૨૦૧૬-૧૭ | ૨૦૦.૦૦ | ૨૦૮.૬૩ | ૫૬ |
| | | ૨૦૧૭-૧૮ | ૨૦૦.૦૦ | ૧૯૦.૬૨ | ૩૪ |

---------

અમદાવાદ અને વડોદરા શહેરમાં સી.સી.ટી.વી કેમેરા

* ૯૭૦૩ શ્રી સુરેશભાઇ પટેલ (મણિનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત (સાસગુજ) પ્રોજેકટ હેઠળ ગૃહ વિભાગ દ્વારા અમદાવાદ અને વડોદરા શહેરમાં પોલીસ સ્ટેશનોમાં સી.સી. ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ અમદાવાદ અને વડોદરા શહેરમાં કેટલા સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે ?

જવાબ

(૧) ગૃહ વિભાગ ગુજરાત સરકાર દ્વારા સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત (સાસગુજ) પ્રોજેકટ હેઠળ નિહ, પરંતુ પોલીસ સ્ટેશન સી.સી.ટી.વી. પ્રોજેકટ હેઠળ અમદાવાદ અને વડોદરા શહેરમાં પોલીસ સ્ટેશનો ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે.

(૨) અમદાવાદ શહેરમાં કુલ-૪૮ અને વડોદરા શહેરમાં કુલ-૨૦ પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે.

---------

અમદાવાદ અને અમરેલી જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૮૮૮૪ શ્રી રાજેશભાઇ ગોહિલ (ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧)તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને અમરેલી જિલ્લા/શહેરમાં આત્મહત્યા, આત્મહત્યાની કોશિષ, ખૂન, ખૂનની કોશિષના કેટલા બનાવો બન્યા,

(૨) તે પૈકી જિલ્લા/શહેરવાર અને વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને

(૩) જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે?

જવાબ

(૧) પત્રક ૧ મુજબ

(૨) પત્રક ૨ મુજબ

(૩) પત્રક ૩ મુજબ

પત્રક-૧

| તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | | | | |
|---|---|---|---|---|
| જિલ્લા/શહેર | આત્મહત્યા | આત્મહત્યાની કોશિષ | ખૂન | ખૂનની કોશિષ |
| અમદાવાદ શહેર | ૭૯૨ | ૦ | ૧૦૩ | ૬૨ |
| અમદાવાદ ગ્રામ્ય | ૯૧ | ૦ | ૨૮ | ૧૦૦ |
| અમરેલી જિલ્લો (શહેર સહિત) | ૨૪ | ૦ | ૧૮ | ૧૯ |
| અમરેલી શહેર | ૦ | ૦ | ૧ | ૧ |
| તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | | | | |
| જિલ્લા/શહેર | આત્મહત્યા | આત્મહત્યાની | ખૂન | ખૂનની કોશિષ |

| | | કોશિષ | | |
|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૮૧૩ | ૧ | ૯૦ | ૬૫ |
| અમદાવાદ ગ્રામ્ય | ૯૫ | ૦ | ૨૦ | ૬૮ |
| અમરેલી જિલ્લો (શહેર સહિત) | ૧૫ | ૦ | ૧૭ | ૨૫ |
| અમરેલી શહેર | ૩ | ૦ | ૧ | ૩ |

પત્રક ૨

| તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા/શહેર | ગુના |
| અમદાવાદ શહેર | ૯૪૫ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૧૮ |
| અમરેલી જિલ્લો (શહેર સહિત) | ૫૪ |
| અમરેલી શહેર | ૨ |
| તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | |
| જિલ્લા/શહેર | ગુના |
| અમદાવાદ શહેર | ૯૬૩ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૭૮ |
| અમરેલી જિલ્લો (શહેર સહિત) | ૫૭ |
| અમરેલી શહેર | ૭ |

પત્રક ૩

| જિલ્લા/શહેર | ધરપકડ કરી | ધરપકડ કરવાની બાકી |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૮૧૭ | ૨૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૯૫૬ | ૨ |
| અમરેલી જિલ્લો (શહેર સહિત) | ૩૧૦ | ૧૯ |
| અમરેલી શહેર | ૩૫ | ૬ |

---------

## ગાંધીનગર અને છોટાઉદેપુર જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૮૮૭૫ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને છોટાઉદેપુર જિલ્લા/શહેરમાં આત્મહત્યા, આત્મહત્યાની કોશિષ, ખૂન, ખૂનની કોશિષના કેટલા બનાવો બન્યા, | (૧) પત્રક ૧ મુજબ |
| (૨) તે પૈકી જિલ્લા/શહેરવાર અને વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને | (૨) પત્રક ૨ મુજબ |
| (૩) જિલ્લા/શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની બાકી છે ? | (૩) પત્રક ૩ મુજબ |

પત્રક ૧

| તા.૧-૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | | | | |
|---|---|---|---|---|
| જિલ્લા/શહેર | આત્મહત્યા | આત્મહત્યાની કોશિષ | ખૂન | ખૂનની કોશિષ |
| ગાંધીનગર જિલ્લો (શહેર સહિત) | ૨૦૬ | ૦ | ૧૯ | ૨૫ |
| ગાંધીનગર શહેર | ૨૪ | ૦ | ૨ | ૫ |
| છોટાઉદેપુર જિલ્લો (શહેર સહિત) | ૪૬ | ૦ | ૨૮ | ૧૨ |
| છોટાઉદેપુર શહેર | ૪ | ૦ | ૬ | ૪ |
| તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | | | | |
| જિલ્લા/શહેર | આત્મહત્યા | આત્મહત્યાની | ખૂન | ખૂનની કોશિષ |

| | | કોશિષ | | |
|---|---|---|---|---|
| ગાંધીનગર જિલ્લો (શહેર સહિત) | ૨૪૮ | ૦ | ૧૫ | ૩૨ |
| ગાંધીનગર શહેર | ૩૫ | ૦ | ૧ | ૩ |
| છોટાઉદેપુર જિલ્લો (શહેર સહિત) | ૪૫ | ૦ | ૨૫ | ૬ |
| છોટાઉદેપુર શહેર | ૭ | ૦ | ૫ | ૪ |

પત્રક ૨

| તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા/શહેર | ગુના |
| ગાંધીનગર જિલ્લો (શહેર સહિત) | ૨૪૮ |
| ગાંધીનગર શહેર | ૩૧ |
| છોટાઉદેપુર જિલ્લો (શહેર સહિત) | ૮૬ |
| છોટાઉદેપુર શહેર | ૧૪ |
| તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ | |
| જિલ્લા/શહેર | ગુના |
| ગાંધીનગર જિલ્લો (શહેર સહિત) | ૨૯૨ |
| ગાંધીનગર શહેર | ૩૯ |
| છોટાઉદેપુર જિલ્લો (શહેર સહિત) | ૭૩ |
| છોટાઉદેપુર શહેર | ૧૫ |

પત્રક ૩

| જિલ્લા/શહેર | ધરપકડ કરી | ધરપકડ કરવાની બાકી |
|---|---|---|
| ગાંધીનગર જિલ્લો (શહેર સહિત) | ૨૮૮ | ૭૨ |
| ગાંધીનગર શહેર | ૩૬ | ૨ |
| છોટાઉદેપુર જિલ્લો (શહેર સહિત) | ૧૧૮ | ૨ |
| છોટાઉદેપુર શહેર | ૪૯ | ૦ |

---------

ઉના શહેરમાં ભુગર્ભ ગટર યોજના

* ૮૩૭૮ શ્રી પુંજાભાઇ વંશ (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ગીર-સોમનાથ જિલ્લાના ઉના શહેરની ભુગર્ભ ગટર યોજનાનું કરવામાં આવેલ કામ નકશા અંદાજોમાં કરવામાં આવેલ જોગવાઇઓ મુજબ સ્થળ ઉપર કરવામાં આવેલ નથી આને હલકી ગુણવત્તાના કામો કરવામાં આવ્યા હોવાની ફરીયાદોથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો, હા તો મળેલ ફરીયાદો અન્વયે સરકારે કયારે તપાસ કરી નકશા અંદાજો મુજબ સ્થળ પર કામ ન કરનાર હલકી/નબળી ગુણવત્તાનું કામ કરનાર એજન્સી સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા?

જવાબ

(૧) હા, જી

(૨) મળેલ ફરિયાદો અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગરનાં પ્રીવેનટીવ વિજીલન્સ સેલ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવેલ છે. જે તપાસ અન્વયે ક્ષેત્રિય કચેરીને પૂર્તતા/એકશન ટેકન રીપોર્ટ મોકલવા જણાવેલ, જે બાબત હાલ કાર્યવાહી હેઠળ છે.

---------

અમદાવાદ અને વડોદરા શહેરમાં સી.સી.ટી.વી કેમેરા

* ૯૭૦૫ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત (સાસગુજ) પ્રોજેકટ હેઠળ ગૃહ વિભાગ દ્વારા અમદાવાદ અને વડોદરા શહેરમાં પોલીસ સ્ટેશનોમાં

જવાબ

(૧) ગૃહ વિભાગ ગુજરાત સરકાર દ્વારા સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત (સાસગુજ) પ્રોજેકટ હેઠળ નહી, પરંતુ પોલીસ સ્ટેશન સી.સી.ટી.વી. પ્રોજેકટ હેઠળ અમદાવાદ

સી.સી. ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે કે કેમ, અને

અને વડોદરા શહેરમાં પોલીસ સ્ટેશનો ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ અમદાવાદ અને વડોદરા શહેરમાં કેટલા સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે ?

(૨) અમદાવાદ શહેરમાં કુલ–૪૮ અને વડોદરા શહેરમાં કુલ–૨૦ પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે.

---------

આંકડાતંત્રને વ્યુહાત્મક રીતે સંગીન બનાવવા કેન્દ્ર સરકારની મળેલ રકમ

* ૮૯૩૯ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્ય કક્ષાએ આંકડા તંત્રને વ્યુહાત્મક રીતે સંગીન બનાવવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૧) હા

(૨) જો હા, તો ઉક્ત સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે?

(૨) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય કક્ષાએ આંકડાતંત્રને વ્યુહાત્મક રીતે સંગીન બનાવવા માટે નીચે મુજબની રકમ મળેલ છે.

| વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમ. (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૨૧૩.૫૪ |
| ૨૦૧૬–૧૭ | ૪૬૧.૧૯ |
| કુલ | ૬૭૪.૭૩ |

---------

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાંથી પકડાયેલ દારૂ/વાહન

* ૮૯૦૮ શ્રી ભીખાભાઈ જોશી ( જુનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ અને પોરબંદર જિલ્લામાંથી જિલ્લાવાર દેશી, વિદેશી દારૂ અને બિયર ભરીને હેરાફેરી કરતા કેટલા વાહનો પકડાયા,

(૧)

| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | | | |
|---|---|---|---|
| જિલ્લા | પકડાયેલ વાહનોની સંખ્યા | | |
| | દેશી દારૂ | વિદેશી દારૂ | બિયર |
| જુનાગઢ | ૫૭ | ૧૧૧ | ૦૬ |
| પોરબંદર | ૮૮ | ૪૬ | ૦૫ |

| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | | | |
|---|---|---|---|
| જિલ્લા | પકડાયેલ વાહનોની સંખ્યા | | |
| | દેશી દારૂ | વિદેશી દારૂ | બિયર |
| જુનાગઢ | ૮૬ | ૧૬૦ | ૦૫ |
| પોરબંદર | ૭૨ | ૪૩ | ૦૫ |

(૨) ઉક્ત વાહનોમાંથી દેશી, વિદેશી તથા બિયરનો કેટલી કિંમતનો કેટલો જથ્થો મળ્યો,

(૨)

| | કિંમત (રૂપિયા) | જથ્થો |
|---|---|---|
| દેશી દારૂ | ૪,૬૭,૭૪૮/– | ૨૩,૩૬૯ લીટર |

| | | |
|---|---|---|
| વિદેશી દારૂ | ૧,૩૭,૫૪,૪૬૧/– | ૫૬,૩૯૯ બોટલ |
| બિયર | ૪,૬૬,૩૦૦/– | ૪,૬૪૮ બોટલ |

(૩) આમાં કેટલા ઈસમોની ધરપકડ કરી અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ૧૧૫૮ ઇસમોની ધરપકડ કરી કાનૂની કાર્યવાહી હાથ ધરેલ છે. જે પૈકી ૫૯૦ ઈસમો વિરૂધ્ધ પ્રોહીબીશન–૯૩, ૩૩ ઇસમો વિરૂધ્ધ તડીપાર અને ૮૬ ઇસમો વિરૂધ્ધ પાસા હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

(૪) આવી ગેરકાનૂની પ્રવૃત્તિને કાયમ માટે અટકાવવા સરકાર ધ્વારા શા પગલાં લેવાયા?

(૪) દારૂની હેરફેર અટકાવવા માટે પ્રોહીબિશન ધારાની જોગવાઈઓમાં સુધારા કરી સજાનું પ્રમાણ વધારેલ છે. દારૂના હેરફેરની પ્રવૃતિ કરતા ઈસમો વિરૂધ્ધ ઉક્ત સુધારેલ નવા કાયદાની જોગવાઇ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સ્થાનિક પોલીસ, એલ.સી.બી., એસ.ઓ.જી., આર.આર.સેલ, એસ.એમ.સી. દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ દારૂનો જથ્થો શોધી કાઢી કેસો કરવામાં આવેલ છે.

લોક દરબાર યોજી આવી બદી સદંતર નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરીકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવેલ છે.

પ્રોહીબીશન કાયદાની અમલવારી માટે નિયમિત ડ્રાઈવ ગોઠવવામાં આવેલ છે. તેમજ આવી પ્રવૃત્તિ આચરનાર ઈસમો વિરૂધ્ધ પ્રોહિબીશન ૯૩, જી.પી.એક્ટ ૫૫, ૫૬ અને પાસા જેવા અટકાયતી પગલા લેવામાં આવેલ છે.

સ્ટેટ મોનીટરીંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરીયાદ મળી શકે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સએપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

---------

### બાયોડાઇવર્સિટી જીન બેન્કની પ્રયોગશાળા

* ૮૯૧૭ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : તેરમી વિધાનસભાના દસમાં સત્રની તા.૧૬/૦૩/૨૦૧૭ના *૩૦૨૩૨ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્સ એન્ડ ટેક્નોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બાયોડાઇવર્સીટી જીન બેન્કની અદ્યતન પ્રયોગશાળાની સ્થાપના કરવાની કાર્યવાહી તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) રાજ્યમાં બાયો બેંક અને જીન બેન્કની અદ્યતન પ્રયોગશાળા ગુજરાત બાયોટેક્નોલોજી રાસર્ચ સેન્ટર અંતર્ગત કાર્યરત છે. |
| (૨) ઉક્ત પ્રયોગશાળા કયા સ્થળે કેટલી રકમના ખર્ચે ક્યાં સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### સાયબર ક્રાઇમ ઉકેલવા એફ.એસ.એલમાં અદ્યતન ટેક્નોલોજી

* ૯૭૫૧ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સાયબર ક્રાઇમના ઉકેલ માટે રાજ્યની ફૉરેન્સિક સાયન્સ લેબૉરેટરીમાં અદ્યતન ટેક્નોલોજીઓ વસાવવામાં આવેલ છે | (૧) હા જી |

કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સમયગાળામાં કયા પ્રકારની અદ્યતન ટેક્નોલોજીઓ વસાવવામાં આવેલ છે ?

(૨) તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ સાયબર ક્રાઇમના ઉકેલ માટે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં નીચે મુજબની અદ્યતન પ્રકારની ટેક્નોલોજીઓ વસાવવામાં આવેલ છે.

૧. માલવેરના પૃથ્થકરણ માટેની સીસ્ટમ
૨. પાસવર્ડ રીકવરી કરવાની ટેક્નોલોજી
૩. મોબાઇલ ફોનના પૃથ્થકરણ માટેની સીસ્ટમ
૪. ઇન્ટરનેટના માધ્યમથી આચરેલ ગુન્હાના ઉકેલ માટેની સીસ્ટમ
૫. સી.ડી, ડીવીડીના પૃથ્થકરણ માટેની સીસ્ટમ
૬. વિવિધ પ્રકારના કોમ્પ્યુટર સ્ટોરેજ ઉપકરણોનું પૃથ્થકરણ કરવા માટેની ટેક્નોલોજી
૮. વીડીઓ ફૂટેજ એન્હેસ કરવા માટેની સીસ્ટમ

---------

ભાવનગર અને પાટણ જિલ્લામાંથી પકડાયેલ દારૂ/વાહન

* ૮૯૨૭ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર દેશી, વિદેશી દારૂ અને બિયર ભરીને હેરાફેરી કરતા કેટલા વાહનો પકડાયા,

(૧)

| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | | | |
|---|---|---|---|
| જિલ્લા | પકડાયેલ વાહનની સંખ્યા | | |
| | દેશી દારૂ | વિદેશી દારૂ | બિયર |
| ભાવનગર | ૭૭ | ૧૫૬ | ૧૦ |
| પાટણ | ૧૬ | ૪૮ | ૧૦ |

| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | | | |
|---|---|---|---|
| જિલ્લા | પકડાયેલ વાહનની સંખ્યા | | |
| | દેશી દારૂ | વિદેશી દારૂ | બિયર |
| ભાવનગર | ૮૮ | ૧૦૨ | ૨ |

(૨) ઉક્ત વાહનોમાંથી દેશી, વિદેશી તથા બિયરનો કેટલી કિંમતનો કેટલો જથ્થો મળ્યો,

(૨)

| દારૂ | કિંમત (રૂપિયા) | જથ્થો |
|---|---|---|
| દેશી દારૂ | ૪,૩૩,૪૦૦/- | ૨૧,૬૭૦ લીટર |
| વિદેશી દારૂ | ૩,૧૨,૦૩,૯૩૩ /- | ૨,૭૪,૫૭૩ બોટલ |
| બિયર | ૨૨,૭૭,૦૨૦- | ૨૧,૮૫૭ બોટલ |

(૩) આમાં કેટલા ઇસમોની ધરપકડ કરી અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ૧૧૬૬ ઇસમોની ધરપકડ કરી કાનૂની કાર્યવાહી હાથ ધરેલ છે. જે પૈકી ૪૬૩ ઇસમો વિરૂધ્ધ પ્રોહી-૯૩, ૬૦ ઇસમો વિરૂદ્ધ તડીપાર અને ૨૦ ઇસમો વિરૂદ્ધ પાસાના અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

(૪) આવી ગેરકાનૂની પ્રવૃત્તિને કાયમ માટે અટકાવવા સરકાર દ્વારા શા પગલાં લેવાયા?

(૪) દારૂની હેરફેર અટકાવવા માટે પ્રોહીબિશન ધારાની જોગવાઈઓમાં સુધારા કરી સજાનું પ્રમાણ વધારેલ છે. દારૂના હેરફેરની પ્રવૃત્તિ કરતા ઇસમો વિરૂદ્ધ ઉક્ત સુધારેલ નવા કાયદાની જોગવાઇ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સ્થાનિક પોલીસ, એલ.સી.બી., એસ.ઓ.જી.,

આર.આર.સેલ, એસ.એમ.સી. દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ દારૂનો જથ્થો શોધી કાઢી કેસો કરવામાં આવેલ છે.

લોક દરબાર યોજી આવી બદી સદંતર નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરીકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવેલ છે.

પ્રોહીબીશન કાયદાની અમલવારી માટે નિયમિત ડ્રાઈવ ગોઠવવામાં આવેલ છે. તેમજ આવી પ્રવૃત્તિ આચરનાર ઈસમો વિરૂદ્ધ પ્રોહિબીશન ૯૩, જી.પી.એક્ટ ૫૫, ૫૬ અને પાસા જેવા અટકાયતી પગલા લેવામાં આવેલ.

સ્ટેટ મોનીટરીંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરીયાદ મળી શકે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સએપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

---------

અન્ય રાજ્ય/કેન્દ્રિય તપાસ એજન્સીને ગુન્હા ઉકેલવા એફ.એસ.એલ.ની મદદ

* ૯૭૪૯ શ્રી રાઘવભાઈ મકવાણા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માં અન્ય રાજ્યોની પોલીસ તથા કેન્દ્રિય તપાસ એજન્સીઓને ગુન્હાના ઉકેલ માટે રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા મદદ પૂરી પાડવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત બાબતે કુલ કેટલા કેટલા કેસોમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા મદદ પૂરી પાડવામાં આવેલ છે ? | (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અન્ય રાજ્યોની પોલીસ તથા કેન્દ્રીય તપાસ એજન્સીઓને ગુન્હાના ઉકેલ માટે છેલ્લા બે વર્ષમાં કુલ–૫૪૦ કેસોના કુલ–૨૪૦૨ નમૂનાઓના પૃથ્થકરણ કાર્યમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા મદદ પૂરી પાડવામાં આવેલ છે. |

---------

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં હથિયાર પરવાના

* ૯૮૦૫ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં હથિયાર પરવાના મેળવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી, અને | (૧) શૂન્ય |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી એને કેટલી અરજીઓ પડતર છે અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |
| (૩) ઉક્ત અરજીઓને મંજૂરી નહી આપવાના કારણો શાં છે? | |

---------

બનાસકાંઠા જિલ્લામાં શહેરોમાં સફાઇ કામદારોને મૃત્યુ સામે વળતર

* ૪૩૦૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નામદાર સુપ્રીમ કોર્ટે સફાઇ કર્મચારી આંદોલન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા, રીટ પીટીશન (સીવીલ) નં.૫૮૩/૨૦૦૩ ના કેસમાં ગટર સફાઇ માટે ઉતારવામાં આવતા સફાઇ કામદારોના થઇ રહેલા મોતના વળતર બદલ રૂ. ૧૦,૦૦,૦૦૦/– નું વળતર ચૂકવવા આદેશ આપેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હાજી |

(૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લાના શહેરી વિસ્તારમાં ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મૃત્યુ પામેલ કેટલા સફાઇ કર્મચારીઓના કિસ્સામાં રૂ.૧૦ લાખનું વળતર ચૂકવવાનું બાકી છે,

(૨) કોઇ નહિ.

(૩) આ વળતર બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બાકી રહેલ તમામ વળતર કઇ તારીખ સુધીમાં ચૂકવી આપવામાં આવનાર છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરેન્દ્રનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી પકડાયેલ દારૂ/વાહન

* ૮૮૯૦ શ્રી ઋત્વિકભાઈ મકવાણા (ચોટીલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર દેશી, વિદેશી દારૂ અને બિયર ભરીને હેરાફેરી કરતા કેટલા વાહનો પકડાયા,

(૧)

| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | | | |
|---|---|---|---|
| જિલ્લા | પકડાયેલ વાહનની સંખ્યા | | |
| | દેશી દારૂ | વિદેશી દારૂ | બિયર |
| સુરેન્દ્રનગર | ૨૪ | ૭૫ | ૦૩ |
| દેવભૂમિદ્વારકા | ૨૫ | ૨૩ | ૦૦ |

| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | | | |
|---|---|---|---|
| જિલ્લા | પકડાયેલ વાહનની સંખ્યા | | |
| | દેશી દારૂ | વિદેશી દારૂ | બિયર |
| સુરેન્દ્રનગર | ૧૭ | ૧૦૪ | ૦૨ |
| દેવભૂમિદ્વાર | ૫૨ | ૩૪ | ૦૧ |

(૨) ઉક્ત વાહનોમાંથી દેશી, વિદેશી તથા બિયરનો કેટલી કિંમતનો કેટલો જથ્થો મળ્યો,

(૨)

| દારૂ | કિંમત (રૂપિયા) | જથ્થો |
|---|---|---|
| દેશી દારૂ | ૩,૪૩,૪૬૦/– | ૧૭,૧૭૩ લીટર |
| વિદેશી દારૂ | ૯,૨૧,૪૩,૧૩૦ /– | ૩,૨૪,૫૫૨ બોટલ |
| બિયર | ૮૪,૪૯,૯૦૦/ – | ૧,૭૧,૦૩૯ બોટલ |

(૩) આમાં કેટલા ઇસમોની ધરપકડ કરી અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ૬૩૮ ઇસમોની ધરપકડ કરી કાનૂની કાર્યવાહી હાથ ધરેલ છે. જે પૈકી ૧૪૫ ઇસમો વિરૂદ્ધ પ્રોહી–૯૩, ૧૮ ઇસમો વિરૂદ્ધ તડીપાર અને ૨૦ ઇસમો વિરૂદ્ધ પાસા હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

(૪) આવી ગેરકાનૂની પ્રવૃત્તિને કાયમ માટે અટકાવવા સરકાર દ્વારા શા પગલાં લેવાયા?

(૪) દારૂની હેરફેર અટકાવવા માટે પ્રોહીબિશન ધારાની જોગવાઇઓમાં સુધારા કરી સજાનું પ્રમાણ વધારેલ છે. દારૂના હેરફેરની પ્રવૃત્તિ કરતા ઇસમો વિરૂદ્ધ ઉક્ત સુધારેલ નવા કાયદાની જોગવાઇ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સ્થાનિક પોલીસ, એલ.સી.બી., એસ.ઓ.જી., આર.આર.સેલ, એસ.એમ.સી. દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ દારૂનો જથ્થો શોધી કાઢી કેસો કરવામાં આવેલ છે.

લોક દરબાર યોજી આવી બદી સદંતર નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરીકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવેલ છે.

અતારાંકિત પ્રશ્નો

પ્રોહીબિશન કાયદાની અમલવારી માટે નિયમિત ડ્રાઈવ ગોઠવવામાં આવેલ છે. તેમજ આવી પ્રવૃત્તિ આચરનાર ઈસમો વિરૂદ્ધ પ્રોહિબિશન ૯૩, જી.પી.એક્ટ ૫૫, ૫૬ અને પાસા જેવા અટકાયતી પગલા લેવામાં આવેલ છે.

સ્ટેટ મોનીટરીંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરીયાદ મળી શકે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સએપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

---------

તારાંકિત પ્રશ્નોના જવાબમાં વિસંગતતા અંગે

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપનું એક ધ્યાન દોરવું હતું કે આજના પ્રશ્ન ક્રમાંક-૭૪માં મારા પૂછેલા પ્રશ્નમાં અમદાવાદ શહેરની ટાઉન પ્લાનીંગની સ્કીમો કેટલી છે એ દરખાસ્તો કેટલી આવી? એમાં ૮૬ છે. જયારે ૧૦૩માં ગ્યાસુદ્દીનભાઇએ પૂછેલા પ્રશ્નમાં  અમદાવાદ શહેરમાં કેટલી દરખાસ્તો આવી ટી.પી.ની એમાં ૮૭ છે કારણકે મુખ્યમંત્રીશ્રી જયારે વિભાગ સંભાળતા હોય અને એમાં આ રીતની ભુલ છે એટલે આપના ધ્યાન ઉપર મૂકું છું.

અધ્યક્ષશ્રી : બીજો કયો પ્રશ્ન કીધો? ૭૪ અને?

શ્રી શૈલેષ  મ. પરમાર : ૭૪ અને ૧૦૩. પ્રશ્ન નં. ૭૪માં ૮૬ ટી.પી.ની દરખાસ્ત છે જયારે પ્રશ્ન નં. ૧૦૩માં ૮૭ છે.

શ્રી પરેશ ધાનાણી : સમાન સમય છે સાહેબ, તા. ૩૧-૧૨ ની સ્થિતિએ એટલે આમાં સાચો જવાબ કયો? બે આંકડાઓમાં વિસંગતતા છે.

અધ્યક્ષશ્રી : વિભાગને લખવામાં આવશે આ બાબતે અને જાણકારી આપવામાં આવશે.

શ્રી પૂંજાભાઇ  ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે પણ આ જ પ્રકારના મુદ્દા ઉભા થયા હતા. અગાઉ પણ આ જ પ્રકારના મુદ્દાઓ ઉભા થયા હતા. વારંવાર આ પ્રકારની સ્થિતિ ઉભી થાય, સરકારે આને ગંભીરતાથી લેવું જોઇએ. વિભાગો તરફથી જે જવાબો આવે છે એનો અર્થ એવો થાય કે જે વિભાગના મુખ્ય અધિકારીઓ ચકાસતા નથી અથવા અહીંયા સરકારમાં જવાબ આવે તો સરકાર એની ભૂમિકા અદા નથી કરતી અને પરિણામે વિધાનસભામાં આવા કોન્ટ્રાવર્સી જવાબો આવે છે એ વ્યાજબી નથી. ગંભીરતા હોય એવું નથી.

અધ્યક્ષશ્રી : આપની નોંધ લીધી. વિભાગે આને ગંભીરતાથી લેવું જોઇએ. નેકસ્ટ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૧-૧૨ નો અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૧-૧૨ ના વર્ષનો મહાનગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૩-૧૪ના વર્ષનો નગરપાલિકાઓ માટેનો ઓડિટ અહેવાલ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૩-૧૪ના વર્ષનો નગરપાલિકાઓ માટેનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

**વન અને પર્યાવરણ વિભાગ**

**માગણી ક્રમાંક-૨૭**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૦,૪૮,૫૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ  કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી ભાવેશભાઇ  બા. કટારા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન  યુ.  ખેડાવાલા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

તા. ૨૧ મી માર્ચ, ૨૦૧૮

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ માગણી ક્રમાંક–૫૧**

શ્રી ગણપતસિંહ વે. વસાવા (ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૮૧,૯૬,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪,૮૪,૦૦,૦૦,૦૦૦/– ની માગણી ક્રમાંક–૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૫૧ રજૂ કરવામાં આવી.**

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

**આદિજાતિ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક–૯૩**

શ્રી ગણપતસિંહ વે. વસાવા(આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિ કલ્યાણ સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪,૬૩,૮૮,૩૧,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૩,૪૨,૨૯,૦૦૦/– ની માગણી ક્રમાંક–૯૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૯૩ રજૂ કરવામાં આવી.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

**આદિજાતિ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક–૯૬**

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજના સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૮૨,૯૨,૮૪,૬૧,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪૪,૯૦,૨૧,૩૮,૦૦૦/–માગણી ક્રમાંક–૯૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૯૬ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક–૧૦૫**

શ્રી ગણપતસિંહ વે. વસાવા (મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળકલ્યાણ સેવાને લગતી બાળ કલ્યાણ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪,૦૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૦૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૧૦૫ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા :માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૧૮–૧૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા. ૨૧–૩–૨૦૧૮ (દસમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| વન અને પર્યાવરણ વિભાગ<br>માગણી નં. ૨૭ | | | | |

## તા. ૨૧ મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨૨૧૫- પાણી....સ્વચ્છતા<br>૦૨- ગટર...સ્વચ્છતા<br>૧૦૬- વાયુ...નિવારણ<br>રૂ. ૧૦,૧૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮, પાના નં.૮ અને ૯ | ૧૦૦ | રાજ્યમાં હવા પ્રદૂષણને કારણે થતાં મૃત્યુનો દર ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઇ ખરાડી (શીવાભાઇ ભુરીયા) |
| ૨ | - - " - - | ૧૦૦ | રાજ્યમાં વધતું જતું હવાનું પ્રદૂષણ નિયંત્રણમાં લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઇ કટારા (મહેશકુમાર પટેલ અને પ્રદ્યુમનસિંહ જાડેજા) |
| ૩ | - - " - - | ૧૦૦ | અમદાવાદ શહેરમાં પીરાણા ડમ્પીંગ સાઇટને કારણે આજુબાજુના રહીશોના સ્વાસ્થ્ય પર થતી તેની વિપરીત અસર નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૪ | - - " - - | ૧૦૦ | અમદાવાદ શહેરના ઔદ્યોગિક એકમો દ્વારા છોડાતું કેમિકલયુક્ત પાણી વારંવાર રહેણાંક વિસ્તારમાં ઘૂસી જતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (ગ્યાસુદ્દીન શેખ) |
| ૫ | - - " - - | ૧૦૦ | પ્રદૂષણ ફેલાવતાં ઉદ્યોગોને નોટીસ આપી તેમની સામે નક્કર પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ (અમીત ચાવડા) |
| ૬ | - - " - - | ૧૦૦ | કચરામાં સળગતા પ્લાસ્ટીકથી વધુ પ્રદૂષણ ફેલાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિરજીભાઇ ઠુમ્મર (અશ્વિનભાઇ કોટવાલ અને સંતોકબેન આરેઠીયા) |
| ૭ | - - " - - | ૧૦૦ | વાહનો તેમજ ઉદ્યોગો દ્વારા થતાં પ્રદૂષણની નિષ્પક્ષ તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાળાભાઇ ડાભી |
| ૮ | - - " - - | ૧૦૦ | પ્રદૂષણ બોર્ડ સામે થયેલાં કેસો સંદર્ભે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઇ બારૈયા (કાંતિભાઇ સોઢાપરમાર અને નથાભાઇ પટેલ) |
| | | ઉદ્યોગ અને ખાણ વિભાગ<br>માગણી નં. ૫૧ | | |
| ૯ | ૩૪૫૨- પ્રવાસન<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧- પ્રવાસન...કચેરી<br>રૂ. ૯૪,૫૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાના નં.૯૫ અને ૯૬ | ૧૦૦ | પ્રવાસન પ્રવૃત્તિઓ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં પ્રવાસીઓની સંખ્યા ઘટતી જતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાખાભાઇ ભરવાડ (સુખરામભાઇ રાઠવા અને ગેનીબેન ઠાકોર) |
| ૧૦ | - - " - - | ૧૦૦ | પ્રવાસીઓને આકર્ષવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા (અલ્પેશ ઠાકોર) |
| ૧૧ | - - " - - | ૧૦૦ | કચ્છ રણોત્સવમાં ખાનગી એજન્સીઓ દ્વારા થતી ઉઘાડી લૂંટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર (કીરીટકુમાર પટેલ) |
| ૧૨ | - - " - - | ૧૦૦ | પ્રવાસન કચેરી દ્વારા થતા ખોટાં ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત (ચંદનજી ઠાકોર) |

| | | | | |
|---|---|---|---|---|
| આદિજાતિ વિકાસ વિભાગ<br>માગણી નં. ૯૩ | | | | |
| ૧૩ | ૨૨૨૫– અનુ. ... કલ્યાણ<br>૦૨– અનુ. ... કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨,૦૪,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૩)<br>પાના નં.૧૩ અને ૧૪ | ૧૦૦ | આદિજાતિ વિકાસ વિભાગને ફાળવવામાં આવતી ગ્રાન્ટો અન્યત્ર ન વાપરતા આદિજાતિઓના હીતમાં જ વપરાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશપાલસિંહ પઢિયાર<br>(મોહનસિંહ રાઠવા) |
| ૧૪ | – – " – – | ૧૦૦ | જંગલ જમીન અધિનિયમ હેઠળ આદિવાસીઓને સત્વરે જમીનો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આંનદભાઇ ચૌધરી<br>(સુનિલભાઇ ગામીત) |
| ૧૫ | – – " – – | ૧૦૦ | આદિજાતિ માટે ફળવાતી રકમ ખરેખર યોગ્ય રીતે ખર્ચાય છે કે કેમ તેની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત<br>(અનંતકુમાર પટેલ) |
| ૧૬ | ૨૨૫૧–સચિવાલય..સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૧–આદિજાતિ વિકાસ વિભાગ<br>રૂ. ૨,૦૫,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ–૩)<br>પાના નં. ૪૪ | ૧૦૦ | રાજ્ય સરકાર દ્વારા આદિજાતિના બજેટમાં પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી<br>(અક્ષયકુમાર પટેલ) |
| ૧૭ | – – " – – | ૧૦૦ | ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લાના આદિજાતિ વિસ્તારોમાં સિંચાઈની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડો. અનિલ જોષિયારા<br>(સંજયભાઇ સોલંકી) |
| ૧૮ | – – " – – | ૧૦૦ | આદિજાતિ ગ્રામ્ય વિસ્તારના ખરાબ રસ્તાઓનું સમારકામ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર<br>(ડો. આશાબેન પટેલ) |
| ૧૯ | – – " – – | ૧૦૦ | આદિજાતિ વિસ્તારના વિકાસના કામો માટે ફાળવેલ રકમ અન્યત્ર ખર્ચાઈ જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડો. સી.જે.ચાવડા<br>(ભરતજી ઠાકોર) |
| ૨૦ | ૨૨૫૧–સચિવાલય..સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૧–આદિજાતિ વિકાસ વિભાગ<br>રૂ. ૨,૦૫,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ–૩)<br>પાના નં. ૪૪ | ૧૦૦ | આદિજાતિ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ પૈકી મોટા ભાગની જગ્યાઓ ખાલી હોવાથી આદિજાતિ વિસ્તારના વિકાસની કામગીરી ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધવલસિંહ ઝાલા<br>(સોમાભાઇ કોળીપટેલ) |
| માગણી નં. ૯૬ | | | | |
| ૨૧ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧– પ્રાથમિક શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ...યોજના<br>રૂ. ૩,૯૮,૬૪,૯૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ–૪)<br>પાના નં.૨૧ થી ૨૭ | ૧૦૦ | આદિજાતિ ગ્રામીણ વિસ્તારોની પ્રાથમિક શાળાઓમાં પૂરતા વર્ગખંડો બનાવવામાં અને શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદ સોલંકી |
| ૨૨ | –– " –– | ૧૦૦ | આદિજાતિ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં પૂરતી સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રીજેશ મેરજા<br>(રાજેશકુમાર ગોહિલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૫–END-19<br>સરકારી..વિકાસ<br>રૂ. ૫૩,૮૭,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૪)<br>પાના નં.૨૯ અને ૩૦ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં સરકારી માધ્યમિક શાળાઓની કથળેલી ગુણવત્તાને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જવાહર ચાવડા (ઋત્વિકભાઇ મકવાણા) |
| ૨૪ | -- " -- | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં સરકારી માધ્યમિક શાળાઓની સંખ્યામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી (પરસોત્તમ સાબરીયા) |
| ૨૫ | -- " -- | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓમાં જરૂરી માળખાગત સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઇ બાવળીયા (લલીત વસોયા) |
| ૨૬ | ૨૨૧૬ – આવાસન<br>૦૨ – શહેરી આવાસન<br>૭૯૬– આદિજાતિ....યોજના<br>રૂ. ૯૪,૦૫,૮૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૪)<br>પાના નં.૧૦૮ થી ૧૧૨ | ૧૦૦ | શહેરી વિસ્તારોમાં આદિવાસીઓને પૂરતા પ્રમાણમાં આવાસનના લાભો મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા (મહમદજાવીદ પીરઝાદા) |
| | | મહિલા અને બાળ વિકાસ વિભાગ<br>માગણી નં. ૧૦૫ | | |
| ૨૭ | ૨૨૫૧ –<br>સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>રૂ. ૩,૯૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭<br>પાના નં. ૩૫ અને ૩૬ | ૧૦૦ | રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકોની સાચી સંખ્યા પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા (લલીતભાઇ કગથરા) |
| ૨૮ | – – " – – | ૧૦૦ | કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં કુપોષિત બાળકોની સંખ્યામાં ઘટાડો થતો નથી તેની યોગ્ય તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિમલભાઇ ચુડાસમા (ભગાભાઇ બારડ) |
| ૨૯ | – – " – – | ૧૦૦ | રાજ્યમાં કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેના આંકડા પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિક્રમભાઇ માડમ (વલ્લભભાઇ ધારવિયા) |
| ૩૦ | ૨૨૫૧ –<br>સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>રૂ. ૩,૯૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭<br>પાના નં. ૩૫ અને ૩૬ | ૧૦૦ | વિધવા બહેનોને અપાતું માસિક પેન્શન નિયમિત રીતે મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (મોહનલાલ વાળા) |
| ૩૧ | – – " – – | ૧૦૦ | નારી ગૃહોમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા (ચિરાગભાઇ કાલરિયા) |
| ૩૨ | – – " – – | ૧૦૦ | આંગણવાડીઓ અને બાલવાડીમાં થતી ગેરરીતિઓની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ (જે.વી.કાકડિયા) |
| ૩૩ | – – " – – | ૧૦૦ | નારી સંરક્ષણ ગૃહોમાં રખાયેલ નારીઓ અપૂરતું ભોજન, સ્વચ્છતાનો અભાવ તેમજ અપૂરતી વ્યવસ્થાને કારણે ભાગી | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ઇન્દ્રજીતસિંહ પરમાર) |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૪ | – – " – – | ૧૦૦ | મહિલા અને બાળ વિકાસ વિભાગની નિષ્ફળ કામગીરીને ધ્યાને લઇ જરૂરી ફેરફારો હાથ ધરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |

ગુજરાત વિધાનસભા સચિવાલય, ડી. એમ. પટેલ
ગાંધીનગર સચિવ,
ગુજરાત વિધાનસભા

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ઉપર એકીસાથે ચર્ચા કરવામાં આવશે.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પર્યાવરણ, પ્રવાસન, આદિજાતિ વિકાસ વિભાગ તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના બજેટનું જે બિનઆદિજાતિ વિસ્તારમાં ડાવર્ઝન થાય છે તેને અટકાવવા માટે છેલ્લા ઘણા સમયથી આ ગૃહમાં હું રજૂઆત કરતો હોઉં છું. એટલા માટે હું રજૂઆત કરું છું કે આદિવાસી વિસ્તારનો જે વિકાસ છે તે વિકાસ ધીરે ધીરે રૂંધાતો જાય છે. તેનું મેઇન કારણ એ છે કે આદિજાતિ વિસ્તારની શું જરૂરિયાત છે તે જરૂરિયાત પ્રમાણે બજેટ બનતું નથી. જે તે ૨૩ વિભાગોમાં ટ્રાયબલનું બજેટ વહેંચવામાં આવે છે અને તે વિભાગો આદિવાસી વિસ્તારની જરૂરિયાત પ્રમાણે નહીં પણ એમની જરૂરિયાત પ્રમાણે તેનું આયોજન કરે છે અને અમલીકરણ કરે છે. નાણાં વિભાગ પણ ડાયરેક્ટ તેમને પૈસા ફાળવે છે. એટલે મારે મંત્રીશ્રીને વિનંતી છે કે, આ જે માગણી લઇને આવ્યા છો એટલા પૂરતું જ આપણી પાસે રહે એવું નહીં પણ કાયમી આ બજેટ આપની હસ્તક રહે તેવું ઇચ્છીએ છીએ, આપ આના માટે પ્રયત્ન કરો અને માનનીય નાણામંત્રી નીતિનભાઇને કહીને આ બજેટ આપના હસ્તક આવે એવી મારી વિનંતી છે. બીજી એક બાબત એ છે કે, કેન્દ્રીય આયોજન પંચ એમ કહે છે કે જે ટ્રાયબલ બજેટ છે તે ટ્રાયબલ બજેટ ૧૭.૫૭ ટકા હોવું જોઇએ. આપ પણ સ્વીકારો છો અને આપે પણ ચોપડીમાં લખ્યું છે કે, ૧૭.૫૭ ટકા હોવું જોઇએ. સાહેબ ઘણા વર્ષથી આપ જોઇ રહ્યા છો તે બજેટ ૭.૦૨ ટકાથી વધતું નથી. વધારે બજેટ ૧૭.૫૭ ટકા જેટલું આપ્યું હોત અને અહીં વધારે ભૌગોલિક વિસ્તારો છે એટલે આપ્યું હોત તો આપણને ૩૨૨૭૦ કરોડ રૂપિયા મળ્યા હોત અને તેના લીધે વિકાસ થઇ શક્યો હોત. બીજી વાત કે આ જે બજેટ ફાળવે છે તે બજેટનું આપણે ડાયવર્ઝન કરી રહ્યા છીએ. મેં ગયા વખતે પણ આ ગૃહમાં રજૂઆત કરી હતી કે, આ બજેટનું અલગ ઓડિટ થવું જોઇએ. અલગ ઓડિટ માટે એ.જી.નો કોડ હોવો જોઇએ. ઘણા સમયથી માગણી હોવા છતાં આમાં કોઇ પરિણામ આવી શક્યું નથી. આમાં ડાયવર્ઝન કેવી રીતે થાય છે તેમાં આપને હું જણાવવા માગુ છું કે ૨૦૦૭ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું અને શહેરી વિકાસને એક નવું હેડ આપે દાખલ કર્યુ અને તેના લીધે પરિસ્થિતિ એ થઇ કે દરવર્ષે તમે તેમાં પૈસા ફાળવતા ગયા. એ અમારા આદિવાસી વિકાસના પૈસા છે. આદિવાસીઓના વિસ્તારના વિકાસના પૈસા છે. સાહેબ પરિસ્થિતિ એ થઇ કે છેલ્લા અગિયાર વર્ષમાં ૨૮૭૬ કરોડ રૂપિયા વાપર્યા. આ વખતે જે બજેટ ૫૧૫ કરોડ રૂપિયા મૂક્યું હતું તેમાં પણ સુધારેલ અંદાજ ૬૨ કરોડ વધારે મૂકયા અને આ વર્ષે જે ૬૮૫ કરોડ ૨૯ લાખ રૂપિયાનું બજેટ લઇને આવ્યા છો તેમાં ૧૭૦ કરોડ રૂપિયાના વધારા સાથે આવ્યા છો. કમસેકમ મંત્રીશ્રી થોડોક તો અભ્યાસ કરો. શાના માટે આટલું બધું બજેટ બીજે વાપરીએ છીએ. આદિવસીઓને એકબાજુ પાણી નથી મળતું, રસ્તા નથી મળતા, આદિવાસીઓ બિચારા હેરાન થાય છે. ત્યારે આ બજેટનું જે ડાયવર્ઝન થાય છે તે કોઇ રીતે ચાલી શકે તેમ નથી. આમાં આપ ગહન અભ્યાસ કરો એવી મારી વિનંતી છે. એવું ને એવું બીજું કહું તો નર્મદા નિગમનો શેર મૂડી ફાળો. ૨૦૦૭ થી આ પણ એક નવું હેડ આપણે દાખલ કર્યુ છે. તેમાં પણ દરવર્ષે ૨૦૦ કરોડ રૂપિયા મૂકવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં નર્મદા યોજનાથી જે લોકો પ્રભાવિત થયા છે તેમના વિસ્થાપન, પુનઃસ્થાપન માટે તમે આ પૈસા વાપરો છો એમ તમારી ચોપડીમાં ઉલ્લેખ છે. એક તો આદિવાસી જમીનો ગુમાવે છે, તેમના માટે આપણા ડેવલપમેન્ટના પૈસા છે તે તમે લઇ જાઓ છો. છેલ્લા અગિયાર વર્ષના આંકડા આપું તો ૨૮૯૭ કરોડ રૂપિયા આ રીતે આપણા ખોટા ગયા છે. આમાં પણ આપ થોડી ગંભીરતા રાખો તેવી વિનંતી છે. સિંચાઇ માટે કહું તો અમારે સૌથી વધુ તકલીફ હોય તો તે સિંચાઇની છે. અમારો વિસ્તાર હીલી એરીયા છે. તેમાં મોટા મોટા ડેમ છે પણ સિંચાઇનું કોઇ પાણી મળતું નથી. મારા પોતાના વિસ્તારની વાત કરું તો છેલ્લા ઘણા વર્ષથી એક એકર જમીનનો સિંચાઇમાં વધારો થયો નથી. આપણે છેલ્લા અગિયાર વર્ષમાં વનબંધુ યોજનાના પેકેજના નામે ૭૯૯૫ કરોડ રૂપિયા વાપરી નાખ્યા. આ પૈસા કયાં ગયા, કયા ગામ તાલુકા માટે વાપર્યા છે? સરકાર પાસે કોઇ જવાબ નહીં હોય. મારી વિનંતી છે કે આમાં અભ્યાસ કરો અને સાથે સાથે આદિવાસી વિસ્તારમાં જે ડેમ આવેલ છે તેમાંથી પાણી લીફ્ટ કરીને તે આધારિત યોજનાઓ બનાવો અને આદિવાસીઓને સિંચાઇનું પાણી આપો.

બીજું રસ્તા માટે કહું તો દરેક ગામ ફળીયાને ઓછામાં ઓછો એક રસ્તો આપવાની વાત કરી હતી. તેના માટે બજેટ ઘણું બધુ ફાળવ્યું. આ વર્ષે ગયા વખતના બજેટના ૭૫ કરોડ રૂપિયા પાછા ગયા છે. આ બજેટ તમારા હસ્તક હોત તો આવી ભૂલ ન થાત. માનનીય નીતિનભાઇ આપ ૧૦ રસ્તાઓ જ આપો એટલે અમારું બજેટ પાછું જાય છે. હું ઘણી વખત આપને કહું છું કે અમારા પૈસા પાછા જાય છે. અમારા આદિવાસી વિસ્તારમાં જે ખર્ચ થવો જોઇએ તે ખર્ચ થતો નથી. મંત્રીશ્રીને વિનંતી છે કે એક તમે આપણા કેટલા રસ્તા છે તેની માહિતી મંગાવો. આદિવાસી વિસ્તારના કેટલા રસ્તા છે, કેટલા ગામ ફળીયા રસ્તા વગરના બાકી છે તેની માહિતી મંગાવો અને તે પછી તેનું આયોજન કરો તો આપણા વિસ્તારને જરૂરથી ફાયદો થશે. પાણી માટે દરવર્ષે ૧૦૫૦ થી ૧૧૦૦ કરોડ રૂપિયા આપણે વાપરીએ છીએ. સાહેબ આજે પાણી મળે છે? આજે હેન્ડપંપ આધારિત પાણી આપો છો. હેન્ડપંપના તળ નીચા ગયા છે એટલા માટે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, હેન્ડપંપ રહેવા દો અને બોર-મોટર આપો. આપ એમ કહો છો કે આદિવાસી વિસ્તારોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટીથી જોડી દીધા છે. સાહેબ બ્રોડબેન્ડ કનેક્ટિવિટીથી પછી જોડજો પણ પહેલાં પાણી અને રસ્તાઓથી જોડો, પછી સિંચાઇથી જોડો. આ બધુ પછી જોડવાની વાત કરો. મારે સરકારી દફતરોમાં ઘણી વખત જે ઉપયોગ થાય છે તેના માટે વાત કરવી છે.

સભાપતિશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષ સ્થાને.

સાહેબ, વનબંધુ અને વનવાસી શબ્દોથી અમને નવાજવામાં આવે છે, અમને અપમાનિત કરવામાં આવે છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, તમે કેટલા સમયમાં આનો ઠરાવ કરવા માગો છો? ક્યાં સુધીમાં આ પ્રજાને જાણ કરવા માગો છો કે, આ ઠરાવથી આ શબ્દનો ઉપયોગ ક્યારેય નહીં થાય એવું ક્યારે કરવા માગો છો? બંધારણની પ મી અનુસૂચિ અમારા માટે છે એનો અમલ થતો નથી. પેસા કાયદો બનાવ્યો છે અને પેસા કાયદાના જે નિયમો બનાવ્યા હતા તે વખતના મુખ્ય મંત્રીશ્રીએ અને આજના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે પણ એમ કહેલું કે આ નિયમો બરાબર નહીં બન્યા હોય તો ફરી બનાવીશું, આજ દિન સુધી એનું કોઇ પરિણામ આવ્યું નથી. સાથે સાથે ૧૮.૧.૨૦૧૭નો જે પરિપત્ર થયો એ તમે રદ કર્યો છે પણ જે વિદ્યાર્થીઓને નોકરીઓ મળી ગઇ છે એ છોકરાઓને કયારથી તમે કેન્સલ કરવા માગો છો? એ પણ તમે આજે જવાબ આપો એમ હું ઇચ્છું છું કારણ કે, આ ખોટા સર્ટીફિકેટો માટે જે આખો સમાજ વિચારી રહ્યો છે કે આ જે સમાજનો ઉહાપોહ થયો અને એના લીધે તમારે રદ કરવાની ફરજ પડી છે અને જયારે આ ફરજ પડી છે ત્યારે જે નોકરીઓ લેવાય ગઇ છે એ નોકરીઓ પણ રદ થવી જોઇએ એવું હું ઇચ્છું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગની વાત કરીને એક જ મિનિટમાં હું મારી વાત પૂરી કરીશ. જે તમે છેલ્લા ચાર વર્ષથી પૈસા વાપરો છો ૨૦૧૪-૧૫ થી ૨૦૧૭-૧૮ સુધીમાં ૨૯૧૧ કરોડ રૂપિયા વણવપરાયેલા રહ્યા. કમસે કમ જે તેડાઘરની બહેનો છે એનો પગાર વધતો નથી અને બીજી બાજુ પૈસા વણવપરાયેલા રહ્યા છે ત્યારે મારે કહેવું છે કે, આ બાબતે પણ તમે ધ્યાન આપો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, પર્યાવરણ માટે જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપુ છું અને એમાં મારા વિચારો રજૂ કરું છું અને સાથે સાથે ચિંતા પણ વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને વિકાસ એ બંને સાથે હોય ત્યારે આ રાજયના તત્કાલીન મુખ્ય મંત્રીશ્રીઓ અને આ રાજયના હાલના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ એ વિકાસ એટલે એન્વાયરમેન્ટ ઓફ ગ્રોથ બંને સાથે ચાલે એ દિશામાં આગળ કામ કરી રહ્યા છે. સરકારનો અભિગમ રહ્યો છે કે જીરો ડિફેકટ અને જીરો ઇફેકટ સાથે વિકાસ થાય અને એટલે જ આ રાજયના મુખ્ય મંત્રીશ્રી અને નાયબ મુખ્ય મંત્રીશ્રીએ એક મંત્ર આપ્યો છે રીડ્યુસ, રીસાઇકલ, રીકવર અને રીયુઝ઼. આ ખાલી મંત્ર નથી, આ મંત્રને કેવી રીતે સાકાર કરાય, એને માટે શું પગલાં ભરી શકાય? માનનીય અધ્યક્ષશ્રી, આપણે વાત કરીએ છીએ કે ડેવલોપમેન્ટ વીથ જસ્ટીસ એટલે ન્યાય સાથેના વિકાસની આપણે વાત કરીએ છીએ પણ એકલી એ વાત કાગળ પર નથી, એને સાચા અર્થમાં આપણે જમીન પર ઉતાર્યો છે. અને એટલા માટે જ આજે ગુજરાત એન્ડ ગોવા જઇએ તો બેસ્ટ ગવર્ન્ડ સ્ટેટ ઓફ ઇન્ડિયા છે તે આના માટે છે. ખાલી એક પેરામીટર નહીં તમામ પેરામીટર્સને ધ્યાનમાં રાખીને ગુજરાતે આજે આગવું સ્થાન દેશની અંદર પ્રાપ્ત કર્યું છે એ આના કારણે પણ છે. બીજું ગ્રોથ વિથ ઇક્વાલિટી, સમાનતા સાથે વૃદ્ધિ અને ટેકનોલોજી વિથ હ્યુમન ફેસ એટલે સંવેદનશીલ સાથે ટેકનોલોજી આપણે આ કરીએ છીએ. પર્યાવરણની દ્રષ્ટિએ આજે આ દેશની અંદર સૌથી વધારે કાર્બન ક્રેડીટ મેળવનાર જો કોઇ રાજય હોય તો એ ગુજરાત છે. આપણે સોલર પોલીસી સૌથી પ્રથમ આ રાજયમાં લાવ્યા એ આ ગુજરાત છે. નોન-કન્વેન્શનલ એનર્જી સોર્સીસ, અન્ય સંશાધનો દ્વારા ઉર્જા કેવી રીતે આપણે પેદા કરી શકીએ એમાં આજે ગુજરાત જે સોલર હોય, વિન્ડ હોય, હાઇડલ હોય, ટાઇડલ હોય એ કોઇ પણ પ્રકારે આજે આપણે જોવા જઇએ તો ગુજરાતે એની અંદર પહેલ કરી છે અને આ દેશની અંદર આ રાજય પ્રથમ છે. આપણે જે રુફટોપ સોલરની વાત કરીએ છીએ એમાં આપણી પાસે જી.પી.સી.બી.ની ઓફિસ છે જે દેશની અંદર પ્રથમ એવી ઓફિસ હતી કે જે એ સોલર પેનલથી ચાલતી આખી એક સંસ્થા છે અને તે આખા દેશમાં એક મોડેલ તરીકે કામ કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે આજે એ દિશામાં આવ્યા છીએ કે, ખેડૂતોને પણ સોલર પેનલ આપતા થઇ ગયા છીએ અને વિશેષ આખા વિશ્વમાં જે વડોદરામાં કેનાલ ઉપર આપણે રુફટોપ સોલર પેનલો બેસાડી છે અને આ એક અદભૂત કાર્યક્રમ રહ્યો છે. હું જી.પી.સી.બી. ની થોડીક વાત કરી લઉં, તો પર્યાવરણ ક્ષેત્રે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની ઓફિસ છે એ ઇ-ગવર્નન્સથી કામ કરે છે, આજે કોઇપણ ડેટા, કોઇ કલોઝર હોય કે એની કોઇ વિગત જોઇતી હોય તો આ ગુજરાત પોલ્યુશન

કન્ટ્રોલ બોર્ડે અતિ આધુનિક ફેસેલીટી ઉભી કરી છે અને આજે એમ કહી શકાય કે કોઇપણ રીતે એમાં ઇ–ગવર્નન્સથી જે કોઇ માહિતી જોઇતી હોય તે બધી જ આપણે મેળવી શકીએ છીએ.

Is of doing businessની અંદર પણ ભારત સરકારની ઇન્ડસ્ટ્રીયલ પોલિસીને પ્રમોશન કરવા માટે પણ આ જી.પી.સી.બી.એ ખૂબ અગ્રેસર કામ કર્યું છે, પર્યાવરણ ક્ષેત્રે પણ વધુ સારી રોજગારી કેવી રીતે મળે, કારણકે પોલ્યુટેડ વોટરને ટ્રીટ કરવા માટે પણ યુવાનો તૈયાર કર્યા છે અને એમને તૈયાર કરીને આની અંદર રોજગારીની તકોનું નિર્માણ કર્યું છે. આ જી.પી.સી.બી. ની ઓફિસ એક એવી છે કે જેણે 14001 અને 9001 ના સ્ટાન્ડર્ડનું એને પ્રમાણપત્ર મળેલું છે એનાથી પ્રસ્થાપિત થાય છે કે, ગુજરાતની અંદર જી.પી.સી.બી. એ કયા પ્રકારના અને કયા લેવલના કામો કર્યા છે. સાથે સાથે ઓ.એચ.એસ.એ.એસ. ૧૮૦૦૧ OHSAS 18001 ઓક્યુપેશનલ હેલ્થ અને સેફટી એસેસમેન્ટ સીરીઝનું પ્રમાણપત્ર મેળવવા માટે, આ દેશની અંદર આપણું રાજ્ય એ પ્રથમ એવું રાજ્ય હશે અને પ્રથમ ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની ઓફિસ હશે કે જેણે આ સર્ટીફિકેટ મેળવવા માટે એપ્લાય કરેલ છે. આમ જોવા જોઇએ તો અનેક અનેક રીતે આ સરકારે અનેક સારા પગલાં લીધા છે. ગેમીની વાત કરું ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટની વાત કરું તો એણે પણ ખૂબ સારા પગલાં લીધા છે. પર્યાવરણની વ્યવસ્થાપન અને કન્સલ્ટીંગ, પર્યાવરણ મોનિટરીંગ અને ઓડિટ માટેનું, પર્યાવરણ અસર મૂલ્યાંકન અભ્યાસ, પર્યાવરણ શિક્ષણ, પર્યાવરણ તાલીમ અને જાગૃતિ, પર્યાવરણ એક્રીડીશીન સ્કીમ, ડેવલપમેન્ટ ઓફ પર્યાવરણ રેટીંગ અને પ્રયોગશાળાની સર્વિસ, આમ તમામ ક્ષેત્રે જોઇએ તો આ ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડે ખૂબ સારી ખ્યાતિ પ્રાપ્તિ કરી છે. સૌથી મોટો ચિંતાનો વિષય એ છે કે આજે ઇન્ટરનેશનલ – આંતરરાષ્ટ્રીય ફોરેસ્ટ ડે છે અને મને આ સન્માનનીય ગૃહને જણાવતાં આનંદ પણ થાય કે, જંગલો વિસ્તાર સિવાય માટે ગુજરાત આખા દેશની અંદર એક એવું રાજ્ય છે કે જેમાં સૌથી વધારે વૃક્ષો છે અને તેમાં કોઇ સરકારને નહિ પણ તમામને અભિનંદન આપું અને હજુ આપણે વૃક્ષો વધારેને વધારે વાવીએ, કારણકે આવનારી તમામ લોકોની ચિંતા છે ત્યારે એવું કહેવાય કે વી આર અધર પાર્ટ ઓફ સોલ્યુશન ઓર વી આર અધર પાર્ટ ઓફ પ્રોબ્લેમ, આવતીકાલે વિશ્વ જળ દિવસ છે અને આપણે સૌ બધા અહીં બેઠાં છીએ ત્યારે પાણી માટે યુદ્ધ થશે આ કહેવતો આપણે સાંભળતા આવ્યા છીએ પણ હવે સાચા અર્થની અંદર જોઇએ તો એ વાત બહુ દૂર નથી. આ ગ્લોબ ઉપર એટલે આ ધરા ઉપર માત્ર ૩ ટકાથી પણ ઓછું પાણી મીઠું છે અને તેની અંદર પણ ગ્લેશિયર્સ આવી જાય, આ ગ્લેશિયસને બાદ કરીએ તો પાણી કેટલું  મીઠું છે એ ચિંતાનો વિષય છે, આ ગૃહની અંદર આગળ પણ મેં કહ્યું હતું અને આજે પણ ફરીથી કહુ છું કે ટેપ વોટર્ડ પાણી, એ આપણે જઇને પી શકીએ છીએ? આપણે બધા જ આર.ઓ. વોટર પાણી પીએ છીએ અને તેમાં જોવા જઇએ તો આજે અહીંયા બેઠેલા તમામ સભ્યશ્રીઓથી માંડીને બધાનું જો મેડિકલ ટેસ્ટ કરવામાં આવે તો કોઇ એવો એક વ્યક્તિ નહિ હોય કે જેને બી–૧૨ની ડેફિશિયન્સી નહિ આવે. આપણે જે આર.ઓ. પ્લાન્ટ્સ યુઝ કરીએ છીએ એમાં અરધા ઉપરના મિનરલ્સ તો કાઢી નાંખીએ છીએ. આપ પોતે ડોકટર છો અને આપ બહુ સારી રીતે સમજી શકો છો તો આને માટે શું કરવું જોઇએ? અને સૌથી મોટો પ્રશ્ન તો એ છે કે, આવનારી પેઢીને આપણે શું આપવા માગીએ છીએ? આપણું ફ્યુચર શું થશે? જે જળસ્તર બગડી રહ્યું છે એ પણ બહુ મોટો ચિંતાનો વિષય છે.

સભાપતિશ્રીઃ આપની પાસે બે મિનિટ છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : તો આના માટે શું કરી શકાય? પાણીની વાત છોડીએ અને આજ વિધાનસભા ગૃહની અંદર મેં અગાઉ પણ વાત કરી હતી કે ૦.૫ માઇક્રોન પોલિથીન બેગ માટે આ રાજ્યની અંદર એનો કડક અમલ લાવીને એને બાન કરવી જોઇએ. જેટલું પ્લાસ્ટિક દરરોજ વેચાય છે એનું ૭૦ ટકા પ્લાસ્ટિક એ રોડ ઉપર આવે છે અને તેનાથી અનેક સમસ્યાઓ ઉભી થાય છે, ભેગી થાય છે. આપ જાણો છો કે ઓછાં માઇક્રોનનું પ્લાસ્ટિક વાપરવાથી કેટલા પ્રકારના ગંભીર રોગો, કેન્સર જેવા રોગો થાય છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરું કે, આ કાયદો અમલમાં તો છે કેન્દ્ર સરકારે આ કાયદો અમલમાં તો મૂકયો છે પણ તેનો જો કડક રીતે અમલ આપણે કરી શકીએ, જો કેરાલા જેવું સ્ટેટ જો આ કરી શકતું હોય તો ગુજરાત કેમ નહીં ? આ પણ અમારો એક વિચાર હતો કે આની અંદર આપણે પણ સૌ સહિયારા ભેગાં થઇને આને ખરેખર જમીન ઉપર ઉતારીએ તો બહુ મોટું કામ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એર પોલ્યુશનનો બ્રિટિશ કોલંબિયાનો એક રિપોર્ટ એવું કહે છે કે, દુનિયાની ૮૫ ટકા વસતિ પ્રદૂષણવાળા વિસ્તારમાં રહે છે જેમાં ભારત અને ચીનની સ્થિતિ અત્યંત ખરાબ છે. આપણે જયારે સમજીએ છીએ કે આ ભારતની સ્થિતિ છે પણ તેની સાથે સાથે પર્યાવરણની દ્રષ્ટિએ ચર્ચા કરીએ તો આખા દુનિયાની અંદર જે, અમેરીકાની એક વાત કરી દઉં જે લાઇફ સ્ટાઇલ અમેરીકન જીવે છે તે લાઇફ સ્ટાઇલ જો ગ્લોબ પર એટલે કે ધરા પર જીવતો દરેક માણસ જો એ પ્રકારે જીવે તો નવ પૃથ્વીની જરૂર પડે. આ ગ્લોબ સિવાય, આ પૃથ્વી સિવાય માનવ જીવન શકય નથી ત્યારે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે પ્લાસ્ટીકની અમારી જે ડિમાન્ડ છે તેના ઉપર ખરેખર સાચા અર્થમાં અમલ કરવામાં આવે.

શ્રી સુખરામભાઇ  હ. રાઠવા(જેતપુર (પાવી)) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી તેઓની માગણી લઇને આ સન્માનીય  સભાગૃહમાં ઉપસ્થિત થયા છે ત્યારે મારે કેટલાંક સૂચનો અને અમારા આદિવાસીઓની કેટલીક હૈયાવરાળ આ સન્માનીય સભાગૃહને અને સામે બેઠેલાં મારા કેટલાંક મિત્રોને મારે કહેવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૩ તાલુકા, ૧૬ પોકેટ વિસ્તાર, ૪ કલસ્ટર વિસ્તાર, ૧૪ પ્રાયોજના કચેરી થકી આદિવાસી વિકાસ વિભાગની યોજનાઓનું અમલીકરણ થાય છે. અને આ યોજનાના અમલમાં મારા પૂર્વજ જોષીયારા સાહેબે કહ્યું તેમ

અમારા મંત્રીશ્રીના હાથ બંધાયેલા છે. બજેટમાં માગણી કરવાની મોટી, બજેટ પાસ કરવાનુ ખરું પણ જે તે વિભાગને તમારે દરખાસ્ત કરવી પડે છે કે મારે આ રસ્તા જોઇએ છે, મારે આ સિંચાઇ જોઇએ છીએ, મારે આ દવાખાનું કરવુ છે. તેના બદલે આ રાજયનું, આ ભાજપની વિકાસની વાતો કરતી એવી સરકારના મંત્રીશ્રી આદિજાતિને પૂર્ણ કક્ષાની સત્તા આપવા માગે છે કે કેમ તે મારે જાણવુ છે. મારે એ પણ કહેવુ છે કે, ટ્રાયબલ સબ પ્લાનની જે ગ્રાન્ટ આવે છે તે ગ્રાન્ટ વાપરવાની હોય છે તે અહીંયાથી ઉપલી કક્ષાએથી માર્ગદર્શન આપવામાં આવે છે. હું સમજુ છું ત્યાં સુધી આ ગ્રાન્ટ સ્થાનિક કક્ષાએ કલેકટર, પ્રાયોજના અધિકારી, ધારાસભ્યશ્રીઓ અને તમારા નીમેલા સભ્યશ્રીઓ સાથે મળીને ઉપયોગ કરવાનો હોય છે. તમે અમારા હાથ બાંધી દો છો કે તમે સિંચાઇમાં આટલા વાપરો, રસ્તામાં આટલા વાપરો, વીજળીમાં આટલા વાપરો તેના બદલે સ્થાનિક કક્ષાએ પ્રાયોરિટી નક્કી કરવાની જવાબદારી રાજયના કચેરીના અધિકારી અને કલેકટરશ્રીને રાજકીય આગેવાનો તો પોતાના મતની લાલચ માટે ગમે તે કહી શકે પણ સરકારને દેખાય કે અગ્રિમતા આને આપવી છે તો આપી શકાય એટલે આ સત્તા જે છે તે સત્તા સ્થાનિક પી.એ.સી.કમિટીને આપવી જોઇએ એવુ મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમને વનવાસી કહ્યાં, વનબંધુ કહ્યાં હવે અમે થાકયા. અમે આ વનબંધુની વાતો સાંભળીને થાકયા, અમને માત્ર આદિવાસી જ કહો ભારતના બંધારણના અનુસૂચિ–૫ પ્રમાણે સમગ્ર વહીવટ ગુજરાતમાં થાય તેનો અમલ કરો, યોજના બની છે પણ તેના કાયદા હજુ થયા નથી. અને કાયદા થશે તો અમલ થશે. સરકારનું એક આદિવાસી સંશોધન કેન્દ્ર અમદાવાદમાં ચાલે છે અને આદિવાસી સંશોધન કેન્દ્ર આદિવાસી વિસ્તારમાં તેની સમસ્યા એ સિંચાઇની હોય, રસ્તાની હોય, અન્ય વિકાસની હોય તેની સમસ્યા તે પોતે રજૂ કરતો હોય છે. આ આદિવાસી સંશોધન કેન્દ્ર આ વખતે નવી સમસ્યા લઇને આવ્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી જાતિના દાખલાની તપાસ માટેની જે વિષ્લેષણ કમિટી છે એ કમિટીએ અમારા રાઠવા સમાજને નુકસાનકર્તા એક રીપોર્ટ કર્યો છે એ અધૂરો રીપોર્ટ છે. માનનીય મંત્રીશ્રી એ વાત જાણે છે. આ વિષ્લેષણ કમિટીમાં એક આદિવાસી અધિકારી હોવા જોઇએ તે અધિકારી આ કમિટીમાં નથી. કોઇ આદિવાસીને અન્યાય થતો હોય તો તે અધિકારીને રજૂઆત કરી શકે છે પણ આમાં એ બન્યું નથી. ઉતાવળે નિર્ણય લેવાયો છે. આ કમિટીએ જે તે જિલ્લાના કલેક્ટરશ્રીનો પરામર્શ કરીને આપની સમક્ષ રજૂ કરવાનો હોય છે એ થયો નથી. આની વિગતે તપાસ કરીને આદિવાસી, રાઠવા–કોળી સમાજને નુકસાન ન થાય અને એના કારણે બીજો સમાજ પણ રાઠવા–કોળી સમાજને આંગળી ચીંધવાનું કામ કરે છે એ બંધ થાય તે માટે કંઇક કરવું જોઇએ. જો રેવન્યુ રેકર્ડનો પ્રશ્ન ઊભો કરવામાં આવશે તો માત્ર છોટા ઉદેપુર નહિ પણ પંચમહાલ, દાહોદ, નાંદોદ, વાપી, તાપી, માંગરોળ બધાં જ એમાં આવશે અને એ મેં જણાવ્યું તેમ સમાજને નુકસાનકર્તા હશે એટલે આ સરકારને જે નિર્ણય લેવાનો થાય એ નિર્ણય અગાઉની સરકારે વખતો વખત કરેલા ૧૯૮૯ના નિયમ અને ૨૦૧૩ના પરિપત્રને ધ્યાનમાં રાખીને અમારા આદિવાસી, રાઠવા–કોળી સમાજને નુકસાન ન થાય. કોળી શબ્દ એટલા માટે વાપર્યો કે અમારે ત્યાં કોળી શબ્દ લખાયેલો છે તેના કારણે અમને દાખલા મળતા હતા. અમે આદિવાસી છીએ, કોળી પણ આદિવાસી છે એમાં કોઇ પ્રશ્ન નથી. અમારે જો સાબિત કરવાનું હશે તો અમે સાબિત કરી બતાવીશું પણ અમને ખોટી રીતે અન્યાય ન થાય એની કાળજી આ સરકાર રાખે. સિંચાઇની બાબતમાં નર્મદાનું પાણી કચ્છ, સૌરાષ્ટ્રને જાય છે. અમારે ત્યાં લાલપુર જળાશય યોજના અગાઉના વર્ષોમાં મંજૂર થયેલ હતી. એના વિકલ્પે ઉપરવાસના ભાગમાં મધ્યમ પ્રકારની સિંચાઇ યોજના બનાવવા નિર્ણય લેવાયો હતો. એમાં હજી કાંઇ પ્રગતિ થઇ નથી. હું એમ પણ કહું છું કે, તમારા વન વિભાગમાં બે ડુંગરની આજુબાજુ અને વચ્ચે જે જગ્યા હોય તેને ફોરેસ્ટના તળાવો તરીકે, ડેમ તરીકે વિકસાવો જેથી કરીને ઈરીગેટેડ ફોરેસ્ટ પણ થઇ શકશે અને ત્યાં રહેલ પાણી તળિયામાં જશે તો નજીકના ગામડાંના કૂવા અને બોર રીચાર્જ થશે. આદિવાસી વિસ્તારની ગ્રાન્ટ આદિવાસી વિસ્તારમાં આવતી નગરપાલિકા અને શહેરોમાં વાપરવામાં આવે છે અને એ શહેરોમાં વપરાય છે ત્યારે તેને ગટર યોજનાનું નામ આપણે આપ્યું છે. ગટર યોજના સક્સેસ ગઇ નથી. ગટર યોજના થયા પછી પાકા રસ્તા આર.સી.સી. કે ડામરના રસ્તા હોય એ તોડી નાખ્યા પછી એનું સરફેસ સરખું કર્યું નથી. આ યોજનાની પાછળ તમારે તપાસ કરવી જરૂરી છે. વન અને પર્યાવરણ વિભાગમાં પર્યાવરણની જાળવણી માટે જંગલોનો વિકાસ થાય એ જરૂરી છે. આદિવાસી વિસ્તારમાં આદિવાસી પોતે સમજે છે કે અમારું મોત થાય તો સ્મશાન જવા માટે લાકડાની જરૂર પડશે અને અમારો આદિવાસી ખેતરના શેઢે વૃક્ષો ઉછેરે છે અને એનું જતન કરે છે પણ જ્યારે વધારાના વૃક્ષો કાપવાના કે વેચવાના થાય ત્યારે એની મંજૂરી માગવાની જે વિધિ છે એ અટપટી હોઇ પોતાની માલિકીના વૃક્ષો આદિવાસી વેચી શકતો નથી. તો એના માટે કોઇ સરળ નિયમ આ સરકાર દાખલ કરે એવી ઇચ્છા રાખું છું. વન વિકાસ નિગમ એક સારી કામગીરી કરતું હતું પણ હમણાં નબળું પડ્યું છે પણ અમારી ગૌણ પેદાશના ભાવ વેપારી નક્કી કરતા હોય છે. એ ખાખરાના પાન હોય, ફૂલ હોય, કળાયો હોય કે ગુંદર હોય એ સાટા પદ્ધતિથી વેપારી લે છે. જેથી કરીને એનું એકત્રિકરણ કરનારને પોષણક્ષમ ભાવ મળતા નથી. ખાસ કરીને મહુડાનું એકત્રિકરણ કર્યા પછી એને વેચવા જવામાં તકલીફ પડે છે. સારા વિસ્તારમાં મહુડાની ફેક્ટરી નાખો તો સરકારને ફાયદો થશે.

સભાપતિશ્રી: આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ, આ મહૂડાઓ વેચવા માટે, એનું રિસાયકલીંગ કરવા માટે એક ગામથી બીજા ગામ લઇ જવામાં આવે છે ત્યારે નશાબંધી ખાતુ અને પોલીસ ખાતુ એને બહુ હેરાન કરે છે તો આ બાબતે પણ થોડીક ચોખવટ થાય, થોડાક નિયમો બને એવી મારી માગણી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી પ્રવાસન વિભાગની ૪૮૪ કરોડ રૂપિયાની જે માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો હું રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપના પછી નાનાં મોટાં વિકાસનાં કામો ભૂતકાળની સરકારોમાં થયાં હતાં, પરંતુ ગુજરાત રાજયમાં પડેલી તકો એ જો કોઇએ શોધવાનું કામ કર્યું હોય તો આદરણીય નરેન્દ્રભાઇએ કર્યું છે. ૨૦૦૧-૦૨માં ૧૨ કરોડ રૂપિયાના બજેટથી શરૂ કરી અને જે રીતે પ્રવાસનને એક ઉદ્યોગ તરીકે સ્વીકારી અને અહીંયાં પડેલી તકો, પ્રવાસનની તકો રાજયના આપણા લોકો પ્રવાસ માટે, દેશની બહારના, દેશની અંદરના લોકો ગુજરાતમાં આવે એ માટેનું જો કોઇએ વાતાવરણ ઉભું કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની અંદર જે ૧૧ રોજીઓ પેદા થાય, એ ૧૧માંથી એક રોજી આ પ્રવાસન ક્ષેત્રમાંથી આવતી હોય છે. દેશનો જે જી.ડી.પી. છે એમાં પ્રવાસન ઉદ્યોગનો ફાળો ૬.૭ ટકા છે. આપણે ત્યાં ૨૦૦૦-૨૦૦૧ પહેલાં લગભગ નહીંવત હતો આજે આ પ્રયત્નોના કારણે ગુજરાતનો જે જી.ડી.પી. છે એમાં ૨.૭ ટકાનો જી.ડી.પી. આ પ્રવાસન ઉદ્યોગનો થયો છે. ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે વિવિધતાઓ ખૂબ છે. એશિયાનું એક માત્ર સિંહ અભ્યારણ્ય હોય, લોથલ-હડપ્પાની સંસ્કૃતિના વારસાની ઝાંખી આપણે ત્યાં થતી હોય, ધોળાવીરા, વર્લ્ડ હેરીટેઝની અંદર ચાંપાનેર, રાણકીવાવ, મોઢેરા, દેશમાં માત્ર બે સૂર્યમંદિર છે એમાંનું એક ગુજરાતમાં આવેલું છે મને કહેતાં ગર્વ થાય છે કે, મહેસાણામાં અમારા મોઢેરા મૂકામે આવેલું છે. ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો, બીચો, અનેકવિધ તકો અને સાથે સાથે જે બે પ્રખ્યાત મંદિરો સોમનાથ અને દ્વારકા એ પણ આપણા દરિયા કિનારે આવેલાં છે. એક માત્ર આપણું હીલ સ્ટેશન સાપુતારા, અંબાજી, ડાકોર, પાવાગઢ, આવેલાં છે. અંબાજીમાં પહેલાં જે પરિસ્થિતિ હતી, બાવન શકિતપીઠની પરિક્રમાની જે આખી સર્કીટ બનાવી છે, પહેલાં કોઇ અંબાજીમાં જાય તો જે રીતની ગંદકી અને સગવડોનો અભાવ હતો પણ આજે કરોડોના ખર્ચે ત્યાં આગળ સરકારના કારણે, સરકારનાં નાણાંની ફાળવણીના કારણે અંબાજી એક નયનરમ્ય અને શકિતપીઠનું એવું સુંદર મજાનું ધામ બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માઇલસ્ટોન કહું તો સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર પટેલની પ્રતિમા નર્મદા કિનારે અને નર્મદાની વચ્ચોવચ્ચ ૧૮૨ મીટર ઉંચી સરદાર પટેલની પ્રતિમા અને પ્રવાસન ધામ ૨૫૦૦ કરોડ કરતાં પણ વધારે રકમનું જો કોઇએ કર્યું હોય તો આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ડેમને સરદાર પટેલનું નામ આપ્યું પણ માનનીય અધ્યક્ષશ્રી, સરદારને ધીમે ધીમે •(×××), નાનું કરવાનું જો કોઇએ કામ કર્યું હોય તો માનનીય અધ્યક્ષશ્રી, દેશને એક કરવાવાળા સરદાર પટેલ અને એની પ્રતિભા એટલી ઉંચી ના થઇ જાય, ગાંધી પરિવાર કરતાં ખૂબ ઉંચુ નામ ના થઇ જાય તો એ એમને *(×××) કામ જો કોઇએ કર્યું હોય તો એ કોંગ્રેસે કર્યું હતું. કદ તો નાનું કર્યું સર્વસ્વીકૃત, દેશની અંદર સરદારની જે પ્રતિભા (અંતરાય) છે અને માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ એ *(×××) કામ ચાલુ છે. દેશને જોડવાનું કામ સરદારે કર્યું અને દેશને તોડવાનું, ગુજરાતને તોડવાનું, સમરસતા બગાડવાનું કામ આ *(×××) કરી રહી છે ત્યારે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,..

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય ઋષિકેશભાઇએ એ શબ્દ પ્રયોગ કર્યો કે, સરદારના નામે કોંગ્રેસે કર્યું છે તો એ શબ્દ પ્રયોગ બરાબર વાજબી નથી એટલે રેકર્ડ ઉપરથી એ શબ્દો દૂર કરવામાં આવે.

સભાપતિશ્રીઃ આ કોઇ અસંસદીય શબ્દો નથી, આ તો એમની માન્યતા છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : તો માનનીય અધ્યક્ષશ્રી બન્ને બાજુ લાગુ પડે.

સભાપતિશ્રીઃ મને એવું લાગશે તો ચોકકસ કાઢીશ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ભૂતકાળમાં આ બધા કામો થયાં છે. કોંગ્રેસનું નામ કાઢી નાંખો. માનનીય અધ્યક્ષશ્રી. મારે કહેવું છે માનનીય અધ્યક્ષશ્રી કે ૨૦૧૫-૧૬ માં ૪૭૮ કરોડનું બજેટ થયું, ૩૮૩ લાખ પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી. ૨૦૧૮-૧૯માં ૪૮૪ કરોડ જેટલી રકમની ફાળવણી થઇ છે. લગભગ આ રકમની ફાળવણીમાં ૪૦ ગણો વધારો અને પ્રવાસીઓમાં ૧૦ ગણો વધારો થયો છે. આજે મને કહેતાં ગૌરવ થાય છે કે એ સમય હતો કે પ્રવાસનને આપણે ઉદ્યોગમાં સ્થાન નહોતું આપ્યું, અને ઉદ્યોગનું સ્થાન આપ્યા પછી દેશમાં ૯ નંબરે છીએ અને આગામી સમયમાં દેશમાં સરકાર જે રીતે પ્રવાસન ઉદ્યોગમાં વેગ અને પ્રોત્સાહન આપી રહી છે, ત્યારે એ નવમા સ્થાનમાંથી આગળ તરફ જવા માટે આપણે આગળ વધી રહ્યા છીએ. પ્રવાસન નીતિ અંતર્ગત ૯૭૦૦ કરોડનું રોકાણ ધરાવતી અને ૨૫૦ થી વધુ પરિ યોજનાઓ નોંધયેલ છે.

સભાપતિશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ અને આદિજાતિ વિકાસ વિભાગ અને મહિલા અને બાળ વિકાસની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પ્રથમ તો આ સરકારમાં જે આદિજાતિ વિભાગ ચાલે છે, તે આદિજાતિ વિભાગ એ હાથ પગ વગરનો વિભાગ છે, આંખે પાટા બાંધેલા હોય તેવો આ વિભાગ છે. આ વિભાગ પાસે કોઇ પણ કાર્યવાહી નથી. તેની પાસે કોઇ કામગીરી કરવા માટે સત્તા નથી. માનનીય અધ્યક્ષશ્રી, સરકારે આ વિભાગના ભાગલા પાડી નાંખ્યા છે. આદિવાસી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સમાજનો વિકાસ નહીં થાય એમ કરીને ડીસેગ નામની સંસ્થા ખોલી છે. આ ડીસેગ નામની સંસ્થા ખોલી છે એટલે આ ડીસેગ નામની સંસ્થા છે એ એન.જી.ઓ. , ગુજરાત સરકારની ની અંદર એન.જી.ઓ હોય તેવું આ પહેલીવાર બન્યું છે, આ એન.જી.ઓના ચેરમેન કોણ તો આ ગુજરાત સરકારના સેક્રેટરી છે તો એના ચેરમેન છે એમને ખબર ન હોય કે આદિજાતિ વિભાગમાં કઇ યોજનાઓ બનાવવી જોઇએ. એટલે જે સત્તાઓ અમારા આદિજાતિ વિભાગના મંત્રીશ્રીને મળવી જોઇએ એ આ સરકારમાં મળતી નથી, જેથી કરીને આદિવાસીઓના પ્રશ્નો અને જરૂરીયાત હોય તેના લાભ આદિવાસીઓને મળી શકતા નથી, એટલા માટે મારી માગણી છે કે, આ ડીસેગ નામની સંસ્થા છે તે બંધ કરી દેવી જોઇએ. અને આદિજાતિ વિભાગ છે તેને પૂર્ણ સત્તા આપવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી માગણી છે કે આ સરકાર દ્વારા આદિવાસી બાળાઓને ભગવા કલરની સાઇકલો આપવામાં આવે છે. હીરો કંપની હોય, એટલસ કંપની હોય, હરકયુલસ કંપની હોય, કોઇ પણ કંપની આવી ભગવા કલરની સાઇક બનાવતી નથી. પણ તમે ભગવા કલરની સાઇકલ કેમ આદિવાસી બાળકોને આપો છો?, આદિવાસી બાળક જયારે ભણવા જાય છે, હાઇસ્કૂલમાં કે બીજી સ્કૂલમાં જાય છે ત્યારે તેની મશ્કરી કરવામાં આવે છે કે આ આદિવાસી બાળા આવી. એટલે એ કોલેજ કે સ્કૂલમાં લઇ જઇ શકતી નથી. એટલા માટે મંત્રીશ્રી પાસે મારી માગણી અને વિનંતી છે કે, આ ભગવા કલરની કોઇ કંપની સાઇકલ બનાવતી નથી તો તમે કયાંથી આ કલર લગાવો છો?, ડુપ્લીકેટ અને ડુપ્લીકેટ બધી સાઇકલો આપવામાં આવે છે. આ ભગવા કલરની સાઇકલો બંધ કરીને કાળા કલરની સાઇકલો આપવામાં આવે, માનનીય અધ્યક્ષશ્રી.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી માગણી છે કે, ચૂંટણીના પહેલાં પેસા એકટના નામે ( ઇશ્વરભાઇ , મને બોલવા દો આદિવાસી સમાજ માટે બોલું છું.) (અંતરાય) ચૂંટણી પહેલાં આદિવાસીઓને અમે પેસા એકટનો હક્ક આપીએ છીએ, એમ કરીને છેક ઉમરગામથી અંબાજી સુધી યાત્રા કાઢી અને આદિવાસીઓનો વિકાસ કરીશું, વિકાસ કરીશું એવી વાત કરેલી પણ માનનીય અધ્યક્ષશ્રી પેસા એક્ટ દાખલ કર્યો તેમ કહે છે ખરા, પરંતુ હજુ સુધી પેસા એકટનો અમલ આ સરકારે કર્યો નથી એ બહુ દઃખદ બાબત છે, માનનીય અધ્યક્ષશ્રી આ માટે મેં થોડા દિવસ પહેલાં આદિવાસી વિસ્તારની અંદર છોટાઉદેપુરની અંદર રેતીની લીઝ માટેનું એક જાહેરનામું બહાર પડયું , ટેન્ડર બહાર પાડયું, તેમાં એ લોકોની તકલીફ અંગે મેં મંત્રીશ્રીને પણ કહ્યું અને આ વિભાગના ખાણ ખનિજ કમિશનરને પણ કહ્યું કે આ કામોની અંદર અમને આદિવાસીઓને હકક મળેલા છે, પણ તમે પેસા એકટનો અમલ કર્યો નથી, એના માટે કોઇ ચોખવટ કરવામાં આવી નથી. આદિવાસી વિસ્તારમાં આદિવાસીભાઇઓ ખાણ લઇ શકે એનો કોઇ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તમે જાહેરાત કરી છે પણ ઉલ્લેખ કર્યો નથી. એટલે માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે ટ્રાયબલ વિસ્તારમાં જે ખનિજો આવેલી છે એ આદિવાસીઓની માલિકીની છે તેથી એને હક્ક મળવો જોઇએ.

ઉંમરગામથી અંબાજી સુધીની પટ્ટીમાં અમારો આદિવાસી સમાજ આવેલો છે. એને ૧૪ ટકા હક્ક બાબા આદમના વખતથી મળેલા છે. બંધારણીય હક્ક મળ્યા એને અનામત આપવામાં આવી પરંતુ આટલા વર્ષો પછી પણ ૧૪ ટકા અનામતનો જ લાભ મળે છે એના ૧૫ કે ૧૬ ટકા કરવામાં આવ્યા નથી. તેથી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે વસતિના પ્રમાણમાં એને અનામત તથા બીજા લાભો મળવા જોઇએ. આ સમાજના બાળકોને આપણે નોકરી આપી શકયા નથી અને ધીરે ધીરે આદિવાસી સમાજની અંદર બીજા સમાજના લોકો ખોટા સર્ટિફિકેટ લઇને નામો ઘુંસાડતા જાય છે એના લીધે મૂળ આદિવાસીભાઇઓ આંદોલન કરી રહ્યા છે તેમ છતાં બીજા સમાજમાંથી ખોટા સર્ટિફિકેટો લઇને આવી રહ્યા છે તો એને અટકાવવા જોઇએ. સરકાર પણ નવી નવી જ્ઞાતિઓને આદિવાસી સમાજની અંદર ઉમેરતી જાય છે એ બંધ કરવું જોઇએ અને જેને માન્યતા આપી છે એની માન્યતા રદ કરવી જોઇએ એવી અમારી માનનીય મંત્રીશ્રી પાસે માગણી છે.

દર વર્ષે અમે માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરીએ છીએ, માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ રજૂઆત કરતા આવ્યા છીએ. ૭૩(એએ) આખા દેશમાં અને ગુજરાતમાં લાગેલ છે એ કાઢવો ન જોઇએ. પરંતુ આદિવાસીભાઇઓ નવી જમીન લે છે કે કોઇ મિલ્કત ખરીદે છે એમાં પણ ૭૩ (એએ) લગાવવામાં આવે છે એ લગાડવો જોઇએ નહિ. કોઇ આદિવાસીભાઇ પોતાની કમાણીમાંથી અમદાવાદ કે ગાંધીનગરમાં ફ્લેટ ખરીદે કે કોઇ એન.એ. થયેલ જમીન લે તો એના ઉપર ૭૩(એએ) નહિ લગાડવો જોઇએ એવી અમારી માગણી છે. આને કોઇ રાજકીય મુદ્દો નહિ બનાવવો જોઇએ આના માટે બધા પક્ષના સભ્યોની રજૂઆત છે. ફકત સ્વપાર્જીત મિલ્કત છે એના ઉપર જ નહિ લગાડવી જોઇએ એવી અમારી માગણી છે.

અગાઉના વરસોમાં ગાંધીનગર, અમદાવાદ જેવા શહેરોમાં સરકારી માલિકીના છાત્રાલયો ચાલતા જેના લીધે આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ ભણી શકે અને રહી શકે. આ સરકારને ૨૨ વર્ષ થયા છતાં ગાંધીનગર– અમદાવાદ ખાતે સરકારના આદિજાતિ વિકાસ વિભાગનું કોઇ સરકારી છાત્રાલય નથી. અત્યારે આદિવાસીભાઇઓના બાળકો ભણે છે એ મોટે ભાગે ભાડાના મકાનોમાં રહીને ભણે છે. એમાં બારી ન હોય, બારણાં ન હોય, એની અંદર સંડાશ બાથરુમ ન હોય તથા બીજી કોઇ સગવડતા ન હોય એવા મકાનોમાં રહેતા હોય છે. ભાડાના મકાનો પણ પાછા સરકારના માનીતા હોય એના મકાનો જ લેવામાં આવતા હોય છે. તેથી મારી મંત્રીશ્રીને વિનંતી છે અમારા બાળકો માટે સરકારે સારી સુવિધાઓ વાળા સરકારી મકાનો બનાવવા જોઇએ એવી મારી માગણી છે.

આદિવાસી વિસ્તારમાં સૈનિક સ્કૂલ બનાવી છે એમાં અમારા બાળકો ભણવા માટે જાય છે. અમારા ખેડબ્રહ્મા અને શામળાજી ખાતે એક સૈનિક શાળા ચાલુ કરી છે પરંતુ એમાં ગુજરાતનો કોઇ સ્થાનિક આ શાળા ચલાવવાની લાયકાત ધરાવતો

નથી અને છેક દિલ્હીથી આવીને શાળા ચલાવે છે. શું કોઇ ગુજરાતી સ્કૂલ ચલાવવાવાળો ન મળ્યો? આ સ્કૂલમાં જે આદિવાસી બાળકો અભ્યાસ માટે જાય છે એમની પાસેથી પૈસા લે છે, ફી લે છે આ આદિવાસી સમાજ માટે દુઃખદ બાબત છે.

આપણે દર વર્ષે કહીએ છીએ કે આદિવાસી સમાજ માટે ૪૦ હજાર કરોડ રૂપિયા વાપર્યા. જો આ ચાલીસ હજાર કરોડ રૂપિયા વાપર્યા હોત તો આજે આદિવાસીના ઘરના નળીયા સોનાના થઇ ગયા હોત. આપણે કહેવા ખાતર કહીએ છીએ કે ટ્રાયબલ વિસ્તાર માટે ૪૦ હજાર કરોડ રૂપિયા આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જંગલની જમીનની વાત કરવા માગું છું. તમે ખેડે એને જમીન આપવાની વાત કરી હતી એના માટે આજે આદિવાસીભાઇઓ રાહ જોઇ રહ્યા છે.

શ્રીમતી મનીષા વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રીઓ વિશે કહેવામાં આવે છે કે સ્ત્રી ધારે તો કાંટાળી વાડીને પણ ફૂલવાડીમાં ફેરવી દે. સ્ત્રી ધારે તો ગરીબ ઘરને પણ સ્વર્ગ બનાવી દે અને સ્ત્રી ધારે તો ભલભલા શૂરવીરને પણ શીશ નમાવવું પડે. હું એથી પણ આગળ કહેવા માગું છું.

''હમ જો ઉબલતે હૈ તો ભૂજાએ ઉબલ જાતી હૈ, હમ જો મચલતે હૈ તો તૂફાન આ જાતે હૈ,
હમેં રોકને કી કોશિશ ન કરે, હમ જો ચલતે હૈ તો ઈતિહાસ બદલ જાતે હૈ.''

માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે એ જ સાચો સેવક છે કે જે અબળાના આંસું લૂછી શકે. મને કહેતા આનંદ થાય છે કે અમારી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અબળાઓના વિકાસ અને કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. એકવીસમી સદીનો સૌથી ચર્ચાતો વિષય હોય અને ચિંતાનો વિષય હોય તો એ હ્યુમન એમ્પાર્વમેન્ટ છે. આ વિષયે સમગ્ર વિશ્વમાં વિશેષ ઝૂંબેશ સ્વરૂપ ધારણ કર્યું છે અને રાજ્ય સરકારે આ વિષયમાં પહેલ કરીને અનેક પ્રયાસો હાથ ધર્યા છે. આજે દૂધ મંડળી હોય, સખી મંડળ હોય, પશુ પાલનનો વ્યવસાય હોય કે પાણી સમિતિ હોય આ તમામમાં મહિલાઓને ભાગીદાર બનાવવામાં આવ્યા છે. આ અભૂતપૂર્વ પગલા માટે સરકારને હું અભિનંદન આપું છું. રાજ્યની શિક્ષણની બાબત હોય તો મહિલા માટે યોજના, કૃષિ વિભાગ હોય તો મહિલા માટે યોજના, સહકાર વિભાગ હોય તો મહિલા માટે યોજના, શ્રમ અને રોજગાર વિભાગ હોય તો મહિલા માટે યોજના, ગૃહ વિભાગ હોય તો મહિલા માટે યોજના, સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગ હોય તો પણ મહિલા માટે યોજના, મહેસૂલ વિભાગ હોય તો મહિલા માટે યોજના, પાણી પુરવઠા વિભાગ હોય તો પણ મહિલા માટે યોજના, મત્સ્યોદ્યોગ વિભાગ હોય તો મહિલા માટે યોજના, આરોગ્ય વિભાગ હોય તો પણ મહિલાની ચિંતા કરી છે. આદિજાતિ વિભાગ હોય તો પણ મહિલાઓની ચિંતા કરી છે. એના માટે આ ટ્રેઝરી બેન્ચ ઉપર બેઠેલા મંત્રીશ્રીઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે વાત કરવી છે મિશન મંગલમની. મિશન મંગલમ એવી યોજના છે કે એનાથી આર્થિક અને સામાજિક પરિવર્તન બહેનો દ્વારા સમાજમાં લાવવામાં આવ્યું છે. ગરીબ ઘરની બહેનો હોય, દસ-પંદર બહેનો ભેગી થાય અને બચત કરે. માનનીય અધ્યક્ષશ્રી મારી ભાઇઓને વિનંતી છે કે બહેનો બોલતી હોય ત્યારે વચ્ચે ન ટોકે, કેમ કે ભાઇઓ બોલતા હોય ત્યારે અમે વચ્ચે બોલતા નથી. કારણ કે આજે બહેનોનો વિષય છે. એટલે તેઓ ચૂપ રહીને સાંભળે એવી ઇચ્છા અમે રાખીએ છીએ. ગામમાં ગરીબ પરિવારની બહેનો હોય, દસ-પંદર બહેનો ભેગી થાય અને સખી મંડળ બનાવે અને એમાં બચત કરે. આપણે ત્યાં બચતના સંસ્કાર છે એના મુળમાં આપણી માતાઓ હોય છે. પુરુષની ખરાબમાં ખરાબ સ્થિતિ હોય અને એની પાસે પૈસા ન હોય તો આ બહેન એની સાડીનો છેડો ખોલે અને એના દિવસનો ખર્ચ નીકળી જાય છે. કષ્ટ ભોગવીને પણ બચત કરતી હોય છે. આ સખી મંડળની બહેનો જે બચત કરતી હોય છે એમને ઉત્પાદક કેવી રીતે બનાવવી એની ચિંતા સરકાર કરે છે. આ સખી મંડળની બહેનોની ક્રિએટીવીટી કેવી રીતે બહાર લાવવામાં આવે, કોર્પોરેટ ગ્રૃપ કેવી રીતે હેલ્પ કરી શકે એની ચિંતા પણ આ સરકાર કરી રહી છે ત્યારે હું માનું છું કે આ ગામની બહેનો જો સક્ષમ થઇ હોય તો ભારતીય જનતા પાર્ટીની યોજના દ્વારા થઇ છે. આજે મારે ખૂબ અગત્યની ભ્રૂણ હત્યાની વાત કરવી છે. બહેન તરીકે મારી પણ દુઃખની લાગણી છે. આ સમાજને એક સોશિયલ અવેરનેશનો મેસેજ મોકલવાનો છે. આ ગૃહમાં બેઠેલી સૌ બહેનોએ પક્ષાપક્ષીથી ઉપર થઇને આ મેસેજ જરૂરથી આપવાનો છે. દીકરીને એની માના ગર્ભમાંથી અલગ કરી દેવામાં આવે. તેને જન્મ ન લેવા દેવામાં આવે અને આજે ગુજરાતનો રેશિયો ૮૪૦:૧૦૦૦ છે ત્યારે આ ગૃહવતી એમ કહેવા માગું છું કે દીકરીઓને જન્મ આપો.

''નાનકડા હાથ છે એમાં પાંખો તો ફૂટવા દો.
દુનિયા જોઇ શકું એના માટે મને જનમ તો લેવા દો.''

આપણે સૌ પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને આ સોશિયલ અવેરનેસમાં જોઇન્ટ થઇએ એના માટે ખાસ સૌને વિનંતી છે. આપણા મુખ્યમંત્રીશ્રીએ આ વાતને ખૂબ ગંભીરતાપૂર્વક લીધી છે અને આ રેશિયોમાં ફેરફાર થાય એની ચિંતા કરી છે એના માટે એમણે ઝૂંબેશ ચલાવી છે. આપણા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા દીકરીઓના જનમને વધાવવા અને એ હેતુને પ્રોત્સાહન આપવા આઠ માર્ચ ૨૦૧૮ના રોજ એ દિવસે ''નન્હી પરી''નો પ્રોગ્રામ સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવ્યો. દીકરીઓના જન્મને વધાવવા માટે એમને પાંચ ગ્રામના બે સિક્કા અને સાથે મમતા કિટસ્ આપવામાં આવી. આ કાર્યક્રમ દ્વારા સમાજને એક પોઝીટીવ મેસેજ આપ્યો છે. આપણા લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૧૬માં ''પ્રધાનમંત્રી

સુરક્ષિત માતૃત્વ અભિયાન'' શરૂ કર્યુ. આપણા દેશમાં લગભગ ૩ કરોડ જેટલી બહેનો પ્રેગનેન્ટ હોય છે. કોઇકવાર બાળકનું મૃત્યુ થાય, કોઇકવાર માતાનું મૃત્યુ થાય. કોઇકવાર બાળક અને માતા બન્નેનું મૃત્યુ થાય. કારણો હોય છે લો હીમોગ્લોબીન, લો બીપી, હાઇ બી.પી., મલેરીયા, કોણ જાણે કયા કારણસર એનું મૃત્યુ થતું હોય છે. આ મોર્ટાલીટી રેટને કંટ્રોલમાં લાવવા આપણી ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકારે પણ યોજના લોંચ કરી છે અને એ યોજનાનું નામ છે ''પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ યોજના.'' દર મહિનાની નવ તારીખે પ્રેગનેન્ટ બહેનોનું ચેક-અપ કરાવી શકે, કાઉન્સીલીંગ થઇ શકે. ડોકટરની ટીમ સેવા આપી શકે, ફોલોઅપ લઇ શકે એના માટે આરોગ્ય સંસ્થા, કલીનીક પર દર મહિને આયોજન કરવામાં આવે છે. માતા સુરક્ષીત હોય અને સ્વસ્થ બાળકને જન્મ આપે એની કાળજી લીધી છે. રાજયમાં આ અભિયાન અંતર્ગત ડિસેમ્બર ૨૦૧૭ સુધીમાં ૯.૬૭ લાખ પ્રેગ્નન્ટ બહેનોની તપાસ કરવામાં આવી છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ, આદિજાતી વિકાસ વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે સમગ્ર ગુજરાતની દરેક વિભાગવાઇઝ પરિસ્થિતિ અલગ અલગ હોય છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, દરેકની રહેણી કરણી, દરેકની ખેતીવાડીની રીત અલગ અલગ હોય છે ત્યારે હું ખાસ કરીને દક્ષિણ ગુજરાત, ડાંગ વલસાડ, નવસારી વિસ્તાર જે દક્ષિણ ગુજરાત કહેવાય છે એ બાબતે ધ્યાન દોરું છું. સિંચાઇ બાબત જયાં ડેમ આવેલા છે એ કમાન્ડ એરીયાના વિસ્તારના લોકોને, નાગરિકોને, ખેડૂતોને પાણી મળી રહે છે પણ જે પહાડી વિસ્તાર છે એના માટે હું છેલ્લા ૧૫ વર્ષથી કહુ છું કે જે વર્ષોથી બધાની માગણી હતી કે મહારાષ્ટ્ર પેટર્નથી એટલે કે ''પાઝાર તળાવ'' એક તળાવ ટાઇપના આમ દેખાવે ડેમ દેખાય છે પણ એને પાઝાર તળાવ તરીકે એનું નામ આપેલું છે એના થકી પહાડી વિસ્તાર, જંગલ વિસ્તારમાં ડેમ બનાવવામા આવે અને એ ડેમ દ્વારા એ વિસ્તારના ખેડૂતોને સિંચાઇની સુવિધા લીફ્ટ કરીને આપી શકે અથવા એ વિસ્તારમાં ઢાળીયાથી પાણી આપી આપી શકે પણ પહાડી વિસ્તારના, જંગલ વિસ્તારના લોકો છે એમનું જીવન જો ઉપર લાવવું હોય અને એમને ખેતી દ્વારા ઉપર લાવવા હોય તો એ યોજના દાખલ કરવી ખુબ જરૂરી છે. સામાન્ય રીતે ફોરેસ્ટ વિભાગ હોય કે નાની સિંચાઇ યોજના હોય, મોટી સિંચાઇ યોજના હોય એમાં જે ચેકડેમો બનાવવામાં આવે, નાના મોટા પાંચ મીટરથી લઇને એક મીટર સુધીની હાઇટના જે ચેકડેમો બનાવવામાં આવે પણ એ ડીસીલ્ટીંગ થવાને કારણે ખાસ કરીને નાના ચેકડેમો, ૫ લાખ, ૧૦ લાખ, ૧૫ લાખ સુધીના ચેકડેમો બનાવે એ ચેકડેમો એ વિસ્તારને કોઇ રીતે ઉપયોગી નથી. કોઇપણ યોજનાઓ બનાવો તો એ મોટી યોજના બનાવો તો જ એ પહાડી વિસ્તારમાં સકસેસ છે. માનનીય મંત્રીશ્રીનું મારા અગાઉ મારા સાથી ધારાસભ્યશ્રી અશ્વિનભાઇએ ધ્યાન દોર્યુ, ડો. જોષીયારા સાહેબે ધ્યાન દોર્યુ પણ હું કહુ છું કે ગ્રામ્ય વિસ્તાર છે એની પરિસ્થિતિ અને શહેરોની પરિસ્થિતિ જુદી છે. બંને પાર્ટીના ધારાસભ્યોને કદાચ દસ કરોડ રૂપિયા માર્ગ અને મકાન મંત્રીશ્રી આપે છે પણ શહેરી વિસ્તારના ધારાસભ્યને એ કયાં મંજૂર કરવા એ પ્રશ્ન હશે કારણ કે શહેરી વિસ્તારમાં બધી જ સુવિધાઓ મળી રહે છે જયારે ગ્રામ્ય વિસ્તારમાં સ્કેટર્ડ વસતિ હોય, છૂટીછવાઇ વસતિ હોય એ છૂટી છવાઇ વસતિને તમે દસ કરોડ એક એક વિસ્તારમાં ૨૦૦-૨૫૦ ગામ હોય અને એ છૂટાછવાયા વસતિવાળા ગામ હોય છે. છુટાછવાયા વિસ્તારને ધ્યાનમાં રાખીને દસ કરોડ કરતા થોડી વધારે ગ્રાન્ટ આપવી જોઇએ કારણ કે ગામડાંમાં લોકો છુટાછવાયા રહે અને એનો રસ્તો મીનીમમ એક કિલોમીટર, પાંચ કિલોમીટર કે દસ કિલોમીટર સુધીના લાંબા રસ્તા હોય છે ત્યારે એ જે સુવિધા છે એ રસ્તાઓની ટ્રાયબલ-આદિજાતીની જે ગ્રાન્ટ છે એ માર્ગ અને મકાન વિભાગના હવાલે જાય છે ત્યારે અમને મર્યાદિત હોય છે એમાં વધારો થવો જોઇએ. જે ગ્રામ્ય વિસ્તારના બન્ને પક્ષના ધારાસભ્યો છે એમની ગ્રાન્ટમાં વધારો થવો જોઇએ અને મુખ્યત્વે જે જરૂરિયાત છે એ રસ્તા થવા જોઇએ. તેના સાથે અમારા સાથી મિત્ર અશ્વિનભાઇએ વાત કરી ૭૩ એએ, એટલે સ્વપાર્જિત જે મિલકત છે જે ગાંધીનગર, બરોડા કે અન્ય ગુજરાતના કોઇપણ ખુણામાં રાજકોટ કે ગુજરાતના કોઇપણ સીટીમાં રહેતા હોય. એ સ્વપાર્જિત પોતાની મિલકત એને કોમર્શિયલ, પ્રાઇવેટ કે રેસિડેન્ટ પ્લોટ લે તો એને ૭૩ એએ લાગે છે. વર્ષોથી ગાંધીનગર ખાતે ધારાસભ્યો પ્લોટ લે તો આ લાગું પડતું નથી. બાકીના બધા ઉપર લાગું પડે છે. એક નાનકડી વસ્તુ છે પણ શહેરી વિસ્તારમાં રહે છે એમની પરિસ્થિતિ એવી છે કે એમને એ વેચવું હોય તો એની વેલ્યુ ૫૦ લાખ હોય પણ ૭૩ એએની પ્રક્રિયામાં સમય જતાં ૩૦-૩૫ લાખ જ મળે છે. ૭૩ એએની પરમિશન મળ્યા પછી જ વેચી શકે છે. ઘણીવાર મુશ્કેલી હોય તો પણ સમયસર આપી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, વાપી વિસ્તારમાં હું છેલ્લા ૧૦ વર્ષથી રજૂઆત કરતો આવ્યો છું કે એર પોલ્યુશન બાબતે ઉચ્ચ સ્તરીય કમિટીએ ૨૦૦૮માં ઠરાવ કરીને નિર્ણય લીધો અને એર પોલ્યુશન કન્ટ્રોલ માટેનું એન.પી.એસ. મુંજન ઉપર મૂકવાનું હતું એ મૂકાયું નથી. માનનીય મંત્રીશ્રી પહેલા મંગુભાઇ હતા, હવે ગણપતભાઇ આવ્યા. લેખિતમાં આપ્યું છતાં જી.પી.સી.બી.એ. આજે પણ એ મૂક્યું નથી. આ હાઉસમાં મને લેખિતમાં આપ્યું પછી આજે એનું અમલીકરણ નથી થયું. આ વાસ્તવિકતા છે અને એને સ્વીકારવાની જરૂર છે. બીજી એક બાબતે ધ્યાન દોરવા માગું છું કે, દક્ષિણ ગુજરાતમાં પ્રવાસનની વાત કરીએ તો દક્ષિણ ગુજરાતમાં મધુબન ડેમ આવેલો છે. જે રીતે સાઉથની અંદર ક્રિષ્ના ડેમ છે એ રીતે અહીંયા પણ પ્રવાસન સ્થળ તરીકે લાઇટીંગ અને ફુવારા બનાવીને વિકસાવવો જોઇએ. મધુબન ડેમની નીચે ૮૦ થી ૧૦૦ એકર જેટલી જમીન છે. આ થકી પ્રવાસન સ્થળ તરીકે સારો એવો વિકાસ થઇ શકે એમ છે. બાજુમાં યુનિયન ટેરેટરી પણ છે એટલે ગુજરાત અને દાદરાનગર બન્ને સાથે છે ત્યારે આ સ્થળને સારી રીતે ડેવલપ કરી શકાય છે.

દક્ષિણ ગુજરાતમાં પ્રવાસન સ્થળ તરીકે ખાસ કરીને તીથલ, સાપુતારા, વિલ્સન હીલ છે પરંતુ ગુજરાતની છેલ્લી બોર્ડર છે ત્યાં મધુબન ડેમની ઉપર આ કરવા જેવું છે. દક્ષિણ ગુજરાતની અંદર ખાસ કરીને અત્યારે આ વહીવટી બાબતની વાત છે પણ મારા ધ્યામાં આવેલ છે કે સામાન્ય રીતે દક્ષિણ ગુજરાતમાં ગ્રામસેવકોની ભરતી થતી નથી.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર પર્યાવરણ વિભાગની માગણી સન ૨૦૧૮-૧૯ માટે લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને મહારાષ્ટ્ર છૂટા પડ્યા પછી ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ થાય એ માટે જી.આઇ.ડી.સી.ની સ્થાપના કોંગ્રેસ સરકારે કરી એને અભિનંદન આપું છું. એ સ્થાપના થયા પછી ત્યારે પર્યાવરણ અને પ્રદૂષણ નિયંત્રણ ક્ષેત્રે જે આંતરમાળખાકીય વ્યવસ્થા હોવી જોઇએ કે જે પર્યાવરણ માટે મહત્વની છે એ હતી નહીં. આમ જોઇએ તો એની વ્યવસ્થાની જરૂરિયાત ન હતી કેમ કે ગુજરાતને ઔદ્યોગીકરણનો અનુભવ ન હતો. ૧૯૭૪માં વોટર એક્ટ અમલમાં આવ્યો એની સાથે જ ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની રચના થઇ. જે રીતે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ થયો છે. પરંતુ ભોપાલ દુર્ઘટના પછી સમગ્ર વિશ્વ જ્યારે માણસ કંઇપણ સમજે તે પહેલા હવાના પ્રદૂષણથી જે રીતે ભોપાલમાં દુર્ઘટના સરજાઇ ત્યારથી હવાના પ્રદૂષણની પણ લોકોને ચિંતા થવા લાગી અને ૧૯૯૫માં જ્યારે અમદાવાદના નામાંકિત સ્વર્ગસ્થ વકીલ અજીત પેડીવાલે જ્યારે પી.આઇ.એલ. કરીને સમગ્ર ગુજરાતને પર્યાવરણ પ્રત્યે જાગૃત કર્યું. અને એના લીધે ત્યારથી ગુજરાતમાં પર્યાવરણ માટે ઘણા બધા પ્રયત્નો કરવામાં આવ્યા છે. જ્યારે નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી થયા ત્યારે ગુજરાતના વિકાસ માટે, ઉદ્યોગોના વિકાસ માટે અને રોજગારી માટે એમણે વાયબ્રન્ટ ગુજરાત સમિટ કરીને દેશ-વિદેશના અનેક ઉદ્યોગોને ગુજરાતમાં આમંત્રણ આપ્યું અને ગુજરાતમાં રોજગારીની ઘણી બધી તકો ઉત્પન્ન થઇ. ગુજરાતમાં ખાસ કરીને કેમિકલ, ફાર્માસ્યુટીકલ, ટેક્સટાઇલ, પ્રેસ્ટીસાઇડ, ડાઇઝ અનેક પ્રકારના ઉદ્યોગો આવેલા છે. એવું કહીએ તો આ એક પ્રકારે કોકટેઇલ છે અને આ કોકટેઇલના જે કાંઇ પ્રદૂષિત પાણી નીકળે છે એને ટ્રીટમેન્ટ કરવાનું કામ ભગીરથ છે છતાં પણ ગુજરાત સરકારે જે પ્રયત્નો કર્યો છે અને ગુજરાત સરકારની સાથે સાથે ગુજરાત પોલ્યુશન બોર્ડે જે રીતે માર્ગદર્શન આપ્યું છે એ અભિનંદનને પાત્ર છે અને એના લીધે જ દેશ-વિદેશની કંપનીઓ ગુજરાતમાં પોતાના ઉદ્યોગો શરૂ કરી શકી છે. ગુજરાતના ઉદ્યોગોના લીધે ગુજરાતના જ નહિ પરંતુ ગુજરાત બહાર અનેક લોકોએ આવીને રોજગારી પ્રાપ્ત કરી છે. કેન્દ્ર સરકારમાં ૨૦૧૦ માં ત્યાંની સરકાર એટલે કે કોંગ્રેસની સરકાર હતી ત્યારે સમગ્ર દેશના ૪૩ ઇન્ડસ્ટ્રીયલ ક્લસ્ટરને ક્રિટિકલી પોલ્યુટેડ જાહેર કરવામાં આવ્યા અને એમાં ગુજરાતના વાપી, અંકલેશ્વર, નરોડા અમદાવાદ, જૂનાગઢ અને ભાવનગરનો સમાવેશ કરવામાં આવ્યો. ભાવનગર અને જૂનાગઢમાં કોઇ મોટા પ્રદૂષિત ઉદ્યોગો હતા નહિ છતાં પણ કોઇ પણ જાતની માહિતી સિવાય કરવામાં આવ્યો. ગુજરાત સરકાર તરફથી રજૂઆત કરતા એને તાત્કાલિક આ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા.

સભાપતિશ્રી : ૨ મિનિટમાં પૂરું કરો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : ત્યાર પછી ગુજરાત સરકારે એકશન પ્લાન તૈયાર કરીને અનેકવિધ આંતર માળખાકીય સુવિધાઓ ઊભી કરી. ગુજરાતમાં કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ થયા અને સમગ્ર ભારતના ૬૦% જેટલી કેપેસિટી ગુજરાતના પ્લાન્ટ ધરાવે છે. ગુજરાતમાં ઇન્સીનરેટર શરૂ થયા જે જોખમી કચરાને બાળી નાખે છે અને તે જ રીતે મેડિકલ વેસ્ટ એ પણ એક પ્રદૂષિત આઇટમ છે અને મેડિકલ વેસ્ટ માટે પણ ગુજરાતમાં ઇન્સીનરેટર ઉપલબ્ધ છે અને ગુજરાત સરકારના આ રીતના પ્રયત્નોને ઉદ્યોગોએ ગુજરાત પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડે ૧૬૦૦ થી ૧૭૦૦ કરોડ રૂપિયાનું રોકાણ ઉદ્યોગના આ પર્યાવરણના માળખમાં કરીને આપણે કેન્દ્ર સરકારને અને સી.પી.સી.બી.ને રજૂઆત કરી અને ૨૦૧૫ માં તત્કાલીન સ્વ. પર્યાવરણ મંત્રી અનિલ માધવ દવેએ અને ગુજરાતના મુખ્યમંત્રીએ ગુજરાતને સંપૂર્ણ રીતે ક્રિટિકલી પોલ્યુટેડ એરિયામાંથી બહાર કાઢવાની જાહેરાત કરી અને ગુજરાતમાં ફરીથી મૂડીરોકાણ આવવાનું શરૂ થયું. તેથી ગુજરાત સરકારને અને પર્યાવરણ વિભાગને ખાસ અભિનંદન આપું છું. ગુજરાતમાં અનેકવિધ જે એક્ટિવિટી થઇ છે તેમાં વિશ્વ કક્ષાની પર્યાવરણની બધી સુવિધાઓ ઊભી થઇ છે. અંકલેશ્વર ખાતેની એક સુવિધા માટે માનનીય મુખ્યમંત્રી તત્કાલીન નરેન્દ્રભાઇએ કીધેલું કે, આ એન્વાયરમેન્ટનું ટેમ્પલ છે. જો આ રીતે ગુજરાતના ઉદ્યોગોને તેમણે કરેલી મહેનત સાથે આપણે સપોર્ટ કરીશું તો ગુજરાત ચોક્કસ ઔદ્યોગિક ક્ષેત્રે આગળ વધશે. માનનીયશ્રી જીતુભાઇએ, જે વિસ્તારમાં હું રહું છું તેના માટેની ચિંતા કરી. પરંતુ હવે પરિસ્થિતિ ઘણી બદલાયેલી છે.

સભાપતિશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી આદિજાતિ અને મહિલા અને બાળવિકાસની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભી થઇ છું. આ ગૃહમાં તમામ મારા આદિવાસી ધારાસભ્યશ્રીઓ, ભાઇઓ તથા બહેનો, આજે મારા જય આદિવાસી. આજે મારા મનની વાત કરવા માગું છું ત્યારે રાજય સરકાર સારા અને મીઠા શબ્દોની માયાજાળ રચીને સર્વગ્રાહી વિકાસ અને આદિવાસીઓનો વિકાસ એમ ગતિશીલ ગુજરાત હોવાનો જે દાવો કરે છે એ પોકળ જણાય છે. આદિવાસીઓના જિલ્લાઓ જે આવેલા છે, ઉમરગામથી અંબાજી સુધીનો જે અમારો આદિવાસી પટ્ટો આવેલો છે એ જિલ્લાઓમાં આવતી ગ્રાન્ટ અમારા મંત્રીશ્રીએ ઘણા મોટા આંકડા બતાવ્યા છે. મને

## તા. ૨૧ મી માર્ચ, ૨૦૧૮
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

એવું લાગે છે કે જે અમારો આદિવાસીનો વિસ્તાર આવેલો છે તેમના ભાગે કેટલા રૂપિયા માથાદીઠ આવે છે? શું આનાથી આદિવાસીઓનો વિકાસ થશે ખરો? અમારા આદિવાસીની પરિસ્થિતિ પાણી વગરની માછલી તરફડીયા મારે એવી થઇ રહી છે ત્યારે જે આદિવાસીની સ્થિતિ છે, આદિવાસીઓનો ખરેખર જો વિકાસ કરવો હોય અને કરાવવો હોય તો આદિવાસી મંત્રી નહીં પણ અમારા ગણપતભાઇ વસાવાને આદિવાસી મુખ્યમંત્રી બનાવવા જોઇએ એવી અમારી દરખાસ્ત મૂકીએ છીએ. અમારા આદિવાસીઓનો વિકાસ ત્યારે પૂરેપૂરો થવાનો છે. સમગ્ર દેશ અને ગુજરાત આજે મંદી તરફ આગળ વધી રહ્યા છે ત્યારે ચૂંટણીઓ વખતે એક આશાનું કિરણ જાગ્યું હતું. આજે આદિવાસી વિસ્તારમાં જે ભારતીય જનતા પાર્ટીએ જાહેરાતો કરી હતી કે અમે ગરીબોનો હાથ પકડીશું, આદિવાસીઓનો સાથ લઇશું અને વિદેશમાંથી કાળું ધન લાવીશું. દરેકના ખાતામાં પંદર પંદર લાખ આવી ગયા? આવ્યા કે નહીં? કયાં છે આ પંદર લાખ રૂપિયા? કોના ખાતામાં રૂપિયા જમા થયા છે? એ તો તમે બતાવો. ગરીબોને •(×××) (અંતરાય)

સભાપતિશ્રી : *(×××) એ શબ્દો હું કાઢી નાખું છું.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : જે રૂપિયા દેશમાં હતા તે પણ નિરવ મોદી, લલિત મોદી અને વિજય માલ્યા જેવા લઇને વિદેશમાં ભાગી ગયા. બીજું મારે દુઃખ સાથે કહેવું પડે છે કે અમારા આદિવાસીઓ જે ગાંધીનગર આવતા હોય, અમારા આદિવાસીઓના છોકરાઓ જે ભણતા હોય એમને મુકવા માટે આવતા હોય તો એને રોકાવાની જગ્યા નથી મળતી ત્યારે અમને ઘણાબધા પ્રશ્નો અમારા લોકો કરે છે ત્યારે હું પૂછું છું કે બિરસા મુંડા ભવનમાં જે વિશ્રામ ગૃહ બનાવેલું છે તેનો ઉપયોગ કેટલા આદિવાસીઓએ કર્યો છે? કોઇ અહેવાલમાં જણાતું નથી. તેની જાહેર પ્રસિદ્ધિ કરવામાં આવતી નથી અને સરકાર દ્વારા વિશ્રામ ગૃહ કેવી સુવિધામાં ચાલે છે એની માહિતી પણ મળતી નથી. મારા દાહોદ જિલ્લાની બીજી વાત કરું, આરોગ્યની વાત કરવા માગું છું ત્યારે મફત તબીબી સહાય, સિકલ સેલ, ટી.બી., પ્રસૂતિ, રકતપિત્ત, કેન્સર જેવા કેસોમાં સરકાર સહાય આપવા માટેની મોટીમોટી જાહેરાતો કરે છે પરંતુ એક એક વર્ષ સુધી ચૂકવવામાં આવતી નથી. સબકા સાથ, સબકા વિકાસ, માબાપની બની આ સરકાર આરોગ્યની વાત કરતી હોય ત્યારે દાહોદ હોસ્પિટલ જે ઝાયડસ કંપનીને આપી દેવામાં આવી છે. આજે આદિવાસી વિસ્તારમાં આ હોસ્પિટલ આપી છે એમાં આદિવાસીઓનો વિકાસ નથી થવાનો. આદિવાસીઓની દવાઓ મોંઘીદાટ કરવામાં આવી અને મારા દાહોદ જિલ્લાના ૨૨૭ ગરીબ આદિવાસી લોકો નું મરણ થયું છે. અંતરિયાળ વિસ્તારોમાં આવેલા જે સી.એચ.સી., પી.એચ.સી. દવાખાનાઓ હોય એમાં ડોકટરોની ઘણીબધી જગ્યાઓ ખાલી છે ત્યારે દુઃખ સાથે કહેવું પડે છે કે અમારે ગાડીઓની પણ વ્યવસ્થા હોતી નથી ત્યારે મારા આદિવાસી વિસ્તારમાં વાહનોની વ્યવસ્થા કરવામાં આવે તો આદિવાસીઓ મજૂરી કરવા જતા હોય ત્યારે જે બહારના ડેપોની ગાડીઓ વધારે ફાળવવામાં આવે છે. દાહોદમાં જો સ્થાનિક ડેપોની ગાડીઓ વધારે મૂકવામાં આવે તો ગામડાંના લોકો જે વાહનો ઉપર લટકીને અને ઉપર બેસીને ના જાય. બસો ઉપર જે સૂત્રો લખવામાં આવે છે વધુ બસ, સારી બસ. પણ દાહોદ જિલ્લામાં અમને આ જોવા મળ્યું નથી. અમારે માત્ર સૂત્રો વાંચીને રાજી થવું પડે છે. જે રબારી, ચારણ, ભરવાડ જાતિના, અનુસૂચિત જનજાતિના હજારો, ખોટા જાતિ પ્રમાણપત્રો આપીને ખરા આદિવાસીઓના હક ઉપર તરાપ મારી છે. સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રો આપવામાં આવેલ છે તેને ગેરકાયદેસર ઠરાવીને તાત્કાલિક રદ કરે. અત્યાર સુધીમાં તમામ ખોટા પ્રમાણપત્રો તાત્કાલિક રદ કરી અને પ્રમાણપત્રોના આધારે મેળવેલ લાભો, નોકરી તથા શિક્ષણ પરત લેવા ગેરલાયક ઠરાવવા અને તેવા ઇસમો સામે ફોજદારી કેસ કરવા વિનંતી છે.

આજે પીવાના પાણીની વાત કરું છું અને આ ગૃહમાં જ્યારે ૧૧ વર્ષથી પીવાના પાણીની વાત કરતી આવી છું, ત્યારે રાજ્યના પીવાના પાણીનો પ્રશ્ન આદિવાસી વિસ્તારોમાં ઘણો મોટો છેઅને તેના પ્રમાણમાં શહેરોમાં ઓછો છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મોહનભાઇ..

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ મંત્રીશ્રી માનનીય ગણપતસિંહ વસાવા સાહેબ માગણી નં. ૯૩ અને માગણી નં. ૯૬ લઇને આવ્યા છે, એને અનુમોદન કરવા માટે ઉપસ્થિત થયો છું.

જ્યારે આદિજાતિ વિભાગની માગણીઓની વાત થતી હોય ત્યારે આ દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને તે સમયના મુખ્યમંત્રી મોદી સાહેબે ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની વન બંધુ પેકેજ યોજના મુકવામાં આવી એનો હું સાક્ષી છું. અને તે સમયે સામે પાટલીએ બેઠેલા લોકો એમ કહેતા હતા કે ૧૫,૦૦૦ કરોડ રૂપિયા લાવશે ક્યાંથી? આ ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની જગ્યાએ ૧૭,૨૪૭ કરોડ વાપરવામાં આવ્યા. મને કહેતા આનંદ થાય છે કે દસ મુદાના કાર્યક્રમથી આદિવાસી વિસ્તારની અંદર રસ્તા, પીવાના પાણી, કૃષિ ક્ષેત્રે લિફ્ટ ઈરીગેશન, નદીથી ખેડૂતોને પૂરતા પ્રમાણમાં વ્યવસ્થા ઊભી કરવામાં આવી. અત્યારે મારા સાથી મિત્ર સુખરામભાઇ વાત કરતા હતા જે લોકો એમ કહેતા હતા કે આદિવાસી સમાજના ખોટા દાખલા, પ્રમાણપત્ર આપી દીધા એવું ચૂંટણી પહેલા ભડકાવતા હતા. આજે તેઓ બૂમ મારતા થઇ ગયા કે આદિવાસીના પ્રમાણપત્રો જે ખોટા અપાઇ રહ્યા છે, એમણે બૂમ મારવાની શરૂ કરી દીધી છે. *(×××) હું એમ કહેવા માગુ છું કે આ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર સમરસ ભાવે કામ કરી રહી છે. આદિવાસી વિસ્તારની અંદર સમગ્ર..

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સભાપતિશ્રી : આપ એમના નામજોગ વાત ન કરશો. બેસો અનીલભાઇ, એ શબ્દ હું દૂર કરું છું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : સમગ્ર સમાજનો વિકાસ લઇને આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે. આ ગુજરાતને પ્રેરણાદાયી મોડેલ બનાવવાનું કામ સમગ્ર દેશમાં કોઇએ કર્યુ હોય તો આ ભાજપની સરકારે કર્યુ છે. આજે શિક્ષણ ક્ષેત્રે, આદિવાસી સમાજમાં પ્રાધાન્ય વધારેમાં વધારે જો આપવામાં આવ્યું હોય તો ભાજપની સરકારમાં આપવામાં આવ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે જેને રહેવા માટે સમરસભાવની હોસ્ટેલ બનતી હોય, એ હોસ્ટેલમાં સન્માનનીય સભાગૃહના તમામ સભ્યોને કહેવા માગુ છું કે એક વખત મુલાકાત લેજો ત્યારે તેમાં બાળકોને ભણવાની સુવિધા આપવામાં આવી છે. એક ભાઇ અસ્પૃશ્યતા નીવારણ અંગેબોલતા હતા અને વાત કરતા હતા એ સમરસતાનો ભાવ આ હોસ્ટેલમાં સમાયેલ છે. આપ સૌ જાઓ અને જુઓ. દૂધ સંજીવની યોજના આપવામાં આવી. કોંગ્રેસના સમયમાં કેમ એ વિચાર ન આવ્યો. ૧૨ લાખ બાળકોને આ દૂધ સંજીવની યોજના દ્બારા ભારતીય જનતા પાર્ટીની સરકારે બાળકોને દૂધ આપ્યું. ગઇકાલે કુંવરબાઇના મામેરા બાબતે આ સન્માનનીય સભાગૃહના એક સભ્ય બોલત હતા. આ કુંવરબાઇનું મામેરું એટલે ગરીબ આદિવાસીની દીકરીને જયારે લગ્ન કરવા હોય ત્યારે તેની પાસે પૈસા ન હોય, આ પૈસા ન હોય એટલે તેણે કોઇ શાહુકાર પાસે કે સગા સંબંધી પાસે જવું પડે. ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર કુંવરબાઇના મામેરા નામની એક યોજના લાવી અને તે યોજનાના માધ્યમથી ગરીબને એમ થયું કે મારી દીકરીને હું પરણાવું. સરકારે આ યોજના મૂકી છે અને તેને કુંવરબાઇનું નામ આપવામાં આવ્યું. ત્યારે આ સન્માનનીય સભાગૃહના સભ્ય એવું બોલતા હતા કે ભારતીય જનતા પાર્ટીની સરકાર ભગવાન છે? ત્યારે હું દાવા સાથે કહેવા માગુ છું કે ભગવાન સ્વરૂપે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે. મારે ઘણું કહેવું હતું. અહીં અશ્વિનભાઇ કોટવાલ ૭૩-એએ ની વાત કરતા હતા. જયારે જયારે ચૂંટણી આવે ત્યારે એમ કહે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આદિવાસીઓની આ ૭૩-એએની કલમ કાઢી નાંખવાની છે. હવે એ ૭૩-એએ ની વાત કરે છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આદિવાસીઓની નથી તેવું કહેવડાવવાની કોશિશ જે કરી રહ્યા છે તેને મારે આજે જવાબ આપના માધ્યમથી આપવો છે. આ ભારતીય જનતા પાર્ટી ન જાત, ન વાદ, ન પ્રાંત તેનાથી કામ કરતી આ સરકાર છે. આદિવાસી સમાજ માટે કાર્ય કરે છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. ડો.આશાબેન પટેલ.

ડો. આશા પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રવાસનની માગણી નં.૫૧ લઇને આવ્યા છે અને મહિલા બાળ વિકાસ વિભાગની માગણી નં.૧૦૫ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો આંકડા સાથે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય તે માટે રજૂ કરું છું. સરકારશ્રી બજેટમાં જોગવાઇ કરે છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગમાં નાણાં વાપરવામાં નિષ્ફળ જાય છે તેની વિગતો હું આપું છું. ૨૦૧૪-૧૫માં થયેલ ખર્ચ ૩૮ ટકા, ૨૦૧૫-૧૬માં ૧૮૭૫ કરોડ ફાળવેલ હતા તેમાંથી ૮૨ ટકા વપરાયા, ૨૦૧૬-૧૭માં ૧૯૫૨ કરોડ ફાળવ્યા હતા તેમાંથી ૬૨ ટકા વપરાયા હતા, ૨૦૧૭-૧૮માં ૨૦૫૬ કરોડ ફાળવ્યા હતા અને તેમાં ૭૬ કરોડ વપરાયા હતા જયારે ૨૦૧૮-૧૯માં ૨૩૪૯ કરોડ ફાળવ્યા છે, હું આશા રાખું છું કે આ પૈસા આ વર્ષે પૂરે પુરા વપ્રાય.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિને સિવિલની ફૂટપાથ પરની પ્રસૂતિ મારાથી ભૂલાતી નથી. જાણે કે મહિલા દિને એક બાળકી પોકારતી હતી કે, '' मैं कहां माग रही हूं खेत, खालीयान और महेल, मैं तो सिर्फ जन्म माग रही हूं'' તેવા પુકાર સાથે એક શરમજનક ઘટના વિશ્વ મહિલા દિને આપણે જયારે મહિલા સશક્તિકરણના ગાના ગાતા હતા ત્યારે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે બની હતી. પ્રસૂતા મહિલાને હોસ્પિટલમાં સારવાર માટે લાવ્યા ત્યારે તંત્રએ ન તો તપાસી, ન તેની સારવાર કે રહેવાની વ્યવસ્થા કરી અને રજા આપી દીધી. આ ગરીબ મહિલાએ સિવિલ હોસ્પિટલની ફૂટપાથ પર બાળકીનો જન્મ આપવો પડ્યો. આ વિકાસશીલ ગુજરાતમાં મહિલા દિને ફૂટપાથ પર બાળકીનો થયેલ જન્મ તે મહિલા સશક્તિકરણ માટે આ સરકાર કેટલી ચિંતિત છે?

સભાપતિશ્રી : બહેન આપ પણ ડોકટર છો, આપને ખબર છે કે ઘણીવાર પ્રેસીપીટેડ લેબર થતી હોય છે. ડોકટર પણ ભૂલ કરી દેતા હોય છે.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યૂરોમાં વર્ષ ૨૦૧૬ના અહેવાલ મુજબ ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મહિલાઓ સંબંધીત ગુનામાં વધારો થયો છે. તેના આંકડા જણાવું તો અપહરણમાં ૨૦૧૫માં ૯૩૮ હતા જયારે ૨૦૧૬માં ૧૧૪૩ થયા છે. એસિડ એટેકમાં ૩૩ હતા તે વધીને ૨૦૧૬માં ૫૨(બાવન) થયા છે. ગેંગરેપમાં ૦ હતું જયારે ૨૦૧૬માં ૧૪ થયા છે. દુષ્કર્મમાં ૫૦૩ હતા તે વધીને ૯૮૨ થયા છે. જયારે કસ્ટોડિયન રેપમાં ૦ હતું તે વધીને ૨૦૧૬માં ૨(બે) થયા છે. આમ આ દુષ્કર્મ જેવા ગંભીર ગુનામાં ૪૭૯ કેસોનો વધારો થયો છે. ગેંગરેપ શૂન્યથી ૧૪ થયા આમ, ક્રાઇમ રેટમાં ગુજરાત દેશમાં ૧૫માં ક્રમે છે. આમ ગુજરાતે આવા ગુના ક્ષેત્રમાં પણ વિકાસ કર્યો હોય તેવું જણાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં મહિલાઓ સુરક્ષિત હોવાનો સરકારનો દાવો એ મહિલા અપહરણના આંકડા આપણે જોઇએ તો જોવા મળશે કે હકીકત શું છે? મહિલા અપહરણના આંકડા જોઇએ તો વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૨૫૪, ૨૦૧૨-૧૩માં ૧૮૬૭, ૨૦૧૩-૧૪માં ૧૮૯૨, ૨૦૧૪-૧૫માં ૧૯૦૭, ૨૦૧૫-૧૬માં ૨૦૩૫ મળીને કુલ ૮૯૫૫ મહિલા અપહરણના કિસ્સા પોલીસ ચોપડે નોંધાયા છે તે પૈકી ૮૦૧૩ મહિલાઓ પરત મળી છે પરંતુ ૯૪૨ની કોઇ ભાળ પણ મળી નથી. આ પાંચ વર્ષના આંકડા જોઇએ તો દર વર્ષે અપહરણના કિસ્સાઓમાં વધારો થયો છે આમ, ગુજરાતમાં મહિલાઓ સુરક્ષિત નથી એ વાત

સરકારના આંકડા પરથી પ્રસ્થાપિત થાય છે. દર વર્ષે ૧૫૦૦ થી વધુ મહિલાઓના અપહરણ થાય છે આમ, મહિલાઓ ભાજપના રાજમાં અસુરક્ષિત છે એનો આ દાખલો છે. રાજયમાં મહિલા ઘરેલું હિંસાનો ભોગ ન બને અને તેને રક્ષણ આપવા ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઇન શરૂ કરવામાં આવી છે. મહિલા પરના અત્યાચારની ફરિયાદોની વાસ્તવિકતા આપણે જોઇએ તો છેલ્લા બે વર્ષમાં મહિલા હેલ્પ લાઇનનો ફોન સતત રણક્યા જ કર્યો છે અને બે વર્ષમાં ર લાખ ફરિયાદો નોંધાઇ છે જે બતાવે છે કે, મહિલાઓ પરના અત્યાચારો ભાજપના રાજમાં વધી રહ્યા છે અને ભાજપના શાસનમાં મહિલાઓની દુર્દશા થઇ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં બળાત્કાર, છેડતી અને મારઝૂડના મહિલા અત્યાચારના કેસ માટે રાજય મહિલા સુરક્ષા સમિતિની રચના ૨૦૧૪માં કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને આપણે ૮મી માર્ચે ભવ્ય પ્રોગ્રામ કરીને ઉજવીએ છીએ, સંમેલનો કરીએ છીએ, સરપંચોને બોલાવીએ છીએ જયારે મહિલાઓ પરના અત્યાચારને રોકવા માટે રાજય મહિલા સુરક્ષા સમિતિની બેઠક ફકત ૨૦૧૫ અને ૨૦૧૬માં એક એક વખત મળી છે આ એક દયનીય સ્થિતિ છે. રાજયમાં કૂપોષિત અને અતિ કૂપોષિત બાળકોની સંખ્યા જોઇએ તો સરકારે વિધાનસભામાં તા.૨૩.૨.૨૦૧૮ના રોજ આપેલી માહિતી મુજબ રાજયમાં કૂપોષિત બાળકો ૯૧,૦૧૯ અને અતિ કૂપોષિત બાળકોની સંખ્યા ૧૯,૯૮૦ છે આમ, કુલ ૧,૧૦,૯૯૯ બાળકો કૂપોષિત છે જે આ વિકાસશીલ ગુજરાત કેવું વિકાસશીલ છે એ દર્શાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, કૂપોષિત બાળકની સંભાળ લેવા માટે પૂરતું નાણાકીય ખર્ચ કરવું જોઇએ જે કૂપોષિત અને અતિ કૂપોષિત બાળક માટે હાલમાં ખર્ચ થાય છે અને જે રકમ વાપરવામાં આવે છે એ રકમ એકદમ નજીવી છે. આપણે ૨૫મી મે ના રોજ ઇન્ટરનેશનલ મીસીંગ ચિલ્ડ્રન ડે તરીકે વિશ્વભરમાં ઉજવીએ છીએ ત્યારે ૨૦૧૬માં ૭૦૮, ૨૦૧૭, માર્ચ સુધીમાં ૪૩૧ બાળકો મળીને કુલ ૧૧૩૯ બાળકો ગુમ થયા છે કે જેને પોલીસ શોધી શકી નથી. કયાંથી શોધે? રાજય સરકારે ૨૦૧૪થી પોલીસ વિભાગમાં કોમ્પ્યુટર માટે એન્ટી વાયરસ સિસ્ટમ આપી જ નથી અને એના કારણે તમામ ડેટા ઉડી ગયા છે અને પરિણામે બાળકો ગુમ છે અને સાથે સાથે પોલીસમાં એના ડેટા પણ ગુમ છે. અમદાવાદની વિશ્વાનો હજુ પણ પત્તો નથી. માનનીય અધ્યક્ષશ્રી, બાળ સંરક્ષણ ગૃહમાં ગુનામાં સડોવાયેલા બાળકોની સંખ્યા જોઇએ તો સન ૨૦૧૫માં ૩૦ હતા તે વધીને ૨૦૧૬માં ૫૦ થયા છે જે બતાવે છે કે ગુજરાતમાં ગુનામાં સંડોવાયેલા બાળકોની સંખ્યામાં ચિંતાજનક વધારો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, બાળકો દેશના ભાવિનો અરીસો ગણવામાં આવે છે. જયારે વિકાસશીલ અને ગતિશીલ ગુજરાતે જાણે કે બાળ ગુનામાં વિકાસ અને ગતિશીલતા પકડી હોય એવું લાગે છે કેમ કે બાળ ગુનામાં અંદાજે ૬૦ ટકા વધારો નોંધાયો છે. રાજયમાં નવજાત શિશુ ત્યજી દેવાની ઘટનાઓ બનતી આવી છે. સરકારી શિશુગૃહ તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓમાં ૬ વર્ષથી ત્યજેલા અને સોંપેલા બાળકોની માહિતી જોઇએ તો ૨૦૧૪ થી ૨૦૧૭ સુધીમાં ૫૬૭ બાળકો શિશુગૃહોમાં આવ્યા જેમાં ૧૭૫ દીકરા અને ૨૩૦ દીકરીઓ હતી. આપ વિચાર કરો શિશુગૃહમાં જે બાળકને સોંપી દેવાય છે એમાં દીકરીઓ વધુ હોવા પાછળનું કારણ વધુ દીકરીઓ પરિવારને સ્વીકાર્ય નથી એ પુરવાર થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, નીતિ આયોગે ફેબ્રુઆરી, ૨૦૧૮માં પ્રકાશિત કરેલ આંકડા મુજબ ગુજરાતમાં ૧૦૦૦ છોકરાના જન્મ સામે જાતિ પ્રમાણ જોઇએ તો ગુજરાતમાં દીકરીઓ પ્રત્યેની નારાજગી અને ભેદભાવ સ્પષ્ટ દેખાય છે.

સભાપતિશ્રી : માનનીય આશાબેન આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે, વિરામ બાદ સભાગૃહ બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળશે.

(વિરામઃ બપોરે ૧.૩૦ થી ૨.૩૦)

સભાપતિ ડો. નીમાબેન ભા. આચાર્ય અધ્યક્ષસ્થાને

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અમારા આદિવાસી વિસ્તાર માટે જ્યારે આદિજાતિ વિભાગની માગણી નંબર-૯૩ અમારા મંત્રીશ્રી લાવ્યા છે એમાં અનુમોદન આપીને મારા વિચારો રજૂ કરું છું. આદિવાસીનો વિસ્તાર અને એ વિસ્તારના વિકાસની ચિંતા કરીને એની વ્યથા ભૂતકાળની સરકારો હંમેશા કરતી આવેલ છે, પરંતુ આ વિસ્તારની ખાલી વ્યથા કરવાથી એ આદિવાસી વિસ્તારનો વિકાસ થતો નથી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વ્યથા સમજીને જે વ્યવસ્થાઓ ઉભી કરી છે એ મારા વિચારોમાં હું રજૂ કરવાનો છું. આજે સારું છે કે અમારા ટ્રાયબલના આગેવાનો વધારે સ્પીચ આપી રહ્યા છે. સૌપ્રથમ તો જે અત્યારે ચૂંટણીઓ ગઇ, એમાં સૌથી વધારે અમે જો સહન કર્યુંને તો જાતિ અંગેના પ્રમાણપત્રો એટલે કે દાખલાઓ બાબતમાં અમે સહન કર્યું છે, મેં આજે જોયું, મને આનંદ થયો કે આજે એ જ કોંગ્રેસ આદિવાસી વિસ્તારમાં એવું કહે છે કે ખોટાં પ્રમાણપત્રો આપ્યા છે અને એ જ કોંગ્રેસના આગેવાનો આજે બીજું કંઇક કહે છે. મને તો બે ભાગ લાગે છે એમનામાં, એમની વાત ઉપરથી એવું લાગ્યું મને. મને એમની વાત ઉપરથી એવું સમજાયું છે. આ ચિંતાનો વિષય છે એ લોકોના માટે. એ અમારા માટે નથી. અમે સાચી વાત કરનારા લોકો છીએ અમે અમારા આદિવાસીઓને ક્યારેય પણ ગેરમાર્ગે દોરતા નથી. જે સાચું છે તે કહીને અમે મતો માંગીએ છીએ જે ચુંટાયા છીએ તે ઇજ્જતથી આ ગૃહમાં અમે અમારા વિસ્તારની રજૂઆત કરીને અમે અમારા આદિવાસી વિસ્તારનો વિકાસ કરવા માગીએ છીએ. વરસોથી હું સાંભળું છું. હું ૨૦૦૭માં પણ ચુંટાયો હતો.

સભાપિતશ્રી : ક્રોસટોક ના કરો. એમનું ભાષણ ધ્યાનથી સાંભળો. તમારો સમય આવે ત્યારે તમે બોલજો.

શ્રી નરેશભાઇ મ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આ જે મુદ્દાઓ છે. મારે નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપવા છે. અમારા જીતુભાઇએ પણ સ્પીચ આપી. હું પણ કપરાડા નજીકનો છું, ડાંગની નજીકનો છું, અમારા તત્કાલિન મુખ્યમંત્રી અને આ દેશના હાલના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ આદિવાસીને ત્યાં નાગલીનો રોટલો અને અડદનું ભૂજિયું ખાધું છે

જેથી એમને પીડા ખબર પડી છે કે આદિવાસીઓની શું પરિસ્થિતિ છે અને એથી અમારા માનનીય નરેન્દ્રભાઇ મોદીએ બરાબર સમજીને દસ મુદ્દાનો કાર્યક્રમ કરીને, વનબંધુ પેકેજ હોય કે ટ્રાયબલ વિસ્તાર માટેની પેટા યોજનાઓ ઉભી કરીને એ વિસ્તારનો વિકાસ કેવી રીતે થઇ શકે તે જોયું છે. જે માળખાકીય સુવિધાઓ છે એ મહત્વની છે. વરસોથી આદિવાસી જંગલમાં પણ રહેતો આવ્યો છે, ઉંડાણના વિસ્તારમાં રહેતો આવ્યો છે. એનો વિકાસ કરવો એટલે બહુ જટિલ સમસ્યા હતી. એ નાનીસૂની વાત ન હતી. કદાચ એ વિસ્તાર માટે તમે નાનું બટકું નાંખી દો એટલે વિકાસ ત્યાં પૂરો ન થઇ જાય. પરંતુ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને મારે આજે ધન્યવાદ આપવા છે કે જે રીતે વનબંધુમાં જોગવાઇ કરી છે. એ નાનીસૂની રકમની નહિ, આજે આ મિત્રો ગમે તેટલી વાત કરે તે સમયે મુખ્યમંત્રી સડક યોજના ક્યાં ગઇ હતી? શા માટે તમને યાદ ના આવી? અત્યારે અમારા અશ્વિનભાઇ કહેતા હતા ભગવા કલરની સાયકલ. આ સાયકલ આપવાનો વિચાર પણ ભારતીય જનતા પાર્ટીએ કરેલો. મારે શિક્ષણની વ્યવસ્થા ઉપર પણ વાત કરવી છે. આજે મને આનંદ થયો ૭૩-એએની વાત અહીં થઇ. ૨૦૦૭ની ચૂંટણી હું લડતો હતો એ પહેલાં આ ૭૩-એએની વાત અમારા આદિવાસી વિસ્તારની અંદર જોરશોરથી આ કોંગ્રેસના મુદ્દામાં આવેલી હતી. અશ્વિનભાઇ મારા મિત્ર છે અમે નરેન્દ્રભાઇને પણ મળવા ગયા, અમે આ ટેકનિકલ બાબત સમજતા હતા કે જે શહેરી વિસ્તારમાં ટ્રાયબલ જમીન લે છે તે આખી જીંદગી બિચારો નોકરી કરે અને એક સામાન્ય પ્લોટ લે તેના ઉપર પણ 73AA લાગે તે દૂર થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મોદી સાહેબ એગ્રી હતા પણ એ લોકો કહે 73A A ના નામે મત લેવા હતા અમે શું કરીએ ? આવો આજે પણ અમારી સરકારના હાથ ખુલ્લા છે તમારી સાચી વાત હશે તો અમે ચોક્કસ રજૂઆત કરવા આવીશું એમાં અમારી કોઇ ના નથી. અમારા જોષીયારા સાહેબે કહ્યું કે અમારા મંત્રીશ્રીનો ભલે એ હવાલો છે પરંતુ તેમના હાથ બાંધી દીધા છે. મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે, આદિવાસી વિસ્તાર માટે પણ સરકારના હાથ ખુલ્લા છે, અમારા મંત્રીશ્રીના પણ હાથ ખુલ્લા છે એમાં કોઇ મીન મેખ નથી પરંતુ પોઝિટીવ વિચાર લઇને આપણે વિકાસની બાબતમાં સાથે જોડાવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે હું મારા વિચારો ટ્રાયબલ વિસ્તારનું જીવન-ધોરણ બદલવું હોય તો માળખાકીય સુવિધા તો ઉભી કરવી પડે પરંતુ મને એવુ લાગે છે કે ટ્રાયબલ વિસ્તારનો જો વધારેમાં વધારે વિકાસ કરવો હોય તો શિ ્ક્ષણને પ્રાધાન્ય આપવું પડે અને શિક્ષણને પ્રાધાન્ય કેવુ આપવું પડે કે આજે જે રીતે જરૂરિયાત છે, સમયને ધ્યાનમાં રાખીને જે જરૂરિયાત છે એ પ્રમાણેનું શિક્ષણ અને ૨૦-૨૫ વર્ષ પછી જે જરૂરિયાતો ઉભી થવાની છે તેને ધ્યાનમાં રાખીને શિક્ષણ આદિવાસી વિસ્તારમાં પણ આપવું પડે. મારે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબને અભિનંદન આપવા છે કે જે રીતે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી મારે આજે શિક્ષણ મંત્રી સાહેબ અહીંયા બેઠાં છે ત્યારે ભૂતકાળ યાદ કરાવવો છે કે ગામડાંની અંદર પ્રાયમરી શાળાની અંદર કદાચ શાળા હોય તો શિક્ષકો ના હોય, કદાચ શાળા બની ગઇ હોય તો ઝાડ નીચે ભણવુ પડતું હતું કોઇ ઓરડાં ન હતા. મારી પાસે આજે પણ એક પુરાવો છે કે ભૂતકાળની અંદર એવુ બનેલું કે શિક્ષણની અંદર શિક્ષકો જે તે સ્કૂલમાં મૂકાયા પછી તે શિક્ષકોની હાજરી ત્યાં પૂરાતી હતી અને કંપનીઓમાં નોકરી પણ ચાલુ રાખતા હતા. કેવી રીતે તમે સારા શિક્ષણની વાત કરો છો ? આ સરકારની અંદર જે ટ્રાયબલ પટ્ટો છે તે ટ્રાયબલ પટ્ટાની અંદર શિક્ષણની વ્યવસ્થા જે આદિવાસી વિસ્તાર માટે આ સરકારે ઉભી કરી છે તે વાત ઉપર હું આવી જાઉં છું. રાજય સરકારે આદિવાસીઓના શિક્ષણના પ્રમાણમાં સુધારો લાવવા માટે અનેક યોજનાઓ બનાવી છે. જેના પરિણામે ૨૦૧૧માં આદિવાસી લોકોમાં સાક્ષરતા સરેરાશ ૧૪.૮નો વધારો થયેલ અને જે પૈકી મહિલાઓમાં માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં મહિલાઓમાં સાક્ષરતા બિલકુલ ઓછી હતી પરંતુ હાલમાં આદિવાસીઓના સમાજમાં મહિલાઓમાં જે સાક્ષરતા છે તે ૬૨.૫ ટકા આજે આદિવાસી સમાજમાં સાક્ષરતા છે. મારે બીજી વાત કરવી છે કે, નવોદય પેટર્ન ૯૧ નીચે જે શાળાઓ જેમાં આજે પણ અમારા ૩૦,૧૭૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે અને મને જણાવતાં આનંદ થાય છે કે, જે સમગ્ર આદિવાસી પટ્ટાની અંદર ૪૫ આદર્શ નિવાસી શાળાઓ આજે ચાલે છે તેમાં મારા ચીખલી મત વિસ્તારમાં પણ એક આદર્શ નિવાસી શાળા ચાલે છે. આ ગૃહના ધ્યાન ઉપર લાવુ મારી પાસે પૂરાં આંકડા છે આદર્શ નિવાસી કન્યા શાળા ચાલે છે તેમાં ૨૦૧૫ની અંદર રિઝલ્ટ ૮૦ ટકા આવ્યું, ૨૦૧૬માં ૯૧ ટકા અને આ છેલ્લુ રિઝલ્ટ સો ટકા આ આદર્શ નિવાસી શાળાનું છે, તેનુ પરિણામ શું ? અત્યાર સુધીમાં એમ.બી.બી.એસ.માં પાંચ છોકરીઓ ગઇ, ફિઝીયોથેરાપીમાં એક છોકરી ગઇ, બી.એ.એમ.એસ.માં એક ગઇ, નર્સીંગમાં ચાલીસ ગઇ, એન્જિનીયરીંગમાં દસ છોકરીઓ ગઇ અને બાકીની બધી છોકરીઓ બી.એસ.સી.અને એનાથી વધારે અભ્યાસ કરી રહી છે. આ આંકડા સાથેની વાત છે ખાલી ખાલી વાત નથી. જયારે અમારા મોહનભાઇએ પણ કહ્યું કે ઉચ્ચ વ્યવસાયિક શિક્ષણ માટેની વ્યવસ્થા માટેની વાત કરવા જઇ રહ્યો હતો કે આજે જયારે ઉદ્યોગોની વાત કરી તો અમારા કનુભાઇએ પણ વાત કરી આ તરફથી પણ વાત થઇ. સાહેબ એક બાજુથી એવુ કહે છે કે ઉદ્યોગો નહીં આવવા જોઇએ, ગૃહની અંદર એવી વાત ચાલે કે ઉદ્યોગો આવવા જોઇએ કે જેથી આદિવાસી વિસ્તારમાં રોજગારી મળે. અત્યારે થોડાક દિવસો પહેલાં મારા મતવિસ્તારમાં એક નાનકડી અને કોઇ ખેડૂતને નુકસાન ન કરે એ પ્રકારની જી.આઇ.ડી.સી. બને છે અને એમાં અનંતભાઇનો વિસ્તાર છે. એમાં જે વિરોધીઓ ઊભા થયા છે એમાં અમારા અનંતભાઇ પણ જોડાઇ ગયા. મારે એ જી.આઇ.ડી.સી. માટે બેઠક કરવી છે ત્યારે એમણે સપોર્ટ કરવો જોઇએ. શા માટે તમે ઉદ્યોગોનો વિરોધ કરો છો. એના માટે મારે આ સરકારને અભિનંદન આપવા છે કે આ રાજ્યની અંદર ૩૩ જેટલી આઇ.ટી.આઇ. થઇ અને તમારા શાસનમાં ક્યારે હતી એ તમે જાતે જ જાણી લેજો. હું આનંદ સાથે આ ગૃહને જણાવું છું કે, ત્રણ એન્જિનીયરીંગ કોલેજ અને દરેક તાલુકાની અંદર આજે સાયન્સ કોલેજ ચાલે છે. તમારા શાસનમાં તો સાયન્સ શાળા ન આપી

શકે ત્યાં કોલેજનો તો વિચાર જ કેવી રીતે આવે. મારા તાલુકાની વાત કરું તો એક તાલુકાની અંદર સાત થી આઠ વિજ્ઞાન પ્રવાહની શાળા ચાલે છે. તાલુકા મથકે સરકારી સાયન્સ કોલેજ ચાલે છે. આ ઉપરાંત કૃષિ કોલેજ અને મેડિકલ કોલેજ પણ અમારે ત્યાં વલસાડમાં આવેલી છે. આ માટે હું સરકારને અભિનંદન આપું છું અને મારું અનુમોદન આપું છું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આ જે વ્યવસ્થા ઊભી થઇ છે અને આદિવાસી માટે આ ગૃહમાં અને સંસદમાં ચર્ચા થતી હોય તો ડો.બાબા સાહેબ આંબેડકર અને કોલેજને આભારી છે. એના માટે હું શબ્દો કહીશ કે, હમે તો કોઇ પૂછતા ભી ન થા, હમે તો કોઇ પૂછતા ભી નહિ થા, હમારા તો કોઇ મોલ ભી નહિ થા, પંજેને છૂ લિયા, આંબેડકરને છૂ લિયા તો હમ અનમોલ હો ગયે. આદિવાસી વસતી અને વિસ્તારના પ્રમાણમાં બજેટ ખૂબ ઓછું છે. વસતીના પ્રમાણમાં ૨૫,૦૦૦ કરોડનું બજેટ હોવું જોઇએ પરંતુ છેલ્લા વર્ષોમા જોઇએ તો ૧૦૦૦૦, ૧૨૦૦૦, ૧૫૦૦૦ જેટલું બજેટ મળે છે અને એમાં પણ વણવપરાયેલી ગ્રાન્ટ લેપ્સ જાય છે. બીજી બાજુ હજારો યુવાન રોજગાર માટે, પાણી માટે, રસ્તાની વ્યવસ્થા માટે તડપે છે અને બિન આદિવાસી લોકો જાતિનું પ્રમાણપત્ર લઇને સરકારી નોકરીઓમાં જેવી કે, પોલીસમાં, જી.પી.એસ.સી.માં, એસ.આર.પી.માં, ક્લેરિકલ સ્ટાફમાં ભરતી થાય છે અને તાગડધિન્ના કરે છે અને આદિવાસી યુવાન મીટ માંડીને જોઇ રહ્યો છે. એનો ભોગ આપણા ગણપતભાઇ બન્યા છે. એમની ઉપર ઇંડા ફેંકાયા છે, પથ્થર ફેંકાયા છે. એમાં ગણપતભાઇનો વાંક નથી. એ તો વ્યવસ્થાના એક ભાગ છે. એમની પાસે સ્વતંત્રતા નથી. એની વ્યવસ્થા ક્યાંથી થાય છે એ અમે જાણીએ છીએ પણ અમારો આદિવાસી ભાઇ દુ:ખી થાય છે એની અમને ચિંતા છે. બીજી બાજુ આદિવાસીઓમાં ભારે અસંતોષ છે. આખા દક્ષિણ ગુજરાતમાં અને અંબાજીથી ઉમરગામ સુધી ભારેલો અગ્નિ છે. જે બોગસ પ્રમાણપત્રો આપ્યા છે એના માટે કોઇ વ્યવસ્થા નહિ થાય તો ગણપત ભાઇએ પ્રેસ મિડિયામાં કહ્યું છે કે, અમે આદિવાસીઓના હક્ક માટે કાયદો લાવીશું અને જે તે જવાબદાર હશે એને દંડ થશે. પરંતુ ગણપતભાઇને હું આજે વિનંતી કરું છું કે તમે સહી કરી હોય તો તમે રાજીનામું આપો અને તમે રાજીનામું નહિ આપો તો આદિવાસી લોકો તમારી પાસે રાજીનામું માગી લેશે. એક બાજુ નીતિ આયોગ શિક્ષણ અને આરોગ્યની ચિંતા કરતું હોય ત્યારે આપણે કલ્પના કરી શકીએ કે આદિવાસી વિસ્તારમાં લોકોની સ્થિતિ કેવી હશે. એક બાજુ આપણે જી.ડી.પી.ની વાત કરીએ છીએ ત્યારે અંબાણી, અદાણી અને મોદીએ કરોડો, અબજો રૂપિયા બનાવ્યા છે ત્યારે ગરીબ માણસનો જી.ડી.પી. ૬ અને ૭ આવે છે. શિક્ષણમાં પણ એવું જ છે. શહેરના છોકરાઓ ભણી ગણીને આગળ વધી રહ્યા છે જ્યારે ગામડાંના છોકરાઓને શિક્ષણ મળતું નથી. ગામડાંમાં શિક્ષકો નથી, વ્યવસ્થા નથી તો કેવી રીતે તમે એમને આગળ લાવવાના છો. ગામડાંના બાળકો કુપોષણથી પીડાય છે. જંગલની જમીનની વાત કરીએ તો યુ.પી.એ. સરકારે ૨૦૦૬માં કાયદો આપ્યો છે તે છતાંય ૧૨ વર્ષમાં હજી પણ ૧,૯૨,૦૦૦ દાવાઓને આપણે જમીન આપી શક્યા નથી. આપી તો કેટલી? માત્ર ૧૦ અને ૨૦ ગુંઠા. જે ૧૦–૧૦ એકર જમીન ખેડતા હતા એને આપણે જમીન આપી શક્યા નથી અને સિંચાઇની વ્યવસ્થા આપી શક્યા નથી અને લાઇટ પણ આપી શક્યા નથી અને એક બાજુ આપણે વિસ્તારની ચિંતા કરીએ છીએ. પેસા એક્ટની વાતો થઇ. આપણે અંબાજી થી ઉંમરગામ સુધી યાત્રા કાઢી કે પેસા એક્ટનો અમલ કરો, પેસા એક્ટનો અમલ કરો..

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આજે આદિજાતિ વિકાસ વિભાગની માગણીઓ છે એટલે ૧૫ મિનિટનો સમય વિરોધપક્ષને અને ૧૦ મિનિટનો સમય અમારો વધારવામાં આવે એટલે કે ટોટલ ૨૫ મિનિટનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું સહમત છું.

સભાપતિશ્રી :સૌ સહમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ ૨૫ મિનિટ લંબાવવામાં આવે છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પેસા એક્ટની વાતો થઇ, અંબાજી થી ઉંમરગામ સુધી યાત્રા થઇ. મેં અગાઉ પણ ગૃહમાં કહ્યું હતું. એક બાજુ માનનીય જીતુભાઇ વાઘાણી અને આખી ટીમ અમારા સોનગઢ વિસ્તારમાંથી પેસા એક્ટના પ્રચાર માટે...

સભાપતિશ્રી : આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : અને બાજુમાં થર્મલ પાવર સ્ટેશન છે ત્યાં પણ બંધ થયો છે એટલે મારે સરકારને અને ગૃહને કહેવું છે અને હમણાં માનનીય મોહનભાઇ પણ કહેતા હતા કે, જોષીયારા સાહેબ જાતિવાદી થઇ ગયા. આદિવાસીની વાત કરી એટલે જાતિવાદી, નકસલવાદી કહીને દબાવવાનો પ્રયત્ન થાય છે પણ જેટલાં દબાણ કરવાં હોય, જેટલો જૂલમ કરવો હોય એટલો કરી લો, પરંતુ હજારો આદિવાસીઓ સંઘર્ષ માટે તૈયાર છે. હજારો બિરસા તૈયાર છે, હજારો એકલવ્ય તૈયાર છે.

''આપકો અગર જીદ હૈ, આસમાંસે બીજલી ગીરાને કી,
તો હમેં ભી જીદ હૈ આશિયાં વહીં બનાને કી.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા સાહેબ, આદિજાતિ વિકાસ વિભાગની માગણી નંબર– ૯૩ લઇને આ સભાગૃહમાં આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો

થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મારા ઘણા મિત્રો વન બંધુની ઘણી વાતો કરતા હતા પણ વન બંધુ યોજના ૨૦૦૭માં દાખલ થઇ અને આ વન બંધુ યોજનામાં જોઇએ તો ૨૦૦૭ની અંદર ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું જે પેકેજ હતું તેમાં પાંચ વર્ષ પૂર્ણ થયા પછી ૧૭૨૪૭ કરોડ રૂપિયા જેટલું ખર્ચ આદિવાસી વિસ્તારની અંદર કરવામાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ વનબંધુ યોજના દાખલ થઇ ત્યારે આ યોજનાને દેખવા માટે, આ યોજનાની કામગીરી દેખવા માટે આખા દેશના બધાં રાજયોની સમિતિ બનાવી અને આ યોજનાની કામગીરી જોવા માટે ગુજરાત રાજયની અંદર આવી હતી અને ૨૦૧૪-૧૫ની અંદર આખાય દેશની અંદર વન બંધુ યોજના દાખલ કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, ગોવા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ઝારખંડ, ઓરિસ્સા અને રાજસ્થાન જેવાં બધાં રાજયોમાં વન બંધુ યોજનાનો, દેશની અંદર જયાં અમારા આદિવાસીઓ વસતા હોય ત્યાં વનબંધુ યોજના દાખલ કરેલી છે અને આ સરકારમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર એના છેવાડાના વિસ્તાર સુધી આદિવાસીઓની લાગણી કરીને કામગીરી પહોંચાડે છે. ૩૦-૩૫ વર્ષ સુધી અમારા આદિવાસી જંગલની જમીન ખેડતા હતા જયારે કોંગ્રેસના શાસનમાં આદિવાસીઓને હક્ક નહોતો આપવામાં આવ્યો પણ આજે ભારતીય જનતા પાર્ટીની સરકારે એમનો હક્ક આપ્યો અને વન બંધુના પ્રમાણપત્ર આપી અને અમારા વન બંધુ આદિવાસીઓને, ગરીબ આદિવાસીઓને જાહેર મંચ ઉપર બોલાવીને એનું માન-સન્માન કરી ભારતીય જનતા પાર્ટીના માનનીય ગણપતભાઇ વસાવા સાહેબ આદિજાતિ મંત્રી છે એમને પ્રમાણપત્ર આપી એમને જમીનનો હક્ક આપી અને આ જમીન ઉપર માનનીય અધ્યક્ષશ્રી, પોતાનો હક્ક આપી એમનું પોતાનું મકાન બનાવા માટે આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે, આવાસ યોજના મંજૂર કરી અને આ મકાન જયારે અહીંયાં બનાવવામાં આવ્યા ત્યારે આટલી સગવડો આપવામાં આવી. કોંગ્રેસના શાસનમાં કોઇ સગવડો ન હતી. કોઇ અમારા આદિવાસીના હિતમાં દેખતા ન હતા.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો દાહોદ જિલ્લો, એ દો-હદમાં આવેલો છે, દાહોદ એટલે દો -હદ કહેવાય. મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવાં બંને રાજયો આવેલાં છે તેમજ સરહદી વિસ્તારની અંદર ગામડાં આવેલાં છે. તેમાં ૪૩૫ જેટલાં સરહદી ગામો આવેલાં છે, આ ગામો છે એને પાયાની સુવિધા પૂરી પાડવામાં આવી છે. જયારે અમારા આદિવાસી ગરીબ ભાઇઓની માગણી હતી અને લાગણી હતી જેને લીધે અગાઉ ત્યાં આવી કોઇ સુવિધા ન હતી. આ સરકારે આવી સુવિધાઓ પૂરી પાડી. છેક છેવાડાના વિસ્તાર સુધી લાગણી કરી અને આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ અમારા આખા દોહોદ જિલ્લાની અંદર સાઇકલ લઇને પ્રવાસ કરતા હતા. એ સાઇકલ લઇને પ્રવાસ કરતા હતા એટલે એમ અનુભવ થયો કે આ દાહોદ જિલ્લો ટ્રાયબલ વિસ્તાર છે, ડુંગરાળ વિસ્તાર છે, છેવાડાનો વિસ્તાર છે અને એટલા માટે એમને ગરીબો માટે લાગણી થઇ અને દાહોદ જિલ્લાને સ્માર્ટ સીટી તરીકે જાહેર કર્યું, સ્વચ્છ બનાવ્યું, એટલે આવો અમારા દાહોદની અંદર આ સ્માર્ટ સીટી જોવા માટે હું મારા સન્માનનીય મિત્રોને કહું છું કે આવો. માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારની અંદર ખૂબ તકલીફ હતી. કડાણાથી અને ડેમથી પાણીની સુવિધા, પાણીની સુવિધા મળતી ન હતી અગાઉ, મોટી પાઇપો નાખવામાં આવી છે.

સભાપતિશ્રીઃ આપની એક મિનિટ બાકી છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકમાં વાત કરું તો આખા દાહોદ જિલ્લા અને એ વિસ્તારની અંદર વીજળીકરણની વાત કરું તો કોંગ્રેસના શાસનની અંદર સસ્તા અનાજની દુકાનની અંદર કેરોસીન આપવામાં આવતું હતું તે અમારા આદિવાસી ભાઇઓ આ કેરોસીન લાવી અને તેમાં વાટ નાંખીને અજવાળું કરતા હતા, અને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ઉજવલા યોજના આવી અને આજે ૨૪ કલાક વીજળી મળે, કોંગ્રેસના રાજયમાં અંધારું હતું આ ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારે અમારા વિસ્તારમાં વીજળીથી અજવાળું કર્યું છે. અમારા આદિવાસી વિસ્તારમાં આ સરકાર દ્વારા અમારા રોડ હોય, રસ્તા હોય, આવાસ હોય, પાણીની સુવિધા હોય, સારા કામો થવાનાં છે, આશ્રમશાળા હોય, રોડ હોય, આ બધી સુવિધા માટે આ બજેટની અંદર સારી જોગવાઇ અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સાહેબે ખૂબ લાગણી દાખવી છે. અને આ બજેટની અંદર અમારા વિસ્તારમાં કામો સારાં થયાં છે. અમારા વિસ્તાર તરફ આ સરકારની આવી લાગણી રહી છે, માગીએ તે મળે છે તમે પણ જે માગો તો જરૂર મળશે. માગ્યા વગર કયાંથી મળે.

સભાપતિશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય સભ્યશ્રી પુનાભાઇ ગામીત.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે, તેમાં મારા કેટલાક વિચારો રજૂ કરું છું.

માનનનીય અધ્યક્ષશ્રી, આજે આખા રાજયની જે પરિસ્થિતિ છે, એ જાણે કે એવી બતાવવામાં આવે છે કે આખા રાજયમાં એકદમ લીલાલહેર થઇ ગઇ છે, પછી એ સિંચાઇમાં હોય, શિક્ષણમાં હોય કે જાણે કોઇ પણ પ્રકારની ખોટ નથી એવું બતાવવા માટે પાટલીઓ થપ-થપાવી છે ત્યારે આખા રાજયમાં હું મારા વિસ્તારની જ વાત કરું તો હું પણ આ ગુજરાત રાજયનો વતની છું. નવો નવો જિલ્લો બનાવ્યો અને જિલ્લો બનાવ્યા પછી અમારી પરિસ્થિતિ કેવી થઇ છે, (અંતરાય -બહુ સારી થઇ છે એમ બોલતાં) બહુ સારી નહીં, તમે આવી જૂઓ તો તમને ખબર પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તો ખૂબ નાણાં લઇને આવ્યા છે. આનંદભાઇએ કહ્યું કે ઓછા લઇને આવ્યા

છે. પરંતુ આ બજેટની અંદર ૧૫-૧૫ હજાર કરોડની વાત લઇને આવ્યા હતા ત્યારે આ ગૃહમાં જ લઇને આવ્યા હતા. આ ૧૫ હજાર કરોડ જો અમારા આદિવાસી પટ્ટામાં વપરાયા હોત તો ગામડાંમાં વસતા લોકો માટે નદીઓ પરથી બનતી જે નાની સિંચાઇઓ છે, એ નાની સિંચાઇઓ પણ આજે બની નથી. ઉકાઇ ડેમનું પાણી જે સુરત વાળાને મળે છે, અને મોહનભાઇને મળે છે, મોહનભાઇ તમે આજે વિચાર કરો કે કોંગ્રેસના સમયમાં જે ડેમ બનેલા તેનું પાણી તમે લઇ રહ્યા છો. સાથે સાથે સાહેબ તમે તો ખૂબ મોટી આશાઓ રાખીને આવ્યા છો અને પાટલીઓ બદલી બદલીને કે અમને મંત્રી બનાવશે, હું ઘણા વખતથી જોતો આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં જે પુલ આવેલા છે. મારા વિસ્તાર માટે માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી કરું છું કે, પૂર્ણા નદી આંબાપાણી ગામમાં આવેલી છે, આંબાપાણીમાં જોઇએ તેટલું પાણી છે અને ત્યાંથી ૨૦ ગામડાંને આપી શકાય તેટલું પાણી છે, વ્યારા તાલુકા અને ડોલવણ તાલુકાને બન્ને તાલુકાને સરસ મજાનું પાણી મળી શકે તેમ છે, તો ૬ થી ૭ કિલોમીટરના અંતર પર આવેલી છે ત્યાંથી જો પંપીંગ સ્ટેશન ઉભું કરી અને ત્યાંથી જો ચેકડેમમાંથી પાણી આપવામાં આવે તો એટલા સૂકા વિસ્તારમાં રહેતા ગ્રામ્ય વિસ્તારના ગામડાંઓ છે. એ ગામડાંના ખેડૂતોને જો સિંચાઇનું પાણી મળી શકશે તો એમાંથી જે ઉત્પાદન થશે એમાંથી પૈસા કમાશે અને એમાંથી એમના બાળકોને અમદાવાદ-વડોદરા કે સુરત જેવા મોટા શહેરોમાં પોતાના બાળકોને ભણાવી શકશે. કારણ કે અત્યારે સરકારી છાત્રાલયની સગવડ મળતી નથી તેથી જો એની પાસે પૈસા હશે તો પોતે ખર્ચ કરીને ભણાવી શકશે. અમારી પાસે છાત્રાલયોમાં એડમીશન લેવા માટે ખૂબ રજૂઆતો આવે છે. તેથી વધારે સરકારી છાત્રાલયો બનાવવામાં આવે એવી મારી માગણી છે. પૂર્વ પટ્ટામાં ડોલવાણ તથા વ્યારા તાલુકામાં રસ્તાઓ નથી. રસ્તા બનાવવા છે પરંતુ જંગલની જમીન વચ્ચે આવતી હોવાથી એ થતા નથી ત્યારે મારી વન મંત્રીશ્રી ગણપતભાઇને વિનંતી છે કે આ રસ્તાઓ બનાવે. બીજું કે જે જંગલનો વિસ્તાર છે એમાં નદીઓ આવેલી છે એના ઉપર જો ટ્રાયબલના બજેટમાંથી ખર્ચ કરીને નાના નાના ચેકડેમો બનાવવામાં આવે તો ખેડૂતોને સિંચાઇનો લાભ મળી શકે એમ છે. હમણાં માનનીય સભ્યશ્રી મોહનભાઇ અને માનનીય સભ્યશ્રી મુકેશભાઇ કહેતા હતા કે અમારે ત્યાં લીલાલહેર થઇ ગયેલ છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં પહેલીવાર આવવાનો મોકો મને મારી પ્રજાએ આપ્યો છે ત્યારે આટલા દિવસથી સાંભળું છે કે ભાજપે આ કર્યું અને કોંગ્રેસે આ કર્યું પણ મારે આજે સત્ય છે એ આપની સમક્ષ રજૂ કરવા ઉભો થયો છું.

અહીંયા અનિલભાઇ જોષીયારા કહેતા કે અમને વનવાસી ન કહો, વનબંધુ ન કહો. મારે મારા મિત્ર અને ગૃહનું ધ્યાન દોરવું છે કે ૧૯૭૬માં વન વિકાસની સ્થાપના કરી ત્યારે જે બોર્ડ લખેલ છે એમાં લખેલ છે કે ૧૯૭૬થી વનવાસીઓના ઉત્કર્ષ માટે સદા અગ્રેસર, આ તમારી સરકારે વનવાસી શબ્દ આપેલો છે. વનવાસી શબ્દથી પરહેજ હરગીજ ન હોવું જોઇએ, એ સમાનાર્થી શબ્દ છે. વનવાસી કહો, વનબંધુ કહો, આદિવાસી કહો, અનુસૂચિત જનજાતિ કહો આ સમાનાર્થી શબ્દો છે એટલે એક ઇન્દ્રીયનું જ્ઞાન દૂર કરો. મને કહેતા એ બાબતનો આનંદ છે. ૧૯૫૨થી દેશ ભરમાં સામૂહિક વિકાસની પ્રક્રિયા અમલમાં આવી અને દેશમાં તેમજ રાજયમાં પંચવર્ષીય યોજનાનો અમલ થયો. ત્યારબાદ ૧૯૭૬થી ગુજરાત રાજયમાં આદિવાસી પેટા યોજના હેઠળ આદિજાતિ વિસ્તાર અને વસતિના આર્થિક અને સામાજિક ઉત્કર્ષ માટે રાજયમાં એનું આયોજન થયું અને આ ૩૬ વર્ષ પછી જયારે દેશના વડાપ્રધાન સ્વ.રાજીવ ગાંધી અમારા મહીસાગર જિલ્લાના સરસ્વના તળાવ ઉપર આવ્યા હતા. તમારો આખો ઇતિહાસ મારી પાસે છે. ૨૨-૩-૮૬ના દિવસે તળાવ ઉપર અછતની મુલાકાતે આવ્યા હતા અને એમણે ૩૬ વર્ષનો રિપોર્ટ જોયો અને કહ્યું કે ભારત સરકારમાંથી એક રૂપિયો ગરીબોના વિકાસ માટે આપીએ છીએ એમાંથી ૮૫ પૈસા વચેટીયા ખાઇ જાય છે અને લાભાર્થીઓને ફકત ૧૫ પૈસા જ મળે છે. હું આ ગૃહના મિત્રોને કહેવા માગું છું કે આ વચેટીયા કોણ એ સંશોધનનો વિષય છે. આ વચેટીયા શબ્દ રાજીવ ગાંધીએ કહ્યો હતો. મને કહેતા એ બાબતનો આનંદ છે રાજયમાં આદિવાસી વિસ્તારોના વિકાસને વધુ અસરકારક બનાવવા માટે અને આદિવાસીઓનો વિકાસ વેગવંતો બનાવવા માટે ગુજરાત પેટર્નની યોજના અમારી કેશુભાઇ પટેલની સરકાર વખતે અમારી ભાજપની સરકારમાં ૧૯૯૭માં અમલમાં મૂકવામાં આવી અને ત્યારબાદ આ બાવન વર્ષના ઇતિહાસમાં દેશમાં કયારેય આદિવાસીઓનું મંત્રાલય નહોતું. દેશમાં અટલબિહારી બાજપાઇની સરકાર આવી ત્યારે સૌ પ્રથમ ૧૯૯૯માં જનજાતિના મંત્રાલયની સ્થાપના કરવામાં આવી. બાવન બાવન વર્ષ સુધી આદિવાસીઓના વિકાસની વાત ના કરી, આદિવાસીઓના વિકાસના નામે મગરના આંસુ રેડયા, પરંતુ તમે આદિવાસીઓનો વિકાસ નથી કર્યો. ૨૦૦૭-૦૮માં વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત કરી એમાં તમે ૪૦ વર્ષના શાસનમાં ૬૫૦૦ કરોડનું બજેટ આદિવાસીઓના વિકાસ માટે વાપરવામાં આવ્યું. તમારા વખતે માત્ર એક વર્ષનું ૩૧૫ કરોડનું બજેટ હતું જે આજે અમારી ભાજપની સરકારનું એક વર્ષનું બજેટ ૨૨૦૦ કરોડ રૂપિયાનું લઇને આવી છે ત્યારે ધન્યવાદ આપું છુ.

મારે હાયર એજયુકેશનની વાત કરવી છે. ૧૯૮૮માં દોઢ પોઇન્ટનું મીટર મારા ઘરે આપ્યું ત્યારે આ •(×××) મારા બાપા પાસેથી ૫૦ રૂપિયા લીધા હતા.

સભાપતિશ્રી : *(×××) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો દૂર કરો. શિક્ષણની વાત કરું તો કોંગ્રેસના શાસનમાં આદિવાસી વિસ્તારમાં આદિવાસીભાઇઓના બાળકોને ભણવા માટે શાળાના ઓરડા નહોતા.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એ નવા ચૂંટાયેલા સભ્ય છે એટલે એમને ડિસ્ટર્બ કરવા માગતા નથી. પરંતુ *(×××) કોઇપણ વસ્તુ બોલવાની હદ હોય છે.

સભાપતિશ્રી : એ શબ્દો મેં રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે. આપ પણ આવું બોલી શકતા નથી. આપના શબ્દો પણ રેકર્ડ ઉપરથી દુર કરું છું.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : ભાજપના શાસનમાં આદિવાસી તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરવામાં આવી. (અંતરાય) બાકી જે છે એમાં પણ ચાલુ કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં ૩૧ એકલવ્ય મૉડેલ શાળાઓ, ૪૨ કન્યા છાત્રાલય શાળાઓ, ૧૩ મોડેલ શાળાઓ શરૂ કરી. કુલ ૩૦૦૦૦ આદિવાસી બાળકો આ બધી શાળાઓમાં સારું શિક્ષણ મેળવી રહ્યા છે.

સભાપતિશ્રી : શ્રી અલ્પેશભાઇ ક્રોસ ટોક ન કરો. પ્લીઝ. આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં એકહથ્થુ ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલુ છે ત્યારે મારે કહેવું છે કે સૌથી ગરીબ અને પછાત વિસ્તાર હોય તો એ અંબાજીથી ઉમરગામ સુધીનો વિસ્તાર છે. એ આદિવાસી વિસ્તારના લોકો ૨૨ વર્ષથી આજે વધુ ગરીબ થતા જઇ રહ્યા છે. આજે આખા દિવસથી હું સાંભળી રહ્યો છું કે અમારી સરકારે આમ કર્યું, અમારી સરકારે તેમ કર્યું. આજે આ આદિવાસી વિસ્તારમાં નથી પાણીની સુવિધા, નથી રોડની સુવિધા, નથી શિક્ષણની સુવિધા. શાળાઓ થઇ ગઇ, કોલેજો થઇ ગઇ, તળાવોમાં પાણી નથી, શાળાઓમાં શિક્ષકો નથી, કોલેજોમાં પ્રાધ્યાપકો નથી, ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો નથી. આરોગ્ય માટે ડોક્ટરો નથી. સિંચાઇની સગવડ કરી નથી. રોડ–રસ્તા ઉપર ખાડા પડી ગયા છે, વાહનવ્યવહાર બંધ થઇ ગયો છે, આને વિકાસ કહેવાય? કોઇ દિવસ આદિવાસી બેલ્ટમાં ગયા છો ? અહીં એસીમાં બેસીને વાત કરવી છે, આદિવાસી વિસ્તારનો વિકાસ કરવો હોય તો ત્યાં શિક્ષણની પૂરતી સુવિધા હોવી જોઇએ, ત્યાં શિક્ષકોની ભરતી કરો, આચાર્યોની ભરતી કરો. કુમાર છાત્રાલય થઇ ગયા, ઉત્તર બુનિયાદી શાળાઓ થઇ ગઇ છે, બધુ થઇ ગયું છે. બિલ્ડીંગો બની છે, હું જોઉં છું. ફર્સ્ટ ક્લાસ કોલેજો બની છે, આરોગ્ય માટે મોટી બિલ્ડીંગો બની છે પણ એની અંદર કશુ જ નથી. ત્યાં ચપરાશી અને પટાવાળા પણ નથી. છેલ્લે રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૧૨–૧૯૮૭ના રોજ રાજ્યના સૌથી પછાત તાલુકાઓની સૂચિ તૈયાર કરવા માટે ડો.આઇ.જી.પટેલના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિએ રાજ્યમાં પછાતપણા અંગે ભલામણ કરેલી. તેમાં કુલ ૫૬ તાલુકાઓને પછાત જાહેર કરવામાં આવેલા. તેમાં પ્રથમ ક્રમમાં ૩૩ તાલુકાઓને અતિ પછાત ગણવામાં આવ્યા હતા તે પૈકી ૨૧ તાલુકાઓ આદિજાતિ હતા. ડો. આઇ. જી. પટેલની સમિતિને ૧૮ વર્ષ પૂર્ણ થયા પછી શ્રી વી.આર.એસ.કૌલગીના અધ્યક્ષપદે એક સમિતિ બની અને એમણે તા.૨૯–૬–૨૦૦૫ના રોજ અહેવાલ આપ્યો. તેમાં રાજ્યમાં પછાતપણું નક્કી કરેલ જેમાં ૨૨૫ તાલુકાઓને પછાતપણમાં મૂકવામાં આવેલ અને તેમાંથી આ ૩૩ ઘોઘંબા અને બીજા તાલુકાઓને અતિ પછાત ગણવામાં આવેલ હતા.. આનાથી સાબિત થાય છે કે સરકાર કેટલું કામ કરી રહી છે. તમામ કામમાં અને તમામ વિકાસમાં આ સરકાર નિષ્ફળ ગયેલી છે એવું મારું કહેવું સાચું છે. શિક્ષણની સુવિધા હોવી જોઇએ, સ્વાસ્થ્ય માટે સારી સુવિધાઓ પૂરી પાડવી જોઇએ. મારે મંત્રીશ્રીને કહેવું છે કે હજારો અને લાખોની સંખ્યામાં જાતિના ખોટા પ્રમાણપત્રો આપીને, જે ખોટા બોગસ નોકરી ઉપર લાગીને આઇ.એ. એસ. અધિકારી બન્યા છે એની ઉપર તપાસ કરીને કંઇ કરવા માગો છો કે કેમ? નહીં તો આવનારા દિવસોમાં જે રીતે રાજપીપળામાં થયું એ રીતે દાહોદમાં થશે. આપ પ્રભારી છો એટલે આપને કહુ છું કે આના ઉપર થોડુંક ધ્યાન આપો. ખાસ કરીને આ વિભાગના પૈસા અન્ય વિભાગમાં વપરાય છે ત્યારે આમાં પણ આ સરકાર નિષ્ફળ ગઇ છે. અમારા આદિજાતી વિકાસ વિભાગના પૈસા ઘણાખરા વણવપરાયેલા હોય છે ત્યારે આ વર્ષની ૨૦૧૭–૧૮ની પૂરતી ગ્રાન્ટ વપરાઇ નથી અને હજુ પણ ઘણા ખાતાઓમાં ફળવાઇ નથી તો એનું પણ માનનીય મંત્રીશ્રી આપ ધ્યાન રાખો. આદિવાસીની સરકાર છે, ભૂતકાળમાં કોંગ્રેસની સરકારે સ્વ. અમરસિંહ ચૌધરીને મુખ્યમંત્રી બનાવ્યા હતા તે વખતે આદિવાસીઓને ઘરે ઘરે જઇને નોકરીએ લગાડયા, નિવૃત્ત થઇ ગયા. એવું કંઇક કરશો તો તમને અમે અભિનંદન પઠવીશું. ખાસ કહેવાનું છે કે મેડિકલ કોલેજની, ઝાયડસ કંપનીની તે દિવસે પણ વાત કરી હતી, અને ફરી આજે પણ ધ્યાન દોરું છું કે આ ઝાયડસ કંપનીવાળા જે મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ લઇ રહ્યા છે ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી કે આપ આદિવાસી વિસ્તારમાં ધ્યાન આપો અને આ ઝાયડસ મેડિકલ કોલેજને સિવિલમાં ના જોડો અને સિવિલને સિવિલ હોસ્પિટલ જ રહેવા દો. ઘણી બધી જમીનો એમને આપી છે એ ત્યાં કરે તો અમને કોઇ વાંધો નથી. સિવિલને સિવિલમાં જ રહેવા દો એવી મારી વિનંતી છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી જે મહિલા અને બાળ વિકાસ માટે માગણી નં. ૧૦૫ લઇને આવ્યા છે ત્યારે એમને હું મારું સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા હું ઉપસ્થિત થઇ છું. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી જયારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે કાર્યરત હતા ત્યારે તેમની પ્રેરણા અને માર્ગદર્શનથીજ ૨૦૦૭માં રાજયમાં મહિલા અને બાળવિકાસ વિભાગના નામે અલાયદા વિભાગની રચના કરવામાં આવી.

આના પહેલા મહિલા અને બાળ વિશે કોઇને કયારેય ધ્યાન આવ્યું જ નથી. આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કહ્યું છે કે કોઇપણ દેશ, પ્રદેશ અથવા સમાજ કે સંસ્કૃતિના સર્વાંગી વિકાસની સંસ્કૃતિના પાયામાં પ્રત્યેક મહિલાનું પ્રદાન નોંધનીય છે. મહિલાઓ ઘર માટે, સમાજ માટે જે કંઇ કાર્ય સહયોગ આપે છે એનું મૂલ્ય આંકી શકાય નહીં. મહિલા અને બાળ વિકાસ વિભાગના મહિલા અને બાળકોના પોષણ અને સામાન્ય સુખાકારી માટે રુ. ૩૦૮૦ કરોડની અંદાજપત્રીય જોગવાઇ કરેલ છે જે અગાઉ કરતા રુ. ૨૮૦ કરોડ વધારે છે જેના માટે હું માનનીય નાણામંત્રીશ્રીને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું. મહિલાઓને પુરતા પ્રમાણમાં રોજગારી મળી રહે, તેઓ આત્મનિર્ભર બને તેમજ સમાજમાં મહિલાઓનું દરેક જગ્યાએ પ્રતિનિધિત્વ જળવાઇ રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. જયારે સરકારે બેટી બચાવો, કન્યા કેળવણી, ભરતીમાં ૩૩ ટકા આરક્ષણ, વિનામૂલ્યે શિક્ષણ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૫૦ ટકાની અનામત, અભયમ હેલ્પલાઇન જેવી અનેક યોજનાઓ થકી મહિલા સશકિતકરણની દીશામાં નકકર આયોજન કરેલ છે. જયારે મહિલાઓની વાત થાય છે ત્યારે હું અમૂક પંકિતઓ દ્વારા કહેવા માગુ છું કે,

**'' अब वक्त आ गया है कि मिलकर ये पुकारा जाए, औरत तो सर का ताज है,
इसे युं ही सवारा जाय , आखिर क्या हो रहा है आज हमारे सोच समाज को अब वक्त आ गया है खुद को आयने में उतारा जाये , एक मां ,एक बेटी , एक पत्नी और न जाने कितने रुप है एक औरत की तस्वीर को पहले दिल में निखारा जाए ''**

માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય ફલકમાં મહિલાઓના પ્રશ્નો પ્રત્યે લોકજાગૃતિ લાવવા અને મહિલાઓના જરૂરી ઉત્કર્ષ માટે તથા તેમની ઉપલબ્ધીઓના ઉત્સવ માણવાના ઉદ્દેશથી સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા વિશ્વમાં ૧૯૭૫થી દર વર્ષે ૮મી માર્ચના દિવસે આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે મનાવવામાં આવે છે ત્યારે ખુબ જ આનંદ સાથે કહુ છું કે આ વખતે પણ રાજય સરકાર દ્વારા તમામ જિલ્લાઓમાં મહિલા દિનની ઉજવણી માટે સંમેલનો કરવામાં આવ્યા અને નારી શકિતને સન્માન આપી તેને બિરદાવવામાં આવ્યા. માનવીય સંવેદના, કરૂણા, વાત્સલ્ય જેવા ભાવોથી પરિપૂર્ણ અનેક મહિલાઓએ યુગ નિર્માણમાં પોતાનું યોગદાન આપેલ છે. સામાજિક, રાજકીય, ઔદ્યોગિક, શિક્ષણ અને અન્ય ક્ષેત્રે આજે મહિલાઓ અગત્યની ભૂમિકા ભજવી રહી છે. વિજ્ઞાન અને ટેકનોલોજી, સંગીત, કલા અને સાહિત્ય એમ વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ પહેલાં કરતાં વધુ આગળ આવી રહી છે. આ મહિલાઓને આગળ આવવામાં જો કોઇએ પ્રોત્સાહન આપ્યું હોય તો એ ફક્ત ભારતીય જનતા પાર્ટીએ આપ્યું છે. આજે હું રાજ્ય સરકારને અભિનંદન પણ આપું છું અને એક મહિલા તરીકે આભાર પણ વ્યક્ત કરું છું. ડો. આશાબેન કહેતા હતા કે ગુજરાતમાં મહિલાઓ અસુરક્ષિત છે ત્યારે તાજેતરમાં મારી સાથે બનેલ એક બનાવ વર્ણવવા માગું છું. ગત રવિવારે મારા મત વિસ્તારમાં લોક સંપર્ક કાર્યક્રમમાં જતી હતી ત્યારે કલકત્તાથી એક ઉદ્યોગપતિ મારા વિસ્તારમાં આવ્યા અને મને કહ્યું કે ગુજરાત વિશે મેં ઘણું બધું સાંભળ્યું છે. ગુજરાતની સલામતિ, ગુજરાતનો વિકાસ, એના વિશે ઘણું બધું સાંભળ્યું છે. પણ છેલ્લા પાંચ દિવસથી આવ્યો છું એમાં ૩ દિવસ અમદાવાદ હતો અને બે દિવસથી કચ્છ છું. મને જણાવતા આનંદ થાય છે કે ખરેખર દેશમાં કોઇ સૌથી સુરક્ષિત રાજ્ય હોય તો એ ગુજરાત છે. મેં એમને પૂછ્યું કે તમને ગુજરાતમાં શું નવીનતા લાગી? તો એમણે કહ્યું કે ગુજરાતમાં હું ૫ દિવસથી છું. મેં કોઇના હાથમાં રિવોલ્વર નથી જોઇ. આના ઉપરથી આપણે વિચારી શકીએ કે બાકીના રાજ્યોમાં શું પરિસ્થિતિ હોઇ શકે? રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના ઉત્થાન માટે એક નારી અદાલત ચલાવવામાં આવે છે. આ નારી અદાલતમાં કોઇપણ મહિલા પોતાના દુઃખ અને દર્દ લઇને જાય છે ત્યારે એને પૂરેપૂરો સાથ અને સહકાર મળે છે. કોઇ નાની દીકરી જો નારી અદાલતમાં આવે છે તો એના રહેવાની, જમવાની તથા એને ભણાવવાનો ખર્ચ આ નારી અદાલતના કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે. તે ઉપરાંત મને કહેતા આનંદ થાય છે કે એ દીકરીને પરણાવવાનો ખર્ચ પણ રાજ્ય સરકાર દ્વારા નારી અદાલતના કેન્દ્ર મારફતે કરવામાં આવે છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના અમુક ઉદ્યોગો દ્વારા પર્યાવરણના મુદ્દે બહુ મોટા પ્રમાણમાં નુકસાન થઇ રહ્યું છે ત્યારે મારા મત વિસ્તાર સોમનાથની બાજુમાં આવેલ ચોરવાડ શહેર જે મારું વતન પણ છે. એ ચોરવાડ શહેર એક સમયે મીની કાશ્મિરના નામે ઓળખાતું. આજે એ શહેર છે એમાં મોટાભાગે લોકો ખેતી અને માછીમારી ઉપર પોતાની રોજગારી મેળવે છે. હું એ કહેવા માગું છું કે, એક સમયે જ્યારે હિન્દુસ્તાન લિવર નામની કંપનીએ ચોરવાડમાં કંપની શરૂ કરી ત્યારે તેમાં ૧૨૦૦ જેટલા મજૂરો કામ કરતા હતા. એના પછી તેમણે એમ.ઓ.યુ. ગધે મરીન કંપનીના નામ ઉપર કરેલું અને એ પ્રાઇવેટ કંપનીએ આ સંભાળેલ. એમણે એવા એમ.ઓ.યુ. કરેલ કે જે પરિસ્થિતિમાં હિન્દુસ્તાન લિવર કંપની સંભાળતી હતી એ મુજબ જ ગધે મરીન કંપની પણ આ બધાને દત્તક લેશે. પણ ગધે મરીન દ્વારા ગંદુ અને પોલ્યુટેડ પાણી જમીનમાં ઉંડે ઉતારેલ. જેના કારણે આજુબાજુમાં ખેતી કરતા લોકોના કૂવામાં એ પાણી આવેલ. આજે એ જગ્યાએ કોઇ ખેતી કરી શકતું નથી. કારણ કે આ ગંદુ અને પોલ્યુટેડ પાણી હોવાના કારણે કૂવામાં ગંદુ પાણી આવવાથી પશુઓ અને લોકો પણ એ પાણી પી શકતા નથી. બાકીનું પાણી એ પાઇપલાઇન મારફતે દરિયામાં જવા દે છે. આનાથી ત્યાંના લોકોને નુકસાન થાય છે. કારણ કે ચોરવાડ શહેરના લોકોની રોજગારી છે એ ખેતી અને માછીમારી ઉપર છે. આના કારણે એમની રોજગારી છીનવાઇ છે. કારણ કે દરિયાના જીવ–

જંતુ મરતા જાય છે અને તેમની રોજગારી ઓછી થતી જાય છે. આનાથી ખેડૂતો અને સાગરપુત્રોએ અવાર-નવાર ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડને ફરિયાદો કરેલ. સોગંદનામું પણ આપેલ પણ તપાસ અંગે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આ ઉપરાંત આ કંપની દ્વારા ૩૦૦ કામદાર ભાઇઓને કારણ વગર કાઢી મૂકેલ છે. ૧૭ વર્ષથી આ કંપનીમાં આ લોકો કામ કરતા હતા. આજે ખેડૂતોની અને સાગર પુત્રોની રોજી-રોટી તો છીનવી છે અને ૩૦૦ જેટલા કામદાર ભાઇઓની રોજી-રોટી છીનવી છે. એટલે મારી પર્યાવરણ મંત્રીને વિનંતી છે કે તેમની ઉપર કાયદેસરની કાર્યવાહી કરે અને શ્રમ-રોજગાર મંત્રીશ્રીને પણ નમ્ર વિનંતી છે કે, ૧૭ વર્ષથી કામ કરતા આ લોકોને કંપનીમાં પરત લઇને એમને રોજગારી આપે અથવા તેમને વી.આર.એસ. અપાવી શકે, (અંતરાય)

સભાપતિશ્રી : ૨ મિનિટમાં પૂરું કરો.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : આ લોકોને ૨-૨ વર્ષથી ખેડૂતો, સાગરપૂત્રોને અને માછીમારોને નુકસાન થાય છે તો એમના નુકસાનનું વળતર પણ આપવામાં આવે તો ૨-૨ વર્ષનું નુકસાન ભરપાઇ થઇ શકે અને આ કંપની ઉપર કાયદેસર કાર્યવાહી કરવામાં આવે. કારણ કે, જ્યારે હિન્દુસ્તાન યુની લિવર કંપની હતી ત્યારે આ કંપનીને હાલમાં ૭૪ વિઘા જેટલી જમીન ફાળવી છે. અંદાજીત ૨૫ વિઘા જમીનમાં કંપની છે અને ૪૪ વિઘા જેટલી જગ્યા ખાલી પડેલી છે. એ સમયે હિન્દુસ્તાન યુનીલિવર કંપની ગંદું પાણી છે એને ફિલ્ટર કરીને એ પાણીને બાકીની ૪૪ વિઘા જમીન હતી એમાં વૃક્ષો વાવતા અને એ પાણીનો વૃક્ષોને ઉગાડવામાં ઉપયોગ કરવામાં આવતો. કારણ કે, એ પાણીનો ઉપયોગ કરવાથી વૃક્ષો પણ ઉગતા અને શુદ્ધ પાણી થઇ જાતું અને એનાથી પર્યાવરણને ફાયદો થતો હતો. એટલે મારી નમ્ર વિનંતી પર્યાવરણ મંત્રીશ્રીને અને પોલ્યુશન કંટ્રોલ બોર્ડને છે કે એમના ઉપર કાયદેસરની કાર્યવાહી કરે અને જો કાર્યવાહી નહીં કરવામાં આવે તો આજે ચોરવાડ શહેર છે એમની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઇ જશે અને લોકોને ત્યાંથી હિજરત કરવી પડશે. એટલે આ કંપની દ્વારા મજદૂર ઉપર તો ઠીક છે પણ રોજગારી ઊભી કરવામાં આવે. આના ઉપર કાયદેસરની કાર્યવાહી કરવાથી કાલ સવારે બીજી કોઇ કંપની આવી રીતે કરી ના શકે. (અંતરાય )

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીયશ્રી અનંતકુમાર પટેલ.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું માગણી ક્રમાંક ૯૩ અને ૯૬ પર મારા વિચારો પ્રસ્તૃત કરવા ઉપસ્થિત થયો છું. સૌ પહેલા મારા મોટાભાઇ સમાન ગણપતભાઇને જય આદિવાસી. સાહેબ, જય આદિવાસી તો બોલો.

આજે ઘણી બધી દિશાઓમાંથી મેં એવું બધું જોયું છે કે આદિવાસી વિસ્તાર બધી દિશામાં ઘેરાયેલો છે અને એમના ઘણા પ્રશ્નો છે અને પ્રશ્નોને વાચા આપવા માટે મને આખો દિવસ ગૃહનો ઓછો પડે એવું લાગે છે. પરંતુ હું મારા વિચાર આ ટૂંક સમયમાં આપવાની કોશિશ કરીશ. મારા મોટાભાઇ સમાન ગણપતભાઇ મારા વિચારોને અને મારી માગણીને ધ્યાનમાં લે. જંગલની જમીનનો કાયદો બનાવ્યો ત્યાર બાદ જંગલની જમીન આપવાની છે. અમારા ડુંરાગળ અને જંગલ વિસ્તારમાં રહેતા આદિવાસી ખેડૂતોને ખેતી કરવાની નેમ છે એમને જંગલની જમીનનો કબજો છે ૧૦, ૨૦ એકરનો, પરંતુ એમને આપવામાં આવે છે બે ગૂંઠા અને એક ગૂંઠા તો એણે ત્યાં શું ખેતી કરવાની કે ગાયો બાંધવાની? મારે સરકારશ્રીને અને મારે મારા મોટાભાઇને વિનંતી કરવાની છે કે જ્યારે તમે મોટા મોટા સમૂહોને મોટી મોટી જંગલની જમીનો આપી દો છો. પરંતુ જળ, જંગલ અને જમીન પર માત્ર આદિવાસીઓનો હક્ક છે અને એ હક્ક અમે લઇને રહીશું. મારે જંગલની જમીનની વાતો કરતા એક ચિંતાનો વિષય લાગે છે કે ખેતી કરવા માટે જંગલની જમીન મારા આદિવાસી ખેડૂતને મળતી નથી. પરંતુ સમૂહને મળે છે. સમૂહને કેવી રીતે જંગલની જમીન મળે છે એ ખબર નથી પડતી. હવે ચેનકેન પ્રકારે એમ કહેવાય છે કે સેટેલાઇટમાંથી જોઇને જંગલની જમીન આપવાના છીએ. પરંતુ હજુ સુધી અમને જંગલની જમીન આપી નથી. શું અમને ખેતી કરવાનો અધિકાર નથી? ચેનકેન પ્રકારે અમને એમાં પણ હેરાન કરવામાં આવે છે. અત્યારે વાત કરીએ શિક્ષણની તો અમારે ત્યાં આદિવાસી વિદ્યાર્થીઓને ભણવા માટે એકદમ ખરાબ પરિસ્થિતિ છે. મોટાભાઇ આજે ચિંતાનો વિષય છે ધ્યાન આપજો. અમારે ત્યાં આદર્શ નિવાસી શાળાઓ ઓછી છે. અમારે પણ અમારા વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહમાં ભણવાની ભૂખ છે. અમારી ભૂખ પૂરી કરો એ આજે હું આ મંચ પરથી કહેવા માગુ છું. બીજી વાત પેસા એક્ટ એટલો મોટો છે તેને નાનો બનાવીને લિમિટ કરી દીધી છે. પેસા એક્ટની અંદર જંગલ, જમીન અને અમારા વિસ્તારની ખાણ ખનીજનો હક અમારો અને અમારી ગ્રામ પંચાયતનો છે. પરંતુ એ હક્ક પણ અમારી પાસેથી છીનવી લેવામાં આવ્યો છે. આજે અનુસૂચિ-૫ ની વાત કરીએ તો અમે અનુસૂચિ-૫ નો અમલ લાવો, તો અમે કહીશું કે ખરેખર અમારા મોટાભાઇનો પણ જયજયકાર થવો જોઇએ. આજે બીજી વાત કરીએ, અમારા વિસ્તારના આદિવાસી ખેલાડીઓની. તમે મુરલી ગામીતનું નામ કહો કે ગાયકવાડબેનનું નામ કહો. વિશ્વ વિજેતા અંધજનોની ક્રિકેટ ટુર્નામેન્ટમાં અમારે ત્યાં વલસાડથી જે ભાઇ છે અનિલ પટેલ, ગણેશભાઇ, કેતનભાઇ અને અમારા નાનકડા વાંસદામાંથી નરેશભાઇ તુમડા વિશ્વ કપ વિજેતા થઇને આવ્યા છે પરંતુ આ સરકાર એમના ઉપર કોઇ ધ્યાન નથી આપતી. મારે મારા મોટાભાઇને કહેવું છે એમનું રહેઠાણ તો જુઓ, એકદમ ખરાબ પરિસ્થિતિમાં રહે છે ખરેખર એમને સારામાં સારું રહેઠાણ અને યોગ્ય નોકરી આપો તો પણ મારા મોટાભાઇ તમારું નામ થઇ જશે. આપણા આદિવાસી સમાજનું નામ થઇ જશે. મારે વધુ નથી કહેવું છેલ્લે એટલું જ કહેવું છે કે તમે જે ખોટાખોટા દાખલા આપ્યા અરે, અમારા ભાઇઓના પેટ નથી ભરાતા, તમે બીજા ભાઇઓને કયાં અંદર નાખવાના? અમે કયાં જશું? અમારો તો વિચાર કરો? ખેડૂતોને સિંચાઇનું પાણી નથી મળતું. આરોગ્યની અંદર તમે દવાખાના

બનાવી દીધા ડોકટરો નથી મળતા. અત્યારની પરિસ્થિતિ તમે જુઓ, એકદમ ભયંકર પરિસ્થિતિ છે ચારેબાજુથી, તમારે પણ એક સમયે એક જગ્યાએથી ભાગવુ પડયું હતું એવી પરિસ્થિતિનું પાછું નિર્માણ ન થાય એના માટે આદિવાસી સમાજનું સાંભળો અને આદિવાસી સમાજનું કામ કરો. ખરેખર મોટાભાઇ તરીકે મારી વિનંતી પણ છે અને મારે તમને કહેવાનું પણ છે અને છેલ્લેછેલ્લે એક વાત કરી દઉં છું જો આદિવાસી કે હિતકી બાત કરેગા, વો હી હમ પે રાજ કરેગા. જેણે રાજ કરવું હશે એ અમારા હિતની જો ચિંતા કરનાર હશે તો અમારા ઉપર રાજ કરશે. આજે જોવા જઇએ તો આદિવાસીઓમાં બાળકોના કુપોષણનો રેશીયો દિવસે દિવસે વધતો જાય છે. એના માટે કોઇ યોજના કે કોઇ આયોજન આ સરકારે નથી કર્યું. માત્રને માત્ર તમે જુઓ, ડાંગ, વાંસદા અને કપરાડામાંથી માઇગ્રેશન .

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી નૌશાદભાઇ સોલંકી.

શ્રી નૌશાદજી ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન મંત્રીશ્રી પ્રવાસન અંગેની માગણી ક્રમાંક-૫૧ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું. ગુજરાતની જે ભૂમિ છે એ ભૂમિ સદીઓથી બૌદ્ધ ભૂમિ તરીકે ઓળખાય છે. આપણા વડાપ્રધાનશ્રી પણ વિદેશમાં જાય છે તો પણ એ ત્યારે એમ નથી કહેતા કે પરમવંદનીય પ્રાતઃ સ્મરણીય ભગવાનશ્રી રામની જન્મભૂમિમાંથી હું આવું છું પણ એમ કહે છે કે મે બૌદ્ધકી ભૂમિ સે આયા હું. વિદેશમાં પણ માનનીય પ્રધાન મંત્રીશ્રી આ પ્રમાણે વકતવ્ય આપતા હોય છે ત્યારે આ ગુજરાતની અંદર દેવની મોરી સ્થળ છે ત્યાં ભગવાન બુદ્ધના અસ્થિઓ પણ આપણને પ્રાપ્ત થયા છે અને એના માટે સરકારે ઘણા વર્ષ પહેલા એક જાહેરાત કરી હતી પણ આજદિન સુધી હજી ત્યાં એવું કોઇ બૌદ્ધ સ્મારક સમગ્ર વિશ્વમાં વખણાઇ શકે એવું કોઇ સ્મારક આપણે બનાવ્યું નથી. જુનાગઢ અને જુનાગઢની આસપાસ અતિ પ્રાચીન પહેલી સદીની પ્રાચીન બૌદ્ધ ગુફાઓ આવેલી અનેક છે અને જુનાગઢ જે શહેર છે એ ઇ.સ. પૂર્વે ગિરિનગર તરીકે ઓળખાતું અને ગિરનાર પર્વત પોતે કુદરતી સ્તૂપ તરીકે ઓળખાતો અને આ ગિરનાર ફરતે બૌદ્ધ ભિક્ષુકો પ્રદક્ષિણા કરતા અને એના ફરતે બધી બૌદ્ધ ગુફાઓ આવેલી છે. ઉના પાસે નાનીમોટી ૬૨ બૌદ્ધ ગુફા છે. ગિર ગઢડા તાલુકામાં શાણાવાકયની બૌદ્ધ ગુફાઓ આવેલી છે. સોમનાથ, પાટણ, ગોંડલની અંદર બધી જગ્યાએ અનેક જગ્યાએ પ્રાચીન બૌદ્ધ ગુફાઓ આવેલી છે. પરંતુ દુઃખ એ વાતનું છે કે ગુફાઓ બહાર પુરાતત્વ ખાતાનું બોર્ડ તો લાગેલું છે પરંતુ આની કોઇ જ જાળવણી કરવામાં આવતી નથી. જુનાગઢમાં પ્રાચીન અશોક શિલાલેખ આવેલો છે. પરંતુ આ બધા જ સ્થળોની કોઇ પ્રકારની દરકાર આ સરકાર કરતી નથી. ઘણીબધી ગુફાની અંદર અનઅધિકૃત રીતે કબજો થઇ ગયો છે. દેશની ધરોહર સમાન જે ગુફાઓ છે ત્યાં નાનીનાની કોઇપણ પ્રકારની મૂર્તિઓ મૂકી કે બીજા એના રંગરોગાન કરી અને આ ઐતિહાસિક ધરોહરને નુકસાન કરવામાં આવી રહ્યું છે એટલે આજના દિવસે બીજું કોઇ રાજકીય અવલોકન નહીં કરતા સરકારશ્રીને અને માનનીય પ્રવાસન મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જે પ્રકારે ગુજરાત બૌદ્ધ સંસ્કૃતિની અંદર વિશ્વની અંદર પ્રખ્યાત છે. જો આ બૌદ્ધ ધરોહરની જો સંભાળ લેવામાં આવે અને બૌદ્ધ સ્થાપત્યકાળાઓની જે પ્રવાસન ટૂર જે પ્રકારે ભારત સરકારે કોંગ્રેસના સમયમાં જે ચાલુ કરેલી છે. બુદ્ધ સર્કિટ ટ્રેનની શરૂઆત કરેલી છે એ પ્રમાણે જો ગુજરાતની અંદર બુદ્ધ સર્કિટ પ્રવાસનું આયોજન કરવામાં આવશે તો વિદેશથી અનેક પ્રવાસીઓ ગુજરાતની મુલાકાત લેશે અને આ પ્રકારે આવી ગુજરાતનું ગૌરવ વિદેશમાં વધશે. મારી પ્રવાસન મંત્રીશ્રીને વિનંતી છે કે ગુજરાતના જે કોઇ બૌદ્ધ સ્થાપત્યો આવેલા છે. આ તમામ બૌદ્ધ સ્થાપત્યોની એક ટાસ્ક ફોર્સ બનાવી, ઉચ્ચ સ્તરીય કમિટી બનાવી એક એક બૌદ્ધ સ્થળોની મુલાકાત કરી અને જો કોઇ અનધીકૃત કબજો હોય અને આ સ્થાપત્ય કળાને ખંડિત કરવામાં આવેલ હોય તો તત્કાલ સંભાળ લઇ એના ઉપર ધ્યાન આપવું જરૂરી છે. ગુજરાતની અંદર વિશ્વની સૌથી પહેલી યુનિવર્સિટી ગણાતી નાલંદા, તક્ષશીલા, વિક્રમશીલા અને ચોથી હતી વલ્લભી વિદ્યાપીઠ. આ વલ્લભી વિદ્યાપીઠ એ આપણા વલ્લભીપુરની અંદર સ્થાપિત થયેલ છે. આ વલ્લભી વિદ્યાપીઠનું સમગ્ર વિશ્વમાં નામ છે, પરંતુ ગુજરાત સરકારે ત્યાં ધ્યાન આપી ત્યાં એક બૌદ્ધ વિશ્વ વિદ્યાલય બને એ પ્રકારે ફરી ગુજરાતનું નામ સમગ્ર વિશ્વમાં કીર્તિમાન સ્થપાય તે પ્રકારના પ્રયાસો થવા જોઇએ. ગુજરાતની અંદર અનેક બૌદ્ધ સંસ્થા આવેલી છે, જે વિશ્વની સૌથી મોટી બૌદ્ધ સંસ્થાઓ સાથે કોલોબરેશનથી એ લોકો કામ કરી રહ્યાં છે. તો આવી બૌદ્ધ સંસ્થાઓને ગાંધીનગર કે અમદાવાદની અંદર જગ્યા ફાળવી અને ત્યાં માનનીય વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ આ પ્રકારની જાહેરાતો કરેલી, પરંતુ આ દિશામાં ખાસ પ્રગતિ થઇ નથી. મારે દુઃખ સાથે કહેવું પડે કે આ વિસ્તારની ચૂંટણી પૂર્વે બૌદ્ધ ભિક્ષુકોને કમાન્ડોની સાથે ચૂંટણી પ્રચારમાં મોકલવામાં આવેલ હતા. ત્યારે બહુ દુઃખ થતું હતું. બૌદ્ધ ભિક્ષુકો ખરેખર વિપાસના કરાવવા માટે લોકોને વિપાસનાનું જ્ઞાન આપતા હોય છે અને એની પાસે રાજકીય પ્રવૃત્તિ કરાવીશું તો ખરેખર આવનારા સમયમાં ઇતિહાસ માફ નહિ કરે. ગુજરાતની અંદર બૌદ્ધ વિશ્વ વિદ્યાલય ચાલુ થાય અને વિપાસનાં કેન્દ્રો ચાલુ થાય અને બૌદ્ધ સંસ્થાઓને જગ્યા ફાળવી અને બૌદ્ધ વિહારો બનાવવા માટે પ્રોત્સાહન આપવામા આવશે તો વિદેશથી અનેક પ્રવાસીઓ ગુજરાતની મુલાકાત લેશે અને ગુજરાતની જે કઇ ગૌરવ ગાથાઓ છે તે વિદેશની અંદર ગવાશે. ગુજરાતી તરીકે આ ગૃહમાં બેઠેલા અને ગૃહની બહાર બેઠેલા સાડા છ કરોડ ગુજરાતીઓનું ગૌરવ વધશે એની મને પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે. આ બજેટની અંદર હું જોઉં છું ત્યારે મને ખૂબ દુઃખ થાય છે. બજેટની અંદર બૌદ્ધ સંસ્કૃતિ કે જ્યાં ભગવાન બુદ્ધના અશોકના સમયની અંદર દેવની મોરીની અંદર અસ્થિઓ સ્થાપિત કરવામાં આવેલ અને આજે એમ.એસ.યુનિવર્સિટીના એક કબાટની અંદર ભગવાન બૌદ્ધના અસ્થિ પડેલ છે. વિશ્વના બીજા કોઇ દેશની પાસે થાઇલેન્ડ છે, તાઇવાન છે, મ્યાનમાર છે એવા દેશો પાસે ભગવાન બુદ્ધનો એક દાંત પણ છે તો એમના માટે એટલા મોટા વિહારો, એટલા મોટા સ્થાપત્ય કળા બનાવેલા છે, એના માટે એટલું બધુ સંરક્ષણ કરવામાં આવે છે. જ્યારે બૌદ્ધની ભૂમિ આ દેશ ભગવાન

બુદ્ધની ભૂમિ છે. અને એના અસ્થિઓ આપણે એમ.એસ. યુનિવર્સિટીમાં કબાટમાં પડ્યા છે, એ જાણીને દુઃખ થાય છે. તાત્કાલિક ધોરણે આ ભગવાન બુદ્ધના અસ્થિઓને યોગ્ય સન્માન આપવું જોઇએ અને યોગ્ય જગ્યાએ રાખવા જોઇએ.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી મંગળભાઇ ગાવિત.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં આદિજાતિ વિભાગની માગણી નં. ૯૩ અને ૯૬ લઇને આદિજાતિ મંત્રીશ્રી આવ્યા છે, ત્યારે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું. આદિજાતિ, આદિવાસી એટલે શું? જેને જાણવું હોય એ ડો. ડાર્વિનનો ઉત્ક્રાંતિ વાદનો નિયમ વાંચી લે. આદિવાસી ઉત્પત્તિ, માનવજાતિની ઉત્પત્તિ આદીકાળથી આદી માનવમાંથી થઇ છે. આદિ માનવમાંથી આદિજાતિ બની છે અને ત્યાંથી આ આદિવાસી નામ પડ્યું છે. વનબંધુ કલ્યાણની વાત થતી આવી છે. દરેક વખતે આ સદનમાં ચર્ચા થાય છે. આટલી મોટી ગ્રાન્ટ એ આવી ક્યાંથી? બજેટમાં જોગવાઇ કયાં છે? કદાચ કોઇ અજાણ હોય તો ભારત સરકારે ૨૭૫ ની હેડમાં આદિવાસીના ઉત્કર્ષ માટે એનું પ્રાવધાન કરવામાં આવ્યું છે અને તે ગ્રાન્ટ સીધેસીધી જે જે આદિવાસી જિલ્લાઓ છે તે જિલ્લાઓના પ્રશાસન એટલે કે કલેકટરના હેડમાં જમા કરવાની થાય છે, પણ ન જાણે આ સરકારે એ બધું અહીં હડપ કરી લીધું છે. ઉચ્ચ શિક્ષણની વાત કરું તો માનનીય શિક્ષણમંત્રી વડીલ ભુપેન્દ્રસિંહ ચુડાસમાજીને ધન્યવાદ આપવા ઘટે કે મારા આદિવાસી ડાંગ જિલ્લામાં ૨૦૧૩માં સાયન્સ કોલેજની સ્થાપના કરવામાં આવી. મારા સાથી નરેશભાઇ અહીંયાં કહેતા હતા કે શાળાઓમાં ટીચર નથી. માનનીય નરેશભાઇ આદિવાસી વિસ્તારના લોકોની શિક્ષણની ભૂખ દૂર કરી હોય તો કોંગ્રેસના રાજમાં થઇ છે. દરેકે દરેક ગામડે ગામડે પ્રાથમિક શાળાઓ શરૂ કરવાનું કામ થયું હોય તો કોંગ્રેસના રાજમાં થયું છે. તેને ટાંકીને હું ઉચ્ચ શિક્ષણની વાત કરું તો ડાંગ જિલ્લામાં સાયન્સ કોલેજની સ્થાપના થઇ હતી. શરૂઆત થઇ હતી તે વખતે માત્રને માત્ર એક પ્રાધ્યાપક એફ.વાય, એસ.વાય, અને ટી.વાય ચલાવતા હતા. એક પ્રાધ્યાપકે તે કોલેજ ચલાવી હતી. માનનીય મંત્રીશ્રી તે વખતે આદિજાતિ મંત્રી હતા અને જયારે ડાંગની મુલાકાતે આવ્યા હતા ત્યારે વિદ્યાર્થીઓએ તેમનું ધ્યાન દોરેલું. શિક્ષકોની ભરતી માટે મારે ત્રણ દિવસ અનશન ઉપવાસ પર બેસવું પડેલું અને સરકારની આંખ ઉઘાડી હતી. ત્યારથી ત્રણ પ્રોફેસરો મારા ડાંગમાં મૂકવામાં આવેલા. તે પ્રયત્નો આદિવાસીએ કરવા પડે? વિકાસની વાત આ સરકાર કરે છે. આદિવાસીઓના વિનાશના નામે વિકાસ થતો હોય તો અમારે વિકાસ નથી જોઇતો. આ સરકાર હોય કે કોંગ્રેસની સરકાર હોય નર્મદા ડેમ બનાવ્યો હોય, ઉકાઇ ડેમ, કાકરાપાર ડેમ બનાવ્યો હોય કે હાલમાં રીવર લીન્ક પ્રોજેક્ટ મૂકવામાં આવ્યો છે તે તમામ આદિવાસી વિસ્તારોમાં મૂકવામાં આવ્યા છે. શા માટે આદિવાસી વિસ્તારોમાં? નીચે ડેમ નહીં બનાવી શકાય? આદિવાસીઓ આ ડેમથી વિસ્થાપિતો થાય છે, હેરાન થાય છે, તેમની જમીન જતી રહે છે, તેમનું સર્વસ્વ લૂંટાઇ જતું હોય છે. જયારે પાણી સૌરાષ્ટ્ર અને કચ્છને મળતું હોય છે. મારી વિનંતી છે કે આદિવાસી વિસ્તારમાં આવા ડેમો થાય અને આદિવાસી વિસ્તારને તેનું સિંચાઇનું પાણી હોય કે પીવાનું પાણી હોય તે મળે.

શ્રી ભાવેશભાઇ બા. કટારા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ મંત્રીશ્રી અને વન વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારની વાત કરું તો મોટાભાગના લોકો મુખ્યત્વે ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા છે. ખેતી અને પશુપાલન એકબીજાના પર્યાય છે. અહીંની મુખ્ય સમસ્યાની વાત કરું તો પર્યાપ્ત માત્રામાં સિંચાઇની સુવિધા નથી. નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પહોંચ્યું પણ નજીકના દાહોદ જેવા પછાત વિસ્તારમાં તેનો લાભ નથી મળતો. જો નર્મદાનું પાણી દાહોદ જિલ્લાને મળે તો લોકો ખેતીની સાથે સાથે પશુપાલનનો વ્યવસાય કરે અને આર્થિક રીતે પગભર થાય. નર્મદાનું પાણી દાહોદને મળે તેવી આપના માધ્યમથી સરકારશ્રી પાસે માગણી કરું છું. આ સરકારે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી અને નાણાં આદિવાસીઓના વિકાસ માટે વાપર્યા તેવી જાહેરાતો કરે છે. આર્થિક, સામાજિક સરવેના આંકડા મુજબ ૭.૨૯ લાખ બી.પી.એલ. કુટુંબો વધ્યા અને આ સરકારના શાસનમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની સંખ્યામાં ૩૧ ટકાનો વધારો થયો છે. વનબંધુ કલ્યાણ યોજનાની ગ્રાન્ટનો ખરેખર આદિવાસીઓના હિતમાં ઉચિત ઉપયોગ થયો હોત તો બી.પી.એલ. કુટુંબોની સંખ્યા ઘટી હોત પણ આવું થયું નથી જે એક વિચાર માગતો પ્રશ્ન છે. હું આપના માધ્યમથી કહેવા માગુ છું કે, આ સરકારે મેળાઓ કરીને બિનઆદિવાસીઓને આદિવાસીઓના પ્રમાણપત્રો ઇસ્યુ કર્યા છે. જે તાત્કાલીક અસરથી રદ કરવામાં આવે અને આવા બોગસ સર્ટીફિકેટથી જે લોકોએ નોકરી મેળવી છે તેઓને હટાવી મૂળ આદિવાસીઓને નોકરી આપવામાં આવે. મારે કહેવું છે કે, જો એક ધારાસભ્યના પ્રમાણ પત્રની તપાસ વિશ્લેષણ સમિતિ દ્વારા એક માસના ટૂંકા સમયમાં થઇ શકતી હોય તો આ પ્રમાણ પત્રોની તપાસમાં આટલો સમય કેમ જાય છે? શું કાયદો બધા માટે સરખો નથી કે પછી સરકારની નિયતમાં ખોટ છે? માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી સમાજને સિંચાઇની સુવિધાથી વંચિત રખાયા, રોજગારી આપે તેવા ઉદ્યોગોથી વંચિત રખાયા અને સરકાર વિકાસની વાતો કરે છે. અમારા આદિવાસી સમાજને સ્માર્ટ સીટીની નહીં પણ સ્માર્ટ રોજગારીની જરૂર છે. બૂલેટ ટ્રેનથી આદિવાસીઓને શું ફાયદો? જે શતાબ્ધી કે રાજધાનીમાં બેઠાં નથી તેમને બૂલેટ ટ્રેનના સ્વપ્ના દેખાડવામાં આવે છે. ફક્ત શહેરોનો જ વિકાસ આખા દેશનો વિકાસ ન કહેવાય. આજે પણ ૬૦ ટકા ભારત ગામડાંમાં વસે છે અને ગરીબ આદિવાસીઓને સિંચાઇ, પાણી, આરોગ્ય, મફત શિક્ષણ, સ્થાનિક રોજગારી જેવા પ્રશ્નો તરફ હું આપના માધ્યમથી સરકારનું ધ્યાન દોરું છું. આપના માધ્યમથી હું સરકારશ્રીને પૂછવા માગુ છું કે, શું સરકારી તિજોરીમાં પૈસા ખલાસ થઇ ગયા છે કે, અમારા આદિવાસીના પ્રમાણ પત્રો જાહેર મેળા કરી કરીને વેચવામાં આવ્યા? આ આદિવાસીઓને તેનો હક અને અધિકાર મળી રહે, તે સમર્થ અને

શક્તિશાળી બને એના માટે અનુસૂચિ ૫ અને ૬ લાગુ કરવામાં આવે અને ખરેખર પેસા એકટની અમલવારી થાય. ખોટા પ્રમાણ પત્ર બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે વખતો વખત જજમેન્ટો આપેલ છે જેમાં એક મિલન વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાષ્ટ્રપતિનો ઓર્ડર જેમ છે તેમ વાચવાનો રહેશે, કોઇ પણ પૂરાવો ઉમેરી શકાય નહીં કે તપાસ પણ થઇ શકે નહીં. રાષ્ટ્રપતિના હુકમમાં ફકત સંસદ ફેરફાર કરી શકે તે સિવાય કોઇ પણ સરકાર, કોર્ટ કે ટ્રિબ્યુનલ કે અન્ય સત્તાને હુકમમાં ફેરફાર કરવાની કોઇ જ સત્તા નથી. તેમ છતાં રાજય સરકારે બંધારણની જોગવાઇઓથી ઉપર જઇ વિરૂદ્ધમાં ઠરાવો કરીને કોર્ટના ઉપરોકત જજમેન્ટનું કન્ટેમ્પ્ટ થવાની સ્થિતિ પણ ઉભી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, માધુરી પાટીલ વિરુધ્ધ એડિશનલ કમિશનર, મહારાષ્ટ્રના જજમેન્ટમાં નામદાર સુપ્રિમ કોર્ટે વિશ્લેષણ સમિતિને ખોટા પ્રમાણ પત્રો માન્ય કે અમાન્ય રાખવાની સત્તા સોંપેલ છે અને તે માટે એક થી પંદર મુદાની ગાઇડ લાઇન પણ આપેલી છે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી(જુનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન મંત્રી માગણી નં.૫૧ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું બહેન, માનનીય મોદી સાહેબ જયારે અહીંયા ગૃહના વડા હતા ત્યારે.. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભીખાભાઇ તો વડીલ છે. માનનીય અધ્યક્ષશ્રીને ફકતને ફકત બધાએ માનનીય અધ્યક્ષશ્રી, કહીને જ સંબોધન કરવું પડે, કોઇ બહેન કહે, કોઇ ભાઇ કહે, કોઇ દાદા કહે  કે કોઇ કાકા કહે એ ન ચાલે.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, સોરી, સોરી. મારી ભૂલ થઇ ગઇ છે હું મારી ભૂલ સ્વીકારી લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬ અને ૨૦૦૭માં જયારે હું આ ગૃહનો સભ્ય હતો ત્યારે માનનીય મોદી સાહેબે એન.આર.આઇ.ને આકર્ષવા માટે જુદી જુદી ટીમો બનાવી અને બધા રાજયોમાં એન.આર.આઇ.ને આકર્ષવા માટે મોકલ્યા હતા. એમાં ભુપેન્દ્રસિંહજીની સાથે મારે જુનાગઢ જવાનો વારો આવ્યો હતો. તે દિવસે મેં જુનાગઢના વિકાસ માટે ઘણી બધી વાતો કરી હતી કે જુનાગઢ એ પર્યટન માટેનું એક સારું સ્થાન છે એને આકર્ષવા માટે કંઇક સરકારે કરવું જોઇએ. પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે કે આજે જુનાગઢ જ્યાં હતું ત્યાંને ત્યાં જ છે, કોઇ વિકાસ થયો નથી. પર્યટકોને આકર્ષવા માટે સરકારે કોઇ પ્રયત્નો પણ કર્યા નથી. આજે આખા સૌરાષ્ટ્રમાંથી ૫૦ ટકા હિસ્સો જુનાગઢ શહેરમાં આવે છે. ત્યાં ઉપરકોટ છે એમાં રાણકદેવીના લગ્નમંડપ, ખાપરા કોડિયાના ભોંયરા, બૌદ્ધગુફા, અડી ચડી વાવ, મુચકુંદ ગુફા, મકરબા, અશોકનો શિલાલેખ, બહાઉદીન કોલેજ આવી પૌરાણિક જે ઇમારતો આવી છે એની પુરાતત્ત્વ ખાતા દ્વારા કોઇ જાળવણી કરવામાં આવતી નથી.

સભાપતિશ્રીઃ એક મિનિટમાં પૂરું કરો.

શ્રી ભીખાભાઇ  ગ. જોષી : ત્યાં ગીરનાર ઉપર માં અંબાજી બેસે છે ત્યારે ત્યાં રોપ–વે માટે ઘણા સમયથી વાત ચાલે છે, બે – ત્રણ વખત ખાતમૂર્હુત પણ થઇ ગયા છે છતાં પણ એ એજન્સીનું કામ ઝડપથી થતું નથી એ કામ ઝડપી કેમ થાય એના માટેના પ્રયત્નો સરકારે કરવા જોઇએ. 'પ્રાચી'નો તીર્થધામમાં સમાવેશ કર્યો છે અને પાંચ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે પણ ત્યાં કોઇ વિકાસ થયો નથી.

સભાપતિશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય સભ્ય શ્રી કાંતિભાઇ ખરાડી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી(દાંતા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, માગણી નંબર–૨૭, ૫૧, ૯૩, ૯૬ અને ૧૦૫ લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. હું મારા મત વિસ્તારની વાત કરું ત્યારે આજે સવારથી હું સાંભળતો હતો, હું અંબાજી મત વિસ્તારમાંથી આવતો હોઉં ત્યારે ઋષિકેશભાઇ કહેતા હતા કે અંબાજીમાં ૫૧ શક્તિપીઠ આવેલા છે. કદાચ એમને  ખબર નહિ હોય અને હોય તો જરા વિચાર કરવા જેવી બાબત છે કે આ શક્તિપીઠની અંદર એકસાથે ત્યાં પુજા થતી હોય ત્યારે ક્યાંકને ક્યાંક આપણને શરમ આવે એવી વાત કરું તો એકાવને એકાવન શક્તિપીઠની અંદર એકસાથે પુજારી પુજા કેવી રીતે કરી શકે? એ કઇ રીતે થઇ શકે? એજ રીતે અંબાજીની આજુબાજુ જે આદિવાસી વિસ્તાર આવ્યો છે ત્યારે આજે પણ એવી પરિસ્થિતિ અંબાજી વિસ્તારમાં ઉભી થઇ છે કે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટમાંથી આરોગ્ય માટે જે દવાખાનું ખોલવામાં આવ્યું છે ત્યારે આજે આ વિસ્તારની અંદર આટલો મોટો ખર્ચો પાડ્યો છે ત્યારે ત્યાં ડોકટર નથી, નર્સ નથી, પટાવાળા પણ  અત્યારે નથી. શરમ આવવી જોઇએ. દેવસ્થાન ટ્રસ્ટમાંથી ધર્મના પૈસા અહીંયા જો સદઉપયોગમાં લેવામાં આવતા હોય તો ત્યાં પૂરતી વ્યવસ્થા હોવી જોઇએ. આદિવાસી મંત્રીશ્રીને હું મારી લાગણી અને વિનંતી કરતો હોઉં ત્યારે શું આદિવાસી જનતાને આપણે ૨૨ વરસના શાસનની અંદર એક પગથિયું ઉપર લાવવાના બદલે કદાચ પાછળ તો નથી ધકેલતાંને?

હું બીજી ટર્મ ધારાસભ્ય થયો છું અને બનાસકાંઠાની વાત કરું તો આદિવાસીઓમાં બેરોજગારી એટલી બધી વધી ગઇ છે. મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ એ વખતે જણાવેલું છે કે, ૫૫,૦૦૦ બેરોજગારો નોંધાયેલા હતા એમાંથી ૫,૫૦૦ લોકોને નોકરી માટેના ઓર્ડર આપ્યા હતા. એની તપાસ મારા વિસ્તારમાં કરતા ત્યારે જે ઓર્ડરો આપવામાં આવ્યા હતા તે માત્રને માત્ર •(×××) ગણાય એવું હતું.

સભાપતિશ્રી : *(×××) શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શ્રી કાન્તિભાઇ  કા. ખરાડી : કોઇ ઉદ્યોગની અંદર એક વોચમેન તરીકે મૂકે એવા ઓર્ડર તેમાંથી એક પણ આજની તારીખમાં કોઇ નોકરી કરતું હોય એવુ મને લાગતું નથી. વન વિભાગની વાતો કરીએ તો મારા ઉત્તર ગુજરાતના મંત્રીશ્રીને વિનંતી કરું કદાચ દક્ષિણ ગુજરાતનો વિચાર કરતા હોય એ જ રીતે ઉત્તર ગુજરાતમાં પણ આદિવાસીઓ વસે છે તો તેનો પણ વિચાર કરજો કે આ ઉનાળાની અંદર લોકોને ગામડાંની અંદર પીવાલાયક પાણીની મુશ્કેલી પડશે. હું એકલો પોતે નક્કી નથી કરતો પણ સરકાર પોતે નક્કી કરે છે કે ઉત્તર ગુજરાતની અંદર હેન્ડ પંપમાં પણ પીવાલાયક પાણી નથી. એ વિસ્તારની અંદર યાત્રાધામ અંબાજીમાં હું એ વિસ્તારમાંથી છું અને ૧૫ દિવસે માતાજીના ચરણોમાં માથું ઝૂકાવવા માટે જતો હોઉં એ જ રીતે આખા ગુજરાતની જનતા અને વિદેશમાંથી અંબાજીની અંદર માથું ઝૂંકાવવા માટે ચાલતા આવે છે, નમન કરતા આવે છે, કોઇ સવા શેર માટી માટે અપેક્ષા રાખીને એવી જગ્યાની અંદર આવતા હોય ત્યારે બીજુ પણ સાથે સાથે આદિવાસી મંત્રીશ્રીને વિનંતી કરું કે યાત્રાધામના મંત્રીશ્રી ભલે અત્યારે હાજર ના હોય પણ તેમને પણ વિનંતી કરું કે મારા આદિવાસી વિસ્તારની અંદર હમણાં તાજેતરમાં બે કિસ્સાઓ એવા બન્યા આપણે એક તરફ એવો વિચાર કરીએ કે મહિલાઓનું સન્માન કરીએ તેની જગ્યાએ ગઇ નવરાત્રીના દિવસે હું તારીખ નથી આપતો પણ એટલુ જરૂર કહી શકુ છું કે ગઇ નવરાત્રીની અંદર એક આદિવાસી મહિલા નર્સીંગનો પૂરો કોર્સ કરીને નવરાત્રીના દિવસે તેનું અપહરણ કરીને તેને રાજસ્થાન લઇ જઇ અને મૂકી દીધી હોય ત્યારે નવ નવ મહિના થયા હોય ત્યારે આ સરકાર કેટલા સમય સુધી અજાણી હશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપની પાસે અપેક્ષા રાખું કે જે આદિવાસી દીકરીનું રાજસ્થાનમાં અપહરણ કરીને લઇ ગયા હોય તેને કેટલા સમયમાં મને પાછી લાવી આપે એવી પણ અપેક્ષા રાખું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા પર્યાવરણ વિભાગની માગણીઓ ઉપર આ સન્માનીય સભાગૃહના જે સન્માનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો ભાઇ દુષ્યંતભાઇ, જીતુભાઇ, કનુભાઇ, વિમલભાઇએ વિભાગની માગણીઓમાં ભાગ લઇને સૂચનો કર્યા, તરફેણ કરી, સરકારની કામગીરીને બિરદાવી કે અવલોકનો કર્યા તે સૌનો આ તબક્કે હું આભાર માનું છું તેમજ સર્વે માનનીય સભ્યશ્રીઓના સૂચનો પર્યાવરણના હિતમાં અને વિકાસ માટે ઉપયોગમાં લઇશું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન યુગમાં માનવી ઔદ્યોગિક ક્રાંતિ બાદ પર્યાવરણ અને તેને લગતી સમસ્યાઓની અસરોથી પીડાઇ રહ્યો છે. માનવીય સંસ્કૃતિ અને પર્યાવરણ એકબીજાના પૂરક આજદિન સુધી બનતા આવેલા છે. પર્યાવરણ વિના માનવીય અને જૈવિક સૃષ્ટિ શકય નથી અને પર્યાવરણના પંચમહાભૂતો જેવા કે જળ, જમીન, અગ્નિ, હવા અને આકાશ વગર આપણા સમાજ અને સંસ્કૃતિનું અસ્તિત્વ શકય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણનું મહત્વ સમજતા તથા પર્યાવરણની માનવીય સંસ્કૃતિ માટેની જરૂરિયાતોને ધ્યાને રાખતાં સરકારશ્રી દ્વારા પૂરતાં પ્રયાસો કરવામાં આવેલા છે. જેથી કરીને રાજયના પર્યાવરણની પરિસ્થિતિ વધુમાં વધુ સુદ્રઢ બની રહે અને તે માટે ગુજરાત રાજયનાં પર્યાવરણને થતી આડ અસરો સાથે શકય તેટલા પ્રમાણમાં લોકોના જીવન ઉપર ઓછી અસર થાય તેવા પ્રયત્નો સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવી રહેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ પ્રભાગ સાથે રાજયમાં મુખ્યત્વે ચાર સંસ્થાઓ સંકળાયેલ છે. તેમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થાન ગેમી,  ગુજરાત ઈકોલોજી કમિશન જીઇસી અને ગીર ફાઉન્ડેશન. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના પર્યાવરણ પ્રભાગમાં ટેકનિકલ માળખું સુદ્રઢ કરવા અંગેના કેન્દ્ર અને રાજયના સંકલિત કાર્યક્રમ હેઠળ ૨૮–૯–૧૯૮૬થી નિયામક પર્યાવરણ કાર્યરત છે. જેનું મુખ્ય કાર્ય પર્યાવરણ સંશોધન, આયોજન અને સંકલન તથા પર્યાવરણના પુનઃસ્થાપનને સંલગ્ન છે. તેમના દ્વારા કરવામાં આવતી કામગીરીઓમાં મુખ્યત્વે ભારત સરકારના પર્યાવરણ વન અને કલાઇમેટ ચેન્જ મંત્રાલય દ્વારા ઘડવામાં આવતી પર્યાવરણીય નીતિનું રાજય સ્તરે અમલીકરણ, રાજયમાં પર્યાવરણીય અસરગ્રસ્ત વિસ્તારો શોધી કાઢવા અને તેના યોગ્ય વ્યવસ્થાપન માટે ઉકેલ મેળવવાની કામગીરી, રાજ્યમાં સ્વચ્છ ઉત્પાદન માટેની ટેકનોલોજી મુક્કરર કરવી અને તેને પ્રોત્સાહિત કરવા વગેરે છે. આપણા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની આ રાજ્યમાં પ્રદૂષણને રોકવા માટે, નિયંત્રિત કરવા માટે અને પર્યાવરણનું રક્ષણ કરવા તેમજ પ્રદૂષણ નિયંત્રણ કાયદા અને સંબંધિત નિયમોના અસરકારક અમલીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા ૧૫ ઓગષ્ટ, ૨૦૭૪ના રોજ આપણને પ્રદૂષણ નિવારવા અને નિયંત્રણ અધિનિયમ – ૧૯૭૪ હેઠળની જોગવાઇઓ અનુસાર આ બોર્ડની રચના કરેલ છે. પર્યાવરણ અને પ્રદૂષણ નિયંત્રણ અધિનિયમો અને નિયમોની જોગવાઇ અનુસાર બોર્ડના કાર્યોમાં મુખ્યત્વે રાજ્યમાં પ્રદૂષણ નિયમન, નિયંત્રણ અને નિવારણ કરીને પર્યાવરણની ગુણવત્તામાં સુધારો કરવો, શુદ્ધ કરેલ ગટરના ગંદા પાણી તથા ઉદ્યોગોના પ્રદૂષિત પાણીના પુન:ઉપયોગને પ્રોત્સાહન આપવું વગેરે છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ જે કામગીરી કરે છે એમાં બોર્ડ દ્વારા ઇ–ગવર્નન્સ સેવાઓ વિકસાવવામાં આવી છે અને લેબોરેટરીને આધુનિક સાધનોથી સુસજ્જ કરવામાં આવી છે. ૨૦૦૯થી ડિસેમ્બર – ૨૦૧૭ સુધીમાં સિમેન્ટના ઉદ્યોગોના આશરે સરકારે ૧ કરોડ ૬૩ લાખ મેટ્રિક ટન જોખમી અને બિન જોખમી કચરાનો કાયમી સામગ્રી અથવા ઉર્જા સ્ત્રોત તરીકે ઔદ્યોગિક પ્રક્રિયાઓમાં ઉપયોગ કરીને તેના દ્વારા કુદરતી ખનીજ સંશાધનો અને બળતણ જેવા કે કોલસો, ગેસ વગેરેના ઉપયોગમાં ઘટાડો કરવામાં આવેલ છે. International summit and expo for the way of sustainability કાર્યક્રમનું ડિસેમ્બર – ૨૦૧૬ દરમિયાન આયોજન કરવામાં આવેલ હતું. જેને ૧૪ ટેકનિકલ સત્રોમાં ૧૫ આંતર રાષ્ટ્રીય અને ૫૦ રાષ્ટ્રીય વક્તાઓએ ભાગ લીધેલ હતો અને સાથે યોજાયેલ એકસ્પોમાં ૨૦ જેટલી આંતર

રાષ્ટ્રીય કંપનીઓ સહિત ૧૦૬ કંપનીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો અને આશરે ૧૦,૦૦૦ જેટલા લોકોએ એનો લાભ લીધો હતો. ભારત સરકારના ઇન્ડસ્ટ્રીયલ પોલીસી અને પ્રમોશન વિભાગ દ્વારા ઉદ્યોગો સ્થાપવામાં, ચલાવવામાં સરળતાની પહેલ ease of doing buisness અન્વયે દેશના બધા રાજ્યોના વિવિધ વિભાગોના મૂલ્યાંકનમાં પર્યાવરણ ક્ષેત્રના તમામ પેરામીટર્સનું ૧૦૦ ટકા પાલન કરીને બોર્ડ દ્વારા પર્યાવરણ ક્ષેત્રમાં દેશમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. બોર્ડ દ્વારા રાજ્યમાં આવેલ ઔદ્યોગિક એકમના પ્રશ્નોને ધ્યાને લઇને તેના નિવારણ માટે ઓપન હાઉસ અને પર્યાવરણીય ક્લિનિકનો અભિગમ અપનાવેલ છે અને તેનાથી ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિકરણ થકી સુમેળ ભર્યુ હકારાત્મક, ધંધાકીય વાતાવરણ અને રોજગારીનો વધારો શક્ય બન્યો છે. બોર્ડની બધી જ કચેરીઓમાં ખાસ કરીને નાના અને મધ્યમ પ્રકારના ઉદ્યોગોને સગવડતા મળે તે માટે બોર્ડની વિવિધ કામગીરીની સેવાઓ માટે સહાયતા કેન્દ્ર થકી નિ:શુલ્ક સેવા પ્રદાન કરવામાં આવે છે. પર્યાવરણ ફક્ત એક નિયમનનો વિષય નથી પરંતુ રોજગારીની તક પૂરી પાડતું ક્ષેત્ર પણ છે તે વિચાર અન્વયે બોર્ડ દ્વારા ગંદા પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટ ચલાવવા માટે તાલીમબદ્ધ માનવ શક્તી તૈયાર કરવા આજ દિન સુધી એક હજારથી વધુ ઓપરેટરોને તાલીમ આપવામાં આવેલ છે. જે અહીંયાથી માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલે પણ એનો ઉલ્લેખ કર્યો. ગુજરાત રાજ્ય દેશમાં સંયુક્ત માળખાકીય સુવિધા પૂરી પાડવામાં અગ્રેસર છે અને હાલમાં એકત્રિત સંયુક્ત શુદ્ધિકરણ પ્લાન્ટ, ૭ સંયુક્ત land filled sight, ૬ સંયુક્ત જોખમી કચરાને બાળવાની સુવિધા, ૧૭ ઇ-વેસ્ટ વ્યવસ્થાપનની સુવિધા વગેરે રાજ્યમાં કાર્યરત છે. બીજી મેં જે વાત કરી ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થા(ગેમી) એ ખૂબ અગત્યનું કામ પર્યાવરણ ક્ષેત્રે આપણા રાજ્યમાં અને આપણા દેશના અલગ-અલગ રાજ્યોમાં કરી રહી છે. ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થા (ગેમી) પર્યાવરણ પ્રભાગ હેઠળ પર્યાવરણના રક્ષણ, સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે કાર્ય કરતી ગુજરાત સરકારની એક સ્વાયત સંસ્થા છે. ગેમીની રચના ગુજરાતને જ નહિ પરંતુ ભારતના દરેક રાજ્યને મદદરૂપ રહે તે માટે કરવામાં આવેલ છે. આપણા લોકલાડીલા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું એક સ્વપ્ન હતું કે સંશાધનના ક્ષેત્રમાં ઉકેલ આપતી એક વૈશ્વિક સ્તરની સંસ્થા હોવી જોઇએ અને તેમાં ૩૫ વર્ષથી નાની ઉંમરના યુવાનો કામ કરતા હોવા જોઇએ. માનનીય વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન ગેમી થકી ગુજરાતે પૂરું કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગેમી દ્વારા પર્યાવરણલક્ષી જાગૃતિ લાવવાના અભિગમોની સાથે અનેક પડકારોનો સામનો કરી વિવિધ સિદ્ધિઓ હાંસલ કરેલ છે. આપણે જોઇએ તો, ૪.૨૨ કરોડની કિંમતે એકદમ અદ્યતન તમામ આધુનિક વૈજ્ઞાનિક સાધન સામગ્રીથી સુસજ્જ વૈશ્વિક સ્તરની પ્રયોગશાળા જી.આઇ.ડી.સી. ગાંધીનગર ખાતે જૂન- ૨૦૧૮ સુધીમાં તૈયાર થઇ રહી છે. ગેમીની પ્રયોગશાળાએ નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરીઝ (N A B L ) ની પણ માન્યતા પ્રાપ્ત થયેલ છે. ગેમીને ભારત સરકારના સાયન્સ અને ટેકનોલોજી મંત્રાલય દ્વારા સાયન્ટીફીક અને ઇન્ડસ્ટ્રીયલ રીસર્ચ ઓર્ગોનાઇઝેશન તરીકેની માન્યતા મળી છે અને નેશનલ ઇ-ગવર્નન્સ એવોર્ડ પણ મળેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એની સિદ્ધિની વાત કરીએ તો, આ સંસ્થાનું પાડોશી રાજયોમાં કામગીરી માટે રજીસ્ટ્રેશન થયું છે. આંદોમાન, નિકોબારમાં પણ આ ગેમીને કામ મળ્યું છે. આપણે જોઇએ તો, તેનું લક્ષ આજુબાજુના દેશોમાં પણ પોતાનું અસ્તિત્વ સ્થાપિત કરવાનું છે. આજનો કોમ્પ્યુટરનો યુગ હોવાના કારણે ગેમી દ્વારા પર્યાવરણના ક્ષેત્રમાં આર્ટીફીસીયલ ઇન્ટેલીજન્સ એન્ડ બીગ ડેટા જેવા કોમ્પ્યુટર ક્ષેત્રમાં પણ ઘણું કામ થઇ રહ્યું છે. જે વિશિષ્ટ બાબત કહી શકાય. પ્રભાગ દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માટે ૯૬૦ લાખ રૂપિયાની જોગવાઇ ગેમી માટે કરવામાં આવેલ છે. મુખ્ય જળાશયોના પર્યાવરણનું મૂલ્યાંકન અને આયોજન માટે ૧૦ લાખ રૂપિયાની નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, ૨૦૧૮-૧૯માં ગેમી માટે કુલ ૯૭૦ લાખ રૂપિયાની જોગવાઇ અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં જે બીજી વાત ગુજરાત ઇકોલોજી કમિશનની કરી. ગુજરાત ઇકોલોજી કમિશનની સ્થાપના રાજય સરકાર દ્વારા પર્યાવરણના પુનઃસ્થાપન તથા પર્યાવરણ વિશે જાગૃતિ સામાન્ય લોકો સુધી પહોંચી શકે તેવા ઉમદા હેતુથી કરવામાં આવેલ છે. ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા કથળતી જતી પર્યાવરણ પ્રણાલિકાના પુનઃસ્થાપન કરવા માટેની કામગીરીનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત ઇકોલોજી કમિશન છેલ્લાં ૨૫ વર્ષોથી પર્યાવરણ પ્રત્યે એક લોકજુવાળ પેદા થાય અને નિવસતંત્રના પુનઃસ્થાપન તથા રક્ષણ થાય તેવા હેતુસર વિવિધ પ્રકારના કાર્યક્રમો હાથ ધરી રહી છે. જેમાં મુખ્યત્વે જે છે એ, વિશ્વ બેંક પુરસ્કૃત સંકલિત દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન યોજના અંતર્ગત જામનગર મ્યુનિસિપલ કોરપોરેશન વિસ્તારમાં ૭૦ એમ.એલ.ડી. સુરક્ષિત ડીસ્ચાર્જ સુએજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૂપિયા ૧૫૮.૮૫ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે. આ મોડેલ વિશ્વ બેંક દ્વારા ગંગા શુદ્ધિકરણ મિશન માટે પણ અપનાવેલ છે. જે આપણા ગુજરાત રાજય માટે ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર માટે અતિ આધુનિક ઉપકરણો ધરાવતી પ્રયોગશાળા રૂપિયા ૨૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. કચ્છના અખાતમાં વિશ્વમાં સૌ પ્રથમ વખત દરિયાઇ રાષ્ટ્રીય ઉદ્યાન અને અભ્યારણ્ય પોશીત્રા, નરારા અને પિરોટન વિસ્તારમાં પરવાળાના સફળ પુનઃસ્થાપનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. દેશમાં પ્રથમ વખત ગુજરાત રાજય માટે ઓઇલ સ્પીલ કન્ટીજન્સી પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. આ પ્લાન થકી ગુજરાતમાં થતા પેટ્રોલીયમ પેદાશોના વ્યવસ્થાપનથી રહેતા અકસ્માતના ભય નિવારી શકાશે અને દરિયાકાંઠામાં વસતા જીવસૃષ્ટિની સુરક્ષા કરી શકાશે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં કચ્છ જિલ્લાના કણખોઇ અને સાબરકાંઠા જિલ્લાના સિસવલ્લા ગામોની પસંદગી મોડલ ઇકો વિલેજ તરીકે વિકસાવવા માટે કરવામાં આવેલ છે. ૭૪૦ ગામોમાં પર્યાવરણ અનુરૂપ જીવન શૈલી ( ઇકો-વે ઓફ લાઇફ) માટે લોક સંવેદના ઉભી કરવા માટેના જાગૃતિ માટેના કાર્યક્રમો હાથ ધરાયેલ છે. પર્યાવરણનું પુનઃસ્થાપન યોજના અન્વયે ઘાસની સમસ્યાના નિરાકરણ માટે કચ્છ જિલ્લાના ધોરડો બન્ની ખાતે સીણીયાડો અને ઉડો ગામમાં સ્થાનિક સમિતિ બનાવી ઘાસચારા વિકાસની કામગીરી કરવામાં આવેલ છે. ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા સાદર કરેલી ઇન્ટીગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્રોજેકટના બીજા તબક્કા માટે રાજય સરકારને કુલ પ્રોજેકટ કોસ્ટના રૂપિયા ૩૦૮ કરોડ પૈકી રૂપિયા ૧૫૪ કરોડની સહાય વિશ્વબેંક તરફથી મળવાની છે. જેમાં દરિયાઇ પટ્ટીમાં વસતા સમુદાયોની આજીવિકામાં વધારો થાય તે માટે રૂપિયા ૭૦ કરોડની જોગવાઇ પણ કરવામાં આવેલી છે. ડીજીટલ ઇન્ડીયા તરફ દેશ આગળ વધી રહ્યો છે. રાજય સરકાર દ્વારા રાજયમાં પર્યાવરણ વિશેની માહિતી ડેટા ડીજીટલ સ્વરૂપે મળી રહે તે માટે અમે એનવારમેન્ટલ ઇન્ફરમેશન સેન્ટર , જી.ઇ.સી. આજે પ્રસ્થાપિત કરેલ છે. આ જી.ઇ.સી. દ્વારા પર્યાવરણની જાગૃતિ માટે ટી.વી., એફ.એમ. રેડીયો અને હોર્ડીંગ્ઝ વગેરેના માધ્યમ અને ઉપયોગ દ્વારા પર્યાવરણનું મહત્વ અને તેની જાળવણી સામાન્ય લોકો સુધી પહોંચે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આવા જ ઉમદા પ્રકારના પર્યાવરણ સંવર્ધન અને તેની જાળવણી માટે ૨૦૧૮-૧૯ માં જી.ઇ.સી. ની આ પ્રવૃતિ માટે કુલ રૂપિયા ૭૩૩ લાખની જોગવાઇ કરવામાં આવી છે. મેન્ગ્રુવ્સની મહત્વતા ધ્યાનમાં રાખીને રાજય સરકાર દ્વારા જી.ઇ.સી.ના માધ્યમથી ભારતમાં

સભાપતિશ્રીઃ બે મિનીટ છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ત્રણેક મીનીટ, નહીં વાર લાગે. સૌ પ્રથમ વાર મેન્ગ્રુવસ વાવેતર માટે પી.પી.પી. મોડલ બનાવામાં આવેલ છે અને આ મોડલના ભાગરૂપે અત્યાર સુધીમાં ઔધોગિક ગૃહોની નાણાંકીય સહાયથી દરિયા કાંઠે સાત હજાર હેકટરથી વધારે વિસ્તારમાં ચેરનું વાવેતર કરવામાં આવેલ છે. જેના ફળ રૂપે ગુજરાત રાજયમાં ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડીયાના રિર્પોટ મુજબ ચેરના વિસ્તારમાં લગભ ૫૪૦૦ હેકટરમાં વધારો થયેલો છે. આ બાબતને ધ્યાને રાખતાં વર્ષ ૨૦૧૮-૧૯માં રૂપિયા ૧૦૫ લાખની જોગવાઇ ચેરના વાવેતર માટે પણ રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે. ઉપરોકત કામગીરી માટે વર્ષ ૨૦૧૮-૧૯માં ગુજરાત સરકારની અને ગુજરાત ઇકોલોજી કમિશન માટે રૂપિયા ૮૩૮ લાખની જોગવાઇ મંજૂર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સંસ્થા ગુજરાત ઇકોલોજીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનનો મુખ્ય ઉદેશ છે તે સારો છે અને તે સરસ કામ કરે છે. તેનો ઉદ્દેશ પણ એ છે કે વન્ય પ્રકૃતિ, વન્ય પ્રાણી અને પર્યાવરણને સંલગ્ન વિષયોમાં શિક્ષણના માધ્યમથી જાહેર જનતા અને શાળા કોલેજના વિધાર્થીઓને શિક્ષણ આપવાનો અને પરીયસરીય સંશોધનો છે. ગીર ફાઉન્ડેશનને અનુદાન સહાયક યોજના હેઠળ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.

ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટર એ યુનીડો,એ યુનાઇટેડ નેશન દ્વારા ટેકનીકલ સહયોગ પામેલ ભારતની એક માત્ર કલીનર પ્રોડકશન અને કલીનર ટેકનોલોજી પર કામ કરતી રાજય સરકારની સંસ્થા છે. અત્યાર સુધીમાં આ સંસ્થાએ પ્રદૂષણ નિવારણ માટે ૫૦૦ થી વધારે કલીનર પ્રોડકશન પ્રમોશન પ્રોગ્રામ અને ૨૦૦ થી વધારે કલીનર એસ્ટેટ પ્રોડકશન પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યા છે. ગુજરાત રાજય સ્વચ્છ ઉત્પાદન અને કલીનર પ્રોડકશન એવોર્ડ અંતર્ગત રાજય સરકારના પર્યાવરણ વિભાગ દ્વારા સ્પર્ધાત્મક ધોરણે સ્વચ્છ ઉત્પાદન અમલીકરણ માટે તેના વિજેતા ઉધોગોને ઇનામ આપવામાં આવે છે. જે જીસીપીસી દ્વારા સ્વચ્છ ઉત્પાદનની કામગીરીમાં ઉધોગોમાં ફેલાવો કરવામાં આવી રહ્યો છે. અને તેને માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં ઉધોગકારોને ઉધોગોના સ્થાને પ્રદૂષણના ઘટાડાનું મહત્વ સમજાવવા અને સ્વચ્છ ઉત્પાદન અને કલીનર પ્રોડકશન ટેકનીકો માટે પણ માર્ગદર્શન આપવાના કાર્યક્રમ કરવામાં આવશે અને કીટ વિતરણ કાર્યક્રમ કરવામાં આવશે અને સ્વચ્છ ઉત્પાદનના અમલીકરણ માટે ઉદાહરણરૂપ કાર્ય કરનાર એકમને રાજય સરકાર દ્વારા ગુજરાત રાજય સ્વચ્છ ઉત્પાદન કલીનર પ્રોડકશન એવોર્ડ આપવામાં આવશે.

પર્યાવરણ સંલગ્ન કોલેજોમાં સ્વચ્છ ઉત્પાદન માટે પ્રચારના કાર્યક્રમો કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. વિધાર્થીઓ રીસર્ચ માટે પ્રોત્સાહિત થાય અને તેમની કાર્યક્ષમતા વધે તેના માટે જી.પી.સી.બી. દ્વારા પર્યાવરણ વિષય નિષ્ણાતોની પેનલ બનાવીને પર્યાવરણના પાંચ રીસર્ચ એસ્ટેટને સન્માનીત કરવામાં આવશે. જી.પી.સી.બી. માટે ૨૦૧૮-૧૯ માં કુલ ૩૮ લાખની ચાલુ બાબતની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગમાં પર્યાવરણ પ્રભાગ સુંદર અને પરિણામલક્ષી કામગીરી કરી રહ્યો છે ત્યારે આજની અંદાજપત્રીય ચર્ચા દરમ્યાન આ ચર્ચામાં ભાગ લઇ માગણીઓમાં સન્માનનીય સભ્યશ્રીઓએ ભાગ લઇ રચનાત્મક સૂચનો કરેલ છે અને આ વિભાગની પ્રવૃતિને બિરદાવેલ છે, તે માટે તેમનો સૌનો આભાર માનું છું. જે સભ્યશ્રીઓ કાપ દરખાસ્ત રજૂ કરેલ છે તેઓને પણ આ વિભાગની પરિણામલક્ષી કામગીરી ધ્યાને લેતાં તેમની કાપદરખાસ્તો પાછી ખેંચી લેવા અનુરોધ કરું છું. મેં રજૂ કરેલ અંદાજપત્રીય દરખાસ્તો સર્વાનુમતે પસાર કરે તેવી હું સન્માનનીય સભાગૃહને નમ્ર વિનંતી કરું છું.

## તા. ૨૧ મી માર્ચ, ૨૦૧૮

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શ્રી ગણપતસિંહ વે. વસાવા (આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો વિપક્ષના મિત્રોને વિનંતી છે કે એમણે સમગ્ર દિવસ દરિમયાન ખૂબ આક્ષેપો કર્યા છે, ખૂબ ચર્ચાઓ કરી છે એટલે જવાબ શાંતિથી સાંભળજો કારણ કે મેં કોઇને ડિસ્ટર્બ કર્યા નથી એટલા માટે હું આપનુ રક્ષણ માગું છું.

વિધાનસભાનું સત્ર શરૂ થયું ત્યારથી વિપક્ષના મિત્રો પ્રવચનમાં એમના પ્રશ્નો અને એમના હાવભાવ જોતાં એવું ચોક્કસ લાગે છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારના લોક લાડીલા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ આદિવાસી સમાજ માટે વિકાસ કાર્યો કરી રહ્યા છે અને ઝડપી પ્રજાલક્ષી નિર્ણયો કર્યા છે ત્યારે એમના અંગે અંતરાત્માથી રાજીપો વ્યકત કરતાં હોય તેવું મને લાગે છે. વિપક્ષના સભ્યો તરીકે સરકારની ટીકા કરવી પડે એ વાત અલગ છે પણ ખૂબ રાજી હોય, ખુશ હોય તેવું મને આટલા દિવસમાં લાગી રહ્યું છે.

આજે હું જે સમાજની માગણી લઇને આવ્યો છું, એક તો મારા આદિજાતિ સમાજની માગણી લઇને આવ્યો છું, મહિલા અને બાળ કલ્યાણની માગણી લઇને આવ્યો છું અને પ્રવાસન વિભાગની પણ માગણી લઇને આવ્યો છું ત્યારે આદિવાસી સમાજ એ બિલકુલ ભલોભોળો સીધો સમાજ છે. પરંતુ આદિવાસી સમાજનો ઇતિહાસ જોઇએ, આપણા બધા સભ્યશ્રીઓ ખૂબ અભ્યાસુ છે એમનો ઇતિહાસ ખૂબ ઉજ્જવળ અને ભવ્ય છે. આઝાદીની લડાઇમાં માત્ર ગુજરાતમાંથી નહિ પરંતુ સમગ્ર દેશની અંદરથી જો સૌથી વધુ કોઇએ બલિદાનો આપ્યા હોય તો એ આદિવાસી સમાજે આપ્યા છે. હું ગુજરાતની વાત કરું તો ગુજરાતમાં ગોવિંદગુરુની આગેવાનીમાં ૧૫૦૦ જેટલા આદિવાસીભાઇ બહેનો માનગઢમાં શહિદ થયા હતા. એ જ રીતે વિજયનગર પાલ ગઢવાલની આદિવાસી લડાઇમાં ૧૨૦૦ જેટલા આદિવાસીઓ શહિદ થયા હતા.

સમગ્ર દેશમાં આદિવાસી સમાજની મુખ્ય જનસંખ્યાની વાત કરીએ તો ગુજરાતમાં તો છે, સાથે સાથે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, છતીસગઢ તથા ઝારખંડ વગેરે પૂર્વોત્તર રાજયોમાં આદિવાસી સમાજની વસતિ જોવા મળે છે. ગુજરાતની વાત કરીએ તો અંબાજીથી લઇને ઉંમરગામ સુધીમાં ૧૪ જેટલા જિલ્લાઓના બાવન જેટલા તાલુકાઓ અને ચાર હજાર કરતાં વધારે ગામડાંમાં ૯૦ લાખ કરતાં વધારે મારો આદિવાસી સમાજ વસવાટ કરે છે. દર સાત ગુજરાતીએ એક આદિવાસી છે.

અહીંયા સવારથી અમારા વિપક્ષના સભ્યશ્રીઓએ ટીકાઓ કરી છે અને સારા સૂચનો પણ કર્યા છે. વિપક્ષના મિત્રો હોય એટલે સ્વાભાવિકપણે અમારી ટીકાઓ પણ કરી છે પરંતુ હું આ સભાગૃહને સાચી માહિતી આપવા માગું છું. આ સભાગૃહના સભ્ય અનિલભાઇ જોશીયારાજી ડોકટર છે અને વડીલ પણ છે, માનનીય સભ્યશ્રી સુખરામભાઇ મારા ખૂબ સારા મિત્ર છે. એમને વનબંધુ અને આદિવાસી સમાજ માટે વનવાસી શબ્દ માટે પોતાની લાગણી વ્યકત કરી છે. અમારા વન વિકાસ નિગમના ચેરમેનશ્રીએ વાત કરી કે કોંગ્રેસના સમયમાં વન વિકાસ નિગમ બન્યું એ વખતે વનવાસીઓ માટે આ શબ્દ ત્યાં વન વિકાસ નિગમમાં વાપરવામાં આવ્યો છે. અહીંયા વનબંધુ કલ્યાણ યોજનાની વાત કરી આ નામ બરાબર નથી, વનવાસી નામ બરાબર નથી. આ કોઇ જ્ઞાતિ માટે ઉલ્લેખ થયેલ શબ્દ નથી એક યોજના માટે છે. ગુજરાતમાં અનેક યોજનાઓ ચાલે છે, એકલવ્ય મોડલ શાળા તો એકલવ્યના નામ ઉપરથી રાખી છે. એ જ રીતે બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટી તો એ એમના નામ ઉપરથી રાખવામાં આવેલ છે. આ રીતે નામો આપ્યા છે. અમારા આદિવાસીનો દીકરો પરણતો હોય તો કુંવરબાઇના મામેરા યોજના છે એના નીચે બાર હજાર રૂપિયાની સહાય આપવાના છીએ. એટલે એનું નામ કુંવરબાઇના મામેરા સાથે જોડ્યું છે. આ રીતે બધા સમાજને લઇને ચાલતા હોય ત્યારે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૬૫૦ કરોડ રૂપિયાના ખર્ચે છાત્રાલય બનાવ્યું એમાં એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ના બાળકો એક સાથે રહી શકે અને બધા સમાજની અંદર એકબીજાનો પ્રેમ આપ્યો છે, સમરસ છાત્રાલયો બનાવ્યા છે, ત્યારે આ માત્ર કોઇ નામ છે એની સાથે કોઇ સમાજને જોડવાની જરૂર નથી.આપણે ધારાસભ્ય લેવલે પહોંચ્યા હોઇએ, આપણે ડોક્ટર બન્યા હોઇએ અને આપણે આવા વિચારો વ્યક્ત કરીએ છીએ તો બાકીના સમાજ પાસે શું અપેક્ષા રાખી શકવાના છીએ! અમારા શ્રી અશ્વિનભાઇ અને શ્રી સુખરામભાઇએ ગૌણ વન પેદાશોની ચિંતા કરી હતી. ગૌણ વન પેદાશોમાંથી આદિવાસી સમાજને જોઇએ તેટલી રોજગારી મળતી નથી. આજે મને કહેતા આનંદ થાય છે કે ટીમરૂ પાનથી ૫૫૯૮૨ પરિવારોને રૂ.૧૬.૨૭ કરોડ રોજગારી તરીકે ચૂકવવામાં આવ્યા છે. એ જ પ્રમાણે ૪૬ કરોડ રૂપિયાની રોયલ્ટીની નફાની રકમ છે એ પણ એમના ખાતામાં જમા કરાવવાની કામગીરી ચાલી રહી છે. એમણે મહુડા અને ડોડીની ચિંતા વ્યક્ત કરી. આમાં રૂ.૪.૩૭ લાખ ૧૨૦૦ પરિવારોને આપણે ચૂકવ્યા છે. મધ એકત્રીકરણ માટે રૂ.૧.૬૧ લાખ ચૂકવ્યા છે. આમ કુલ ટોટલ મારીએ તો આ વન્ય પેદાશોમાંથી રૂ.૮૩/- કરોડ આદિવાસી સમાજ માટે ઉપજ્યા છે. અમારા શ્રી અશ્વિનભાઇએ પેસાની ચિંતા વ્યક્ત કરી. અંબાજીથી ડાંગ સુધી યાત્રા કાઢી પરંતુ ખરેખર તેનો અમલ કરવામાં આવ્યો નથી. આજે મને કહેતા આનંદ થાય છે કે અમારા લોક લાડિલા મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કર્યા પછી અવારનવાર આ અંગે મિટિંગો બોલાવી અને અમને મંત્રીઓને કામ સોંપ્યું અને પેસા એક્ટના કાયદા માટે સંયુક્ત પત્રિકા બનાવી. કારણ કે આ બધા વિભાગોને લાગતો વળગતો કાયદો હતો અને કેટલાક મિત્રોએ એમ કહ્યું કે સરપંચોને ખબર નથી. પેસા એક્ટનો કાયદો બન્યા પછી ટ્રાયબલ વિસ્તારની બેથી અઢી હજાર પંચાયતો હતી. આ તમામ પંચાયતોના સરપંચોને મહાત્મા મંદિર ખાતે ભેગા કરવામાં આવ્યા, એક દિવસનો આખો અભ્યાસ વર્ગ થયો. માનનીય મુખ્યમંત્રીશ્રી હાજર રહ્યા અને પેસા એક્ટની વિસ્તારથી સમજ આપવામાં આવી. પેસા એક્ટના કાયદાની પુસ્તિકા દરેક સરપંચના હાથમાં આપવામાં આવી. કેટલાક જિલ્લાઓમાંથી અમારા ઉપર ફોન આવ્યો કે ભરૂચ જિલ્લાના ટીડીઓ અને મામલતદારને ખબર નથી. અમે ડીડીઓને સૂચના આપી અને જ્યાં

જ્યાં ફરિયાદ મળે ત્યાં ત્યાં ટીડીઓ, ડીડીઓ અને મામલતદારોને હાથોહાથ આ કાયદાની પુસ્તિકા પહોંચાડવામાં આવી. શ્રી અશ્વિનભાઇએ છોટા ઉદેપુરની ચિંતા કરી કે માઇનીંગ માટેના બ્લોકની જાહેરાત કરવામાં આવી છે એમાં આદિવાસીઓનો કોઇ ઉલ્લેખ નથી. અમારા મુખ્યમંત્રીશ્રીએ જાતે જાહેરાત કરી છે. શ્રી સૌરભભાઇએ એ દિવસે પ્રશ્નોત્તરીમાં જવાબ આપ્યો ત્યારે પણ કહ્યું હતું અને આજે પણ મને કહ્યું કે તમે ગૃહમાં ખાતરી આપજો. એમણે મને કહ્યું કે આદિવાસી જિલ્લામાં માત્ર ભલે છોટા ઉદેપુરનું નામ હોય પણ જ્યાં જ્યાં જાહેરાત આપવામાં આવશે ત્યાં નિયમ પ્રમાણે આદિવાસીઓને આપવામાં આવશે એની હું આ ગૃહમાં ખાતરી આપું છું તેથી ચિંતા કરવાની આવશ્યકતા લાગતી નથી. એ જ પ્રમાણે અમારા ડો. આશાબેન અત્યારે નથી. તેમણે મહિલા અને બાળ કલ્યાણ વિભાગમાં ખૂબ ટીકાઓ કરીને અહીંથી ગયા છે. એમને પણ મારે માહિતી આપવી છે કે અમારી સરકારમાં મહિલાઓ ઉપર ખૂબ અત્યાચાર વધ્યા છે એવો આક્ષેપ કર્યો છે. તેમણે મહિલાઓ ઉપરના ગુનાઓના પ્રમાણની વાત કરી. વર્ષ ૨૦૧૩માં મહિલાઓ ઉપર થયેલા ગુનાઓ નોંધાયા– ૧૧૭૨૮, ૨૦૧૪માં મહિલાઓ ઉપર ગુનાઓ નોંધાયા– ૯૧૫૪, ૨૦૧૫માં માત્ર ૬૩૨૧ મહિલાઓ ઉપર ગુનાઓ નોંધાયા અને ૨૦૧૬માં માત્ર ૫૮૭૯ ગુનાઓ નોંધાયા, એટલે છેલ્લા ૩ વર્ષમાં તો ૫૦ ટકા અત્યાચારના ગુના ઘટયા છે. એનાથી પણ આગળ વધુ તો ૨૦૧૬માં મહિલા અત્યાચાર સંબંધી વિવિધ પ્રકારના જે ગુનાઓ સમગ્ર દેશમાં અને ગુજરાતની આપણે જો કંમ્પેરીઝન કરીએ તો જે દુષ્કર્મના બનાવો થયા છે એમાં સમગ્ર ભારતની અંદર ૬.૩ ટકા રેટ છે જયારે ગુજરાતમાં ૩.૩ છે. આપણો ગુજરાતનો ૩૧મા નંબરે વારો છે. મહિલા અપહરણમાં ભારતનો ક્રાઇમ રેટ ૨.૬ છે. ગુજરાતમાં માત્ર ૨.૦ છે અને સમગ્ર દેશમાં આપણે ૧૮મા નંબરે છીએ. સ્ત્રી લાજ લેવાનો ઇરાદો, હુમલા કરવાની ઘટનાઓની વાત કરીએ તો સમગ્ર ભારતનો ક્રાઇમ રેટ ૬.૪ ટકા છે જયારે ગુજરાતનો માત્ર ૧.૮ ટકા છે અને ૨૮મો ક્રમ નંબર છે. એનાથી આગળ વાત કરું તો અહીંયા ચર્ચા કરવામાં આવી કુપોષણ બાબતે એમાં ડો. આશાબેને ખુબ આક્ષેપો કર્યા અને આંગણવાડીના બાળકોની જે અમારી સંખ્યા છે એ આ ગૃહના મારફતે બધા જ સભ્યશ્રીને માહિતી આપવા માગુ છું, ૩૭,૪૫,૭૯૪ જેટલા આંગણવાડીના બાળકો છે એમાંથી લીલા રંગમાં એટલે સામાન્ય વજનવાળા બાળકો ૩૫,૯૮,૩૭૩ એટલે કે ૯૬ ટકા બાળકો સામાન્ય વજનવાળા ગુજરાતમાં છે. એ જ રીતના પીળા રંગમાં આવતા એટલે જે વજન હોવું જોઇએ એના કરતા સાધારણ વજન જે ઓછું હોય છે એવા બાળકો સમગ્ર ગુજરાતમાં ૧,૨૫,૯૯૮ છે એટલે કે માત્ર ૩.૩૬ ટકા છે. એ જ રીતે જેના માટે આપણે ચિંતા કરીએ છીએ એવા અતિશય ઓછા વજનવાળા બાળકો જેને આપણે અતિશય કુપોષણમાં ગણીએ છીએ એ સમગ્ર ગુજરાતમાં માત્ર ૨૧,૪૨૩ છે એટલે ૧.૦ પોઇન્ટ પણ નહીં. ૦.૯૭ ટકા છે. આ સમગ્ર રાજયની અંદર ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ જોઇએ તો માત્ર ૩.૯૩ ટકા છે એટલે એટલી બધી આપણે ચિંતા કરવાની જરૂર નથી પણ સાવચેતી રાખવાની જરૂર છે એ વાત આપણે બધાએ ચોક્કસ સ્વીકારવી પડશે. અહીંયા સભ્યશ્રીએ વાત કરી કે આદિવાસી વિસ્તારમાં સિંચાઇની યોજનાઓ બની નથી. ઘણા બધા લોકો છાતી ઠોકી ઠોકીને કહેતા હતા કે બધા જ ડેમ ઉકાઇ ડેમ, નર્મદા ડેમ, અમારી કોંગ્રેસની સરકારોમાં કર્યા. અમે બધાને પાણી આપ્યું પણ એ વખતે જે આદિવાસીઓને તમે ઉઠાડયા એને તમે કોઇએ યાદ કર્યા? આટલા ધારાસભ્યોના પ્રવચનમાં એક પણ સભ્યએ વિસ્થાપિતોના નામનો ઉલ્લેખ પણ નથી કર્યો અને એ વખતે એમણે કેટલા રૂપિયાના ભાવે જમીનો લઇ લીધી? એમના વખતે જે ડેમો બનેલા વિસ્થાપિતો થયેલા (અંતરાય) અમારા સી.કે. રાઉલજી કબુતરી ડેમમાં વિસ્થાપિત થયેલા આદિવાસીઓ માટે કોંગ્રેસની સરકારમાં ૪૦ વર્ષથી લડતા હતા. કોઇ આદિવાસીને એની જગ્યા નહોતી આપવામાં આવી. કોંગ્રેસનો બનાવેલો ડેમ આજે અમે ભારતીય જનતા પાર્ટીની સરકારે વન વિભાગમાં લગભગ ૨૫૦ કરોડ રૂપિયા ભર્યા. વન વિભાગની જમીન આપવા માટે અમે કેન્દ્ર સરકારમાં ૨૫૦ કરોડ રૂપિયા ભર્યા અને આદિવાસીઓની જમીન આપવાની અમારી તૈયારી ચાલી રહી છે. કોણે ચિંતા કરી હતી, ઉકાઇ વિસ્થાપિતો સાથે અમે બધા બેઠકો કરીએ છીએ. આજે ઉકાઇના વિસ્થાપિતો પણ કોંગ્રેસના એ વખતના શાસનની ટીકા કરી રહ્યા છે. એ કિંમતી જમીનો માત્ર ૫૦૦ રૂપિયા, ૭૦૦ રૂપિયા અને ૯૦૦ રૂપિયા, એકરમાં તમે પડાવી લીધી અને અમારા આદિવાસીઓને રખડતા કર્યા એની તો તમે ચિંતા કરો. એમના સમયમાં તો આદિવાસીઓને સિંચાઇનું પાણી પણ ન મળ્યું, પીવાનું પાણી પણ ન મળ્યું, પણ અમે તો નરેન્દ્રભાઇ મોદીને અમારા આદિવાસી સમાજના મોટા ભાઇ અને મસીહા ગણીએ છીએ. પહેલીવાર વડાપ્રધાન બનીને દિલ્હી ગયા અને જ્યારે એમનો જન્મ દિવસ મનાવવામાં આવ્યો ત્યારે એ દિલ્હીમાં નહીં, ગાંધીનગરમાં નહીં, છેક અમારા આદિવાસીઓ વચ્ચે દાહોદ જિલ્લામાં આવ્યા અને આદિવાસી સમાજને સિંચાઇ માટે અને પીવાના પાણી માટે ૪૮૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી. કોંગ્રેસના સમયમાં બનાવેલ કડાણા ડેમમાંથી આદિવાસીઓને તમે એક ટીપું પાણી નહોતું આપ્યું. પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એક હજાર કરોડ રૂપિયા કરતા વધારે બજેટ ફાળવણી કરી છે. અમારા આનંદભાઇ સુરત જિલ્લામાંથી આવે છે. નરેન્દ્રભાઇ મોદી અમારા નેતા છે. એમણે જાહેરાત કરી, ભલે માંડવીમાં કોંગ્રેસના ધારાસભ્ય હોય પણ તમારા અને અમારા માટે ૫૫૦ કરોડ રૂપિયા આપ્યા. આજે આનંદભાઇની ગાડી પાઇપલાઇનમાંથી જતી રહે એટલી મોટી મોટી પાઇપો માંડવીમાં ઉતારીએ છીએ. આ કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અમારા કરજણના ડેમમાંથી ઝઘડિયા, વાલિયા, નેત્રંગ અને માંગરોલ તાલુકામાં સિંચાઇનું પાણી આપવા માટે આદિવાસી ખેડૂતોને પાણી આપવા માટે ૪૫૦ કરોડ રૂપિયા આપીને યોજનાનું કામ આજે ચાલી રહ્યું છે. એવી તો અનેક અનેક યોજનાઓ જે ભૂતકાળમાં નહોતી કરી શક્યા એ યોજનાઓ આપણે કરી બતાવી છે. અહીંયા તો અમારા જોષીયારાજી ચિંતા કરતા હતા કે હવે હેન્ડ પંપ બંધ કરો. હવે તમે મોટર અને નળથી પાણી આપો. જોષીયારાજી આપના સમયમાં આદિવાસીઓને નળથી પાણી માત્ર ૩ ટકા લોકોને મળતું હતું. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આજે

અમે ૫૫ ટકા આદિવાસી ભાઇ–બહેનોને નળથી પાણી પહોંચાડવામાં સફળ થયા છીએ. અમારા નૌશાદભાઇ દેવની મોરીની ચિંતા કરતા હતા. બૌદ્ધિષ્ટનું મોટું સ્થાન છે. એની ચિંતા વડાપ્રધાનશ્રી પણ દિલ્હીમાં બેઠા બેઠા કરે છે. એના માટે અમે ભારત સરકારમાં ખૂબ મોટો પ્રોજેક્ટ ૧ હજાર કરોડનો બુદ્ધિષ્ટ સરકીટ બનાવવાનો મોકલ્યો છે. નરેન્દ્રભાઇ એનું સુપરવિઝન કરી રહ્યા છે અને પ્રાથમિક તબક્કે અમને ભારત સરકારે ૩૬ કરોડ રૂપિયા આપી દીધા છે. એ જ રીતના માનગઢમાં ૧૫૦૦ કરતાં વધારે આદિવાસીઓ શહિદ થયા. કોંગ્રેસના મિત્રો સત્ય જાણતા હતા પણ ક્યારેય ઉલ્લેખ કરતા ન હતા. ત્યાં કોઇ આદિવાસીઓ માટેનું સ્થાન ઉભું કરવામાં આવ્યું ન હતું. આજે નીતિનભાઇ પટેલનો આભાર માનું છું કે માનગઢનો ડુંગર ચડવા માટે ૫ કરોડનો રસ્તો મંજૂર કરીને આપ્યો. વિજયભાઇ રૂપાણીનો આભાર માનું છું કે, માનગઢમાં શહિદ આદિવાસીઓના માનમાં એનો વિકાસ કરવા માટે પ્રવાસન ક્ષેત્રે ૧૦ કરોડ રૂપિયા આપ્યા છે. આવા અનેક કાર્યો આપણે કરી રહ્યા છીએ. આનાથી પણ આગળ વધીને વાત કરું તો અહીંયા ઘણી બધી વાતો થઇ. મોટાભાગના મારા કોંગ્રેસના મિત્રો આદિવાસી સમાજની ચિંતા કરતા હતા. અમારા જોષીયારાજી તો ખૂબ તજજ્ઞ છે, ખૂબ બુદ્ધિશાળી છે. જોષીયારાજી પોતે રાજ્ય સરકારમાં આરોગ્ય મંત્રી રહી ચૂક્યા છે. અગાઉની બધી વિધાનસભાનું જ્યારે જ્યારે સત્ર મળે ત્યારે હર–હંમેશ મેડિકલ સીટ આદિવાસીઓની આટલી ખાલી રહે છે એવું કહેતા આવ્યા છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી અમારા આદિવાસી વિદ્યાર્થીઓને અમે સમગ્ર રાજ્યમાં તાલીમ આપી. મને તો નરેન્દ્રભાઇ મોદી ઉપર ગૌરવ થાય કે જ્યારે અમારી સીટો ભરાતી ન હતી અને નરેન્દ્રભાઇ આ રાજ્યના મુખ્યમંત્રી હતા અને અમે બધા ધારાસભ્યો નરેન્દ્રભાઇને મળવા ગયા અને કહ્યું કે, અમારું આદિવાસીઓનું ગુજકેટમાં મેરિટ ઘટાડો. તો નરેન્દ્રભાઇએ કહ્યું કે તમારે સારી ક્વોલિટીના ડોકટરો આદિવાસી વિસ્તારમાં આપવા છે? તો અમે કહ્યું હા. સાહેબ, તો ટકાવારી ઘટાડીને નબળા ડોક્ટરો ભરતી કરવા એના કરતા તમે આદિવાસી બાળકોને તાલીમ આપો. એ દિવસથી અમે તાલીમ આપવાની શરૂઆત કરી અને આગલા વર્ષ ૨૦૧૩ માં ૧૪૪ સિટો અમારી ખાલી હતી. નરેન્દ્રભાઇ ૨૦૧૩–૧૪ માં કીધું, અમે મહેનત કરી એ વર્ષથી કેટલી સિટોમાં ઘટાડો થઇ ગયો? ૨૦૧૪ માં માત્ર ૩૧ સિટો ખાલી રહી, ૨૦૧૫ માત્ર ૬ સિટો ખાલી રહી, ૨૦૧૬ માં માત્ર ૭ સિટો ખાલી રહી અને ૨૦૧૭ માં માત્ર ૧૮ સિટો ખાલી રહી. ૯૬% આજે આદિવાસીની મેડિકલ સિટો ભરાય છે એ ભારતીય જનતા પાર્ટીની સરકારને કારણે ભરાય છે. માનનીય અધ્યક્ષશ્રી, જો એમની સરકારમાં ટોટલ આંકડો મારવામાં આવે તો અત્યાર સુધીમાં હું માનું છું ત્યાં સુધી કોંગ્રેસના શાસનમાં લગભગ ૮૦૦૦ કરતા વધારે મેડિકલની સિટો અમારી ખાલી રહી છે, જતી રહી છે એટલું મોટું નુકસાન એ અમારા આદિવાસી સમાજને કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, એના કરતા પણ આગળ વાત કરું તો (અંતરાય) ઇશ્વરભાઇ શાંતિ, એ તો મેં એમને સાંભળ્યા છે એટલે મને સાંભળવાના છે બરાબરને પૂનાજીભાઇ? બેસજો શાંતિથી. આપણે બધી સારી જ વાતો કરીશું કોઇ ટીકા નથી કરવી. આપણે કોઇની ટીકા કરીને કોઇ કામ પણ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આદિવાસી અધિકારોની વાત થઇ. કેન્દ્ર હોય કે રાજ્ય હોય સૌથી વધારે કોણે રાજ કર્યું? એ આપણને બધાને ખબર છે. એ વખતે આદિવાસીઓને કેટલી વીજળી મળી, કેટલું શિક્ષણ મળ્યું, કેટલું પાણી મળ્યું, કેટલા રસ્તા મળ્યા? એ તો આદિવાસી સમાજના બધા અનુભવી આગેવાનો ખૂબ સારી રીતે જાણે છે. એમની સરકારો હતી ત્યારે મહારાષ્ટ્રમાંથી ગુજરાત અલગ થયું ત્યારે સમાજ કલ્યાણ અને અમારો આદિવાસી વિભાગનું કેટલું બજેટ હતું? માત્ર ૫૮ કરોડ અને બે વિભાગ. એમના ૪૦ વર્ષના બજેટનું ટોટલ મારીએ તો આ ૪૦ વર્ષમાં, (અંતરાય) જોષીયારાજી મેં તમને સાંભળ્યા છે. ૬૫૦૦ કરોડ રૂપિયા એમણે આપ્યા. આ ૪૦ વર્ષમાં જો ભાગાકાર કરીએ તો અંબાજીથી લઇને ઉંમરગામ સુધીના ૯૦ લાખ આદિવાસી માટે એક વર્ષમાં માત્ર ૧૬૨ કરોડ રૂપિયા એમના સમયમાં ૪૦ વર્ષમાં મળ્યા. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૦ સુધીમાં ૨૫૮ કરતા ક્યારેય પણ બજેટ આગળ વધ્યું નથી. ભાઇ જોષીયારાજી સાંભળી લેજો. અમારા આદિવાસી સરપંચો, આદિવાસી તાલુકા પંચાયત, આદિવાસી જિલ્લા પંચાયતના સભ્યો રાજ્ય સરકારમાં આંટા મારી મારીને ચંપલો ઘસી નાખતા હતા ત્યારે એમની સરકારમાં એક હેન્ડપંપ મળતો હતો અને ૨૫૦૦૦ નો માટી–મેટલોનો રસ્તો મળતો હતો. આ હાલત હતી ભૂતકાળની કોંગ્રેસની સરકારોમાં, અમારા મોહનભાઇએ વાત કરી કે અમને તો વનબંધુ કલ્યાણ યોજનામાં વિશ્વાસ નથી પણ નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૭ માં આ જ વિધાનસભામાં નિયમ ૪૪ હેઠળ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે રૂ.૧૫,૦૦૦ કરોડની વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરીને પાંચ વર્ષમાં માટે જાહેર કરી. પાંચ વર્ષનો હિસાબ રજૂ થયો ત્યારે ૧૭,૦૦૦ કરોડ રૂપિયા વપરાયા. બીજા પાંચ વર્ષમાં ૪૦,૦૦૦ કરોડ રૂપિયાની જાહેરાત થઇ. પાંચ વર્ષ પૂરા થયા ત્યારે ૪૨,૦૦૦ કરોડ રૂપિયા વપરાયા અને અહીં બેઠેલા અમારા નાણામંત્રીશ્રીનો અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું કે આ વખતે બજેટમાં આદિવાસી સમાજે જેટલું માગ્યું એટલું આપ્યું. અમે તો ૭૦ ઉપર નવી માગણીઓ કરી બધી માગણીઓ મંજૂર કરી. એક પણ નામંજૂર નહીં અને ૧૩,૦૦૦ કરોડ કરતા પણ વધારાનું બજેટ માનનીય નીતિનભાઇએ આપ્યું ત્યારે આજે છેલ્લા ૧૦–૧૫ વર્ષમાં આદિવાસી વિસ્તારોની અંદર રસ્તા, પીવાના પાણીની સગવડ, સાયન્સની સ્કુલો, મેડિકલ કોલેજો આ બધું ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી થયું છે. અહીંયા સૌરભભાઇ સાક્ષી બેઠેલા છે. કોંગ્રેસના સમયમાં અમારા આદિવાસી ગામડાંઓમાં ૧૫–૧૫ દિવસ સુધી વીજળી નહોતી આવતી કારણકે સબ સ્ટેશનો નહોતા. સૌરભભાઇને અભિનંદન આપવા પડે કે એમણે પાંચ જ વર્ષમાં ૧૦૦ કરતા પણ વધારે સબ સ્ટેશનો આદિવાસી વિસ્તારમાં ઉભા કર્યા એટલે મારે કહેવું છે કે જેને આપણે ગુજરાતનું ગૌરવ કહીએ છીએ, જેમના હૈયામાં આદિવાસી સમાજનું હિત સમાયેલું છે એવા લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇની આગેવાનીમાં અમારી સરકારે ખૂબ સારી કામગીરી

આદિવાસી સમાજ માટે કરી છે. એનાથી પણ આગળ વાત કરીએ અહીંયા આદિવાસી અધિકારોની ખૂબ ચિંતા કરી. મારે એમને કહેવું છે કે તમારું તો ભારત સરકારમાં ૬૦ વર્ષ સુધી શાસન હતું. આ ૬૦ વર્ષમાં આદિવાસી મંત્રાલય કેમ તમે ત્યાં અલગ ન કરી શકયા એનો કોંગ્રેસના મિત્રો જવાબ આપે. શા માટે ૨૦૦૪માં અટલ બિહારી બાજપાઇજીની સરકાર આવી ત્યારે આદિવાસી અલગ મંત્રાલય અમને મળ્યું ત્યાં સુધી અધિકારોથી વંચિત રાખ્યા. એ જ રીતના આદિવાસીના અધિકારોના રક્ષણ કરવાનું કામ જે એસ.ટી. કમિશન કરતું હોય છે એ ૨૦૦૪ સુધી એસ.ટી. અને એસ.સી.નું ભેગું રાખવામાં આવ્યું. અટલ બિહારી બાજપાઇજીએ નિર્ણય કર્યો કે બંને કમિશનો અલગ કરો. એ કમિશનો પણ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અલગ થયા અને આદિજાતિ વિભાગના બે મેમ્બરો હતા એના ચાર મેમ્બરો નિર્ણય કરવાનું કામ પણ કેન્દ્રમાં બેઠેલી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર એ ગરીબો અને આદિવાસીઓની સરકાર છે. અહીંયા જંગલ જમીનની ચિંતા પણ અમારા આનંદભાઇ, અન્ય કોંગ્રેસના મિત્રો જયારે આદિવાસી સમાજમાંથી આવતા હોય તો સ્વાભાવિકપણે કરતા હોય છે પણ એમણે ભૂતકાળમાં જરા ડોકીયું કરીને જોવાની જરૂર છે કે ગુજરાતની અંદર ૪૦ વર્ષ કોંગ્રેસની સરકાર હતી. આ ૪૦ વર્ષમાં આદિવાસી સમાજને એક એકરનો ટુકડો પણ કોંગ્રેસની સરકારમાં નથી મળ્યો. અહીંયા વાત કરવાનો કોઇ અધિકાર નથી (અંતરાય) એના કરતા પણ આગળ વાત કરું છું. (અંતરાય)

સભાપતિશ્રી : હું તમને બોલવા માટે તક આપીશ, પ્રશ્ન પૂછવા માટે તક આપીશ. (અંતરાય)

શ્રી ગણપતસિંહ વે. વસાવા : મેં એમને બધાને સાંભળ્યા છે. (અંતરાય)

સભાપતિશ્રી : એક મિનિટ માનનીય મંત્રીશ્રી, શું કહેવું છે?

ડો. અનિલ જોષિયારા: માનનીય અધ્યક્ષશ્રી, ખોટી માહિતી રેકર્ડ ઉપર જઇ રહી છે ૧૯૮૦ પહેલાની જમીન આપવાનું કામ કોંગ્રેસે જ કર્યું છે. આ ખોટી માહિતી જઇ રહી છે.

સભાપતિશ્રી : હું તમને બોલવા માટે તક આપીશ.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : હું જોષીયારાજીને જોઇએ તો રેકર્ડ બતાવીશ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૨૦૦૬માં જે વન અધિકારનો કાયદો આવ્યો તે પહેલા ભા.જ.પ.ની સરકારમાં ૪૫૩૫૨ વ્યક્તિઓને ૭૮૬૪૭ એકર જગ્યા આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું. ૨૦૦૬માં વન અધિકારનો કાયદો આવ્યા બાદ છેલ્લો તા. ૧૦–૩–૨૦૧૮નો આંકડો આપું નવા બીજા ૮૪૨૧૧ વ્યક્તિઓને ૧૨૮૪૪૩ એકર જંગલ જમીન આપવાનું કામ આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ૪૬૫૯ જેટલા સામૂહિક દાવા રજૂ થયા એમાંથી ૧૧૬૦૮૫૭ એકર જમીનના સામૂહિક દાવા મંજૂર કરવામાં આવ્યા. માળખાકીય સુવિધામાં ૧૦૧૯ જેટલી દરખાસ્તો મળી. એના માટે ૧૨૪૫ એકર જેટલી જગ્યા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી. આદિવાસી સમાજના ખેડૂતોને બધા જ લાભ આપી શકાય એના માટે આ સરકારે તાત્કાલીક ૭/૧૨ અને ૮/અ માં ઉતારા કરવાની શરૂઆત કરી અને ૬૭૭૦૬ જેટલા લાભાર્થીઓને ૭/૧૨ અને હકકપત્રક–૬માં નામ એની એન્ટ્રી કરવાનું કામ પણ આ ગુજરાત સરકારે પૂરું કર્યું છે. એના કરતા પણ આગળ વાત કરીએ તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે મહિલાઓની પણ ચિંતા કરી છે. એક લાખ કરતા વધારે બહેનોને દૂધાળા પશુઓ આપીને શ્વેતક્રાંતિ કરવાનું કામ એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આ ગુજરાતની અંદર થયું છે.

સભાપતિશ્રી : પાંચ મિનિટમાં પૂરું કરો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો ૨ વિભાગ બાકી છે. ૧૦ મિનિટ સમય લંબાવ્યો છે ને?

સભાપતિશ્રી : ના, ૪૫ મિનિટ સમય લંબાવ્યો છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : આ તો ગરીબ લોકો માટેની આખી માગણી છે. બંને દંડકોને વિનંતી કરું છું કે ૧૦ મિનિટનો સમય મને વધારો કરી આપે. આદિવાસી યુવાનોની શિક્ષણમાં ચિંતા ભૂતકાળમાં કોઇ સરકારે નહોતી કરી. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી આદિવાસીઓનો ભગવાન ગણાય છે, એમના નામથી ત્યાં સ્ટેચ્યુ ઓફ યુનિટી સમગ્ર વિશ્વના પ્રવાસીઓ આવવાના છે, ત્યાં અમને જમીન મળી અને એ વખતે અમારા નાણા મંત્રીશ્રીએ એમાં ૨૨ કરોડ રૂપિયા આપ્યા છે. મેં પહેલા જ વાત કરી આદિવાસીઓએ જે આઝાદીની લડતમાં બલિદાન આપ્યું છે, એની ચિંતા ભૂતકાળમાં કોઇ સરકારે નહોતી કરી. નરેન્દ્રભાઇ મોદીએ લાલકિલ્લાથી ધ્વજવંદન કરતી વખતે કહ્યું સૌથી વધારે બલિદાન આદિવાસીઓએ આપ્યું છે અને દેશમાં ટ્રાયબલ મ્યુઝિયમો બનાવવામાં આવશે. બે રાજ્યો પસંદ કર્યાઃ એમાં પહેલું રાજ્ય ગુજરાત પસંદ કર્યુ અને બીજુ ઝારખંડ પસંદ કર્યુ. ૨૫ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે આપ્યા છે અને ગુજરાત સરકારે આ વખતે ટોકન જોગવાઇ ૭ કરોડની કરી છે. અમે ૧૦૦ કરોડ રૂપિયા વાપરીને સારામાં સારું મ્યુઝિયમ અહીયા બનાવવાના છીએ. એના કરતા પણ આગળ વાત કરું. પેસા એક્ટની ચર્ચા કરી એટલે લાંબી વાત હું કરતો નથી, પણ આજે આદિવાસી બાળકોમાં કૂપોષણ, તંદુરસ્તીની ચિંતા કોઇએ કરી હોય તો ભારતીય જનતા પાર્ટીએ કરી છે. ગત વર્ષમાં ૪૯ તાલુકામાં ૧૧.૫૭ લાખ બાળકોને દૂધ આપવાનું કામ ભાજપની સરકારે કર્યુ હતું. એમાં વધારો કરીને અત્યારે ૫૧ તાલુકામાં ૧૨,૦૮,૦૦૦ જેટલા બાળકોને દૂધ સંજીવની યોજનામાં સમાવેશ કરીને આ વખતે ૧૪૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. અમે તો ક્યારેય પણ કોંગ્રેસ વિપક્ષ કે ભારતીય જનતા પાર્ટીમાં ભેદભાવ નથી રાખતા. આ વખતે અમારા નીતિનભાઇ સાહેબે ગ્રાન્ટ આપી છે. એમાં કોંગ્રેસના ધારાસભ્યના મત વિસ્તારનાં ખૂબ સારામાં સારાં કામ લીધાં છે. અને માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનું છું કે આદિવાસી વિદ્યાર્થીઓને ગણવેશમાં ૩૦૦ રૂપિયા આપતા હતા અમે ૬૦૦ રૂપિયા કર્યા છે. ૩૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. એ જ પ્રકારે આદિવાસી

વિદ્યાર્થીઓ ભાડાના મકાનમાં રહીને ન ભણે અને સારામાં સારી સુવિધા મળે એના માટે ઝાલોદમાં અમે મોડેલ શાળા બનાવવાના છીએ. તણખલામાં છોટાઉદેપુરમાં નિવાસી શાળા બનાવવાના છીએ. એ જ રીતે પોશીનામાં નિવાસી કન્યા શાળા બનાવવાના છીએ. ધરમપુરમાં શાળા બનાવવાના છીએ. જેતપુરમાં મોડેલ શાળા બનાવવાના છીએ. સાગબારામાં આનંદભાઇના માંડવી વિસ્તારમાં મોડેલ શાળા બનાવાના છીએ. પોશીનામાં બનાવવાના છીએ. વાગલખોર, નસવાડી, ઝાલોદ અને એ જ પ્રકારે બારડોલી મને કહેતા આનંદ થાય છે કે આ બધા બાંધકામો માટે અમે ૫ર કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. અહીયા અમારા આદિવાસી સભ્યશ્રીઓએ ખૂબ ચિંતા કરી છે. બધા સભ્યશ્રીઓએ આદિવાસી દાખલાની પણ વાત કરી છે. મને મોટા ભાઇ કહ્યા છે. બહુ સારી વાત છે. અનંતભાઇનો આભાર માનું છું. મારા પ્રભારી જિલ્લાના છે. ૨૦૧૭ માં અત્યારે ચૂંટણી પૂરી થઇ. નરેશભાઇએ કહ્યું આ માત્ર ભારતીય જનતા પાર્ટીની ચિંતાનો વિષય નથી. બધા જ સભ્યોની ચિંતાનો વિષય છે. કોઇને પણ અનામત બંધારણીય રીતે મળી હોય તો તેનું રક્ષણ કરવું આપણા સૌની ફરજમાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીઓ થઇ, કોઇ પાર્ટીનું મારે નામ નથી લેવું પણ પોતાના રાજકીય સ્વાર્થમાં ખૂબ અપપ્રચાર કરવામાં આવ્યો અને અમારા આદિવાસી સમાજને તેમાં ગુમરાહ કરવામાં આવ્યો. મને તો એટલો બધો ટાર્ગેટ કરવામાં આવ્યો કે મારા મત વિસ્તારમાં એટલી બધી ફોજ બહારની બે મહિના સુધી ઉતારવામાં આવી, જાતજાતની પત્રિકા છપાવી, મોટા મોટા સંમેલનો કર્યા પણ મારા આદિવાસી સમાજના મેં એટલા કામો કર્યા છે કે, એટલા બધા કામો કર્યા છે કે આદિવાસી સમાજે મને ૪૧ હજાર વોટથી જીતાડયો. વિરોધી મિત્રો ગમે એટલા પત્થરો મારે કે મરાવે પણ અમે તો નરેન્દ્રભાઇ મોદીની જેમ મારેલા પત્થરોના પગથિયાં બનાવીને આગળ વધવાવાળા છીએ. કોઇપણ જાતનો ડર રાખ્યા વગર આ જ પગથિયે આગળ ચડીને હજું પણ મારા આદિવાસી સમાજની છેલ્લા શ્વાસ સુધી સેવા કરતા રહેવાના છીએ. અહીંયાં ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે અને અહીં કોંગ્રેસના મિત્રો માત્ર જાતિના ખોટા પ્રમાણપત્રો બાબતનો ઉલ્લેખ કરે છે, પણ તેનો જન્મ કયાંથી થયો, તે મોટો કેવી રીતે થયો, તે કયાંથી ઉભો થયો તેની કોઇ ચર્ચા કરતું નથી. અહીંયાં તો આદિવાસી સમાજના અધિકારો ઉપર તરાપ મારતા આદિવાસી ધારાસભ્યો સુધી લોકો પહોંચી ગયા.

સભાપતિશ્રી : બે મિનિટમાં પૂરું કરો. બે મિનિટ

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, તેમના નેતા રાહુલબાબા સાથે તેમના ફોટા પણ છે એટલે કોંગ્રેસે જવાબ આપવો પડે કે આદિવાસીના અધિકારોનું કોણે હનન કર્યુ છે? મને તો કહેતાં ખૂબ દુઃખ થાય છે, આજે તો મને કહેતાં દુઃખ થાય છે કે, આ બાળકનો જન્મ કેવી રીતે થયો. આ બાળકને મોટું કોણે કર્યું અને તેના બાળોતીયાં ધોવાનું કામ તે લોકોએ આજે અમને સોંપ્યું. અમને સોંપવામાં આવ્યું તેના કપડાં ધોવાનું કામ.

સભાપતિશ્રી : અનંતભાઇ આપ બેસો. અનંતભાઇ આપ બેસો. પ્લીઝ આપ બેસો. અનંતભાઇ આપ બેસો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજનો જયારે..

સભાપતિશ્રી: (આ તબક્કે માનનીય સભ્યશ્રી ભાવેશભાઇ કટારા ફોટો બતાવી પ્રદર્શન કરતાં) આપ આવું પ્રદર્શન કરી શકો નહીં. માનનીય સભ્યશ્રી આવું પ્રદર્શન ના કરી શકે આપ બેસો. આવું પ્રદર્શન નથી કરી શકતા. હું આપને નેઇમ કરીશ આપ બેસો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપની પાસે હું રક્ષણ માગુ છું કે, મારા આદિવાસી સમાજની ચર્ચા ચાલી રહી છે ત્યારે ગૃહના બંને બાજુના સભ્યોએ સાંભળવું જોઇએ. મારા આદિવાસી સમાજની અહીંયાં ચિંતા ચાલી રહી છે. આ ગૃહના માધ્યમથી મારે આજે સમગ્ર સભ્યશ્રીઓ અને ગુજરાતની જનતાને જણાવવા માગુ છું કે, કોઇપણ રાજય સરકારોને જ્ઞાતિ ઉમેરવાનો કે ઘટાડો કરવાનો અધિકાર નથી. આદિવાસીમાં તો જયાં સુધી પાર્લામેન્ટમાં બીલ પસાર ન થાય અને તેના ઉપર ચર્ચા ન થાય, પાસ ન થાય ત્યાં સુધી કોઇ જ્ઞાતિ ઉમેરી પણ શકાતી નથી કે કોઇ જ્ઞાતિ કમી કરી શકાતી નથી. આ જે કોઇ જ્ઞાતિઓ બહાર પડી તે ૧૯૫૬માં બહાર પડી. ત્યારે તે વખતના વડાપ્રધાન હતા જવાહરલાલ નહેરૂ. કોંગ્રેસની સરકાર હતી, અમારી સરકાર ન હતી. અહીંયાં અમને ફોટા બતાવવામાં આવે છે કે તમારા નેતાઓએ પ્રમાણપત્ર વહેંચ્યા છે. ૧૯૯૩માં ચિમનભાઇ પટેલ જયારે મુખ્યમંત્રી હતા, મોહનસિંહભાઇ રાઠવા જયારે આદિજાતિ મંત્રી હતા ત્યારે મલકાન સમિતિ બનાવવામાં આવી અને તેમાં એકીસાથે ૧૫ હજાર કરતાં વધારે લોકોને વિગતદર્શક કાર્ડ આપવામાં આવ્યા. તેનાથી પણ આગળ જઇને વાત કરું તો ૨૦૦૧ની અંદર આ પ્રશ્ન ફરી વિકટ બન્યો અને આ વર્ષોથી ચાલતી આવતી પ્રક્રિયા છે. ગુજરાત સરકારે ભારત સરકાર પાસે માર્ગદર્શ માગ્યું કે આ પૅરેન્ટ શબ્દનું અમને અર્થઘટન કરી આપો, ત્યારે ૨૦૦૧માં લખેલો પત્ર અને ૫ વરસ પછી કોંગ્રેસની સરકારમાં જયારે માનનીય મનમોહનસિંહ વડા પ્રધાન હતા ત્યારે એમની સરકારમાં માતા–પિતાનું જે અર્થઘટન કર્યું કે, પૅરેન્ટ્સ શબ્દ એટલે એના પૂર્વજો, એના વારસદારો એ બધા જ લોકોને એમાં સમાવી લેવામાં આવ્યા છે. આ તમામ પ્રક્રિયામાં એક પણ જગ્યાએ ભારતીય જનતા પાર્ટીની સરકાર નથી અને જયારે દોષનો ટોપલો આદિવાસી મંત્રી તરીકે મારી ઉપર નાંખવામાં આવે છે ત્યારે મારે કહેવું છે કે, ૧૯૫૬માં આ લોકોને આદિવાસી ગણ્યા, મારો જન્મ તો ૧૯૭૧માં થયો છે એટલે મારો જન્મ પણ નહોતો થયો. એટલે બાળક બીજાનું, મોટું બીજાએ કર્યું અને પાળવા મને બારોબાર આપે છે કે આ સાવકુ બાળક લઇ જાવ.

માનનીય અધ્યક્ષશ્રી, સુખરામભાઇએ ચિંતા વ્યક્ત કરી કે આ સમિતિ બરાબર તપાસ કરશે કે કેમ? સમિતિ સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન પ્રમાણે બની છે અને એમાં આપનું એમ કહેવું છે કે, વિશ્લેષણ સમિતિમાં આદિવાસી અધિકારી નથી. પણ

